સ-

# યોગવિંશિકા

# યોગવિંશિકા

॥ॐ ह्रीँ श्री પાર્શ્વનાથાય નમઃ॥

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

મને પૂજ્યશ્રીના સંપર્ક બાદ ધર્મના ક્ષેત્રમાં કયા ગુણો વિકસાવીએ તો આત્મકલ્યાણ થાય. આ તમામ બાબતોનું વિશુદ્ધ જ્ઞાન થયું. માટે એ જ્ઞાનના રેફરન્સ માટે જ પૂ.શ્રીની વાણીને અક્ષર દેહ આપ્યો છે.

આ અક્ષર દેહ રૂપ પૂ.શ્રીની વાણીમાં મારી અલ્પ મતિના કારણે જીનઆજ્ઞા વિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ મારાથી ભૂલચૂક થઈ હોય તો

"હું"
ત્રિવિધે ત્રિવિધે
મિચ્છામી દુક્કડં માંગુ છું.

પ્રસ્તુત લખાણનો સંપૂર્ણ અભ્યાસ બાદ જ પ્રસ્તુત પદાર્થનો વિશદ બોધ થશે.

લી. દર્શનાના જયજીનેન્દ્ર.

॥ ॐ શ્રી પાર્શ્વનાથાય નમઃ॥

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યોનમઃ॥

૪-૯-૯૫ યોગવિંશીકા ગોવાળિયા ટેંક
સોમવાર ॥ પ્રવૃત્તિ ભાવધર્મ ॥
ભાદરવા સુદ દસમ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને સંસારમાર્ગ અને મોક્ષમાર્ગનો સમ્યક્ બોધ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ બન્ને પેરેલલ ચાલે છે. આ સંસારમાં સફળતાને મેળવવા જે સ્ટેપ બતાવ્યા છે, તેવા જ સ્ટેપ અધ્યાત્મમાર્ગમાં આત્મકલ્યાણ માટે બતાવ્યા છે. સંસારમાં જેમ મિથ્યા જ્ઞાન, મિથ્યા દર્શન, મિથ્યા ચારિત્ર છે. તેમ ધર્મના ક્ષેત્રમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર છે.

હવે પ્રણિધાન ભાવધર્મ, પ્રવૃત્તિ ભાવધર્મ, વિઘ્નજય, સિધ્ધી, વિનીયોગ આ પાંચે ભાવધર્મમાં મોક્ષમાર્ગના ભાવોની ગુંથણી કરી છે. તેમ સંસારમાં પણ આજ રીતે પાંચ સ્ટેપ બતાવ્યા છે.

જેમ સંસારમાં ભૌતિક દૃષ્ટીએ સફળતા મેળવવી છે માટે પૈસાની જરૂર છે. હવે પૈસા મેળવવાનો નિર્ણય થાય પછી તમે ધન પ્રાપ્તિ માટે નીકળો. માટે પહેલા પૈસા કમાવવાનું પ્રણિધાન આવે છે. ધન મેળવવા લાયક છે માટે અવશ્ય મેળવવું જોઈએ. તેમ મોક્ષ મેળવવા લાયક છે તે અવશ્ય મેળવવો જ જોઈએ. જો આવો ભાવ આવે તો પ્રણિધાન આવ્યું કહેવાય. સંસારમાં વિષય ધન છે. જ્યારે ધર્મના ક્ષેત્રમાં વિષય આત્મીક સંપત્તિ છે. સંસારમાં ભૌતિક સંપત્તિ મેળવવાનો નિર્ણય કરવાનો છે. જ્યારે અહિંયા આત્માની સંપત્તિ મેળવવાનો નિર્ણય કરવાનો છે. આમ બન્ને સામ સામે પેરેલલ ચાલે છે.

હવે શ્રીમંતાઈ મેળવવા જેવી લાગી, તેનો નિર્ણય પણ કર્યો પણ જે

તેને મેળવવા માટે ભોગ કે પરિશ્રમ જ ન હોય તો એમનેમ કાંઈ પૈસા વરસવાના નથી. માટે તે મેળવવા પ્રવૃત્તિ જોઈશે, અને ધંધામાં પણ જો પ્રવૃત્તિ ઉંધી, ચત્તી, આડી-અવળી, ખામીવાળી કરો તો સફળતા ન મળે. માટે પૈસા કમાવવાના જે નિતી નિયમો હોય તેને વળગીને રહેવું પડે, તો જ સફળતા મળે છે. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ આજરીતે પ્રવૃત્તિ આવશે. હવે તમે સાબદા થઈને પૈસા કમાવવા તૈયાર થયા પણ પૈસા કમાવવાના અનુકુળ સંયોગોમાં વિઘ્ન આવીને ઉભુ રહ્યુ પણ જો તેનું નિવારણ ન થાય તો સફળતા મળે નહિ. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ આવશે. માટે આ ત્રીજો સ્ટેપ વિઘ્નજય છે. અત્યારે હું પાંચે ભાવધર્મની આઉટલાઇન આપવા માંગુ છું.

વિઘ્નનો જય ન કરી શકો તો ક્યાંય સફળતા મળતી નથી. સંસારના નાનામાં નાના કાર્યમાં પણ આ પાંચે સ્ટેપ આવશે. હવે જે જીવ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજયને જીતી જાય છે તેને સફળતા સામે ચાલીને મળે છે. માટે ચોથો સ્ટેપ સિધ્ધી ભાવધર્મ છે. હવે તેના પછી જે સિધ્ધી પ્રાપ્ત થઈ તેનો ઉપયોગ કરવો તે વિનીયોગ છે.

આ બધા ક્રમો બુધ્ધિથી વિચાર કરો તો તર્કબધ્ધ છે.

આ પાંચે સ્ટેપ ભાવધર્મ છે. અહિયા પ્રવૃત્તિ એટલે ક્રિયા નહિ પણ ક્રિયા કરવાનો ભાવ લેવાનો છે. તેમાં પાછો ભાવનો અર્થ સમજવામાં થાપ નહિ ખાના. જેમ સામાયિક કરવાની ઈચ્છા તે કાંઈ ભાવ નથી. તેમ ઉપવાસ, પ્રતિક્રમણ, પૂજા કરવાની ઈચ્છા તે કાંઈ ભાવ નથી. અત્યારે ભાવ શબ્દના બહુ જ ગોટાળા થાય છે.

ભાવ એટલે જેમ સામાયિકમાં મનના પરિણામ, આત્માના ભાવ કેળવવાના શાસ્ત્રમાં જે બતાવ્યા છે તેને કેળવો તો ભાવ આવ્યો કહેવાય. તેમ બધી ક્રિયામાં આવશે.

<u>ભાવ એક પ્રકારનો માનસીક ભાવ છે.</u>

ભાવ ઈચ્છા રૂપે સમજવાનો નથી.

દા.ત. તમને દીક્ષા લેવાની ઈચ્છા છે. એટલે દીક્ષાનો ભાવ આવી ગયો તેવું નથી. પણ ભાવ એ જુદી વસ્તુ છે. સાચા શ્રાવકને કે સમ્યગ્-દૃષ્ટીને સંયમની ઈચ્છા તો હોય જ. હવે જો સંયમની ઈચ્છા જ ચારિત્રનો ભાવ કહેવાય તો તમે બધા ભાવ સાધુ અને અમે બધા દ્રવ્ય સાધુ કહેવાઈએ. પરંતુ એવું નથી. ચારિત્રની ઈચ્છા જુદી વસ્તુ છે. ચારિત્રના પરિણામ જુદી વસ્તુ છે. પરિણામને ભાવ કહીએ છીએ. જેમ છ મહિનાના તપ કરવાની ઈચ્છા દરેકને હોવી જોઈએ. હવે ઈચ્છા છે પણ પરિણામ નથી. અર્થાત તે પ્રવૃત્તિ કરવા માટે પુરુષાર્થને ફોરવવાની તૈયારી નથી.

સભા:- ભાવ પૂજા કોને કહેવાય ?

સાહેબજી:- જે વખતે ભગવાનની પૂજા તમે ચંદન-કેશર, અભિષેક આદિથી કરો છો, પછી ચૈત્યવંદન કરો છો, ત્યારે સૂત્રો બોલતાં જેવો ભાવ કરવાનો કહ્યો છે તેવા પરિણામ કરો તો ભાવ પૂજા કહેવાય, નહિતર તે દ્રવ્ય પૂજા કહેવાય છે. મન-વચન-કાયાથી જેવા ભાવ કહ્યા છે તેવા કરવાના છે. સ્તવન ગાતા પણ શાસ્ત્રમાં જેવા ભાવ કહ્યા છે તે લાવી શકો તો જ ભાવપૂજા નહિતર દ્રવ્ય પૂજા કહેવાશે. આ રીતે દર્શન, સામાયિક, પૂજા, દાન બધામાં આવશે.

જેમ મહાત્માને વહોરાવો છો તે વખતે સાધુપણુ સારી ચીજ છે. પંચ મહાવ્રત, તપ-ત્યાગ, સંયમ સારી વસ્તુ છે. આમનું નિષ્પાપ જીવન છે. આપણે જે જીવન જીવીએ છીએ તે છોડવા જેવું છે અને આજ પામવા જેવું છે. આ સંસારમાં સુખ નથી. ખરુ સુખ આ મહાત્માઓ પાસે જ છે. આવા ભાવ સાથે મહાત્માના ગુણો ગમતા હોય અને તમે વહોરાવો તો તે પ્રણિધાન પૂર્વક ભાવધર્મ કહેવાય. છતાં પણ પ્રવૃત્તિ આત્મીક ભાવધર્મ નથી. સાધુપણુ ગમે છે માટે તમે ઉલ્લાસથી વહોરાવો છો, પણ સુપાત્રદાન કરતી વખતે જે ભાવ છે તેવા ન આવે તો પ્રવૃત્તિ ભાવધર્મ યુક્ત ન કહેવાય.

હવે કોઈપણ ક્રિયા કરતા વિધિ-અવિધિની વાત આવે છે. સંસારમાં પણ વિધિ-અવિધિ હોય છે. ધંધામાં પણ તમારે ધોરણ જાતી-નિયમો ખરા ને? એ સાચવો તો જ લાભ થાય. રસોઈ કરતી વખતે પણ નિતિ નિયમોને વળગીને જ ચાલવું પડે છે. કોઈ વિચાર કરે કે મગ ભરેલી તપેલી પહેલા ચુલા પર મુકુ, પણ ચુલો કલાક પછી પેટાવું તો મગ રંધાય ખરા? તેમ કપડાં ધોતા કહે પહેલા ધોકા મારી લઉ અને પછી પાણી ને સાબુ લગાડું તો શું કપડાં ધોવાય કે ફાટી જ જાય? તેમ દરેક ક્રિયામાં વિધિ-અવિધિ આવશે.

તેમ ધર્મની બધી ક્રિયા વિધિ પૂર્વક કરો તો પ્રવૃત્તિ ભાવધર્મ આવે. અને જો ખામીવાળી ક્રિયા કરો તો પ્રવૃત્તિ આત્મીક ભાવધર્મ ન આવ્યો કહેવાય.

ધર્મની ક્રિયા મન-વચન-કાયાથી વિધિ પૂર્વક કરો તો જ પ્રવૃત્તિ ભાવધર્મ આવે છે. ભગવાનની પૂજા, દર્શન, સામાયિક, પ્રતિક્રમણ કે કોઈ અનુષ્ઠાન લો, તેમાં જો વિધિ અધકચરી કરશો તો તે વ્યક્તિ પ્રવૃત્તિ ભાવધર્મની કક્ષામાં આવશે નહિ.

<u>પ્રણિધાનમાં તમને આરાધનામાં કર્તવ્યતાનું ભાન જોઈએ, સાથે ધ્યેય પ્રાપ્તિનો સંકલ્પ જોઈએ.</u>

ભગવાનના દર્શન કરતાં શું પામવું છે? શું નથી પામવું તેનું તમારી વિચારધારામાં સ્પષ્ટીકરણ જોઈએ. પ્રણિધાનમાં આટલી ડીમાન્ડ છે જ્યારે પ્રવૃત્તિ ભાવધર્મમાં તો હાઈ ડીમાન્ડ છે.

જેમ તમે મુનિને દાન આપો છો, તે વખતે દ્રવ્ય, ક્ષેત્ર-કાળ-ભાવ જોવા શાસ્ત્રમાં બતાવ્યા છે તે પ્રમાણેની પ્રવૃત્તિ જોઈએ. તેમની ભક્તિ કરવા તેમને ખપે તેવાજ દ્રવ્ય તમારી પાસે હોવા જોઈએ. ભક્તિ કરતા અમારા ગુણોને ધક્કો પહોંચે તેવું દ્રવ્ય ન જોઈએ. પણ અમારા આચારને, વિચારને, તપ, ત્યાગ, સંયમને પુષ્ટી મળે તેવું દ્રવ્ય જોઈએ. તેમ ક્ષેત્ર પણ જ્યાં મુનિ યોગ્ય રીતે વહોરી શકે તેવું જોઈએ. અને કાળ પણ મુનિ વહોરી શકે તેવો જોઈએ.

શુધ્ધ નિતિ ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી, જે તમારા માટે લાવેલા હોય, પાછુ નિર્જીવ હોય તેવું જ અમને ખપે. માટે સુપાત્રદાન કરવું તે કાંઈ બચ્ચાના ખેલ નથી. જો સુપાત્રદાન શાસ્ત્રના કહ્યા પ્રમાણે આપે તો આ સંસારમાંથી આપનાર અને લેનાર બન્ને તરી જાય છે. તેનો ખુબ જ મહિમા છે. તમારા અત્યારના જે વાંધા વચકા છે તે એકે તેમાં ન ચાલે. તેમાં સૌથી પહેલાં તો તમે દ્રવ્ય શુધ્ધિમાંથી જ ઉડી જાઓ છો.

સભા:- એક બાળકે ખીર વહોરાવી હતી તેમાં બધી વિધિ હતી. (સંગમનો જીવ)

સાહેબજી:- તે પણ વિધિ પુર્વકનું દાન નથી. સંગમનો જીવ હજુ સમકિત પામેલો નથી. તે મિથ્યાત્વમાં છે. પરંતુ પ્રણિધાન પૂર્વકનું તેનું દાન છે. દાનનું પણ આટલું મહાન ફળ છે. અને સમકિત પૂર્વકનું દાન હોય તો તેના કરતાં અસંખ્ય ઘણુ ફળ મળે છે. અને જો પ્રવૃત્તિ ભાવ પુર્વકનું દાન હોય તો તેના કરતાં તો કઈ ઘણુ અધિક ફળ મળે છે.

અત્યારે તમારે ત્યાં તો સાધુને દરવાજા જ ખખડાવવા પડે તેમ છે. જો પુર્વના મહાત્મા જેવા હોય તો એક દિવસ તમારે ત્યાં વહોરવા ન આવે. અમારામાં પહેલાના મહાત્માઓ જેવું સત્વ નથી ઢીલા છીએ માટે જ વહોરવા આવીએ છીએ. સુપાત્રદાન કરવા માટે તમે અત્યારે લાયક રહ્યા છો ખરા? ખરુ સંયમ પાળતો સાધુ તમારે ત્યાં પગ મૂકે ખરો? આ બધા કડક શબ્દો છે. પણ ખરેખર આ અત્યારે હકીકત છે. તમે અત્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ બધામાં જ ઉડી જાઓ તેમ છો. જેમને આખો સંસાર છોડ્યો છે. જેમને દુનિયાની કાંઈ પડી નથી. જેઓ સંપૂર્ણ નિષ્પાપ જીવન જીવનારા પંચ મહાવ્રતધારી સાધુઓ તમારે ત્યાં આવીને શું લઈ લેશે? અને અમે જે પણ લઈએ છીએ તેનો ઉપયોગ પણ અમે ધર્મ માટે દેહને પોષવાના સાધન રૂપ કરવાના છીએ. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે ને કે

રથકાર મહાત્માને વહોરાવી રહ્યો છે. જ્યારે તે વખતે હરણ તેને તેમાં સહાય કરી રહ્યો છે. એટલે રથકાર દાન કરી રહ્યા છે અને હરણ

કરાવી રહ્યો છે. જ્યારે મહાત્માની તેમાં અનુમતિ છે. માટે ત્રણેના ભાવ તે વખતે સરખા છે. ત્રણેની શુધ્ધિ તે વખતે સરખી છે. માટે ત્રણે જણા તરી ગયા છે. મહાત્મા તો તરેલા હતા, પણ આ બન્ને પણ તરી ગયા છે.

ભગવાનનું શાસન પામેલો શ્રાવક ગુણને ઓળખતો હોય, માટે તેને ખબર જ હોય કે મારો કણે કણ રત્નત્રયીની આરાધનામાં જ જવાનો છે. જેનો વિશિષ્ટ કોટીની સાધનામાં ઉપયોગ થવાનો છે. જે શક્તિના ઉપયોગથી જગતનું અને જીવનું પરાકાષ્ટાનું આત્મકલ્યાણ કરશે. માટે વિચારે કે હું તો સંયમ નથી પાળી શકતો, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાને ધારણ નથી કરી શકતો પણ મારુ ભાગ્ય ક્યાંથી કે આ કણીયાનો ઉપયોગ તેની ઉપાસનામાં વપરાય.

શ્રાવકને પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના જોઈએ. આના જેટલો સદ્ઉપયોગ જગતમાં ક્યાંય નથી. જ્યારે તમને તો સારી વસ્તુ વહોરાવતાં હાથ ધ્રુજે ને ?

સુલસા શ્રાવિકાથી વહોરાવતા લક્ષપાત તેલનો એક બાટલો ફૂટી ગયો. બીજો ફૂટ્યો, ત્રીજો ફૂટ્યો છતાં પણ તેને અસર થઈ નથી. જ્યારે તેની પાસે એક પણ બાટલો રહ્યો નહિ ત્યારે આપવા માટે વસ્તુ ન રહી તેથી તેને અસર થાય છે. આમ તેનું રુંવાડું ફરકે તેમ નથી. કેટલી દિલની ઉદારતા, વિશાળતા, ભક્તિભાવ હોય તો આવો ભાવ આવે. સંગમના જીવે રડી રડીને ખીર મેળવ્યા પછી અડધી વહોરાવાની ઈચ્છાથી વહોરાવે છે. પણ બધી અપાઈ જાય છે તો તેને અફસોસ નથી થતો ! કારણ મહાત્માના પાત્રમાં ગયેલુ સફળ જ છે.

સભા:- તે બાળકને આ બધી સમજ હતી ?

સાહેબજી :- હા, તેમના ગુણોની તેને ઓળખાણ છે. સદ્ભાવ બહુમાન છે. કારણ આ મહાત્મા માસક્ષમણના તપસી છે. તેમને દરરોજ તે સાધનામાં ઊભેલા જુએ છે. તેથી તેને ઘણુ જ બહુમાન છે. માટે તે સર્વસ્વ આપે તો પણ કાંઈ થાય તેમ નથી.

તમને તો સાધુની ભક્તિમાં કિંમતી વસ્તુ વાપરવાની આવે તો હાથ ધ્રુજે ને ?

સભા:- સાહેબજી, એક વખત એવી કિંમતી વસ્તુ વહોરોને ?

સાહેબજી:- અમે તો જેટલા સાદા રહીએ તેટલું જ સારુ છે. અમને તો એટલા વગોવ્યા છે કે કારણો પણ જો અમે આવી કિંમતી વસ્તુ વાપરીએ તો તમે નિંદવામાં કાંઈ બાકી રાખો તેમ નથી. અત્યારે સંઘમાં સાધુ માટે પહેલાં કરતાં સોમા ભાગનું માન નથી. હા કદાચ કોઈનાથી તમને કડવા અનુભવ થાય. આમ તો ભૂતકાળમાં કડવાં અનુભવ થતાં હતાં, પણ સારા સાધુ માટે તો તે વખતે સદ્ભાવ રહેતો હતો. પરંતુ અત્યારે તો સાધુ-સંસ્થા માટે આ છાપ જ ભૂંસાઈ ગઈ છે. પહેલાં તો રાજા, મહારાજા મહાત્માના આદર, સત્કાર કરતાં. જ્યારે અત્યારે તો દરરોજ ધર્મ કરનારને પણ સાધુની ફૂટી કોડીની કિંમત નથી. અમે કાંઈ જગતના માન-સન્માન લેવા દીક્ષા લીધી નથી અમને તેની અપેક્ષા પણ ન હોય, પરંતુ દેવ-ગુરુ-ધર્મની શ્રધ્ધા, બહુમાન, ભક્તિના કારણે તેમાં ભલે આરાધના મહાત્મા કરે પણ જે તેનાથી તમને પુણ્ય મળતું હતું, તે બંધ થઈ ગયુ. અત્યારે અમારે સાધુઓએ બહુ જ સાવચેત રહેવા જેવું છે.

ઋષભદેવ ચરિત્રમાં આપણે જોઈ ગયાને કે મહાત્માને કેવી કિંમતી વસ્તુની જરૂર પડી! જેમકે લક્ષપાક તેલ, ગૌશિર ચંદન, રત્નકંબલ. આ બધાની કિંમત કેટલા કરોડ થાય ખબર છે ને ? તમને જો આજે આવુ કરવાનુ આવે તો શું થાય ? કેવા કુવિકલ્પો થાય! પરંતુ આ ધરતી આમનાથી જ પાવન થયેલી છે. જ્યાં પણ જશે ત્યાં પવિત્રતા પમાડશે. તથા તેમના આચાર અને ઉપદેશથી કેટલા જીવો પામશે.

સભા:- પણ સાહેબજી અમારા ભાવ કેમ બદલાઈ ગયા છે ? કાળ કારણ છે?

સાહેબજી:- ના, ધર્મગુરુની ચોરે અને ચૌટે થતી નિંદા તેનું કારણ છે. અત્યારે એવું કહેનારા તથા લખનારા છે કે સમાજનું મફતનું, હરામનું ખાનારા છે. આ સમાજને તેઓ નિરુપયોગી છે. ખાલી ખાઈ પીને પડ્યા રહે છે. આપણો જૈનનો

પણ ઘણો વર્ગ આવું માનનારો છે.

પરંતુ તમે કદી વિચાર્યું છે કે પવિત્ર સાધુ દુનિયામાં લે છે શું? અને સામે આપે છે કેટલું? આ જગતમાં પવિત્ર ઉંચી મનોદશા ટકી છે કોના આધારે?

હું જ્યારે સ્કુલમાં ભણતો હતો ત્યારે પાઠ આવતો હતો કે ઈન્ડિયામાં બાવન હજાર સાધુ છે. જે સમાજ પર ભારરૂપ છે. કાંઈ ઉત્પાદન કરતાં નથી. આ વાત ૨૨થી ૨૫ વર્ષ પહેલાંની છે. હવે જે આવુ ભણીને તૈયાર થાય તે સાધુને શું માને? પાછુ એમ લખે કે જો આ બાવન હજાર સાધુને કાયદો કરીને મીલીટ્રીમાં જોડી દે તો દેશનું રક્ષણ તો કરશે. માટે તમારે અમને સાધુ પાસે ચોકીયાતનું કામ કરાવવું છે ને?

તમે ગુણોને ઓળખી શકો તેવું તમારું માનસ જ નથી રહ્યુ. અત્યારે કુપાત્રની ભક્તિને મહાન ધર્મ માનવામાં આવે છે.

પરંતુ સુપાત્ર દાનમાં સર્વસ્વ ધરવાનું આવે તો પણ હીચકીચાટ ન થાય જેમ સોનાની ખાણ જેવા ધંધામાં પૈસા રોકતાં હીચકીચાટ થાય ખરી? જેને સુપાત્રની પરખ છે તેને તો તેના ભાવમાં વિશેષતા હોય જ. હવે પ્રવૃત્તિમાં ખાલી ભાવો નથી માંગ્યા પણ સાથે પ્રવૃત્તિ વિધિ પૂર્વકની જોઈએ.

પ્રણિધાનમાં ધ્યેય શુધ્ધિ માંગી છે. પણ અહિંયા તો જે અનુષ્ઠાન કરો તેમાં બધા નિયમોને વળગી રહેવું પડે છે. તમે તમારી આટલી જીંદગીમાં કોઈ દિવસ સંપૂર્ણ વિધિ પૂર્વકની પૂજા કરી છે? અને જો એવી પૂજા થાય તો તેનો આનંદ, સ્વાદ, અનુભુતિ કેવી આવે?

પૂજા કરવામાં કાળ પણ બરાબર જોઈએ. જેમ તમારે પ્રભુ પૂજા મધ્યાન કાળે કરવાની છે. જ્યારે તમારે તો ગમે ત્યારે તમારી સગવડ મુજબ કરવાની છે ને? પરંતુ તમે ધંધો તમારી સગવડ મુજબ કરો છો ખરા? તમે ધંધા પ્રમાણે એડજસ્ટ થાઓ છો કે તમારા પ્રમાણે ધંધાને એડજસ્ટ કરો છો? તમે કહેશો કે બજાર છુટ્યા પછી જ મોડેથી હું ધંધો કરવા જાઉં, તો ચાલે ખ?

ના, બસ ત્યાં બધુ નક્કી છે. ચોકસાઈ છે. જ્યારે ધર્મમાં બધુ જ ચાલે.

સભાઃ- પાલીતાણામાં દાદાનો પક્ષાલ કેમ નવ વાગે કરાવે છે.

સાહેબજીઃ- ત્યાં સમુહ છે. તેમાં બધા વિધિ પૂર્વક કરી શકે તેવા ન હોય, તથા બાળકો હોય, તથા ઘણાને શરીરની અનુકુળતા ન હોય તેવા પણ હોય. માટે પ્રણિધાન પૂર્વક કરો તો લાભ છે. પણ પ્રવૃત્તિ ભાવધર્મ પૂર્વક કરો તો લાભ વધારે છે. માટે તમારી તૈયારી હોય તો ત્યાં પણ તમે મધ્યાન કાળે બાજુમાં ઋષભદેવ લઈને પૂજા કરી શકો છો. પરંતુ તમારી તૈયારી જોઈએ કે અકાળે પૂજા નથી કરવી. તથા યોગ્ય દ્રવ્યથી જ પૂજા કરવી છે.

કુમારપાલરાજા મધ્યાને તેમના પરિવાર, વૈભવ સાથે, ઉત્તમ વસ્ત્રો પહેરીને વર્ષીદાન દેતાં પ્રભુ પૂજા કરવા જતાં - સાથે ૧૮૦૦ કોટાધિપતિ હોય. તેમ પેથડશાહ માટે પણ વર્ણન આવે છે તે વાંચો તો ખબર પડે. તમે લોકો ખાલી મોઢેથી ત્રણ લોકના નાથ બોલો છો, પણ એ લોકો બધા તો હૃદયથી ત્રણ લોકના નાથ માનતા હતા.

અત્યારે પૂજાના દ્રવ્યમાં પણ ઠેકાણુ ખરૂ ?
જેમકે પક્ષાળ માટે દુધ તો ગાયનું તાજુ દુધ, પાણી તો વરસાદનું અંતરિક્ષ ઝીલેલુ પાણી, અને પુષ્પ પણ કેવા સુગંધી તાજા લેવાના. જ્યારે તમારે તો અત્યારે ઉંટના અઢાર વાંકા જેવું છે ને ? પછી કહો ભાવ નથી આવતો તો ક્યાંથી આવે ? ઘણાના તો પૂજાના કપડાં જોઈએ તો વિચારમાં પડી જવાય તેવા હોય છે. કાં ફાટેલા, મેલા કાં ખાદીના લટ્ટ જેવા હોય. આમ પાછા તેઓ બહાર તો અપટુડેટ થઈને ગાડીમાં ફરતા હોય. પૂજામાં વસ્ત્રો ઉત્તમમાં ઉત્તમ જોઈએ. કુમારપાળ રાજાએ પૂજાના વસ્ત્રો મેળવવા યુધ્ધ કર્યું છે. જ્યાંથી તેઓ વસ્ત્ર લેતા હતા ત્યાંનો રાજા તે નવા વસ્ત્રને એક વખત પહેરીને જ પછી વેચવા દેતો. તેથી તે એક વખત પહેરેલા વસ્ત્ર પૂજામાં પહેરાય નહિ. માટે કુમારપાળ રાજાએ કહ્યુ મને આવા વસ્ત્ર ચાલે નહિ. તેથી નવા જ જોઈએ. પણ રાજા

નાનમાં હતો માટે માન્યો નહિ. અને આવા ઉત્તમ વસ્ત્ર બીજે ન મળવાના કારણે તેમને તેની સાથે યુધ્ધ કરીને પૂજાના વસ્ત્રો નવા જ સીધા મળે તે રીતે કર્યું. આના પરથી તેમનો ધર્મનો રાગ, બહુમાન, સમર્પણ, અહિંસા સમજી શકો છો.

સભા:- ધર્મ માટે યુધ્ધ શું કામ કરવુ?

સાહેબજી :- આવુ માનનાર વેવલા સાથે શું વાત થાય? ધર્મમાં મક્કમતા તે ગુણ છે. માટે અધર્મી ધર્મમાં વિઘ્ન કરે ત્યારે જો સાંખી લો તો તે નમાલાપણુ છે કાંઈ ક્ષમા નથી. અત્યારે તમારા ધર્મના ધોરણ શું છે? જો તેને બરાબર રીતે સમજો તો તમારો વિવેક જુદો જ હોય. જો કુમારપાળને વસ્ત્ર માટે આટલી તજવીજ હોય તો બીજી બધી વસ્તુ માટે તો વિચારવાનું જ હોય નહિ. તેથી તેમને ભાવ પણ કેવા આવે? તમે ભગવાન પાસે જાઓ છો ત્યારે તમારુ હૈયુ નાચે છે ખરુ? ના, કારણ તમને વિધિનો રસ કે આગ્રહ જ રહ્યો નથી. તમને તો અત્યારે અવિધિ જ વ્હાલી લાગે છે.

દહેરાસર બંધાવવામાં મુર્તિ ભરાવવાની વિધિ વાંચો તો ખબર પડે. જેમ પ્રભુની અપ્રતિમ મુદ્રા છે, તેમનું અપ્રતિમ સ્વરૂપ છે. માટે કેવા શીલ્પી ગોતવા જોઈએ, તેની પાસેથી કઈ રીતે કામ લેવું જોઈએ. મેં અત્યાર સુધીમાં લક્ષણોપેત પાંચ મુર્તિ પણ બનેલી જોઈ નથી. જે જોઈ છે તે પ્રાચિન છે. તીર્થંકરની આકૃતિ લક્ષણો કેવા હોય તે સમજવું પડે. તેમના ૧૦૦૮ લક્ષણો કહ્યા છે. જ્યારે તમે તો ૩૨ લક્ષણો પણ રાખ્યા નથી ને? તમારુ તેમાં ધ્યાન નથી, કાળજી નથી. અત્યારે કોન્ટ્રેક્ટ બેઝ થઈ ગયો છે. તેમાં પણ વેપારી ધોરણ કરી નાંખ્યુ છે. માટે જ તમને ભાવ નથી આવતા. જ્યારે શંખેશ્વરની મુર્તિ સામે આરાધક જીવને ભાવ કેમ આવે છે? વિશિષ્ટ રીતે પ્રતિષ્ઠા વિધિ થયેલી છે.

પર્યુષણના વ્યાખ્યાનમાં આવે છે કે જે સમકિત પામેલો નથી તેને બોધીબીજ પમાડવા કહ્યુ કે તું સાક્ષાત વીરપ્રભુ ગૃહસ્થ અવસ્થામાં કાઉસગ્ગ અવસ્થામાં ઉભા છે ત્યાં જઈને આબેહુબ જોઈ, ધારણ કરી તેવી તેમની મુર્તિ બનાવ. હવે આવી મુર્તિનો પ્રભાવ કેવો હોય? પછી તે પ્રતિષ્ઠા કેવળી પાસે કરાવે છે. મુર્તિ કાંઈ માનવદેહની આકૃતિની જ બનાવાની છે? માટે દેવતાને પણ

અવલોકન કરવા જવું પડે. માટે બધે વિશેષતા છે. અને આ જાળવો તો જ પ્રવૃત્તિ ભાવધર્મ આવે. જે ઘણુ જ કઠિણ છે. જેને આ પ્રવૃત્તિ ભાવધર્મ આવે તેને ખરા ફળ, આસ્વાદ મળવાના ચાલુ થાય.

મયણાએ અમૃત અનુષ્ઠાન કર્યું છે. શાસ્ત્રમાં એક ખમાસમણુ આપતાં જેવા ભાવ જોઈએ, જેવી એકાગ્રતા જોઈએ તે રીતે તેને અનુષ્ઠાન કર્યા છે. તમારે તો ઉપકરણના પણ ઠેકાણા ન હોય ને? પછી તો ક્રિયા માટે તો શું બોલાય. તમને ધર્મના ક્ષેત્રમાં બધુ જ ચાલે તેમ છે. હા, ભાણે જમવા બેસો તો બધુ જ વ્યવસ્થીત જોઈએને? જો મીઠા વગરની કાચી રસોઈ આપે તો શું કરો? ઘર ઉભુ કરો ને? પણ આ ક્ષેત્રમાં બધુ જ ચાલે છે. કારણ શું?

સભા:- ભગવાન ક્યાં જુએ છે?

સાહેબજી:- હા, તમારે તો ભગવાન અજ્ઞાન છે ને? પરંતુ તેઓ તો ત્રણ લોકને જુએ છે. આપણા બધાના પરાક્રમને જુએ છે. હા એટલું ખરુ જુએ છે પણ કાન પકડતા નથી.

સભા:- માટે જ અમારે પોલં પોલ છે.

સાહેબજી:- હા, પોલંપોલ ચલાવો છો તેમ નહિ પણ તમને તેમાં જ રસ છે. અત્યારે અમે વિધિનું વર્ણન કરીએ તો ઘણાને પીંજણ લાગે છે. તમારે પૂજા કરતાં સીવેલું ધોતીયું ન વપરાય. વગર ફાટેલા, નહિ સાંધેલા, રોજ ધોએલા, ઉત્તમમાં ઉત્તમ વસ્ત્ર જોઈએ. જ્યારે ઘણા કહે છે કે સાહેબ લેંઘો પહેરીએ તો શું વાંધો? <u>પરંતુ જો ધર્મનુ ફળ અખંડ જોઈતું હોય તો અખંડ સાધનો જ જોઈએ.</u> માટે તમારુ સાંધેલુ વસ્ત્ર ખંડિત હોય તો ક્યાંથી અખંડિત ભાવો આવે? આ બધા કાંઈ મહાપુરુષોએ નવરા બેઠા બેઠા તરંગ તુક્કા મૂક્યા નથી. પણ તેની પાછળ ચોક્કસ કારણો છે.

પક્ષાલમાં પણ વરસાદનું ચોખ્ખુ પાણી કેમ જોઈએ તેના પણ ચોક્કસ કારણો છે. વરસાદનું પાણી સંપૂર્ણ શુધ્ધજળ છે. કુવા, તળાવ, નળ, નદીના બધાના પાણીમાં મિશ્રણ છે. ભેગા ગટરના પાણી પણ હોય છે.

રસ્તામાં વરસેલું પાણી બધીજ ગંદકીમાંથી પસાર થઈને કુવા, તળાવ, નદીમાં જતું હોય છે. માટે બધુ અશુધ્ધ પાણી જ છે. તેથી જ તેવા પાણીથી પક્ષાલ થાય નહિ. પહેલાના શ્રાવકો તો પીવામાં પણ આ અંતરીક્ષ જળનો ઉપયોગ કરતા. ભગવાનના દસ શ્રાવકોના વ્રતોના વર્ણન સાંભળો તો આભા થઈ જવાય. તેમને વ્રત હતા કે અંતરીક્ષ જળને છોડીને બીજુ પાણી પીવુ નહિ. જોકે તમારા અત્યારે વિજ્ઞાન પણ માને છે. આ જળ સંપૂર્ણ આરોગ્ય જાળવી શકે તેમ છે. દસ શ્રાવકના વ્રતમાં સાતમાં ભોગપભોગ વ્રતના વર્ણનમાં શું ખાવું શું ન ખાવું તેનું વર્ણન વાંચો તો લાગે કે તેઓ આયુર્વેદના કેવા નિષ્ણાત હશે. જ્યારે અત્યારે તમારી શું સ્થિતિ છે ?

તમારા સંસારના ભોગો પણ બગડી ગયા છે. પહેલાંના જીવન જ એવા હતા કે તેઓ દ્રવ્ય શુધ્ધિ જાળવી શકતા હતા. પરંતુ હવે તો તમારા જીવનના કારણે પ્રત્યેક ક્રિયામાં વિધિમાર્ગ ઘટી રહ્યો છે. માટે તમારે તો પ્રવૃત્તિધર્મ સાંભળવાનો, સમજવાનો અને તેને આદર્શ તરીકે રાખવાનો ને વિચારવાનું કે જેઓ આ ભાવધર્મને પામ્યા હશે તેમને કેવો આનંદ, સ્વાદ હશે. કેવા કર્મોની નિર્જરા કરતા હશે. આવા જીવો લગભગ પ્રાય: કરીને તેજ ભવે મોક્ષે જનારા હોય છે. કદાચ નિકાચીત ભારે કર્મ હોય તો એકાદ બે ભવમાં મોક્ષે જનારા હોય છે. તેવા જીવોનો સંસાર ખાબોચિયા જેવો હોય છે. આના ઉપર આગળ વિશેષ વિવેચન આવશે. સાથે સાથે આપણે પ્રણિધાન ભાવધર્મ અને પ્રવૃત્તિ ભાવધર્મની તુલના કરતાં જઈશું.

આ જૈન શાસનનો માર્ગ ગહન અને ઉત્કૃષ્ટ છે. આ શાસનની ક્રિયા બીજા ધર્મ કરતાં ઊંચી છે. જૈન શાસનની ક્રિયા જાળવવા ઉત્કૃષ્ટ આરાધક ભાવ જોઈએ. શ્રીપાળ મયણાના જીવનમાં ભોગ, આરંભ, સમારંભ વધારે પણ, જ્યારે તેઓ ધર્મ કરે ત્યારે એકમેક થઈને બતાવેલ ભાવોને જાળવીને કરે. પહેલા સુખી શ્રાવકો પોતાનું અંગત દહેરાસર રાખતા હતા.

દા.ત. પેથડમંત્રી પોતાના જીનમંદિરમાં મધ્યાન કાળની પૂજા કરવા નિસિહિ કરીને જાય પછી ગમે તેવું કામ આવે તો પણ તેમને બોલાવાના નહિ.

તેઓ રોજ ઠાઠ પૂર્વક પ્રભુની એવી આંગી કરે કે બીજાને પણ ભાવ થાય. એક વખત તેઓ પ્રભુની પૂજા ભક્તિ કરતાં હતાં ત્યારે રાજાને તત્કાળ કામ પડ્યુ. રાષ્ટ્રના સંકટના કારણે તેમને બોલાવવા મોકલ્યા પણ મંત્રીશ્વરની પત્નીએ તેમને પૂછ્યા વગર કહી દીધુ કે તેઓ હાલ પરમાત્માની પૂજા ભક્તિ કરે છે. માટે હાલમાં આવી શકે તેમ નથી. આ સંદેશો મળ્યા પછી પણ રાજા બે ત્રણ વખત સંદેશો મોકલે છે પણ નામાંજ જવાબ મળવાથી રાજા પોતે આવે છે. તમે વિચારજો તેઓ કેવા એકાકાર ભાવ, સમર્પણ, તનમયતા. સાથે, આખો સંસાર ભૂલીને પૂજા કરતા હશે. કેવી સ્વાદમય ભક્તિ હશે. રાજા વિચારે છે કે બીજુ કાંઇ નહિ પણ મારે હવે મંત્રીશ્વરની પ્રભુપૂજા જોવી છે. માટે આવે છે. મંત્રીશ્વરની એકાગ્રતા, ભક્તિ ઉલ્લાસ જોઇને થાય છે કે શું ઇશ્વર તત્વની ઉપાસના કરે છે. ખરા સત્વશાળી ભક્ત છે. લાવ હું પણ તે ભક્તિમાં ભાગ લઉં.

મંત્રીશ્વર પોતે હજારો ફૂલથી પ્રભુની અંગ રચના કરે છે જાતે ગુંથે છે ફૂલ એક પછી એક જાતે લેવામાં પરમાત્માના દર્શનમાં અંતરાય થાય. ભક્તિથી એકાગ્રતામાં વિક્ષેપ આવે માટે એક સેવકને એવી રીતે તૈયાર કર્યો છે કે ક્યાં કયુ ફૂલ ક્યારે જોઇશે, તે પ્રમાણે તે એક પછી એક ફુલ લઇને મંત્રીશ્વરને આપે જેથી ભક્તિમાં વિક્ષેપ ન થાય. આમ માણસ રાખવામાં પણ ભાવ સમાયેલો છે. હવે રાજા આ માણસને ઉભો કરીને પોતે ત્યાં બેસે છે. રાજાને તો કાંઇ ખબર ન હોવાના કારણે બીજુ ફુલ અપાઇ ગયુ. રાજા ખુદ અત્યારે સેવક બનીને ફુલ આપે છે. પરંતુ ફુલ આપવામાં ગોટાળો થવાથી મંત્રીશ્વર પાછળ જુએ છે તો ત્યાં રાજા ખુદ બેઠેલા છે. રાજાને તરત જ થાય છે કે આમને મારાથી વિક્ષેપ પડ્યો. સાચુ કહેજો આ લોકોની પ્રભુ ભક્તિમાં સમર્પણ કેવું હશે? તમે વિચારજો કદી પ્રભુ દર્શન માટે તમારી આંખો તરસી હોય છે? કદી એવું થયું છે કે પ્રભુ દર્શન કરતાં તમે ધરાયાજ ન હોય. ક્યારે આવુ પરમાત્મા સાથે મિલન થયુ છે ખરુ? વિચારજો.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૫-૯-૯૫.
ભાદ. સુદ
અગિયારસ
મંગળવાર

॥ યોગવિંશીકા ॥

ગોવાળિયા ટેંક

પ્રવૃત્તિ ભાવધર્મ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણને સર્વ દોષથી મુક્ત અને સર્વ ગુણથી પરિતૃપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ જો આપણે બધાએ મોક્ષમાં જવું હોય તો આપણા આત્મામાં રહેલા બધા દોષોનું ગુણોમાં પરિવર્તન કરવું પડશે. જ્યાં સુધી આત્મામાં દોષો રહેલા હશે, અને ગુણોમાં કચાશ હશે ત્યાં સુધી આપણે પરિપૂર્ણતાને પામી શકીશું નહિ. માટે જ્યારે સર્વદોષથી રહિત અને સર્વ ગુણથી પરિતૃપ્ત થઈશું ત્યારે જ મોક્ષના સુખને પામી શકીશું.

હવે આત્મામાંથી ગમે તે દોષ કાઢવાનો ચાલુ કરવો અને ગમે તે ગુણ કેળવવાનો ચાલુ કરવો તેવું નથી. પણ સૌથી પહેલાં જીવનમાં મોટા દોષોનો ત્યાગ કરવાનો છે. અને નાના ગુણોનો સ્વીકાર કરવાનો છે. પછી જેમ જેમ સાધના ઉંચી થતી જાય. તેમ તેમ નાના દોષોનો પરિત્યાગ અને મોટા ગુણો મેળવતા જવાનું છે. માટે ક્રમ પ્રમાણે કરવાનું આવશે. તેથી તેનો ક્રમ બરાબર સમજવો પડે.

દા.ત. જેમ તમારે એક મેલુ દાટ મસોતા જેવું થયેલું કપડું ધોવું છે, તેને તમે જ્યારે પહેલીવાર પાણી, સાબુમાં ધોવા નાંખો ત્યારે મોટો મોટો મેલ નીકળે. જ્યારે બીજીવાર નાંખો ત્યારે તેનાથી વધારે ઝીણો મેલ નીકળે. તેમ ત્રીજી વારકરતાં તેનાથી ઝીણો મેલ નીકળી ચોખ્ખું થાય. તેજ રીતે જેમ તમારે ઘર ચોખ્ખુ કરવુ હોય તો પહેલાં તમે મોટા મોટા બાવા આદિ કાઢશો પછી જમીન સાફ કરશો. પછી પોતુ મારશો એટલે સુક્ષ્મમા સુક્ષ્મ કચરો પણ સાફ થશે. જેમ સ્થુલ મેળ કાઢવા ઓછો પ્રયત્ન અને સુક્ષ્મ મેલ કાઢવા વધારે પ્રયત્ન કરવો પડે છે. બસ તેની જેમ મોટા દોષો ઓછા પ્રયત્ને નીકળે છે. અને ઝીણા દોષોનો ત્યાગ કરવો મહા દુષ્કર છે. અને જે વ્યક્તિ આ કરી શકે તેજ સાધનામાં આગળ વધી શકે છે. માટે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે દોષોના ત્યાગમાં શરૂઆત મોટા દોષોથી કરવાની છે. જ્યારે ગુણોની પ્રાપ્તિમાં શરૂઆત નાના ગુણોથી કરવાની છે. અને તે કરવા માટે પ્રણિધાન ભાવધર્મ બતાવ્યો છે.

તમે કોઇપણ ક્રિયા ઉંધા લક્ષ્યથી કે લક્ષ્ય શૂન્ય થઇને કરો તો તે પ્રવૃત્તિ મોટા દોષવાળી કહેવાય છે.

જેમ તમારે પૂજા કરવી છે. પણ શું કામ કરવી છે? કરીને શું મેળવવું છે? તેનો તમને સ્પષ્ટ ખ્યાલ નથી. વિતરાગની પૂજા કરવા આવ્યો છે પણ જેને વિતરાગતા સાથે મેળ નથી. સાંસારિક ભાવોનો જેને ત્યાગ કરવો નથી. તે ભાવોને ખરાબ માનવાની તૈયારી નથી આવા વિચારવાળાની ભાવશૂન્ય ક્રિયા કહેવાય છે. ભલે પછી તે ત્રણ કલાક લળી લળીને, નૃત્ય, સંગીત, ઉલ્લાસ સાથે પ્રભુભક્તિ કરતો હોય. પણ તેમાં પ્રણિધાન ભાવ ન હોવાથી તે મોટા દોષવાળી ક્રિયા કહેવાય છે. જે આત્મીક દ્રષ્ટીએ વિશેષ ફળ ન આપે.

જેમ તમે સામાયિક કરો છો તે વિરતિ ધર્મ છે. હવે જેને અવિરતિ ખરાબ જ ન લાગતી હોય, તેને વિરતિનું આકર્ષણ જ ન હોય. તેનું સામાયિક પ્રણિધાનવાળુ કેમ કહેવાય? પ્રણિધાનવાળાને તો અવિરતિથી ત્રાસ થતો હોય.

વિરતિ એટલે પાપોનો વિરામ
અને અવિરતિ એટલે પાપોનો અવિરામ.

દેહ, ઇન્દ્રિય, મન-વચન-કાયાના પાપોથી જે ત્રાસેલો હોય, તેનાથી બેચેન થયેલો હોય તે કારણે જે સામાયિકમાં આવવા માંગતો હોય, ભલે પછી સામાયિકમાં કદાચ તેને પાપોના વિચાર ન જતાં હોય. પરંતુ તેને અંદરમા જો તેનો ઉદ્વેગ હોય તો તે સામાયિક પ્રણિધાનવાળુ કહેવાય.

જેમ કોઇ ઉપવાસ, આયંબીલ કરે છે. તેને આહાર વિકારરૂપ ન લાગતો હોય, તેની આશક્તિથી તે ત્રાસેલો ન હોય તો તેનું તપ પ્રણિધાનવાળુ નથી. કારણ તેની ક્રિયામાં કોઇ લક્ષ્ય ધ્યેય નથી. આવી બધી ક્રિયા મોટા દોષવાળી કહેવાય છે. આવી ક્રિયા ભગવાનના શાસનમાં તમે વર્ષો સુધી કરો, કે જીંદગીભર કરો તો પણ તેનું વિશેષ આત્મીક ફળ નથી મળતું. જે ક્રિયા પ્રણિધાનવાળી છે તે જ તરવાનું- સાધન બને છે. માટે પ્રત્યેક ક્રિયામાં પ્રણિધાન આવવું જોઇએ. જે પ્રણિધાન પામ્યા છે તેવા જીવોને જો પ્રવૃત્તિ ભાવધર્મ પામવો હોય તો ખુબ જ પ્રયત્ન કરવો પડે છે. જે

વ્યક્તિને પ્રવૃત્તિ ભાવધર્મ આવે છે તે તો હવે સાધના કરવા ભેટ બાંધીને નીકળ્યો છે તેમ કહેવાય છે. તે પોતે આત્મકલ્યાણના માર્ગમાં પૂરી તાકાત લગાવીને આગળ વધી રહ્યો છે. પ્રવૃત્તિ ભાવધર્મની ક્રિયામાં જરાપણ પ્રમાદ, આળસ ઉપેક્ષા ન ચાલે.

તમને તો પ્રતિક્રમણ કે વ્યાખ્યાન જરાક લાંબુ ચાલે તો થાયને કે હવે ક્યારે ઝટ પુરુ થાય? તમને કદાચ કોઈ વખત ધર્મ વધારે થઈ જાય તો ઉદ્વેગ આવી જાયને? અત્યારે તમે પર્યુષણના આઠ દિવસ ધર્મ કરીને ધરાઈ ગયા છો ને? હવે તમારી ભૂખ તો બાર મહિને જ ઉઘડશેને? તમને અત્યારે શરીરનો થાક લાગ્યો છે કે માનસીક થાક લાગ્યો છે?

સભા:- માનસીક થાક લાગ્યો છે.

સાહેબજી :- આમે તમે શરીરથી વધારે ધર્મ કરો તેમ નથી. તમને થાય છે કે હવે બહુ ધર્મ થઈ ગયો માટે રેસ્ટ કરી લઈએ. કારણ અંદરથી તમને ધર્મની ભૂખ નથી. માટે જે ઉદ્વેગ આવે છે તેજ બતાવે છે કે તમને ધર્મમાં રસ કેટલો ઓછો છે. તમારી અપેક્ષા કરતાં જરા વધારે થાય એટલે એમ થાયકે ક્યારે પુરુ થાય. કદાચ તમે પૂજા કરવા જો બીજાની સાથે ગયા હોવ અને તે જો શાંતિથી પૂજા કરતો હોય તો ઉંચાનીચા થઈ જાવ ને?

અરે તમને તો ખાલી આરાધના ઝટ પૂરી થાય તેટલુ જ નહિ પણ તેનું ફળ પણ ઝટ મળે તેવી અધીરાઈ હોય છે. માટે તેવી અધીરાઈ પણ ન ચાલે. ઘણાને તો ધર્મ થોડો કરવો છે અને ફળ ઘણુ મોટુ જોઈએ છે. અને જો અપેક્ષા પ્રમાણે ફળ ન મળે તો તમારે તરત જ ધર્મમાં ઓટ આવી જાય ને? એટલે અંતરમાં ફળની અધીરાઈ છે અને ક્રિયા ઝટ પૂરી કરવાના ભાવ છે. અર્થાત્ તમને ધર્મમાં રસ નથી.

આગળ વધીને પ્રવૃત્તિ ભાવધર્મ માટે તો લખે છે કે તેમાં ઉત્કૃષ્ટ પ્રયત્ન જોઈએ. પોતાની જેટલી શક્તિ છે તેને કામે લગાડીને આરાધના કરવાની છે. જે વ્યક્તિ પોતાની શક્તિ ગોપવીને કરે છે તેને પ્રવૃત્તિ ભાવધર્મ આવે નહી. પણ કદાચ પ્રણિધાન આવી શકે. પણ જેનામાં લક્ષ્ય, ધ્યેય હોય તેને જ આવે. પ્રણિધાનવાળાના જીવનમાં આળસ, પ્રમાદ, ખેદ, ઉપેક્ષા હોઈ શકે છે. તેઓ સતત સાવધાન થઈને એકાગ્ર થઈને પુરુષાર્થ ફોરવીને ધર્મ કરનારા હોતા નથી. જ્યારે પ્રવૃત્તિભાવધર્મવાળા છતી શક્તિ ધર્મમાં

ગોપવના નથી.

સભા:- આ કાળમાં પ્રવૃત્તિભાવધર્મ આત્મસાત થઈ શકે ?

સાહેબજી:- આ કાળમાં પ્રવૃત્તિભાવધર્મ આત્મસાત થઈ શકે તેમ નથી. પરંતુ તેને પામવા આદર્શ રૂપે રાખી શકે છે. તેમાં જવા માટે લક્ષ્ય રાખી પુરુષાર્થ કરવાનો છે.

સભા:- શાસ્ત્રયોગના અનુષ્ઠાનમાં આ ભાવધર્મ હોય છે.

સાહેબજી:- તમે તો શાસ્ત્રયોગના અનુષ્ઠાન લો છો જ્યારે આતો ભાવધર્મની વાત છે. શાસ્ત્રયોગમાં ગયેલાને તો આ બધા આગળના ભાવધર્મ આવી ગયેલા જ હોય છે. શાસ્ત્રયોગના સ્ટેજમાં જવાવાળાને પહેલાં આ સ્ટેજમાંથી પસાર થવુ જ પડે.

સભા:- કઈ દૃષ્ટીમાં આ ભાવધર્મ આવે ?

સાહેબજી:- પાંચમી દૃષ્ટીમાં આવી શકે છે. છટ્ઠી દૃષ્ટીમાં જકાર સાથે હોય છે.

અત્યારે મોટાભાગના જીવોને જોઈએ તેવો ધર્મ ગમતો જ નથી. જે કરે છે તે પરાણે કરે છે. જૈનપણાના નાતે બાર મહિનામાં અમુક દિવસ દહેરાસર આવી જતા હોય છે. તેવાની વાત નથી. આપણે બે કક્ષાના જીવો જોઈએ છીએ. હવે ઘણાને ધર્મ ગમે છે. તે જીવોને શું હોય છે કે તેમને ધર્મ ગમે છે પણ તેના કરતાં સંસાર વધારે ગમે છે.

સભા:- આમાં સાહેબજી ફીફ્ટી ફીફ્ટી ચાલે ?

સાહેબજી:- શું તમે તેમાં પણ આવો તેમ છો ? ફીફ્ટી ફીફ્ટીનો અર્થ કરીશ તો હમણાં ભાગી જશો. સંસારમાં શક્તિ વાપરતાં આનંદ ઉત્સાહ આવે છે. તેટલી શક્તિ ધર્મમાં વાપરતાં આનંદ ઉત્સાહ આવે છે ? ઘરના કુટુંબના કામ જેટલા ઉત્સાહથી કરો છો તેટલા ઉત્સાહથી સંઘના કામ કરો છો ખરા ?

સભા:- પણ સાહેબજી એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે.

સાહેબજી:- એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે પણ અડધી અડધી બે તલવાર તો રહી શકે ને ? તમે ફીફ્ટી ફીફ્ટી બોલ્યા છો.

સભા:- સમકીતીને આવો રસ હોય ?

સાહેબજી:- અરે સમ્યગ્દૃષ્ટીની વાત છોડો તેમને તો સંસારમાં તીવ્ર રસ ન હોય. પણ

જે સમકીત પામ્યા નથી અને ગાઢ મિથ્યાત્વમાંથી બહાર નીકળી ગયા છે. તેવા સંક્રાન્તી સમયના જીવોને સંસારમા રસ હોય પણ તેમનો સંસારનો રસ અને ધર્મનો રસ સમાન કક્ષાનો હોય. આવા જીવો ત્રીજી દ્રષ્ટીમાં આવેલા હોય છે. પહેલી અને બીજી દ્રષ્ટીમાં ધર્મનો રસ ઓછો અને સંસારનો રસ વધારે હોય છે. પણ જેમ જેમ આગળ વધે તેમ સંસારમાં રસ ઓછો અને ધર્મમાં રસ વધારે હોય છે. પાંચમી દ્રષ્ટીમાં તો જીવોને સંસારમાં સંપૂર્ણ રસ નથી હોતો. તેને તો ધર્મનો જ રસ હોય છે.

ધર્મમાં રસ કેવો હોય તે બતાવતા કહે છે કે સંસારરસીક જીવ જે યુવાવસ્થામાં રહેલો, શ્રીમંત હોય, બુધ્ધીશાળી, ચતુર, વૈભવ સંપન્ન હોય જેને અપ્સરા જેવી સ્ત્રી હોય, દેવતાઇ જેવું સંગીત હોય, તેવી વ્યક્તિ લેવાની છે. અત્યારે યુવાકાળમાં ભોગપ્રિય જીવો હોય છે. તેવા યુવાનીની મસ્તીમાં ફરતાં જીવોને સંગીત મ્યુઝીક, કામ પોષક વાતોમાં રસ હોય છે. ઉત્સાહ હોય છે. અર્થાત ઉત્કૃષ્ટ સંસારરસીક જીવોને ઉત્કૃષ્ટ ભોગસામગ્રી મળી હોય અને તેમાં જેટલો રસ હોય તેના કરતાં સમકીતીને ધર્મ સાંભળવામાં, સમજવામાં અનંત ગણો ઉત્કૃષ્ટ રસ હોય છે. તમારે સંસારમાં જલસાઓ ગોઠવાય છે. તેમાં ટીકીટ માટે કેટલી પડાપડી થાય છે? રાતનો ઉજાગરો કરતાં પણ ટીકી ટીકીને જુઓ ખરાને? ઝોકુ પણ ખાવ નહિ? કેવો ત્યાં રસ છે. તેવો રસ કદી જીવનમાં ધર્મ સાંભળવામાં લાગ્યો છે ખરો? આ તમારી ફીફ્ટી ફીફ્ટીની વાત કરુ છુ. જ્યારે સમકીતીનો તો અનંત ગણો રસ કહ્યો છે. ત્રીજી દ્રષ્ટીવાળાને સમાન રસ હોય છે. માટે સમકીતમાં આવવું સહેલુ નથી. લગભગ જીવોને સંસારમાં રસ વધારે અને ધર્મમાં રસ ઓછો હોય છે. કાં પછી ધર્મમાં રસ જ હોતો નથી. હવે જેને ધર્મમાં જ રસ નથી તેને તો પ્રણિધાનનો સવાલ જ નથી.

જેને ધર્મમાં સાચો, અસલી રસ છે તેવા જીવોમાં પ્રણિધાન આવે છે. પણ જ્યાં સુધી પ્રમાદ, આળસ, નબળાઈ હોય, સત્વ ફોરવી ન શકતા હોય તેવા જીવોને પ્રવૃત્તિભાવ ધર્મ ન આવે. માટે તેમના તપત્યાગ, સંયમ વધી ક્રિયા છતી શક્તિએ ખામીવાળી થાય. તમારા જીવનમાં ખામીવાળો પુરુષાર્થ ક્યાં? અને ખામી વગરનો પુરુષાર્થ ક્યાં છે? કદી વિચાર્યું છે ખરુ? હા, આ વાત શક્તિવાળા માટે જ છે. જેમ લકવા થયેલ વ્યક્તિ

ઉભા થઇને કાઉસગ્ગ કરવાનો નથી. અશક્ત વાળાની વાત કે આગ્રહ નથી પરંતુ તમે પુરુષાર્થ ક્યાં ફોરવો છો? જ્યાં તમારો ઉત્કૃષ્ટ રસ હોય ત્યાં જ ફોરવો છો! પાડોશીનું કામ હોય તો ઉત્કૃષ્ટ રસ ફોરવો તેમ છો? જ્યારે ભાણે બેઠા હોવ ત્યાં તો શક્તિનો અતિરેક કરો છો ને? ટીવી, વિડીયોથી જ ચશ્મા આવી ગયા ને? રસ હોય ત્યાં શક્તિનો વિચાર કરો તેમ નથી. ઘણી વખત માથુ દુઃખી જાય પણ જોવાનું છોડો ખરા? અહિંયા માથુ દુઃખતુ હોય અને કહીએ કે જરા વાંચી લો તો. શું કહેશો? તમારે સંસારમાં શક્તિનો અતિરેક થાય છે. તેથી ત્યાં તમારે પ્રવૃત્તિભાવ ધર્મ છે. ભાવધર્મને તમે સંસારમાં કેળવીને બેઠા છો. છતાં પણ ધર્મના ક્ષેત્રમાં કેમ દુષ્કર છે? કારણ જ્યાં સુધી જીવ કલ્યાણભાવનામાં નથી આવતો ત્યાં સુધી પ્રવૃત્તિ ભાવધર્મને પામી શકતો નથી. હવે પોતાની જેટલી શક્તિ હોય તેટલી ધર્મમાં વાપરવાની છે. મન-વચન-કાયાને યોગ્ય રીતે, યોગ્ય માર્ગે આરાધનામાં લગાડો તો પ્રવૃત્તિ ભાવધર્મ આવે. હજુ આ બીજો ભાવધર્મ છે. પાંચ સુધી પહોંચાય તેમ છે ખરું?

સભાઃ- ધર્મમાં રસ કેમ નથી?

સાહેબજીઃ- સંસારના સ્વરૂપને અને ધર્મના સ્વરૂપને તમે કદી વાસ્તવીકતાથી વિચારતા નથી. શ્રીમંતાઇના લાભ શું છે અને ગરીબાઇના નુકશાન શું છે તેની જેને ખબર હોય તેને શ્રીમંતાઇમાં રસ પડ્યા વગર રહે ખરો? જન્મ્યા ત્યારે ખાવા, પીવામાં રસ હતો, પણ પૈસામાં રસ હતો ખરો? નાનપણમાં ચોકલેટ અને પૈસા મુકે તો શું પકડો? પણ જેમ જેમ સમજતાં થયા એટલે જ શ્રીમંતાઇમાં રસ પડવા માંડ્યો ને? તેમ ધર્મના લાભ શું છે અને અધર્મના નુકશાન શું છે તે જાણો પછી રસ આવ્યા વગર રહે ખરો?

સભાઃ- સાહેબજી ધર્મના લાભ દેખાતા નથી જ્યારે પૈસાના લાભ પ્રત્યક્ષ છે.

સાહેબજીઃ- આ તમારી નિર્વિચારકતાની પરાકાષ્ઠા બતાવે છે. પૈસાનો લાભ પ્રત્યક્ષ નથી. શું પૈસા ખીસામાં આવે એટલે શરીરને અને તમને ગલગલીયા થાય છે.

સભાઃ- પણ પૈસાથી સુખ મળે ને?

સાહેબજીઃ- કયુ સુખ મળે?

સભા:- ભૌતિક સુખ મળે.

સાહેબજી:- હું તમને કહુ કરોડ રૂ. લઈને બજારમાંથી જરાક સુખ લેતા આવો. જો મળે તો પછી શ્રીમંતોને ત્યાં તો સુખના ગોડાઉન ભરાશે.

સભા:- પણ ચીજો મળે ને?

સાહેબજી:- ચીજો મળે એટલે શું સુખ મળ્યુ? તમે સુખની વ્યાખ્યા સાચી રીતે વિચારી જ નથી. તમે એક મીનીટ પણ સુખનો અનુભવ પૈસાથી મેળવીને તો લાવો.

સભા:- પણ સાહેબજી પૈસા હોયને સુખી ન હોય તેવા ઓછા છે.

સાહેબજી:- ના, પૈસા હોયને સુખીના હોય તેવા મેક્ઝીમમ છે. શ્રીમંતના ઘરમાં જેટલી હોળી સળગે છે તેટલી ગરીબના ઘરમાં નથી. જેને પૈસા નથી તેવા મઝે સુનારા હોય છે.

સભા:- કેવી રીતે?

સાહેબજી:- મઝેથી તેનો તમે શું અર્થ કરો છો? મઝેથી એટલે તેને સુવા માટે ગોળી નથી લેવી પડતી. જ્યારે તમારે ગોળી વગર ઉંઘ નથી આવતી. પેલો તો પડ્યા ભેગો સુઈ જાય છે.

સભા:- થાકે એટલે સુઈ જાય છે.

સાહેબજી:- સમજો, તમને ભય વધારે કે તેને ભય વધારે? તમે બહારગામ જતાં હોવ ત્યારે સાથે જો બીજો હોય તેને પુછોને "ભાઈ તારી પાસે જોખમ છે"? માટે પૈસા એ જોખમ છે.ને? માટે ભય છે ને? હવે ભય એટલે દુ:ખ થયુંને? તેથીજ તમને ઉંઘ નથી આવતી. જ્યારે તે મઝેથી સુઈ શકે છે. તમે સાચા સુખના ગણીત જ પકડ્યા નથી. માટે પૈસાથી સુખ મળે તે વાક્ય સદંતર જુઠુ છે. પૈસાથી સુખ મેળવી શક્યો હોય તેવો એક પણ દાખલો ઈતિહાસમાં નોંધાયો નથી. અને જો તમે મેળવી આપો તો ચમત્કાર કહેવાય.

પૈસાથી સુખ રતિભાર ન મળે.

પૈસાથી સુખના સાધન પણ ન મળે.

હા પૈસાથી ભોગના સાધન મળે.

પાંચે ઈન્દ્રિયના ભોગના સાધન આપવાની તાકાત પૈસામાં છે. પૈસાથી તમે તેમાં દટાઈ જાઓ તેટલો ખડકલો કરી શકો તેમ છો. મેવા મીઠાઈના પીપ ભરી શકો તેમ છો. પૈસાથી બધા જર-જવેરાત, સોનું, રૂપું, બંગલા, કપડાં, દુનિયામાં કહેવાતાં બધા ભૌતિક સાધનો મેળવી શકો તેમ છો. અમે સત્યનો ઈન્કાર કરવા માંગતા નથી. નહિતર અમને અસત્યનું પાપ લાગે. માટે શ્રીમંત તેની શક્તિ પ્રમાણે ભોગના સાધનનો ખડકલો કરી શકે છે.

હવે ભૌતિક સામગ્રી ભરપૂર પ્રમાણમાં આવે તો પણ જો પુણ્ય ન હોય તો એક વસ્તુ પણ ભોગવી ન શકો. જેના ઘરમાં મેવા-મીઠાઈના ડબ્બા ભરેલાં પડ્યાં છે પણ તેમાંથી ઘણા ચાખી પણ શકે તેમ નથી. સો સુટ પડ્યા છે પણ એકે પહેરી શકે તેમ નથી. પૈસાથી ભોગ સામગ્રી મળી પણ પુણ્ય ન હોય તો હવા ખાતા ઉભા રહેવું પડે. અને જોઈ જોઈને બળ્યા કરવાનું. પથારીમાં કણસતા પડ્યા રહેવાનું આવે. જો તેને પૈસાથી સુખ મળતું હોય તો બધી સંપત્તિ આપી દે તેમ છે. માટે તમે વાસ્તવિકતાનો વિચાર કરો તો લાગશે આ શક્ય જ નથી.

હવે ચાલો ભોગની સામગ્રી મળી, કદાચ શરીર પણ નિરોગી મળ્યું, ભોગ ભોગવવાના ચાલુ કર્યા પણ તે વખતે જો મન બેચેન હોય તો, મન અશાંત હોય તો સુખ મળે ખરું? અત્યારે તમારા મીનીસ્ટરોને મીઠાઈ ખાતાં કદાચ સ્વાદની પણ ખબર ન પડે ને? કારણ તેમને દેશની ચિંતા કેટલી? માટે જેટલી સત્તા, સંપત્તિ વધારે તેટલી ચિંતા વધવાની. મહારાષ્ટ્રમાં કે કેરાળા કોંગ્રેસમાં કાંઈ થાય તો નરસિંહરાવને ટેન્શન થાય ને? તમને કેમ થતું નથી? કારણ તેને સત્તા, સંપત્તિ ઘણી છે. તમને એક છોકરો હોય તો ચિંતા વધારે કે પાંચ છોકરા હોય તો ચિંતા વધારે?

સભા:- ન હોય તો વધારે ચિંતા હોય.

સાહેબજી:- તે ઉપાધીનું કારણ જુદુ છે. તમારે તો બેઉબાજુ વલોપાત છે. માટે જેને અંદરમાં અશાંતિ તેને ક્યાંય શાંતિ નથી.

ધર્મનું ફળ પ્રત્યક્ષ છે કે પૈસાનુ ફળ પ્રત્યક્ષ છે?

<u>ધર્મનુ ફળ જ પ્રત્યક્ષ છે. પૈસાનુ ફળ તો પરોક્ષ છે.</u>

પૈસાનું પરોક્ષ ફળ પણ પાછુ મળે કે ન પણ મળે. જ્યારે ધર્મનું ફળ તો અહિંયાજ તાત્કાલીક મળે છે. સુખશાંતિની અનુભવ થાય છે.

તમારા ખિસ્સામાં ૫૦૦ની નોટ પડી હોય તો કાંઇ શરીર ઈન્દ્રિયને સીધુ સુખ મળતું નથી. પરંતુ ધર્મ કરો, ક્ષમા કરો. મૈત્રી કરો ત્યારે ત્યાં જ સુખશાંતિનું ફળ મળે છે. આતો રોકડિયો ધંધો છે. હા તમને કરતાં આવડવો જોઇએ. ખાલી દેખાવ કરવાથી ન મળે.

સભા:- સાહેબ પૈસાનુ દાન કર્યું તો સુખ મળે છે ને?

સાહેબજી:- પૈસાથી દાન કર્યુ તો સુખ મળ્યુ તે શેનાથી મળ્યુ? તમને મનમાં અશાંતિ શેની હતી? લોભની અશાંતિ હતી. શું તમને પૈસાથી શાંતિ મળી? ખાલી પૈસા છોડવાથી શાંતિ ન મળે. સાથે મમતા છોડો તો જ શાંતિ મળે. કદાચ તમારી સામે ગુંડો આવીને પિસ્તોલ તાકે તો પૈસા ફેંકી દો ને? પછી ઘરે જઇને છાતી કુટો. કહો " હું ક્યાં ફસવાઇ ગયો? માટે પૈસા સાથે મમતા ન છોડો તો શાંતિ ન મળે. જો ખાલી પૈસા છોડવાથી શાંતિ મળતી હોય તો બધા લુટારા તમને શાંતિ અપાવી દેશે. તમારે ત્યાં રેડ પડે, ત્યારે માંદા પડી જાઓ છો ને? ઘણાને તો એટેક આવી જાય છે. માટે પૈસા સાથે મમતા છોડવી પડે છે. તમે ખરુ દુઃખ શું સુખ શું સમજ્યા નથી. અત્યારે તમને અશાંતિનું દુઃખ દેખાતુ નથી.

ધર્મનું પ્રત્યક્ષ ફળ અનુભુતી રૂપે સચોટ ફળ આપે છે. અને પરલોકનું તો પાછું જુદુ ફળ આપે છે. સંસારમાં બીજુ કોઈ વસ્તુ નથી કે જે તત્કાળ ફળ આપે. માટે ધર્મની તાકાત સામે કોઈની તાકાત આવે તેમ નથી.

સભા:- બરફી ખાય તો સ્વાદ આવે ને?

સાહેબજી:- તે પણ ભૂખ હોયને ખાય તો બરફીનો સ્વાદ આવે. ચાલો ભૂખ હોય પણ જીભ જો બગડેલી હોય તો સ્વાદ આવે ખરો? ચાલો જીભ પણ સારી છે પણ જો મન અશાંત બેધ્યાન હોય તો સ્વાદ મળે ખરો? પરંતુ ધર્મમાં કોઇ એવી વસ્તુ નથી કે તેનું ફળ ન હોય.

સભા:- સાહેબજી પૈસા આવવાથી નિશ્ચિંતતા આવે છે.

સાહેબજી :- જો પૈસા આવવાથી નિશ્ચિંતતા આવે તો પછી ઘર ખુલ્લા મુકવાના ચાલુ કરો. પરંતુ લોભ કેમ કરો છો? ઝુપડપટ્ટીવાળા ઘર ખુલ્લા મૂકીને ખાટલા પર સુઇ જાય છે. તમે સુઇ શકો તેમ છો? કારણ પૈસા જોખમ છે માટે તમને ચિંતા અને ભય વધારે છે. માટે જ ગુરખા સીક્યોરીટી રાખો છો ને? તમે તમારા ઘરમાં બંધ દરવાજે પુરાઇને રહો છો. બેલ વાગે તો પણ જોઇને ખોલો છો ને? આમ તમને કોઇ પુરે તો શું કરો?

સભા :- સાહેબજી કદાચ અમારી એક બુક ખોવાઇ તો પૈસા હોય તો અમે બીજુ લાવી શકીએ. માટે નિશ્ચિંતતા કહેવાય ને?

સાહેબજી :- હા, પૈસાથી બીજુ બુક લાવી શકવાની તાકાત છે. સાધનની નિશ્ચિંતતા ક્યારે ગણાય કે જે જોઇતું હશે તે ગમેત્યારે તેનાથી મળશે. તો નિશ્ચિંતતા કહેવાય. પણ તમને તો મળશે કે કેમ? મળેલુ ટકશે કે કેમ? તેને સાચવી શકશો કે કેમ? તેની કેટલી ચિંતા હોય છે. ક્યારે ક્યાં વાંકું પડશે ખબર છે? આ બધી મોટી ચિંતા છે.

તમને મોટી ચિંતા જ ફાવે છે. તમે મોટી ચિંતાના ભોગે નાની નિશ્ચિંતતા મેળવવા માંગો છો. તમે મોટી ચિંતા સતત માથે રાખીને ફરો છો. હા તમે જીવનમાં ઘણુ દુ:ખ ભોગવો તો થોડો લાભ થાય. જેમ ધોકા ખાઓ તો શરીર મજબુત થાય. તો શું તમે વધારે ધોકા ખાશો?

જેમ નરસિંહારાવ આટલી ચિંતા, આટલા જોખમ લઇને ફરે છે તે જ્યાં જાય ત્યાં તેને માન સન્માન મળે છે. તમને આ કાંટાના તાજ સુવાળા લાગે છે. આ બધી તમારા જીવનની કફોડી સ્થિતિ છે.

જેટલી સત્તા, સંપત્તિ તેટલો દુ:ખનો ગુણાકાર અને જેટલી સત્તા, સંપત્તિ ઓછી તેટલો દુ:ખનો ભાગાકાર. હા, તે કરતાં આવડવું જોઇએ. રાજા, મહારાજા, ચક્રવર્તીઓ, મંત્રીઓ બધાએ કેમ પ્રભુનો માર્ગ અપનાવી વનની વાટ પકડી? તીર્થંકરોએ પણ કેમ વનની વાટ પકડી? શું તે બધાને સુખ ભોગવતા નહોતું આવડતું.

શાસ્ત્રમાં દ્રષ્ટાંત આવે છે ને કે ભગવાનના પગલાં જોઇને તેમને ચક્રવર્તી

સમજીને તે પાછળ પાછળ આવે છે. પણ જ્યાં પ્રભુને આવા નગ્ન જોયા તેના હિસાબે ભિખારી જેવું જીવન જોઈને થાય છે કે મારુ શાસ્ત્ર ખોટુ પડ્યુ. ત્યારે ઈન્દ્ર નીચે આવીને કહે છે કે એમની પાસે અત્યારે જે વૈભવ છે તેવો વૈભવ કોઈની પાસે નથી. અને તેનું જે સુખ છે તેવું સુખ આ જગતમાં ક્યાંય નથી. તમને લાગે છે કે ખરી મજા આ સંયમ જીવનમાં જ છે?

તમને ધર્મના ફળ અને અધર્મના નુકશાન સમજાયા નથી. જો તે સમજાયા હોય તો તમને અધર્મમાં જવું પડે તો દુ:ખ થાય.

હવે આગળ પાછુ શું લખ્યુ કે પ્રવૃત્તિ ભાવધર્મમાં રહેલો જીવો અતિ કુશળ થઈને ધર્મ કરે. જેમ સંસારમાં ઉંધુ ઘાલીને પૈસા મેળવવા પ્રયત્ન કરે તો શું થાય? માટે ધર્મની પ્રત્યેક પ્રવૃત્તિ કરતાં. અતિચાર. અનાચાર. અતિક્રમ, વ્યતિક્રમ. વિધિ અવિધિ જાણો. અને તેના ત્યાગની તેને કુશળતા જોઈએ.

તમને ખમાસમણાના વિધિની પણ ખબર છે? કે ગોટાળાજ વાળો. જાણકારી. કુશળતાની અનુરુપ આવડત નથી. જેમ ઘણા રસોઈ પર ક્લાસ ખોલે, લેક્ચર આપી દે. પણ રસોઈ બનાવે તો કોઈ મોં પણ ન નાંખે. માટે ખાલી જાણકારી ન જોઈએ પણ સાથે કુશળતાનો સમન્વય જોઈએ.

ભાવે ભાવના ભાવીએ તે કઈ ભૂમિકામાં આવે? ઘણા કહે હું પ્રતિક્રમણ નથી કરતો પણ પાપના ભાવોને છોડવાનો પ્રયત્ન કરુ છું. પરંતુ ભાવ કયા લેવાના? તે સમજવું પડે.

હું ક્રિયા ખામીવાળી કરુ છુ પણ ભાવ ઉંચા છે. તેવું પણ ન બોલાય. આ કાંઈ રમાડવાની વાત નથી. માટે પ્રવૃત્તિને ભાવ સાથે સંબંધ છે. તમે કહો દીકરા પર લાગણી છે. હવે તમે જમવા બેઠા ત્યારે બાજુમાં જો તમારો દીકરો બેઠો હોય તો તમારા ભાણાની સારી વસ્તુ તેને ખવડાવવાનું મન ન થાય તો મનાય ખરુ કે તમને દીકરા પર લાગણીનો ભાવ છે?

તમે કહો ભગવાન પર ભાવ ઘણો છે. પણ શેનો? જો ભાવ હોય તેને ભગવાન પાસે આવવાનું મન થયા વગર રહે ખરુ? ચેન પડે ખરુ?

ભાવ ધર્મનો પ્રોપર મીનીંગ કરવો હોય તો પ્રણિધાન ભાવધર્મ છે. માટે જ તે ભાવધર્મનું વધારે વર્ણન કર્યું છે. આગળના બધા ભાવધર્મ આદર્શ રૂપે રાખી તેની શરૂઆતની કક્ષામાં જવાનો પ્રયત્ન કરવાનો છે. આ ભાવધર્મને પામેલા જીવોની મનોદશા કેવી હોય તે સમજવાનું છે.

ઘણા અત્યારે સીધી સમતાની વાતો કરે છે અથવા કહે હું ધ્યાન કરુ છું. પણ એક બે ઘડીના સામાયિકમાં ૨૫ વાર પગ ઉંચોનીચો કરે. માટે પોતે ક્યાં છે અને ત્યાંથી આગળ ક્યાં જવું છે તેની ખબર ન હોય અને ટોપ લેવલની વાતો કરે તો શું વળે?

સભા:- સાહેબજી આટલા એક પ્રશ્નનો જવાબ આપી દોને? પણ ભૂખનું દુ:ખ પૈસાથી ઓછુ થઈ સુખ મળે છે?

સાહેબજી:- હું એમ કહું છું કે જો કોઈ ખાવામાં સુખ છે તે પુરવાર કરી શકે તો અમે તેના ગુલામ થવા તૈયાર છીએ. ખાવું એ તો ભૂખના દુ:ખનું નિવારણ છે. ભૂખ એ શારીરીક દુ:ખનું નિવારણ છે પરંતુ ખાવાથી રતીભાર સુખ નથી મળતું. તમે સુખ મળ્યુ છે તે જે માનો છો તે ભૂલ છે. જેમ મચ્છર કરડે અને ખણીને સુખ મળે તો પછી તમે દરરોજ મચ્છરને કરડાવો. જેમ કોઈ થપ્પડ મારે પછી પંપાળીને સુખ મળે તો તે શું સુખ કહેવાય? દુ:ખ ઊભુ કરી તેનું નિવારણ કરવું તે જો સુખ કહેવાય તો અમે તમને હજાર ઉપાય બતાવીએ. માટે તમે સુખની વ્યાખ્યા બરાબર સમજો.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૭-૯-૯૫ ગુરુવાર ભાદ. સુદ તેરસ

॥ યોગવિંશીકા॥

॥ વિઘ્નજય ભાવધર્મ ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા આપણા આત્મામાંથી સંસારના ભાવોનો નાશ કરી અધ્યાત્મના ભાવોને પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણા આત્માએ અનંતકાળથી સંસારના ભાવોને જ ઘૂટ્યા છે. માટે તે ભાવો અસ્થીમજ્જાવત થયા છે. હવે તેની સામે અધ્યાત્મના ભાવોને વિકસાવવાના છે.

તમે સંસારની ક્રિયામાં જ્યાં સુધી તરબોળ નથી થતા ત્યાં સુધી વિશેષ લાભ થતો નથી: સંગીત પણ બેધ્યાન થઈને સાંભળો તો વિશેષ આનંદ થતો નથી. ચિત્ર પણ બેધ્યાન પણે જુઓ તો મજા આવતી નથી. માટે સંસારની ભોગક્રિયા કે કોઈપણ સાંસારીક પ્રવૃત્તિમાં મન-વચન-કાયાની એકાકારતા સાથે પુરુષાર્થ, અને નિપુણતા અનિવાર્ય છે. નહિતર વિશેષ રીતે લાભ અનુભવી શકાતો નથી. તેમ ધર્મના ક્ષેત્રમાં આવશે.

હવે તમારે ધર્મના ક્ષેત્રમાં પહેલા આરાધના કરવા પ્રણિધાન પામવું પડે. પ્રણિધાનમાં મોક્ષનું લક્ષ્ય તમને બંધાયુ. તમારે દરેક ક્રિયા કરતાં આ છોડવું છે, આ મેળવવું છે, આટલુ ત્યાગ કરવા જેવું છે, આટલું ગ્રહણ કરવા જેવું છે તેનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ. હવે તમારી ક્રિયા પ્રણિધાન યુક્ત હોય તો પણ તે અસ્ખલીત નથી. જ્યારે પ્રવૃત્તિ ભાવધર્મના અનુષ્ઠાન તો અસ્ખલીત હોય છે.

તમારા જીવનના દરેક ક્ષેત્રમાં ખુબ ચોકકસાઈ તરફ આગળ જવા માટે તે તે પ્રવૃત્તિની નિપુણતા જોઈએ છે. જેમ ચિત્રો તો ઘણા બનાવતા હોય છે. પણ વિશેષ ચિત્ર દોરનારનો એક એક વળાંક કે લીટી ગણિતપૂર્વકની હોય છે. તેની નિપુણતા ના કારણે પીંછી એવી રીતે ફરે છે કે જે ચિત્રની જીવંતતાનો આધાર હોય છે. માટે દરેક પ્રવૃત્તિ માટે નિપુણતા જોઈએ. તો જ વિશેષ લાભ મળી શકે. તેની જેમ જેને અણિશુધ્ધ અનુષ્ઠાન કરવું છે તેને અનુષ્ઠાનની કુશળતા જોઈએ. પરંતું તમારે તો અણિશુધ્ધ અનુષ્ઠાનનો આગ્રહ જ નથી ને?

હવે દ્રષ્ટાંતથી વિચારીએ. સામાયિક અક્રિયાશુધ્ધિ કરવા શું કાળજી લેવી જોઈએ? તમે બે ઘડીનું સામાયિક લઇને બેઠા. હવે તે બે ઘડીનો સમયનો તમને તમારી સાધના દ્વારા ખ્યાલ આવવો જોઈએ. જ્યારે તમને તો બે ઘડી થઇ ગઇ હોય છતાં પણ ખ્યાલ ન હોય, માટે તેની જાણકારી માટે ઘડીયાળનો ઉપયોગ કરો છો. પહેલાં ઘડીનો ઉપયોગ કરતા. આ, વસ્તુનો ઉપયોગ કરો છો માટે તે ક્રિયા ખામીવાળી છે. જેમકે તમે ઘડીયાળ ચાલુ કરી તે તમારી સમયની જાણકારી માટે મશીન ચલાવ્યું કહેવાય માટે તેમાં દોષ છે. ઘડીમાં પાણી કે માટી ટપકે તેમાં હિંસા આદિના દોષ લાગે છે. તમારા સામાયિકમાં એવી જરૂરીયાતની વસ્તુ રાખો છો કે જેમાં હિંસા હોય. માટે તે સામાયિક દોષયુક્ત જ કહેવાશે.

સભા:- ઘડીમાં કઇ રીતે હિંસા છે?

સાહેબજી:- તેમાં વાઉકાયની હિંસા થવાની. તેમાં કાંઈ વેક્યુમ નથી, અંદર તો વાયુ છે.

સભા:- સામાયિકનો ટાઇમ પૂરો થાય તે એમનેમ કઈ રીતે ખબર પડે?

સાહેબજી:- આપમેળે ખ્યાલ આવવો જોઈએ. અમને પણ આવો ખ્યાલ નથી આવતો. આના માટે અક્રિયાશુધ્ધ જાગૃતિ જોઇએ. આકાશમાં સૂર્યના કિરણો કે તડકાના માપથી પહેલાં સમય જાણી શકતા અને રાત્રે ગ્રહોથી જાણી શકતા. અત્યારે તમારે ઘડિયાળ આવી એટલે જ અપંગ થયા છો. ખેડૂતો ગામડામાં આકાશ જોઈને સમય કહી આપે. અત્યારે તમને નાના દોષની કલ્પના નથી. શુધ્ધ સામાયિક કેવું હોય? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ઉપયોગ અક્રિયાશુધ્ધિ જોઈએ. અને આવું કરનાર જીવો બહુ જ ઓછા નીકળે. માટે પ્રવૃત્તિ ભાવધર્મ પામનારા વિરલા છે. અને જે પામે તેને ખરા ધર્મનો આસ્વાદ આવે.

આપણી ક્રિયામાં ખામી અને મંદતા સાથે ઠાંસી ઠાંસીને પ્રમાદ ભર્યો છે. તમને આળસ ધર્મમાં જ આવે ને? તમે સંસારમાં ઉદ્યમશીલ છો માટે તેનો થાક તમે ધર્મમાં ઉતારો છો? છતી શક્તિએ અક્રિયાશુધ્ધિ થઈ શકે તેવી આરાધના તમે નથી કરતા. માટે હજુ આપણે વધારે આ પ્રવૃત્તિ ભાવધર્મને પામવાનો બાકી છે. પણ જે પામ્યા છે તેને તો ચોક્કસ આસ્વાદ સાથે ફળ મળે છે. શાસ્ત્રમાં કહ્યુ છે કે પૂજાનું આટલુ ફળ મળે, સામાયિક, કાઉસગ્ગ, દર્શન, તપનું આટલુ આટલુ ફળ મળે.

પણ તે કોને લાગુ પડે? તમારી ઢંગધડા વગરની ક્રિયામાં કાંઇ લાગુ પડે નહિ.

સભા:- ઓછુ ફળ તો મળે ને?

સાહેબજી:- જેટલી તમારી સક્રિયતા, જાગૃતિ હોય તેટલુ ફળ મળે. જેમ કોઇને અબજ રૂ.મળે, કોઇને ૧૦૦ કે દસ મળે, કોઇને પાંચરૂા. મળે. તમારો દિકરો હજાર રૂપિયાની વસ્તુ પાંચમાં આપી આવે તો શું કહો? મૂર્ખ તે શું કર્યુ? તેમજ કહોને? પાછો સામે કહે કે બાપા પાંચ રૂા. તો લઇ આવ્યો ને? બસ, આપણા બધાની આ સ્થિતિ છે. તમને સંસારમાં પુરુ ફળ જોઇએ છે જ્યારે આ ક્ષેત્રમાં ઓછા ફળથી સંતોષ છે. કારણ ફળની તાલાવેલી નથી.

પ્રવૃત્તિ ભાવધર્મની અતિશુધ્ધ, અસ્ખલીત, કુશળતાવાળી ક્રિયા શાસ્ત્રમાં જેવી બતાવી છે, તે ક્રિયામાં મન-વચન-કાયાથી જે ભાવો બતાવ્યા છે તે પ્રમાણેની ક્રિયા, પ્રવૃત્તિ ભાવધર્મમાં આવે છે.

હવે પછીનો ભાવધર્મ વિઘ્નજય ભાવધર્મ છે. તે પણ ખૂબ સમજવા જેવો છે. તેની માહિતિ ખૂબ જ ઉપયોગી છે.

અત્યારે વગર વિઘ્ને ધર્મમાં આળસ કરો છો પણ જો વિઘ્ન આવે તો લાંબા જ થઇ જાવને?

હવે કોઇને ધર્મ કરવો છે પણ વિઘ્ન આવે છે જ્યારે કોઇને વિઘ્ન નથી આવતુ, અને ધર્મ કરવાની શક્તિ અને સામગ્રી પણ છે પણ બેદરકારીથી નથી કરતો. તેને તો કદાચ વિઘ્ન આવે તો શું કરે? જો બીજા ભાવધર્મમાં ઉંડા જાઓ તો પછી ત્રીજો ભાવધર્મ તો કેવી રીતે આવવાનો! પરંતુ આપણે આ ભાવધર્મનું વિસ્તૃત વર્ણન કરશુ કારણ વિશેષ જાણકારી મળે તેમ છે.

જેમ તમે સંસારમાં પૈસા કમાવા નીકળો ત્યારે ધન કમાવવાની ઇચ્છા હોય, પણ જો પુરુષાર્થ માંદલો હોય તો ઠેકાણુ પડે ખરુ? હવે તમે પુરુષાર્થ કરો પણ તેમાં જો નિપુણતા ન હોય તો ફળ મળે ખરુ? માટે આવડતવાળો જ પુરુષાર્થ જોઇએ. જાતિનિયમોને નેવે મૂકીને કરો તો નિષ્ફળતા મળે છે. સફળતા માટેના જે અહિંયા ધારા, ધોરણો છે, તે બધા ધર્મમાં લગાડવાના છે.

હવે તમને સામાયિક કરતાં વિરતિ પામવાનો સંકલ્પ હોય, પાપથી છુટવાનું મન હોય, પાપ પ્રત્યે અરૂચી હોય, અવિરતિ ત્રાસદાયક લાગતી હોય તથા સામાયિક પ્રત્યે તીવ્ર રાગ અભિરૂચી હોય. આ બધુ હોય પણ મન ફાવે તેમ પ્રમાદથી, અણસમજથી આડેધડ કરો તો પુરુ ફળ મળે ખરુ? માટે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેના પુરુષાર્થમાં અધુરાશ ન ચાલે.

સભા:- અમારે પુરુ ફળ મેળવવા શું કરવું જોઈએ?

સાહેબજી:- પહેલાં તો વિધિ પાળવા વિધિ સમજવાની આવે છે. વિધિ, અવિધિનાં શાસ્ત્રો છે. શું ધર્મમાં નિતિ નિયમો નથી? જેમ ફાવે તેમ કરો તે કાંઈ ચાલે? ચોકસાઈ જોઈએ.

"સામાયિક લેવું છે કારણ અવિરતિથી થાકી ગયો છું. સંસારના અવિરતિના સંકલેશોથી અકળાયો છુ. માટે બે ઘડીનું જો સામાયિક લઉ તો આ સંસારની આધિ વ્યાધિથી છુટુ." આ માટે સામાયિક કરવું છે? આવો સંકલ્પ ખરો? જો આવો સંકલ્પ ન હોય તો તમારામાં પ્રણિધાન ભાવધર્મ નથી.

સામાયિક કરીને મેળવવા જેવું જે બતાવ્યુ છે તેની ઈચ્છા છે? આધિ, વ્યાધિ, ઉપાધીથી અવિરતિના સંકલીષ્ટ ભાવોથી મુંઝાયા છો? કંટાળ્યા છો? જેમ માંછી કેડી ન મૂકતી હોય તો તે રોગથી કેવા કંટાળ્યા હોવ? તેવા અવિરતિથી ત્રાસેલા છો? પરંતુ હજુ તમને અવિરતિમાં જ રસ છે. ખરેખર મોટી ખોટ પ્રણિધાનની જ છે. સંકલ્પ જ નથી. જ્યારે તમે સામાયિક લઈને બેસો ત્યારે હાશકારો થાય છે કે સામાયિક પારો ત્યારે હાશકારો થાય છે? તમને તો સામાયિક ભારરૂપ લાગે છે ને? અવિરતિમાં તમે છુટા ને? પરંતુ આખી દુનિયાનો પાપનો બોજો અવિરતિમાં છે. તમારા માથા પર કોઈ જો ૫૦ કિલોનું વજન મૂકે તો શું થાય? પરંતુ અત્યારે તમે સામાયિક વગર માથા પર પાપનું વજન લઈને ફરો છો. માટે વિચારજો કેવી કફોડી પરિસ્થિતી છે.

સભા:- પણ સાહેબજી પાપનો ભાર ભારરૂપે અમને લાગતો જ નથી.

સાહેબજી:- હવે જેને પાપનો ભાર લાગતો નથી તે વ્યક્તિ ધર્મમાં કઈ રીતે ગોઠવાય. ધર્મ શું કામ કરવાનો છે. આત્માને પવિત્ર કરવા જ ધર્મ કરવાનો છે પાપથી મુક્ત

થવા ધર્મ કરવાનો છે. માટે જ કહે છે ને કે પતિતને પાવન કરે તે ધર્મ. પાપથી છુટવું તે ધર્મનું મૂળભૂત લક્ષણ છે. સામાયિક એ મહાધર્મ છે. તમામ પાપથી છુટવાનું સાધન સામાયિક છે. તીર્થંકરો પણ સામાયિકને જ શરણે ગયા છે ને? જ્યાં સુધી સામાયિકના શરણે નહોતા ગયા ત્યાં સુધી તેઓ પણ આખી દુનિયાના પાપથી છૂટી નહોતા શક્યા. તો પછી તમે ક્યાંથી છુટવાના? કોઈ તીર્થંકરોએ સામાયિક ધર્મને આચાર્યા વગર પાપથી મુક્તિ મેળવી હોય તેવું બન્યુ નથી. તો પછી તમારે માટે શું નવું આલંબન આવશે?

સામાયિક પાપથી મુક્ત થવા માટે છે. તેમાં પાપનો વિરામ છે. અવિરતિથી પાપ કઈ રીતે બંધાય છે? અવિરતિ ક્યાં રહે છે? મનમાં કે ખોળિયામાં? ક્રોધ ક્યા પેદા થાય?- મનમા. તેમ પાપના ભાવો પણ મનમાં રહે છે. આખી દુનિયાના પાપનુ ઘર મન છે. ૨૪ કલાક સંસારના અવિરતિના ભાવ મનમાં પડ્યા છે, માટે સામાયિક કરવું એટલે એક એક પાપના ભાવ કાઢવાના છે. સામાયિકમાં અબજો પાપના ભાવ કાઢવાના છે.

તમે જેમ માંસાહાર, દારૂ, વ્યસન કે ચોરીનો ત્યાગ કરો એટલે શું કે દુનિયામાં જેટલા પ્રકારની ચોરી છે તેનો ત્યાગ કર્યો. હવે આ તો અમારા હિસાબે સામાન્ય ત્યાગ છે. જ્યારે સામાયિકમાં દુનિયાના બધા પાપો મન-વચન-કાયાથી નહિ કરવાના, નહિ કરાવવાના. તમે સામાયિક લો તે પહેલાં મોટરમાં બેસવાના ભાવ પડ્યા છે. પંખો, ફોન, લાઈટ, પાણી ઢોળવાની તૈયારી છે. કેટલાં કેટલાં લાખ્ખો પ્રકારના પાપો કરવાની તમારી તૈયારી છે. સગવડતા, સુખ માટે જે પાપ કરવું પડે તે કરવાની તમારી તૈયારી છે. માટે તમે સામાયિક લો એટલે એટેસ્ટ્રોક મનમાંથી આ બધા ભાવ નાબુદ થાય, જો ત્યાગનો પરિણામ જન્મે તો. માટે સામાયિક કરતાં અસંખ્ય પાપો ન કરવાના ભાવ જગાડવાના છે.

અણિશુધ્ધ સામાયિક કરવા માટે તમારી આજુબાજુની ભૌતિક દુનિયાથી બે ઘડી માટે અલિપ્ત થવાનું છે. પરંતુ તમે કાંઇ મરતાં સુધી પણ ધંધો ધાપો, બેન્કબેલેન્સ છોડવાના નથી. મરતાં પણ છોડશો કે કેમ?

સભા:- મરતાં તો છોડવું જ પડે ને ?

સાહેબજી:- તે કાંઈ મનથી છોડો છો ? ના, પણ મનમાં તે બધુ સાથે લઈને મરો છો. ૨૪ કલાક આખી દુનિયા અંદરમાં ચોંટાડીને બેઠા છો. પરંતુ ભગવાન કહે છે કે બે ઘડી માટે આ બધુ છોડો તો કાંઈ ઉંધુ વળી જવાનું નથી. કુટુંબ, ઘર, બેલેન્સ કાંઈ ભાગી જવાના નથી. માટે તેની અસરો, ભાવો, આશક્તિ, મમતા આખી જીંદગી ન છોડો પણ બેઘડી માટે તો છોડો.

સભા:- વિચારથી પણ આ બધુ છુટતું નથી.

સાહેબજી:- તમે વિચારથી તો કદાચ છોડી શકો, પ્રકૃતિથી છોડો તેમ નથી. કદાચ તમને એક કલાક કોઈ મનગમતો વિષય આપે તો બધુ ભૂલી જશો. પણ પ્રકૃતિથી ભૂલો તેમ નથી. માટે અક્રિશુધ્ધ સામાયિક કરવા વિધિ, ભાવો કેળવવા હોય તો જાણકારી બરાબર જોઈએ. જેમ ઉપકરણોનું જ્ઞાન, ઉપયોગ, સૂત્ર કઈ રીતે બોલવા, તેનો શબ્દાર્થ શું ? કેવા ભાવો ક્યાં કઈ રીતે લાવવાના, કઈ રીતે ક્યાં કઈ મુદ્રા જોઈએ, જયણા, ઉપયોગ કેવો ? આ બધુ જોઈએ. આમાંથી તમે જેટલું કરી શકો તેટલા તમે પ્રવૃત્તિ ભાવધર્મ તરફ જાઓ છો.

અત્યારે તો તમે છતી શક્તિએ ગોટાળા વાળો છો. પાછા બોલો, એ તો એમ જ કરાય, આ બધી પીંજણ ક્યાં કરાય. એટલે તમને વિધિનો રસ કે આગ્રહ નથી. અને તેથી જ તમને તેમાં આસ્વાદ નથી આવતો. પુણિયા શ્રાવકને જેવો આસ્વાદ આવતો હતો તેવો કદી અનુભવ્યો છે ખરો ?

તમે અત્યારે જેવી પૂજા, દર્શન, સામાયિક, પ્રતિકમણ કરો છો કે વ્યાખ્યાન સાંભળો છો તેવી રીતે એક અખતરા રૂપે સંસારની ક્રિયા કરો તો શું થશે ? જમતાં મન બીજે હોય તો સ્વાદ આવે કે ત્રાસ થાય ?

સભા:- પણ સાહેબજી વ્યાખ્યાન તો અમે ધ્યાન દઈને સાંભળીએ છીએ.

સાહેબજી:- જો વ્યાખ્યાન ધ્યાનથી સાંભળતાં હોવ તો પરીક્ષા લઉં ? શું સાંભળ્યું ? તેમા કેટલા છબરડા વાળશો. વર્ષોથી વ્યાખ્યાન સાંભળો છો પણ હજુ તમારી શું સ્થિતિ છે ! નોલેજની દ્રષ્ટીએ પણ તમે ક્યાં છો ? શાસ્ત્રમાં વ્યાખ્યાન સાંભળવાની

વિધિ કહી છે તે પ્રમાણે કરી વ્યાખ્યાન સાંભળ્યુ છે? વ્યાખ્યાન સાંભળવા કઈ રીતે બેસાય, કઈ મુદ્રા જોઈએ, હાથ કઈ રીતે જોડેલા જોઈએ, આંખો ક્યાં રાખવાની, શરીર પણ કઈ રીતે સતેજ જોઈએ. આટલુ પણ સાચવ્યુ છે? પણ ઘણી વખત તો તમે બગાસા જ ખાતા હોવ, ઝોકા પણ ખાતા હોવ છો. અરે આજુબાજુ કોણ આવ્યુ, કોણ ગયું. બાજુવાળો શું કરે છે તે બધાનું ધ્યાન હોય છે. અહિંયા કોઈ આવે ને કાંઈ નવું કરે તો તમારુ ધ્યાન ત્યાં ગયા વગર રહે ખરુ? માટે ઉપયોગની સતેજતા ક્યાં છે? પૈસા ગણતાં આવુ થાય ખરુ? નથી થતું તેમાં કારણ અહિંયા રસ છે. જ્યારે ત્યાં એટલો રસ નથી.

જો રસ હોય તો આ ૮૪ લાખ જીવાયોનીમાં એક દિવસ રહેવાનું મન થાય? એમ થાયકે હું ક્યારે તેમાંથી છુટુ. જેલમાં જન્મટીપ વાળાને કહે કે તું આટલી મહેનત કર તો તેમાંથી છુટી જઈશ. તો ઉંધે માથે લટકવા પણ તૈયાર થાય ને? એક ભવની જેલમાંથી છુટવા ગમે તે કરવા તૈયાર છો પણ અનંતા ભવની જેલમાંથી છુટવા કાંઈ કરવા તૈયાર નથી. તીવ્ર નિર્વેદ જોઈએ. એક દિવસ પણ આ સંસારમાં રહેવા જેવુ ન લાગવું જોઈએ. તમને હજુ ગમે તેટલા ભવ થાય તો વાંધો નહીને! માટે વિચારજો શુ થશે

હવે આગળ વધીએ.

કહ્યા પ્રમાણે સામાયિક કરે, તેમાં વિધિ વગેરે જાળવે, પણ તે ક્યાં સુધી! જ્યાં સુધી વિઘ્ન ન આવે ત્યાં સુધી. પણ જો વિઘ્ન આવે ને તે જો સ્ખલીત થાય તો તે ત્રીજા ભાવધર્મમાં નથી. પરંતુ જે ત્રીજા ભાવધર્મમાં છે તેને તો વિઘ્નોની ઝડી વરસે તો પણ તે વિચલીત ન થાય. પણ મન-વચન-કાયાથી અડીખમ રહે. જેને અત્યંત દૃઢતા, સ્થિરતા આવે તેને ત્રીજો ભાવધર્મ આવે. અને પછી સિધ્ધિ ભાવધર્મ આવે છે.

ભગવાનના શ્રાવકો આનંદ કામદેવ આદિ પૌષધ સામાયિક આદિ કરે ત્યારે કદાચ દેવતા કે મનુષ્ય આદિ આવીને ઉપસર્ગ કે પરિષહ કરે તો પણ સહન કેવી રીતે કરે! ક્યાંય તેમને સ્ખલના થાય નહિ. કોઈ વાતાવરણની અસર ન હોય. અને આવી આરાધના વાળાને જ વિઘ્નજય આવે છે.

પ્રણિધાન પ્રાથમિક કક્ષાના જીવોને આવે છે. પ્રવૃત્તિ ભાવધર્મ અને

વિઘ્નજય ભાવધર્મ સાધુ-શ્રાવક બન્નેને આવી શકે છે. આ પિઠીકા સાથે વિઘ્નજયના ત્રણ પ્રકાર અને તેને જીતવાના ત્રણ પ્રકાર બતાવ્યા છે. જેને અધ્યાત્મના માર્ગમાં ખરી સાધના કરવી છે તેને આમાંથી ઘણું જ માર્ગદર્શન મળે તેમ છે માટે તેનું વિસ્તૃત વર્ણન કરશું.

સંસાર માર્ગમાં ધ્યેય સાથે પ્રવૃત્તિ કરવાની છે. તેમાં જો ભાગ્ય સારા હોય તો વિઘ્ન ન આવે. માટે સંસારમાં પણ વિઘ્નનો સંબંધ ભાગ્ય સાથે છે. માટે ઘણાને ધંધામાં સરળતાથી સફળતા મળે અને ઘણા વિઘ્નો આવવાના કારણે સફળતા ન મેળવી શકે.

તેમ ધર્મમાં પણ વિઘ્ન આવીને ઉભુ રહે છે. જ્યારે તેને દૂર કરે ત્યારે જ આગળ વધી શકાય. આત્મકલ્યાણના માર્ગમાં પુણ્યશાળી જીવને વિઘ્ન આવતા નથી. કર્મ અને પાપના ઉદયથી જ વિઘ્ન આવે છે. માટે વિઘ્ન આવે ત્યારે અશુભ કર્મનો ઉદય માનવો પડે. જેને અશુભ કર્મનો ઉદય નથી તેને વિઘ્ન નથી આવતું. માટે ઘણા જીવો સરળતાથી સાધના કરી મોક્ષ પામી ગયા છે. માટે જ મરૂદેવામાતા, ભરત ચક્રવર્તી, ઈલાચીકુમાર આવા બધા દાખલા સાંભળો ત્યારે તમને મોંમાં પાણી આવે છે. કે ખાલી નાચતાં નાચતાં કેવળજ્ઞાન થઈ ગયું. ચોરીમાં ફેરા ફરતાં કેવળજ્ઞાન થઈ ગયું. મરૂદેવીમાતા તો અંબાડી પર બેઠા બેઠા સમોવસરણ જોતા પામી ગયા. માટે તમારી દૃષ્ટીએ તેઓએ કશું કર્યું નથી. અત્યારે તમને કષ્ટનું નામ પડે ને તમે ધર્મના ક્ષેત્રથી ભાગો છો. પરંતુ સંસારમાં જરાપણ ગભરાતા નથી. કારણ સંસારમાં ઉત્સાહ છે. હા, પૈસા જો એમનેમ મળે તો જ જોઈએ તેવી શરત ખરી? જ્યારે અહિંયા કોઈ કહે મોક્ષમાં જવા માટે અનંતુ સુખ માટે આટલી સાધના કરવી પડે ત્યારે કહો ને કે કષ્ટ ન પડે, શ્રમ ન હોય, વિઘ્ન ન હોય તેવો માર્ગ બતાવો. આ જો ખોટી વાત હોય તો ઈન્કાર કરજો.

ધર્મના ક્ષેત્રમાં બધાને કષ્ટ વેઠવું જ પડે તેવું નથી. શૂળી પર ચઢવું પડે, ઘાણીમાં પીલાવું પડે, માથે અંગારા મૂકાવવા પડે, જીવતાં ચામડી ઉતરાવવી પડે તો જ કેવળજ્ઞાન મળે. તેવું શાસ્ત્રમાં ક્યાંય લખ્યુ નથી. માટે શાસ્ત્રમાં બે પ્રકારના દૃષ્ટાંત આવશે.

ઘણા લગ્નની ચોરીમાં ફરતા કે નાચતા કેવળજ્ઞાન પામી ગયા. અને કોઈને

ચામડી ઉતરાવતાં કે ઘાણીમાં પીલાતા કેવલજ્ઞાન થયું. આ બેઉ સાંભળી ત્યારે શું થાય છે? ત્યારે થાયને કે મારે તો મહાલનાં, મહાલનાં મોક્ષે જવું છે. તમારી શું તૈયારી છે? આ વૃત્તિ શું દશા સૂચવે છે? હજુ ધર્મના ક્ષેત્રમાં સાધનાની પૂરી તૈયારી નથી.

બધા ઘાણીમાં પીલાઇને જ મોક્ષે જાય તેવું નથી. હા, કષ્ટ વેઠ્યા વગર પણ મોક્ષે જવાય. પરંતુ કષ્ટ વેઠવાનો જો ગભરાટ હોય તો મોક્ષ થવાનો નથી.

તમે સંસારમાં એક સંકલ્પ કરો જેમકે ડો, કે એન્જીનીયર બનવું છે બસ પછી ત્યાં ગમે તે થાય, બધાને પહોંચી વળશું પણ બનવું તો છે જ. આ સંસારનું ગણિત છે અને ધર્મમાં પણ એજ ગણિત છે.

ધર્મના ક્ષેત્રમાં ગમે તે સંકટ આવે, વિઘ્ન આવે પણ મોક્ષે જવું જ છે. આવો પરિણામ આવવો જોઇએ પછી ભલે મોક્ષે જતાં સુધી એક મચ્છર ન કરડે. પુણ્યશાળી આત્માને એક વિઘ્ન કે કષ્ટ ન આવે પણ તેની તૈયારી કેવી જોઇએ? માટે સાધનામાં સંકલ્પ અધકચરો ન જોઇએ.

મરુદેવા માતાની તૈયારી હતી કે ગમે તેવા સંજોગ આવે પણ સાધનામાંથી ખસવું નથી. પણ તેમનું પુણ્ય હતુ માટે કોઇ તેમને કષ્ટ ન આવ્યું. વિઘ્ન આવે કે ન આવે તે કર્મ સાથે સંબંધ છે. પણ સાધનામાં સફળતા મેળવીને જ રહીશ તેવા ભાવ જોઇએ.

વિઘ્નો ત્રણ પ્રકારના છે. તેને જીતવાના પણ ત્રણ ઉપાય છે. વિઘ્નજયની પ્રક્રિયા પણ ત્રણ પ્રકારની છે. આ જે ત્રણેને જીતી જાય તેને માટે સિધ્ધિ વરમાળા લઇને ઉભી રહે છે. જેને આગળ જવું છે તેને ત્રણેમાંથી પસાર થવું પડે છે.

વિઘ્નના ત્રણ પ્રકાર બતાવતા કહે છે

ઉત્કૃષ્ટ વિઘ્ન,
મધ્યમ વિઘ્ન,
અને જઘન્ય વિઘ્ન.

એટલે પ્રબળ માત્રાના વિઘ્નો
મધ્યમ માત્રાના વિઘ્નો
અને અલ્પ માત્રાના વિઘ્નો.

જેમ તમારા જીવનમાં તમારા છોકરાએ સંકલ્પ કર્યો ડૉ બનવું છે. ચોટલી બાંધીને તે ભણવા બેઠો છે પધ્ધતિ સર ભણી રહ્યો છે. હવે જો પાપનો ઉદય હોય તો તેને વિઘ્ન આવી શકે છે. તેમાં આ ત્રણ કેટેગરી પડશે. ઉત્કૃષ્ટ વિઘ્ન
મધ્યમ વિઘ્ન
જઘન્ય વિઘ્ન ગમે તે આવી શકે છે. તેમ અધ્યાત્મના માર્ગમાં પણ કેટેગરી પડે છે.

હવે જેમ સંસારમાં છોકરો ભણવા બેસે અને મચ્છર કરડવાના ચાલુ થાય, વાતાવરણમાં એટલી ગરમી હોય કે બેચેની ચાલુ થાય, કાંઈ બધાને ત્યાં A.C. પંખા ન હોય. માટે બફારામાં પણ વાંચવા બેસવું પડે ને? તેમ તમે ખરા ઉનાળામાં પણ કમાવા જાઓ ને?

સભા:- જવું પડે છે.

સાહેબજી:- જવું પડે તેમ નહિ. પણ જવા માટે તૈયાર છો. અડધી રાતે પણ તૈયાર છો. ત્યાં કેવી સ્ફુર્તિ છે? જ્યારે અહિંયા જ સુસ્તી આવી જાય છે.

સંસારમાં તમારે નાના નાના કામના ડીસ્ટર્બન્સ આવે છે. ડગલે પગલે નાની તકલીફો આવે છે. જેમ ધંધો કરવા જતા હોવ અને કોઈ સગુ મરી જાય તો મન મારીને પણ જાઓને? એટલે વિઘ્ન આવ્યુ. પણ તેટલાથી લક્ષ્ય પડી ભાંગતું નથી. ખાલી ડીસ્ટર્બન્સ આવ્યુ છે. માટે સફળતા લાંબા ગાળે મળે છે. ધીમી ગતિએ મળે છે. તેવા વિઘ્નો બધા પ્રાથમીક કક્ષાના જઘન્ય વિઘ્નો કહ્યા છે. આટલાથી જો પાણીમાં બેસી જાવ તો આગળ વધી શકાય ખરુ? જેમ મચ્છર કરડે છે માટે ચોપડી વાંચવાની મૂકી દે તો ચાલે?

તેમ આત્મકલ્યાણના માર્ગમાં જ્યારે ધર્મ કરવા બેસો તો નાના વિઘ્નો આવી શકે છે. જેમ સામાયિક લીધુ અને હવામાં બફારો હોય તો તેમાં તમને સામાયિક કરવાનું ફાવે ખરુ? તમે ધર્મ ક્યારે કરો? બધી જ અનુકુળતા હોય તો જ ફાવે ને? થોડા ડીસ્ટર્બન્સ ચલાવો ખરા? આ એરિયાના છોકરાઓ એવા ભણી ગણીને તૈયાર થયેલા છે માટે જ દહેરાસર નથી આવતા. કહે બફાઈ મરાય છે. વ્યાખ્યાનમાં પણ

જમીન પર બેસવાનું. કેડ દુઃખી જાય માટે જ નથી આવતા.

સભા:- બધાનું સારુ તમે પૃથ્થકરણ કર્યું છે.

સાહેબજી:- આવું જોઈએ છીએ માટે જ કહીએ છીએ.

તમારે અત્યારે શું ડિમાન્ડ છે? મોટા હોલ હોય, તેમાં પંખા હોય, A.C હોય, કોઝી ચેર હોય. શરીરને ફાવે તેવું બેસવાનું હોય અને કાનને ગમે તેવું સાંભળવાનું મળે તો અમે આવીએ. માટે જ ઉપાશ્રમાં તમારે ખુરશીને પંખા આવી ગયા ને? હજી તમને પ્રસંગે ખખડાવીએ છીએ માટે જ અટક્યા છો ને?

એક વખત હું દિલ્હી ગયેલો ત્યાં દહેરાસરમાં પંખો ચાલતો હતો ત્યારે પૂછ્યુ તો કહે કે પંખો ચાલુ હોય તો અનુકુળતાથી ભગવાનની પૂજા કરતાં એકાગ્રતા રહે. માટે મનની એકાગ્રતા પંખો હોય તો સારી રહે છે. અને પંખો હોય તો પસીનો પણ ન થાય માટે આશાતના પણ ન થાય.

અત્યારે જૈન, જૈનેતરમાં ધ્યાનની શિબિર થાય છે. તેમાં કહે ખૂબ મઝા આવીગઈ આવો અનુભવ તો ક્યારે પણ થયો નથી. ખુબ જ પ્રસન્નતા આવી ગઈ. ત્યારે પૂછીએ કે તે વખતે કેવી પોઝીશનમાં બેઠા હતા? તો શુ જવાબ આપે. ફર્સ્ટ ક્લાસ ઠંડકમાં, હવા ખાતા, બેસતા ઉઠતા ડ્રીન્કસ પીને. આવી રીતે ધ્યાન કરો એટલે શું ધ્યાન થઈ જાય ને? જે લોકો બધી સગવડ મેળવીને અને તેની અપેક્ષા સાથે ધ્યાન કરવા બેસે છે તેનુ ધ્યાન બગલાનું ધ્યાન છે.

જેમ બગલો શાંત બેઠો હોય, જાણે સમાધીમાં લીન થયેલો લાગે, પણ તેની નજર ક્યાં હોય? માછલી પકડવા જ તે શાંત બેઠો હોય છે. માટે તેનું ધ્યાન આર્તધ્યાન, રૌદ્રધ્યાન છે. જે મહા અશુભ કર્મબંધનુ કારણ છે.

સભા:- અમારા ધ્યાનમાં કઈ માછલી પકડવાની છે?

સાહેબજી:- તમારે શરીરની સુખશીલતારૂપ માછલી પકડવાની છે. શરીરની મમતા, આસક્તિ કર્મબંધનુ કારણ છે.

સભા:- તે વખતે તેનો વિચાર તો નથી કરતા.

સાહેબજી:- A.C.માં ઉંઘતા તમને સુખશીલતાનો વિચાર છે. ઉંઘમા જો એક મચ્છર કરડે તો

આંખ ખોલ્યા વગર તેને પતાવી દો ને? માટે વગર વિચારે વૃત્તિ કેવી છે? મને જરા કોઇ ત્રાસ આપે તો તેને હજમ કરી જવું. મચ્છર કાંઇ તમને આખા ખાઇ જતો નથી. તમારા શરીરમાંથી લઇ લઇને કેટલું લોહી લેશે? એક ટીપુ લોહી લે છે માટે તમે તેને જીવવા ન દો ને? પરંતુ તમે મચ્છરને આખો મારી નાંખો છો તો તમને શું કરવાનું? અહિંયા સજા કોને વધારે કરવાની? મચ્છરનું ધ્યાન વધારે ખરાબ કે તમારું? તમે વિચાર કરો કે ન કરો પણ વૃત્તિ કેવી છે. માટે આંખો મીચીને બેસી જાઓ એટલે શું ધ્યાન આવી જાય? આ બધા ધર્મના લક્ષણ નથી.

સભા:- પણ સાહેબજી તે વખતે આનંદ કેમ હોય છે?

સાહેબજી:- નશીલી દવા લઇને વ્યક્તિ જો ફૂટપાથ પર પડ્યો હોય ત્યારે તેને કેવી મસ્તી હોય છે. એટલે આનંદ મળે તેટલા માત્રથી આધ્યાત્મ આવી ગયું કહેવાય નહીં. આનંદ શેનો છે? ક્યાંથી મળે છે? તે વિચારવાનું રહે છે. તમને લાખનો નફો મળે તો મન નાચે છે ને? પરંતુ આ આનંદ વિકારી છે. વિષય કષાયના આવેગની વૃત્તિનો આનંદ છે. પણ આત્માનો નિર્વિકારી આ આનંદ નથી. શાસ્ત્રમાં ધ્યાન કરનાર માટે શરત મૂકી છે કે જેને શરીરની પડી ન હોય, પરવા ન હોય. કોઇ ચપ્પુ લઇને છોલી નાંખે તો પણ તેને વાંધો નહિ. આવી તૈયારી છે તમારી? ના. માટે આ ધ્યાન છે જ નહિ.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યોનમઃ॥

૮-૯-૯૫
શુક્રવાર
ભાદ. સુદ
ચતુર્દશ

॥ વિઘ્નજય ભાવધર્મ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવો વહેલામાં વહેલી તકે પરમપદને પામે તેટલા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણે સંસારમાંથી સઘળા કર્મોનો ઉચ્છેદ કરી પરિપૂર્ણ આત્માને પામીએ તેજ જ્ઞાની મહાપુરુષોની મનોકામના છે. ભગવાનના શાસનમાં માર્ગદર્શન પણ તેનું જ બતાવ્યું છે. આ ૮૪ લાખ જીવાયોનીમાં મોટાભાગના જીવો જન્મીને દુર્ગતીમાં સબડી સબડીને મરી જાય છે. અને સદ્ગતીમાં પણ સુખ મળ્યા પછી પણ તેમાં તલ્લીન થઈને ભવ વિતાવે છે. માટે ઘણાને પુણ્ય યોગે સુખ મળ્યુ છે અને ઘણાને પાપ યોગે દુઃખ મળ્યુ છે. માટે બન્નેમાં ધર્મ આચરનારા ઓછા હોય છે.

હવે ઘણાને શું છે કે દુઃખ આવે તો ભગવાન યાદ આવે. જો પુણ્ય યોગે અનુકુળતા હોય તો ભગવાન યાદ ન આવે. જ્યારે એજ વ્યક્તિ જીવનમાં કાંઈ પ્રતિકુળતા કે કડવો અનુભવ થાય ત્યારે ધર્મનું શરણુ સ્વીકારતા હોય છે. માટે આ બન્ને રીતના દાખલા છે..

બીજુબાજુ ધર્મ કરનારમાં સામાન્ય વર્ગ વધારે છે અને સુખી વર્ગ ઓછો છે. જીવનમાં થોડુ દુઃખ આવે તો દેવ-ગુરુ-ધર્મને યાદ કરતો રહે અને સજ્જનતા આદિ વિકસતી રહે. માટે જ ઘણા પ્રાર્થના કરે છે કે હે ભગવાન થોડું દુઃખ આવે જેથી તને હું ભુલુ નહિ. આવુ સંત કબીરે પણ ગાયુ છે. તાત્પર્ય મને હંમેશા થોડુ દુઃખ આવજો તો હું ભગવાનનું નામ ભૂલીશ નહિ. તમને આ બધી વાત ગળે ઉતરે છે? ઘણા જીવનમાં સુખની પળોમાં ધર્મને યાદ ન કરે, પણ દુઃખમાં ભગવાનનું નામ, માળા જપતા થઈ ગયા હોય. આ બધી પ્રત્યક્ષ વાત છે. પરંતુ આ વાત આપણુ શાસ્ત્ર સ્વીકારતુ નથી.

હવે દુઃખ આવવાથી જો વ્યક્તિ ધર્માત્મા બને તો ધર્મની મેજોરીટી થાય. પરંતુ દુઃખ વધારે આવે છે કે સુખ વધારે આવે છે? આ દુનિયામાં દુઃખી વધારે કે સુખી વધારે? માટે દુઃખથી જો ધર્માત્મા બની જતાં હોય તો ધર્માત્માની મેજોરીટી થાય

પણ દુઃખ આવે ત્યારે જીવને ધર્મ યાદ નથી આવતો, કાં રડી લે, કાં હાયવોય કરે, કાં દુઃખના નિમિત્ત પ્રત્યે દ્વેષ, અણગમો કરે, ગાળો આપે. અને આજ જીવન છે.

વિચારીયે કે નરકમાં સૌથી વધારે દુઃખ છે. માટે ત્યાં સૌથી વધારે ધર્માત્મા હોય ને?

સભા:- નિગોદના જીવને વધારે દુઃખ નહિ?

સાહેબજી:- નિગોદના જીવને વ્યક્તની અપેક્ષાએ દુઃખ વધારે નથી. અવ્યક્ત અપેક્ષાએ દુઃખ છે. નારકીના જીવોની અપેક્ષાએ નિગોદના જીવોને દુઃખના નિમિત્તો ઘણા છે છતાં દુઃખ ઘણુ ઓછુ છે.

નારકીના જીવોને અનુભુતીની અપેક્ષાએ દુઃખ વધારે છે. જ્યારે નિગોદના જીવોને નિમિત્તની અપેક્ષાએ દુઃખ વધારે છે. નિગોદમાં દુઃખના નિમિત્તો જબરદસ્ત ઉભા થાય છે પણ નારકીમાં આવું કર્મ નથી. પરંતુ નારકીના જીવો દુઃખને તીવ્રતાથી અનુભવી શકે છે. તમારે અત્યારે તમારા બોડીની ફીલીંગ્સ ડેડ નથી. પાછા તમે જાગો છો, તેમાં પણ બેભાન નથી પણ સભાન છો. માટે તમને કોઈ જરા ચીટીયો ખણે તો દુઃખનો અનુભવ થાય છે પરંતુ જો ઉંઘમાં ચીટીયો ખણે તો વેદના ઓછી થાય છે. જેમ જાગતાં એક મચ્છર કરડે તો તરત ખબર પડે. પણ ઉંઘમાં એટલા મચ્છર કરડે કે સવારે તો ઢીમચા થઈ ગયા હોય છતાં ખબર ન પડી હોય.

માટે <u>ઉંઘમાં</u> <u>સંવેદના</u> <u>મંદ</u> <u>પડી</u> <u>જાય</u> <u>છે</u>.

<u>જાગતાં</u> <u>સંવેદના</u> <u>તીવ્ર</u> <u>હોય</u> <u>છે</u>.

હવે ઉંઘમાં દવા પીવડાવી નશામાં બેહોશીમાં લઈ જાય અને પછી ચીટીયો ખણે તો ખબર પડે? ના. કારણ બેભાન દશાથી સંવેદના બુઠ્ઠી થઈ ગઈ છે. પરંતુ ત્યારે ચીટીયો ખણે છે, તે દુઃખનુ નિમિત્ત હાજર છે.

જેમ ઓપરેશન કરતાં સુંઘાડીને બેભાન કરે પછી આખુ પેટ ચીરે તો પણ પેશન્ટ એમનેમ પડ્યો હોય છે. અને જો બેભાન ન કર્યો હોય તો બુમાબુમ કરે. હવે આ દવાની અસર જાય પછી ભલે ટાંકા લીધેલા હોય છતાં કેવો દુઃખાવો

થાય છે. કારણ હવે સભાન દશા છે. માટે જાગૃત અવસ્થામાં દુ:ખની સંવેદના ~~અલ્પ~~ તીવ્ર થાય છે અને બેભાન અવસ્થામાં દુ:ખની સંવેદના અલ્પ થાય છે.

તેમ નિગોદના જીવોને તીવ્ર દુખનો અનુભવ અલ્પ હોય છે. નારકીના જીવો બેભાન કે અજાગૃત નથી, પંચેન્દ્રિય છે જ્યારે નિગોદના જીવો એકેન્દ્રિય છે. નારકીના જીવો પંચેન્દ્રિય છે તેટલું જ નહિ, મન પણ તેમનું ડેવલપ થયું છે. તેમનામાં જ્ઞાન બુદ્ધિ મારા તમારા કરતાં પણ વધારે છે. તેમને વિભંગ જ્ઞાન હોય છે. પરમાધામીઓ તેમને દૂરથી મારવા આવતા દેખાય છે. માટે જોઈને જ ધ્રુજવા લાગે છે. આની જો જાણકારી જ ન હોય તો કાંઈ થાય નહિ. નારકીમાં જ્ઞાન, બુદ્ધિ, ઈન્દ્રિય. મન સતેજ છે માટે તેમને તીવ્ર દુ:ખનો અનુભવ થાય છે. જ્યારે નિગોદના જીવને તીવ્ર અનુભવ નથી પણ તેની સામગ્રી વિપુલ પ્રમાણમાં છે. જો નિગોદના જીવોની ચેતના નરકના જીવો જેટલી વિકસિત થાય તો તેના કરતાં કંઈ ઘણો વધારે દુ:ખનો અનુભવ નિગોદના જીવોને થાય.

જેમ અત્યારે કોઈ જરા આંગળી કાપે તો કેટલી વેદના થશે. પણ બેભાન અવસ્થામાં જો આખું પેટ ચીરે તો પણ તેનાં કરતાં કઈ ઘણો ઓછો દુ:ખનો અનુભવ થશે. આમ હકીકતમાં દુ:ખ ક્યાં વધારે છે? જેમ જાગૃત માણસને એક થપ્પડ મારીએ તો વધારે દુ:ખ પણ બેભાન માણસને દંડો મારીએ તો પણ ખબર ન પડે. માટે અનુભુતિના કારણો જુદા છે.

એક બાજુ શાસ્ત્રમાં લખ્યું છે કે આ ૮૪ લાખ જીવાયોનીમાં નરક એ મહાદુ:ખની ગતિ છે. જ્યારે બીજીબાજુ એમ પણ લખ્યુ કે નિગોદના જીવોમાં ઘણુ દુ:ખ છે. માટે આ કઈ કઈ અપેક્ષાએ લખ્યુ છે તે સમજવું પડે.

હવે મુળ વાત પર આવીએ.

આ દુનિયામાં દુ:ખીમાં દુ:ખી જીવો નરકના છે. પણ ત્યાં ધર્મ વધારે કે અધર્મ વધારે? જો દુ:ખથી બુદ્ધિ ઠેકાણે આવતી હોય અને જીવ આત્મકલ્યાણમાં વળે તો અમારી ના નથી. જો દુ:ખ પણ આત્મકલ્યાણનું સાધન બને તો તે દુ:ખ આવકાર્ય છે.

હવે બીજુ બાજુ ઘણા એમ પણ દલીલ કરે છે કે અનેક પ્રકારના ત્રાસમાં સારી રીતે આરાધના ન થાય. બરાબર સાંભળજો આ તમારી દલીલ આવી. સામાયિક કરવું હોય પણ જો ત્યાં મચ્છર કરડતાં હોય, બફારો હોય, જમીન જરા ખરબચડી હોય તો ત્યાં સામાયિક કરવું ફાવે? સામે કહેશો જો બરાબર અનુકુળતા હોય તો સાહેબજી ચિત્ત સ્થિર રહે. પ્રતિકુળતામાં મન ઠેકાણે ન રહે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય. માટે સુખ, સગવડતા હોય તો ધર્મ બરાબર થાય. એક બાજુ કહે દુઃખ આવશે, ધોકા પડશે તો સીધા ચાલશું, ધર્મ કરશું. બીજી બાજુ અનુકુળતા હોય તો ધર્મ સારો થાય. હવે આ બેઉ ઈચ્છા કેવી છે? બેઉ વિકલ્પ બરાબર છે? ના, બરાબર વિચારીને ના પાડજો. તમારા મગજમાં બરાબર બેસવું જોઈએ.

ભૌતિક દુઃખ પડવાથી જીવ ધર્મ પામે તેવું એકાંતે નથી.
અને ભૌતિક સુખમાં જીવ ધર્મ પામે તેવું એકાંતે નથી.
ભૌતિક સુખદુઃખ આત્મકલ્યાણના માર્ગમાં એકાંતે સાધક પણ નથી અને એકાંતે બાધક પણ નથી. અને આ પાયાના સિધ્ધાંતો છે.

ક્યારે પણ જીવનમાં દુઃખ આવ્યું તે પાપના ઉદયથી આવ્યું અને ક્યારે પણ સુખ આવ્યુ તે પુણ્યના ઉદયથી આવ્યુ છે. આ દુનિયાનો અટલ સિધ્ધાંત છે. પછી ભલે સાવ સામાન્ય નાનું પણ પાપ હોય. અનુકુળતા ઓછી મળે ત્યાં પાપનો જ ઉદય છે.

જ્યાં ભૌતિક અનુકુળતા મળે છે ત્યાં પુણ્યનો ઉદય છે. માટે જ અનુકુળતા પ્રાપ્ત થઈ છે. પણ પુણ્યથી મળતાં સુખો ધર્મમાં સહાય થાય તેવો નિયમ નથી. તેમ પાપથી મળતાં દુઃખો ધર્મમાં સહાય થાય તેવો પણ નિયમ નથી.

માટે મોટાભાગના જીવોને પાપનો ઉદય છે. જેઓ તેમાં સંક્લેશ કરે છે અને પાપ ભોગવતાં નવા પાપો બાંધે છે જેનાથી આ ઘોર સંસારમાં રખડે છે. તેમ આ દુનિયામાં પુણ્યશાળી જીવો માઈનોરીટીમાં છે. મનુષ્ય, દેવલોકમાં ઓછા જીવો છે. અને તેમાં પણ સુખી તો ઓછા છે. પણ જે સુખી જીવો છે તેમાં પણ આ ધર્મીને

ધર્મકરી આત્મકલ્યાણ કરનારા તો એક ટકો પણ નથી. પરંતુ આ મળેલ સુખમાં મસ્ત થઇ પાપો બાંધીને દુર્ગતીમાં જનારા ઘણા છે. માટે જીવનમાં ભૌતિક સુખદુ:ખ ધર્મ પ્રાપ્તિનું સાધન બને તેવો નિયમ નથી. પરંતુ તમને મળેલા સુખદુ:ખની કેવી અસર તમે લો છો તેના પર બધો આધાર છે. જો તેની સારી અસર લો તો સારુ સાધન બને અને ખરાબ અસર લો તો ઘોર સંસારમાં રખડો. માટે

લાયક જીવ જો સુખ મળે તો કલ્યાણ કરશે અને
લાયક જીવ જો દુ:ખ મળે તો પણ કલ્યાણ કરશે.

સભા:- લાયકની વ્યાખ્યા કરો ને?

સાહેબજી:- ચોક્કસ વ્યાખ્યા કરીશ. પણ તે આગળ આવશે. અત્યારે તો પહેલાં નિયમ ગોખી રાખો કે સુખદુ:ખની સારી અસર લો તો સારુ સાધન બને અને ખરાબ અસર લો તો ભારેમાં ભારે કર્મ બંધ દ્વારા દુર્ગતીમાં રખવાડશે. માટે બધો આધાર અસર પર છે. અત્યારે આપણે આ સંસારના ક્ષેત્રના દ્રષ્ટાંત જોઇએ છીએ. આના પરથી મારે તમને ધર્મના ક્ષેત્રમાં લઇ જવા છે. આનો બધો મદાર અસરપર છે.

જેમ કોઇએ તમારી નિંદા કરી, તમને હેરાન કર્યા, મશ્કરી કરી. ગરમી થઇ, આવી તકલીફો આવી તેની કેવી અસર લો છો, તેમ કોઇએ તમારી પ્રશંસા કરી, ખાવાપીવાનું સારુ મળ્યુ, વૈભવ સુખો મળ્યા, પુણ્યનો ઉદય મળ્યો. તે બધાની તમે જીવનમાં શું અસર લો છો? જેવી અસર લો તે પ્રમાણે ભાવિ નિર્માણ થાય છે. માટે કેવી અસર લેવી તે તમારા પોતાના હાથમાં છે. મારે તો વિશેષમાં શું કહેવું છે કે જીવનમાં પુણ્ય અને પાપના ઉદય ૨૪ કલાક છે, તેની અસરો પણ ૨૪ કલાક છે. તેમ પુણ્ય અને પાપ દ્વારા તમારી બુધ્ધીને કેવી કરવી તે બીજા જુદા કર્મો છે. માટે

જીવનમાં પાપ કર્મ જુદા છે.
પાપ કરાવનારા કર્મ જુદા છે.
તેમ પુણ્ય કર્મ જુદા છે પણ
પુણ્ય કરાવનાર કર્મ નથી. એટલે પાપ કર્મ, પાપ કરાવનાર કર્મ, અને પુણ્ય કર્મ છે. પણ પુણ્ય કર્મ માટે તો જાતે જ પુરુષાર્થ કરવાનો છે.

સભા:- સાહેબજી. પુણ્યાનુબંધી પુણ્ય પણ નહી?

સાહેબજી :- બરાબર સમજો, પુણ્યાનુબંધી પુણ્ય નામની પ્રકૃતિ આઠ કર્મની પ્રકૃતિમાં છે. જ્યારે પુણ્યાનુબંધી પુણ્ય બોલો છો ત્યારે એનાલીસીસ બદલાઈ જાય છે. અત્યારે આપણે કર્મબંધ અને આઠકર્મનું વિવરણ ચાલે છે. હવે આઠ કર્મમાં પહેલાં જે ચાર કર્મ છે, તેને આપણે ઘાતીકર્મ કહીએ છીએ. બીજા જે ચાર કર્મ છે તેને અઘાતી કર્મ કહીએ છીએ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મ છે. આ શાસ્ત્રની વાત છે. મુદ્દો ખાસ સમજવા જેવો છે.

શાસ્ત્રમાં ઉપમા આપી કહ્યુ છે કે આત્મા માટેનું આ ઘાતીકર્મો પાંજરું છે. જેમ વાઘસિંહને પાંજરામાં પૂરો એટલે બિલાડા જેવા થઈ જાય. આમ સિંહની શક્તિ કેટલી? મોટો હાથી પણ સામે ન આવે! તેમ આત્મા અનંત શક્તિનો ધણી છે. દુનિયામાં ફેર કરવો હોય તો તે તાકાત આત્મામાં છે. પાણીમાંથી હીરા બનાવી આપે. પથ્થરમાંથી સોનુ બનાવી આપે. જડમાં જે સંભવીત ફેરફાર છે તે બધુ કરવાની તાકાત આત્મામાં છે. માટે જ ચકલા, ચકલીના ભવમાં ઉડી શકે છે. ચકલીનું ખોળીયુ ઉડે છે કે તેનો આત્મા ઉડે છે? એ ભવમાં તે શક્તિ ખીલેલી છે. દેવતાને કહે કે પથ્થરમાંથી સોનુ કરી આપે તો કરી આપેને? પાણીમાંથી હીરા પણ બનાવી આપે ને? માટે શક્તિ કોની વધારે? ચેતનની કે જડની? વિચાર કરો તો આ કુદરતમાં ચેતનની શક્તિની તોલે કોઈ આવી શકે નહી. જડ કરતાં અનંત ઘણી શક્તિ ચેતનમાં છે.

પરંતુ અત્યારે આપણે બધા માયકાંગલા, ફીંપલ બની ગયા છીએ. જેમ સિંહની સામે જંગલનું કોઈ પ્રાણી ટકી શકે ખરુ? પણ એજ સિંહને પાંજરામાં પૂરો પછી હાલત કેવી? તેનો માલિક રાખે તેમ રહેવાનું. ખાવાનું આપે તો ખાવાનું. ભૂખ્યો રાખે તો ભૂખ્યા રહેવાનું, માલપાણી આપે તો તે ખાવાનું, હન્ટર મારે તો તે સહન કરવાના. હવે અત્યારે કંટ્રોલ પાંજરામાં પૂરનારના હાથમાં છે. માટે અત્યારે તેની પરિસ્થિતી કેવી છે, તેમ આત્મા માટે આ ચાર ઘાતી કર્મો

પાંજરાનું કામ કરે છે. દરેક બાબતમાં કર્મ નચાવે તેમ નાચવાનું. ઉંઘ પણ મરજીથી આવે કે પુણ્ય હોય તો આવે? માટે બધે કર્મ ગોઠવે તેમ ગોઠવાવાનું. પુણ્ય ન હોય તો ઝાડો, પેશાબ પણ અટકી જાય. માટે આવી શક્તિવાળા આત્માને પણ કર્મે ટીંગાડીને રાખ્યો છે. અને આ ખોટી વાતો નથી. માટે બરાબર વિચાર કરજો.

ઘાતીકર્મો આત્માની શક્તિ, ગુણોનો ઘાત કરે છે.

તે એવી રીતે સાંસા કરે છે કે અનંત શક્તિનો ધણી હોવા છતાં અત્યારે અનકેપેબલ છે.

સભા:- આત્મા બળવાન નહી?

સાહેબજી:- હા, જ્યાં સુધી પાંજરામાં ન પૂરાય ત્યાં સુધી બળવાન. માટે જ પીંજરુ ખોલવાની તાકાત જોઈએ.

સભા:- પિંજરુ પોતે જાતે જ ખોલવાનું છે?

સાહેબજી:- હાસ્તો, પિંજરામાં જાતે જ ઘુસ્યા હતા કે હું ઘુસાડવા આવ્યો હતો? પોતાની જાતે જ પુરાયા છો.

સભા:- પણ પિંજરુ ખોલવામાં નિમિત્ત ન બની શકો?

સાહેબજી:- હા, માટે જ પાટ પર બેઠો છુ. જેમ કરોળિયો પોતાની લાળથી જાળુ બાંધે, પછી અંદર ને અંદર પોતે પુરાય. તેમ પાંજરુ તમે જાતે બનાવ્યુ, પુરાયા પણ જાતે, અને તેમાંથી નિકળવાનું પણ જાતે. બાકી અમે તો માર્ગદર્શન આપીએ.

વેદાન્તમાં પણ લખ્યુ છે કે કરોળિયો જાળ કરીને તેમાં પુરાય છે તેમ આ બ્રહ્મમય આત્મા જાતે માયા કરીને ફસાય છે. અને આ આપણને પણ માન્ય છે. આ ઉપમા દ્વારા ઘાતીકર્મની પ્રકૃતિ સમજાવી છે.

સભા:- માર્ગદર્શન મુક્ત થયેલા જીવો જ આપી શકે?

સાહેબજી:- હા, અમે તો મુક્ત થયેલા જીવોએ આપેલ માર્ગદર્શનના સંદેશા વાહક છીએ. જે ઘાતી કર્મને તોડે તે પૂર્ણ જ્ઞાની છે. કેવળજ્ઞાનથી તીર્થંકરો પિંજરામાંથી નીકળેલા છે. માટે જે મુક્ત થયેલા છે, તેમને જ માર્ગદર્શન આપ્યુ છે. અમે

તો ખાલી વાહક છીએ.

અમે પોઠીયાનું કામ કરીએ છીએ. તીર્થંકરોએ જે તત્વ પીરસ્યુ છે, જે સાચો રાહ બતાવ્યો છે. તેને લોકો સુધી અમારે પહોંચાડવાનો છે. જેમ ટપાલી ટપાલ લઈને આવે છે તે લખી છે બીજાએ, પહોંચાડવાની બીજાને છે. માટે અમને પાટ પરથી કાંઈ સ્વતંત્ર બોલવાનો અધિકાર નથી.

અમને એક વાત કહેવા પૂર્ણજ્ઞાનીના વચનનો જ આધાર જોઈએ. અમે સુધર્માસ્વામીની પાટ પર બેસ્યા પછી લોકો સાંભળવા શું કામ આવે છે? અમને હાથ જોડીને બેસો છો તેનું પણ શું કારણ છે? તમને ખાત્રી છે કે પ્રભુ મહાવીરનો જ ઉપદેશ આપશે. માટે આવો છો. માટે લખ્યુ છે કે અમે કોઈ સ્વતંત્ર વાત ન કરી શકીએ. આ અમારી જવાબદારી છે. અમને બીજી કોઈ ઓથોરીટી નથી. ઓથોરીટી તો પૂર્ણ જ્ઞાનીની જ છે.

પૂર્વધરો પણ શું લખે છે? શ્રુતકેવળી કે પૂર્વધરો કહે શું કે અમે ભગવાં પાસેથી આમ સાંભળ્યુ છે, જાણ્યુ છે. જો ૧૪ પૂર્વધર ગણધરો પણ ઓથોરીટી ન મૂકતા હોય તો આ શાસનમાં બીજો કોઈ ઓથોરીટી કેમ લઈ શકે.

અત્યારે તમારે ત્યાં સંઘમાં શુ હાલત છે? કોઈ હાલતો ચાલતો માણસ પણ શું કહે. આમ ફેરફાર કરવા જેવા છે પહેલાનું બધુ જુનવાણી છે. પહેલાં આટલુ વિજ્ઞાન વિકસ્યુ નહોતું માટે બરાબર, પણ હવે આવા ફેરફાર કરવા જોઈએ. અત્યારે તમારે જૈનો ઘેલા થયા છે.

હમણાં એક ભાઈ જે સાંભળીને આવેલા તેમને આવીને મેનકા ગાંધીની વાત કરી.

હા મેનકા ગાંધી મુળથી પંજાબી છે. છતાં તેનામાં દયા, કોમળતાના ગુણ એટલા છે કે પ્રાણી પ્રત્યે ક્રુરતા થાય તો તેનું દીલ હલી જાય છે. આમ તે નાનપણથી માંસાહાર કરતા હતા. ઈવન મેરેજ થયા પછી પણ માંસાહાર તેના જીવનમાં ચાલુ હતો. છતાં લાગણી શું? પ્રાણી પ્રત્યે ક્રુરતાનો વ્યવહાર થાય તો તે સહન ન કરી શકે. માટે પ્રાણી પ્રત્યે કોમળ વર્તન રાખવું જોઈએ

તેવા લેખો પણ લખતા. એક વખત સંજય જ્યારે બોર્ડ ડોર સત્તા પર હતો ત્યારે તેને કહ્યુ કે તમારી પાસે સત્તા છે તો આ બધી જે પ્રાણીઓની કતલ થાય છે, કતલખાના ચાલે છે તે બંધ થાય તેના માટે તમારે મને સહયોગ આપવો જોઇએ. હવે આને તો આ બધી બાબતમાં રસ ન હોવાના કારણે" સંભળાવ્યુ કે તું આટલી પ્રાણી હિંસાની વાતો કરે છે પણ તારા જીવનમાંથી તો પહેલાં છોડ. આ સાંભળીને તેજ દિવસથી તેને નોનવેજ છોડ્યુ. તેને જીવદયાની પ્રવૃત્તિ ઘણી કરી તેની આપણે ટીકા ટિપ્પણ નથી કરતાં. પરંતુ તેને જૈન ધર્મ સાથે પરિચય નથી. છતાં જૈનના લેકચર આપવા હમણાં બિરલામાં બોલાવેલી. ત્યારે તેને જૈનની અહિંસા, હિંસા માટે કેવું કેવું કહ્યુ હતું. તમારે જૈનોએ જ પહેલાં અહિંસામાં સમજવા જેવું છે. તમે અત્યારે અહિંસાની વાતો કરનારા વરખ, રેશમી કપડાં, તબલા વાપરો છો. હજુ સુધી મને કોઈ તમારા સાધુ એવા નથી મળ્યા કે આનો સાચો જવાબ આપી શકે. હવે જેને જૈનની હિંસા, અહિંસાનો પરિચય નથી તેવી વ્યક્તિ આવી સલાહ આપી જાય તે કેવું બેહુદુ કહેવાય. તેને કાંઇ જૈન ઓથોરીટી છે? એક કણો પણ ખબર નથી.

અહિંસાની બાબતમાં સૂક્ષ્મતાથી, ઉંડાણથી સાંગોપાંગ વિવેચન જૈન ધર્મમાં કર્યુ છે. આપણુ શાસ્ત્ર તુક્કા તરંગથી લખાયેલુ નથી. પૂજામાં જે રેશમી કપડાં વપરાય છે તેમાં ગહન તત્વ છે.

તેની દ્રષ્ટીએ તો જે એનીમલ પ્રોડક્ટ પીએ તે માંસાહાર છે. અમે પણ દુધ, ઘી લઈએ છીએ એટલે અમે માંસાહારી થઈ ગયા તેમ કહે છે.

આપણા શાસ્ત્રમાં રેશમી કપડાં, કસ્તુરી, ગોરખ ચંદન, ચામર, વરખ કેમ ધર્મના ક્ષેત્રમાં વાપરવા તેના પર ઘણી જ ચર્ચા કરી છે. આપણા શાસ્ત્રમાં અહિંસાની વ્યાખ્યા કરી છે. જીવ માત્રની હિંસાને આપણે હિંસા કહીએ છીએ. એક કીડીને લઇને બીજી જગ્યાએ મૂકો તો પણ હિંસા માની છે. પણ સાથે શું કહ્યુ છે તે સમજવું પડે.

તમારે હિંસા, અહિંસાના કાટલા કેવા ? જીવનમાં જો હિંસાને ખરાબ માનો છો અને અહિંસાને સારી માનો છો તો તમારે સૌથી પહેલાં અહિંસા ક્યાં પાળવાની છે ? માટે સૌથી પહેલાં જાતથી હિંસા પાળવાની છે. તેથી પહેલાં હિંસા છોડો પછીથી તે હિંસાથી થતો ધર્મ છોડવાનો છે. અને જો પહેલાં તે હિંસાથી થતો ધર્મ છોડો તો પાપ લાગે.

તમે મોટરમાં મઝેથી બેસો, ફરો-ફરો, રખડો પણ ભગવાનને કદાચ એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાડીમાં લઈ જવા હોય તો કહો કે આમાં તો કેટલી હિંસા થશે માટે ન લઈ જવાય. હવે આ ભાવ શું વ્યાજબી છે ? આવા દયાળુ તો લુચ્ચાને સ્વાર્થી કહેવાય. માટે જ્યારે તમે જીવનમાંથી હિંસાનો ત્યાગ કરો પછી જ તે સ્ટેજમાં હિંસાથી થતો ધર્મ કરવાનો નથી.

જેમ તમારે બંગલો બંધાવતાં પાયો ખોદો તો પાપ નહી પણ ઉપાશ્રય બંધાવો તો પાપ લાગે. તમને લગ્નમાં જમણ કરતાં પાપ યાદ નથી આવતું પણ સંઘ જમણ કરતાં હિંસા યાદ આવે છે. હવે આવી વાતોને તે કાંઈ સમજી શકે તેમ નથી. આ જૈન શાસનની ઓથોરીટી કોણ ? જ્યારે આમને જૈન સાધુને પણ નથી તો પછી આ (મેનકા) કોણ ? અને પાછું આની આવી વાતો સાંભળીને જૈનો પાછા તાળીઓ પાડે છે.

સભા:- જૈનો પાછા તેના લેક્ચરોના આયોજન કરે છે ?

સાહેબજી :- હા, તેજ દુઃખની વાત છે. આ બધાને કાંઈ કક્કો ખબર નથી.

સંવેગ નામના આચાર્યએ આના પર ઘણી ચર્ચા કરી છે. કહ્યુ કે રેશમમાં કીડાની આટલી હિંસા છે તો તે કઈ રીતે વપરાય ! શાસ્ત્રો કાંઈ મૂર્ખાઓએ લખ્યું નથી. માટે ગમે તેને સમીક્ષા કરવાનો અધિકાર નથી. પહેલાં જૈન શાસ્ત્રો ભણો, તત્વ સમજો, અને ભણ્યા પછી પણ કહેવા માટે શાસ્ત્રનો આધાર જોઈએ.

અમારે સાધુને કાંઈ આ બધું વાપરવાનું નથી. કારણ અમે તેનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. પણ શ્રાવકના જીવનની જે ભૂમિકા છે ત્યાં તો આ

વાપરતાં પાપ ન લાગે પણ તે પુણ્યબંધનું કારણ બને છે. પરંતુ અત્યારે તમારી જીવદયા ધર્મમાં જ ઉભરાય છે. એક રેશમી કપડું બનતા બે, પાંચ હજાર જીવો મરશે. પરંતુ તમે એક વખત સંડાસ બાથરૂમમાં સંડાસ જાઓ છો તે ગટરમાં જાય છે જેનાથી વાયા વાયા અનંતા જીવો મરે છે. તમારી એક મોટર બનતાં વધારે હિંસા કે એક રેશમી કપડામાં વધારે હિંસા? મોટર બનતાં ભલે વધારે હિંસા થાય તેનો તમને વાંધો નહી ને? પણ ભગવાનની ભક્તિ કરતાં આટલો જીવો મરશે, માટે કઇ રીતે ભક્તિ કરાય?

જરૂર પડે ઘરમાં તમે ડોલોને ડોલો ભરીને પાણી ઢોળતા હોવ, પણ પ્રભુ પક્ષાલ માટે એક કળશ પાણી લેતાં થાય કે એક ટીપામાં અસંખ્ય જીવ છે તો કેમ વપરાય? અને એનાથી આગળ વધીને વધારે કહુ કે પોતે શરબત પીવે તો વાંધો નહી. પણ કોઇ તરસ્યાને એક ગ્લાસ પાણી પીવડાવતા હિંસા દેખાય તો કેવું કહેવાય? આ તો કેવી બેહુદી દયા કહેવાય?

આવી હિંસા દેખાતી હોય છે. માટે તમારે જીવનમાં કાપ ક્યાં મૂકવો છે તે કહુ

તમારે જીવનમાં કબુતરને ચણ નહી નાંખવી જો આવી બાધા લેશો તો અનાજના તો આટલા જીવો બચશે ને? તેરાપંથી આવું જ માને છે. તેમ તરસ્યાને પાણી નહીં પાવુ તો પાણીના જીવની હિંસા બચશે. માટે ધર્મમાં જેટલી હિંસા થાય છે તે બધી બંધ કરવી છે?

તમારે લગ્નના વરઘોડા કાઢવામાં વાંધો નહીં પણ ધર્મના વરઘોડા કઢાય નહીં. આવી વિચારધારાવાળા વાયડા ને અવિવેકી છે.

પોતાના જીવનમાં જે હિંસા થઇ રહી છે, તે હિંસાથી થતો ધર્મ ને જો ધર્મ ન માને તો તે મિથ્યાત્વી છે. સમકીત પણ ના રહે અને બોધીબીજ પણ દુર્લભ થાય છે.

સભા:- પણ સાહેબજી સાધુઓ પણ આવો ઉપદેશ આપે છે.

સાહેબજી:- ન સમજેલા હોય તે જ ગોટાળા વાળશે.

સભાઃ- તમને વહોરાવવામાં હિંસા છે?

સાહેબજી:- શું અમને વહોરાવવામાં હિંસા છે? કયા ગણિત ક્યાં પકડો છો? સાધુ જો ભગવાનની આજ્ઞા મુજબ ગોચરી લેતો હોય તો જરાપણ હિંસા ન લાગે. તમારાથી અમને વહોરાવતાં રસ્તામાં એક મચ્છરનો જીવ પણ મરે તો હું વહોરું ખરો? તમારાથી અમારા માટે હિંસા થાય તેમ હોય તો હું વહોરું ખરો? માટે અમારી વ્યવસ્થા જુદી છે.

હા, ખાસ મારા માટે બનાવો તો બરાબર. પણ તમે કાંઇ રસોઈ મારા માટે બનાવી છે?

જેમ કીડીને પોતે જાતે મારે તો પાપ લાગે. ઘાટીને કહો કે પોતું કર અને કીડીઓ મરે તો પાપ લાગે. પેલું જાતે કર્યું અને આ બીજા પાસે કરાવ્યું. તેમ બીજુ કોઇ કરતું હોય અને તેમાં તમારી સંમતી હોય અને વપતર લેવાની ભાવના, તૈયારી હોય માટે વાચા વાચા પણ ઈન્વોલ્વમેન્ટ હોય તો પાપ લાગે. પણ ક્યાંય પણ ઈન્વોલ્વમેન્ટ ન હોય તો પાપ ન લાગે.

સભાઃ- પણ તમારા માટે બનાવે તો?

સાહેબજી:- કોઇ કહેશે કે સાહેબજી તમારા નામથી આ કીડીને હુ મારુ તો શું મને પાપ લાગશે? જો આમ જ પાપ લાગતું હોય તો હું તો પછી નરકમાં જ જઉને? માટે જ્યાં કર્યું, કરાવ્યુ, અનુમોદ્યુ હોય તો જ પાપ લાગે. માટે હંમેશા પાપની વ્યાખ્યા સ્પષ્ટ છે.

તમારે ઘરે સાધુ ન વહોરવા આવે તો શું તમે રસોઈ નથી બનાવવાના? ભૂખ્યા રહેશો? અમે શું તમને રસોઇ કરવા માટે કહેવા આવ્યા હતા? કાંઇ તેના માટેના સલાહ સૂચન આપ્યા હતા? માટે અમને પાપ ન લાગે.

હવે તમે તમારી જાત પર હિંસાની કાપ મૂકો, તમે નક્કી કરો કે હું કદી પણ વાહનમાં નહી બેસુ. તો તમારે વહાનમાં બેસીને જાત્રા કરવા જવાની જરૂર નથી.

આમ તમે અહિંયાથી શીખરજી કે પાલીતાણા જાવ તો રસ્તામાં

વધારે જીવ મરશે કે રેશમી કપડાંમાં વધારે મરશે? હવે જો રેશમી કપડાથી વધારે પાપ લાગે તો પછી તમે પાલીતાણાની જાત્રા કરીને આવો તો એમ કહેવું પડશે કે હું મહાપાપ કરવા ગયો હતો.

સભા:- બહેનો સીલ્ક પૂજા સિવાય પહેરી શકે?

સાહેબજી:- પૂજા સિવાય પહેરવાની વાત નથી. હું તમને એમ પણ કહું છુ કે સારા કપડા બધી પહેરજો, બે જોડના બદલે ચાર જોડ રાખો. અમારે ધર્મના વિષયમાં કર્તવ્ય, બોધ, ઉપદેશ આપવાની જવાબદારી છે.

મૂર્ખાઓ ધર્મમાં બોલવાનું ચાલુ કરે એટલે શું સ્વીકારી લેવાય? માટે તત્વને બરાબર સમજો. મેનકા ગાંધીએ કહ્યુ કે મને જવાબ નથી મળ્યો પણ કોઈ સાધુને મળે તો જવાબ મળે ને? તમારે આ ડાયેના છેને તે એક દિવસ અમે રાજકોટ હતા ત્યારે ત્યાં આવી હતી, તે વખતે હુ વાંચના આપતા હતો. પછી કહ્યુ એટલે મારી પાસે આવીને કહે હું તમારુ જીવન જોઈને ખુશ થઈ છુ. પણ તમારા શ્રાવકોએ મંદિરને તો હિંસાનું ધામ બનાવ્યું છે. એના પર તેણે આવુ જ લેકચર આપ્યું. ત્યારે મે કહ્યુ તમે જૈન શાસ્ત્રની હિંસા, અહિંસા ભણ્યા છો? તેણે ના પાડી. ત્યારે કહ્યુ તો પછી તમને આ ઓથોરીટી કોણે આપી છે? માટે પહેલાં ભણો.

તમે શાકભાજીની હિંસા કરો છો. હવે કોઈ મહેમાન આવે તો તમે તેને ખવડાવો તે સારુ કામ છે ને? હવે આ કામને સારુ માનીને હું ખવડાવું? ના. કારણ મેં જાત માટે છોડી દીધું છે. માટે તર્કો સમજવા પડે.

સભા:- જો પોતાના જીવનમાં અનંતકાયની બાધા હોય તો દહેરાસર બંધાવાય?

સાહેબજી:- દહેરાસર બંધાવતાં અનંતકાયની હિંસા થાય છે. તેના માટે પથ્થરના નિગોદની હિંસા થાય છે. હા, ત્યાં પણ બીનજરૂરી હિંસા કરવાની નથી. પણ બીનજરૂરીનો અર્થ શું કરશો?

ઉત્તમ ભાવને પેદા કરવાનું સાધન ન બનવું હોય તેવી હિંસા કરવાની નથી. પણ પથ્થરો લાવતાં જે હિંસા થાય તે ચલાવવાની છે. તેમાં દોષ નથી

તેને દોષ માને તેનામાં મિથ્યાત્વ છે. હવે મુળ વાત પર આવીએ.

મેનકા કહે છે દુધ, ઘી વાપરે તે માંસાહારી છે. આપણા તીર્થંકરો એ પણ ઘી, દુધ ખાધા છે. તમારા ડો કહે છે કે દહીંમાં બેક્ટેરીયા છે. જો હોય તો આપણા ભગવાન વાપરવાનું કહે નહી. પરંતુ તમારી બાયાલોજી અધુરી છે. જો તેમાં જીવ હોય તો વાપરવાનુ ન કહે. જો તેમા જીવ હિંસા હોય તો પોતે વાપરે ખરા? પોતે ષટ્કાયના રક્ષક, તેનો ઉપદેશ આપનારા.. અપ્રતિમ, સૂક્ષ્મ અહિંસાને બતાવનારા આવી હિંસા થતી હોય તેવો ખોરાક, બતાવે? પરંતુ બેક્ટેરીયાની વ્યાખ્યા શું ખબર છે?

તમારા બાયોલોજીના નિષ્ણાતને બેસાડો તો અમે વિજ્ઞાનના ધોરણથી પણ પુરવાર કરી શકીએ તેમ છીએ. ચર્ચા કરવા તૈયાર છીએ.

સભા:- અત્યારે સાધુ કાંઇ કરતા નથી.

સાહેબજી:- અમને કોઇ પુછવા આવે તો જવાબ આપીએ. કાંઇ સામેથી પુછડા બળાવવા જવાય નહી. અમારી વિદ્વતાનું પ્રદર્શન કરવા અમે કાંઇ પાટ પર બેસતા નથી. જીજ્ઞાસાથી સાતવાર ગરજ હોય તે સાંભળવા આવે. તેને ઉપદેશ આપવાનો છે. કાંઇ તેના ગળે વળગવાનું નથી.

જૈનધર્મ સમજાવવાની અમારી જવાબદારી ખરી પણ જેને સત્યનો રસ હોય તેને. સત્યની શોધ કરવી હોય, તે કદાગ્રહ વગર પ્રમાણિકતાથી, સરળતાથી જાણવા આવે તેને તેની વિરોધી વાતો હોય તો પણ તેને શાંતિથી સમજાવીએ.

સભા:- પણ સાહેબજી, શાસનની હિલના થતી હોય તો ના કહેવું પડે?

સાહેબજી:- શાસનની હિલના કોણ કરે છે? તમે જ કરો છો માટે જ તમારુ ધ્યાન દોરુ છુ. માટે તમારે આવી ખોટી સમીક્ષાને સમર્થન નહી આપવું જોઇએ. આ બાઇની પ્રશંસા કરુ છુ કે આટલા કોમળતાના ભાવ આવી કોમ્યુનીટીની હોવા છતાં છે. પણ જૈન શાસ્ત્રને જાણ્યા વગર આવી સમીક્ષા કરે તે જરાપણ ન ચાલે.

સભા :- આમાં આગેવાનોની ઉપેક્ષા કારણ નથી ?

સાહેબજી :- આગેવાનોની ઉપેક્ષા છે જ. બારોબાર તેમાં ભાગ ભજવે છે. કોઈની સાથે ઝઘડો, મારામારી કરવાની નથી. ધમાચકડી કરવાનું ભગવાને કહ્યુ નથી. માટે સારા શ્રાવક જો તૈયાર થાય તો અમે શાસ્ત્રીય રીતે બધુ ફીલીંગ કરીને મૂકીએ. તેવી રીતે અમને કોઈ પૂછવા આવે તો અમે સમજાવવા તૈયાર છીએ.

અમારી જવાબદારી છે કે આ પાટ પર બેસીને શાસ્ત્રના આધારે જ દલીલો આપવાની છે. ભગવાનનું શાસન ગહન છે. શાસ્ત્રનું તત્વ મામુલી નથી. માટે જૈન શાસનની અહિંસામાં સૂક્ષ્મતા છે.

એક બાજુ કહે કીડીને મારવામાં પાપ છે, હિંસા છે. અને સાથે લીલોતરી બચાવવાની પણ વાત કરીએ.

અમે પર્યુષણમાં લીલોતરી વાપરવાની મનાઈ કરીએ. પણ પર્યુષણમાં ફુલ વાપરવાનું કહીએ. સૌથી વધારે પર્યુષણમાં આંગીમાં ફુલ ચઢતા હશે ને ? માટે ખાવામાં પહેલો ત્યાગ કરવાનો કે ભક્તિમાં ત્યાગ કરવાનો છે ?

તમારી શુ એવી માન્યતા છે કે ઘરમાં હિંસા કરીએ પણ ભક્તિમાં હિંસા કરવાની નહી. પર્યુષણમાં લીલોતરી ખાઈએ પણ ફુલ ચઢાવીએ નહી. એટલે પ્રભુભક્તિમાં દયા પાળવાની પણ જીવનમાં ન પાળીએ તો ચાલે. પરંતુ જાત માટે પહેલી દયા પાળવાની આવશે.

અમે અહિંસક જીવન જીવીએ છીએ, અમારી દયા ઘણી જ ઉંચી છે. અમે કાંઈ ખાવાનું કોઈને આપતા નથી. છતા કહ્યુ ને બકરા, ગાય, ઉંદરને કોઈ મારતું હોય તો અટકાવવાનું છે. કીડીને હું બચાવવા જઉં ને ? મારી સામે મારતું હોય તેને બચાવવાની જવાબદારી ખરી. હવે આવું કેમ ? ત્યાં દલીલ આપી કે તમને કોઈ મારવા આવે તો તમે શું કરો છો ? અમે અત્યારે કઈ કક્ષાના સાધુ છીએ ? અમને કોઈ મારવા આવે તો ભાગી જઈએ. અમારી જાતનું રક્ષણ કરીએ છીએ. માટે બીજાને બચાવવાનું છે. જ્યારે અમારી એવી કક્ષા આવે કે ઉભા ઉભા અમને ચીરી નાંખે પણ હાલીએ નહીં, કાંઈ થાય નહી ત્યારે અમારે બચાવવા જવાનું નથી. પરંતુ જ્યાં સુધી જાતનું રક્ષણ કરીએ ત્યાં સુધી જગતનું રક્ષણ કરવાનું છે.

॥ પ.પૂ શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યોનમઃ ॥

૧૧-૯-૯૫
સોમવાર
ભાદ્ર. સુદ
બીજ

વિઘ્નજય ભાવધર્મ — ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આત્માનું પરમ શ્રેય કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે. મહાપુરુષોની દ્રષ્ટીએ આત્માનું પરમ શ્રેય કરવું હોય તો એક જ ઉપાય છે. સર્વ કર્મનો ક્ષય કરી ગુણોથી પરિપૂર્ણ થઈ મોક્ષમાં જવું. હવે આવી સાધના જબરદસ્ત પુરુષાર્થ માંગે છે.

જેટલું લક્ષ્ય ઉંચું તેટલી સાધના કઠણ હોય છે. જેમ S.S.C થવું હોય તો કેટલો પુરુષાર્થ જોઈએ ? આગળ ગ્રેજ્યુએટ થવું હોય તો કેટલો પુરુષાર્થ જોઈએ ? અને એનાથી આગળ વધીને P.H.D કરવું હોય તો કેટલો વધારે પુરુષાર્થ જોઈએ? જેમ લાખ્ખો પતિ બનવા કેટલી મહેનત કરવી પડે ? અને કરોડપતિ કે અબજપતિ બનવા કેટલી વધારે મહેનત કરવી પડે. તેની જેમ કલાર્કની પોસ્ટ લેવા જેટલી લાયકાતને મહેનતની જરૂરી છે તેના કરતાં ઓફીસર બનવા માટે વધારે મહેનત અને લાયકાત જરૂરી છે. માટે જેમ હોદ્દો ઉંચો તેમ પુરુષાર્થ અને લાયકાત વધારે જોઈએ.

મોક્ષમાં તો અનંતા અનંત જન્મ મરણના આધિ, વ્યાધિ, ઉપાધીથી મુક્તિ છે. તથા સાથે અનંત સુખની પ્રાપ્તિ પણ છે. માટે મોક્ષ પામવા માટે કેટલી સાધના જોઈએ ? સુખની દ્રષ્ટીએ તો આ પરાકાષ્ટાનું લક્ષ્ય છે. માટે આવા ધ્યેય માટે સાધના ઉંચી કરવા પુરુષાર્થ વધારે જોઈએ.

સંસારમાં નિયમ છે કે ફળ મોટું જોઈતું હોય તો પુરુષાર્થ પણ વધારે જોઈએ. તમારે સંસારમાં તો બધે ફળ મોટા જ જોઈએ છે ને? હવે તમે પ્રણિધાનનું લક્ષ્ય બાંધ્યું. અને તેને અનુરૂપ ભાવો કરવા તમે પ્રયત્ન કરો છો. જ્યારે પ્રવૃત્તિ ભાવધર્મ આવે ત્યારે તો જીવ પૂરી શક્તિ ફોરવીને ધર્મ આરાધના કરવામાં સાબદો થઈ જાય છે. તે જીવ મન-વચન-કાયાથી તેની પ્રવૃત્તિ કરવામાં ક્યાંય કચાશ રાખતો નથી. તે જીવ પુરુષાર્થ દ્વારા

સાધના અસ્ખલીત પણે કરે છે પણ તેને તેમાં વિઘ્ન આવે તો ઓછા સત્વના કારણે તે અટકી જાય છે.

અત્યારે વિઘ્ન કોને કહેવાય તેની સમજ બહુ જ સ્થુલ છે. ધર્મમાં વિઘ્ન આવે એટલે શું? તમે તકલીફ આવે, કષ્ટ આવે તેને વિઘ્ન માનો છો. જેમ ધંધો કરવા જતાં માંદગી આવી ગઇ, જેનાથી બજારમાં જતાં તમે બંધ થઇ ગયા. અથવા જ્યાં ધંધો કરવા જાઓ છો તે જગ્યાએ પુષ્કળ મચ્છર છે, ત્યાં ખૂબ જ ગરમી, બફારો છે. આવી નાનીનાની તકલીફોને તમે વિઘ્ન માનો છો. તેની જેમ ધર્મના ક્ષેત્રમાં પણ આવી નાની તકલીફો આવે તેને તમે વિઘ્ન માનો છો.

કોઇપણ પ્રકારનું કષ્ટ આવવું તેનું નામ વિઘ્ન નથી.

પણ તે કષ્ટની અસર થવી તેનું નામ વિઘ્ન છે.

દા.ત. C.A. થવું છે. તે આમ સારી રીતે ભણે છે પરંતુ ગરીબ છે. માટે તેને સગવડતા નથી. જેમકે ઘર સાંકડું છે. ચારે બાજુ અવાજ, ઘોંઘાટ છે. હવે વાતાવરણ તેને વાંચવા માટે વિપરીત છે. જેમ ગંદકી, સંકડાશ, અવાજ, ગરમી, બફારો વિગેરેને લીધે. હવે આવા વિઘ્નોની જો તે અસર લે તો તેની સ્પીડ અટકી જાય. પણ જો તેનું પાવરફુલ ધ્યેય હોય તો આવા વિઘ્નોની દરકાર કર્યા વગર ભણે. માટે જેને જે તકલીફ આવી અને તેની અસર જો લીધી તો તે વિઘ્ન બને છે. નહિતર વિઘ્ન બનતું નથી.

તેમ ધર્મના ક્ષેત્રમાં પણ તમે વિઘ્નનો અર્થ કષ્ટ જ કરો છો. કષ્ટ પાપના ઉદયથી આવે છે. સંસારના ક્ષેત્રમાં પણ કષ્ટ પાપના ઉદયથી આવે છે. અનુકુળતા જે મળે છે તે પુણ્યના ઉદયથી મળે છે.

અનુકુળતા અને પ્રતિકુળતા બન્ને સાધનામાં વિઘ્ન બની શકે છે.

જેમ પરીક્ષાનો ટાઇમ હોય અને તમારે ટી.વી. પર સારો પ્રોગ્રામ આવે તો તેને જોવાનું મન થઇ જાય અને જોવા બેસી જાય એટલે ભણવામાં વિઘ્ન ઉભુ થયુ કહેવાય. તેમ ધર્મના ક્ષેત્રમાં અનુકુળતા પ્રતિકુળતા વિઘ્ન બની શકે છે. ખાલી કષ્ટ એજ વિઘ્ન છે તેવું નહીં માનતા. પરંતુ અનુકુળતા પણ વિઘ્ન છે. તમારી સાધનામાં

જે પણ આડખીલી રૂપ થાય તે વિઘ્ન છે.

ધંધાની સીઝનમાં જો દિકરાના લગ્ન આવે તો તે વિઘ્ન બને છે. વ્યવહારમાં આવું તમે જુઓ છો પણ જો તેની તમે અસર લો તો સાધના સ્ખલીત થાય છે.

સભા:- અસર લેવી તે મનનું કામ છે?

સાહેબજી:- હા, ચોક્કસ. તેમાં તમારુ મન જ કારણ છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ વિવેચન કર્યું છે કે જેટલા વિઘ્નો આવે છે તેમાં મૂળ કારણ મોહનીય કર્મ છે. વિસ્તારથી તેનો વિચાર કરીએ તો ચાર ઘાતી કર્મ છે. બન્ને કેસમાં અનુકુળતા, પ્રતિકુળતા પુણ્ય અને પાપના ઉદયથી જ આવે છે. માટે ધંધામાં આડખીલી આવવી, ભણવામાં તકલીફ આવવી, દિકરાનું સગાપણ કરવું, ધ્યેય બાંધ્યુ, પણ તેમાં આડખીલી આવવી. આ બધા પુણ્ય, પાપના ઉદયથી જ આવે છે. માટે બન્ને પ્રકારના કષ્ટો પુણ્ય, પાપના ઉદયથી આવે છે.

હવે આ બાહ્ય નીમીત્તોની અસર ઘાતીકર્મથી થાય છે. માટે ઘાતીકર્મનો ઉદય આત્મકલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ છે. જે ધર્મની ક્રિયાના ભાવો કરવામાં અવરોધ ઉભો કરે, તે તે વિઘ્ન છે. આ અવરોધ કરવામાં પ્રધાનરૂપ મોહનીય કર્મ છે. પછી તે નાનું વિઘ્ન હોય કે મોટુ વિઘ્ન હોય. મોહનીય કર્મના કારણે જ આરાધનામાં વિઘ્ન ઉભા થાય છે.

દા.ત. જેમ ખૂબ ઉલ્લાસ સાથે ભગવાનની આજ્ઞા મુજબ ચઉણીશુધ્ધિ પૂજા કરવાની ભાવના સાથે શક્તિ પ્રમાણે સામગ્રી લઈને પૂજા કરવા માટે નીકળ્યા છો. જો કે તમે કોઈ આ રીતે કરવાની ભાવનાવાળા નથી પણ સપોઝ. હવે તમે દહેરાસર પહોંચ્યા, પૂજા કરવાની તૈયારી કરી ત્યાં તમારો દિકરો સમાચાર આપવા આવે છે અરજન્ટ ઘરે કામ આવ્યુ છે માટે આવો. હવે આ વાત તે વખતે તમારા માટે શું બની? વિઘ્ન માટેનું બાહ્ય નિમિત્ત ઉભુ થયુ. અત્યારે મોટે ભાગે તો શું થાય? બધુ મૂકીને તરત જ ભાગો. પણ જે

ધર્મમાં વળગી રહેનાર હોય તેને શું થાય? કદાચ ન જાય તો પૂજામાં મન રહે? મક્કમતા હોય તો પૂજા કરે પણ મન વ્યાકુળ થઈ જાય. મનમાં સત્તર વિકલ્પો ચાલુ થાય. હવે આ માનસીક અસર, વ્યાકુળતા ચાલુ થાય તે વિઘ્ન છે. પરંતુ છોકરો દોડતો તમને કહેવા આવ્યો તે વિઘ્નનું નિમિત્ત હતુ.

પરંતુ તમે જેને વિઘ્ન માનો છો તેને અમે વિઘ્ન માનવા તૈયાર નથી. અને અમે જેને વિઘ્ન માનીએ છીએ તેને તમે વિઘ્ન માનવા તૈયાર નથી. ઘણા અમને કહેવા આવે કે સાહેબ ઉપવાસ કરવા ગયો ને તબિયત બગડી. વિઘ્ન આવ્યુ માટે આરાધના ન થઈ. પરંતુ હકીકતમાં આ વિઘ્ન નથી. આ તો વિઘ્ન માટેનું નિમિત્ત છે. તમે જરા નિમિત્ત આવે એટલે પાણીમાં બેસી જાઓ છો. તમે તેની અસર લો છો માટે સાધનામાં સ્ખલના થાય છે.

સભા:- પૂજા કરતાં મૃત્યુના સમાચાર આવે તો પૂજા પૂરી કરાય?

સાહેબજી:- હા, ચોક્કસ કરાય, ત્રણલોકના નાથની પૂજા કરવામાં શું વાંધો છે. આમ તો વિધિ પ્રમાણે કોઈ બોલાવા આવે તો બહાર જવાય નહી. તમે અવિધિ કરી માટે આવા સમાચાર મળ્યા ને? માટે આરાધના કરવામાં કાંઈ વાંધો નથી. પરંતુ અલ્પ સત્વ હોવાના કારણે નિમિત્ત મળતાં તેની અસર ઝીલાઈ જાય છે. માટે જ આરાધના કરતાં મન સાબદુ રાખવાનું છે. ગમે તેવા નિમિત્ત આવશે પણ હું તેની સામે ફાઈટ કરીશ. આવા સંકલ્પથી વિઘ્નજય થાય છે. જે આત્મા આ સ્ટેજને પહોંચે તેનું માનસ કેવું હોય તે વિચારવાનું છે.

તમને જેટલા અનુકુળ, પ્રતિકુળ નિમિત્તો ઉભા થાય અને તેની અસર ઝીલો તો તે વિઘ્ન બને નહિંતર જરૂર પડે તે જ નિમિત્તો તમને વિઘ્ન કરવાના બદલે સહાયક બને.

સભા:- સહાયક કેવી રીતે?

સાહેબજી:- દા.ત. તમે સામાયિક કરવા બેઠા અને તાવ આવ્યો અને તે વખતે તમે સ્થિર રહો, તાવની અસર ન ઝીલો તો તે તાવવાળુ તમારુ સામાયિક વધારે કર્મ નિર્જરાનુ સાધન બને છે. તે તાવ આડખીલી ક્યારે બને કે જ્યારે તમે તેની

અસર લો તો. જેમ તમે કાઉસગ્ગ કરતાં અપ્પાણં વોસિરામી કરી કાઉસગ્ગ કરો છો ત્યારે ધારોકે મચ્છર તમને કરડે છે. કારણ તમારો પાપનો ઉદય છે. અશાતા વેદનીય કર્મનો ઉદય છે. માટે મચ્છર કરડવારૂપ તમને વિઘ્નનું નિમિત્ત ઉભુ થયુ. હવે તમે તેની જો માનસીક અસર લો તો વિઘ્ન બને. કાઉસગ્ગની એકાગ્રતામાં આડખીલી ઉભી થાય. પણ જો અસર ન લો તો મચ્છર કરડીને તે કર્મની નિર્જરાનું સાધન બને. કારણ તે કર્મ સારી રીતે ખપી જાય છે.

માટે પાપ કે પુણ્યના ઉદયથી આવેલ પ્રતિકુળતા કે અનુકુળતાની અસર લો તો જ વિઘ્ન બને છે. અસર જે થાય છે તે મોહનીય કર્મ અને ઘાતી કર્મથી જ થાય છે.

આત્મકલ્યાણના માર્ગમાં જીવ માટે અવરોધક ઘાતીકર્મો જ છે. તમે કયા કર્મોને અવરોધક માનો છો?

સભા:- મોહનીય અને અંતરાય.

સાહેબજી:- તેમાં અશાતા અને અંતરાયને, પણ અંતરાયમાં કયા?

સભા:- લાભાન્તરાયને.

સાહેબજી:- સંસારના ક્ષેત્રમાં લાભાન્તરાય નડે છે કે ધર્મના ક્ષેત્રમાં? સંસારના ક્ષેત્રમાં લાભાન્તરાય નડે છે તે હું જાણુ છું. તમે જેનાથી ત્રાસી ગયા છો. સંસારમાં તમારે ૨૪ કલાક લાભ, લાભને લાભ જોઈએ છે. તમારે જીવનમાં ઘણી ઈચ્છાઓ અધૂરી રહી ગઈ છે તેમાં કારણ શું? લાભાન્તરાય છે. ગમે તેટલો પુરુષાર્થ કરીને મરી જાઓ પણ જો લાભાન્તરાયનો ઉદય હોય તો મળે નહી. તમારી ઈચ્છા પ્રમાણે તમને યશ, કીર્તિ, માનપાન, સત્તા, સંપત્તી, અનુકુળ સંયોગો ન મળ્યા, કારણ લાભાન્તરાય ખરુ? જોઈએ તેવો દીકરો પણ ન મળ્યો કારણ આજ. માટે દરેક ક્ષેત્રમાં લાભાન્તરાય નડ્યુ છે. લાભાન્તરાયનું ફીલ્ડ ઘણુ જ વિશાળ છે.

કર્મનું સ્વરૂપ, તેની વ્યાખ્યા અને પછી તેના પેટાભેદનું જે વર્ણન જૈન કર્મવાદમાં છે તેવું બીજા કોઈ ધર્મમાં નથી. તેનું ક્લાસીફીકેશન બરાબર સમજો તો આફરીન થઈ જવાય. કોઈ ઘટના એવી નથી કે તેમાં ચોક્કસ પ્રકારનો

કર્મનો ઉદય બતાવી ન શકાય. આમતો બધા ધર્મ કર્મને માને છે. પરંતું તેનું આટલુ વિભાજન ક્યાંય નહી મળે.

આ ભાઈની ચામડી ધોળી કેમ? આમને ચશ્મા કેમ અને આમને ચશ્મા નહી બધે ચોક્કસ પ્રકારના કર્મ બતાવી શકાય છે. પાછુ એક કર્મ બીજા કર્મમાં ઘુસતું નથી. એક કર્મની અસર બીજા કર્મની અસરમાં ભેળસેળ થતી નથી. દુનિયામાં જેટલી વસ્તુની ઈચ્છા હોવા છતાં મળતી નથી તેમાં લાભાન્તરાય જ છે. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ છે. તમે ઈચ્છો કે મારે સમકીત પામવું છે પરંતુ લાભાન્તરાય હોય તો મળે નહી. આ આત્માનું સુખ પામવું છે તેમાં માલિકિ કોની? તમારા આત્માની વસ્તુ તે કાંઈ પારકી નથી. હવે જો લાભાન્તરાય નડતો હોય તો તમારી માલિકિની વસ્તુ પણ ન પામી શકો. કે ન ભોગવી શકો. તેમ સમતાનો સ્વાદ લેવો હોય, પણ લાભાન્તરાયના કારણે ન પામી શકો! માટે બન્ને ક્ષેત્રમાં લાભાન્તરાય કામ કરે છે. પરંતુ તમને કયા ક્ષેત્રનું લાભાન્તરાય ખટકે છે?

સભા:- સાહેબજી કાલે અમે તમને ઘણુ કહ્યુ પણ આપે વ્યાખ્યાન આગળ વધારે ચલાવ્યુ નહી તેમાં અમારો લાભાન્તરાયનો ઉદય હતો?

સાહેબજી:- હા, એટલુ જ નહી. હકીકતમાં હું જે સમજાવું તેમાંથી અમુક ટકા જ ગળે ઉતરે, અમુક ટકા ગળે ન ઉતરે, અમુક તમને સમજાય, અમુક ન સમજાય. સાચુ હોય તો પણ અમુક ટકા જ માનો તે બધામાં લાભાન્તરાય જ છે. તે તો આખી દુનિયાનો વહીવટ કરે તેમ છે.

સભા:- અમારો ક્ષયોપશમ ઓછો છે?

સાહેબજી:- હા, પણ ક્ષયપોશમ કેમ નથી થયો, જ્ઞાન ગુણ કોનો? તમારી પોતાની માલિકિ છે. છતાં તમારે જોઈએ ત્યારે નથી મળતુ. તમારી વસ્તુનો કબજો કોને લીધો છે.

જ્ઞાનાવરણીય નડે છે અને સાથે લાભાન્તરાય પણ નડે છે. ઘાતીકર્મો એક બીજાના મિત્રો છે. તેઓ જોડીદાર થઈને કામ કરે છે. કર્મમાં સંપ અને સમજુતી

ઘણી જ છે. એકવીસ એવા હળીમળીને કામ કરે છે કે ક્યાંય વાંધો આવે નહી.

સભાઃ- વીર્યાન્તિરાય ક્યાં નડે છે?

સાહેબજીઃ- વીર્યાન્તિરાય પણ ૨૪ કલાક નડે છે. તમારે ઘણી શક્તિ જોઇતી હતી છતાં નથી મળી. કારણ શું? હવામાં ઉડવાની શક્તિ જોઇતી હતી પણ કેમ નથી મળી? પથ્થરમાંથી સોનું બનાવવાની શક્તિ જોઇતી હતી પણ નથી મળી. જો મળે તો તમે ન્હાલ થઈ જાવ ને? દુનિયાના બધા પથ્થરને સોનુ બનાવી દો ને? માટે બધે વીર્યાન્તિરાય પણ નડે છે. તેથી તમે એરટાઇટ પેક છો. કર્મ હલાવી શકે તો જ હલી શકો તેમ છો. જ્યારે જે કર્મની વાત આવે તે બતાવું છું.

જ્ઞાનાવરણીય નડે છે માટે તો દુનિયામાં કેટલીય વસ્તુના નિષ્ણાત બનવું હતુ પણ બની શક્યા નથી. હવે તેમાં નિષ્ણાત થવાની શક્તિ નથી મળતી તેમાં વીર્યાન્તિરાય કારણ છે. પણ નિષ્ણાત બનવાનું જ્ઞાન નથી મળતું તેમાં જ્ઞાનાવરણીય કારણ છે.

આત્મા સર્વ ગુણો, શક્તિ, સુખોનો ભંડાર છે. છતાં તેનું બધુ સુખ, શક્તિ, ગુણો હણાઈ ગયા છે. આપણે અત્યારે જેવા દેખાઇએ છીએ તેમાં મુખ્ય કારણ ઘાતી કર્મો છે. આપણે આગળ વાત કરી ગયા હતા કે બળવાન સિંહ પણ જો પાંજરામાં પુરાય તો માયકાંગળો બને છે. તેની જેમ આત્મા પણ આ ઘાતીકર્મ રૂપી પાંજરામાં પુરાવાથી ક્રીપલ્ડ થઈ જાય છે. તમે સંસારમાં પણ બધી શક્તિ વાપરી નથી શકતાં માટે ૨૪ કલાક ઘાતી કર્મ નડે છે. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ છે. જે વ્યક્તિ આત્મકલ્યાણના માર્ગમાં જાય તેને આ ઘાતી કર્મો ક્રમસર ડીસ્ટર્બ કરે જ છે. હવે તેમાંથી જો તે પાર ઉતરી જાય તો વિજય થાય છે. માટે આત્મકલ્યાણની સાધના કરવામાં સંઘર્ષ અંદરમાં રહેલાં ઘાતીકર્મોની સામે જ કરવાનો છે.

જ્યારે તમે ફાઇટ કોની સાથે કરો છો? તમે પુણ્ય અને પાપ સામે જ ફાઈટ કરો છો. તમને દુઃખ આપનાર કર્મથી ગભરામણ છે અને સુખ

આપનાર કર્મોની લાલચ છે. માટે સુખ આપનાર કર્મોનો કાન પકડી પકડીને ઉદયમાં લાવવાનો પુરુષાર્થ તમારો ચાલુ છે. અને તેની સામે દુ:ખ આપનાર કર્મોની સામે રજ કલાક ન આવે તેની લડત ચાલુ છે. એક પાપકર્મ ઉદયમાં આવે એટલે તેની સામે મોરચો માંડો છો.

દા.ત. તાવ આવ્યો, પેટમાં દુ:ખે છે શું કરશો?

સભા:- દવા લઈએ.

સાહેબજી:- ખાલી દવા જ લો કે બીજુ બધી રીતે પણ ફાઈટ કરો? આમ તમને એક દિવસ ન્હાયા વગર ન ચાલતું હોય, પણ તાવ આવે ને કહે કે ન્યુમોનિયા થઈ જશે તો ચાર દિવસ સુધી ન્હાવ ખરા? પાણીને પણ અડો નહીં ને? માટે જે કષ્ટ ઉભુ થયુ છે તેની સામે ચારે બાજુ સુરક્ષા, સલામતી ગોઠવો છો.

૧૦૦ માણસમાં તમે જ કેમ માંદા પડ્યા? કારણ અશાતા વેદનીય કર્મ છે. દસ માણસ એક જ રસોડે જમતાં છતાં તમે જ કેમ માંદા પડ્યા? માટે કર્મને માનવું જ પડે. ત્યારે વિજ્ઞાન કહે કે રેસીસ્ટન્સ પાવર તેનો ઓછો હતો માટે તે માંદો પડ્યો. પણ દસમાંથી રેસીસટન્સ પાવર તેનો જ કેમ ઓછો? માટે કર્મને માન્યા વગર છૂટકો જ નથી.

હવે તમે જે માંદા પડ્યા તેમાં જો ફાઈટ ન આપો તો ૨૫ દિવસ સુધી તે કષ્ટ ન જાય. તે ઘણુ જ કષ્ટ આપે તેમ છે. પરંતુ તમે તેની સામે ફાઈટ આપી માટે તે કર્મ ભાગી ગયુ. એટલે તમે કર્મને સીધુ કરી નાખ્યું. કર્મને ફેઈલ કર્યુ.

સભા:- કર્મને ફેઈલ કરી શકાય?

સાહેબજી:- હા, થઈ શકે માટે જ થાય છે. આત્મા પર બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવે તે વખતે તમે જો અવળો પુરુષાર્થ કરો તો કર્મની તાકાત તૂટે છે. અને તેને અનુકુળ પુરુષાર્થ કરો તો તે કર્મની તાકાત વધે છે. તમારા પુરુષાર્થ પર કર્મની અસરની ટકાવારી થાય છે. કર્મ જેવું બાંધ્યુ છે તેવું જ ઉદયમાં આવશે તેવો પણ નિયમ નથી.

સભા:- પુરુષાર્થ કર્યા પછી મચક ન આપે તો નિકાચીત કર્મ?
સાહેબજી:- અધકચરો પુરુષાર્થ ન ચાલે. ૧૦૦% પુરુષાર્થ કર્યા પછી કર્મ મચક ન આપે તો તે કર્મ નિકાચીત માનવું. આપણે ત્યાં બે પ્રકારના કર્મ છે નિકાચીત કર્મ અને અનિકાચીત કર્મ.

નિકાચીત કર્મમાં તો તેના ઉદય પછી ગમે તેટલા માથા પછાડીને મરી જાઓ તો પણ તેનો હિસાબ ચૂકતે કરવો જ પડે. પણ અનિકાચીત કર્મને તો પુરુષાર્થ નિષ્ફળ બનાવી શકે છે. માટે જ તમે ઘણા પાપકર્મની અસરને નિષ્ફળ બનાવો છો, તમારી મહેનત અને પુરુષાર્થ દ્વારા.

હવે એક માણસ દોડી રહ્યો છે. તેને તમે જો સપોર્ટ આપો તો તમારા સપોર્ટથી તેની દોડવાની સ્પીડ વધી જાય. જેમ ચઢતા માણસને ટેકો આપો તો તેની ચઢવાની સ્પીડ વધી જાય પણ સામેથી જો ભટકાવો તો શું થાય? જેમ બે ફોર્સવાળી વસ્તુ સામસામી અથડાય તો સ્ટ્રોંગફોર્સ પેલાને ઓવરટેક કરે છે. એટલે એક કર્મ ઉદયમાં આવે છે તેની સામે તમે ઉંધા ફોર્સથી લડો તો તે કર્મની તાકાત ઘટે છે. એટલે રીવર્સમાં ફોર્સ થાય તો કર્મની અસર માઈનસમાં થાય છે. માટે તમારો હુમલો જો કર્મ સામે વધારે હશે તો ૧૦૦% કર્મ ફેઈલ થઈ શકે છે અને જો તેને ટેકો આપશો તો તે પુરુ ફળ આપે છે. પરંતુ જો નિકાચીત કર્મ ઉદયમાં હોય તો માઈનસ થાય નહી. માટે જૈન દર્શનનો કર્મવાદ પ્રેક્ટીકલ છે. જો કર્મમાં એકાંતે જે થવાનું હશે તે જ થવાનું છે તો પછી પુરુષાર્થ શું કામ કરવાનો? આપણે ત્યાં ભાગ્યવાદની સાથે પુરુષાર્થવાદ પણ છે. જો કર્મથી તાવ આવ્યો અને કર્મ પુરુ થશે ત્યારે જ તાવ જશે તો પછી તાવ કાઢવા મહેનત કરવાની જરૂર શું?

સભા:- સાહેબજી, પશુઓ તે વખતે શું પુરુષાર્થ કરે છે?
સાહેબજી:- અરે તમને ખબર નથી, માણસ કરતાં આ બાબતમાં પશુઓ વધારે ડાહ્યા છે. તેઓ રોગની બાબતમાં વધારે જાગૃત છે. તેઓ જરા માંદા પડે એટલે પહેલાં ખાવાનું બંધ કરી દે છે. જ્યારે માણસ તો માંદો પડે તો પણ ખાવાનું

ઠોકે રાખે ને? તેઓ રોગ થાય ત્યારે આપ મેળે ચરી પાળવાનું ચાલુ કરે છે. અને જરૂર પડે ચરી પાળવા માટે અમુક ઔષધિ રૂપ પાંદડા વગેરે ખાય છે. આના માટે એક લેખ આવ્યો હતો. આ વાત નીકળી છે માટે કહું છું તેમાં લખ્યું હતું કે આપણને જ ખાલી રોગની બાબતમાં દવા વગેરેની જાણકારી છે તેવું નથી. પશુઓ પણ રોગની બાબતમાં વધુ જાણે છે. લખ્યું હતું કે વાંદરાઓ શું કરે? જેમ સવારે વહેલા ઉઠી જાય પછી જંગલમાં જઈ તેમાં ચોક્કસ પ્રકારના ઝાડોને સુંઘીને વનસ્પતિ ગોતીને તેઓ નયણા કોઠે ઔષધિ તરીકે ખાય છે. તમને એમ કે તેને ભાવતી હશે માટે ખાય પણ તેવું નથી. તેઓ શું કરે? ખાતા જાય અને મોઢું બગાડતા જાય. અને પછી જ બીજો ખોરાક ખાવા જાય. આ તેને બરાબર સ્ટડી કરીને લખ્યું હતું. માટે તેમને પણ તે બાબતમાં અક્કલ છે.

આ તમારી ઉધઈ કેવી લાગે? તમે તેને નકામી ગણો છો થાય તેવી ખલાસ કરી નાંખો છો. પરંતુ માણસ જાત કરતાં ઉધઈમાં પરસ્પર કેવી વ્યવસ્થા છે. રાફડામાં કરોડો સાથે રહી શકે છે. તમે ચાર ભેગા થાઓ તો પણ ઝઘડો ને? તેમની નગર વ્યવસ્થા, ખાનપાનની વ્યવસ્થા કેવી કે કરોડ સાથે રહે તો ઝઘડે નહી. તેઓ માટીમાંથી નગર બનાવે. તમને તો તે બધુ કાબરચીતરુ લાગે. પણ લખ્યું છે કે તેની અંદર એરકન્ડીશન જેવી ઠંડક હોય. માટે વિચારજો તેમનામાં પણ અક્કલ છે, આવડત છે.

આ બધુ તો આત્માની જ્ઞાનશક્તિ, આવડત કેટલી છે તેના માટે જબરદસ્ત પુરાવા છે. વગર ભણાવે, વગર સમજાવે વિશેષતાઓ ખીલતી હોય છે. તમને આત્માની શક્તિ પર વિશ્વાસ કરાવવો છે માટે જ આ બધી વાતો કરુ છુ. તમને જો આ સૃષ્ટિ જોતા આવડે તો આત્માની શક્તિ પર વિશ્વાસ બેસી જાય.

આત્માના ગુણો અને શક્તિનો પાર નથી. તેના પર જડબેસલાક વિશ્વાસ બેસી જવો જોઈએ. માંદા પડેલા પશુઓ પણ તેમની શક્તિ, આવડત, સમજણ પ્રમાણે પુરુષાર્થ કરે છે.

તમે પાપકર્મોની સામે લડો છો માટે જ તે થોડા ફળ આપીને ચાલ્યા જાય છે. તમે પુણ્યકર્મ સાથે ભાઈબંધી મિત્રતા કરો છો અને પાપકર્મને હડસેલા મારીને પાછા પાડવાનો પુરુષાર્થ કરો છો માટે તમારો ૨૪ કલાક કર્મ સામે સંઘર્ષ ચાલુ જ છે. પરંતુ તમારે ખરો સંઘર્ષ ક્યાં કરવાનો છે ?

તમારે સંઘર્ષ ઘાતીકર્મો સાથે કરવાનો છે. તમને ધર્મના ક્ષેત્રમાં જ્ઞાનાવરણીય નડે છે. માટે અજ્ઞાન છે. દર્શનાવરણીય, અંતરાય વગેરે નડે છે. હવે જો આની સાથે સંઘર્ષ કરીને તમે ઓવરટેક કરો તો તમે અસ્ખલીત પણે આરાધના કરી શકો.

પ્રભુ મહાવીરને ૧૨।। વર્ષની સાધનામાં તમારા હિસાબે ઘણા વિઘ્નો આવ્યા. પરંતુ હકીકતમાં આ વિઘ્નો નહોતા. પણ વિઘ્નોનાં નિમિત્તો હતા. જો આ બધા ઉપસર્ગો, પરિષહોની તેમને અસર લીધી હોત તો તેમની સાધના સ્ખલીત થાત. પરંતુ પ્રભુએ અસર ન લીધી માટે સાધના સ્ખલીત ન થઈ. જો કે પ્રભુ તો વિઘ્નજય જીતીને જ બેઠા હતા. માટે તેમને આ ઉપસર્ગો, પરિષહો તો સાધનામાં સહાય થયા. બાહ્ય નિમિત્તોની તેમને કોઈ જ અસર નથી. અંદરથી તેઓ વોટરપ્રુફ હતા. માટે ક્યાંય તેમને સાધનામાં આડખીલી થઈ નથી.

હવે તમારે અણીશુધ્ધ સામાયિક કરવામાં નડતર શું ? તમે શું માનો કે મારી પાસે જોઈએ તેવા ઉપકરણો નથી. તથા તાવ આવ્યો, પ્રતિકુળ સંજોગો છે કે સામાયિક થાય તેમ નથી. પરંતુ આ બધા હકીકતમાં વિઘ્નો નથી.

પરંતુ સાચુ અને અણીશુધ્ધ કરવા માટે તમને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અંતરાય અને મોહનીય નડે છે. તેના કારણે સાચુ સામાયિક કેમ કરવું તેનું જ્ઞાન નથી, જાણકારી નથી. પ્રયત્ન આવડત જોઈએ તે નથી. તેમાં કયા કર્મ નડે છે ? માટે વિચારજો તમારે ક્યાં સંઘર્ષ કરવાનો છે.

તેમ પ્રભુભક્તિ અણીશુધ્ધ કરવા શું નડે છે? જ્ઞાનાવરણીય આદિ નડે છે. જેમ વીતરાગ કોને કહેવાય, તેમનું સ્વરૂપ શું ? તેમના ગુણો કયા. તેને ઓળખીને પ્રભુને ભજવા માટે ક્યારે ક્યારે કયા ભાવ લાવવા જોઈએ તેની જે

જાણકારી નથી તેમાં જ્ઞાનાવરણીય નડે છે. માટે તમારી સ્પીડને બ્રેક લાગી જાય છે. માટે તેની સામે જો ફાઈટ આપશો તો આગળ વધી શકાશે.

જેમ સામાયિકમાં સંસારની મમતા છોડવાની છે. પાપોના ભાવો છોડવાના છે. આ બધાની જાણકારી છે છતાં તે વખતે તેને છોડી શકતા નથી. કારણ મોહનીય કર્મ નડે છે. ઈચ્છા હોવા છતાં જો પુરુષાર્થ ન કરો તો વીર્યાન્તરાય નડે છે.

સભા:- તે પ્રમાણે નથી થતું તો ખટકો તો ઉભો થાય છે. તે ક્ષયોપક્ષમ ભાવ કહેવાય

સાહેબજી:- તે તમારો ગુણ છે, પણ ક્ષયોપક્ષમ ભાવ ન કહેવાય. અત્યારે તો તમારે શું છે કે કોણ તમને ક્યાં નડે છે તેની ખબર નથી માટે હવામાં ગોળીબાર કરવા જેવું થાય છે. જે ઘણી વખત હકીકતમાં તમને છોડાવવા આવતું હોય તેની સાથે જ બાખડીને પડો. તે સમજાવવા માંગુ છું.

આ ઘાતીકર્મો નડે છે માટે જ તમારી એકપણ ક્રિયામાં ઠેકાણું પડતું નથી. જે પથરા નાંખ્યા કરે છે. અત્યારે તમને સંઘર્ષ કરવાની સ્ટ્રટેજ બતાઉ છુ. લોકોનો સ્વભાવ શું કે કષ્ટના, પરિષહનું વર્ણન સાંભળીને ગભરાય છે. માટે તેમને લાગે કે આવું કષ્ટ આપણને ન આવે તો જ સાધના સરસ થાય. ઘણા મહાપુરુષોને કષ્ટની ઝડી વર્ષી પછી તેમાંથી પાર ઉતરીને મોક્ષ પામ્યા છે. આપણને આવું ન આવે આવી માન્યતા છે.

સભા:- એટલે ~~સાહેબજી~~ અમે ધીરજ રાખી છે.

સાહેબજી:- ધીરજ રાખી છે કારણ તમને લક્ષ્યનો તલસાટ જ નથી. મોક્ષમાં અનંતસુખ છે. તેવું મનમાં બેઠા પછી મોક્ષ મેળવ્યા વગર ચેન પડે ખરુ? પછી સંસારમાં એક ભવ પણ વધારે જાય તો કેવી બેચેની થાય. તમને મોક્ષના સુખની બરાબર ખબર નથી. માટે મોક્ષનું નામ સાંભળતાં ક્યાંથી મજા આવે! જ્યારે સમ્યગ્દૃષ્ટીને મોક્ષનું નામ પડતાં રુવાંડા ઉભા થઈ જાય. તમને તો કરોડ રૂપીયાનું નામ પડે ત્યારે રુવાંડા ઉભા થાય છે ને?

તમે તુચ્છ સુખમાં મહાન સુખ માનીને હરખાઓ છો. તમને મોક્ષની સાચી પણ નથી તેનો તલસાટ નથી.

ઉત્તમ વિઘ્ન, મધ્યમ વિઘ્ન અને જઘન્ય વિઘ્ન એ ત્રણ વિઘ્નો વિઘ્નજયનાં વર્ણનમાં આવે. જેનો સંકલ્પ કાચો છે તેની વાત આપણે નથી કરતાં પણ જેમ પુણિયા શ્રાવકને સામાયિક કરવું છે તે તો કેવા સંકલ્પ સાથે સામાયિક કરશે. હવે તેને પણ આ ત્રણ પ્રકારના વિઘ્નના નિમિત્ત આવી શકે છે.

તેમાં જઘન્ય નિમિત્ત કેવું કે જેમ કોઈ વ્યક્તિ સામાયિક કરવા બેસે છે ત્યારે ભયંકર ઉનાળો છે માટે બફારો હોવાથી શરીરમાં બેચેની થઈ શકે તેવું વાતાવરણ છે. મચ્છરનો ત્રાસ છે, ઘોંઘાટ છે અથવા બીજા નાના કષ્ટોના બાહ્ય નિમિત્તો છે. હવે જો તે વખતે આ કષ્ટોની તે અસર લે તો તેને જઘન્ય વિઘ્ન આવ્યું કહેવાય. જરાક પણ માનસીક અસર થાય તો પ્રાથમિક કક્ષાનું વિઘ્ન કહેવાય. તેનાથી તેની સાધના અટકી જતી નથી. પણ ગતિ તેની ઓછી થાય છે. શાસ્ત્રમાં આ વિઘ્નને કંટક તુલ્ય વિઘ્ન જણાવ્યું છે. જેમ કોઈ એક માણસ ઉઘાડા પગે બીજા ગામે જાય છે ત્યારે રસ્તામાં કાંકરા, કાંટા તેના પગમાં વાગે છે તેથી તેની જવાની સ્પીડ ઓછી થઈ જાય છે. જેમ કાંટો વાગવાથી કાઢવા માટે ઉભો રહે છે માટે સ્પીડ ઓછી થાય છે. અહિંયા તે મક્કમ છે માટે બેસી નથી જતો પણ તેની ગતિ ઓછી થાય છે. તેમ નાના વિઘ્નના નિમિત્તથી વિચલીત થાવ તો સાધનાની ગતિ ઓછી થાય છે. આના માટે મેઘકુમારનું દ્રષ્ટાંત આવશે.

ત્રણે પ્રકારના વિઘ્નો માટેના દ્રષ્ટાંત આવશે. તે તમે તમારી સાથે બરાબર ટેલી કરશો તો ખ્યાલ આવશે કે આપણે ક્યાં ફેઈલ જઈએ છીએ. માટે સાબદા થવાશે. આ દ્રષ્ટાંતોને બરાબર સમજશો તો આખ દ્રષ્ટી ખુલી જશે.

॥ પ.પૂ. યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૨-૯-૯૫ ॥ વિઘ્નજય॥ ગોવાળિયા ટેંક
મંગળવાર
ભાદ. વદ. ત્રીજ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ કર્મના સ્વરૂપને વિષમતાથી સમજાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ અનંત કાળથી આત્મા માટે સર્વ બંધનુ મુળ કારણ કર્મ છે. આમ પાછુ કર્મનું સર્જન આત્માનુ પોતાનું છે. બીજો કોઈ આવીને આત્મા પર કર્મ બાંધી ગયો નથી. કે જકડી ગયો નથી. પણ આત્માનાં જ અવળા પુરુષાર્થથી કર્મ બંધાયા છે. અને તેનાથી જ અનંત કાળથી આત્મ સાધનામાં આડખીલી ઉભી થઈ છે. આત્માની મુક્તિ કે સુખ પામવામાં આ આઠ કર્મો બાધક છે. મોક્ષે જવામાં એકે એક કર્મો વિઘ્નરૂપ છે. આ કર્મોનો સ્વભાવ શું? તમારા આત્મગુણોની, સંપત્તિનો ભોગવટો કરવામાં આડખીલી ઉભી કરે છે.

કર્મ કદીપણ ધર્મ સાધનામાં સહાયક થતું નથી. પણ ધર્મ સાધનામાં બાધક જ થાય છે. કર્મની સહાયથી કોઈનો પણ મોક્ષ થયો હોય તેવો એક દાખલો નથી.

અત્યારે ઘણા શું કહે છે કે સાહેબ અમારુ કર્મ એવું છે કે ધર્મ ઓછો થાય છે. જ્યારે અમારુ કર્મ ઉદયમાં આવશે ત્યારે ધર્મ કરશું. પરંતુ તે વખતે આવુ બોલનાર ભૂલી જાય છે કે ધર્મ કરાવનારુ કર્મ શાસ્ત્રમાં માન્યુ નથી. પાપ કર્મ કરાવનારુ કર્મ માન્યુ છે. પરંતુ ગુણોનો વિકાસ કરે તેવું કર્મ એક પણ નથી. પરંતુ ગુણોનો રાસ કરે તેવા કર્મો છે.

સભાઃ- પાપ કરાવનારુ કર્મ છે તો પછી ધર્મ કરાવનારુ કર્મ કેમ નથી?

સાહેબજીઃ- કર્મનો સ્વભાવ આત્માનું બંધન કરવું છે. આત્મા બંધાય ક્યારે? દુર્બુધ્ધી આવે તો આત્મા બંધાય કે સદ્‌બુધ્ધી આવે તો બંધાય? તમારા જીવનમાં પણ તમે ક્યારે ફસાયા છો? જેમ તમે ભાગીદાર પર વિશ્વાસ મુક્યો અને તમને ખ્યાલ ન રહ્યો ને તમે ફસાયા. માટે કર્મનું કામ જ ઉંધી બુધ્ધી, ઉંધી પ્રેરણા, ઉંધી

જગાએ દોરી જવાનું છે.

સભા:- સમકીત મોહનીય ?

સાહેબજી:- સમકીત મોહનીય બંધાય છે ? પરંતુ તે તો આત્માના પુરુષાર્થની પેદાશ છે. જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મ બંધાય છે. હવે મિથ્યાત્વનું કામ શું? અવળે રસ્તે લઈ જવુ. હવે તેને આત્મા પુરુષાર્થ દ્વારા શુધ્ધ કરી રીફાઈન કરી અનુકુળ કરે છે.

સમજદાર અને હોંશીયાર માણસ તો બંધને પણ સગવડતાના સાધન બનાવી દે છે. આ આવડત વ્યક્તિની પોતાની છે. દા.ત. કોઈ પુરી જવાં માટે દોરડું બાંધી ગયુ. પણ તે માણસ જો હોંશીયાર હોય તો તે દોરડાનો પણ સારો ઉપયોગ કરી લે. જેમ મચ્છર કરડે અને ખણવા માટે તે દોરડાનો ઉપયોગ કરી શાંતિ મેળવે. માટે તેને તો તે દોરડુ પણ ઉપયોગી થયુ: આ આવડત તે વ્યક્તિની છે. જેને દોરડું બાંધ્યુ તેને તો તેને ફસાવા માટે જ બાંધ્યુ હતુ. તેમ આત્મા કર્મને સહાયક બનાવી લે વે તો તે આત્માની વિશેષતા છે. પરંતુ મુળથી કર્મનો સ્વભાવ શું ? જેમ કરિયાતાનો સ્વભાવ કડવાશ છે. પણ વ્યક્તિ તેમાં ગોળ સાકર નાંખીને ઉપયોગી બનાવી શકે છે.

હવે સમ્યક્ત્વ મોહનીય પણ જીવ જો સાવધાન ન રહે તો તે અતિચારનું સાધન બને છે. અંદરમાં રસ તો મિથ્યાત્વનો છે. મુળથી તે રસ અશુભ છે.

તેની જેમ તમારા જીવનમાં કર્મો છે તે તમને સંસારમાં રખડાવવા, ખોટા કામ કરાવવા, તેનાથી નવા કર્મો ઉભો કરવા, અને તેના વિપાક રૂપે સંસારમાં ખોસી રાખવા. આજ તેનું કામ છે. પણ કાંઈ સતકાર્યો કરાવવા, સદ્ગુણો વિકસાવવા તે કાંઈ કર્મનું મુળથી કામ નથી.

બાધક કર્મોને સહાયક તરીકે ઉપયોગ કરી લે તે સાધકની કુશળતા પર આધાર રાખે છે. આપણો આત્મા શરીરમાં પુરાયો છે માટે જ આપણને ત્રાસ ઉભો થયો છે ને? પથરો વાગે અને વેદના ઉભી થાય છે. માટે તેના કારણે જ ભયની વચમાં રહેવાનું આવ્યુ ને? કારણ શું ? પથરો કાંઈ આત્માને વાગે

છે? શરીર છે ને તેને વાગે છે જ માટે જ વેદના થાય છે. નહિતર આત્મા તો પહાડમાંથી પણ પસાર થઇ જાય છે. માટે આ દેહ જ આત્મા માટે બંધન છે. છતાં આરાધક જીવો આ બંધનનો જ ઉપયોગ કરીને સારી સાધના કરી મોક્ષ પામે છે. આમ તો શરીર મુળથી શેનું સાધન છે? છતાં આરાધક જીવો કેવો ઉપયોગ કરી લે છે?

આમ આઠે કર્મો આત્માને બંધન રૂપ છે. ધર્મની સાધનામાં અવરોધક કરવું તે જ તેનું કામ છે. આપણે આગળ જોઇ ગયા કે,

પાપકર્મ છે, પુણ્યકર્મ છે, પાપ કરાવનાર કર્મ છે પણ પુણ્ય કરાવનાર કર્મ નથી. કારણ મુળથી કર્મનો સ્વભાવ જ નથી. કે સત્કાર્ય કરાવવા કે, સત્ પ્રેરણા કરવી કે ધર્મ કરાવવો તે તેનું કામ નથી. પરંતુ કર્મોની સામે ફાઇટ કરી પુરુષાર્થ કરી ગુણો કેળવવાના છે.

મમતા કેળવવા માટે કાંઇ પુરુષાર્થ કરવો પડતો નથી. પણ ઉદારતા કેળવવા કર્મ સામે સંઘર્ષ કરવો પડશે જ. માટે મમતા કરાવનારુ કર્મ છે. પણ ઉદારતા પેદા કરાવનારુ કર્મ નથી.

તમને ક્રોધ કરાવનાર ક્રોધ મોહનીય કર્મ છે. પણ ક્ષમા પેદા કરાવનારુ એકે કર્મ નથી. ક્ષમા તો પુરુષાર્થ દ્વારા જ કેળવવાની છે. ક્રોધ મોહનીય પર તમારો પ્રભાવ, વર્ચસ્વ સ્થાપીત કરો તો જ ક્ષમા પેદા કરી શકો, માટે ક્ષમા કેળવવા પુરુષાર્થ કરવાનો છે.

ક્રોધ કરાવવામાં પુરુષાર્થની મહત્તા છે કે કર્મની મહત્તા છે? માટે દરેક ઠેકાણે કર્મનું કામ શું તે સ્પષ્ટ હોવું જોઇએ.

હવે આત્મકલ્યાણ કરનાર જીવને પ્રાયે કરીને વિઘ્નો આવવાના જ. તેના માટે લખ્યુ કે જીવ સારા કામ કરવા નિકળે એટલે સો વિઘ્ન આવે. અને તેનાથી ઉલ્ટુ એમ લખ્યુ કે અધર્મ કે પાપ કરવું હોય ત્યારે વિઘ્નો દૂર થઇ જાય છે. માટે જ દુનિયામાં પાપ વધારે કરી શકે છે. પુણ્ય કાંઇ વધારે કરી શકતા નથી. માટે આકરીલી પુણ્ય કરવામાં જ છે.

એક સૂત્ર ધ્યાનમાં રાખવા જેવુ છે કે જ્યારે પણ ખોટુ કામ કરવાનું મન થાય, અશુભ ભાવ જાગે તે કર્મની જ અસર છે. માટે તે કર્મની અસરને સંઘર્ષ કરીને તોડો તો જ ધર્મનુ કામ થાય. માટે ધર્મનુ કામ કરવા માટે ક્યારે પણ અપેક્ષા નહિ રાખવાની કે કર્મ હશે તો ધર્મ થશે. કર્મ ધર્મમાં સહાય કરતા જ નથી. માટે તે અપેક્ષા જ ખોટી છે. કર્મનુ કામ તો તેમાં પથરા નાંખવાનું જ છે. આડખીલી ઉભી કરવી તે જ તેનું કામ છે. માટે કર્મની ખાસીયત ખાસ ઓળખવાની છે. તમે કર્મોને નથી જાણતા માટે જ કર્મનું ઓઠુ લઈને બેસી જાઓ છો. પરંતુ જીવનમાં ધર્મ સાધના કરવા પુરુષાર્થ જ છે.

સભા:- પુણ્યથી શુભ નિમિત્ત મળે છે માટે આરાધના થાય છે ને.

સાહેબજી:-શુભ નિમિત્ત મળે છે તે હા, પુણ્યથી મળે છે. પણ તે મળવાથી શું સાધના થઈ જાય ? માટે વિચારજો કર્મની તાકાત કેટલી? આપણે આગળ વિચારી ગયા કે અનુકુળતા અને પ્રતિકુળતા જે પણ આવે છે તે કર્મથી જ આવે છે. માટે તેનો તો આપણે પહેલાં સ્વીકાર કરી લીધો છે. કર્મ તો ખાલી તમને સામગ્રી આપી દેશે. પછી શું? કર્મની તો આટલી જ તાકાત છે.

સભા:- એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર નથી થતી.

સાહેબજી:- આવું બોલનારને લાફો મારે તો શું કરશે ? કુદકા જ મારશે ને? અખતરો કરવો છે? હમણાં ભીંત સાથે માથુ પછાડો તો બુમ પાડોને? માટે આ બધી વાહીયાત વાત છે. આ એક અપેક્ષાએ વાત સાચી છે. પરંતુ માથુ ભટકાયુ અને વાગ્યુ ત્યારે ભીંત બીજુ દ્રવ્ય છે ને? એટલે બીજા દ્રવ્યની અસર થાય છે. માટે આ વાક્ય બોલવાનો અધિકાર કોને છે? જે જીવો સમતામાં ચાલ્યા ગયા છે. તેને છે. જેમને ઉભાને ઉભા ચીરી નાંખે કે શેકી નાંખે તો પણ અસર ન થાય. તેવા જીવને અધિકાર છે. કારણ તેઓ પુરવાર કરીને બતાવે છે. અત્યારે તમારી સામે બરફી, પેંડા, ગુલાબજાંબુ મૂકે તો મોંમાં લપલપ થાય છે. અને પાછા બોલે કે એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર થતી નથી. તમારે

આત્માની અસર વધારે કે પર દ્રવ્યની અસર વધારે છે? માટે બધે વિચારવાનું આવે. ઘણા બોલે છે આત્મા સત્‌ચિદાનંદ, નિરંજન, નિરાકાર, શુધ્ધ બુધ્ધ છે. તેને પુદ્‌ગલની કાંઇ અસર નથી. જડ ને ચેતન જુદા જ છે. જડની ચેતન પર અસર નથી.

સભા:- પણ સાહેબજી સમાધિ ટકાવવા આ વિચારવાનું નહીં?

સાહેબજી:- બધી ભૂમિકા પ્રમાણે વિચારવાનું આવે છે. માટે અપેક્ષાએ બધી વાત છે. જે ભૂમિકામાં જીવ ગોઠવાય તે ભૂમિકાના ભાવો કરવાના છે. માથુ ભીંત સાથે ભટકાયું ત્યારે શું વિચારવાનું કે "મેં ભૂતકાળમાં ભૂલ કરી હશે માટે જ આમ થયુ છે. મારી પોતાની ભૂલનું જ પરિણામ છે. માટે હજુ પણ નહી સુધરુ તો અધિક દુ:ખો આવશે. વીતરાગ છું, શુધ્ધ છુ, નિરંજન છું, નિરાકાર છું. આવું બોલવા માત્રથી થઇ જવાતું નથી. હમણાં તો એક મચ્છર કરડે તો શું કરો? કોઇ ગાળ આપે તો તરત જ ધુંઆપુંઆ થાઓ છો. માટે આ બધી વાતો તો હાંસી ઉડાડવા જેવી છે. અત્યારે તો તમે નિરંજન છો કે બધાથી ખરડાયેલા છો? તેથી વાસ્તવીક સ્થિતિનો સ્વીકાર કરવાનો છે. નહિતર આત્મવંચના થશે.

કોઇ ભીખારી કહે કે "હું શાહેનશાહ છું, અબજોપતિ છું. મારો ઓર્ડર બધા ઝીલે છે. મને બધા સલામી આપે છે." આવું બોલે તો તમે તેને શું માનો? ચક્રમ ને? બસ આ તેના જેવી વાત છે. માટે આપણું સ્ટેજ શું છે? લેવલ શું છે? તે જોવાનું આવે. આમ શેકેલો પાપડ ન તોડી શકતા હોઈએ અને કિલ્લા તોડવાની વાત કરીએ તે કેમ ચાલે?

આપણો ધર્મ વાસ્તવવાદી છે. અત્યારે તો તમારા જે લેવલના દોષો છે તેને શુધ્ધ કેમ કરવા તેનો જ વિચાર કરવાનો છે. પરંતુ તમે અત્યારે ખાતા બોલો કે આ હું ખાતો નથી, દેહ ખાય છે. ચેતન જડને ખાતો નથી. પરંતુ આમ પાછા તે વખતે ચરણી ચપ, ચપ ખાતા હોય. માટે આતો એક જાતની માયા જ કહેવાશે જે ઠગવાનુ છે. પરંતુ તે વખતે એમ વિચારે કે

આ શરીરનો સ્વભાવ શું? આત્માની કેટલી પરવશતા છે. આમ આત્મા અનંત શક્તિનો ધણી છે. છતાં જડ ખોરાકને ખાવો પડે છે. જે અનંતા જીવોની હિંસાથી બને છે. આ બધી વસ્તુ કોકને કોક જીવના કલેવર જ છે. તેને મારીને મારે જીવવું પડે છે. માટે આ સંસારનું સ્વરૂપ કેવું છે. જીવોને મારીને મારે તેમાંથી સ્વાદ અને આનંદ લેવાનો? જો મારા શરીરના લોહી, માંસનું ટેસ્ટ કરી વર્ણન કરે તો મને કેવું લાગે? તો પછી મારે કોઈ જીવોને મારીને સ્વાદ, લઈ તેમાં આશક્તિ શું કામ કરવાની? મારા પર કોઈ અન્યાય કરે તો મને કેવું લાગે? એ પણ એક જીવ છે. માટે જો આમાં આશક્તિ કરીશ તો કર્મો બંધાશે. અને જ્યારે ભોગવવાના આવશે ત્યારે શું કરીશ.

સભા:- સાહેબજી, સમકીતી આવો વિચાર કરે?

સાહેબજી:- હા, તે આવા વિચારો કરે, પણ તેમાં તેનો વિવેક ખૂબ જ ઉંડો હોય.

અત્યારે તમારી દશા શું છે કે તપેટીમાં ઉભા રહેવાનું ઠેકાણું નથી અને શિખરની વાતો કરવી છે. અત્યારે કોઈ એમ કહે કે એક દ્રવ્ય પર બીજા દ્રવ્યની અસર નથી એજ રીતે મારી અનુભુતિ છે. તો હું તેને હમણાં ખમાસમણું આપું. પણ છે કોઈ? માટે બધી ભૂમિકા વિચારવી પડે.

ઉપાધ્યાય યશોવિજયજીએ લખ્યું છે કે પ્રભુની શ્રેષ્ઠ પૂજા કઈ છે? અભેદ ઉપાસના છે તે શ્રેષ્ઠ ઉપાસના છે. જેવા આપ પરમાત્મા છો, તેવો જ હું છું. તમારા આત્માનું સ્વરૂપ જેવું છે તેવું જ મારુ સ્વરૂપ છે. તમારા આત્માની શુધ્ધી છે તેવી જ મારા આત્માની શુધ્ધી છે. હું પણ આપની માફક શુધ્ધ, બુધ્ધ, નિરંજન, નિરાકાર છું. આ જ ખરી ઉપાસના છે. પરંતુ આ રીતની ઉપાસના ક્યારે કરવાની છે? જ્યારે જીવ સમતાની ભૂમિકામાં આવે ત્યારે આ અભેદ ઉપાસના કરવાની છે.

જ્યારે અત્યારે તો ભેદ ઉપાસના કરવાની છે. ભગવાન આપમાં કેવાં ગુણો છે અને હું ખામીઓથી ભરેલો છું. આપ કેવા ક્ષમાના સાગર છો ને હું કેવા ક્રોધથી ધમધમી રહ્યો છું. માટે પરમાત્માના ગુણોની અત્યારે સ્તવના

કરવાની છે. અને આપણા દોષોની નિંદા કરવાની છે. માટે સ્ટેજ પ્રમાણે ભાવના, ભક્તિ છે.

હવે આપણી મુળ વાત શું હતી કે, જેટલા પણ કર્મો છે તે પ્રસંગે ખરાબ અસર કરે છે. આત્મકલ્યાણમાં ઉપયોગી થાય તેવું એક પણ કર્મ નથી. આત્મ કલ્યાણમાં તો ખાલી તે નિમિત્ત આપવાનું કામ કરે છે.

સંસારમાં કે ધર્મમાં જે અનુકુળતા આવે છે તેમાં પુણ્યકર્મનુ કામ છે. જેનું પુણ્ય ઉંચુ હોય તેને ધર્મના ક્ષેત્રમાં પણ ઉંચી સામગ્રી મળે. અને ઓછુ પુણ્ય હોય તો નીચી કક્ષાની સામગ્રી મળે. જેમ મનુષ્ય ભવ મળ્યો, પણ અવસરપીણીમાં, ભરત ક્ષેત્રમાં મહાવિદેહમાં ન મળ્યો કારણ આપણુ એટલું પુણ્ય કાચુ હતુ. જૈન શાસન મળ્યુ પણ મરતાં સુધી પણ સાક્ષાત તીર્થંકરનો યોગ નહી થાય. કેવળી કે ૧૪ પૂર્વધર, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની કે શ્રુતકેવળીનો યોગ નહી થાય. જેથી ધર્મની વિશિષ્ટ સમજણની પ્રાપ્તિ નહી મળે, કારણ આપણું એટલું પુણ્ય કાચું. માટે ધર્મની સામગ્રી મળે તેમાં પુણ્ય કારણ છે.

અત્યારે મનુષ્યભવ, આર્યદેશ, જૈનકુળ, જૈન જાતિ, પાંચે ઇન્દ્રિય પરિપૂર્ણ, લાંબુ આયુષ્ય, ધર્મ સમજવાની બુધ્ધી, આ બધુ પણ પુણ્યથી મળ્યુ છે. અત્યારે ઘણાંને આવું નથી મળ્યું તે પ્રત્યક્ષ છે. માટે મીન્સ પ્રોવાઇડ કરવાનું કામ પુણ્યનું છે. પુણ્ય વધારે હોય તો ધર્મની સામગ્રી ઉંચી મળે. એવી રીતે ભોગ સામગ્રી અપાવે તેવું જો પુણ્ય બાંધ્યુ હોય તો ભવાન્તરમાં ભોગ સામગ્રી મળે છે. માટે જેવું પુણ્ય બાંધ્યુ હોય તેવી વિપાક વખતે સામગ્રી મળે.

આપણે અનંતીવાર એવું પુણ્ય બાંધેલુ કે જેનાથી મનુષ્યભવ, ચોથો આરો, જૈન કુળ, જૈન શાસન, સાક્ષાત તીર્થંકરનો યોગ, સમોવસરણમાં રસપૂર્વક દેશના, પાંચે ઇન્દ્રિયથી પરિપૂર્ણતા, ધર્મ માટેના બધા જ અનુકુળ સંયોગો મળ્યા હતા. દેશના સાંભળીને શ્રધ્ધા પૂર્વક પુરુષાર્થ કરી નિરતિચાર ચારિત્ર પાળ્યુ. આવું પુણ્ય બાંધ્યુ અને ભોગવ્યુ પણ ખરુ. છતાં જીવ ચઢી ન શક્યો. કારણ તે વખતે આપણો પુરુષાર્થ ન હતો.

સભા:- તે પુણ્યાનુબંધી પુણ્ય નહીં હોય?

સાહેબજી:- પુણ્યાનુબંધી પુણ્યમાં પણ પુણ્યનું શું કામ? તે નવું પુણ્ય ઉભુ કરે. પરંતુ આત્માના ગુણોનો વિકાસ કરાવવો તે કામ કાંઇ પુણ્યાનુબંધી પુણ્યનું નથી. આત્માએ પુરુષાર્થ કરીને સદ્ગુણો કેળવવાના છે. માટે તમારુ વિધાન સાચુ બનતુ નથી. પુણ્યાનુબંધી પુણ્યનું કામ પણ સામગ્રી અપાવવાનું જ છે. હવે લાયક જીવ જ પુણ્યાનુંબંધી પુણ્ય બાંધે છે, માટે લાયક જીવને સામગ્રી મળે એટલે તે પુરુષાર્થ દ્વારા ચઢતો જશે.

કર્મબંધથી ક્યારે પણ મુક્તિ મળતી નથી. પણ કર્મના બંધને તોડવાથી જ મુક્તિ મળશે. માટે ધર્મ કરવામાં કદી પણ કર્મની અપેક્ષા રાખવાની નહી.

જેમ તમે ગુંડા પાસે દાનની અપેક્ષા રાખો તો કેવું કહેવાય? તે તમને લુંટી લેશે કે દાન આપશે? બસ કર્મની જાત પણ તેવી જ છે.

સભા:- અમને પુરુષાર્થ કરવામાં સાહેબજી કયુ કર્મ કામ કરે?

સાહેબજી:- પુરુષાર્થ કરવામાં કર્મ કામ ન કરે પણ, કર્મને તોડો તો પુરુષાર્થ થાય. વીર્યાન્તરાયનું શું કામ છે જાણો છો? તે આડખીલી ઉભી કરે છે. માટે પુરુષાર્થથી કર્મ તોડવાના છે. આતો તમારી એવી વાત થઇ કે મારે સાજા થવું છે તો તેમાં મને કઇ માંદગી સહાય કરે? માંદગીને દૂર કરો તો સાજા થવાય કે તેની સહાય લો તો સાજા થવાય? બસ તેના જેવી તમે વાત કરી.

જ્ઞાન મેળવવું હોય તો જ્ઞાનાવરણીયને તોડવું પડે છે. માટે તેમાં તો કર્મનો ક્ષય, કર્મોનો ક્ષયોપક્ષમ, કર્મનો ઉપશમ કરવાનો છે! આ ત્રણેમાં કર્મોને તોડવાના જ છે. જેથી આત્માના ગુણો પ્રગટે. કર્મ એટલે તો ગુણો પર આવરણ છે. અવરોધ કરી આત્માના ગુણોને ઢાંકી દેવાનું કામ કર્મનું છે. માટે આત્મ ગુણ વિકસાવવા કર્મના આવરણને જ તોડવા પડે. માટે ધર્મ કરવામાં કર્મ સામે સંઘર્ષ કરવાનો છે. કર્મ એ જ વિઘ્ન છે. તેમાં મુખ્ય જે ઘાતી કર્મો જ વિઘ્નરૂપ છે. જો આ ઘાતી કર્મો ન હોય તો ચાર અઘાતી કર્મો તો માયકાંગલા છે. તે આત્માને જકડી શકે તેમ નથી. માટે જ્યાં સુધી આત્મા પર ઘાતીકર્મનો

ઉદય છે ત્યાં સુધી આત્માને માયકાંગલા બનીને જીવવાનું છે. તમારી શક્તિ ઘાતીકર્મ સપ્રેશ કરે છે. આપણે આત્મામાં અનંત વીર્ય માનીએ છીએ. છતાં આપણે અત્યારે નબળા બની ગયા છીએ. તે શક્તિનું આવરણ વીર્યાન્તરાય છે.

સંસારમાં કે ધર્મમાં જે પણ પુરુષાર્થ કરો છો તે શેના કારણે? થોડું વીર્યાન્તરાય તુટ્યુ માટે જ ને? અત્યારે તમારા હાથપગ હાલે છે, આંગળી હલાવી શકો છો, પાંચ કીલો વજન ઉંચકી શકો છો! આમતો આત્મા ટચલી આંગળી પર પહાડ ઉંચકી શકે તેમ છે. તે શક્તિ અત્યારે દબાયેલી છે. પણ થોડુ વીર્યાન્તરાય તુટ્યુ, તેમાં કાણું પાડ્યુ માટે આટલી દોડધામ કરો છો!

તેમ સંસારમાં પણ થોડી બુધ્ધી વાપરી શકો છો. કારણ શું? કર્મ તોડ્યુ માટે. માટે બન્ને ક્ષેત્રમાં ઘાતીકર્મો જે આડખીલી રૂપ છે તેનું નિવારણ કરીને સફળતા મેળવવાની છે. ઘાતીકર્મનું નિવારણ કરશો તો જ આત્મશક્તિ ખીલી શકશે. જેમ એક માણસને કરોડપતિ બનવું છે પણ તેનો ઉપાય તે જાણતો નથી. એટલે ફાંફા મારે છે છતાં તે કરોડપતિ બની શકતો નથી. આમાં કારણ અજ્ઞાનતા છે. હવે જો જ્ઞાનાવરણીય કર્મ તૂટે તો હોંશીયારી આવી જાય. માટે કોઈપણ કામ કરવામાં ઘાતીકર્મની જ નડતર છે. તમે જીવનમાં દરેક કળા, જ્ઞાન, વિજ્ઞાન નથી પામી શકતા કારણ ઘાતીકર્મોનો ઉદય છે. પેટાભેદથી અસંખ્ય ઘાતીકર્મોનો ઉદય છે.

તમે જેટલા ભોગ ઈચ્છો છો તેટલા ભોગવી શકતા નથી. તમારે આત્માના ગુણોનો સ્વાદ માણવો છે છતાં માણી શકતા નથી. ભોગસામગ્રી હોવા છતાં માણી શકતા નથી તેમાં કારણ ભોગાન્તરાય છે.

સભા:- સંસારના ક્ષેત્રમાં સફળતા માટે પુરુષાર્થ કામ નથી કરતો?

સાહેબજી:- જો એકલું પુણ્ય જ કામ કરતું હોય તો ધંધો કરવા જવાની શું જરૂર છે. પુણ્ય હશે તો એમનેમ મળી રહેશે. માટે બારે મહિના ગોદડા ઓઢીને સૂઈ જાઓ.

સભા:- પણ પુરુષાર્થ કરીએ છતાં મળતું નથી.

સાહેબજી:- સંસારના ક્ષેત્રમાં પુણ્યની પ્રધાનતા છે. પણ સાથે પુરુષાર્થ જોઈએ જ.

એકલા ભાગ્યવાદને માનનારા બોલે છે કે નસીબમાં હશે તો મળશે. તો પછી નસીબમાં ખાવાનું હશે તો મળશે. તો કેમ રસોઇ બનાવાનો પુરુષાર્થ કરો છો?

સભા:- પણ ઘણી વખત પુરુષાર્થ નકામો જાય છે.

સાહેબજી:- જો પ્રબળ અંતરાય હોય તો પુરુષાર્થ નકામો જાય છે. પણ નસીબમાં હોય તો મળી જશે. એવું જ હોય તો ઘેર બેઠાં જ મળશે.

સભા:- શાલીભદ્રને મળતું હતુ ને?

સાહેબજી:- તે વખતે તેમને સ્વીકારવા હાથ ન લંબાવ્યો હોત તો મળતે? માટે એકલા પુણ્યથી મળ્યાનો દાખલો નથી. કદાચ મોંમાં આવીને પડે તો પણ ચાવવાનો પુરુષાર્થ કરવો પડશે. નહિતર કુચો વળશે. અને તે જ વાસ્તવવાદીને અનુરૂપ વાતો છે. ભગવાને કહ્યુ છે કે જો એકલો ભાગ્યવાદ માને, કે એકલો પુરુષાર્થવાદ માને, તો તે મિથ્યાત્વ છે. માટે બન્નેનો સમન્વય કરવો પડે. તેથી દરેક ઠેકાણે આનું આટલા ટકા મહત્વ છે આનું આટલા ટકા મહત્વ છે. એમ બોલાય. સંસારમાં ભાગ્યવાદની પ્રધાનતા છે. પરંતુ એકલો ભાંગ્યવાદ તો મનાય જ નહી. આપણા શાસનમાં જ અનેકાન્તવાદ છે. બધા ધર્મોએ કર્મને માન્યુ છે. પરંતુ જો કર્મથી જ થતું હોય તો પુરુષાર્થની શું જરૂર? અને પુરુષાર્થથી જ થતું હોય તો કર્મની શું જરૂર? માટે

ફળની પ્રાપ્તિમાં એકાન્તે ભાગ્ય કારણ નથી.

ફળની પ્રાપ્તિમાં એકાન્તે પુરુષાર્થ કારણ નથી.

અને આ સમજ અન્ય ધર્મો પાસે ન હોવાના કારણે તેમને જવાબ આપવામાં મુશ્કેલી ઉભી થાય છે.

હવે આપણે વિઘ્નજય પર આવીએ.

સંસાર અને ધર્મ બન્ને ક્ષેત્રમાં વિઘ્ન માટે કર્મ જ કારણ છે. ધર્મના-ક્ષેત્રમાં વિચારીએ. જઘન્ય વિઘ્ન, મધ્યમ વિઘ્ન, અને ઉત્કૃષ્ટ વિઘ્ન.

દા.ત. એક માણસ ચોક્કસ ધ્યેય, સંકલ્પ સાથે દિલ્હી જવા નીકળ્યો

છે. હવે તેને પુણ્ય સાથે હોય તો રસ્તો પણ સરસ, સીધો, ખાડા ટેકરા, કાંકરા વગરનો મળે. કોઇ ગરમી નહી, ઠંડી નહી, વરસાદ નહી. પરંતુ જો પાપનો ઉદય હોય તો ત્યારેજ તડકો નીકળે, બધી જાતના નાના નાના કષ્ટો આવે. માટે તેને મુશ્કેલી ઉભી થાય. હવે આજે બધી મુશ્કેલીઓ ઉભી થઇ તે કંટક તુલ્ય વિઘ્ન છે. તેને જઘન્ય વિઘ્ન કહેવાય છે.

હવે મધ્યમ વિઘ્ન માટે વિચારીએ.

જેમ કોઇ માણસ નીકળ્યો છે. તેને રસ્તો પણ સારો છે. ગંદકી, તડકો, ઠંડી કાંઈ નડતું નથી. પરંતુ રસ્તામાં ચાલતાં ચાલતાં એકદમ માથુ દુ:ખવા આવ્યુ, તાવ આવ્યો, વા ભરાઇ ગયો. માટે એક ડગલું ચાલતા પણ મુશ્કેલી પડે છે. ચાલે તો મહાપ્રયત્ને ચાલે પણ સ્પીડ પકડાય નહી. પેલામાં આપણે બાહ્ય નિમિત્તો લીધા, અહિંયા શરીરના કષ્ટ લીધા છે. જેનાથી તેને ઇચ્છા હોવા છતાં પણ જલ્દી ચાલી શકે તેમ નથી. અને ગતિ એકદમ ધીમી થઇ ગઇ છે. આ વિઘ્નોને મધ્યમ વિઘ્ન કહ્યા છે.

હવે ઉત્કૃષ્ટ વિઘ્ન વિચારીએ.

હવે એ માણસને બાહ્ય બધી અનુકુળતા છે. શરીર પણ સ્વસ્થ છે. તેને જવું છે દિલ્હી પણ ચાલતાં ચાલતાં તેને ભ્રમ થઇ ગયો કે આ ઉત્તરને બદલે દક્ષિણ દિશા છે. માટે તે તરફ ચાલવા લાગ્યો અને પછી કોઇને પૂછ્યુ ત્યારે તે મૂર્ખો હોય કે તેનો ઇરાદો ખરાબ હોય તો દિલ્હીનો તેજ રસ્તો બતાવે. માટે તે હવે ગમે તેટલુ ચાલે તો પણ દિલ્હી પહોંચે ખરો? અથવા ચાલતાં ચાલતાં ચક્કર આવે, બેભાન થઇ જાય, કાં વળગાડ વળગી જાય, ગાંડપણ આવી ગયુ. તે વખતે તેની શું હાલત થાય? જેથી સાચા લક્ષ્ય પર પહોંચે નહી. આને ઉત્કૃષ્ટ વિઘ્ન બતાવ્યુ છે. આ દ્રષ્ટાંતો ઉપમા છે. આ રીતે ત્રણ પ્રકારના વિઘ્નો બતાવ્યા.

જઘન્ય વિઘ્ન કંટકતુલ્ય
મધ્યમ વિઘ્ન રોગતુલ્ય અને
ઉત્કૃષ્ટ વિઘ્ન દિશાભ્રમ, બુધ્ધીભ્રમ તુલ્ય. હવે તે કઈ રીતે

છે તે વિચારીએ.

જેમ તમે સામાયિક કરવા બેઠા તે વખતે બહારની પ્રતિકુળતા, અનુકુળતા આવે. અને તેની જો અસર થાય તો વિઘ્ન કહેવાય જે કાંટા તુલ્ય છે. જે મામુલી વિઘ્નો છે. જેમ છોકરો ઘોંઘાટ કરે છે અને તમે અસર લો તો મન અસ્વસ્થ થાય. તેમ કોઈ મહેમાન આવ્યા, તેમ ધંધાધાપા, કુટુંબના કઇંક સમાચારના નિમિત્તો આવ્યા. જે બધા મામુલી કંટક તુલ્ય છે. જો તે વખતે તમે જો તેની અસર ન લો તો આરાધના કરી શકો. અને જો અસર લો તો તમારી ગતિ ઓછી થાય. આ કાંટા જેવા જઘન્ય વિઘ્ન છે.

હવે મધ્યમ વિઘ્ન

જેમ સામાયિક કરવું છે. પણ ૪ ડીગ્રી તાવ આવ્યો, ઉભા નથી થઇ શકતા. પૂજા કરવા જવું છે પણ પગમાં વા છે. જેનાથી ઉભા નથી થઈ શકતા. ઈચ્છા છે છતાં કરી શકતાં નથી. જેમ સામાયિક અણિશુધ્ધ કરવું છે તેના માટે ઘણી મહેનત કરે છે. પણ સામાયિકનું સ્વરૂપ મહેનત કરવા છતાં ઉંડાણથી સમજી શકતો નથી. માટે ક્રિયા અણિશુધ્ધ કરી શકતો નથી. ખામી વાળી ક્રિયા થાય છે તે મધ્યમ પ્રકારના વિઘ્ન છે.

હવે ઉત્કૃષ્ટ વિઘ્ન વિચારીએ.

હવે તેને બદલે પૂજા કે સામાયિક કરવા બેઠા, તેમા કંટાળો આવ્યો. ટીવીમાં સારો પ્રોગ્રામ આવ્યોને ઘરમાં બધા તે પ્રોગ્રામ જુએ છે; મજા કરે છે, તે વખતે થાય કે આ બધા કેવી મજા કરે છે. આપણે પૂરાઈ ગયા, ફસાઈ ગયા. જેમ કોઈએ ઉપવાસ કર્યો તે દિવસે મહેમાન આવ્યા. જેથી બધા માલપાણી ખાય છે. ત્યારે એમ થાય કે બધા માલપાણી ખાય છે. આપણે રહી ગયા. આપણી મજા ચાલી ગઈ. આ બધા ઉત્કૃષ્ટ વિઘ્ન છે. કારણ પાપથી છુટવાનુ લક્ષ્ય હતું. છતાં થાય કે પાપને છોડીને અહિંયા ક્યાં બેસી ગયો! જો પાપમાં હોત તો મજા પડત. માટે દિશાભ્રમથી બુધ્ધી ખરાબ થઇ ગઇ. હવે તમે વિચારજો આવું જીવનમાં કેટલી વખત બને છે?

જેનાથી આવા વિચારોને આધીન થઈને ધર્મ અનુષ્ઠાનમાં છબરડાં વાળતા હોવ છો. આ ઉત્કૃષ્ટ વિઘ્નથી અનુષ્ઠાન ટોટલી ફેલ થાય છે.

જઘન્ય વિઘ્ન - કાંટા જેવું

મધ્યમ વિઘ્ન - રોગ જેવું

ઉત્કૃષ્ટ વિઘ્ન - દિશાભ્રમ, બુદ્ધિભ્રમ જેવું છે.

સભા:- સામાયિક કરતાં વિઘ્ન આવે તેને પાપ વધારે બંધાય કે ન સામાયિક કરે તેને વધારે પાપ બંધાય?

સાહેબજી:- સામાયિક કરતો હોય કે ન કરતો હોય પણ તેને આવા વિચારથી ભયંકર પાપ બંધાય છે. સામાયિક ન કરે એટલે શું તે વિઘ્ન નહી?

સભા:- આપે કહ્યુંને કે સારા કામમાં વિઘ્ન આવે.

સાહેબજી:- સારા કામ કરવા નિકળે ત્યારે ખબર પડે કે વિઘ્ન આવ્યું. પણ ન નિકળે તો બેલેન્સ તરીકે તો પડ્યા જ છે. બેઉના ભાવ સરખા છે માટે સરખુ પાપ બંધાય છે. ઘણા કહે કે બાધા લઈએને તૂટી જાય તો પાપ લાગે.

સભા:- પણ સાહેબજી એક ચોર ચોરી કરે છે અને એક જજ ચોરી કરે છે તો તેમાં કોને પાપ વધારે બંધાય?

સાહેબજી:- તમે જે આ ઉપમા આપી છે તે ખોટી છે. કારણ સામાયિક કરે છે તે પણ સંસારી છે. ગૃહસ્થ છે. નથી કરતો તે પણ ગૃહસ્થ છે. માટે તમે એમ કહો કે સંસારી માણસ જુઠુ બોલે અને સાધુ જુઠુ બોલે તે બેમાં કોને પાપ વધારે? આમ કહો તો બરાબર. અહિંયા સાધુને વધારે પાપ બંધાય. કારણ શ્રાવકના વેશમાં ગૃહસ્થ જુઠુ બોલે છે એના કરતાં સાધુના વેશમાં સાધુ જુઠુ બોલે ત્યારે વધારે પાપ લાગે. માટે ભૂમિકા બદલવી પડે.

જેમ તમે પૈસા રાખો તો પાપ લાગે છે. અત્યારે તમારા ખિસ્સામાંથી થોડા તો પૈસા નીકળવાના જ. જ્યારે મને તપાસે ને પૈસા નીકળે તો કોનું પાપ મોટું કહેવાશે?

સભા:- આવુ થાય તો પછી છાપે ચઢાવે.

સાહેબજી:- તમારા જેવા બધા બેઠા છે માટે ચઢાવે છે. પરંતુ આ તો ભયંકર પાપ છે. તમારુ કર્તવ્ય છે કે તેમને સમજાવવા બીજી રીતે પ્રયત્ન કરવો જોઈએ. જેમાં ધર્મ નિંદાય નહી. પરંતુ જો આવી રીતે કરશો તો તમે ભવોભવ ખોઈ નાંખશો.

માટે કક્ષા બદલાય તો પાપ લાગે. માટે સાધુ પૈસા રાખે તો વધારે પાપ લાગે છે. તેથી સામાયિક કરવા બેઠેલાને વિઘ્નના નિમિત્તની અસર લેવાથી પાપ લાગે છે. તેમ પેલાને પણ વગર સામાયિકે તેવા ભાવ હોવાથી પાપ લાગે છે. માટે બાધા લઈને તૂટે તો પાપ લાગે અને બાધા ન લે તો પાપ ન લાગે તેવું નથી. માટે એવો એકાન્તે નિયમ ન બંધાય.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૧૪-૯-૯૫
ગુરુવાર
ભાદ.વદ
પાંચમ

વિઘ્નજય, સિધ્ધી ભાવધર્મ — ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણો આત્મા સર્વ પ્રકારની સિધ્ધીને પામે તે માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ સિધ્ધી પદ એટલે તેમાં આત્માનો સર્વશક્તિ અને સર્વગુણોનો પરાકાષ્ટાનો વિકાસ થાય છે. સિધ્ધ ભગવંત સર્વ રીતે પરિપૂર્ણ છે. જ્યાં અનંત શક્તિ અનંત વીર્ય નિરાવૃત થયેલુ છે. સિધ્ધ ભગવંતને ભૌતિક જગતમાં કંઈ રસ નથી. પરંતુ તેમને જે મળ્યુ છે તેને માણવામાં અને ભોગવવામાં જ રસ છે. માટે તેઓ આત્માના ગુણોને ભોગવે છે. ભૌતિક સિધ્ધી મોક્ષમાં સમાયેલી છે. અરે કેવળજ્ઞાનીમાં પણ તમામ પ્રકારની ભૌતિક સિધ્ધી, લબ્ધિ, ચમત્કાર સમાયેલા છે. આ બધાનું ફળ કેવળજ્ઞાન છે.

તમે ગૌતમસ્વામીને અનંત લબ્ધિના સ્વામિ કહો છો. તેમના જેવી બધી લબ્ધિ કેવળજ્ઞાનીમાં હોય છે. ગૌતમસ્વામિજીએ ખીરમાં અંગુઠો રાખી તેને અખૂટ રાખી હતી. તેમ કેવળજ્ઞાની વગર અંગુઠો રાખે અખૂટ બનાવી શકે છે. કેવળજ્ઞાનીમાં શક્તિ તેમનાં કરતાં પણ વધારે છે.

જગતની બધી રીધ્ધી, સિધ્ધી, ઐશ્વર્યને મેળવીને પામવાની તાકાત સિધ્ધોમાં છે. માટે જ તેમને આપણે સિધ્ધ કહીએ છીએ. આવી પરાકાષ્ટાની સિધ્ધીને પામવા માટે ધર્મ આરાધના સાધન છે. તેમાં એક પછી એક સ્ટેપને સિધ્ધ કરવા પડે. અધ્યાત્મની ટોપની ભૂમિકા મોક્ષ છે, પણ તેને પામવા માટે નીચેની બધી અધ્યાત્મની ભૂમિકા ક્રમસર સર કરવાની છે.

તેને પામવી અને સિધ્ધ થવી, તેનું નામ જ સિધ્ધી ભાવધર્મ છે. હવે તે પામી કોણ શકે? જે વ્યક્તિ ધર્મ આરાધના કરતાં વિઘ્નજય કરી શકે તે જ સિધ્ધીને પામી શકે છે. તમને શીલપણ સદાચાર, આરાધના સિધ્ધ થઈ ક્યારે કહેવાય? જ્યારે તમે તેના વિરોધી વિઘ્નોને જીત્યા હોવ તો.

જેમ અમુક સદાચાર, ઉદારતા પામવી છે. તેમાં તમે જે લેવલનો વિકાસ કરો છો તે ક્યારે સિધ્ધ થયો કહેવાય કે જ્યારે તે લેવલના વિઘ્ન આવે તેને પાર પામી શકો તો જ સિધ્ધ થયો કહેવાય છે.

ધર્મ આખો સદાચાર, સદ્‌ગુણોમાં સમાઈ જાય છે. ધર્મના ક્ષેત્રમાં પ્રેરણા કે ઉપદેશ સદ્‌ગુણ, સદાચારનો જ આપવામાં આવે છે. દુરાચાર અને દુર્ગુણની નિંદા અને સદાચાર અને સદ્‌ગુણોનો આદર પેદા થાય તેનું નામ જ ઉપદેશ છે.

હવે સદ્‌ગુણ, સદાચાર સામાન્ય રીતે કે માંદલા, માંદલા કરીએ પણ અસ્થિમજ્જાવત ન થાય તો તેને સિધ્ધ થયા ન કહેવાય. તેના પર તમારો અધિકાર, ચીપ સ્થાપીત થઈ જવો જોઈએ.

ગુણોને સિધ્ધ કરવા માટે તેના વિરોધી વિઘ્નોને પાર કરવાની તાકાત જોઈએ. તમે ક્ષમાનો પ્રયત્ન કરતાં હોવ ત્યારે ક્યાં સુધી ક્ષમા કેળવી શકો? હા, કદાચ પુણ્ય હોય અને ક્રોધનું નિમિત્ત ન મળે ત્યાં સુધી ને? જેમ તમે અત્યારે વ્યાખ્યાનમાં શાંત બેઠા છો. એટલે શું તમને ક્ષમા સિધ્ધ થઈ કહેવાય ખરી? નિમિત્ત મળે તો હમણા જ ઉશ્કેરાઈ જાવ તેમ છો. માટે તેની જેમ મોટાભાગની ક્રિયાઓમાં પણ જ્યાં સુધી વિઘ્ન નથી આવ્યુ ત્યાં સુધી કરી શકો છો.

તમારી એકપણ એવી ધર્મક્રિયા ખરી કે જેમાં વિઘ્નો આવ્યા હોય ત્યારે તમે તેને હંફાવી, તોડીને તેમાં સ્થિર રહ્યા હોવ. અત્યારે તમે વિઘ્નોને જીતેલા નથી પણ વિઘ્નોથી તમે જીતાયેલા છો.

સભા:- આ કાળમાં આ ભાવધર્મ આવે ખરો?

સાહેબજી:- સંપૂર્ણ ન આવે પણ અમુક ટકા આવી શકે. પરંતુ અત્યારે તો તમને અમુક ટકા પણ નથી. પૂજા કરતા નિમિત્ત મળે અને વિચલીતતા આવે છે. માટે ૨૪ કલાક વિઘ્નોની અસર નીચે જ છો. સિધ્ધી ભાવને પામનાર માણસનું સ્તર, લેવલ ઘણુ જ ઉંચુ હોય છે. પાંચ ભાવધર્મમાંથી એક ભાવને પામવો પણ મહા સાધ્ય છે. અને તેમાં એક ભાવધર્મમાંથી બીજામાં આવે

એટલે તો સીધો હાઈજમ્પ જ કહેવાય. અને જેને પાંચેય ભાવધર્મ આવી જાય તે તો પછી સંસારનો મહેમાન જ છે. તેને તરત મોક્ષે જવાની તૈયારી છે.

વિઘ્નજય કરવો તે તો મહાસાધક માટે પણ કઠણ છે. આપણે આગળ ઘણા પ્રકારના વિઘ્નો જોઈ ગયા. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ વિઘ્ન. જરા થોડું વિચારી લઈએ. જઘન્ય વિઘ્ન - બાહ્ય નિમિત્ત કષ્ટના, દુઃખના જેને કંટક જેવા કહ્યા છે. જેમ એક માણસ મુસાફરી કરવા નીકળ્યો છે તેને રસ્તામાં કાંકરા, ખાડા, ટેકરા, ભૂખ, તરસ, ગરમી, ઠંડીના કારણે તેને મુસાફરીના પ્રયાણમાં આડખીલી ઉભી થાય. આની જો તે અસર લે તો તેની ગતિ મંદ થાય. પણ તેનાથી તેની સાધના અટકતી નથી.

હવે મધ્યમ વિઘ્ન, જેમ મુસાફરીમાં તાવ આવ્યો, વા આવ્યો, પગ મચકોડાઈ ગયો, એકદમ કારણસર અશક્તિ આવી, જેના કારણે ચાલી ન શકવાથી આગળ વધવામાં કસોટી ઉભી થાય તેમ આત્મ સાધનામાં પણ આવા વિઘ્નો આવે. હવે ત્યારે સાધનામાં અવરોધ ઉભો થાય છે. આ મધ્યમ પ્રકારના વિઘ્નો છે.

ઉત્કૃષ્ટ વિઘ્નમાં વ્યક્તિને બુધ્ધિ ભ્રમ થાય છે. જેમ મુસાફરીમાં જતાં કોકને રસ્તો પૂછ્યો અને તેને ઉંધો રસ્તો બતાવ્યો. તો તે વખતે વ્યક્તિ ગમે તેટલો ચાલે તો પણ તેના ધ્યેયે પહોંચે નહિ. કારણ માર્ગદર્શનમાં જ ભ્રમ થયો છે અને ઘણી વખત સ્વયં પોતાની બુધ્ધિ બગડવાથી પણ ભ્રમ થાય છે. અથવા ચાલતાં ચાલતાં કદાચ કંટાળો આવે, મુડી હોવાના કારણે થાય કે હવે જવું નથી. માટે ઘડીકમાં હા, ને ઘડીકમાં ના એમ તેના સંકલ્પ બદલાતા હોય. જ્યાં ધ્યેય બધ્ધતા ન હોય. આ બધાને દિગ્મોહ, ઉત્કૃષ્ટ વિઘ્ન કહ્યુ છે. આ બધા ઉપમા રુપે કહ્યા છે. હવે તેમાં દૃષ્ટાંત રૂપે પણ વિચારી લઈએ.

જેમ તપ, ઉપવાસ, સામાયિક, પૂજા કરવી છે. તેમાં વિઘ્ન આવે જેમ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું છે. ને પિત્ત ચાલુ થાય, ભૂખ, તરસ લાગે. કારણ આ તો શરીરનો સ્વભાવ છે. એક તો તપના કારણે અંદરની ગરમી, ~~તપન~~ અને બાહ્ય

પણ ગરમી હોય તો બેચેની વધે. અને આ બધાની જો અસર થાય તો માનસીક વ્યગ્રતા, વ્યાકુળતા આવે તો તપની આરાધના અણીશુધ્ધ કરવામાં સ્ખલના આવે. પરંતુ તમને પચ્ચખાણ લેતાં પહેલાં જ શું ભાવ હોય છે? પચ્ચખાણ લેતાં પહેલાં જ કહો કે એવું પચ્ચખાણ આપજો કે કોઈ કષ્ટ ન આવે. માટે ધર્મ કરવાં જતાં પહેલા જ તમારો શું સંકલ્પ છે? બસ સાધનામાં કોઈ જાતનું કષ્ટ ન આવવું જોઈએ. વગર કષ્ટે પાર ઉતરવી જોઈએ.

પરંતુ કોઈ કષ્ટ નહિ આવવું તે ભાવના છે તે જ અમારી દ્દષ્ટીએ વિઘ્ન છે. તમને શારીરિક, ઈન્દ્રીયની દ્દષ્ટીએ બધી રીતે અનુકુળતાની અપેક્ષા છે. અનુકુળતા સાથે ધર્મ આરાધના કરવાનો જે ભાવ છે તે આર્તધ્યાન છે.

<u>અનુકુળતા</u>ની <u>અપેક્ષા</u> <u>અને</u> <u>પ્રતિકુળતાનો</u> <u>દ્વેષ</u> <u>તે</u> <u>આર્તધ્યાન</u> <u>છે</u>. માટે આર્તધ્યાન સાથે ધર્મ આરાધના કરવાનો તમને ભાવ છે.

સભા:- આવો ભાવ આવે પછી આત્મા દુ:ખી થાય છે.

સાહેબજી:- તે સારુ છે. હું તેની ના નથી પાડતો. પણ પહેલાં આર્તધ્યાન તો આવ્યુ જ.

જેમ તમે ઉંઘતા હોવ ત્યારે ચોર સંપત્તીને લૂટે છે તે તમને ખબર નથી પડતી. પરંતુ જો તેની ખબર પડે તો તેનો ઉપચાર થાય ને? માટે ધ્યાન, યોગ, આરાધના, સાધના કરતાં અપેક્ષા શું? કે કોઈ તકલીફ ન જોઈએ. માટે જ ધ્યાન કરતાં પહેલાં ફ્રીક્સ પી લો છો. સાથે શારીરીક અનુકુળતા માટે પણ પંખા, ડનલોપીલો બધાની વ્યવસ્થા રાખો છો. આ બધાનો શું અર્થ થયો! આર્તધ્યાને પહેલાં સ્થિર કરીને પછી પલાંઠી વાળીને ધ્યાન કરવા બેસવાનું. માટે તેનાથી કેવું ધ્યાન થાય અને તેમાં શું બંધ બંધાય

તમારે અનુકુળતાની અપેક્ષાએ કેટલું ફીલ્ડ છે. અને પ્રતિકુળતાની

કેટલી અરૂચી છે, દ્વેષ છે તે વિચારજો. તમને ૨૪ કલાક પ્રતિકુળતાના વિયોગની અપેક્ષા અને અનુકુળતાના સંયોગની અપેક્ષા રહે છે. અને તેનું જ નામ આર્તધ્યાન છે.

જેમ સામાયિક કરવા બેસો તો શું ભાવ કે મને મચ્છર ન કરડે, ગરમી ન લાગે, ઠંડક જોઈએ. આ બધી અપેક્ષા છે માટે આર્તધ્યાન અંદર પડેલુ જ છે.

સભા:- ધર્મક્રિયાને અનુકુળ સામગ્રી મળે તે આર્તધ્યાન છે?

સાહેબજી:- ધર્મક્રિયાને અનુકુળ સામગ્રી મળે તે ભાવનાને કાંઈ આર્તધ્યાન નથી કહેતા. જેમ મને પ્રભુપૂજા સારી કરવા સારા ફળ, સારા નૈવેદ્ય, કેસર, પુષ્પ મળી જાય તેવી ભાવના રાખો તે સારી છે. તેનાથી સારી ભક્તિ કરી શકુ તે આર્તધ્યાન નથી. સામાયિક કરવા બેસતાં એમ ભાવ થાય કે હું વિધિ મુજબ બરાબર સામાયિક કરી શકુ તે માટે કોઈ એવો પ્રસંગ ન આવે કે હુ સામાયિક ન કરી શકું. આ ભાવ શુભ ભાવ છે. આર્તધ્યાન નથી.

સભા:- સંયોગો બરાબર હોય તો ધર્મક્રિયા બરાબર થાય ને?

સાહેબજી:- તમને કેવા સંયોગો જોઈએ છે? બરોબરનો તમે શું અર્થ કરશો? સુખપૂર્વક જ થાય. એમ તો તમને વિઘ્ન આવે છે તેને સહન કરવાનું બળ માંગો. જે નિમિત્તો છે તેની અસર તમે લો તો તે વિઘ્ન છે. અનુકુળ સંયોગો કેવા જોઈએ છે? જેમ સંસારની બધી જવાબદારી, કામ, ચિંતા, પાર ઉતરી જાય પછી નવરા પડો એટલે ધર્મ કરવાનો. બરાબરને? તમારે સંસારનું કામ આવે એટલે તમે ધર્મને પડતો મૂકો છો.

જેમ સામાયિક કરવા બેસતાં અચાનક ફોન આવે કે મોટો ઘરાક ઓફિસે આવ્યો છે. સારો સોદો થાય તેમ છે. આ સમાચાર મળતાં શું કરો? સામાયિક પડતું મૂકોને? સંસારમાં તો નાના પ્રશ્નો હજાર રહે છે. માટે તેને પહેલાં સુલટાવા અને પછી જ ધર્મ કરવા બેસવું તે તમારે નિર્વિઘ્નતાનું લક્ષણ છે. તમે સંસારને પ્રાયોરીટી આપો છો. અને ધર્મનો તો તમારે

છેલ્લો નંબર છે. સંસારનું બધુ પાર પડે પછી નવરા ધુપ જેવા છીએ માટે હવે ધર્મ કરીએ. આવો અનુકુળતાનો અર્થ નહી કરવાનો. તમે સામાયિક કરવા બેઠા ને ફોન આવ્યો. એટલા માત્રથી તેને વિઘ્ન ન કહેવાય. પરંતુ સામાયિક કરવા બેસતાં અચાનક પગમાં લચક પડી ગઈ જેથી વાંકા પણ વળી ન શકો. માટે બરાબર ખમાસમણુ આપી શકો તે માટે આ કષ્ટ દૂર થાય તેમ માંગવાનું છે.

પ્રાથમીક કક્ષાના વિઘ્ન આવે અને સહન ન કરી શકો તો શું થઈ શકે તેનું દ્રષ્ટાંત મેઘકુમારનું છે.

મેઘકુમાર શ્રેણીકરાજાના પુત્ર છે. તેમને આગલા ભવની આરાધનાથી એવું પુણ્ય બાંધ્યુ છે કે જેનાથી રૂપ, ચતુરાઈ, બુધ્ધિ, ઐશ્વર્ય, વિશેષ મળેલ છે. લૌકિક દ્રષ્ટીએ તેમને બધુ જ મળ્યુ છે. પણ પ્રભુ મહાવીરની એક વખત દેશના સાંભળી ને ઉત્કૃષ્ટ વૈરાગ્ય થવાથી દીક્ષા લેવાના ભાવ થયા છે. તેમને દીક્ષા લેવાની ખૂબ મક્કમતા છે માટે તેમની માતા ધારીણીને પગે લાગીને કહે છે હું પ્રભુ મહાવીરની દેશના સાંભળીને આવ્યો છુ. આટલુ સાંભળતા માતા રાજી થયા પણ આગળ કહે છે કે "હું આ સંસારમાં રહેવા માંગતો નથી." આ સાંભળતાં માતા બેભાન થઈ ગયા. જ્યારે ભાનમાં આવ્યા પછીથી તેમને દીક્ષા ન લેવા માટે ખુબ જ સમજાવે છે. સંયમ પાળવું તે કાંઈ રમત વાત નથી. પરંતુ તેમના મનની મક્કમતા છે. માટે માતાના વર્ણનની કોઈ જ અસર થતી નથી. અને કહે છે આત્મગુણોને વિકસાવવા માટે હું બધુય સહન કરીશ. શ્રેણીકરાજા પણ તેમને ખુબ જ મનાવે છે કે મોટી ઉંમરે દીક્ષા લેજે. પરંતુ તેઓ માનવા તૈયાર નથી. છેલ્લે પિતા કહે છે કે દીક્ષા લેતા પહેલાં હું તારો મગધ રાજ ઉપર રાજ્યાભિષેક કરવા માંગુ છુ. શ્રેણીકરાજાને તેમના વૈરાગ્યની કસોટી કરવી છે. મગધ રાજ ઉપર રાજ્યાભિષેક કરી મગધનો સમ્રાટ

બનાવવો છે. મેઘકુમાર તેમની ઈચ્છાને પૂરી કરવાની હા પાડે છે. શ્રેણીક રાજા પોતે રાજ્યાભિષેક કરે છે. એક વખત રાજતીલક કરીને ગાદી પર બેસાડે પછી પિતા હોય તો પણ તેમની સામે હાથ જોડીને ઉભા રહે. શ્રેણીકરાજા પુછે છે ફરમાવો આજ્ઞા શું છે? ત્યારે તેમની પાસે આટલી સત્તા સંપત્તિ હોવા છતાં કહે છે કે મારી આજ્ઞા છે કે ઓઘો અને પાતરા લાવો.

વિચારજો તેમનો કેવો વૈરાગ્ય હશે? આત્મ સંકલ્પ કેવો હશે? પછીથી પ્રભુ પાસે જઈને દીક્ષા લે છે. હવે દીક્ષા લીધા પછી પ્રભુએ તેમને સ્થવીરોને સોંપ્યા છે. સંસારમાં ગમેતેવી મોટી વ્યક્તિ હોય પણ દીક્ષા લીધા પછી તો ક્રમ પ્રમાણે નંબર આવે છે. ધર્મના ક્ષેત્રમાં આ સત્તા, સંપત્તિ, ઐશ્વર્યથી મોટી વ્યક્તિ ગણાય નહી. ચક્રવર્તી પણ દીક્ષા લે તો તેને નાનો સાધુ જ કહેવાય છે.

સભા:- પણ નવદીક્ષીત હોય તો તેમના પરિણામ તો જાળવવા જોઈએને?

સાહેબજી:- બોલો પરિણામ જાળવવા શું કરે? ખોળામાં લઈને ફરે? પરંતુ નવ દીક્ષીતને બધા સાધુભગવંતની વૈયાવચ્ચ સોંપી દેવી કે પાણીના ઘડા લાંવવા કે બધાની ભક્તિ કરવી, ગોચરી લેવા મોકલવા, આવુ બધુ તરત જ ન સોંપે. પરંતુ વિનય ધર્મ તો શીખવાડવો પડે. માટે નાનાને કાંઈ મોટો બનાવાય નહી. નવદિક્ષીતના પરિણામ જાળવવા તેમની પાસેથી કઠોર ચર્યા કે બધાની સેવા, શુશ્રુષાની અપેક્ષા રખાય નહી. પરંતુ તે અપરિપક્વ હોવાના કારણે જરૂર પડે મોટા સાધુભગવંત તેમને સાધુ ક્રિયામાં સહાય કરે.

પ્રભુએ એમને સ્થવીરને સોંપ્યા છે. હવે આમને દીનચર્યા તેઓએ કરાવી અને છેલ્લે રાત્રે સંથારો કરાવતાં તેમના ક્રમ પ્રમાણે છેલ્લો નંબર હોવાથી તેમનો સંથારો દરવાજા પાસે આવ્યો. ફુળની શૈયામાં સુનારને ક્યાં સુવાનું આવ્યુ? પૌષધમાં રાત્રે ક્રિયા ઓછી હોવા છતાં પણ તમે

રાત્રિપૌષધ કરી નહી ને? કારણ આ રીતે સંથારામાં સુવું ફાવે નહી ને?

હવે અહિંયા શું બન્યુ કે હજાર મહાત્માઓ ઘડીકમાં ધ્યાન માટે, સ્વાધ્યાય માટે, કે માતરા માટે બહાર જાય આવે છે. માટે તેઓની અવર જવર ચાલુ હોવાથી રેતીવાળા બધાના પગ તેમના સંથારા પર પડવાથી તેઓ આખી રાત સુઈ શકતા નથી. તેમને આ પ્રથમ કક્ષાનું વિઘ્ન આવ્યુ છે. તેમને શીથા પરિષહ આવ્યો છે. માટે તેમને થયુ કે આમ હું જો પાંચ મિનિટ પણ ન સૂઇ શકુ તો આ રીતે આખી જીંદગી કઇ રીતે જવાશે. માટે તેમને લાગે છે કે હું સંયમ નહી પાળી શકુ. મારામાં સંયમ પાળવાની ક્ષમતા નથી.

આ જે ભાવ થયા છે તેમાં તે વિઘ્નની અસર થઇ છે. આ અસરથી સંયમ પાળવાનું કામ મારૂ નહી એમ એમને થાય છે. પણ એમનો ખ્યાલ નક્કી હતો કે સંસાર તરવા માટેનું ખરૂ સાધન તો સંયમ જ છે. માટે તેમને સંયમ માટે જ અત્યારે પણ રાગ છે અને સંસાર પર અત્યારે પણ દ્વેષ છે. તેમને એમ નથી થતુ કે હું ક્યાં આ સંયમમા ભરાઈ ગયો. જો આવો ભાવ થયો હોત તો તે ત્રીજા પ્રકારનું વિઘ્ન બની જતે. પરંતુ તેમનો ભાવ છે કે આ ઉત્તમ માર્ગ છે તે જીવવા જેવો છે પણ મારૂ કામ નથી.

સભા:- તેમને સાહેબજી પહેલેથી આ બધાની ખબર નહી હોય?

સાહેબજી:- આમ પોતે રાજકુમાર છે. સુકુમોળ દેહ છે. ખુબ જ સુખના ઉદય હોવાના કારણે પ્રેક્ટીકલમાં આમ થાય તેવું ખબર ન હોય. તેમને આ કાંઇ અખતરા રૂપે કરાવ્યું ન હોય. પરંતુ વર્ણન સાંભળીને માનસીક રીતે સંકલ્પ કરીને દીક્ષા લીધી છે. જેમ તમે અત્યારે બંગલા અને ફ્લેટોમાં રહો છો. હું અત્યારે તમને ઝુપડપટ્ટીનું વર્ણન કરૂ તો કેવી અસર થાય? પણ જ્યારે પ્રેક્ટીકલમાં રહેવાનુ આવે ત્યારે કેવી અસર થાય? અત્યારે ઘણા સાધુઓના નાના નાના દોષો જોઇને સલાહ આપતા હોય છે કે. આમ ન કરવું જોઇએ, આમ કરવું જોઇએ. સાધુઓ અત્યારે કશું કરતા નથી.

પણ આવું કહેનારને કહેવું પડે કે તમે એક વખત તો તમે એ પ્રમાણે કરી બતાવો. ઘણા કહે છે અત્યારે એક સાધુ ગુરુ બનવા લાયક નથી. જો ન લાગતા હોય તો તમે બધાના ગુરુ બનીને બતાવો. તમે સારા સાધુને આ કાળ પ્રમાણે પણ મુલ્યાંકન ન કરી શકો તો કેમ ચાલે? અમે શીથીલાચારી સાધુની વાત કરતા નથી. પરંતુ અત્યારે એક બેઘડીનું સામાયિક પણ કરવું નથી અને આવી વાતો કરો કેમ ચાલે?

હવે મેઘકુમારને અનુભવથી લાગ્યુ કે અહિંયા મારુ ગજુ નથી. માટે સવારે પ્રભુ પાસે જઈને રજા લઈને ઘરે જઈશ. આમ વિચાર કરે છે. આ પ્રાથમીક કક્ષાનું વિઘ્ન છે. મધ્યમ કે ઉત્કૃષ્ટ વિઘ્ન નથી.

તેમ તમને વિધિ કરતાં આવા ભાવ આવે. કે આપણું કામ નહી, માટે મૂકી દેવાનું મન થાય, કે તેમાં છુટછાટ લેવાનું મન થાય તો પ્રથમ કક્ષાના વિઘ્નની અસર છે. જે આરાધનામાં સ્ખલના, અવરોધ ઉભા કર્યા કરે છે.

અહિંયા ખાસ ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યુ છે કે વિઘ્નોને જીતવાનો ક્રમ ઉલટો છે. પહેલાં ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્નોને જીતવાના છે. પછી મધ્યમ કક્ષાના, અને પછી જઘન્ય કક્ષાના વિઘ્નોને જીતવાના છે. અને આપણે અહિંયા જ થાપ ખાઈએ છીએ. ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્નથી તો મુળથી જ આરાધના ભાંગી પડે છે. જ્યારે જઘન્ય અને મધ્યમ વિઘ્નોથી તો માંદલી, માંદલી પણ આરાધના ચાલુ રહે છે. માટે ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્નોનો પહેલા વિજય કરવાનો છે નહીતર ધર્મ જ નિષ્ફળ જશે.

જેમ તમે પૂજા કરવા ગયા ને તે વખતે એવો ભાવ આવ્યો કે આ ધંધાની સીઝન હોવાના કારણે બીજા બધા અત્યારે કમાઈ રહ્યા છે. હું અત્યારે પૂજા કરવા આવ્યો માટે રહી જઈશ. અથવા લાંબો ટાઈમ પૂજામાં થવાથી હવે એમ લાગે કે પૂજા ઝટ પૂરી થાય તો સારુ. અથવા તો આપણે આટલી પૂજા કરીએ છીએ પણ આપણને તેનાથી શું મળે છે? જે પૂજા નથી કરતાં છતાં લહેર કરે છે. માટે કાંઈ પૂજા કરવા જેવી નથી. જો આવા બધા

બધા ભાવ આવે તો તે દિગ્મોહ છે. કારણ સારાને ખરાબ માનો છો, ખરાબને સારુ માનો છો. જેમ દિશાભ્રમ થવાથી ગમે તેટલુ ચાલે તો પણ તે ધ્યેયે પહોંચે નહી અને તેનો આંટો ફોક જાય છે. તેવી જેમ ધર્મ આરાધના આ વિઘ્નથી ફોગટ થાય છે.

પરંતુ મેઘકુમારને વિઘ્નની અસર થવાથી થાય છે કે આપણુ કામ નહી. માટે સંયમ છોડવા તૈયાર થયા છે. તેમાં ઢીલાશ આવી પણ એમ નથી થતુ કે મેં ક્યા આવી ઉપાધી વહોરી, રાજસત્તા, સુખ, વૈભવ. આટલું હોવા છતાં હું ક્યા અહિંયા ભરાઈ ગયો. આવા કોઈ ભાવ થતા નથી.

સભા:- દિક્ષા છોડે છે તે વધારે ખરાબ ન કહેવાય?

સાહેબજી:- દીક્ષા છોડે છે પણ અત્યારે પણ તેમને દીક્ષા તો લેવા જેવી જ લાગે છે. હા, તે વખતે દીક્ષા લેવાની ખરાબ લાગે તો વધારે ખરાબ કહેવાય. તેમને અત્યારે પણ નિષ્પાપ જીવન જ ગમે છે. સંસાર તરફ ક્યાંય રાગ નથી.

તમે પૂજા કરો છો, લાંબા ટાઇમથી ભક્તિ આરાધના કરો છો. અને ભક્તિ ન કરનાર વ્યક્તિ તમારા કરતાં વધારે કમાઈ જાય તો શુ થાય? આવા ભાવ આવે છે?

સાહેબજી:- પણ સાહેબજી ભક્તિ કરનારને ધન વધતુ જાય માટે વિશેષ ભક્તિ કરે તો શું?

સાહેબજી:- અહિંયા તો તમે ભક્તિનું ફળ શું માન્યુ? ભક્તિનુ ફળ પાપ માન્યુ છે. જેમ પાપ વધતું જાય તેમ તમે વધારે રાજી થાવ છો. એટલે સંસારની પાપ પ્રવૃત્તિ તમને સારી લાગે છે. માટે આતો મહાભ્રમ છે. દિગ્મોહ છે. એક પણ ગુણ કેળવવા જેવો ન લાગે અને એક પણ દોષ કેળવવા જેવો લાગે તો દિગ્મોહ છે. માટે આવી સાધના આત્મકલ્યાણનું સાધન બને નહી.

જેમ તમે મોટરમાં બેસીને સડસડાટ એક જગાથી બીજી જગાએ પહોંચતા હોય છો. ત્યારે અમને વિહાર કરતાં તડકો, ઠંડી, ગરમી, ભુખ વેઠીને જવાના કારણે એ એમ થાય કે આ લોકો કોઈ તકલીફ વગર જાય છે ત્યારે આપણે કઈ રીતે

જવાનું? આવો ભાવ આવ્યો એટલે વિઘ્ન આવ્યુ કહેવાય. પછી દીક્ષા છોડે કે ન છોડે.

પરંતુ મેઘકુમાર જ્યારે દીક્ષા છોડે છે ત્યારે માને છે શું કે દીક્ષા એ જ સારો માર્ગ છે. દીક્ષાને જ સારી માને છે. પણ પોતાની નબળાઇના કારણે છોડવા તૈયાર થાય છે. પરંતુ જો ભગવાને બતાવેલ માર્ગ પ્રત્યે અરુચી થઇ જાય તો દિગ્મોહ થવાથી ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય.

સભા:- ઉત્કૃષ્ટ વિઘ્ન કયા કર્મના ઉદયથી આવે છે?

સાહેબજી:- ઉત્કૃષ્ટ વિઘ્ન મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી જ આવે છે.

સભા:- તેને રોકવા શું કરવાનુ?

સાહેબજી:- તે આવશે, પણ ધર્મ કરનારને ખબર છે કે આ મને ઉત્કૃષ્ટ વિઘ્ન આવ્યુ. કે પછી તમને તે વિઘ્ન, વિઘ્ન જ નથી દેખાતુ? માટે જ તમે ગુલાટ ખાઓ છો. અને મહાસાધના કરનાર પણ આના કારણે ગુલાટ ખાઇ ગયા છે. મેઘકુમારને પ્રાથમીક કક્ષાના વિઘ્નથી મોક્ષમાર્ગની સાધના અટકી જતી નથી.

સભા:- જઘન્ય વિઘ્ન કયા કર્મના ઉદયથી આવે?

સાહેબજી:- તે ચારિત્ર મોહનીયના કર્મના ઉદયથી આવે છે. જઘન્ય અને મધ્યમ બન્ને. જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્ન દર્શન મોહનીયના ઉદયથી આવે છે. જેનાથી મોક્ષ માર્ગની આરાધના રોકાઇ જાય છે.

સભા:- સમકીતીને ઉત્કૃષ્ટ વિઘ્ન આવી શકે?

સાહેબજી:- તેને પણ આવી શકે છે. હા, ક્ષાયીક સમકીતીની વાત કરતા હોય તો બરાબર.

હવે મેઘકુમારના દ્રષ્ટાંતને તમારી જાત સાથે તુલના કરજો. તમને ધર્મ આરાધના ભાના કરમાં મૂકવાનું મન થાય તો તે પ્રાથમીક વિઘ્ન છે. જેમ ક્ષમા કેળવવી છે, પણ જ્યા સુધી નિમિત્ત નથી મળ્યું ત્યાં સુધીને? પ્રાથમીક વિઘ્ન આવે એટલી વાર. જેમ ઘણા કહે સાહેબ ખાઇએ છીએ પણ તેમાં આસક્તી નથી. પરંતુ તે જ્યારે ખાવા બેસે ત્યારે તેને બધુ ગરમાગરમ જોઇતું હોય. સાથે ચટણી, શાક, પાપડ બધુ જ જોઇએ. એકલી રોટલી તો ભાવે નહી. શાક, ચટણી સાથે જોઇએ. અને પાછા કહે મને આસક્તી

નથી. અમને સાધુ માટે પણ કસોટી કરવા કહ્યુ છે કે સારી વસ્તુ, ખરાબ વસ્તુ બન્ને ભેગી થઈ જાય તો ચિંતા કરવી નહી. એક શાક, બે શાક, ફરસાણ બધુ જ ભેગુ થાય તો જરાપણ ચિંતા કરવાની નહી. પરિણામ બગાડવના નહી.

સભા:- ઉંધીયુ થઈ જાય.

સાહેબજી: હા, એક વખત તમે અહિંયા આવો પછી તમને આપીએ. ખાઓ; પરંતુ તમારી બધી ડીમાન્ડ શું હોય છે? ચોક્કસ ડીમાન્ડો હોય છે. અમે રોટલી શાક જુદા હોય અને ભેગા કરીને ખાઈએ તો પણ દોષ, અને ભેગા હોય ને અરૂચી કરી ખાઈએ તો પણ દોષ.

સભા:- આને સિંહ ભોજન કહે છે?

સાહેબજી:- તેનો આખો જુદો એંગલ છે. જેમ સિંહ ભોજન કરવા નીકળે ક્યારે? જંગલનું કોઈ પ્રાણી તેની સામે બાથ ન ભીડી શકે. છતાં કડકડીને ભુખ લાગે ત્યારે તે ભોજન કરવા નીકળે. તમારે આવો નિયમ ખરો?

સભા:- પછી રસોઈ બનાવવા ક્યાંથી બેસાય?

સાહેબજી:- તે વખતે રસોઈ કરવાની વાત નથી. પણ કડકડીને ભુખ લાગે ત્યારે જ જમવા બેસો છો? હું ધીકાર શબ્દ બોલું છું. તમે બધાને અત્યારે ડબ્બામાં પુરો છો ને? અને જોઈતું ન મળે તો આર્તધ્યાન થાય ને?

અમારે છ કારણ વગર ગોચરી લેવા નીકળાય નહી.

જેમ સહન ન થાય તેવી ભુખ હોય,

વિનય, વૈયાવચ્ચનો પ્રશ્ન હોય,

લબ્ધિ આદિ કરવાની હોય

સ્વાધ્યાય, તપ કરવા શક્તિની જરૂર છે માટે.

સભા:- રોગનું કારણ નહી?

સાહેબજી:- હા, હોય પણ તે અપવાદ માર્ગ છે. રોગ કાંઈ દરરોજ ન હોય. પરંતુ આ તો દરરોજ ગોચરી લાવવા માટેના છ કારણો છે. અને આ કારણોથી ગોચરી લેવા નીકળે પછી પણ ગોચરી કેવી રીતે લે? જેમ સિંહ સત્વ સાથે લે

તેમ નિર્દોષ રીતે સત્વ, ખુમારી સાથે ગોચરી લેવાની છે.

સભા:- બધુ ભેગુ કરીને ખાવાથી શરીરમાં વિકૃતી ન થાય?

સાહેબજી:- શરીરમાં વિકૃતી થાય તેવી રીતે અમને ભગવાને ખાવાનું કહ્યુ નથી. ભગવાને કારણે ખાવાની છૂટ આપી છે તેમાં કઇ રીતે શું ખાવું? બધો જ હિતાહિતનો વિચાર કરીને પથ્ય ભોજન કઇ રીતે લેવું તે બતાવ્યુ છે. કાંઇ લીંબુને દૂધ ભેગા કરીને નથી ખાવાનું કહ્યુ. દૂધને શાક કાંઇ ભેગા કરીને નથી ખાવાનું કહ્યુ. પરંતુ વિવેક સાથેની બધી વાતો છે. અહિંયા તો સ્વાદને મારવાની વાત છે કાંઇ શરીર કે ઇન્દ્રિયને મારવાની કે તોડવાની વાત નથી. માટે રોગ ઉભા થાય તે રીતે ખાવાનું નથી. આજ્ઞામાં પૂરો વિવેક છે. આરાધનામાં શરીરને વિક્ષેપ ઉભો ન થાય તે રીતનો વિવેક છે. નહિતર તો બકરુ કાઢતાં ઉંટ પેસે તેવી વાત થાય.

પરંતુ અનાસક્તી ગુણ કેળવવામાં જો ભાત એકલા આપે અને ન ખાવ તો પ્રાથમીક વિઘ્ન કહેવાય. ગમે તેવા રોગના કારણે જીભ બગડી હોવાથી ગમે તેવી બેસ્વાદવાળી વસ્તુ કદાચ ખાઇ જાય. પણ ત્રીજા પ્રકારના ઉત્કૃષ્ટ વિઘ્નમાંથી પાર ઉતરવું ઘણુ જ મુશ્કેલ છે.

અત્યારે પ્રાથમીક અને મધ્યમ કક્ષાના વિઘ્નોને તમે જીતી શકો તેમ નથી. અને અપેક્ષા પણ રાખતા નથી. પરંતુ સારી આરાધના કરી આત્મ સાધનામાં આગળ વધવા તો ઉત્કૃષ્ટ વિઘ્નોને જીતવા જ પડે.

તમે કહો છો કે સામાયિકમાં ખરાબ વિચારો આવે છે. પણ કઇ કક્ષાના તે વિચારો આવે છે તે જોવા પડે. જેમ લક્ષ્મણા સાધ્વીનુ દ્રષ્ટાંત આવે છે.

તેઓ બાળ વિધવા છે. તેમને કામ સુખ માણ્યુ નથી. તેમને પહેલાં બાળકની ભાવ હતો પણ પછી છોડીને દીક્ષા લીધી છે. એક ચકલા, ચકલીનું નાનું નિમિત્ત તેમને મળ્યુ. ચકલા ચકલીને ક્રીડા કરતાં જોઇને ભાવ આવ્યો કે કેવા નિર્દોષ આનંદથી ક્રિયા કરી રહ્યા છે. ઘણાને પંખીનું જીવન નિર્દોષ લાગે છે. તે મહામિથ્યાત્વ છે. પંખીઓ પણ વિકારોથી ભરેલા છે. તેમ બાળકોને પણ

નિર્દોષ માનો તે મિથ્યાત્વનું લક્ષણ છે.

હવે લક્ષ્મણાશ્રીજીને આટલો વિચાર આવ્યો તે ઉત્કૃષ્ટ વિઘ્ન છે. આ મોટી ભૂલ છે. તેમને પછીથી ખ્યાલ આવવાથી પાછા વળ્યા છે. તરત જ મિચ્છામી દુક્કડં આપ્યુ છે. અને પસ્તાવો કર્યો છે. જે કક્કાની જે માત્રાની ભૂલ કરી તે પ્રમાણે સજા મળે. મોટી ભૂલ કરે તો અમરબંધી પણ સલામત નથી.

સભાઃ- સંસારના સુખ માટે ધર્મ કરે તો?

સાહેબજીઃ- તે તો ભયંકર ભૂલ છે. આ તો કોમનસેન્સની વાત છે. તમારે ધર્મને ક્યાં કાઉન્ટ કરવો છે? ધર્મ પવિત્ર થવા કરાય કે અપવિત્ર થવા કરાય?

પવિત્રતાને પોષવા માટે ધર્મ છે કે .

અપવિત્રતાને પોષવા માટે ધર્મ છે. સંસાર આખાને આપણે પાપમય કહીએ છીએ. માટે સંસાર વધારવા જે ધર્મ કરે તે તો ઉત્કૃષ્ટ વિઘ્ન છે. બુધ્ધિભ્રમ છે, મહાદોષ છે. જૈન શાસનમાં કોઇના માટે સિક્કો માર્યો નથી કે આવી ભુલથી મહાદોષ ન લાગે. જૈન શાસનમાં કોઇનો ઈજારો નથી. ધર્મની વ્યાખ્યા તો ચોખ્ખીને સ્પષ્ટ છે.

ઘણા શું કહે છે કે સંસારની કામનાની પૂર્તી થાય તે માટે પાપ કરીએ તેનાં કરતાં ધર્મ કરીએ તો શું ખોટુ?

જો તમે સંસારની કામનાની પૂર્તી માટે ધર્મ કરવો સારો તે નિયમ બાંધો તો કાલે શું કહેશો. ચોર ચોરી કરવા જાય ત્યારે નવકાર ગણીને જાય તે સારુ. એટલે ચોરીમાં સફળ થવા નવકાર ગણે તે વ્યાજબી.

સભાઃ- પણ તેનાથી નવકાર પર તેની શ્રધ્ધા વધશે ને?

સાહેબજીઃ- એટલે તેનો અર્થ તમે શું કર્યો? કે મનોકામના સફળ થાય તેમ શ્રધ્ધા વધશે. પરંતુ આપણા શાસનમાં શ્રધ્ધાની આવી વ્યાખ્યા ક્યાંય નથી. અત્યારે ઘણા ડોક્ટરોને કે વકીલોને, ધર્મનો ચમત્કાર બતાવો તો પાછળ-પાછળ ફરે. ત્યાં તેમને શેની શ્રધ્ધા થઇ છે. મારા પર કે ચમત્કાર પર શ્રધ્ધા છે? જો આવી રીતે ધર્મમાં શ્રધ્ધા કરાતી હોય તો પ્રભુની કેટલી

શક્તિ હતી? કરોડો દેવતા હાજર હતા. બધાની પાસે ચમત્કાર કરાવીને ધર્મ પમાડી દીધો હોત. પરંતુ પ્રભુએ આવું ન કર્યું તે તમારી દ્રષ્ટીએ તેમને શું ભૂલ કરી? આવી શ્રધ્ધાથી કરાતા ધર્મથી આત્મ કલ્યાણ થવાનું નથી.

સભા:- શાસનના કામો તેનાથી થઈ શકેને?

સાહેબજી:- પણ પહેલાં તમારી શક્તિ છે તેટલા તો શાસનના કામો કરો. મામુલી કામો તો કરવા નથી અને મોટી મોટી વાતો કરવી છે.

॥ પ.પૂ. શ્રી ગુણનુપમવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૫-૯-૯૫ ॥ વિઘ્નજય ભાવધર્મ॥ ઓવારિયા ટેંક
ગુરુવાર
ભાદરવા વદ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને આત્મકલ્યાણના માર્ગમાં ગુરુ, લઘુના ખ્યાલનો વિવેક કરાવવા ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આત્મ કલ્યાણ કરવા નીકળનાર જીવને નક્કી કરવું પડે કે આત્મ કલ્યાણ કરવા માટે આવશ્યક ગુણોને કેળવવાના છે. અને પહેલાં આવશ્યક દોષોનો ત્યાગ કરવાનો છે. તેમાં પ્રાયોરીટી કોને આપવી તે સમજવાનું છે. ગુણ બધા જ સારા છે. દોષો બધા જ ત્યાગ કરવા જેવા છે. પરંતુ જે ગુણોની પાયામાં જરૂર છે તેને પહેલાં કેળવવા પડે છે. પછી મોટા, મોટા એમ કેળવવાના છે. તેની જેમ પહેલાં મોટા ભારેખમ દોષોનો ત્યાગ કરવાનો છે. પછીથી નાના, નાના એમ ત્યાગ કરતા જવાનું છે. નાના, નાના દોષો હજારો લાખ્ખો છે. કોઈ સાધક એવો નથી કે એક ઝાટકે સર્વ દોષોનું ઉન્મુલન કરી શકે.

માટે ધીરે ધીરે કાઢવામાં પ્રાયોરીટીનો સવાલ આવે છે. આમ તો તરત જ બધા જાય તો સારું. પરંતુ પછીની કક્ષાના દોષોનો પહેલા ત્યાગ કરવો બરાબર નથી. માટે ગુણ પ્રાપ્તિ અને દોષના ત્યાગનો ક્રમ બરાબર સમજવો જોઈએ.

આવશ્યક તે તે ભૂમિકાના વિઘ્નોનો જય થાય તેમ સિધ્ધિ મળે છે.

તમારે ભૌતિક દુનિયામાં પણ જેઓ સિધ્ધિ પામે છે તેઓને જે લાભ જોઈએ છે તેના તેના વિઘ્નોને જીતવા પડે છે. ઘણા કેવા છે કે તેમને મોટા મોટા લાભ જોઈએ પણ તેના માટે પુરુષાર્થની તૈયારી નથી. આવી રીતે કામ કરનારને તો ભૌતિક દુનિયામાં પણ બહુ લાભ મળતા નથી. ધંધામાં ચોક્કસતા પુર્વક પુરુષાર્થ કરે તો સફળતા મળતી હોય છે. માટે કોઈપણ ક્રિયામાં જેટલી તેની વિધિ ઓછી જાળવો તેટલું તેનું ફળ ઓછું મળતું હોય છે. અને

મોટી અવિધિ કરો તો ટોટલ ફેઈલ જાઓ છો.

હવે પ્રણિધાનમાં ધ્યેયનો સંકલ્પ માંગે છે. અને પછી તે આવવાથી તેને અનુરૂપ પુરુષાર્થ કરવાની બધી રીતે તૈયારી આવે એટલે પ્રવૃત્તિ ભાવધર્મ આવે છે. જે જીવ ઉપેક્ષા કે બેદરકારીવાળી વૃત્તિવાળો ન હોય તેને તો અણીશુધ્ધ કરવાનો ભાવ હોય છે. અને તે જ પ્રવૃત્તિ ભાવધર્મમાં આવે છે. તમારી અત્યારે ઘણી ક્રિયા અધકચરી છે. કારણ તેમાં આળસ, ખેદ ઘણા જ છે. અણીશુધ્ધ કરવાની ચોક્કસાઈ કે ભાવ નથી. હવે જેને અણીશુધ્ધ કરવાની ભાવના છે પણ પછીથી તેને આડા અવળા નિમિત્તો આવે અને તેની અસર લે તો તે વિઘ્ન આવ્યુ કહેવાય છે. તેમાં ત્રણ કેટેગરી પાડી છે.

પ્રાથમીક કક્ષાના વિઘ્નથી સાધનાની ગતિ મંદ પડે છે. સાધનાની પૂરી તૈયારી છે. આરાધનાના ભાવ સાથે મન-વચન-કાયાથી વિધિ સાચવવાનો ભાવ છે. પણ ઓચિંતા તમારો દિકરો ફોરેનથી આવી જાય તો તે વખતે સામાયિકમાં પણ હરખ, હરખ થાય ને ? માટે સામાયિકમાં તેની અસર થઈ. એટલે આ પ્રથમ વિઘ્ન આવ્યુ કહેવાય. સામાયિકમાં કુટુંબ કબીલા બધા પ્રત્યેની મમતા વોસીરાવીને બેસવાનું છે. ઘણા તો મમતાને સાથે લઈને જ બેસે છે. તેનું તો પહેલેથી જ વિઘ્નવાળુ સામાયિક છે. પણ જે મમતાને વોસીરાવીને બેઠા છે અને તેને આવા નિમિત્તની અસર થાય તો પ્રાથમીક વિઘ્ન આવ્યુ કહેવાય. તમારી પરિસ્થિતીમાં તો તમને ઉપેક્ષા જ હોય છે. તમે સંસારમાં મહત્ત્વની વસ્તુમાં કેટલા એલર્ટ રહો છો. ઘણા કહે છે સંસારમાં પણ બીજા વિચારો આવે છે. પણ તમારે અંધારામાં જવાનું હોય ત્યારે કોઈ કહે આ રસ્તામાં સાપ નીકળે છે તો ત્યાં તમે બેધ્યાન થઈને ચાલો ખરા? ત્યાં તમે કેવા એલર્ટ રહો છો? કારણ ત્યાં પ્રાણ જવાની શક્યતા છે, જોખમ છે, ભય છે. માટે રસના વિષયમાં તમે એકાકાર થઈ જાઓ છો. માટે એકાકાર થવાની તમારામાં શક્તિ. શક્યતા છે. છતાં ધર્મના ક્ષેત્રમાં બધે ઉપેક્ષા છે.

સભા:- સામાયિકમાં ઉંઘ આવે તો પ્રમાદ છે કે વિઘ્ન છે?

સાહેબજી:- સામાયિકમાં બેદરકારીના કારણે ઉંઘ આવે તો પ્રમાદ છે. અને કાયમ—

રાખવા છતાં ઉંઘ આવે તો વિઘ્ન છે. ઘણી વખત તમે સામાયિકમાં ઝોકા, બગાસા ખાવ છો તે તો બેદરકારી છે. મારે દોષ ન લાગે તેવું સામાયિક કરવું છે તેવો સંકલ્પ જ નથી. બધે તમે શરીરની અનુકુળતા જુઓ છો. કારણ સામાયિકમાં તમને પૂરી નવરાશ ને? માટે ઉંઘ આવે ને?

સભા:- પ્રતિક્રમણમાં ક્યાં નવરાશ હોય છે?

સાહેબજી:- પ્રતિક્રમણ તમે કઈ રીતે ભણાવો છો? મોં ચાલતુ હોય અને મગજ ઉંઘતુ હોય ને? કે પછી ક્યાંયનુ ક્યાંય દોડતું હોય છે. તમે જેટલી ધર્મ આરાધનામાં નવરાશ અનુભવો છો તેવી સંસારમાં તમારે નવરાશ હોય છે.? સંસારમાં તો કામ મળતુ જ હોય છે. કારણ તમને ત્યાં બધા જ કામ મનગમતાં છે. અહિંયા કઈ મનગમતુ કામ છે ખરુ? માટે ઉપેક્ષા આવતા કારણોને વિઘ્ન ન કહેવાય. પરંતુ બધી રીતે જાગૃત હોય અને એલર્ટ થઈને કરે અને આવુ થાય તો વિઘ્ન આવ્યુ કહેવાય છે. પરંતુ તેનાથી ક્રિયા પાયમાલ થતી નથી. પણ ગતિમાં થોડો થોડો અવરોધ ઉભો થાય છે.

જેમ તમારી પૂરી તૈયારી છે પણ એવા અંતરાય આવે કે તમે આરાધના બરાબર ન કરી શકો. જેમ ઘણાની બુધ્ધી એટલી ઓછી છે કે તે સામાયિકની ઉંડી વિધિ, રહસ્યમય ભાવાર્થ, પરિપૂર્ણ રીતે ન સમજી શકે. હા, થોડા થોડા સમજે. જેમ ખમાસમણું આપતા પાંચે અંગ જમીનને અડવા જોઈએ. વાંદણા આ રીતે આપવા જોઈએ. આવુ સમજી શકે પરંતુ નિસિહિનો આવો અર્થ છે. કરેમીભંતેનુ આટલુ ઉંડુ રહસ્ય છે. આ બધુ તેને સમજાવે ત્યારે તેનો સમજવા માટેનો પુરો પુરુષાર્થ છે છતાં તે સમજી ન શકે તો જ્ઞાનાવરણીય ગાઢ છે.

કારણ યથાશક્તિ, પ્રયત્ન કરવા છતાં પણ સમજી ન શકે માટે તે મધ્યમ વિઘ્ન છે. જેમ પગમાં રોગ થયો હોય અને ઈચ્છા હોય તો પણ ખમાસમણું ન આપી શકે. રોગના કારણે મનને બરાબર ગોઠવી ન શકે. તે બધા મધ્યમ વિઘ્ન છે. રોગથી મુસાફરીમાં ચાલવાની ગતિ એકદમ મંદ પડે પણ વીલપાવર હોવાથી સંપૂર્ણ અટકી જતી નથી. થોડી થોડી પણ ચાલુ રહે છે.

જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્નમાં માણસ સાચો પુરુષાર્થ ન કરી શકે તેવો જ સ્ટોપેજ આવી જાય છે. જેને દિગ્મોહ કહે છે. ઘણા ઉલ્લાસ સાથે પ્રવૃત્તિ ચાલુ કરે પણ વીવરીંગ માઇન્ડ હોવાના કારણે હા, ના, હા, ના હોય આવા માણસો ચકમ લાગે ને? જેમ દિલ્હી જવાનો ટાર્ગેટ કરીને નીકળે અને પછી કંટાળો આવે ને પાછો ફરે. કારણ રુચી પલટાઇ ગઇ છે. અથવા કોઇ તેને પ્રવૃત્તિમાં મીસગાઇડ કરે જેથી તેની દિશા બદલાઇ જાય. અથવા ઘણાને મગજના રોગ આદિ થવાથી, ગાંડપણ આવવાથી તેનું ઉલ્ટુ સુલ્ટુ થઇ જાય. આ બધાને ઉત્કૃષ્ટ વિઘ્ન કહ્યા છે.

જેમ કોઇ માણસ તપ કરે અને અમુક ઉપવાસ થાય ને કકડીને ભુખ લાગે ત્યારે બધાને ખાતાં જોઇને થાય કે હું રહી ગયો. ઉપવાસ ન હોત તો આવું ખાવા મળતે. માટે તપમાં કંટાળા આવ્યો. તપ ન કરવા જેવું લાગ્યું. આવા આવા તો ઘણા વિકલ્પો આવે છે તે બધા દિગ્મોહ છે. અને આનાથી સાધના ખલાસ થાય છે. જે કરવા જેવુ છે તે માનીને કરતાં તેમા કંટાળો, ઉદ્વેગ, અરુચી થવા માંડી. છોડવા જેવું છે તેને મેળવવા જેવું લાગે, મેળવવા જેવાને છોડવા જેવું લાગે. માટે સાધના કરવા છતાં ધ્યેય સુધી પહોંચી ન શકે. પરંતુ કદાચ તેમાંથી પાછા ફરે પણ જેટલા ઉંધા ચાલ્યા તેટલી તો મહેનત ફોગટ જાય ને? માટે ઉત્કૃષ્ટ વિઘ્ન અતિશય જોખમી છે. માટે આત્મકલ્યાણ માટે તેને જીતી લેવા જ જોઇએ.

સભા:- સમ્યગ્દષ્ટિને ઉત્કૃષ્ટ વિઘ્ન આવે ત્યારે શું કરે?

સાહેબજી :- સમ્યગ્દષ્ટિને તે વખતે શરૂઆતમાં જાગૃતિ હોય છે માટે તે ફાઇટ આપશે. જેમ તમે જાગતાં હોવ ત્યારે કોઇ હુમલો કરે તો પ્રતિકાર કરી શકો છો. ઉંઘતા હુમલો થાય તો તે હુમલાને ખમી શકતા નથી. પણ જાગતાં હુમલો થાય ત્યારે પ્રતિકાર કરવા છતાં ખમી ન શકો તો પછી તેના તાબે રહેવુ પડે છે.

જઘન્ય અને મધ્યમ વિઘ્ન ગાઢ ચારિત્ર મોહનીયના ઉદયથી આવે છે. જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્ન દર્શન મોહનીયના ઉદયથી આવે છે. માટે ઉત્કૃષ્ટ વિઘ્ન તો તેને સાધનામાંથી જાગૃતિ ન હોય તો ટાંટીયો પકડીને પછાડે છે. જ્યારે પેલા બે વિઘ્ન

તો ગતિમાં અવરોધ કરે છે. માટે મેઘકુમારને જે વિઘ્ન આવ્યુ તે પ્રાથમિક વિઘ્ન છે.

તેની જેમ મરીચીએ જ્યારે દીક્ષા છોડી તે વખતે તેમને પ્રાથમીક વિઘ્ન છે. માટે દીક્ષા છોડવા છતાં તેમની સાધના અટકી નથી. તે વખતે પણ તેમનામાં વિશેષ પુણ્ય તથા ગુણો ધરબાયેલા છે. તેમનાંમાં જુદી શક્તિઓ પણ છે માટે જ દીક્ષા છોડ્યા પછી તેમને ઉપદેશ આપીને કેટલાયને પમાડ્યા છે. વર્ષો સુધી મરીચીએ સંયમ સારી રીતે પાળ્યુ છે. પહેલેથી પરિષહો વેઠ્યા છે. પરંતુ ચક્રવર્તીના પુત્ર હોવાના કારણે સુકોમળ છે. ફુલની જેમ ઉછર્યા છે. માટે આરાધના કરે છે. પરિષહો ભોગવે છતાં મન વ્યાકુળ થઇ ગયું છે. તેમને એક વખત શું થયુ છે કે ઉનાળાના ધોમ ધમતા તાપમાં રેતીના પટમાં ખરા તડકે વિહાર કરવાનું આવ્યુ છે. ત્યારે ચાલતાં પગ નીચે દાઝે છે અને ઉપર માથુ તપે છે માટે બાહ્યઅસહ્ય ગરમીના કારણે તેમને સંયમ જીવન પાળવું હવે કઠણ થઇ ગયું છે. એમને થાય છે કે આ રીતે સંયમમાં કષ્ટો કઇ રીતે સહન કરી શકીશ. તેમને ઓઘા સંસારના સુખના ભોગોનું આકર્ષણ નથી. પણ અતિ કષ્ટ સહન ન થતાં લાગ્યુ હવે સંયમ પળાશે નહીં. માટે હવે કરવું શું? પોતે લાયક હોવાના કારણે ઘરે પિતા પાસે જઇ શકે તેમ નથી. કારણ પિતાએ ના પાડી હોવા છતાં હઠ પકડીને દીક્ષા લીધી છે. માટે કરવું શું? તેથી તેઓ વચલો માર્ગ શોધે છે. આમ તેમને ભોગોની ઇચ્છા નથી પણ કષ્ટ સહન ન થતાં વિચારે છે કે હું પગમાં મોજડી પહેરીશ. તડકો સહન નથી થતો માટે માથે છત્ર રાખીશ. કપડાં ભગવા પહેરીશ. કારણ મારામાં આ બધી આશક્તી છે. માટે અહિંયા ભાવ કેવો છે? દીક્ષા છોડી ત્યારે તેઓ ૧૨ વ્રતધારી શુધ્ધ સમકીતી છે. તેમને આરંભ સમારંભ પરિગ્રહ નથી માટે શ્રાવકના વ્રતો પણ ઉંચી કક્ષાના પાળે છે. અને તેમની પાસે જે આવે તેને ઉપદેશ દ્વારા પમાડીને પ્રભુ પાસે મોકલે છે. પ્રભુનો માર્ગ પમાડે છે. માટે તે વખતે તેમની સાધના અટકતી નથી. પણ ગતિ મંદ થઇ છે. પ્રથમ કક્ષાના વિઘ્નની આટલી જ તાકાત છે. પરંતુ દીક્ષા છોડતાં એવો ભાવ થયો હોત કે હું ક્યાં અહિંયા ફસાઇ ગયો. આખી જિંદગી સંસારના રંગ રાગ વગર ચાલી ગઇ.

સંસારની લહેર તો કરવા જેવી છે. જો આવો ભાવ હોત તો ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાતે.

આપણી બધી ક્રિયામાં સંસારના રંગ-રાગ છોડવાના છે. જેમાં સંસારની મોજમજાનો ત્યાગ છે. પરંતુ તમે ધર્મ કરવા કેવા ભાવથી આવો છો? જે મોજમજાનો ત્યાગ કરવા લાયક છે. તે જો તમને માણવા લાયક લાગે તો શું કહેવાય? તમારે તો ધર્મ કરવાની બાબતમાં લીમીટ છે ને? અને જો કોઈ વધારે ધર્મ કરે તો અતિરેક લાગે ને?

જેમ તમે દાન કરો છો પણ ત્યારે પણ શું માનો છો? દાન પણ લીમીટમાં કરવું જોઈએ. ધનનો સંગ્રહ કરવો જોઈએ. બધાનુ દાન કરી દેવાય નહી. માટે ધનને રાખવું તે તમારી દૃષ્ટીએ પાપ નહી ને? અપરિગ્રહી તો સાધુને જ બનવાનું છે. આ બધી મેન્ટાલીટી હોય તો ઉત્કૃષ્ટ વિઘ્ન મનમાં પડેલા છે. ખોટા માર્ગને સાચો માર્ગ માનીને ઉંધી દિશામાં ચાલો છો માટે ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

સંસારની રુચી, આદર, બહુમાન છે. સંસારનું સુખ મેળવવા જેવું છે. તેને ધન દ્વારા મેળવવા માંગો છો. માટે તે ઉત્કૃષ્ટ વિઘ્ન છે. કારણ બુધ્ધિનો ભ્રમ છે.

સભા:- ઉત્કૃષ્ટ. વિઘ્ન વિઘ્ન જ નથી લાગતાં.

સાહેબજી:- તે તો બુધ્ધિના ભ્રમનો પણ ભ્રમ છે. જેમ ગાંડપણ છે. છતાં તે ગાંડપણને ડાહપણ માને છે. માટે ભગવાનના શાસનમાં કહ્યુ કે ઉત્કૃષ્ટ વિઘ્ન સાથે પણ આરાધના કરે તે જીવોનું આત્મકલ્યાણ થાય નહી પણ ખાલી પુણ્ય બંધ કરાવે. જે સંસારમાં રખડાવે.

લક્ષ્મણા સાધ્વીને ચકલા ચકલીની ક્રીડા જોઈને થયુ કે આ મજા માણવા જેવી છે. તેઓ કેવો આનંદ ભોગવી રહ્યા છે. પ્રભુએ સંયમ જીવનમાં માણવાની છુટ કેમ ન આપી? ભગવાન તો અવેદી છે તેમને વેદની પીડા ક્યાંથી હોય? તમે તમારા જીવનમાં આવા આવા કેટલા કુવિકલ્પો કરતાં હોવ છો. જેમ તમારો દિકરો પરણે પછી લહેર કરવા માટે હનીમુન માટે જાય ત્યારે તમારા કેવા ભાવ હોય છે? તે જાય તે બરાબર છે. જરૂર પડે પ્રેરણા કરો, તથા સગવડ પણ કરી આપો. તે વખતે આ કેટલો અવિવેક કહેવાય? આવી રીતે મોજમજા કરવી તેમાં તમે તેની સાર્થકતા માનો

છો? જો એક ટકો પણ આવું માનતા હોવ તો ઘોર અવિવેક છે. તેમાં શરીરની શક્તિ વેડફવા સિવાય કાંઇ નથી, છતાં તેમાં તમને સાર્થકતા દેખાય છે. માટે ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય છે.

જેમ ટી.વીમાં જોતાં ઘણાનું રંગ-રાગવાળુ જીવન આદર્શ રૂપે લાગે, મેળવવા જેવું લાગે, માટે તમારે મનુષ્યભવની સાર્થકતાની વ્યાખ્યા શું? જ્યારે ભગવાન તો મનુષ્યભવની સફળતા ધર્મ આરાધનમાં જ બતાવે છે. માટે પ્રભુએ કહેલી વાત હજુ મગજમાં બેઠી નથી. માટે મહા વિઘ્ન છે.

હવે લક્ષ્મણા સાધ્વીને આવો વિચાર આવ્યો છે તે ઉત્કૃષ્ટ વિઘ્ન છે. કારણ પ્રભુએ સાધુ સાધ્વીને બ્રહ્મચર્યનો ઉપદેશ આપ્યો છે. આદર્શ તરીકે બધાને બ્રહ્મચર્ય છે. તે પાળવામાં જીવનની સાર્થકતા છે. જ્યારે તેના બદલે લક્ષ્મણા સાધ્વીને સાર્થકતા આ કામભોગમાં લાગી. અહિંયા તેમનો ઘોર અવિવેક છે. આમ તેમને તે વખતે કાંઇ અનુચીત પ્રવૃત્તિ મન-વચન-કાયાથી કરી નથી. ખાલી ભાવ આવ્યો છે. પ્રભુએ કહેલા વચનથી ઉંધી દિશામાં ભાવ થયો છે માટે ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય. માટે આરાધનામાં તમને પણ અરુચી, હલકાપણાનો ભાવ થાય, જો આવા એંગલ હોય તો ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

સભા:- તો પછી શું આરાધના બંધ કરવી?

સાહેબજી:- આ તો ઉંઘી વાત છે. શુ આરાધના બંધ કરશો તો તરી જશો? ઘંધામાં તમારે કાંઇ તકલીફ આવે તો શું ઘંઘો બંધ કરીને ઘરે બેસી જશો તો શું થશે? તરવાનો માર્ગ તો ધર્મ જ છે. તેમાં શું શું જોખમ ક્યાં છે તે બતાવ્યા. માટે શું તમારે આરાધના બંધ કરી દેવી? આ તો સાવ ઉંધી વાત છે.

સભા:- ઉત્કૃષ્ટ વિઘ્ન કોને ન આવે?

સાહેબજી:- ક્ષાયિક સમકીતીને ઉત્કૃષ્ટ વિઘ્ન ન આવે. પરંતુ બીજાને તે આવવાની સંભાવના છે. પરંતુ વ્યક્તિ જો સાવધાન, જાગૃત હોય તો તેને ન પણ આવે. તમે ઉત્કૃષ્ટ વિઘ્નને ખમી શકો તેમ છો. માટે ઉત્કૃષ્ટ વિઘ્નને

જીતશો પછી જ બીજા વિઘ્નોને જીતવાનો ક્રમ આવશે.

સભા:- વિઘ્નો આવવામાં કયા કર્મની પ્રધાનતા છે?

સાહેબજી:- જઘન્ય અને મધ્યમમાં ચારિત્ર મોહનીયને પ્રધાનતા અપાય છે. પરંતુ આમ તો ત્રણેય વિઘ્નોમાં ઘાતીકર્મનું કનેક્શન છે. તેનાથી ઉદય આવે છે. જેને ઘણું સમજાવવા છતાં ઇદમ્‌પર્યાય સુધી નથી સમજાતું તેમાં કારણ જ્ઞાનાવરણીય નડે છે. માટે તે અંતરાય થયો કહેવાય. તેથી તેને વિઘ્ન કહેવાય.

સભા:- ધાર્મિક ક્રિયા કરતાં સંસારના વિચાર આવી જાય તે ભારેકર્મી કહેવાય?

સાહેબજી:- ખાલી સંસારના વિચાર આવવા માત્રથી તે ભારેકર્મી ન બને. પણ તે વિચારો કઇ કેટેગરીના છે તે જોવું પડે. તમે આ મોઘમ બોલો છો. સમ્યગ્‌દૃષ્ટિને પણ સંસારના વિચાર આવી જાય છે. તેટલા માત્રથી કાંઇ તેની સાધના પડી ભાંગતી નથી. પરંતુ તે વિચારો ન આવે તો વધારે સારું છે. અને આવે છે તે ખામી તો છે જ. પણ તેટલા માત્રથી ભારે કર્મી ન બને. જેમ તમને વિચાર આવે કે આ કરવાનું હતું ને રહી ગયું, આ કહેવાનું હતું ને રહી ગયું, મગજની ગાડી આમ દોડતી જ હોય છે. પરંતુ સંસારની પ્રવૃત્તિ સારી છે કરવા લાયક છે તેમાં રુચિનો ભાવ ન હોય અને વિરતીની પ્રવૃત્તિમાં અરુચી, ઉપેક્ષાનો ભાવ ન હોય તો ભારે કર્મી ન બને. પણ વ્યક્તિના જો ધર્મને બદલે અધર્મની દિશામાં જ જો ચાલ્યો જાય તો તે વિચારો ભારેકર્મીને સૂચવનારા છો. અને તે ઉત્કૃષ્ટ વિઘ્નો છે.

પહેલાં લાગ્યું કે ક્રોધ નથી કરવા જેવો, ક્ષમા કેળવવા જેવી છે. અમુક હદ સુધી કેળવી પણ શક્યા. પણ પછી થયું કે ક્ષમા કેળવવાથી બધા દબાવી જાય છે, હેરાન કરી જાય છે. માટે પ્રસંગે ક્રોધ કરવો જોઇએ. અથવા ક્રોધ કરવાથી સફળ થવાય છે. માટે ક્ષમાને બદલે ક્રોધને કરવા જેવો લાગ્યો. માટે વલણ બદલાઇ ગયું. તેથી આવા ભાવો ભયંકર થઇ ગયા. જે ધર્મ સાધનામાંથી ઉથલાવી નાંખશે. જેથી સાવચેતી રાખવાની બહુ જ આવશે.

હવે મધ્યમ વિઘ્નનું દૃષ્ટાંત લઇએ છીએ. જે સાંભળીને તમારા જીવનમાં

સમીક્ષા કરજો. આ દૃષ્ટાંત બહુ પ્રચલીત નથી.

જ્વલંત નામનો દેવ છે. જે આગલા ભવમાં બ્રાહ્મણ હતો. તેના બે દિકરા અને પત્ની તથા પોતે તેમ ચાર જણા છે. તેઓ જોન જૈન હતા. પરંતુ એક વખત ગીતાર્થ મહાત્મા વિચરતા વિચરતા તેમની બાજુની વસ્તીમાં પધારે છે. પૂર્વકાળમાં તો મહાત્માઓ ૧૮ કુળીમાં ગોચરી માટે જતા. તેથી તેમના ઘરે પણ જાય આવે છે. મહાત્મા નજીક હોવાથી તેમના આચાર, વિચારો તેને જાણવા મળે છે. માટે તેમના તરફ બહુમાન થવાથી મહાત્મા પાસે જાય છે. મહાત્માને લાયક જીવો લાગવાથી તે ચારેને દેશના આપે છે. દેશના સાંભળીને પછી તેઓ ચારે જૈનધર્મને પામે છે અને આરાધના કરે છે. હવે આરાધના કરતાં કરતાં થાય છે કે જો મહાત્મા જેવું જીવન મળે તો મનુષ્યભવ સાર્થક થાય. માટે તેઓ ચારે જણા દીક્ષા લે છે. પછીથી પણ આરાધના સારી કરે છે.

હવે વર્ષોના વહાણા વીતી જતા બાપ કાળધર્મ પામી ગયા. પછીથી બન્ને ભાઈઓ પણ સારી આરાધના કરે છે. પરંતુ નાનો ભાઈ થોડો માયાવી સ્વભાવનો છે. મામુલી માયા તેના સ્વભાવમાં છે. સંસારના કાવાદાવા, ઉંડા દાવપેચો કે કોઈને બાટલામાં પૂરી દેવાની વૃત્તી નથી. જેમ વિહાર કરવાનો હોય ત્યારે શું કરે? પોતે કારણસર મોડા ઉઠ્યા હોય, બને ભાઈ તૈયાર થઈ ગયા હોય તો કહે હું હમણાંજ આવુ છુ. અને ૦ાા કલાક કરી નાંખે. હમણાંનો અર્થ શું? ૦ાા કલાક લાગે તેમ છે છતાં કહે હમણાં હું આવુ છુ. અને ૦ાા કલાક લટકાવી રાખે. આ માયા કહેવાય. તમે આવી માયાને માયા માનો છો ખરા?

સભાઃ- એ જીવ પ્રત્યેની માયા છે. માટે તેની સાથે જવું છે. તેથી આમ કહે છે.

સાહેબજીઃ- તેની સાથે જવું છે. પણ માયાનો અર્થ અહિંયા મમતાના અર્થમા નથી. પણ તેનો પ્રયોગ કુડકપટના અર્થમાં છે. જો તમારો સ્વાર્થ જ્યાં પૂરો થાય ત્યાં ગમે તેટલી મમતા હોય તો પણ તેને પડતો મૂકો તેમ છો. પરંતુ આ મોટા ભાઈ ખૂબ જ સરળ છે. માટે ૦ાા કલાક થવા છતાં કાંઈ ધાંધલ ધમાલ થતી નથી. આ ઠેકાણે તમે હોવ તો ધમકાવાજ માંડો ને? પરંતુ નાના ભાઈનો સ્વભાવ

આવો હોવાથી દરેક બાબતમાં આવી આવી થોડી થોડી માયા કરે. જેમ કામ આવે તો કહે માથુ દુ:ખે છે, પગ દુ:ખે છે. તમે આવા બહાના કાઢોને? આ બધી નાની નાની માયા છે.

સભા:- પરંતુ કોઈને કહ્યુ હોય કે પાંચ મીનીટમાં આવું છું ને પછી ગુરુભગવંત આવે ને મોડુ થાય તો માયા કહેવાય?

સાહેબજી:- તે માયા ન કહેવાય, કારણ તમારો ઈરાદો નથી. ગુરુભગવંત ઓચીંતા આવ્યા છે. પરંતુ તમને ખબર હોય કે ૦ા કલાક થાય તેમ છે છતાં કહો પાંચ મીનીટ માં આવું છું તો તે માયા કહેવાય છે. જેમ તમારી બુધ્ધી ઓછી હોય ને વધારે બતાવો, વધારે હોયને ઓછી બતાવો. કારણ કોઈ વખત લાગે કે બુધ્ધી વધારે છે તે બતાવશું તો કામ માથે આવી પડશે. માટે હોય તેનાથી ઓછી બતાવો તે માયા છે. પરંતુ તમે તેને માયા નથી માનતાં પણ કળાને હોંશીયારી માનો છો. પરંતુ આ એક જાતની છેતરપીંડી છે. ઘરમાં પણ તમે છેતરોને?

ચોરીમાં પણ શું લખ્યુ છે કે ઘરમાં તમારા ભાઈની, દિકરાની, પત્નીની વસ્તુ પુછ્યા વગર ઉપાડીને વાપરો તો તે ચોરી કરી ગણાય છે. કદી આવો વિચાર આવ્યો છે? તેમ જેટલા રુપાળા છો તેનાથી વધારે રુપાળા દેખાવા જે મેકઅપ કરો છો ને? આ માયા છે. કારણ ઠગા ભરમાવવા મેકઅપ કરો છો.

સભા:- તો મચ્છર આપણાને કરડે અને લોહી પીએ છે તો તેને ચોરી કહેવાય?

સાહેબજી:- હા, ચોરી કરી કહેવાય, તેનાથી તેને પાપ પણ લાગે છે. પણ તે વખતે તમે તેને ઉડાડો તો તમને પણ પાપ લાગે છે. કારણ તમે તેને ખાવામાં અંતરાય કરો છો.

સભા:- ન ઉડાડે તો ચોરી કરવામાં તેને સહાય કરી કહેવાય ને?

સાહેબજી:- ચોરીમાં તેને સહાય કરી ક્યારે કહેવાય? જો તમે તેને ચોરી કરવામાં સાધન પુરુ પાડો તો. તમે ભુખ્યા હોવ અને બાજુથી કોઈ ઉઠાડે તો શું કહેવાય? આમ તો તમે પણ ભાણામાં જે જે લીધુ છે તે બધી ચોરી કરી કહેવાય છે. તે જીવોએ કહ્યુ હતુ કે મારુ શરીર લઈને બાફીને મસાલા નાંખી, રાંધીને ખાજો. માટે આમ તો તમને ૨૪ કલાક અદત્તાદાનનું પાપ લાગે છે. માટે સામાજીક ન્યાયથી આ

મામુલી સદાચાર છે.

એક કરોડ માણસની ભૌતિક દયા કરી તેના કરતાં એક સામાયિકની આરાધના તે ઉંચી આરાધના છે. ઉંચી દયા છે. તેમાં સર્વ જીવોની દયા છે.

હવે આ મહાત્માના જીવનમાં આવી નાની માયાઓ છે. જેમ તમને પ્રતિક્રમણ ઉભા ઉભા કરતાં પગ દુઃખે પણ આમ કોઇની સાથે ગપાટા મારવા હોય તો એક કલાક ઉભા રહો. માટે પ્રમાણીકતાથી, સરળતાથી જીવન જીવવું સરળ નથી. જેવા દીલના અંદરના ભાવ છે તેવા જ બહાર રહેવાનું છે. પરંતુ આ બહુ જ મુશ્કેલ છે. જેમ તમારી પત્ની સામે મીઠુ મીઠુ બોલો તો તેને લાગે ને કે ચોક્કસ કાંઈ કામ આવ્યુ હશે. માટે આ બધી માયા, વક્રતા, લુચ્ચાઇ છે. માટે આ રીતે જીવન બરબાદ કરી દેવા જેવું નથી.

આ માયાવી મહાત્માએ આખી જીંદગી ચારિત્ર પાળ્યુ છે. કાંઇ બેભાગુની જેમ જીવન જીવ્યા નથી. બધા મહાવ્રતો પાળીને આરાધના કરી છે. પણ માયા કરતાં જાગૃતી નથી. માટે અવલોકનના અભાવે માયા કરી તેનું દુઃખ કે પસ્તાવો નથી. માટે અંતરાય કર્મ બંધાય છે પણ સાથે અનેક સદ્ગુણો સદાચાર છે. માટે દેવગતિ બાંધે છે. જો આવી માયા સાથે ચારિત્ર ન હોવતો, અને સાથે જો ભાવ શ્રાવકના દેશવિરતિના ભાવ પણ ન હોય તો તીર્યંચગતિમાં જાત. પરંતુ આ જીવન સાધુપણાના ભાવ છે. માટે દેવગતિમાં પણ વૈમાનિકમાં ગયા છે.

સભા:- સમકીત ન હોય તો પણ.

સાહેબજી:- મિથ્યાત્વની અવસ્થામાં પણ દ્રવ્યથી પરિણામ પણ આવો હોય તો પહેલા ગુણસ્થાનકમાં પણ અધ્યાત્મની ભૂમિકા છે. તમે સામાયિકમાં દ્રવ્યભાવ પણ લાવી શકો છો? એમને દ્રવ્ય ચારિત્રના પરિણામ છે. સમકીતની હાજરીમાં તો જીવને મામુલી કર્મ બંધાય છે. પરંતુ મિથ્યાત્વની અવસ્થામાં પહેલાં ગુણસ્થાનકથી અધ્યાત્મની ભૂમિકા છે. આ બન્ને મરીને દેવલોકમાં ગયા છે. તેઓ ધર્મના સંસ્કાર પણ ગાઢ પામીને દેવલોકમાં આવ્યા છે. માટે દેવલોકમાં

આટલો વૈભવ છે. ઉંચા ભોગો છે પણ તેમને થાય છે કે આપણે ક્યાંથી આવ્યા છીએ. માટે ઉપયોગ મૂકીને જુએ છે. ધર્મના પ્રભાવે આવ્યા છીએ. માટે પરમાત્માની સુંદર ભક્તિ તેઓને કરવી છે. આમ તો દેવલોકમાં સ્થાપના તીર્થંકરો તો છે પણ તેમને સાક્ષાત તીર્થંકરની ભક્તિ કરવા માટે ઉપયોગ મૂકે છે કે પ્રભુ ક્યાં છે? હવે મહાવીર પ્રભુ કેવળજ્ઞાન પામીને વિચરી રહ્યા છે. અત્યારે સમોવસરણમાં બીરાજમાન છે. માટે ભક્તિ કરવા બન્ને દેવો ત્યાં આવે છે. ભક્તિ રૂપે ચંદન લેપ આદિ કરીને પહેલાં દ્રવ્ય ભક્તિ કરે છે. પછી ભાવ ભક્તિ માટે સ્તુતિ સ્તવન આદિ કરતાં ખુબજ ભાવોલ્લાસ આવવાથી નાલબધ્ધ નૃત્ય સાથે નાટક કરે છે. તેઓ દેવતાઈ શક્તિ પ્રમાણે જેવા પાત્રો ભજવવાની ઈચ્છા કરે તેવા ભજવી શકે. પરંતુ આ માયા કરનાર જીવને શું બને છે કે એ જેવા ભાવ કરે તેનાથી ઉંધુ થાય. જેમકે તેને થાય કે અત્યારે ડોશીનું પાત્ર આ ઠેકાણે ભજવવું છે પણ તે પ્રમાણે ન કરી શકે. કારણ પેલી માયાના કારણે બાંધેલા અંતરાય તેમને નડે છે.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

॥વિઘ્નજય ભાવધર્મ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવોને આત્મકલ્યાણનો સાંગોપાંગ માર્ગદર્શન બતાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મોક્ષ અને મોક્ષમાર્ગનું વર્ણન કરનારા ઘણા ધર્મો છે. પણ પૂર્ણ રીતે વર્ણન કરનાર તો જૈન શાસન જ છે. જેમાં લક્ષ્ય શું? તે લક્ષ્યને મેળવવા પુરુષાર્થ કેવો કરવાનો? અને એ પુરુષાર્થ કરનારને વિઘ્નો કેવા કેવા આવે તે બધાનું જૈન શાસન દર્શન કરાવે છે. અને સાથે આ વિઘ્નોના નિવારણના ઉપાયો શું તે પણ બતાવે છે. અને જે વ્યક્તિ આ વિઘ્નોનો પુરુષાર્થ દ્વારા વિજય કરે છે તેને પછી સિધ્ધિ પ્રાપ્ત થાય છે. અને પછી તેનો વિનિયોગ કરવો.

પહેલો ભાવધર્મ:- (૧) પ્રણિધાન ભાવધર્મ

(૨) પ્રવૃત્તિ ભાવધર્મ

(૩) વિઘ્નજય ભાવધર્મ

(૪) સિધ્ધિ ભાવધર્મ

(૫) વિનિયોગ ભાવધર્મ.

આ પાંચેયમાં મોક્ષમાર્ગની તમામ ભૂમિકા આવી જાય છે. સિધ્ધ ભગવંતો મુક્તિ પ્રાપ્ત કર્યા પછી તેઓ વિનિયોગ કરે છે. બસ પછી તેમને મળેલુ માણવાનું, ભોગવવાનું બસ. ભોગવટો જ કરવાનો છે.

આપણે જે દ્રષ્ટાંતો વિચારીયે છીએ તેમાંથી આપણને વિઘ્નો કઈ રીતે બંધાય છે તેનો પણ ખ્યાલ આવશે.

ગઈ વખતે આપણે મધ્યમ વિઘ્નમાં જવલંત દેવનું દ્રષ્ટાંત વિચાર્યું હતું. જેમાં આગલા ભવમાં ચારેય જણાએ, આખા કુટુંબે દીક્ષા લીધી. સંયમ પાળી સારી આરાધના કરી. બે ભાઈમાં મોટાભાઈ સરળ છે. નાનો ભાઈ માયાવી છે. આમ તેના જીવનમાં નાની નાની માયાઓ હતી. જો ઘણી વખત અવલોકન ન હોય તો તે માયા, માયા તરીકે લાગે પણ નહીં. જેમ નાની નાની ચોરીના પ્રકારોને ન વિચારો તો ચોરી લાગે નહી.

દા.ત. પાડોશી પાસેથી કોઈ સાધનની તમારે જરૂરીયાત છે. આમ તેને આપવુ ગમતુ નથી. પણ તમે એની પાસે કોઈની હાજરીમાં માંગી તો તે શરમના કારણે ના ન પાડી શકે. માટે તે રીતે કરીને તમે તે સાધન મેળવો, એટલે તે ચોરી કરી કહેવાય. કારણ તેની ઈચ્છા નથી છતાં તમે મેળવીને વાપરો છો. જેની વસ્તુની માલિકી હોય અને તેની ઈચ્છા વગર તમે વાપરો તો અદત્તાદાન કહેવાય. જેમ ઘરમાં પણ ભાઈનો ટુવાલ બીજો ભાઈ વાપરે તો ગમતુ ના હોય, અને તે ના ન પાડી શકતો હોય. તેમ છતાં તે ટુવાલ વાપરો તો અદત્તાદાનનું પાપ લાગે. તમે તમારા ભાવો અને બીજાના ભાવોનો વિચાર જ કરતાં નથી. બીજાને જે લાગવું હોય તે લાગે. ઉલ્ટું પરાણે વાપરો માટે તે રાજી ન હોય. આ ભાવો ૨૪ કલાક કર્મ બંધ કરાવે છે.

તમારી વૃત્તી કેવી હોય છે કે બીજાને ઘસારો આપવો પોતાને ઘસારો કોઈ આપવા આવે તો બહાનું કાઢીને છટકી જવું. માટે માયા, મૃષાવાદ, વકતા આવા બધા ભાવો હોવાના કારણે જીવને ૨૪ કલાક કર્મબંધ ચાલુ છે.

સભા:- આપનારની ઈચ્છા ન હોય તો તેને પાપ લાગે?

સાહેબજી:- વ્યાજબી માંગણી હોય છતાં ન આપે તો સંકુચીતતાનું પાપ લાગે. આમ પાડોશીમાં એવા સંબંધ હોય કે ગમે ત્યારે એક બીજાની વસ્તુ વાપરે તો વાંધો નહી. આમ પોતાને જોઈતુ હોય ત્યારે માંગવામાં વાંધો નહી. અને લાવીને વાપરે. પણ પોતાને આપવાનું આવે એટલે ઉંચોનીચો થાય. માટે પાપ લાગે છે. હા અયોગ્ય માગણી માટેની વાત નથી. કાંઈ સીધા તમારા ઘરબાર માંગવાનો નથી. સામાન્ય જરૂરીયાતની માંગણી હોય. આમ પછી તમારા ઘરમાં તે વસ્તુ તે વખતે એમનેમ પડેલી હોય અને આપવાની ના પાડે તો પાપ લાગે.

હવે આ જીવે માયા કરેલી ત્યારે સાથે તેમને ચારિત્રના પરિણામ છે. માટે તેમનો બચાવ થયો છે. આર્તધ્યાન, માયા, મૃષાવાદ એ બધા તીર્યંચગતિના કારણો છે. અને આજ પરિણામો પાછા તીર્યંચગતિમાં પોષાય છે. ક્ષુદ્ર જીવજંતુઓ પણ કેટલી માયા જોવા મળે છે. દા.ત. મરછરનો સ્વભાવ શુ? હળવેથી ઘુસી જાય, અને એવી

હળવાશથી કરડે કે કરડ્યા પછી ચચરે એટલે ખબર પડે. તેમ કીડીમાં પણ શું? કે તમે તેને અડો તો એકદમ મડદા જેવી થઈ જાય અને પછી થોડી વારમાં દોડવા લાગે. આમ તેને કશું થયુ ન હોય. આ બધી માયા છે. જેમ નાના છોકરાઓમાં પણ શું? રસ્તામાં કંઈ જોઈતું હોય અને મમ્મી ન અપાવે તો આળોટવા માંડે, રડવા માંડે, આમ આંખમાં પાણી ક્યાંય ન દેખાય. હવે આ બધી માયા જ છે ને! ઘણા કહે છે બાળકો નિર્દોષ હોય છે પણ તેમનામાં માયા, આસક્તિ, ઈર્ષા વગેરે બધા જ કષાયો હોય છે.

પશુયોનીમાં જન્મથી જ માયા હોય છે. જેમ કૂતરાને રોટલો નાંખો તો શું કરે? બીજો કૂતરો ઉપાડી જાય એ પહેલાં પોતે લઈને ખાવા માટે ખૂણામા ભરાઈ જાય. જ્યાં ઉંદરનું દર હોય કે કબુતરનો માળો હોય ત્યાં બિલાડી પણ કેવી છુપાઈને શાંતિથી બેસી જાય. જેથી ખબર જ ન પડે. આ બધી માયા જ છે. માટે પશુયોનીમાં માયા પોષવાના કારણે, મરીને પાછા તે પશુયોનીમાં જ રખડે છે.

સભા:- અકામ નિર્જરા હોવાના કારણે પશુઓ લગભગ મરીને દેવલોકમાં ન જાય?

સાહેબજી:- એવરેજ માંડો તો અનંતા પશુએ એક પશુ દેવલોકમાં જાય.

સભા:- પણ કુલની અપેક્ષાએ અસંખ્યાતા જાય?

સાહેબજી:- હા, કુલની અપેક્ષાએ અસંખ્યાતા જાય. પણ કયા પશુઓ દેવલોકમાં જાય. જે અકામ નિર્જરા કરે તેવા. તીર્યંચો દેવલોકમાં જાય. પરંતુ અકામ નિર્જરા કરવી કાંઈ સહેલી છે? ખાવાના ખેલ નથી. જેમ તમે કોઈનું કાંઈ બગાડ્યુ ન હોય અને તમને આવીને કોઈ ધોકા મારે તો શાંત રહો? નો, વગર વાંકે તમને કોઈ ત્રાસ આપે, વેદના આપે ત્યારે શાંતિથી સહન કરો તો અકામ નિર્જરા થાય. આવા વખતે સામેની વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરવો અને સહન કરવું તે કાંઈ સહેલી વાત નથી. માટે અનંતામાંથી એક જીવ પશુયોનીમાંથી બહાર નીકળે છે.

સભા:- દેવલોકમાં પશુયોની અને મનુષ્યમાંથી જ આવે ને?

સાહેબજી:- હા, દેવલોકમાં મનુષ્ય અને પશુયોનીમાંથી જ આવે છે. આ જગતમાં

મનુષ્યની સંખ્યા ઓછી છે. મનુષ્ય કરતાં દેવની સંખ્યા અસંખ્ય ગુણા વધારે છે. માટે બધા મનુષ્યો મરીને દેવલોકમાં જાય તો પણ દેવલોક ખાલી રહે. માટે ત્યાંની જગ્યા પૂરી પશુઓ જ કરે છે. પણ કયા પશુઓ કરે? જે અકામ નિર્જરાથી મરે તે.

સભા:- અકામ નિર્જરા કરવા શું કરવાનું ?

સાહેબજી:- વગર કારણે દુઃખ આપનાર પ્રત્યે જરાપણ દ્વેષ, સંકલેશ નહી કરવાનો. આના માટે એક દ્રષ્ટાંત આવે છે. એક હાથી હતો જેને ૫૦૦ હાથીણીઓ હતી. તે આખો દિવસ તેઓની સાથે જંગલમાં ફરે, ક્રીડાઓ કરે. ભોગસુખો ભોગવે. એક દિવસ શું બન્યુ કે તે હાથી તેની ૫૦૦ હાથીણીઓ તથા તેના સંતાનો સાથે તે જંગલમાં ફરતો હતો. ત્યા જંગલમાં દાવાનલ થયો. આ દાવાનલ જોઈને મોતના ભયથી તે હાથી એકદમ ગભરાયો. તેથી તેને શું કર્યુ? કે પોતાના આખા પરિવારને પડતો મૂકીને પોતે ભાગ્યો. દૂર દૂર જંગલમાં ભાગતાં ખ્યાલ ન રહ્યો. એક મોટા ખાડા પર પાંદડાઓ પડેલા હોવાથી ખબર ન રહી કે આ ખાડો છે. અને તેમાં જ તે ઉંધે માથે પડ્યો. હવે તેની તેમાંથી બહાર નીકળવાની કોઈ શક્યતા નથી. પોતે પડવાથી ઘણો જ ઘાયલ થયો. તેને હવે વેદનાનો પાર નથી, સાથે ભૂખ, તરસની પણ વેદના છે. તેને કોઈ જોનાર નથી. હવે આ ટાઈમે હાયવોય થાય, દ્વેષ આવે, પણ તેને તો આના બદલે એવા વિચારો આવે છે કે હું આ જ લાગનો હતો. હું કેટલો સ્વાર્થી છું. મારા સંતાનો અને હાથીણીઓને મોતના મુખમાં પડતાં મૂકીને મારો જીવ બચાવવા ભાગ્યો. માટે હું આ લાગનો જ હતો. મેં મારે આશ્રીત રહેલાઓના રક્ષણ કે લાગણીઓનો જરાપણ વિચાર ન કર્યો. આવા વિચારો તેને આવે છે. આનાથી તેને અકામ નિર્જરા થાય.

સભા:- સમુર્છિમ જીવો અકામ નિર્જરા કરી શકે ?

સાહેબજી:- હા અકામ નિર્જરા કરી શકે. મરુદેવીમાતા આગલા ભવમાં અસંજ્ઞી હતાં. તેમને તે વખતે અકામ નિર્જરા કરી છે. તે ભવમાં તેઓ કેળના ઝાડમાં છે. અને તેની બાજુમાં જ એકદમ અડીને બાવળિયાનું ઝાડ છે. કેળના પાંદડા એકદમ મોટા અને કુંકોમળ

હોય છે. હવે શું બને છે કે વારંવાર આ બાવળીયાના કાંટા પાંદડાને વાગે છે, અને પવન આવે ત્યારે તો એકદમ જોરથી પાંદડામાં પેસી જાય. આનાથી તેમને સખત ત્રાસ થાય છે. આવો ત્રાસ આપતા હોય તો શું ભાવ આવે? લીંહી પી ગયો છે. અહિંયાથી ટળે તો સારુ. આવા ભાવો તેમને થતા નથી. તેના પ્રત્યે દ્વેષ કે કાંઇ થતું નથી. તેમને એક સંજ્ઞા છે. પણ તેમને સુખદુઃખનો અનુભવ તો થાય જ. આમ તેમને કોણ મારે છે તે ખબર ન પડે. પણ બાજુમાંથી વેદના થાય છે તે તો ખબર પડે. ઉદારતા, ક્ષમા, સહિષ્ણુતા હોય તો અકામ નિર્જરા થાય.

સભા:- અસંજ્ઞીને આર્તધ્યાન થાય?

સાહેબજી:- તેમને આર્તધ્યાન હોય જ. તેમને શુક્લ કે ધર્મધ્યાન હોય નહી. અસંજ્ઞીને આર્તધ્યાન, રૌદ્રધ્યાન અશુભ લેશ્યા હોય છે. અશુભ ધ્યાન, અશુભ લેશ્યા મંદ કક્ષાની હોય છે.

પરંતુ સદ્ગતિના છ કારણમાંથી એક કારણ પકડી લો તો સદ્ગતિ નક્કી થાય. પછી ભલે તે વખતે સદ્ગતિના બીજા પાંચ કારણ ન હોય. દુર્ગતિના પાંચ કારણ હોય. આમને અકામ નિર્જરા પકડી છે માટે જ મરુદેવા માતાને કેળના ઝાડમાંથી સદ્ગતિ થઇ છે.

હવે તીવ્રતાથી દુઃખ આવ્યુ અને સહન કરતાં અતિશય હાયવોય કરે તો કર્મ પણ દુઃખ ભોગવતાં જે કર્મો ખપાવે તેના કરતાં વધારે નવા કર્મો બંધાય છે. એટલે શું થાય કે બકરુ કાઢતાં ઉંટ પેસે છે. તીવ્ર સંક્લેશથી દુઃખ ભોગવે તો અકામ નિર્જરા થતી નથી. નિર્જરા શબ્દનો અર્થ જ શું છે? કર્મ ખપવું જોઇએ. જો કર્મો ખપીને ઘટે તો જ નિર્જરા થઇ કહેવાય. કર્મો ખપાવીને કર્મોના સ્ટોકમાં ઘટાડો થવો જોઇએ તો જ નિર્જરા થઇ કહેવાય.

શાંતિથી દુઃખ વેઠનાર જો મોક્ષમાર્ગની બહાર હોય તો તેને અકામ નિર્જરા થાય છે. ઘણા પશુઓને તેમના માલિક પ્રત્યે દ્વેષ થતો હોય છે. ઘણા પશુઓને તો દુઃખ આવે તો રડે છે. તેમને દુઃખની અસર થાય છે. તેમના માલિકો તેમને ખાવાનુ પણ કસી કસીને આપે. જરાક ઓછુ કામ કરે તો ડંડા ઠોકે, તેઓનો

પૂરી કશ માલિકી કરતાં હોય છે. આ બધાથી તેઓનું હૈયુ વલોવાઇ જતું હોય છે. માટે ઘણી વખત તેઓ રડતાં હોય છે. આ બધાના કારણે તેમને આવેશ આવતો હોય છે પણ પરવશ થઇને કાંઇ ન કરી શકે. અને દુ:ખ ભોગવે. પણ અહિંયા તેમને દુ:ખ ભોગવતાં છતાં અકામ નિર્જરા ન થાય.

સભા:- સકામ નિર્જરા ક્યારે થાય?

સાહેબજી:- સકામ નિર્જરા માટે તો અધ્યાત્મ જોઇએ. જેને આત્માના સુખનો અનુભવ થયો નથી. જે મોક્ષમાર્ગની ભૂમિકાને પામ્યો નથી. તેને સકામ નિર્જરા ન થાય. ધર્મ કરનાર જીવ જો મોક્ષમાર્ગની બહાર હોય તો તેને સકામ નિર્જરા ન થાય. પછી ભલે સાધુપણુ પાળે તો પણ. સકામ નિર્જરાને બદલે અકામ નિર્જરા થાય. મોક્ષમાર્ગની પહેલી ભૂમિકા આવે ત્યારથી સકામ નિર્જરા જીવની ચાલુ થઇ કહેવાય. અપુનર્બંધક દશાથી સકામ નિર્જરા ચાલુ થાય છે.

સભા:- માર્ગાનુસારીના ગુણોમાં સકામ નિર્જરા થાય?

સાહેબજી:- તમે કયા માર્ગાનુસારીના ગુણો લો છો? ૩૫ ગુણોમાં મોક્ષમાર્ગ નથી. આ ૩૫ ગુણોમાં અકામ નિર્જરા થાય. પણ મોક્ષમાર્ગાનુસારીના ગુણ લેતાં હોવ તો તેમાં સકામ નિર્જરા થાય. હવે જ્યારે સાધુપણાના ગુણ કેળવી છતાં મોક્ષ માર્ગની બહાર હોય તેને અકામ નિર્જરા છે તો પછી આ પાંત્રીસ માર્ગાનુસારીના ગુણોમાં ક્યાંથી સકામ નિર્જરા થાય?

સભા:- અકામ નિર્જરા કરતાં સકામ નિર્જરામાં લાભ વધારે?

સાહેબજી:- અકામ નિર્જરા કરતાં સકામ નિર્જરામાં અનંત ગણો લાભ વધારે છે.

સભા:- સકામ નિર્જરા એટલે?

સાહેબજી:- સકામ, કામ એટલે કામના. જે આત્માને સમજ્યો છે, આત્માના સુખની ઓળખાણ છે. તે મુક્તિની તમન્નાથી સાધના કરે, તે સાધનાને સકામ સાધના કહેવાય. અને તે સાધના કરતાં જે નિર્જરા થાય તે સકામ નિર્જરા કહેવાય.

સભા:- મોક્ષમાર્ગમાં પ્રવેશતી વખતે અકામ નિર્જરા કે સકામ નિર્જરા?

સાહેબજી:- પ્રવેશતી વખતનો અર્થ શું કરો છો? મોક્ષમાર્ગ પામતી વખતે અંત:મુહૂર્ત

છે. તે વખતે સકામ નિર્જરા છે. તે પહેલાં અકામ નિર્જરા છે. મોક્ષમાર્ગની ભૂમિકા પામેલો જીવ પ્રતિક્ષણ સકામ નિર્જરા કરે છે. સમ્યગ્દ્રષ્ટી જીવને ઉંઘમાં પણ પ્રતિક્ષણ સકામ નિર્જરા છે. અસંખ્ય ભવ ભોગવીને જે કર્મ ખપાવે તે કર્મો તે ક્ષણમાં ખપાવે છે.

સભા:- અનંત ગુણ વિશુધ્ધીમાં.

સાહેબજી:- તેમાં તેની અનુભુતિ અનંત ગુણી થતી જાય કારણ તે આત્મીક ગુણો છે. જે ગુણો છે તે શાંતિ આપે. આમ કોઈ ગુણ અશાંતિ તો પેદા કરતા નથી.

ઔદયિક ભાવના ગુણો મનની શાંતિ આપે છે. સમ્યગ્દ્રષ્ટીને અધ્યાત્મીક ગુણોનો વિકાસ છે. માટે તેને પ્રતિક્ષણ આ ગુણોના આનંદની અનુભુતીના કારણે ગુણ તેને શ્રધ્ધા રૂપી સાધન થતુ જાય છે. તેને પ્રતિક્ષણ નિર્મળતા વધે છે. ઉંઘમા પણ આ નિર્મળતા ચાલુ છે. ઉંઘમાં આપણે કાંઈ જડ નથી બની જતા, જેમ ઉંઘમાં ટાંકણી ખોસે તો રાડ પાડો છો ને? કોઈ બફારામાં સુવાડે અને પછી એરકન્ડીશનમ સુવાડે તો બે વચ્ચેનો તફાવત ખ્યાલ કેમ આવે છે? કારણ તમારુ સુખ પ્રત્યેનું વલણ ઉંઘમાં પણ ચાલુ જ છે. રાજીપા અને નારાજગીનું વલણ ઉંઘતા, જાગતાં ચાલુ જ છે. માટે સમ્યગ્દ્રષ્ટિને ઉંઘમાં પણ ગુણોની પ્રતિક્ષણ નિર્મળતા વધે છે. અને તેથી જ સમ્યક્ગુણને પ્રર્વધમાન ગુણ કહ્યો છે. જે વધતો જાય, વધતો જ જાય.

સભા:- ઉંઘમાં વિચારીયે તો પાપ ને?

સાહેબજી:- ઉંઘમાં તમને ટાંકણી ખોસશે તો વાગશે, વાગશે તેમ વિચારતા હોવ છો? ગમે ત્યારે વગર વિચારે સુખ આવે તો ચોંટી પડો છો ને? અને દુ:ખ આવે તો ભાગો છો ને?. તરત જન્મેલો બાળક પણ સમ્યગ્દ્રષ્ટી હોય છે. અરે ગર્ભમાં પણ સમકીત હોય છે. આમ તેને કક્કા નો ક ખબર ન હોય છતાં પણ સમકીત હોય છે. તમારે પહેલા સમકીત મેળવવા અને તેને ટકાવવા કયા ભાવ જોઈએ તે સમજવા પડે. તમને ખબર નથી માટે જ ગોટાળા કરો છો.

સભા:- મુડી હોય તો ટકાવવાનું મન થાય ને?

સાહેબજી:- તો પહેલા મુડી ભેગી કરો. પણ મન છે ખરુ? મન નથી માટે જ

પુરુષાર્થ થતો નથી.

સભા:- મોક્ષમાર્ગની ભૂમિકા આવી ગઈ છે તે કેવી રીતે ખબર પડે?
સાહેબજી:- તેના લક્ષણો પરથી ખબર પડે. તમને શરદી છે કે નહીં તેની નિશાની શું? તેના લક્ષણો પરથી જ જાણી શકાય. તમે મોક્ષમાર્ગમાં છો કે નહીં તેની બધી નિશાનીઓ શાસ્ત્રકારોએ આપી છે. પણ તે ભણવી પડે. અકામ નિર્જરા કરતાં સકામ નિર્જરા ઘણી મહત્વની છે.

પાછા મુળ વિષય પર આવીએ.

આ ભાઈએ આવી નાની નાની માયા કરી પણ ચારિત્રના પ્રતાપે તેનાથી તેમને તીર્યંચગતિ ના બંધાઈ. તેમને દેવગતિ બાંધી છે. બીજા દેવતા કરતાં તેમની ખામી વાળી દેવગતિ છે. દેવગતિ બાંધી છે સાથે માયાના કારણે પાપ પ્રકૃતિ પણ બાંધી છે. અને તે જ તેમને આ દેવના ભવમાં અંતરાય કરે છે. તેમને તેમની માયા, માયા તરીકે દેખાઈ નથી. માટે તેઓએ પ્રાયશ્ચિત કર્યું નથી. જો તેમને ખ્યાલ આવે તો પ્રાયશ્ચિત કરે તેવો તેમનો સ્વભાવ છે. પરંતુ તેમને તેમના દોષો દેખાયા જ નહી. માટે માયા કરતા અંતરાય બંધાય છે. આ દ્રષ્ટાંતો પરથી તમને ખ્યાલ આવવો જોઈએ કે કર્મો કઈ રીતે બંધાય છે.

દેવતામાં વૈક્રીય લબ્ધિ હોય છે. મનુષ્યમાં આવી લબ્ધિ નથી. દેવતા આ લબ્ધિના કારણે તેને જેવા રૂપ, રંગ, હાવભાવ કરવાં હોય તેવા તે કરી શકે છે. તમને આ રીતે તમારા રૂપ, રંગ બદલતાં આવડે તો શું કરો?

આમને શક્તિ મળી. પણ થાય છે શું કે તેમને યુવાન સ્ત્રીનું પાત્ર ભજવવું હોય તો યુવાનના બદલે બુઢ્ઢી ડોશીનું પાત્ર તેમનાથી ભજવાય. કારણ શું? જે માયાના કારણે આગળા ભવમાં અંતરાય કર્મો બાંધ્યા હતા તે અત્યારે તેમને નડે છે. માટે પ્રભુભક્તિ માટે નાટકમાં તેઓ વિચારે તે રીતે બરાબર પાત્ર ભજવી શકતાં નથી. અને આને મધ્યમ વિઘ્ન કહે છે. તમારે ભક્તિ માટે સુમધુર સંગીત સાથે ગાવું હોય, ઈચ્છા હોય છતાં ન ગાઈ શકો તે અંતરાય છે. માટે જેને ગળા સુધી કરવાની ઈચ્છા હોય છતાં ન કરી શકે તો તેને મધ્યમ વિઘ્ન કહે છે.

જેમ દાનાંતરાય નડે છે. પણ એટલે શું? દાન આપવાની શક્તિ છે, સંયોગો પણ છે. સાથે ભારોભાર ઈચ્છા પણ છે. અને ન આપી શકે તો મધ્યમ વિઘ્ન કહેવાશે.

સંસારમાં લાખ ખરચતાં હાથ સડસડાટ ચાલે. અને ધર્મના ક્ષેત્રમાં ૨૫, ખરચવા હોય તો હાથ પાછો પડે. ત્યાં કારણ શું? મોહનીય કર્મ છે.

જ્યારે અહિંયા દાનાંતરાયનો અર્થ શું કે દાન આપવાની ઈચ્છા છે. પોતે માને છે ધનનો સદ્ઉપયોગ દાનમાં જ છે. છતાં દાન આપતાં હાથ ન ચાલે તો દાનાંતરાય છે.

જેમ ખાવા ન મળે તો ભોગાંતરાય કે ખાવાનું મળેલું હોવા છતાં, સાથે ઈચ્છા પણ છે, છતાં ન ખાઈ શકે તો ભોગાંતરાય સમજવું.

તેની જેમ ધર્મમાં આરાધના કરવાની ઈચ્છા છે. છતાં મુશ્કેલી ઉભી થાય તો મધ્યમ પ્રકારના અંતરાય છે. જેમ પ્રતિક્રમણ વિધિ પૂર્વક કરવું છે તેના માટે ઈચ્છા અને મહેનત હોવા છતાં વિધિ ન ભણી શકો તો વિઘ્નરૂપે અંતરાય નડે છે.

સભાઃ- જેને શીખવું જ નથી તેનું શું?

સાહેબજીઃ- જેને શીખવાનો પુરુષાર્થ નથી તેને તો સમ્યગ્ જ્ઞાન જ ગમતું નથી. તે તો ઉત્કૃષ્ટ વિઘ્નમાં આવશે. મોટા ભાગને તો ઉત્કૃષ્ટ વિઘ્નો જ નડે છે. માટે જ બધો ધર્મ અધકચરો અને માંદલો થાય છે. ધર્મ અને ધર્મ સામગ્રી પ્રત્યે અણગમો છે ત્યાં તો ઉત્કૃષ્ટ વિઘ્ન છે. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રની અરુચી છે ત્યાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

સભાઃ- જે સાધના ન કરે તેને વિઘ્નો નડે?

સાહેબજીઃ- જે સાધના કરે છે તેને વિઘ્નો સામે લડવાનું આવે છે. પરંતુ જે સાધના નથી કરતાં તેના પર વિઘ્નો અડ્ડો જમાવીને બેસી ગયા છે. તેઓને વિઘ્નો ગમે છે. તેને જ થાબડે છે. માટે સાધના ન કરનાર તો ઉત્કૃષ્ટ વિઘ્નમાં જ સબડે છે. જેના જીવનમાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે તેની સાધના લેખે લાગે જ નહી.

માષતુષ મુનીનો દાખલો આવે છે.

. તેમને શાસ્ત્રોનું અધ્યયન કરવાની ઈચ્છા છે. તે માટે મહેનત પણ કરે છે. પરંતુ જ્ઞાનાવરણીય એવું નડે છે કે ગુરુભગવંતે શાસ્ત્રના સાર રૂપ બે શબ્દો કહ્યા હતા તે પણ તેઓ ભણી શકતા નથી. તો પછી આવી વ્યક્તિ ઈચ્છા હોવા છતાં શાસ્ત્રો ક્યાંથી ભણી શકે? અહિંયા તેમને અંતરાય નડે છે વિઘ્ન નડે છે.

ઘણાને શું હોય છે કે ઘરમાં બરાબર કામ કરી શકતાં હોય, બધી જ સુઝ, સમજ પડે. પણ ધર્મ કરવા જાય તો વિઘ્ન નડે. જેમ એક મુહપત્તી પણ બરાબર ન પલેવી શકે. કારણ અંતરાય નડતાં હોય માટે તે સમજી જ ન શકે કે મુહપત્તી કેમ પલેવવી?

સભાઃ- પણ તે વખતે તેનું હૈયુ કપાઈ જાય ખરું?

સાહેબજીઃ- મધ્યમ કક્ષાનુ વિઘ્ન હોય તો ન કરી શકવાથી તેનું હૈયુ કપાય, દુઃખ થાય. પણ ઉત્કૃષ્ટ વિઘ્ન હોય તો કાંઈ ન થાય. માટે અંતરાય કર્મોને નિવારવા માટે ફાઈટ કરવી જ પડે.

સભાઃ- અંતરાય કર્મોને કઈ રીતે નિવારવા?

સાહેબજીઃ- જે જે કર્મોના નિવારણ માટે જે જે ઉપાયો બતાવ્યા છે તે રીતે ઉપાયો કરીને અંતરાયો નિવારવાના છે. દાનાંતરાય તોડવા જે ઉપાય બતાવ્યા છે તે પ્રમાણે ઉપાયો કરશો તો આત્મકલ્યાણ થશે.

સભાઃ- સાહેબજી શ્રેણીક મહારાજા વ્રત પચ્ચક્ખાણ નહોતા લઈ શકતા? અને લે તો તેમના પચ્ચક્ખાણ ભાંગી જતા તે સાચી વાત છે?

સાહેબજીઃ- આ વાત ખોટી છે. શ્રેણીક મહારાજા વ્રત લઈ શકતા હતા અને જિંદગી સુધી સારી રીતે પાળી શકતા પણ હતા. પરંતુ તેમને ભાવ વિરતિ નહોતી. શાસ્ત્રમાં આવે છે કે શ્રેણીક મહારાજાએ પણ પચ્ચક્ખાણો લીધો છે અને કૃષ્ણ મહારાજાએ પણ પચ્ચક્ખાણો લીધા છે. સમોવસરણમાં નેમિનાથ ભગવાને આરંભ, સમારંભનુ વર્ણન કર્યું. તેમાં ગમનાગમન દ્વારા કેટલી હિંસા થાય છે. આ બધા વર્ણનની તેમને એટલી અસર થાય છે કે તેઓ ઉભા થઈને પ્રભુ પાસે પચ્ચક્ખાણ લે છે કે પ્રભુ મને ચોમાસાના ચાર મહિના દ્વારિકા નગરીની બહાર જવું નહી, તથા રાજસભા પણ ભરવી નહી. કારણ તેના માટે કેટલાય રાજાઓ

બહારથી આવશે, જેથી હિંસા થશે માટે રાજસભા ભરવી નહી. અને આ પચ્ચક્ખાણ અણીશુધ્ધ પાળ્યા છે.

શ્રેણીકરાજા એક નવકારશીનું પચ્ચક્ખાણ પણ નહોતા કરી શકતા, તે માન્યતા તો એક ભ્રમ છે. હા, અહિંયા એમ કહેવાય કે તેઓ ભાવથી પચ્ચક્ખાણ નહોતા કરી શકતા. ભાવથી પચ્ચક્ખાણ જુદી વસ્તુ છે. દ્રવ્યથી પચ્ચક્ખાણ જુદી વસ્તુ છે. દ્રવ્ય પચ્ચક્ખાણ તેઓ લઈને અણિશુધ્ધ પાળી શકતા હતા.

સભા:- ભાવથી પચ્ચક્ખાણ સમજાવોને ?

સાહેબજી:- તેનું વર્ણન આમાં જ આગળ આવશે.

સ્થાનાદિ યોગોમાં ભાવવિરતિનું પચ્ચક્ખાણ શું તેનું વિવેચન આવશે. આ ૨૦ ગાથાના ગ્રંથમાં આખો મોક્ષમાર્ગ સમાઈ ગયો છે.

સભા:- શ્રેણીકરાજાને તેમના પુત્ર કોણીક દોરડા મારતા હતા શુ કારણ?

સાહેબજી:- શ્રેણીકરાજા અને કોણીક એ કાંઈ સામાન્ય વ્યક્તિ નથી. પણ બન્નેના ભૂતકાળના એવા કર્મો બંધાયેલા છે કે સામા સામા આવા સંયોગો ઉભા થયા છે. માટે મધ્યમ વિઘ્નો ઘણા પ્રકારના જીવનમાં આવતા હોય છે.

તેને કઈ રીતે દૂર કરવા તેનું ચિંતન પૂર્વક સમીક્ષા કરશો તો પ્રતિક્રમણ, સામાયિક, ભક્તિ પૂજા, તમારી બધી આરાધના સારી રીતે કરી શકશો. માટે અણિશુધ્ધ ધર્મ કરવા નિર્વિઘ્ન થવાની જરૂર છે. અત્યાર સુધી ભૂતકાળમાં આવા અંતરાયો બાંધ્યા છે. પણ હવે આ બધાના ચિંતન દ્વારા નવા અંતરાયો ન બંધાય તેની સાવચેતી રાખવાની છે.

॥પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૯-૯-૯૫ ॥વિઘ્નજય ભાવધર્મ॥ ગોવાળિયા ટેંક
મંગળવાર
ભાદ. સુદ દસમ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને પરમાનંદને પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આત્મા મોક્ષે જાય એટલે પરમ આનંદ પરમ સુખને પ્રાપ્ત કરે છે. પરંતુ આ આનંદને પ્રાપ્ત કરવા માટે આત્માએ સ્વયં સાધના કરવી પડશે. અને આ પ્રાપ્ત કરવા માટે ઈચ્છા થવી તે જ ઉત્તમતાનું લક્ષણ છે. અનંત કાળથી આત્મા સંસારમાં રખડે છે. તેનું કારણ જીવને સંસાર ગમે છે. તેને મુક્તિની કામના નથી માટે જ સંસારમાંથી બહાર નીકળતા નથી. જીવની ઈચ્છા વગર કાંઇ જ બનતું નથી.

હવે મુક્તિની ઈચ્છા જ જન્મે નહિ તો સંસારમાંથી છુટવાનો પ્રશ્ન જ ક્યાંથી આવે? પરંતુ આ સંસાર ઘોર છે. સંસાર અસાર છે. મહા ભયંકર છે. આવા સંસારમાંથી જો બહાર નીકળશું તો જ પરમ સુખને પામી શકશું. આવી ભાવનાવાળો જીવ જ પ્રણિધાન ભાવધર્મને પામે છે.

હવે કોઈ જીવને ગરીબાઇમાંથી છુટવું છે અને શ્રીમંતાઇ મેળવવી છે. પણ તેને મેળવવા માટેનો જો પુરુષાર્થ ન થાય તો તેને શ્રીમંતાઇ મળી શકે? તેની જેમ મુક્તિને પ્રાપ્ત કરવા માટે પણ જો પુરુષાર્થ ન થાય તો મુક્તિ મેળવી શકાતી નથી.

આ સંસારમાં જેટલા જીવો છે તેમાંથી અનંતા જીવાએ એક જીવને મુક્ત થવાની માંડ ઈચ્છા થાય છે. અત્યારે શું છે કે ઘણાને મોક્ષ જોઇએ છે પણ વગર મહેનતે મળે તો જોઇએ છે. આવા જીવોને પ્રવૃત્તિ ભાવધર્મ ન આવે.

પણ જે વ્યક્તિને લક્ષ પામવું છે, લક્ષ નિશ્ચિંત છે, તે પામવા માટે ભગીરથ પુરુષાર્થ કરવાની તૈયારી છે. હવે આવા જીવો પણ સિધ્ધિને પ્રાપ્ત કરી મોક્ષ સુધી ન પહોંચી શકે તેમાં કારણ વિઘ્નો છે. જેને મોક્ષે જવાની તમન્ના નથી તેનો તો મોક્ષ થતો જ નથી. કારણ તેની ઈચ્છા જ નથી, એટલે તેનો પુરુષાર્થ નથી. પણ ઈચ્છા છે, પુરુષાર્થ છે છતાં નથી પહોંચી શકતાં તેમાં કારણ વિઘ્નો છે.

દા.ત. પ્રભુ મહાવીરે દીક્ષા લીધી. તેમને ખડે પગે ૨૪ કલાક ઉભા રહી સાધના

કરવાની તૈયારી છે. આત્મા સાધના માટે ઉપવાસો કરવાની તૈયારી છે. તેના માટે જેવો પુરુષાર્થ કરવો પડે તે માટે કરવા તૈયાર છે. છતાં મોક્ષ પ્રાપ્તિ માટે તેમને વર્ષોના વહાણાં વીત્યા, કારણ વિઘ્નો નડે છે.

ઘણાને તો શું લક્ષ્ય જ બંધાયું નથી. કાં લક્ષ્ય બધાયુ છે તો પુરુષાર્થ નથી. માટે જ તેને મોક્ષ મેળવવામાં લીધો વિલંબ થઇ રહ્યો છે. તેને નિષ્ફળતા મળે છે. પણ અણિશુધ્ધ કરવાની તૈયારીવાળા જીવો છે. સાથે પુરુષાર્થ છે. છતાં નથી પામતાં તેને વિઘ્નો નડે છે. ઉત્તમ સાધકને પણ આ વિઘ્નો સંસારમાં લાંબો ટાઇમ જકડી રાખે છે.

સભાઃ- સાહેબજી આત્માની તાકાત વધારે નહીં?

સાહેબજીઃ- અમુક અપેક્ષાએ આત્માની તાકાત વધારે, પણ અમુક સંયોગોમાં નિરપેક્ષ પણે આત્માની તાકાત વધારે તેમ બોલો તો પછી જે ક્ષણે મુક્તિની ઇચ્છા થાય તેની બીજી ક્ષણે જ મોક્ષ થઇ જાય. પણ તેવું બને છે? તાકાત છે. પણ જેમ અમુક સંયોગોમાં ગમેતેવા પહેલવાનની તાકાત પણ કામ લાગે ખરી? તેની જેમ આત્માને છે.

અનિકાચીત કર્મોને આત્મા હંફાવી શકે, તોડી શકે પણ નિકાચીત કર્મો ક્ષપકશ્રેણી વગર તોડી ન શકે. અને એ પહેલા નિકાચીત કર્મો ઉદયમાં આવે તો ભોગવવા જ પડે. તમે સંપૂર્ણ કર્મને પરતંત્ર નથી અને સંપૂર્ણ પણ સ્વતંત્ર પણ નથી.

તમારા હાથમાં કર્મની નાડ છે. અનિકાચીત કર્મોને નિમિત્તો, આલંબનો, પુરુષાર્થ દ્વારા તમે તોડી શકો છો, ખમી શકો છો, તેને નિરફળ બનાવી શકો છો. અને તમે તેનું ઉંધુ રીઝલ્ટ પણ લાવી શકો છો.

સભાઃ- નિકાચીત કર્મોને હળવા ન કરી શકાય?

સાહેબજીઃ- ના જરાપણ નહી, તેમાંથી કણીયો પણ ખસે નહી. પુરુષાર્થ દ્વારા તેમાં જરાપણ પરિવર્તનની શક્યતા નથી.

સભાઃ- તપ કરીએ તો નિકાચીત કર્મ ખપે?

સાહેબજીઃ- ઉગ્ર તપથી નિકાચીત કર્મ ખપે તે વાત સાચી. પણ ઉગ્ર તપનો અર્થ

સમજાવો પડે.

ઉપાધ્યાય સૂરિએ લખ્યુ કે જ્ઞાનયોગ, તપશુધ્ધિ ..... તપથી નિર્જરા થાય, ઘોરમાં ઘોર નિકાચીત કર્મો ખપે. જ્યા ભયંકર કર્મો ખપાવી નાખો ત્યાં તપ કામે લાગે. તપ દ્વારા કર્મો ઘાસના પૂળાની જેમ સળગતા ચાલે છે. પરંતુ તપ કયો લેવાનો? તમે તપ કોને માનો છો? ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, માસખમણ આ બધા તપ છે. પણ તપના પણ ઘણા ભેદ છે. તેમાં છ પ્રકારના બાહ્ય તપમાં અણશન તપ આવે છે. પણ તે તપ અભ્યંતર તપનું સાધન બને તો જ તે ખરો તપ કહેવાય. નહિતર તે તપ ખાલી કાયા ક્લેશ છે. જે અકામ નિર્જરાનું સાધન છે. હવે અભ્યંતર તપનું સાધન બને તેવો તપ ક્યારે કહેવાય? જેમ તપ કરે તો કેવો કે અંદરમાં કંઈક વિશુધ્ધી પેદા કરે, વૈરાગ્ય પેદા કરે, અનાશક્તિ, વિકારોનો મુળમાંથી થોડો ઘણો ઉચ્છેદ કરે, આવા તપને અભ્યંતર તપનું સાધન બનનારો કહ્યો છે.

તમે શ્રાવકપણામાં માસખમણ કરો. પણ કેવી રીતે હોય. તમે એક મહિના માટે ખાવાના પચ્ચખાણ લીધા છતાં આમ તમારા જીવનમાં રોજીંદી કેટલી હિંસા હોય? કાંઈ તમારા પૌષધ સાથેના ઉપવાસ હોય છે? તમારા માસખમણમાં અનેક પ્રકારની હિંસા હોય છે. માટે ખરા ભાવ સાધુના એક દિવસના ભાવ ચારિત્રનું ફળ તમારા માસખમણના ફળની તોલે ન આવે.

સભા:- તો પછી માસખમણ શું કામ કરીએ?

સાહેબજી:- આવો લાડવો લેવો હોય તો લઈ લોને સર્વવિરતી. આ તો શું કે સર્વવિરતી લેવી નથી અને માસખમણ પણ કરવું નથી. માસખમણમાં લાભ નથી તેમ નહી. પણ સર્વવિરતીમાં વધારે લાભ છે. સાધુની એક નવકારશી પણ શ્રાવકના આખી જીંદગીના તપ આગળ વધારે છે. અહિંયા ભાવ શ્રાવક અને ભાવ સાધુ લેવાના. અમે પણ ભાવ સુધી નથી. સર્વવિરતીનું આટલું ઉંચુ ફળ બતાવ્યુ છે. અમે પણ દાવો નથી કરતાં કે અમે ભાવસાધુ છીએ. આ ગ્રંથના પ્રણેતા પણ કહે છે કે અમે હજુ ભાવ સાધુ નથી. અમે દ્રવ્ય સાધુ છીએ. હજુ અમે ચારિત્રનો અભ્યાસ કરીએ છીએ.

માટે છઠ્ઠુ ગુણ સ્થાનક ભણો તો ખબર પડે કે ભાવ સાધુ કેવા હોય. તેમને શું કહ્યુ કે,

છઠ્ઠુ ગુણઠાણુ ભવઅટવી .............

તેમને શું કહ્યુ કે જે ભાવ સાધુ પામે તે સંસાર રૂપી અટવીને પાર પામ્યા છે. મોટે ભાગે એક વખત જીવ ભાવસાધુ પામે તેનો મોક્ષ એકાદ ભવમાં થાય છે. અને કદાચ પાછા પડે તો પણ ૭-૮ ભવે નક્કી છે. ભાવ ચારિત્રના સાત-આઠ ભવ ગણવાના છે. તેના સંસાર ચક્રમાં એક વખત ભાવ સાધુ પામેલ જીવ પાછો પડે તો પણ તેના ભાવ સાધુના સાત-આઠ ભવમાં તેનો નક્કી મોક્ષ થાય. જેમ ગોશાળાએ ઘોર પાપો કર્યા માટે તેમને કર્મ પછાડે જ. પણ તેમના માટે પણ ભાવ સાધુના ભવ સાતથી આઠ જ હોય.

સભા:- ભાવસાધુના સાત-આઠ ભવ પામવામાં કેટલો ટાઈમ થાય?

સાહેબજી:- આમ તો ભાવસાધુ પામ્યા પછી તરત મોક્ષ થાય પણ કદાચ પડે તો પછી વધારેમાં વધારે સાત-આઠ ભવ પામતાં સુધી જેટલો કાળ રખડવું પડે તેટલો જીવ રખડે. આમ તો શું કે જેનો હવે છેડો આવી ગયો છે તે જ છઠ્ઠુ ગુણ-સ્થાનક પામે.

મહાપુરુષે લખ્યુ છે કે આવા છઠ્ઠા ગુણસ્થાનક પામેલા મહાત્માના સૌભાગ્યની અમે ગમે તેટલા પ્રયત્ન કરીએ તો પણ વખાણ કરી શકીએ તેમ નથી. માટે વિચારજો તેવા જીવોની અવસ્થા કેવી હશે?

સભા:- ભાવ શ્રાવકપણા માટે કયુ ગુણસ્થાનક?

સાહેબજી:- તેને પાંચમું ગુણસ્થાનક રીઝર્વેશન રૂપે જોઈએ. હવે પાંચમું ગુણસ્થાનક ક્યારે આવે? ચોથુ આવે પછી જ. માટે શ્રાવક માટે બોલાય છે કે શું કે સમ્યક્ત્વ મુલ બારવ્રત, સમ્યક્ત્વ મુલ ધર્મ, સમ્યક્ત્વ મુલ દેશ વિરતિ. માટે પાયો સમકીત છે. સમકીત પામેલા બધા જ ભાવશ્રાવકપણુ પામેલા હોય તેવો નિયમ નથી. પણ ભાવશ્રાવકપણુ પામવા માટે સમકીત તો જોઈએ જ.

શ્રેણીક મહારાજા, કૃષ્ણ મહારાજા, ક્ષાયીક સમકીત પામેલા તીર્થંકરના

જીવ છે. તેમની મહાવીર પરમાત્મા પ્રત્યે ભક્તિ, બહુમાન કેવાં છે? કૃષ્ણ મહારાજાને આવીને સંદેશો આપે કે નેમિનાથ પ્રભુ સમોવસરણમાં પધાર્યા છે. આ સમાચારથી એટલા હરખઘેલા થઈ જાય કે વધામણી આપનારને ૧૨ાા કરોડ મુદ્રા અને પોતાના શરીર પરના બધા અલંકારો આપી દે. માટે વિચારજો કેવી ભક્તિ કરતાં હશે? વધામણીના સમાચારથી આટલો ઉલ્લાસ આવે તેવી વ્યક્તિ પ્રભુના દર્શન, વંદન કેવી રીતે કરતા હશે, દર્શન કરવા જાય ત્યારે કેવા ઠાઠ સાથે જતાં હશે! તમને આવો ઉલ્લાસ કદી જીવનમાં આવ્યો છે ખરો?

તેમ શ્રેણીક મહારાજાની પણ કેવી ભક્તિ છે. તેમને અભિગ્રહ પણ એવો લીધેલ છે કે સવારે ઉઠીને પહેલાં સેવકોને મારતે ઘોડે પ્રભુના સમાચાર લાવવા મોકલે. પ્રભુ કઈ દિશામાં વિચરે છે? કઈ પૃથ્વીતલને પાવન કરે છે? તેમના દેહમાં નિરાયમતા પૂર્વક સુખશાતા છે? આ બધાના સમાચાર મળે પછી પ્રભુ જે દિશામાં વિચરતાં હોય તે દિશામાં અક્ષત રૂપે સોનાના જવલાથી સાથિયા કરે અને તેમાં મોતીના સાથિયા પૂરે. અને તે દિશામાં પ્રભુને ચૈત્યવંદન આદિ ભક્તિ કરીને પછી જ મોંમાં પાણી નાંખે. આવો એમને અભિગ્રહ છે. સાચું કહેજો આ બધાની કેવી ભક્તિ છે. છતાં પણ શાસ્ત્રમાં કહ્યું કે આ પચ્ચખાણ પણ ભાવથી નથી. દ્રવ્યથી છે. આખી જીંદગી એક નાનુ સરખુ પચ્ચખાણ પણ તેમને ભાવથી નથી આવ્યુ. ભાવથી પચ્ચખાણ કરવાં તે કાંઈ બચ્ચાના ખેલ નથી.

અત્યારે તો ઘણાએ વિશેષણોની લહાણી કરવાની જ ચાલુ કરી છે. કોઈ જરા દાન કરે એટલે શું કહે કે આ તો વસ્તુપાળ જેવા દાનેશ્વરી છે. જેમ કોઈ જરા વધારે ભક્તિ કરે તો શું કહે કે અનુપમા છે. જેમ તમે જૈન છો, શ્રાવક છો અને તમને ગમેતેની સાથે સરખાવે તો શું થાય? આ રીતે સરખાવે તો ડીવેલ્યુએશન લાગે ને? માટે મહાપુરુષોને ગમે તેની સાથે સરખાવાય નહીં.

સભા:- અત્યારે બધા કુમારપાળ બનીને આરતી ઉતારે છે?

સાહેબજી:- તે રીતે આરતી ઉતારવા માત્રથી કાંઈ કુમારપાળ બની જતાં નથી. શું કુમારપાળનો ડ્રેશ પહેરવા માત્રથી કુમારપાળ બની જવાય? માટે ગમે તેને ગમે

ત્યાં જોડી દેવાય નહીં.

આ તો ઉત્તમ પુરુષોનું અનુકરણ કરાય છે. જેમ સ્નાત્રમાં ઈન્દ્રમહારાજના નામથી પ્રભુને કળશ કરો છો માટે શું ઈન્દ્ર બની ગયા? ઈન્દ્ર બનવાની ત્રેવડ પણ છે ખરી? અનુકરણ પણ યોગ્ય રીતે કરવાનું હોય છે. પ્રભુના પંચ કલ્યાણક ઉજવો છો ત્યારે પ્રભુના માતા-પિતા બને છે. ત્યારે હું મરુદેવા માતા છું તેમ માની લેવાય ખરું? તે બનવાનું આપણું કાંઈ લેવલ નથી. આ તો શાસ્ત્રની વિધિ છે માટે અનુકરણ કરીએ છીએ. પણ મારું કોઈ લેવલ નથી. આ તો કેવું કહેવાય કે કોઈ ઠંઠણ ગોપાળ હોય અને કહે કે હું અવજ્ઞે પતિ છું. એટલે શું અવજ્ઞેપતિ થઈ ગયો.

આમ વિચારવાથી વગર કારણે જીવનો વિકાસ રુંધાઈ જાય છે. કારણ જે પામ્યા નથી ને પામવાનું બાકી છે છતાં માને કે હું પામી ગયો છું. માટે વિકાસ ક્યાંથી થાય?

ભાવ શ્રાવકપણું પામવું આત્માને દુર્લભ છે. અણિશુધ્ધ સમકીત સાથે વિરતિનાં પાંચમાં ગુણસ્થાનક યોગ્ય પરિણામ પ્રગટે તો ભાવ શ્રાવકપણાને પમાય છે. તમે એક પણ બાધા ભાવથી સ્વીકારી છે?

ભાવથી સ્વીકાર્યનો અર્થ શું?

તમે જે પચ્ચખાણ લો છો તેમાં તેનો ત્યાગ વિવેક પૂર્ણ કરો છો? સમ્યગ્‌મુલ પૂર્વક ત્યાગ કરવાનો છે. ત્યાં રાગદ્વેષ જે કાઢવાના હોય તે કાઢી શકો તો વિવેકપૂર્ણ કહેવાય.

જેમ દાખલા તરીકે તમે કંદમુળની જે બાધા લો છો તે કઈ રીતે છે. તમારે કંદમુળ ખાવું નહીં તે રીતનો હિંસાનો ત્યાં ત્યાગ કરો છો. પણ કોઈપણ રીતે કંદમુળની હિંસા નહી કરવી તેવો ત્યાગ નથી કરી શકતા. માટે શ્રાવક કંદમુળની આખી બાધા લઈ શકતા નથી.

સભા:- કઈ રીતે?

સાહેબજી:- જેમ તમે રસ્તામાં ગયા અને ગાડી નીચે કંદમુળ આવીને ચગદાઈ ગયું

તો હિંસા થઇને? ૧૨ વ્રતધારી, ભાવ શ્રાવક જીંદગીમાં એક જીવને પણ સંપૂર્ણ અભયદાન આપી શકે નહી.

એક દાખલો બનેલો વાત કરુ છુ. એક ડોકટર સારા પ્રસિધ્ધ ફોરેન જઇને આવેલા. તેમને જીવદયામાં ખૂબ જ રસ. તે પ્રસંગે શું કહે કે એક જીવને અભયદાન આપવામાં સોનાના કરોડ મંદિર બંધાવો તેના કરતાં વધારે લાભ છે. એટલે તેનો મતલબ શું થયો કે અબજો રુપિયા ખર્ચીને જે ફળ મેળવો તે ખાલી એક વખત ૨૫૦, ૫૦૦ રૂપિયા ખર્ચીને એક જીવને અભયદાન આપવું તેમાં વધારે લાભ છે? આવું તેઓ એક વખત મારી સભામાં બોલ્યા. પછી શાંતિથી તેમને પૂછ્યુ કે તમને ખબર છે કેવા અભયદાનથી આ લાભ મળે? શાસ્ત્રમાં શું લખ્યું છે તે ખબર છે?

તમે એક જીવને અભયદાન આપીને છોડાવ્યો. હવે આગળ જતાં કદાચ તે જીવ તમારી મોટરની ફડફેટમાં આવીને મરી શકે છે. માટે તેને તમારા તરફથી ભય છે કે અભય છે? તમે ત્યારે હિંસા કરવાની તૈયારી છે માટે કર્મબંધ ચાલુ જ છે. પછી પ્રવૃત્તિ થાય કે નથાય. માટે તમે જીવને સંપૂર્ણ અભયદાન આપી શકો નહીં.

જેમ રુપિયા ખર્ચીને કુતરો લઇ આવ્યા છો. જે જીવથી તમને વહાલો છે. તમારા ફેમીલી મેમ્બર જેવો હોય. હવે એ કુતરો કદાચ તમારી જ ગાડી નીચે બેસીને આરામ કરતો હોય અને ખબર ન રહેવાથી તમારી જ ગાડી નીચે ચગદાઇને મરી જાય! માટે હિંસા થવાની સંભાવના છે.

ખૂન કરો તો જ પાપ લાગે કે ખૂન કરવાની સંભાવના છે માટે પણ પાપ લાગે? તમારા ઘરની ભીંત પડેને મરી જાય તો, તો પણ તમને પાપ લાગે. તમારા સાધનથી કોઇ પણ મરે તો તમને પાપ લાગે. માટે શ્રાવક ૧૨ વ્રત ઉંચામાં ઉંચી રીતે લઇને પાળે તો પણ તે સંપૂર્ણ અભયદાન ન આપી શકે.

સંપૂર્ણ અભયદાન આપવા માટે તો સાધુપણુ જ સ્વીકારવું પડે. આ આ અભયદાનનું આટલું ફળ છે. દાન કરતાં અભયદાન ઉંચુ તે આ અપેક્ષાએ છે. માટે અપેક્ષા વિચારવી પડે. ગમે તે વાક્ય ગમે ત્યાં બેસાડી દો તો ન ચાલે. એક તમે

ગાય કે ભેંસ છોડાવી દો એટલા માત્રથી દહેરાસર બંધાવા કરતાં વધારે લાભ થાય તેવું નથી. અનુકંપા દાન તો હલકો ધર્મ છે. અને દહેરાસર બંધાવવું તે તો કઇ ગણી ઉંચી કક્ષાનો ધર્મ છે માટે કઇ અપેક્ષાએ કયું વાક્ય બોલાય છે તે સમજવું પડે.

સંપૂર્ણ અભયદાન ભાવશ્રાવક આપી શકતો નથી.

સંપૂર્ણ અભયદાન તે સાધુપણામાં જ થઇ શકે છે.

અમારે એક પણ જીવને નહી મારવાના ત્રિવીધે ત્રિવીધેના પચ્ચખાણ છે. એ રીતના પચ્ચખાણ તમારે સંસારમાં થઇ શકવાના નથી. માટે તમને ૨૪ કલાક અવિરતીનું પાપ લાગે છે. ભરખાઇ જવાય તેવું અવિરતીનું પાપ હોય છે. અવિરતીમાંથી છોડાવ તેવા વિરતીના પરિણામ નથી માટે જ અવિરતી છોડવાનું મન થતું નથી.

તમે સંસારમાં બટેટાની હિંસા નહી કરવી તેવા પચ્ચખાણ લીધા પણ તમારા કપડાં, સ્ટાર્ચ બધામાં કંદમુળ વપરાય છે. એટલે શું થયુ કે તમે તેને ખાવી નહી ખાવા નિમિત્તના પચ્ચખાણ થયા. તેમ તમારુ ઘર કરવા માટે પણ જમીન સાફ કરવા, મુળીયા કાપી નાંખો છો? જે અનંતકાય છે. માટે તે અનંતકાયની હિંસા થઇને?

તમારા લીધેલા પચ્ચખાણમાં શું કે કંદમુળ જાતમાં હજારો પ્રકારના છે. ક્વોન્ટીટી પણ તેની ઘણી છે. જેના લાખો ટન થાય. હવે એક એક કંદમુળમાંથી કેટલી વાનગી બનતી હોય છે. આ બધી વાનગીઓ નહી ખાવાના પચ્ચખાણ તમે લીધા તેમાં પણ કંદમુળ નહી ખાવા રૂપે જ. તમારે પચ્ચખાણ છે. કાંઇ પવશાવા રૂપે તો નહી ને? આ પચ્ચખાણથી તમારા મનમાં આ બધી બનતી વાનગીઓ પ્રત્યેનો રાગ-દ્વેષ કપાઇ જવો જોઇએ. પરંતુ તમને તો મસાલા ઢોંસાની સુગંધ આવે તો મનમાં પાણી છુટે ને? ભલે તમે છોડ્યુ છે પણ સ્વાદ ગમતો હોય તો પાપ લાગે. કારણ મનમાં આશક્તી છે. તેથી પચ્ચખાણમાં ખામી ગણાય. દુનિયામાં કંદમુળમાંથી બનતી લાખો વાનગીઓ પ્રત્યેનો ગમો કે અણગમો મનમાંથી

નીકળી જવો જોઈએ.

અનંતા અનંત કાળથી આ પરિણામો અંદર એવા પડ્યા છે કે ભાવ વિરતીને લાવવા માટે કષાયોના ઝુંડને ઝુંડ સાફ કરવા પડે. કેટલીય વિશુધ્ધી કરો ત્યારે ભાવ વિરતી આવે છે.

તમે કરિયાતુ પીઓ કે ન પીઓ પણ તેના પ્રત્યેનો અણગમો ચાલુ જ છે. માટે કર્મબંધ ચાલુ છે. તમે ઉપવાસ કરો ત્યારે પણ તમારી ભાવતી વસ્તુ પ્રત્યેનો રાગ પડ્યો હોય ને ?

તમે પચ્ચખાણમાં શું વોસિરાવો છો ? વસ્તુને વોસિરાવો છો કે તેના પ્રત્યેના રાગ-દ્વેષ આશક્તીને વોસીરાવો છો ?

સભાઃ- વસ્તુને વોસીરાવીએ છીએ.

સાહેબજીઃ- વસ્તુને વોસીરાવી દેશો તો પછી વસ્તુને અડાય પણ નહી. માટે વસ્તુ નહી પણ તેના રાગ-દ્વેષ વોસિરાવવાના છે. બને તો જ ભાવથી વિરતી આવી કહેવાય. ભાવવિરતી એ મહાન ધર્મ છે. એક અજૈન પંડિત આપણુ વ્રતનું પુસ્તક વાંચીને સખ્ખત ઇમ્પ્રેસ થયેલા. તે કહે કે આવી રીતનાં વ્રતો, તેના ભાંગા, વિકલ્પો ક્યાંય મેં વાંચ્યા નથી. માટે જ મહાપુરુષે યોગ શાસ્ત્રમાં લખ્યુ કે અન્ય ધર્મના સન્યાસી કરતાં પણ અમારો શ્રાવક ઘણો ઉંચો છે. શ્રાવકના જીવનમાં વિરતિના ધોરણો છે તેવા ઘરબાર છોડેલા અન્ય સન્યાસીના જીવનમાં નથી. માટે સંસારી જીવો માટે પણ પ્રભુએ કેવો ધર્મ બતાવ્યો છે.

પરંતુ તમને અત્યારે તો ૧૨ વ્રતો લેવાનું મન જ નથી થતું. એમ થાય છે કે જો વ્રતો લઇશુ તો ફસાઇ જશુ. તમે સંસારમાં રહીને મઝેથી ૧૨ વ્રતો પાળી શકો તેમ છો રાજા મહારાજાને રાજપાટ ચલાવવાના હોય તો પણ તેઓ પાળી શકે. પરંતુ તમે ન પાળી શકો ને? આમા વાંધો તમને ક્યાં છે ? ઇચ્છા જ નથી માટે ને?. પરંતુ આ વ્રતો ન લેવાથી કેટલા પાપ બંધાય છે તેનો કદી વિચાર કર્યો છે ખરો ? માટે વિરતિની મહિમા ઘણી જ છે. એક ભાવ શ્રાવકના માસખમણના પચ્ચખાણ કરતાં ભાવ સાધુની નવકારશી ચઢી જાય છે. કારણ ત્યાં ભાવથી સર્વ વિરતિ છે.

હવે આપણે આગળના મુદ્દા પર વિચારીએ.

આપણી વાત હતી કે તપથી નિકાચીત કર્મ ખપે કે નહી? મહાવીરપ્રભુએ નંદનમુનીના ભવમાં નિર અતિચાર ચારિત્ર પાળ્યુ છે. જયણા, નિર્મળતા પૂર્વક ચારિત્ર પાળ્યુ છે તે વખતે તેમને ૧ લાખ વર્ષ સુધી માસખમણના પારણે માસખમણ કર્યા છે. છતાં પણ તે વખતે એક પણ નિકાચીત કર્મ ખપ્યુ નથી. અને જો નિકાચીત કર્મો ખપી ગયા હોત તો પછી તેમને ૧૨॥ વર્ષની આવી ઘોર સાધના કરવી પડતે નહી. માટે આ તપ કરતાં ઉંચો તપ જ્ઞાનયોગનો તપ છે. કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે ભેદ છે.

કર્મયોગના તપ કરતાં જ્ઞાનયોગમાં અસંખ્ય ઘણી નિર્જરા વધારે છે. કર્મ ખપાવવાની તાકાત તેમાં ઘણી છે.

સભા:- જ્ઞાનયોગ એટલે?

સાહેબજી:- જેમાં બધી ઈન્દ્રિયના વિષયો વિરામ પામી ગયા છે. શુભ, અશુભ ભાવોમાંથી જે પર થઈ ગયા છે. ફક્ત આત્મા માંજ રતિ કરનારા જીવો હોય છે. આવા જીવોને જ્ઞાનયોગ આવ્યો કહેવાય છે.

અન્ય ધર્મમાં જ્ઞાનયોગનું વર્ણન ગીતામાં કર્યું છે. તેમાં પણ લખ્યુ છે કે આત્માને છોડીને બીજી કોઈ વસ્તુમાં જ્ઞાનયોગવાળાને રસ હોય નહી. તેને આત્માંમાં જ રતિ હોય.

આવા જીવોને રતિ એટલુ નહીં પણ તેમાંથી જે આસ્વાદ મળી રહ્યો છે તેમાં તેની તૃપ્તિ છે. તેમને ૨૪ કલાક આત્મરમણતા છે. તેમને શાસ્ત્ર ભણવામાં કે ભક્તિ કરવામાં રસ નથી. આવા જ્ઞાનયોગી મહાત્મા બાજુમાં જો પ્રભુ હોય તો પણ તે દર્શન કરવા ન જાય. અને જો તેમને દર્શન કરવાની ભાવના થાય તો તેમને જ્ઞાનયોગમાંથી નીચે ઉતરવું પડે. જો કે અત્યારે આપણા માટે આ વધુ પોસીબલ નથી માટે આપણે તો ભક્તિ, દર્શન વધુ જ કરવાનું છે.

સભા:- આ ભૂમિકામાં કેટલી વાર ટકી શકે?

સાહેબજી:- લાંબો ટાઈમ ન ટકી શકે, કાં ઉપર ચડે કાં નીચે ઉતરે. સમતામાં લાંબો ટાઈમ ટકી શકાય. પણ જ્ઞાનયોગ તો સમતાથી આગળની ભૂમિકાની વાત છે. સમતામાં રહેલા જીવને પણ પરમાત્માના દર્શન કરવાની ભાવના ન હોય. તેઓના આચાર- વિચાર જ જુદા હોય છે. આવા મહાત્માને સામે ગુરુ મળે તો પણ હાથ ન જોડે. તેઓનું સ્ટેજ જ જુદુ છે. બધા માટે આ વાત નથી.

અત્યારે તો આપણી તાકાત કેટલી કે અનિકાચીત કર્મોને પુરુષાર્થ દ્વારા તોડી શકીએ. પણ નિકાચીત કર્મોને તો હલાવી શકીએ તેમ નથી.

અત્યારે તમારે સમતા શબ્દ બહુ જ સોંઘો થઇ ગયો છે. પણ ગમે ત્યાં વાપરવાનો સવાલ જ નથી. સમતાવાળા જીવનું માનસ કેવું છે તે આપણા માટે કલ્પનાતીત છે. તે ભૂમિકામાં ભગવાન જેવા આચાર વિચાર પાળતા હતા તે આપણે પાળી શકીએ તેમ નથી. શારિરીક કષ્ટ રીતે નહી પણ જેમ પ્રભુ આદિનાથ જો ઉપયોગ મૂકે તો ખબર છે કે તેમને ૧૨ મહિના ગોચરી મળવાની નથી છતાં દરરોજ જાય છે. જેમ ખબર છે કે આ ક્રિયાથી ફળ મળવાનું નથી. તમને ખબર હોય કે આ ક્રિયાથી ફળ મળવાનું નથી તો તમે તે ક્રિયા કરો ખરા? સંસારમાં કોઇ લક્ષ્ય વગર ક્રિયા કરો તેમ નથી. જ્યાં લક્ષ્યની ઇચ્છા આવી ત્યાં સમતાની ભૂમિકા ચાલી જાય છે. માટે મોક્ષમાર્ગની ભૂમિકાઓ બરાબર સમજીને શબ્દો વાપરવાના છે.

હવે તમે અનિકાચીત કર્મો પુરુષાર્થ દ્વારા ખપાવી શકશો. પણ જો નિકાચીત કર્મો ઉદયમાં આવી જાય તો તેને ભોગવ્યા સિવાય છુટકો નથી. અનિકાચીત કર્મોને તોડીને તમે આગળ વધી શકશો તેની ગેરેંટી છે.

હવે ઉત્કૃષ્ટ કર્મોના વિઘ્નનું દ્રષ્ટાંત જોઇએ. તેમાં અર્હતદત્તનુ દ્રષ્ટાંત છે. જેમાં ઉત્કૃષ્ટ કર્મોના વિઘ્નો કેવા ભાવથી બંધાય. તથા તે ઉદયમાં આવે ત્યારે ભલભલા સાધકની કેવી દશા થાય છે. તેનો તેમાં ચિતાર આપ્યો છે. આના માટે મેતારજ મુનીનું પણ દ્રષ્ટાંત આવે છે.

તમે ધર્મના ક્ષેત્રમાં દેવ-ગુરુની ભક્તિ કરતાં હોવ પણ ત્યારે ખબર પણ ન હોય કે કેવા કેવા ભાવોથી ઉત્કૃષ્ટ વિઘ્નોના કર્મો બંધાય છે. જેમ તમે દરરોજ પૂનમે શંખેશ્વર જઇને ભક્તિ કરતાં હોવ, અથવા તમારા બાજુના દેરાસરે પ્રભુની ખૂબ જ ભક્તિ કરતાં હોવ, પ્રભુની પૂજા કર્યા વગર મોંમાં પાણી પણ ન નાંખતા હોવ. હવે કોઇ વખત અણધારુ કષ્ટ આવે ત્યારે શું વિચારો? આપણે આટલી ભક્તિ કરીએ છતાં આપણને આવું કષ્ટ આવ્યું. ભગવાને આટલુ પણ ધ્યાન ન રાખ્યુ?

સભા:- શ્રધ્ધા નથી માટે આવા વિચારો આવે છે?

સાહેબજી:- હા, ચોક્કસ. શ્રધ્ધામાં પોલ છે માટે જ. જિનવર વિતરાગને ભજવાથી આવા વિચાર આવે ખરા? તમે અત્યારે ભગવાનને તમારા ચોકીદાર માનો છો ને? તમે જેને વખાણો તેના બાર જ વાગે ને? તમારા હિસાબે તો ભગવાન તમારા સેવકને? તમને લાગે છે ભગવાન અળગા રહે છે. પણ અળગા રહે તે જ ભગવાન કહેવાય. અત્યારે દ્રષ્ટીમાં જ. મુળમાં ખામી છે. તત્વનો વિવેક ન હોવાના કારણે મગજમાં ઘણો કચરો ભર્યો છે માટે બહુ જ ચિંતન. મનન માંગે છે.

॥પ.પૂ. શ્રી ધુરંધરવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

॥વિઘ્નજય ભાવધર્મ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્ર શુવિશુધ્ધ યોગના માર્ગને પ્રાપ્ત કરે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ કોઈપણ આત્મા યોગને ન પામે ત્યાં સુધી તેને આત્માનું સુખ પામવાનો સવાલ જ આવતો નથી. જીવ યોગને પામે પછી જ ઉત્તરોત્તર વૃધ્ધિ કરીને પરાકાષ્ઠાના સુખને પામે છે. આનુ વર્ણન કરતાં પહેલાં હરીભદ્રસૂરીએ પ્રણિધાન આદિ પાંચ ભાવધર્મોનું વર્ણન બતાવ્યુ છે.

આ ભાવધર્મોને પામ્યા વગર યોગી બનાતું નથી. પાંચેય ક્રમસર થઈયાતા છે. હવે પહેલો પ્રણિધાન ભાવધર્મ પામ્યા છે. પછી સારામાં સારી અભિલાષા પ્રગટી છે તેને આગળનો ભાવધર્મ પામવા માટેનો યોગ્ય પુરુષાર્થ પણ ચાલુ છે. પરંતુ અપેક્ષા મુજબનો યોગ ન પામી શકે તેમાં કારણ ભુતકાળમાં કરાયેલી ભૂલો છે. ને ભૂલો ધર્માન્તરાયનું કારણ બને છે.

આપણે આગળ જઘન્ય વિઘ્ન માટે મેઘકુમારનું દ્રષ્ટાંત વિચારી ગયા. તથા મધ્યમ વિઘ્ન માટે જ્વલંત.દેવનું દ્રષ્ટાંત વિચારી ગયા. હવે ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્ન માટે અર્હતદત્તનું દ્રષ્ટાંત આવે છે. આ એક કથાનક નથી પણ તેમાં તત્વસભર વાતો છે.

જીતશત્રુ નામના રાજા છે તેમને બે પુત્ર છે એકનું નામ અપરાજીત અને બીજા પુત્રનું નામ          છે. જે બન્ને યુવાવસ્થાને પામ્યા છે. ૭૨ કલામાં તથા રાજકાળમાં નિપુણ થયા છે. અપરાજીત પુત્રને યુવરાજના પદે સ્થાપે છે અને બીજા અમુક રાજ્યનો વારસો બીજા પુત્રને સોંપે છે.

હવે એક વખત શું બન્યુ કે સરહદ પરનો ખંડીયો રાજા સત્તાના મોહના કારણે તેમની સામે બળવો પોકાર્યો છે. જીતશત્રુરાજા પોતે લડવા જવા તૈયાર થાય છે. ત્યારે તેમના પુત્ર અપરાજીત ના પાડે છે. અમે બેઠા હોઈએ ને આપ જાઓ તે અમને શોભતું નથી. માટે પિતાની સંમત્તી લઈને પોતે લડવા જાય છે. પછી અપરાજીત લડીને રાજાને જીતીને પાછા ફરે છે ત્યારે યોગાનુયોગ શું બન્યુ કે ત્યાં મહાકુશળ આચાર્ય મહાત્મા પધાર્યા છે. તેઓ તેમના દર્શન, વંદન કરી વિનયથી તેમની દેશના

સાંભળવા બેસે છે.

દેશના એટલી હૃદયસ્પર્શી છે કે તેમને એકદમ અસર થઇ ગઇ માટે ઉત્કૃષ્ટ વૈરાગ્ય થવાથી પિતાની મંજુરી મંગાવી ત્યાં ને ત્યાં દીક્ષા લે છે. તેમને સારામાં સારી સંયમની આરાધના કરી, અદ્‌ભુત રીતે તત્વનો બોધ કરી શકે તેવા વિદ્વાન થયા છે. ગીતાર્થ થયા છે.

આમના ગુરુને અનેક શિષ્યો છે. તેમાંના અમુક શિષ્યો જે ઉજ્જૈન નગરીમાં હતાં તે પધાર્યા છે. તેમની બધી ક્રિયા પતી ગઇ પછી ગુરુભગવંત તેમને ખબર અંતર પૂછે છે, ત્યાંના રસ્તાના શું અનુભવ છે. ઉજ્જૈન નગરીનો સંઘ કેવો છે? કેવી ધર્મ આરાધના ચાલે છે? સાધુ-સાધ્વીના વિહાર માટે કેવી સ્થિતિ ત્યાં છે? જીનમંદિરો કેવા છે? આ બધી વાતચીત ચાલે છે ત્યારે અપરાજીત મહાત્મા ત્યાં બેઠા છે.

હવે શિષ્યો જવાબ આપે છે કે ત્યાંનો સંઘ બહુ જ સારો છે, ભક્તિવાળો છે. દરરોજ ઠાઠથી જીન મહોત્સવો, પૂજા, ભક્તિ, વરઘોડા થાય છે. આરાધના સારી થાય છે. વાર્ષિક આરાધનાઓ પણ સારી થાય છે. જ્ઞાન-ધ્યાન સંયમ માટે સારામાં સારી સામગ્રીઓ ઉપલબ્ધ છે. આમ બધી રીતે ત્યાં ઉત્તમતા છે. પણ ત્યાં એક મોટુ વિઘ્ન છે. જે વિઘ્ન સાધુ-સાધ્વીને વિહારમાં મુશ્કેલી કરે છે.

ત્યાંના રાજાનો યુવરાજ અને ત્યાંના પુરોહિતનો પુત્ર જે બન્ને મિત્રો છે. તેઓ બન્ને જૈન સાધુના ખુબ જ દ્વેષી છે. તેમના સંપર્કમાં જે પણ મહાત્મા આવે તેને ખુબ જ કદર્થના, હેરાનગતિ કરે છે. ઉપસર્ગો ઉભા કરે છે. માટે આ એક મોટુ જોખમ છે. આ બધી વાત અપરાજીત સાંભળે છે. તેમને વિચાર આવે છે કે આ નગરી તો મારા ભાઇને જે રાજ્ય સોંપ્યુ હતું તેમાં જ આવે છે. ત્યાંની સત્તા તો મારા ભાઇના હાથમાં છે. માટે તેમને ખુબ જ આઘાત લાગે છે. આવા ખાનદાનમાં આવા પુત્રો પાક્યા? અને આવા અનુચીત કાર્યો કરે તો પણ તેમના પિતા તેમના પર કાંઇ નિયંત્રણ મૂકતા નથી. તેથી તેમને લાગે છે કે આ કામ મારે જ કરવું પડશે. નહિતર આવા કર્મોથી તે બધા જીવો દુર્ગતિમાં જશે.

અહિંયા મહાત્માને કાંઇ મમતાના કારણે આ બધા વિચાર આવ્યા નથી. તેઓ તો નિર્લેપ મહાત્મા છે. પણ પેલા બેની દુર્ગતિના કારણે ભાવદયા આવવાથી આ અવળા માર્ગેથી વાળવા માટે વિચાર કરે છે. માટે ગુરુને એકાંતમાં જઈને પૂછે છે કે આપની આજ્ઞા હોય તો આ વિઘ્નનું નિવારણ કરવાની મારી ઈચ્છા છે. ગુરુ જ્ઞાની છે માટે હા પાડે છે. આ પણ ગીતાર્થ છે. આ વાત ચોથા આરાની છે માટે ગીતાર્થ એટલા વિચરી શકે. તેથી ગુરુએ તેમને સંમતી આપી.

પછી તેઓ ત્યાંના સંઘના ઉપાશ્રયે જાય છે. જ્યાં બીજા ધર્માચાર્યો પણ પોતાના પરિવાર સાથે સ્થિર થયેલા છે. અમારે નવા આવેલા મહાત્માને પ્રાહુણક કહે છે. તમે જેમ મહેમાનોની વિશેષ સરભરા કરો તેમ અમારે પણ હોય છે. માટે ગુરુ તેમનાં શિષ્યોને કહે છે તેમની ખૂબ ભક્તિ કરો.

આપ ગોચરી માટે પધારો. અમે ગોચરી લાવશું. ત્યારે આ મહાત્મા કહે છે કે હું આત્મ લબ્ધિથી ગોચરી લઉં છું. માટે શિષ્યોને ગુરુ કહે છે કે આ નગરમાં તેઓ નવા છે. માટે ગોચરી માટેના યોગ્ય કુળો, ભક્તિવાળા કુળો, જ્યાંથી નિર્દોષ ગોચરી મળી શકતી હોય તેવા ઘરો બતાવશો.

આ બધુ જાણ્યા પછી તે શિષ્યોને પૂછે છે કે ઉપદ્રવવાળા ભક્તિ વગરના ઘરો કયા છે? ત્યારે રાજકુમારનું અને રાજપુરોહિતનું ઘર બતાવે છે. અને પછી તે શિષ્યો પાછા ફરે છે.

હવે આમનો ઉદ્દેશ તો સાવ જુદો હતો માટે સીધા રાજમહેલમાં ગયા છે. અને દરવાજે જઈને જોરથી "ધર્મલાભ" આપીને ઉભા રહે છે. ત્યાં દાસીઓ અને રાણીઓ આમને જોઈને ઈશારાથી ચુપ રહેવા કહે છે. વહોરીને પધારો નહીંતર ઉપાધી હમણાં ઉભી થશે. પણ આ તો ફરીથી જોરથી "ધર્મલાભ" બોલે છે. હવે અંદર રાજકુમાર અને પુરોહિત પુત્ર બન્ને બેઠા છે તેમના કાને અવાજ પડે છે માટે તેઓ બહાર આવે છે.

આમની પ્રસિદ્ધિના કારણે કોઇ મહાત્મા પધારતા નહોતા. ઘણા વખતે ટીખળ મસ્તી કરવાનો તેમને ચાન્સ મળ્યો. માટે પહેલાં જ તેઓ મહેલનો દરવાજો

બંધ કરી દે છે. જેથી મહાત્મા જતા ન રહે. સાધુ મહાત્મા આમના લક્ષણ જાણી ગયા છે.

હવે એ બન્ને મિત્ર તેમને પૂછે છે કે "તમને નાચતા આવડે છે?" જો આવડતું હોય તો નાચીને બતાવો. જેથી અમને થોડું મનોરંજન થાય. ત્યારે મહાત્મા કહે છે કાંઇ એમનેમ નાચવાની મજા ન આવે પણ સાથે સંગીત વગાડનાર, તાલબધ્ધ ગાનાર હોય તો મજા આવે. તેઓ કહે છે તમે ચિંતા નહીં કરો અમે એક જણ વગાડશું અને એક જણ ગાશું. પણ તમે નાચો. ત્યારે મહાત્મા કહે છે કે મને નૃત્ય કરતી વખતે મુડ આવે તો હું અદ્દભુત રીતે નાચુ. પણ ગાનાર, વગાડનાર બરાબર તાલબધ્ધ, અવરોહ વાળા જોઇએ. જો તેમાં ક્યાંય પણ ભુલ થાય તો પછી મારો પિત્તો જાય.

અહિંયા બન્ને મિત્રોને થાય છે કે આમને સંગીતમાં શું ખબર પડવાની અને ખબર પડશે તો તેઓ શું કરી શકવાના છે? પરંતુ આ મહાત્મા ૭૨ કલાને જાણેલા રામ છે. તેઓ એવું નૃત્ય શોધે છે કે જેમાં ઝડપથી તાલ, આરોહ, અવરોહ બદલાતા હોય. હવે તેમને આવા પ્રકારનું નૃત્ય કરવાનું ચાલુ કર્યું જેનાથી તે બન્ને તેમાં થાપ ખાઇ ગયા. જેથી મહાત્માએ ચીડાઇને બન્નેને ધમકાવવાનું ચાલુ કર્યું. આ બન્ને પણ સત્તાના મદમાં ચઢેલા હતા માટે તાનમાં આવવાથી બોલાચાલી પરથી ઠેઠ મારામારી સુધી પહોંચી ગયા.

આ બાજુ બે જણા છે અને બન્ને જુવાન છે. જ્યારે પેલી બાજુ એકલા મહાત્મા છે અને તે પણ મોટી ઉંમરના છે. પણ મહાત્મા ખૂબ જ કુશળ હોવાના કારણે બન્નેને હંફાવી તેમને પકડમાં પકડીને તેમના મોં, હાથ, પગ, કમ્મર બધાને મચકોડીને સાંધામાંથી હાડકા ઉતારી દીધા. આખુ શરીર મચકોડી દીધુ છે. આ પણ એક કળા છે. મરવાના વાંકે જીવતાં હોય તેવા બન્નેને તેમને કરી નાંખ્યા છે. આમ કામ પુરુ કરીને તેઓ તો પછી ચાલતા થયા.

પરંતુ ગમે તેમ તો સાધુ હૃદય છે. એક કીડીને પણ ન દુભાવે તેવું સાધુનું હૃદય હોય, તો આ તો પાછા પંચેન્દ્રિય મનુષ્ય છે તો તેમને

દુભાવવાથી તેમને કેટલું દુઃખ થાય ? માટે મહાત્મા ખુબ જ દુઃખી છે. અંદરમાં તેમને તેની ખુબ જ અસર થઇ છે. તેમને થાય છે કે મેં તેઓને કેટલો અંતરાય કર્યો છે, મેં તેમને આહાર, પાણીમાં પણ અંતરાય કર્યો છે. મારે પણ ગોચરી, પાણી લેવાનું શું કામ ? માટે તેઓ ગોચરી લીધા વગર ઉપાશ્રયે પાછા ફરે છે. પ્રશસ્ત ભાવનાથી કામ કરે તેના આંતરિક પરિણામ કેવા હોય તેનો આ નમુનો છે. તેમને લાગ્યુ કે આમને ધર્મ પમાડવો હોય, તેઓને દુર્ગતિમાંથી બચાવવા હોય, શાસનનું હિત કરવું હોય તો આના સિવાય બીજો ઉપાય નથી. માટે જ તેમને આ રીતની પ્રવૃત્તિ કરી છે.

સભાઃ- લાભાલાભની દષ્ટીએ ખરુ ને ?

સાહેબજુઃ- હા, ચોક્કસ. અત્યારે નુકશાન ઓછુ છે અને ભાવિમાં લાભ વધારે છે, માટે વિવેકથી આ પ્રવૃત્તિ કરી છે.

હવે મહાત્મા ઉપાશ્રયે પહોંચીને ખુણામાં સ્વાધ્યાય કરવા બેસી જાય છે. પણ તેમનું ક્યાંય મન ચોંટતુ નથી. વારંવાર તે બન્નેના વિચારો જ તેમને આવે છે. ત્યાં તેમને એકદમ મોટુ શુકન થાય છે. તેથી તેમને લાગે છે કે શુકન સરસ છે માટે ચોક્કસ ભાવિ સારુ છે કારણ તેમને નિમિત્ત શાસ્ત્રની જાણકારી છે. તે પરથી તેમને થાય છે કે ચોક્કસ બેનું ભાવિ હિતમાં છે. માટે તેમનો શોક દૂર થઇ ગયો, ચિંતા ઓછી થઇ ગઇ. તેથી સ્વાધ્યાયમાં મગ્ન થઇ આરાધના ચાલુ કરે છે.

હવે મહેલમાં શુ બન્યુ કે ? આમ તો સાધુ મહાત્મા આવ્યા પછીથી બધા જ ઘરમાં કરીને બેસી ગયા હતા. બધાનો જુવ તાળવે ચોંટી ગયો હતો કે હમણાં કંઇક થશે ? ત્યાં થોડી મારામારી, બોલાચાલી સાંભળી, પણ પછી એકદમ વાતાવરણ શાંત થઇ જવાથી તેઓ બધા બહાર આવ્યા. પરંતુ આ બન્નેની દશા જોઇને બધા ગભરાઇ ગયા. રાજમહેલમાં દોડાદોડ થઇ ગઇ. રાજા પણ આવી ગયા છે. રાજાએ બધી પુછપરછ કરતાં ખબર પડે છે કે આ પરિસ્થિતિ કઇ રીતે કોનાથી થઇ છે. માટે રાજા તરત જ તેમના પરિવાર સાથે જૈન ઉપાશ્રયે આવે છે ત્યાં ગુરુભગવંતને વંદન કરી વિનયથી બેસે છે અને કહે છે ભગવંત

મારા દિકરાએ જે ભુલ કરી છે તેની હુ ક્ષમા માંગુ છુ. સંતો તો હંમેશા ઉદાર દિલના હોય માટે તેની ભૂલને ક્ષમા આપી તેની સજા પૂરી કરો! તેને ફરીથી સાજો કરી આપો.

ગુરુભગવંતને વાતની કંઈ જ ખબર ન હોવાના કારણે આ હકીકત સાંભળીને તેઓ નવાઈમાં પડે છે. પછી તેઓ વધારે પુછતાપ કરીને હકીકત મેળવીને શિષ્યોને બોલાવીને પુછે છે. કે આ કામ કોણે કર્યું છે? પણ બધા જ શિષ્યો ના પાડે છે. ત્યારે એકદમ ખ્યાલ આવે છે કે આજે નવા મહાત્મા પધારેલ છે. તેમને પુછી જુઓ.

તેથી રાજા તુરંત તેમની પાસે જાય છે પણ જેવા વંદન કરવા જાય છે કે ત્યાં જ તેમને ઓળખી જાય છે કે આ તો મારા મોટા ભાઈ જ છે. ચોક્કસ મારા અવળચંડા દિકરાની શાન ઠેકાણે લાવવા જ આવુ કૃત્ય કર્યું હશે. પહેલાં રાજા ક્ષોભ પામી બેસી રહે છે. કાંઈ બોલતા નથી. પરંતુ થોડીવાર પછી કહે છે કે આપ ક્ષમા આપો. ભૂલને માફ કરો ત્યારે મહાત્મા કહે છે કે આપણુ કુળ કયુ! ખાનદાન કયુ? આપણા કુળમાં આવા પુત્રો પાકે! અને આવી અનુચીત પ્રવૃત્તિ કરે અને છતાં તમે ચલાવી લો? એના પર તમારુ કોઈ નિયંત્રણ નહીં! ત્યારે રાજા કહે છે આ અમારી ખુબ જ મોટામા મોટી ભૂલ થઈ છે હવે ફરીથી કદીપણ આવી ભૂલ થશે નહીં. આપ ક્ષમા આપો. કારણ તેઓ બન્નેને અસહ્ય પીડા થાય છે. વેદનાનો કોઈ પાર નથી. આપ આવીને તેમને સાજા કરો, તેમના ગુનાને માફ કરો.

ત્યારે ગુરુભગવંત વિચારીને કહે છે કે આવા ગુનાની માફી એમનેમ ના મળે. જો તેઓ બન્ને આ ગુનાના પ્રાયશ્ચિત રૂપે દીક્ષા લે તો જ તેમને માફી મળે. રાજાને પણ ખુબ જ અસર થઈ છે માટે કહે છે કે જો તે બન્નેની હા હોય તો મારી તો તેમને સંયમ માટેની રજા છે. આવા માર્ગે આવે તો હું ખુબ જ ખુશ છુ. તમે વિચારજો રાજાને પણ કેવી અસર થઈ હશે કે આવા ઉદ્ગારો તેમના મોંમાંથી નીકળ્યા હશે? ભલે વિચારની ઉપેક્ષાના કારણે ભૂલ થઈ હશે પણ નિમિત્ત મળતાં તેમને કેવી અસર થઈ છે? જો તમારા જીવનમાં આવો પ્રસંગ બને અને તમને

દંડકો આપે તો શું થાય? અને તેમાં મહાત્મા પાછી આવી વાસ્ત કરે તો શું કહો? આ ઠેકાણે તમારો શું જવાબ હોય? તમારુ માનસ કેવું છે તેના પરિશીલન માટે પૂછું છું. આ જગ્યાએ તમે ગુરુને શિક્ષા આપવા બેસી જવ ને, મારે વિચારમાં કેટલો તફાવત છે. તમારી દ્રષ્ટીએ સાધુ થઈને આવું કડક પગલું ભરે તે વ્યાજબી છે? જેમાં આટલો ભયંકર ત્રાસ આપવો, હાથ, પગ, ડોક બધુ જ મચકોડી નાંખવું અને આવી અસહ્ય વેદનામાં મૂકીને ચાલ્યા જવુ. અને તેમાં પાછા ક્ષમા માંગવા આવે ત્યારે આવી કડક શરત મૂકવી.....

રાજાએ તો લાયક હોવાના કારણે ખૂબ જ અસર થઈ છે માટે તેમને તો દીક્ષા આપવા માટે પૂરી સંમતી બતાવી. પણ મહાત્મા કહે છે તમે પહેલાં તેમને પુછી આવો. રાજા કહે છે પહેલાં આપ પધારી તેમને સાજા કરો. કારણ જવાબ આપી શકે તેવી પરિસ્થિતમાં નથી.

મહાત્માં ત્યાં પધારે છે અને પહેલાં તે બન્નેની ડોક સીધી કરી આપે છે. મહાત્માને કાંઈ એવી ઈચ્છા નથી તેઓ વેદનામાં સબડ્યા કરે. પણ ભાવિ હિતમાં લાગવાથી જ આવુ પગલુ ભર્યું છે. આમ હૃદય પરિવર્તન વગર દીક્ષા આપી શકાય નહી. જેને વૈરાગ્ય હોય નહી અને સંસારમાં જેને વધારે રસ હોય તેને દીક્ષા અપાય નહી. માટે મહાત્માએ તેઓની ડોક સીધી કર્યા પછી દેશના આપે છે. તેમાં આ ૮૪ લાખ જીવાયોનીનું, વિષય, કષાયોનું, સંસારના સ્વરૂપનું એવું હૃદયસ્પર્શી વર્ણન કરે છે કે આ દેશના સાંભળીને તેઓ બન્ને રડી રહ્યા છે. આવા ઉત્તમ મનુષ્ય ભવને પામીને તમે આત્મ કલ્યાણ માટે શું આરાધના કરી? તેના માટે તેઓ કાંઈ જવાબ આપી શકતા નથી. દેશનાની એટલી અસર થઈ છે કે કહે છે કે, બસ અમને આ સંસારમાથી ઝડપથી છોડાવો. ત્યારે રાજા પણ સંમતિ આપે છે. અને પછીથી તે બન્નેને સાજા કરે છે. પહેલાં આવી રીતે બધા હાડકા સાંધામાંથી ઉતારી કાઢવા અને પછી પાછા બરાબર જેવા હતા તેવા તરત જ કરી આપવા આ બધી એક જાતની કળાઓ છે. કલ્પસૂત્રમાં આવે છે, ભદ્રબાહુસ્વામીએ ચંપી કરનાર માણસનું વર્ણન કરતાં લખ્યુ છે કે એક કલાકમાં ૫ કીલો તેલ માલીશ કરીને ઉતારી આપે.

અને પછી પાછુ કહો તો તેઓ પાંચ કિલો તેલ બહાર પણ કાઢી આપી શકે. આ બધી કથાઓ હતી, કાંઇ ગપ્પા નથી. જેમ કોશ્યાનું વર્ણન આવે છે ને કે એ ચંપાના ફુલ પર ૨।। કલાક નાચી હતી. આવી તો ઘણી વાતો શાસ્ત્રોમાં આવે છે.

હવે મહાત્માએ આ બન્નેને સાજા કર્યા પછી તેમનો અભિગ્રહ પૂર્ણ થવાથી ગોચરી લેવા ગયા. અને ગોચરી લાવીને વાપરી. આ બાજુ બન્ને મિત્રો વૈરાગ્યમાં થનગની રહ્યા છે. માટે તેમને દીક્ષા આપી ગુરુને સોંપ્યા. ગુરુએ તેમને ભણાવી-ગણાવી, ઘડતર કરી અનુશાસન સોંપ્યુ છે. તેઓ બન્નેને થાય છે કે જો અમને આવા ગુરુ ન મળ્યા હોત તો અમે બન્ને કેવા કુકર્મો બાંધતા હોત જેના કારણે અમારુ શું થતે? માટે દરરોજ ગુરુનો ઉપકાર તેઓને દેખાયા કરે છે. કૃતજ્ઞતાના કારણે મહાન ઉપકારી ગુરુ દેખાય છે. પણ આ બન્નેના માનસમાં ક્યાં તફાવત પડ્યો!

રાજાના પુત્રને તો થાય છે કે આ ગુરુએ એકાંતે અમારા હિત માટે જ આ બધુ કર્યુ છે. અમારા ખુબ જ ઉપકારી છે. આ ૮૪ લાખ જીવાયોનીમાંથી તેમને જ અમને તાર્યા છે. પરંતુ પુરોહિત પુત્રને આવા વિચારો સાથે એમ વિચાર પણ આવે છે કે અમને જે બળજબરી કરીને દીક્ષા આપી તે એક વ્યાજબી નથી કર્યુ.

આ કેકાણે તમને એમ થતુ હશે કે આ પુરોહિત પુત્ર આવુ કેમ વિચારે છે? પણ તમને કોક બળજબરીથી સામાયિક કરાવે તો શું થાય? અમને તો જોકે વગર કારણે ધર્મ કરાવવા પાછળ પડવાની ના જ કહી છે. વિશિષ્ટ કારણ કે વિશેષ લાયકાત જીવ હોય તો જ કરાવવાનું છે. પરંતુ તમને બધાને એક પૌષધ કરાવીએ તો શું થાય?

આમ તો આ બન્નેના ભાવ સારા જ છે. દીક્ષા લેવા જેવી જ છે. લીધી તે પણ સારુ જ કર્યુ છે. આવો અનુપમ માર્ગ અમને આપીને ગુરુએ અમને આત્મકલ્યાણના માર્ગમાં સ્થિર કર્યા. ખુબ જ અમારા ઉપકારી છે. પણ સાથે રાજપુરોહિત પુત્રને આટલો ત્રાસ આપીને બળજબરી કરી હતી તે તેને બસ ખટકે છે.

માટે તમે કહો છો ને કે ઉપાશ્રયે જવા જેવું નથી.

સભા:- આ તો યોગ્યતા જોઈને કર્યું છે ને?

સાહેબજી:- હા, યોગ્યતા જોઈને આમ કર્યું છે. હા, માટે અમારે મર્યાદામાં રહીને કરવું જોઈએ એમને? પણ અમે કાંઈ મર્યાદા મુકવા માંગતા નથી. પરંતુ તમારી યોગ્યતા જોઈને પણ તમારા પરાણે ભલુ કરાવે તો પણ તમને કેવું લાગે? જેમાં પાછો તેમનો કોઈ સ્વાર્થ ન હોય. તમારી જ હિતશિક્ષાની વાત સાંભળી શકો, સ્વીકારી શકો ખરા?

સભા:- એક વખત અખતરો કરો.

સાહેબજી:- અમારે કાંઈ અખતરો કરવાની જરૂર નથી. પણ તમારા મોંઢા જોઈને જ અમે સમજુ જઈએ છીએ તમે ક્યાં કેટલામાં છો? માટે અખતરો કરવા જેવો નથી. તમને સદ્‌ગુરુ પણ ભાગ્ય યોગે મળે છે. અને મળે પછી પણ ભાગ્ય હોય તો લાભ થઈ શકે.

સભા:- યોગાવંચક પણું ને?

સાહેબજી:- યોગાવંચકપણુ તો જુદી વસ્તુ છે. તેમાં તો સદ્‌ગુરુ મળે પણ ઓળખી ન શકે તે વંચકપણુ. અને સદ્‌ગુરુ મળે પછી ઓળખીને દર્શન કરી શકે તે યોગાવંચકપણુ. પરંતુ તમારે તો કારણમાં તમારા અપલક્ષણ છે. અત્યારે મોટામાં મોટી દુઃખની વાત છે કે ૨૪ કલાક હિતની ચિંતા કરે તેવા તમને જોઈએ છે ખરા? તમે કોઈને રાખ્યા છે ખરા? જેને જરાપણ તમારા અહિતની ભાવના ન હોય. કલ્યાણ મિત્ર, કલ્યાણના ઈચ્છુક કે સદ્‌ગુરુ આ બધાની જરૂર ખરી? પરંતુ જેને સતત પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને જ સદ્‌ગુરુનો ખપ પડે.

સભા:- એટલે જ અમે આવીએ છીએ ને?

સાહેબજી:- બસ આવીને અમને પાટ પર બેસાડી દો, અમારુ વ્યાખ્યાન સાંભળી લો. એટલે પતી ગયું ને? પરંતુ તમને ૨૪ કલાક યોગ્યાયોગ્યનું માર્ગદર્શન જોઈએ છે ખરુ? જેને પોતાના કલ્યાણની પડી હોય તે તો મારુ હિત શું? અહિત શું? પૂછ્યા વગર રહે ખરા? બધુ જ ગુરુને પુછી પુછીને કરે. કહે સાહેબ હું ખોટામાર્ગે જતો હોઉં તો

મને વાળજો, મારી ખામીઓ બતાવજો. જો બતાવશો તો હું રાજી થઈશ. જેને સાચુ સમર્પણ હોય તેને જ આવુ બધુ થાય. જ્યારે ગુરુ હિત બુદ્ધિથી ભુલ બતાવે તો ખુબ રાજી થાય. તમને અત્યારે ભુલ બતાવીએ તો રાજી થાઓ કે અકળાઓ? ભગવાનનું અનુશાસન કે ભક્તિ લેવા માટે લાયક છો?

સદ્ગુરુ મળ્યા પછી જેને ગુરુની આપેલી હિતશિક્ષા ગમે નહી, અને અંગત કારણોથી ગુરુની અવગણના કરે તેને કેવા કર્મો બંધાય?

સભા:- ભાગ્યદશા.

સાહેબજી:- હા, ચોક્કસ. સદ્ગુરુ મળ્યા છતાં ઉપેક્ષા, અવગણના કરવાનું મન થાય તેનું તો ભાગ્ય બદલાયુ, ભાગ્ય રૂઠ્યુ છે. અનંતકાળમાં જે મળ્યુ નથી અને મળે છતાં આમ થાય તેને બીજું શું કહેવાય? દરેક ધર્મમાં દેવ-ગુરુ, શાસ્ત્રો બધુ છે. તેની સાથે તુલના કરશો તો ખબર પડશે કે તમને કેવું ઉત્તમ મળ્યુ છે. જેમાં તમારુ એકાંતે ભલુ છે. છતાં તેનો અનાદર કરો, ઉપેક્ષા કરો, અવગણના કરો તો શું થાય?

સારા સદ્ગુરુ જુએ કે સામે લાયકાત નથી તો અનુશાસન ન આપે. સામે પણ ઝીલે તેવી વ્યક્તિ જોઈએ. અત્યારે તમને યોગ્ય માર્ગદર્શન ઘણા સદ્ગુરુ કેમ આપતા નથી? કારણ, તેમને ખબર છે કે આનાથી સમય અને શક્તિ જ બગડશે. માટે અનંતીવાર સદ્ગુરુ મળ્યા પણ લાયકાતના અભાવે રખડતા રહ્યા છીએ. આત્મકલ્યાણ કરવા આ બધી પાયાની લાયકાતો જોઈશે. ધર્મના ક્ષેત્રમાં ચકાસણી કરીને ગુરુને પસંદ કરો અને યોગ્ય લાગે પછી તેમાં સમર્પણ કેવું જોઈએ? એમનેમ અહિંયા વળગવાનું નથી.

બોલો છો ખરા અમને ઉંચામા ઉંચા દેવ મળ્યા છે પણ ત્યાં પણ સમર્પણ કેટલું? તેમની આજ્ઞાની વાત આવે ત્યારે શું થાય? જેમ દીકરો કહે મને ઉત્તમ બાપ મળ્યા છે. પરંતુ તે જ બાપની વાતની દિકરો અવગણના કરે તો શું કહેવાય? માટે જો સર્વશ્રેષ્ઠ દેવ-ગુરુ લાગતાં હોય તો સમર્પણ કેવું હોય? ભગવાનની આજ્ઞા આવતાં તરત જ ચોંટી જાઓ છો ખરા? પરંતુ આવુ માનવા

વાળાનું. માનસ કેવું હોય તે હજી તમે સમજ્યા નથી.

હવે આપણે મુળ મુદ્દા પર આવીએ.

આ ગુરુએ સામાન્ય સજા કરી નથી. ભયંકર કષ્ટ આપીને દીક્ષા આપી છે. પરંતુ બન્નેનું એકાંતે કલ્યાણ ઇચ્છીને દીક્ષા આપી છે. છતાં પુરોહિત પુત્રને એમ થાય છે કે ગુરુએ બધુ સારુ કર્યું પણ આ રીતે જે કર્યું તે બરાબર નથી કર્યું, માટે તેમના પ્રત્યે થોડો અસંતોષ, અરુચી રહ્યા છે. આમ તેમને અણીશુધ્ધ સંયમ પાળ્યુ છે. અંતે સમાધિપૂર્વક, અણશન પૂર્વક સંલેષણા કરી કાળ કર્યો છે. પણ પેલો જે ભાવ હતો તેની આલોચના કરી નથી. માટે આનાથી ગાઢ મિથ્યાત્વ બંધાયુ. જેનાથી બોધિ દુર્લભ પામ્યા. અહિંયા તમારી દ્રષ્ટીએ આ નાનો દોષ છે ને? પણ આ દોષ નાનો નથી મોટો દોષ છે. સુદેવ, સુગુરુ, સુધર્મની અરુચી, ઉપેક્ષા, અવગણના તે કાંઇ નાનો દોષ નથી. જ્યારે ગુરુ હિતમાં કરે અને અરુચી થાય તે કાંઇ નાનો દોષ છે? આ ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

॥ પ.પૂ. શ્રીયુગભુષણવિજયજી સદ્ગુરુભ્યોનમઃ॥

શુક્રવાર ભાદ.વદ તેરસ

યોગવિંશીકા

ગોવાળિયા ટેંક

ઉત્કૃષ્ટ વિઘ્ન

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આત્માનું અજ્ઞાન દશાનું નિવારણ કરવા ધર્મતીર્થની સ્થાપના કરે છે. મહાપુરુષોની દૃષ્ટીએ આત્માએ અનંતકાળમાં દુષ્કાર્યો, પાપો કર્યા છે. તેમાં જો કોઈ મોટાભાગનું કારણ હોય તો તે અજ્ઞાનદશા છે. આમ ૧૮ પાપસ્થાનકમાં ક્યાંય અજ્ઞાનને સીધુ પાપ તરીકે બતાવ્યું નથી. અજ્ઞાન કર્મબંધમાં કારણ છે, તેવી વાત પણ કર્મવાદમાં નથી.

પણ અજ્ઞાનમાં તાકાત છે, કે પાપને પાપ તરીકે ઓળખાવે નહી. માટે અપેક્ષાએ અજ્ઞાનને પાપના બાપ તરીકે કહ્યુ છે. જેમ તમારે સંસારમાં અબુઝ બાળક ગમે ત્યાં હાથ નાંખે ને? ગમે તે વસ્તુ મોંમાં મૂકી દે ને? અને નાની વસ્તુથી પણ મોટુ જોખમ ઉભુ કરે. રમતાં રમતાં પણ ભરેલી ડોલમાં ઉંધે માથે પડીને ઘણા બાળકો મરી જતાં હોય છે. અજ્ઞાનના કારણે તેને કાંઈ હિતાહિતનો ખ્યાલ ન હોવાથી મામુલી નિમિત્તથી મોટા જોખમ ઉભા કરી દે છે. તેની જેમ જીવ અજ્ઞાનતાના કારણે એવા કર્મો બાંધી દે છે કે તે જ્યારે ઉદયમાં આવે ત્યારે જીવના બાર વાગી જાય.

આના માટે કાલે આપણે દૃષ્ટાંત વિચારેલુ કે પુરોહિત પણ જે મહાત્મા છે તેને તેના ગુરુ પ્રત્યે થોડી અરુચી રહી છે. આમ તો કારણ પણ વ્યાજબી લાગે તેવુ છે. ગુરુએ દીક્ષા આપી તેમાં પહેલાં જે વ્યવહાર કર્યો છે, તેમાં આવો ભાવ આવે તે નવાઈ નથી. જો તમારે અત્યારે આવો પ્રસંગ બન્યો હોય તો તમે ટીકા કરીને દમ કાઢી નાંખો ને? આ ગુરુએ તો વિવેકપૂર્વક, હિતાહિતનો વિચાર કરીને અપવાદ માર્ગે કર્યુ છે. અને શાસ્ત્રને પણ સંમત છે. જ્યારે રાજાના પુત્રને આનો જરાપણ રંજ નથી. તેનો સદ્ભાવ તો ગુરુ પ્રત્યેનો ટકી રહ્યો છે.

પુરોહિત મહાત્માને સદ્ભાવ છે પણ સાથે થોડો રંજ રહી ગયો છે. કારણ અનુચીત કર્યું છે માટે તેમને અરુચી રહી છે. આ અરુચીના કારણે તેમણે કાંઈ ગુરુ સાથે ઉધ્ધતાઈ ભર્યું વર્તન કર્યુ નથી. કે ક્યાંય જીવનમાં તેમને અરુચી

અભિવ્યક્ત પણ કરી નથી. પરંતુ આ વાતથી તેને કેવું કર્મ બંધાયુ કે ભવાંતરમાં વર્ષો સુધી ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ધર્મ પામી શકે નહીં. બોધી બીજ દુર્લભ યોગ્ય કર્મ બાંધ્યુ.

એક તમે સામાન્ય માણસ પ્રત્યે રાગ-દ્વેષ કરો અને કર્મ બંધાય, અને એક વિશેષ વ્યક્તિ પ્રત્યે રાગ-દ્વેષ કરો તેમાં કર્મ બંધાય. તે બેમાં ફળમાં ઘણો જ તફાવત છે. વ્યક્તિત્વ જેટલું ઉંચુ તેની અરૂચી, અવગણના ભારે કર્મબંધનું કારણ છે. જેટલી વ્યક્તિ ગુણીયલ તેમની અરૂચી, અવગણનાથી ભારે કર્મ બંધાય.

આ ગુરુ તો ઉત્તમ સદ્‌ગુરુ છે અને તેમને એકાંતે તેઓના હિત માટે જ આ કામ કર્યું છે. છતાં તેમને અરૂચી થઇ માટે કર્મ આવું બંધાયુ છે. માટે ઉત્તમ પુરુષો, ઉત્તમ મહાત્મા, ઉત્તમ ધર્માત્માઓ પ્રત્યે અરૂચી, અણગમો કે અભાવ ન થવો જોઇએ. આનાથી બંધાયેલા કર્મોને છોડતાં ભૂક્કા બોલાઇ જશે.

પરમાત્મા પ્રત્યે પણ ઉપેક્ષા, કે અનાદર ભાવ થાય તો ભારેમાં ભારે તીવ્ર કર્મો બંધાય છે. પ્રભુ તો ઉત્તમમાં ઉત્તમ પાત્ર છે. જેમ તમે પ્રભુની ઘણી ભક્તિ કરો અને તમને કશો તેમનો પ્રભાવ ન દેખાય તો શું થાય? જે સંસારની અપેક્ષાથી ધર્મ કરે છે તેને તો આ મોટુ જોખમ છે. ફળ ન મળવાથી તરત બોલવા માંડશો કે કશો પ્રભાવ નથી. એટલે પરમાત્માનું અવમુલ્યન થયું. આટલા ઉંચા વ્યક્તિત્વના ડિગ્રેશનથી કેવા કર્મ બંધાય?

સભા:- ઘણા ભગવાન કરતાં દેવદેવીને વધારે ભજે છે. તેમાં પણ અવમુલ્યન કર્યું કહેવાય?

સાહેબજી:- હા, ચોક્કસ, એને તો ભગવાન કરતાં બીજાનું મુલ્ય વધારે છે, અને ભગવાનનું મુલ્ય ઓછુ છે. માટે જ તેઓને વધારે પૂજે છે. તમારે ત્યાં સામાન્ય મહેમાન આવે અને વિશેષ મહેમાન આવે તો ફેર પડે કે નહીં? જેમ દરજ્જો ઉંચો તેમ ફેર પડવો જ જોઇએ. માટે અહિંયા પણ ક્યાં પરમાત્મા અને ક્યાં દેવી દેવતા. તેઓ સંસારમાં રખડતાં પામર જીવો છે. કર્મને તેઓ પણ પરવશ છે. આ ચાર ગતિમાં રખડતાં રખડતાં કર્મે તેમને દેવલોકનો ઉંચો ભવ આપ્યો છે. પાછો ત્યાંથી કર્મ જ્યા ફંગોળશે ત્યાં જશે.

સમ્યગદષ્ટી દેવતા વિર્તિધરથી નીચા કહેવાય. ભાવ શ્રાવક કરતાં પણ દેવતા નીચા કહેવાય છે. જ્યારે ભાવ સાધુ તો છઠ્ઠા ગુણસ્થાનકે છે. માટે દેવ-ગુરુ-ધર્મ પછી દેવી દેવતાનુ સ્થાન છે. અને તેમાં પણ પાછા જે પરમાત્માના ભક્ત હોય. તેમનું જે સ્થાન પણ છે તે ભક્ત છે માટે. જેમ મોટા શેઠને માણસ હોય તો તેની સાથે કેવી રીતે વ્યવહાર કરો? દેવી-દેવતા ભગવાનના ભગત છે માટે પુજો છો. ભગવાનના નાતે માનવાના છે. આ તો કેવું ભગવાનને પડતાં મુકવા અને તેમને પુજવા. જેમ શેઠને પડતો મુકો અને તેના માણસને પકડો તેવી વાત કહેવાય.

સભા:- મણિભદ્રવીરનું સ્થાન કઇ રીતે?

સાહેબજી:- તપ ગચ્છના રક્ષક તરીકે તેમનુ સ્થાન છે. તેમને તેના માટે વચન આપ્યુ છે. અને ભુતકાળમાં રક્ષણ માટે તેમને કામ પણ કર્યું છે. તેમનું સ્થાન ઉપાશ્રયમાં હોય. કારણ ગચ્છના રક્ષક છે. માટે સંબંધ ક્યાં થયો? તેથી ઉપાશ્રયમાં જ હોય. પણ તમે તો અત્યારે દેરાસરોમાં લઇ ગયા છો. અને લાગ આવે તો એકદમ ભગવાનની બાજુમાં ઘુસાડી દો તેમ છો. આ બધામાં કારણ તમને સ્વાર્થની બુધ્ધિ છે.

ગુરુ સાથે પણ તમારે અપેક્ષાથી જ સંબંધ હોય છે ને? તમારી અપેક્ષા ન પોષાય તો સદ્ગુરુ માટે પણ અરુચી થતાં તમને વાર લાગે તેમ નથી. તમે વંદન કરવા આવો ત્યારે જો અમે કામમાં હોઇએ તો જરા ભાવ ન આપીએ તો ખરાબ લાગી જાય ને? માટે તમે સદ્ગુરુ પાસે પણ અપેક્ષા રાખો છો. જ્યારે તમારી આવી પરિસ્થિત છે તો તમને કદાચ પ્રસંગ આવે સદ્ગુરુ તમારી ભુલ બતાવે, ઠપકો આપે, કદાચ ઉંચા અવાજે, કડકાઇથી કહે તો સહન કરી શકો ખરા? માટે વિચાર કરજો. અત્યારે સારો ધર્માત્મા પણ અમારી પાસે આવે અને કદાચ તેની અપેક્ષા ન પોષાય તો ખરાબ લાગી જાય છે. ઘણાને શું હોય છે કે પ્રશ્ન લઇને ગમે ત્યારે આવે, જાણે સાધુ તો નવરા જ હોય. પણ સાધુ કામમાં હોય અને કદાચ તે વખતે ના પાડે તો ખોટુ લાગી જાય.

સભા:- ગુરુ પાસેથી શું અપેક્ષા હોય?

સાહેબજી:- તમારા હિત માટેના માર્ગદર્શનની જ અપેક્ષા હોય. સાથે પૂરી ભક્તિ સમર્પણ હોય. અત્યારે તો તમારા સંબંધ ગુરુ સાથે જુદી ક્વોલીટીના હોય છે. આત્મકલ્યાણના નાતાથી તમારે સંબંધ બંધાયો છે ખરો? તમને એમ થાય કે હું તેમની એવી ભક્તિ કરું કે મારું હિત કરવાનું તેમને મન થાય. હું લાયક છું તેમ બતાઉં તો મારા ગુરુ ચોક્કસ મારું હિત કરશે. તેઓ તો નિસ્પૃહી ગુણીયલ છે. ચોક્કસ મને સાચુ માર્ગદર્શન આપશે. આવી ભાવનાવાળી વ્યક્તિ જ દેવ-ગુરુની સાચી ભક્તિ કરી શકે. નહીતર ભક્તિ ક્યારે કમભક્તિ બનશે તે કહેવાય નહી. માટે અપેક્ષા ગુરુ પાસે તમારા હિતની જ રખાય. ગુરુ હિત માટે બધુ કરે, બધુ કહે; આવી અપેક્ષા સાધુ કે શ્રાવક રાખે તો દોષ નથી.

સભા:- ગુરુ શંકાનું સમાધાન ન કરે?

સાહેબજી:- કરે, પણ તમારે એમની પણ અનુકુળતા જોવાની કે નહી? તમારામાં કદાચ લાયકાત ન લાગે તો ગુરુ ધ્યાન ન પણ આપે. લાયક ન હોય તો રસ ન પણ લે. અમે પણ શ્રમ કરીએ તો તેનું ફળ તો માંગીએને.? હિત કે કલ્યાણ તો અમને દેખાવું જોઈએ ને? અમારે આરાધના માટેના ઘણા યોગ છે. માટે ખૂબ લાયક જીવ હોય અને હિત દેખાતુ હોય, તો અમે મહેનત કરીએ. જેમ ફળદ્રુપ જમીનમાં એક બી વાવશું તો પણ કેટલુ ફળ મળશે? તેની જેમ અમે પણ ખાત્રી કરીને લાયક પાછળ મહેનત કરીએ.

સભા:- તો પછી ભગત ઘણા નહીં થાય.

સાહેબજી:- અમારે આવી સાપેક્ષ ભક્તિની જરૂર નથી. અમે આખો સંસાર છોડીને નીકળ્યા છીએ. તો પછી શું તમને ગળે ભરાવીને અમારે ફરવાનું? અમારું આત્મકલ્યાણ કરવા અમે નીકળ્યા છીએ વધારે ભગતના બિલ્લા લઈને અમારે ફરવું નથી. આના માટે કાંઈ અમે સંસાર છોડીને આવ્યા નથી.

આવી અપેક્ષાવાળાને સદ્ગુરુ મળે જ નહીં. અને કદાચ સદ્ગુરુ મળી જાય તો પણ તે તેમની પાસેથી લાભ મેળવી શકે નહીં. માટે આત્મકલ્યાણ કરવાં માટે ભાવ બદલવા જ પડે.

આ બધા મોટા દોષો છે. આ બધા ભાવોથી એવા કર્મ બંધાય કે જ્યારે તે

'ઉદયમાં આવશે ત્યારે મરી જશો! ધર્મ નહીં પામી શકો. પરંતુ અત્યારે તો તમને મજા છે ને? માટે વિચાર જ ક્યાંથી આવે. પણ દેવ-ગુરુ-ધર્મની ઘોર ઉપેક્ષા, અવગણનાથી એવી કર્મ બંધાશે કે ભવાંતરમાં આ કશુ મળશે નહીં. અત્યારે ઘણાને શાસન મળ્યુ છે જ એના માટે કે ભવાંતરમાં ન મળે.

સભા:- એટલે દુર્લભને દુર્લભ બનાવવા માટે જ ને?

સાહેબજી:- હા, દુર્લભને દુર્લભ બનાવવા માટે જ ઘણાને મળ્યુ છે. કદાચ તે બીજે હોત તો આટલી ઉપેક્ષા કરવાનો તેને વખત ન આવત. અહિંયા છે માટે જ ઉપેક્ષાથી આવા કર્મ બંધાય છે. દેવ-ગુરુ-ધર્મની અરુચી, ઉપેક્ષા, અનાદર, અવગણના આ બધાથી દુર્લભ બોધી થાય તેવા કર્મ બંધાય છે. જેનાથી જન્મજન્માનતર ધર્મસામગ્રી ન મળે, અને મળે તો ધર્મ ન પામી શકે. અત્યારે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. જેટલાં કર્મો છે તેમાં ત્રાસ આપનાર, સંસારમાં રખડાવનાર, ભારેમાં ભારે કર્મ મિથ્યાત્વ છે. અને તેમાં બોધી દુર્લભ થાય તે કર્મ ભારે જોરદાર છે.

હવે પુરોહિત પુત્રને આ કર્મ અજ્ઞાનથી બંધાયુ છે. તેમને અણિશુધ્ધ ચારિત્ર પાળ્યુ છે. માટે મરીને દેવગતિમાં ગયા છે. પરંતુ ધર્મના એવા સંસ્કાર પડેલા હોવાથી તેઓ દેવભવમાં ધર્મને ભુલ્યા નથી. માટે તેઓ પ્રભુના કલ્યાણકો ઉજવવા જાય છે. તીર્થયાત્રાઓ કરે છે. શાસ્ત્રના અધ્યયન કરે છે. એમ ધર્મમાં દિવસો પસાર કરે છે.

ઉંચા દેવલોકમાં દેવતા જન્મે એટલે સેવક દેવતા તેમને બધી જ માહિતિ આપે. આ જિન મંદિરો છે, જિનબિંબો છે, તેમની ભક્તિ આ રીતે કરવી તે તમારુ કર્તવ્ય છે. આ શાસ્ત્રો છે. તેનું ચિંતન, મનન, અધ્યયન, કરવું તે તમારુ કર્તવ્ય છે. આ બધુ જણાવે. ધર્માત્મા દેવને આ બધુ મળવાથી બહુ જ ઉલ્લાસ થાય. તેઓ જીનેશ્વર દેવોની દાઢા હોય તેની પૂજા પણ કરે. જ્યારે પ્રભુ નિર્વાણ પામે પછી દેવતાઓ તેમની દાઢાને દેવલોકમાં લઇ જાય. તમે ભક્તામરમાં બોલો છો પરમાત્માનો દેહ શાંતિરસથી વાસિત એવા પરમાણુઓથી બનાવેલ છે. શાંતરસની છાયાવાળો છે. તેમના દેહના

પરમાણુના સાનિધ્યમાં આવે તો શાંતિ થાય. માટે દેવલોકમાં તેઓ દાઢા લઈ જાય છે. અને તેની પૂજા કરે છે. વખતવિખત શું બને ? કે ત્યાં પણ કષાયોનો ઉદય છે. માટે પરસ્પર ઝઘડા થાય, મારામારી પણ થાય, લડાઈ યુધ્ધો થાય, સામ સામે બળીયા હોવાથી ઉપદ્રવ થઈ જાય. આ અશાંતિને શાંત કરવા માટે આ દાઢાનું સ્નાત્ર કરી તેનું નવણ લઈને છાંટે જેનાથી આ બધા શાંત થઈ જાય. નહીંતર હજારો વર્ષ સુધી મારામારી ચાલત. ત્યાં દરેકની સંપત્તિ ચોક્કસ રીતે સોંપાયેલી હોય છે. છતાં બીજાને વધારે મળેલુ હોય તે જોઈને દાઝ્યા કરે. માટે ત્યાં પણ શાંતિ નથી. નાના દેવતાઓની તો એવી સ્થિતિ હોય છે કે ક્યાંક છમકલાં કરે તો મારીને બહાર કાઢી મૂકે. જ્યાં સુધી કર્મનો ઉદય છે ત્યાં સુધી આવુ રહેવાનું છે.

સભા:- અહિંયા જેવા શાસ્ત્રો છે તેજ ત્યાં છે?

સાહેબજી:- ત્યાં શાસ્ત્રો શાશ્વત છે. રત્નોથી મઢેલા છે. અહિંયા પ્રભુ મહાવીરના શાસ્ત્રો છે. તાત્પર્ય, ભાવાર્થ બધે એક જ હોય. તત્વમાં ક્યાંય તફાવત ન હોય. અર્થથી તો દ્વાદશાંગી એક જ છે. પણ શબ્દોમાં ફેર હોય. જેમ કોઈ આત્મા કહે, કોઈ ચેતન કહે, કોઈ જીવ કહે તેમ શબ્દોની રજુઆતમાં ફેર હોય.

સભા:- ત્યાં કોણ શાસ્ત્રો સમજાવે?

સાહેબજી:- ત્યાં કોઈ દેવતા ભણાવે નહીં. તેઓ બધા કેવળજ્ઞાની પાસે જ જાય. અહિંયા જો કેવળજ્ઞાની વિચરતાં હોય તો તમે માસ્ટર મોઢું જુઓ ખરા? અધુરાને કોણ પસંદ કરે. તીર્થંકરો, કેવળજ્ઞાની પાસે જાય.

સભા:- ત્યાં સમાજ વ્યવસ્થા છે?

સાહેબજી:- હા, માલિક છે, પ્રજા છે, ડોરકીપર છે, ઝાડુ વાળનાર છે બધુ જ છે. સમાજ વ્યવસ્થા નીચેના દેવલોકમાં હોય.

સભા:- ત્યાં ઉપાશ્રય છે?

સાહેબજી:- ત્યાં વિરતિની ક્રિયા નથી માટે તેનો સવાલ જ નથી આવતો. જિન મંદિરો છે. સકલ તીર્થમાં બોલો છો ને? રત્નજડિત પ્રતિમાઓ હોય. દેદીપ્યમાન મંદિરો હોય. સમાજ વ્યવસ્થા નીચેના દેવલોકમાં છે. ત્યાં પોસ્ટ પ્રમાણે ઐશ્વર્ય મળેલા હોય છે. તમારા

સંસાર પ્રમાણે જ ત્યાં પણ ચાલે છે. માટે ત્યાં ઘણા જીવો તો એવા માનસીક દુ:ખી હોય કે મારે શું આખી જીંદગી આમ જ રહેવાનું. તેમને આખી જીંદગી મફતમાં બીજા દેવોની સેવા કરવી પડે. ફરજીયાત કરવી જ પડે. ન કરે તો માર પડે. સેવા કર્યા પછી વળતરમાં તેમને કાંઇ મળે નહીં.

સ્નાત્રમાં આવે છે ને કે ૬૪ ઇન્દ્રો મેરુપર્વત પર પ્રભુનો અભિષેક કરવા કરોડો દેવતા સાથે જાય. અહિંયા તેમને અભિષેક કરવો છે માટે. બીજા દેવતાઓને ઓર્ડર કરેને કે આટલા કળશો લાવો, આટલા પુષ્પો લાવો, જોકે આ તો ધર્મની ક્રિયા છે. પણ કામ સોંપે ને ? માટે જે જીવોને ત્યાં સેવાનું કામ સોંપેલુ છે તેને આખી જીંદગી સેવાનું જ કામ કરવું પડે. અહિંયા તો સેવક પણ શેઠ બની શકે છે. જ્યારે ત્યાં તો સેવક આખી જીંદગી સેવક જ રહે છે.

સભા:- દેવલોકમાં સ્વાધ્યાય કેવી રીતે હોય ?

સાહેબજી:- સ્વાધ્યાય તે વિરતિની ક્રિયા થોડી છે ? ચારિત્રમાં વિરતિ આવે. સ્વાધ્યાય એ તો સમ્યગ્જ્ઞાનનો પ્રકાર છે.

સભા:- સ્વાધ્યાય તપ તો પછી કઇ રીતે ?

સાહેબજી:- સમિતિ, ગુપ્તિમાં રહીને સ્વાધ્યાય કરે તો તે વિરતિમાં જાય. માટે ત્યાં તે તો નથી. તમે લોકો ગોટાળા કરો છો. જેમ સોફામાં લાંબા પગ કરીને બેસીને ધાર્મિક પુસ્તક વાંચો તો કહેશો અમે સ્વાધ્યાય કર્યો. તો તે શું સ્વાધ્યાય કહેવાય ? સ્વાધ્યાય તપ માટે તો પહેલાં સમિતિ ગુપ્તિમાં આવવું પડે. માટે સામાયિક કરવું પડે, કાં ઇરિયાવહિ કરી સંકલ્પ સાથે બેસો તો સ્વાધ્યાય કહેવાય.

સભા:- શ્રુત સામાયિક ?

સાહેબજી:- શ્રુત સામાયિક માટે પણ નિસિહિ કહીને બેસવું પડે. સંસારના બધા જ ભાવો, વિચારો, આશક્તિને વોસિરાવીને અહિંયા આવો છો ? ઘરે કરતાં પણ ઇરિયાવહિ કરીને બેસવું પડે. સંકલ્પ સાથે, એક આસને બેસીને સંસારના ભાવોનો ત્યાગ કરીને બેસો તો સ્વાધ્યાય થાય. વિરતિ રૂપ તપ લેવું હોય તો ક્યાંય પણ પાપનો વિરામ કરવો પડે. તમારા બધાનું શું અત્યારે શ્રુત સામાયિક છે ?

હમણા ઘરેથી તમારો દિકરો બોલાવવા આવે તો મને પડતો મૂકીને ઉભા થઈ જવને? ગમે તેવું મહત્વનું કામ આવે તો લેવાદેવા નહીં ને? જો આ બધુ નથી તો ક્યાંથી શ્રુત સામાયિક પણ થાય.

વિરતિ રૂપ જે સ્વાધ્યાય તપ કહ્યો છે તે દેવતાને નથી. દેવતાને તો સમ્યગ્જ્ઞાન ચિંતન..મનન રૂપ હોય છે. અહિંયા રહેલા જીવો ધર્મશ્રધ્ધા કરી શકે, ધર્મની વાતો સાંભળી શકે, તેમાં રુચી પેદા કરી શકે.

અત્યારે જ્ઞાનવાદીઓ કહે છે કે તત્વચિંતન કરીએ, વાંચીએ એટલે બધો ધર્મ તેમાં આવી ગયો. અને કહે અમે સ્વાધ્યાય રૂપ તપ કરીએ છીએ. પણ સ્વાધ્યાય તપ શું છે તેની જ ખબર નથી. સોફામાં બેસી લાંબા પગ કરી ધાર્મિક પુસ્તક દિવસમાં પાંચ કલાક વાંચે એટલે કહેશો કે પાંચ કલાકનો સ્વાધ્યાય કર્યો.

સભા:- તો પછી આને શું કર્યું કહેવાય?

સાહેબજી:- ધાર્મિક પુસ્તક વાંચતી વખતે પણ વિવેકપૂર્વક તત્વ મેળવતો હોય તો સમ્યગ્જ્ઞાનનું ચિંતન કર્યું કહેવાય. ભગવાનની આજ્ઞા મુજબનું પુસ્તક જોઈએ. જેમ ધ્યાન માટે પણ શું! એકાગ્રતા આવી તેને ધ્યાન માનતા હોય છે.

કેટલું સત્વ, સંકલ્પ, ત્યાગ એકાગ્રતાની શુધ્ધિ માંગે છે. દેવતા પણ ચિંતન, મનન કરીને ધર્મભાવને પુષ્ટ કરે છે. પણ તેમને સ્વાધ્યાય નામનો તપ આવતો નથી. દેવલોકમાં શ્રુત સામાયિક નથી. તો પછી વિરતિ રૂપ સામાયિકનો સવાલ જ નથી. ત્યાં જ્ઞાનાચાર, દર્શનાચારનો જ ધર્મ છે. ચારિત્રાચાર અને તપાચારનો ધર્મ ત્યાં નથી. તેને અનુકુળ ભવ નથી.

સભા:- દેવતા દેશના સાંભળે ત્યારે શ્રુત સામાયિક ખરું?

સાહેબજી:- દેશના સાંભળે ત્યારે પણ દેવતાને શ્રુત સામાયિક નથી. ઈરિયાવહિ પણ ભાવથી કરવું હોય તો પાંચમું ગુણસ્થાનક જોઈએ.

આપણા શાસ્ત્રમાં બે મહાવાક્ય છે.

(૧) <u>મિચ્છામી દુક્કડં</u>

(૨) <u>અપ્પાણં વોસિરામી</u>.

કોઈપણ પચ્ચખાણ લેવા હોય તો "અપ્પાણં વોસિરામી" આવે. પ્રાયશ્ચિતમાં "મિચ્છામી દુક્કડં" આવે. એમાં પાપના ત્યાગનો સંકલ્પ છે. અને અહિંયા પાપનુ પ્રાયશ્ચિત છે. આ બે મહાવાક્ય છે. આ બે વાક્યો પર પાનાના પાના ભરાય તેટલું શાસ્ત્રમાં વર્ણન છે.

તમે સામાયિકમાં "અપ્પાણં વોસિરામી" બોલો છો ત્યારે આખી દુનિયાને વોસિરાવો છો? ઘર-બાર, કુટુંબ, પરિવાર, ધંધા, ધાપા બધાને વોસિરાવાના છે. એટલી ૪૮ મિનિટ માટે બાપને દિકરા તરીકેનો કોઈ સંબંધ નહીં. તે વખતે તમે સાધુ જીવનની નજીકમાં આવો છો. જોકે સાધુ જેવા નથી બનતા. તમારા સામાયિકમાં અને અમારા સામાયિકમાં જમીન આસમાનનું અંતર છે. તમારે જીવતે જીવતાં કુટુંબ દિકરા, પરિવારને વોસિરાવવું કઠણ છે. અહિંયા હૈયામાંથી મમતા કાઢવાની વાત છે. આ કાંઈ રમત વાત નથી. ખાલી મોઢેથી બોલી દો "વોસિરામી" એટલા માત્રથી નથી થઈ જતું. પાંચમા ગુણસ્થાનક વગર એકપણ ક્રિયા આ રીતે ન થઈ શકે.

સભા:- તો પછી શું અમારે આ રીતે પણ નહીં બોલવાનું?

સાહેબજી:- ભાવથી લાવવા માટે પણ જો બોલતો હોય તો વાંધો નહીં. જેને એકડો શીખવો છે તે પહેલાં લીટોડા પાડે તો વાંધો નહીં. તેની જેમ જેને આવુ સામાયિક પામવું છે તેના માટે તે કરે છે તો વાંધો નહીં. પરંતુ જેને પામવું જ નથી, સંકલ્પ નથી, કોઈ ધ્યેય નથી તેની તો ગણત્રી ગણાતી જ નથી. હજુ આપણે પામ્યા નથી તે નક્કી છે. કદાચ તે અશક્ય પણ હોય, પણ પામવું છે તેવો જો ધ્યેય હોય અને કરે તો મંજુર છે.

સભા:- અવધિજ્ઞાનીને શાસ્ત્રો ભણવા પડે?

સાહેબજી:- અવધિજ્ઞાન વિષય જુદો છે. શાસ્ત્રોને ભણવા તે વિષય જુદો છે. બન્નેની રેંજ જુદી છે. અવધિજ્ઞાનીને પણ શ્રુતજ્ઞાન મેળવવા શાસ્ત્રો ભણવા પડે છે. અવધિજ્ઞાની તો તેની રેંજ પ્રમાણે ખાલી જોઈ શકે છે. આખા બન્ને વિષય જુદા છે.

હવે આ બન્ને મિત્રો દેવના ભવમાં ધર્મ આરાધના કરે છે. રંગ-રાગમાં ફસાયા નથી. દેવલોકમાં દેવતાઓને મૃત્યુ કાળ નજીક આવે ત્યારે અમુક

લક્ષણો દેખાય છે. આમ તેમને આપણા જેવું ધડપણ આવવું નથી. છેલ્લે સુધી જવાની હોય છે. પણ મૃત્યુના છ મહિના પહેલાંથી શું થાય કે શરીરમાં સ્ફુર્તી ઘટે. તેજ ઘટે, તેમના બખમાં પણ ફેર પડે, ફૂલની માળા કરમાય, આવા આવા ઘણા લક્ષણો દેખાય. તેથી પુરોહિતપુત્રને આવા બધા લક્ષણો દેખાવાના ચાલુ થયા તેથી તેને લાગ્યુ કે મારુ મૃત્યુ હવે નજીક છે. તેને થાય છે કે હવે મારુ ભાવિ શું છે? માટે જાણવા માટે તે મહાવિદેહમાં જાય છે. ત્યાં પ્રભુની દેશના સાંભળ્યા પછી પ્રભુને પુછે છે "પ્રભુ, મારુ ભાવિ શું છે?" ત્યારે પ્રભુ કહે છે કે તારો મનુષ્યનો ભવ છે. કૌશાંબિ નગરીમાં તુ મનુષ્ય થઈશ. તમને કોઈ કહે કે તમારી સદ્દગતિ છે. તો તેટલા માત્રથી તમે ખુશ થઈ જવશો? પણ આને તો આટલુ જાણ્યા પછી ખુશી નથી માટે પુછે છે "પ્રભુ હું ત્યા ગયા પછી સુલભ બોધી કે દુર્લભ બોધી થૂ" જેને આત્માની ચિંતા હોય તેને જ આવા વિચાર આવે. પ્રભુ કહે છે "તું દુર્લભબોધી છે." તો આગળ પૂછે છે કે આ કર્મ તીવ્ર છે કે મંદ છે?" જો અતિતીવ્ર કર્મ હોય તો અનંત કાળ સુધી ધર્મ ન મળી શકે. પણ આને અલ્પકાળનું દુર્લભ બોધી છે. આગળ પુછે છે પ્રભુ મને બોધી કઈ રીતે પ્રાપ્ત થશે? એજ ભવમાં પ્રાપ્ત થશે. તો પુછે છે કે કોના દ્વારા પ્રાપ્ત થશે? ત્યારે પ્રભુ જવાબ આપે છે કે તારો ભાઈ મુક છે તેનાથી તને બોધી પ્રાપ્ત થશે. હવે તે કોણ છે તેનું પણ ચરિત્ર જાણવા જેવું છે. કહે છે.

કૌશાંબી નગરીમાં તાપસ નામનો શેઠ છે જે બહુ જ શ્રીમંત છે. આ શેઠ આખો દિવસ તેની સંપત્તિ, ધંધા-ધાપામાં જ પરોવાયેલા રહે છે. તેથી આર્તધ્યાન આદિના કારણે મરીને તે તેના ઘરની બાજુમાં ગટર પાસે ભુંડ તરીકે જન્મે છે. આમ, આ શેઠે કાંઈ ખુન, ચોરી કર્યા નથી, અન્યાય, અનિતિ, વિશ્વાસઘાત કે બદમાશગીરી કરી નથી. પણ તેમને થતું શુ કે બસ આખો દિવસ પૈસા કમાવવા તેનાથી મોજમજા લુંટવી. તેમાં જ પરોવાયેલા રહેવું. જેમ અત્યારે પણ ઘણાની દુનિયા કેટલી કે ઘર-કુટુંબને, પેઢી બસ તેમાં જ પરોવાયેલા રહેવું.

ઘણા અત્યારે કહે છે કે સાહેબ અમે નિતિથી જીવીએ છીએ. અમારા જીવનમાં અમે ક્યાંય અન્યાય, અનિતિ કરતાં નથી. એટલે પોતે એમ માનતાં હોય છે કે આ રીતે

જીવીએ છીએ માટે અમારી સદ્‌ગતિ નક્કી છે. પણ આ શેઠ શેના કારણે મરીને ભુંડ થયા? તે જરા વિચારજો.

હવે આ ભુંડ ફરતાં ફરતાં તેના આગલા ભવના ઘર પાસે આવ્યો. જેવું તેને ઘર જોયુ, ત્યાં તેના દિકરા, પત્ની પરિવારને જોયાને ઉહાપો થયો. તેનાથી તેને જાતિસ્મરણ થયું. તેથી તેને તેનો આગલો ભવ બરાબર યાદ આવ્યો. આના કારણે તે આખો દિવસ તે ઘરની આજુબાજુ ફર્યા કરે છે. હવે બન્યું શું કે તેની જ બાર મહિનાની તીથી આવી. માટે ઘરમાં કહ્યુ આજે મહેમાનો માટે રસોઈ બનાવજો. તેમાં માંસ આદિની વાનગીઓ કરાવજો. પિતાશ્રીની આજે તિથિ છે. પણ રસોઈ તૈયાર થયા પછી બિલાડીએ તેમાં મોં ઘુસાડી દીધુ. હવે આવી રસોઈ કોણ ખાય? અહિંયા તો મહેમાનો આવવાની તૈયારી છે. બીજુ રસોઈ બનાવવા માટે શું કર્યું કે આ ભુંડ આજુબાજુ ફરતું હતુ તેને પકડીને લઈ આવ્યા. અને તેમાંથી જ નવી રસોઈ બનાવી. અહિંયા એ જીવનું કોણ સાંભળે. આ ઘટના પરથી વિચારજો સંસારનુ સ્વરૂપ કેવું છે? અહિંયા પણ તે આર્તધ્યાનથી મર્યો. માટે તેજ ઓરિયામાં સાપ થયો. મમતાના કારણે પાછો થોડા ટાઈમમાં ફરતાં ફરતાં તેજ ઘર, તેજ કુટુંબ, પરિવાર જોયા જેનાથી ઉહાપો થયો. જાતિસ્મરણ થયું. આ જીવને તેના પૂર્વ ભવો નજરે દેખાય છે. માટે હવે તેને આત્મા, પરલોક, પુણ્ય, પાપ બધુ બરાબર મગજમાં બેસી ગયા છે. અહિંયા તે તેજ ઘરમાં ફર્યા કરે છે. એક દિવસ બહાર નીકળતાં રસોઈ કરવાવાળી બાઈએ જોયો, જેથી હોહા મચાવી દીધી. પછી બધાએ ભેગા થઈને મારી નાંખ્યો. અહિંયા અત્યારે તેને કર્મના વિપાકની અસર થઈ છે. તેને થાય છે કે મારા જ ઘરમાં મારી કેવી સ્થિતિ. સંસારનુ કેવું સ્વરૂપ છે. આ બધા વિચારો આવવાથી તે શાંત થયો છે. આમ તો સાપનો સ્વભાવ ફુંફાડા મારવાનો હોય પણ નજર સામે કર્મના વિપાકો જુએ છે. માટે શાંતિથી ભોગવી અકામ નિર્જરા કરે છે. જેનાથી તેને પુણ્ય બંધાય છે અને તે જ જીવ મરીને પોતાના દિકરાને ત્યાં પુત્ર તરીકે જનમ્યો. અહિંયા પણ અમુક ટાઈમ જતા પાછો ઉહાપો થતાં જાતિસ્મરણ થાય છે. તેને થાય છે કે આ ઘરનો માલિક હું છું. અત્યારે

મારા બાપનો બાપ હું જ હતો. માટે એટલી અસર થઇ છે કે દિકરાને હું બાપ કેવી રીતે કહુ. દિકરાની વહુને હું કેમ કરીને 'મા' કહુ. તેને જાતિસ્મરણ દરેક ભવમાં થયુ છે.

સભા:- અમને અમારો પરલોક દેખાડી આપો, તો અમે સુધરી જઇશું.

સાહેબજી:- અત્યારે કોઇ જ્ઞાની પુરુષ નથી. કેવળજ્ઞાની, તીર્થંકર કોઇ જ નથી. અને જો એના માટેની રાહ જોઇને બેસી રહેશો તો આમને આમ રખડતાં રહેશો. હું તમને બીજાને જાતિસ્મરણ થયેલાના દાખલા બતાવી શકુ. પણ તમારો પરલોક બતાવું તેવી અપેક્ષા રાખશો તો મોં વકાસીને બેસી રહેશો. અમારી કાંઇ એવી તાકાત નથી કે અમે આવી તમારી અપેક્ષા પૂરી કરી શકીએ. ઘણા શું કહે છે કે સાપને પ્રભુએ 'બુઝ બુઝ' કહ્યુ માટે તરી ગયો. અમને પણ જો એમ ભગવાન મળે તો અમે તરી જઇએ. પરંતુ આપણુ પુણ્ય કાચુ છે માટે ભગવાન મળ્યા નથી? માટે જ સામગ્રી ઓછી મળી છે? પણ જ્યારે પ્રભુ મળ્યા હતા, દેશનાઓ સાંભળી હતી છતાં પણ તર્યા નહીં ને?

અત્યારે શ્રુતકેવળી, અવધિજ્ઞાની, મન:પર્યવજ્ઞાની કે તીર્થંકર કોઇ જ અહિંયા નથી. અને તમે અપેક્ષા રાખો કે અમને અમારો પરલોક દેખાડો, તો તે કરી શક્ય નથી. પણ અમે શ્રુતના બળથી દાવા સાથે કહીએ છીએ કે જો કોઇ નાસ્તીક પણ સામે આવે તો નવતત્વને તર્ક સાથે સાબીત કરાવી શકીએ.

॥ પ.પૂ. યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

॥ વિઘ્નજય ભાવધર્મ ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને કર્મના સમ્યક્ વિપાકનો બોધ કરાવનારા ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ અજ્ઞાન દશામાં લાગતી નાની ભૂલોથી ઘણા મોટા કર્મ બંધાતા હોય છે. અને તેના વિપાકો સારી રીતે સમજાવે તેવા ઘણા દાખલાઓ જૈન શાસ્ત્રમાં છે. તેમાં ધ્યાન રાખવાનું કે કર્મ બંધાય છે ત્યારે કાંઈ તે વોરનીંગ આપીને કે પ્લાનીંગ સાથે બંધાતુ નથી. બંધાઈ ગયા પછી તો ઘણા વર્ષો સુધી ખબર પણ ન પડે. જ્યારે તેનો વિપાક આવે ત્યારે ખબર પડે. જેમ ટાઇમ બોંબ મુક્યો હોય તો કશી ખબર ન પડે પણ જ્યારે તેનો ટાઇમ પાકે અને તેનો વિપાક બતાવે ત્યારે ફુરચેફુરચા બોલાવી નાંખે. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી ભારે કર્મ સ્ટોકમાં પડ્યુ હોય તો ખબર ન પડે પણ ઉદયમાં આવે એટલે મોટા જોખમ ઉભા થાય.

આ રાજપુત્ર અને પુરોહિત પુત્રે દીક્ષા લીધી, અણિશુધ્ધ સંયમ પાળી દેવલોકમાં ગયા. ત્યાં પણ આગલા ભવના ગાઢ ધર્મના સંસ્કાર હોવાના કારણે ધર્મ ભૂલ્યા નથી. આટલા દેવલોકના રંગરાગ વચ્ચે પણ ધર્મ આરાધના કરી છે. ધર્મનો તીવ્ર ભાવ હતો માટે. સામાન્ય રીતે તેમની લાયકાત કેટલી છે? ધર્મને અંતરથી વિસરે નહી તેવી લાયકાત છે. ગુણીયલ, ઉત્તમ ગુરુએ ઉચીત વર્તન કર્યું છે પણ દેખાવમાં કડકાઈવાળુ હતુ માટે તેમને થયુ છે કે આટલી બધી જબરાઈથી વ્યવહાર તે કરાતો હશે? આ ભાવથી જે કર્મ બંધાયુ તે સ્ટોકમાં પડ્યુ છે. પણ પરભવમાં દેવ ભવ છોડીને બીજા ભવમાં જશે પછી તે ઉદયમાં આવશે. એ મનુષ્ય ભવમાં જશે ત્યારે ત્યાં એવો લેપાઈ જશે કે ધર્મ ભુલી જશે. દેવલોકના રંગરાગમાં તેના આકર્ષણમાં ધર્મ ગયો નથી. દેવલોકમાં ચારિત્રાચાર અને તપાચાર શક્ય નથી. જ્ઞાનાચાર અને દર્શનાચાર શક્ય છે. સમકીતની ભૂમિકા શક્ય છે. ત્યાં શક્ય બધી જ આરાધના કરી છે. ઘણા તો ધર્મ જ એવો કરે કે આત્મા પર ધર્મના કશા જ સંસ્કાર ન પડે. જ્યારે ઘણા એવી રીતે ધર્મ સેવે કે ધર્મના આત્મા પર ગાઢ સંસ્કાર પડે. ધર્મને ભવોભવ સાથે રાખવો

હોય તો ધર્મના સંસ્કાર આત્મા પર આધાન થાય તેવો ધર્મ કરવો પડે. નહીતર બીજા ભવમાં ધર્મ ભૂલી જવાય.

સભા:- એટલે તીવ્ર રૂચી પૂર્વક ધર્મ કરવો જોઇએ.

સાહેબજી:- હા, ચોક્કસ. સંસાર રસીક જીવને પુછીએ તમને શોખ શેનો છે? કોઇને હરવા, ફરવા, ખાવા, પીવાનો, સંગીત, પિક્ચર આવા અનેક પ્રકારના શોખ હોય. પણ જે વસ્તુ તેના રસનો વિષય હોય તે મળે ત્યારે તે ભોગવવામાં કેવો એકાકાર બને છે. ઘણાને ખાવામાં જ ખુબ રસ હોય તો એવો લંપટ થઇને ખાય કે એવા સંસ્કાર આત્મા પર પડે કે બીજા ભવમાં તીર્યંચ ગતિમાં જાય ત્યાં ખાવા માટે ગમે ત્યાં મોઢું નાંખ્યા કરે. ઘણા ધર્મ કરે, શ્રદ્ધા પણ છે. કરવા લાયક છે તેમ માનીને કરે પણ તેમાં રસ, રૂચીનો એવો ઉભરો ન આવે કે આત્મા પર તેના સંસ્કાર પડે.

સભા:- પહેલાં તો પાપની તીવ્રરૂચી હશે તેને બદલવી પડશે.

સાહેબજી:- જેમ ઘણાને શ્રીમંતાઇથી આટલી અનુકુળતા મળે, ખાવાપીવા, મોજમજા મળે છે. શ્રીમંતાઇના જેટલા પણ લાભ છે તે બધા જડબેસલાક બેસી ગયા છે. તેમ ગરીબાઇના આટલા નુકશાન છે તે પણ જડબેસલાક બેસી ગયા છે. તેની જેમ ધર્મ-અધર્મના લાભ અને નુકશાન જો જડબેસલાક બેસી જાય પછી રૂચી બદલાતા વાર લાગશે નહીં.

આપણે બધા દુઃખ આપનાર કર્મથી ડરીએ છીએ, દૂર ભાગીએ છીએ. દુઃખ આપનારા કર્મો તૂટી જાય તો આપણે રાજી છીએ. હવે તમે ઉગ્રમા ઉગ્ર દુઃખ વેઠીને (જેવા કે નારકીના) કર્મ ખપાવો તેટલા કર્મ તમે એક નવકારશીના પચ્ચખાણમાં ખપાવો છો તે જો જડબેસલાક બેસી જાય તો યથાશક્તિ તપ મૂકો ખરા? આમાં આટલો લાભ છે તો છોડો ખરા? તમને ધંધામાં કોઇ એવી ટેકનીક બતાવે કે જેમાં થોડામાં ઘણો લાભ છે તો તે વ્યક્તિને પણ ન છોડો અને તે ટેકનીક આખી જીંદગી અજમાવ્યા વગર રહો ખરા? તેમ અહિંયા આ ક્ષેત્રમાં ફળની શ્રદ્ધા નથી માટે રૂચી વહલાઇ નથી. જેમ એક સામાયિક કરવામાં આટલો લાભ છે વિશ્વાસ બેસે છે ખરો? કે પછી સાધુઓ તો કીધા કરે. શાસ્ત્રોમાં લખેલ બધી વાતોમાં અતિશયોક્તી લાગે છે ને? કે ઉપજાવી કાઢેલી લાગે છે?

સભા:- ઉપજાવેલી લાગતી નથી પણ વિશ્વાસ બેસતો નથી.

સાહેબજી:- ઉપજાવેલી લાગતી નથી, અને વિશ્વાસ પણ બેસતો નથી. આનો અર્થ તો શું થયો કે દાળમાં કંઈક કાળુ છે. જો ઉપજાવેલી ન લાગતી હોય તો શાસ્ત્રમાં જે લખ્યુ છે તેમાં વિશ્વાસ બેસવો જ જોઈએ. તમે મુહપત્તિના બોલમાં બોલો છો ને "સૂત્ર અર્થ તત્વ કરી..." ગણધર ભગવંતે રચેલા સૂત્રો છે જે દ્વાદશાંગી રૂપ છે. તેમાં કરેલો અર્થ જ જગતનું સત્ય છે. જો આ મગજમાં બેસી જાય તો પછી તો બુધ્ધિ જ ફરી જાય. સંસારની વાત જ્યાં મગજમાં બેસી જાય છે પછી ત્યાં કેવો પુરુષાર્થ કરો છો?

સભા:- અહિંયા કેમ બેસતુ નથી?

સાહેબજી:- આ બાજુ તમારી નિર્વિચારીકતા છે. એક શબ્દ એવુ નથી કે જે તર્કથી બુધ્ધિમાં ન બેસી શકે.

માટે મુળવાત. તીવ્ર રૂચીથી કરાયેલો ધર્મ જ આવતા ભવમાં સાથે આવશે. દેવલોકમાં બન્ને જણા ધર્મ ભુલ્યા નથી. પુરોહિત પુત્રને પોતાના ચ્યવનના લક્ષણો પરથી ખ્યાલ આવ્યો કે હવે પોતાનું મૃત્યુ નજીક છે. અવધિજ્ઞાન અમુક ક્ષેત્રનું હોય અને તેનાથી બહારના ક્ષેત્રમાં જો જન્મ હોય તો દેખાય નહીં. કદાચ તેટલાં ક્ષેત્રમાં જન્મ હોય પણ જો વિશેષ અવધિજ્ઞાન ન હોય તો ક્યાં જવાનું છે તે ખબર પડે પણ લાંબુ ભાવિ શું છે તે ખબર ન પડે. માટે તેને થાય છે કે મારુ ભાવિ શું છે? તે પુછવા માટે મહાવિદેહમાં ગયા છે. તમને કદાચ ભવિષ્યવેત્તા કોઈ સારા મળે તો પહેલાં શું પુછો? પૈસા કેટલા? કઈ રીતે? આ જ બધુ પુછો ને? તમારા જીવનના સારનો સાર પૈસા જ છે ને? જ્યારે આમને શું પૂછ્યું છે કે હું સુલભ બોધી કે દુર્લભ બોધી છુ? ચિંતા શેની છે? ધર્મ મળેલો ગુમાવી તો નહીં નાંખુ ને? તેની જ તેને ચિંતા છે. વિચારજો કેટલો ધર્મરાગ હશે? પ્રભુએ કહ્યુ દુર્લભ બોધી છો તો લાંબા ગાળાનું કે ટૂંકા ગાળાનું? ટૂંકા ગાળાનું છે તો કર્મ પુરુ થયા પછી ધર્મ કોનાથી પામીશ? તારા આવતા ભવમાં જે મૂક નામનો મોટો ભાઈ છે જે સમકીતી છે. આમ તેનું નામ અશોકદત્ત છે. પણ મુક નામ પ્રસિધ્ધ થઈ ગયું છે. તેનાથી ધર્મ પામીશ.

તાપસ નામનો શેઠ તેના કુટુંબ પરિવાર સાથે ધંધા ધાપામાં રાચ્યો માચ્યો રહે છે. આમ તેના જીવનમાં કોઈ રૌદ્રધ્યાન કે હિંસાઓ, લુટના ભાવો નથી પણ તીવ્ર

આશક્તિના કારણે મરીને તીર્યંચ ગતિમાં જાય છે. ખાવા, પીવામાં, ફરવા, ફરવામાં સંસારના સુખો ભોગવવામાં જ મસ્ત રહેનાર તીર્યંચ ગતિમાં જાય. પશુબંધના કારણમાં આર્તધ્યાન પણ કહ્યુ છે. નીલ કાપોત લેશ્યા હોય છે. આ શેઠ મરીને બાજુની જ ગટરમાં ભૂંડ તરીકે જન્મે છે. ઘણાને શું અમુક ઓરિયાની ખુબ આશક્તિ હોય તો યોગ થાય. જેમ અમુક વ્યક્તિ કે અમુક વસ્તુનો ખુબ રાગ હોય તો તેનો વારંવાર યોગ થયા કરે. તમને જેનો તીવ્ર રાગ છે તે આવતા ભવે મળે, મળે, મળેજ. જેમ ઘણા ફરવા જાય અને અમુક સ્થળ એકદમ ગમી જાય તો આખો દિવસ તેનું આશક્તિ પૂર્વક વર્ણન કર્યા કરે. ખુબ અનુરાગ બંધાઇ જાય કે ત્યાં પછી ઘાસ કે કીડી તરીકેનો ભવ મળે. જેમ ગોળ પર ખુબ રાગ હોય તો મરીને તેમાં કીડી થાય. દ્રષ્ટાંત આવે છે ને કે સ્ત્રી પર ઘણો રાગ હતો તો તે મરીને તેના જ પેટમાં કીડો થયો. ખુબ તેના રૂપ, શરીર પર મોહ હતો માટે શરીર ફરી મળ્યુ. બસ હવે તેમાં પડ્યો રહેશે. કર્મે યોગ કરાવી દીધો. માટે તીવ્ર રાગ ગમે ત્યાં નહીં કરતાં, સારા માણસો કે ઉત્તમ આત્મા પર રાગ કર્યો હશે તો તેમનો યોગ થશે. તમારા ઘરમાં કોઇ ધર્મી હોય અને તેના પર રાગ કરો અને તે મળશે ત્યારે તમને ધર્મમાં ઉપયોગી થશે. તમે અત્યારે કાંઇ વિતરાગ નથી. રાગ કર્યા વગર કાંઇ રહી શકો તેમ નથી. માટે રાગ કરો તો યોગ્ય પાત્ર પર જ કરજો. ભવાંતરમાં જો ગમે તેવી વ્યક્તિ ભટકાશે તો અધઃપતન થઇ જશે. માટે રાગ કરવો પડે તો ગુરુ પર, ધર્મ પર, દેવ પર રાગ કરો.

ગમે તે પાત્ર પર રાગ ન કરવો જોઇએ. અધર્મી પર રાગ કરશો તો બરબાદ થઇ જશો. તમારા જીવનમાં રાગ કરવા, સંબંધ બાંધવા માટે વ્યક્તિની પસંદગી કરો. ઘણાને મિત્રો નાસ્તિક હોય, અધર્મી હોય, અને તેમાં જો બહુ જ રાગ થાય તો તે જ્યાં જશે ત્યાં રાગ તમને ખેંચી જશે. તે તો બરબાદ થશે પણ તમે પણ બરબાદ થઇ જશો. કારણ તેનાથી તમને હલકો ભવ ઉદયમાં આવે છે.

દ્દષ્ટાંત આવે છે ને કે રાજાને રાણી પર અનહદ અનુરાગ છે. જે શુરવીર, ક્ષત્રીય, સદાચાર, નિતિમાન રાજા છે. પણ તેના શાગુએ શું કર્યુ કે તેને છળકપટ કરીને મારી નાંખ્યા. તે શુરવીર હોવાથી યુધ્ધમાં લડતાં લડતાં મર્યા છે. ખુબ ખુમારીથી લડ્યા છે,

પણ આવેશ ખુબ આવ્યો છે કે આવા લુચ્ચા બદમાશ છે ? જે છળકપટ કરીને જીતવાનો પ્રયત્ન કરે છે. આવા બદમાશ દગાખોરને તો બરાબર પૂરો કરવો જોઈએ. માટે આવેશ પૂર્વક ઠેઠ છેલ્લે સુધી તેને આર્તધ્યાન છે, ક્રુરતા આદિના ભાવો છે. માટે મરીને છઠ્ઠી નરકે જાય છે. આ મૃત્યુના સમાચાર પત્નીને મળે છે. તે ખુબ જ રડે છે અને કહે છે ચિતા સળગાવો, મારે મરી જવું છે. હું જીવી શકુ તેમ નથી. અમારે એક દિવસનું પણ આંતરુ ન પડવું જોઈએ. માટે હમણાં જ ચિતા સળગાવો. તે રાણી પણ આમ તીવ્રરાગથી મરીને છઠ્ઠી નરકે ગયા. મરતાં તેમનો સંકલ્પ શું છે ? જ્યાં રાજા ગયા છે ત્યાં તેમના સહવાસમાં રહેવુ છે. આ ભાવ તેમને તીવ્ર છે. માટે આગમા સળગ્યા ત્યારે તેને અનુરુપ ભાવ આવે છે. કે એમને મળવું છે. તેમનો તીવ્ર અનુરાગ છે માટે મરીને ત્યાં છઠ્ઠી નરકે ગયા છે. આમ કાંઈ છઠ્ઠી નરકે ન જતે. પણ આવા રાગના કારણે હવે કરોડો, અબજો વર્ષ સુધી માર ખાઈ ખાઈને જીવન પુરુ કરશે. માટે સૌથી પહેલાં તો રાગ કરવો જ નહીં. પણ જો રાગ કર્યા વગર ન રહી શકો તો ઉત્તમ પાત્રો સાથે કરજો. હલકા પાત્રો સાથે રાગ કર્યા તો જોખમ ચોક્કસ ઉભા થશે.

શ્રીપાળ મયણાનું દ્રષ્ટાંત આવે છે ને કે આગલા ભવમાં શ્રીપાળ અધર્મી છે. જ્યારે મયણા સમ્યક્દ્રષ્ટી છે. પણ શ્રીપાળ સાથે એવા રાગ બાંધ્યા છે કે કોઢિયાના ભવમાં મળવાનું આવ્યું. સમ્યક્દ્રષ્ટી હોવા છતા અધર્મી સાથે રાગ બાંધ્યા છે. તમને જેના પર રાગ છે તેના જીવનમાં પાપની અનુચીત જેટલી પ્રવૃત્તિ હશે તેની અનુમોદનાનું પાપ લાગશે.

સભા:- તેની જેમ ધર્મની પ્રવૃત્તિ હોય તેની અનુમોદનાનું પણ ફળ મળેને?

સાહેબજી:- હા, તમને જો ધર્મનો રસ હોય તો. કર્મના કાયદામાં પુણ્ય, પાપના સિદ્ધાંતો બેલેન્સવાળા છે. અશુભ ભાવ જેટલા છે તેનાથી પાપ બંધાય, શુભ ભાવ જેટલા છે તેનાથી પુણ્ય બંધાય. જેમ તમારા દિકરાને તમે ધર્મી બનાવ્યો હોય અને તે ધર્મ કરે તો તમે રાજી થતાં હોવ. તો તેવા સ્વભાવવાળો બાપ મરીને પરલોકમાં જાય પછી આ દિકરો જે ધર્મ કરે તેની અનુમતિ અને અનુમોદનાનો લાભ મળે. કરાવણનો

પણ લાભ મળે. હવે તેવી રીતે પાપ કરવા માટે વારસો આપો, એવા સાધનો આપ્યા પાપ પ્રવૃત્તિ તેના જીવનમાં ગોઠવી હોય તો તે તેનાથી જેટલું પાપ કરશે તેમાં અનુમતિ અને અનુમોદનાનું પાપ લાગે છે.

સભા:- વોસીરાવી દઈએ તો?

સાહેબજી:- મોઢેથી બોલો તે જુદી વસ્તુ છે. પણ અંતરથી મમતા મરતી વખતે વોસીરાવવાની છે. કોઈ જ્ઞાની પુરુષ એમ કહે કે તમારો દિકરો પૈસા ખોઈને ભિખારી થયો છે તો શું થાય? અસર થાય કે નહીં?

સભા:- સંબંધ તુટી ગયા પછી અસર ન જ થાય.

સાહેબજી:- સાચુ બોલજો અત્યારે કોઈ એમ કહે કે આ બંગલો તમારો હતો, આ જર ઝવેરાત બધુ તમારુ હતુ. તો શું થાય? આટલુ બધુ મારુ હતુ? માટે અંદર મમતા પડી છે. મારુ અને મારા હાથમાં નહી? માટે જન્મોજન્મના રાગ વોસિરાવવા તે સહેલી વસ્તુ નથી.

સભા:- પણ અમે પાપ, પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા કરીએ છીએ.

સાહેબજી:- નાણ માંડી ફેરા ફરી ક્રિયા કરી લો તેટલા માત્રથી પતી ગયુ? હૈયાની કોર જેવો તમારો દિકરો હોય અને બીજા ભવમાં જ્ઞાની કહે આ તમારો દિકરો છે તો અસર ન થાય ને? અત્યારે ખાલી કોઈકની સુંદર ગાડી કે નેકલેશ જુઓ છો તો ગલગલિયા થતા હોય છે. અને તેને કોઈ કહે કે આ દેવલોકના તમારા જર ઝવેરાત, દેવ વિમાનો આ બધુ તમારુ હતુ તો શું થાય?

નજરે દેખાતુ નથી, પણ નજરે દેખાવાનું ચાલુ થાય તો શું થાય? મનને પહેલાં નિર્મળ બનાવવા માટે સંશોધન કરવું પડે તેમ છે. મોટા ભાગના લોકોને દેવલોક ન બતાવો તો સારુ નહીતર જોઈને ગાંડા થઈ જાય.

હાશા, પ્રહાસા જે નર્તકી જેવી છે. આવી પોસ્ટમાં રહેલી અપ્સરા જોઈને શું હાલત થઈ છે? ૫૦૦ને પડતી મૂકીને? જેને વિરાગ નથી ને ભોગોમાં તીવ્ર રાગ છે તે તો દેવલોક જાય તેટલી વાર! તેની તો હાલત વિચારવા જેવી નથી.

સભા:- દેવતા મુળ સ્વરૂપે આવતા નથી ને?

સાહેબજી:- મુળ સ્વરૂપે આવે તો હાલત ખરાબ થઈ જાય. કલિકાચાર્ય આચાર્ય

પાસ ઇન્દ્ર આવ્યા ત્યારે બધા જ સાધુ ભગવંતો બહાર ગયેલા છે. તેમને ઇન્દ્ર મહારાજની ઓળખાણ થયા પછી કહ્યુ હમણાં બધા સાધુઓ આવશે. શાસ્ત્રમાં કહેલો દેવલોક પ્રત્યક્ષ છે. તેની ખાત્રી તમારી હાજરીથી થશે. માટે ઉભા રહો. ત્યારે ઇન્દ્ર મહારાજ કહે છે કે આવો અખતરો કરવા જેવો નથી. મારુ મુળ સ્વરૂપ જોશે, તો કેટલાય સાધુ નિયાણા કરશે. માટે હું રોકાતો નથી. પરંતુ ઉપાશ્રયના બધા દરવાજા ને ભીંત બદલી દઉ છું. આને ચમત્કાર કહેવાય. આને ચમત્કાર તરીકે અમે માનીએ પણ ખરા. આ રીતે કરવું વિજ્ઞાન દ્રષ્ટીએ પણ શક્ય નથી. આ રીતની કેપેસીટી કાંઇ શક્ય છે? પરંતુ ઇન્દ્રમહારાજ તો તરત કરીને ચાલ્યા ગયા. હવે મહાત્માઓ આવે છે પણ જ્યાં દરવાજો હતો ત્યાં ભીંત જુએ છે માટે આમતેમ ફર્યા કરે છે.

ભરત મહારાજને ઇન્દ્ર મહારાજ સાથે સંબંધ કેટલો હતો. સમોવસરણમાં ઋષભદેવ પાસે ઇન્દ્રમહારાજ આવ્યા ત્યારે ભરતરાજાએ કહ્યુ અમારે આપનું અસલી રૂપ જોવું છે. ત્યારે તેમને કહ્યુ કે તમારે માટે યોગ્ય નથી. ખુબ આગ્રહ કર્યા પછી ફક્ત અંગુઠો દેખાડ્યો છે. અને તે જોઇને પણ ખુબ જ ચમકી ગયા છે. એક અંગુઠો આવો હશે તો દેહ કેવો હશે?

સભા:- મનુષ્યોને દેવલોકમાં લઇ જઇ શકે?

સાહેબજી:- મજેથી લઇ જઇ શકે, જો પુણ્ય હોય તો. પાંચે પાંડવોને ધરણેન્દ્ર તેમના મહેલમાં લઇ ગયા છે. ભક્તિ કરી બહુમાન કર્યું છે. પણ તેના માટે પુણ્ય જોઇએ.

હવે આ શેઠને રાગ છે, આસક્તિ છે માટે મરીને ભુંડ થયો છે. ફરતાં ફરતાં તે એરિયામાં આવતાં, તે સ્થાને આવતાં, બંગલો જોતાં ઉહાપો થાય છે ને જાતિસ્મરણ થાય છે. જેનાથી ખબર પડે છે પુત્ર, પત્નિ, બંગલો બધુ મારુ છે. પણ કોઇ અત્યારે બંગલામાં પેસવા દે તેમ નથી. અંદરમાં કેવું થતુ હશે? પછી તેની જ તીથી આવી ત્યારે તેને જ મારીને મૃત્યુ તીથીની ઉજવણી થાય છે. ઘણી જ ચીચીયારીઓ પાડે છે. પણ કોણ સાંભળે? પછી મરીને સાપ થયો. તે ભવમાં પણ તે જ વસ્તુઓ જોતાં જાતિસ્મરણ થયુ. તેને કર્મના વિપાકો

અનુભવમાં આવ્યા. માટે સાપ હોવા છતાં થોડો શાંત બન્યો. ત્યાં પણ તેને માર મારી, મારીને મારી નાંખ્યો. પણ મરતી વખતે મારા કર્મથી કેવી હાલત થાય છે તે વિચારે છે. માટે ઋજુભાવના હોવાના કારણે તે મરીને તેના દિકરાના દિકરા તરીકે જન્મ્યો. પછી ત્યાં થોડો સમય પસાર થયા પછી ઉહાપો થતાં ધારી ધારીને જોતાં જાતિસ્મરણ થયુ.

આમને ત્રણ ભવથી જાતિસ્મરણ થાય છે. માટે ત્રણેભવમાં પડતો માર દેખાતો જાય છે. અને અક્કલ ઠેકાણે આવતી જાય છે. બધાનો વડીલ હું ભુંડ થયો, સાપ થયો, હવે દિકરાને ત્યાં દિકરો થયો, પણ હું દિકરાને બાપ કેમ કહું? તેની વહુને મા કેમ કહું? માટે તે ખાય છે, પીએ છે પણ કાંઇ બોલતો નથી. આઘાતના કારણે તે મુંગો થઇ ગયો છે. માટે છાપ એવી પડી કે તે મુંગો છે. આમ તે ખોડ ખાપણ વગરનો છે. બુધ્ધિશાળી છે. પણ બાળક તરીકે પણ સાવ શાંત થઇ ગયો છે. માટે અશોકદત્ત નામ હોવા છતાં મૂક નામ પડી ગયું. યુવાનીમાં આવતાં પણ કોઇ ઉન્માદ, તોફાન, મસ્તી કે સંસારનું આકર્ષણ રાગ દેખાતા નથી.

આમ ધર્મ પામ્યો નથી. પણ સંસારમાં ડફણા એટલા ખાધા છે કે કોઇ ખોટા વિકારો આશક્તિ દેખાતી નથી. યુવાનીમાં પણ ધીર, ગંભીર, શાંત થઇને જુવે છે. એક વખત જ્ઞાની નગરમાં પધાર્યા છે. તેમને ઉપયોગ મૂક્યો. આ નગરમાં કોણ લાયક જીવ છે? તેને શોધીને મહેનત કરીને ધર્મ પમાડુ. આમને લાયક જીવ તરીકે આ મુંગો દેખાયો. ધર્મ પામવા લાયક છે. લાયક જીવને જાતિસ્મરણ થાય તો ઘણા તેના આવેગો શાંત થઇ જાય. આ જ્ઞાનીએ તેમના શિષ્યોને બોલાવીને વાત કરી.

શિષ્યને ગોચરી વહોરવા મોકલ્યા છે. જેવા મહાત્માને જોયા કે ઉલ્લાસથી ઉભો થઇને વહોરાવે છે. ઇચ્છા, ઉલ્લાસથી પ્રવૃત્તિ કરે છે. ત્યારે મહાત્મા કહે છે હે તાપસ શ્રેષ્ઠી શેઠ આશક્તિના કારણે ભુંડ થયા, સાપ થયા, હવે મુંગો થયો પ્રત્યક્ષ ભવો જોયા છે છતાં હજુપણ તું આવું સંસારનું સ્વરૂપ જોઇને ધર્મ પામવા તૈયાર નથી. હવે તો તું પામ. તેને થયુ કે મારી ઇચ્છા આમને કેમ જાણી? માટે તેમને પુછે છે તમે જાણ્યું ક્યાંથી? મને ઉપદેશ આપો. તો કહે છે કે અમે કશુ

જાણતા નથી. અમારા ગુરુએ કહ્યુ છે. તમે ત્યાં આવો. તેથી તે ત્યાં જાય છે. ગુરુ તેને ધારદાર દેશના આપે છે. તેથી તે મિથ્યાત્વ વમીને સમકીતને પામે છે.

અત્યાર સુધી તેને તત્વનો વિવેક નહોતો માટે સમકીતને પામ્યો નથી. દીક્ષા લઈ શકે તેવું નથી માટે આ મુક શ્રાવકના ૧૨ વ્રત પાળે છે. આ મોટા ભાઈના નિમિત્તથી પુરોહિત પુત્ર સમકીત પામશે. તે પ્રશ્ન કરે છે કેવી રીતે પામીશ? આના જવાબમાં જણાવે છે કે...

વૈતાઢ્ય પર્વત પર સિધ્ધાયતન મંદિરમા સમકીત પામીશ. ત્યાં આ કુંડળ તું જોઈશ ત્યારે સમકીત પામીશ. માટે વંદન કરીને તે ત્યાં ઉપડ્યો. તેને અત્યારે મોતના વિચાર આવતા નથી. પણ સીધો તે દેવ મુંગા પાસે આવ્યો. વિચારજો કેવો ધર્મરાગ હશે? મુંગા પાસે આવીને ચમત્કાર દેખાડ્યો. દેવતા તરીકે મુળ સ્વરૂપ બતાવ્યુ. અને બધી વાત કરી કે હું આવતા ભવે તમારો નાનો ભાઈ થઈશ. તમારે મને ત્યારે ધર્મ પમાડવાનો છે. ભગવાને કહ્યા પ્રમાણે તમારે મને ધર્મ પમાડવાનો છે. તેમને કુંડળ આપે છે. ચિંતામણી રત્ન આપી જાય છે. પછી આરાધના કરતાં કરતાં સમાધી કરી આમને ત્યાં જન્મે છે. તે વખતે શું થાય છે કે કેરીની સીઝન ન હોવાં છતાં તેની માતાને કેરી ખાવાના દોહદ થાય છે. તેમને કેરી ખાવી છે. બાળક ગર્ભમાં માતાની સૌથી નિકટ હોય છે. માટે માતાના વિચારો પર બાળકના અને બાળકના વિચારો પર માતાના વિચારોની અસર થાય છે. તમારે માતાને શું ખાવાની ઈચ્છા થાય?

સભા:- કોલસાઓ ખાવાની ભાવનાઓ થાય છે.

સાહેબજી:- જે ખરાબ ઈચ્છા છે. જો ભાવિ વ્યક્તિ ઉત્તમ હોય તો ઉત્તમ ભાવ થાય. ત્રિશલામાતાને કેવા ભાવ થયા છે. રાજ્યાદ પર કુ બેસુ, બધાને અભયદાન આપુ. કેવા કેવા ભાવ થાય છે! કારણ કેવો ઉત્તમ જીવ છે.

તેમ આમને કેરી ખાવાના ભાવ થયા છે. કેરીની સીઝન નહોવાથી મનોરથ પુરા થતા નથી. પરંતુ મુકને લાગે છે કે આ તે જ જીવ આવ્યો છે માટે ચિંતામણીથી તે દોહદને પુરા કરે છે હવે તો ઘરમાં બધા આ લોકનો પુર્વ ભવ

(મુક) ભણવાથી ધર્મ કરે છે. ધર્મને અનુકુળ વાતાવરણ છે.

જેવો બાળક જન્મે છે તેવો જ ભાઇ તેને નવકાર સંભળાવે છે. નામ પણ અર્હતદત્ત રાખે છે. ૪૦ દિવસ પુરા થઇ ગયા પછી તેને પૂજા કરાવે છે. મુર્તિ દેખાડે છે જેથી ધર્મના સંસ્કાર પડે. ધર્મ પામે માટે સદ્ગુરુના ચરણોનો સ્પર્શ કરાવે છે. સારા સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે છે. પણ હવે આને પેલુ મિથ્યાત્વ મોહનીય ઉદયમાં આવે છે.

આ બાળક આમ ખીલતું રમતું હોય પણ જેવા ભગવાન દેખાડે, ગુરુ બતાવે ને રડવા લાગે. હોહા મચાવી દે અને બહાર લઇ જાય તો તરત જ શાંત થઇ જાય. વિચારજો આગલા ભવમાં ધર્મ માટે કેટલા વલખાં મારતો હતો. માટે જ ભાઇને સાવધાન કરી જાય છે. ભાઇ પણ ઘણો જ પુરુષાર્થ કરે છે. ઘરમાં પણ પુરેપુરુ ધર્મનું વાતાવરણ છે. પણ ધર્મ ગમે નહીં. જેને બોધી પામવા માટેની સામગ્રી મળી પણ ધર્મ ગમે નહીં તો. માટે બધા સંસ્કાર અત્યારે ફેઇલ જાય છે. જેને બહાર કલાકો રખડવું હોય તો આરામથી રખડી શકે પણ દહેરાસરમાં પા કલાક પણ ન બેસી શકે. તેવું તેને કર્મ બાંધ્યુ છે. માટે આમાં તેને રસ જ પડતો નથી. અને આ સાધનામાં ઉત્કૃષ્ટ વિઘ્ન આવ્યું.

સુદેવ, સુગુરુ, સુધર્મની આલંબન ક્રિયાઓ ગમે નહીં તે જીવ આત્મકલ્યાણ કરી શકે નહીં. ઉત્કૃષ્ટ વિઘ્ન ભલભલા સાધકને આવે તો તેની સાધના સ્ટોપ થઇ જાય છે. આને નાનપણમાં બધા સંસ્કાર ફેઇલ ગયા. પછી મોટો થયો, બધી રીતે તૈયાર થયો છે. તેનો મોટો ભાઇ વારંવાર આગલા ભવમાં કહેલી વાતો યાદ કરાવે છે. પણ આને ગમતું નથી. બધી ઉપાર્જેલી વાતો લાગે છે. હવે તેને ભરજવાની આવી છે. રૂપાળો છે. જે કન્યા સાથે પરણ્યો છે. રંગરાગમાં મસ્ત થઇને ફરે છે. આમ વર્ષોના વર્ષો વીતી ગયા છે. ભાઇને થાય છે કે આ જીવ આગલા ભવમાં ધર્મ અને સમકીત માટે વલખાં મારતો હતો, ત્યારે અત્યારે તો તે જીવની પરિસ્થિતિ જુઓ. કેવા ભાવથી કેવા કર્મ બંધાય. જ્યારે તેનો વિપાક આવે છે ત્યારે જીવની શું પરિસ્થિતિ થાય છે. આવું સંસારનુ સ્વરૂપ જોતા મોટાભાઇને નિર્વેદ થવાથી ખુબ જ આઘાત લાગે છે. તેથી થાય છે કે આ

સંસારમાં રહેવા જેવું નથી. જો આવું કર્મ બંધાઇ જશે તો બાર વાગી જશે. માટે સંસાર છોડીને દીક્ષા લીધી.

પેલા જીવે કેવુ કર્મ બાંધ્યુ? જ્યારે ઉદયમાં આવ્યુ ત્યારે કેવી દશા થઇ? ભુતકાળમાં કર્મ બાંધેલા ઉદયમાં ન આવે તે પહેલાં સાફ કરી અથવા પાતળા કરી લેવા જોઇએ. ઉત્તમમાં ઉત્તમ જીવને પણ તારવા સાક્ષાત તીર્થંકર મળે પણ તેને ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તો તેને પડતાં કોઇ ન બચાવી શકે. એક વખત તો તેને પડવું જ પડે.

સભા:- નિકાચીત કર્મ કઇ રીતે ખપે?

સાહેબજી:- નિકાચીત કર્મ ક્ષપકશ્રેણીના તપમાં તુટે. નિકાચીત કર્મ ઉદયમાં આવે તે પહેલાં ચેતી જાવ તો જોખમ ન થાય.

હવે આ મોટાભાઇએ દીક્ષા લીધા પછી સાધના કરી, તપ કરી દેવલોકમાં ગયો. ત્યાં ગયા પછી ઉપયોગ મુક્યો. આગલા ભવની બધી પરિસ્થિતિ જાણી તેથી તેમને ખુબ જ અફસોસ થાય છે કે હું તેને ધર્મ ન પમાડી શક્યો. મારા વચન પ્રમાણે હું આચરી ન શક્યો. મારે તે વચન પુરુ કરવું છે. પણ ભાઇ ધર્મ પામે તેમ નથી તો હવે શું કરવું?

આવી રીતે પાછળ પડનાર ન હોય, જીવ જરા સાવચેત ન રહે તો દુર્ગતીમાં જાય. દેવતાના ભવમાં ગયા પછી પણ ભુલ્યા નથી માટે આવ્યા છે. પણ હજુ આ ધર્મ પામે તેમ નથી. આ જ પત્નીઓ સાથે એશઆરામથી મોજમજા કરે છે. માટે ધર્મ પમાડવા શું કરવું?

દેવતાએ તેના શરીરમાં ભયંકર રોગ પેદા કર્યો જેથી મોટુ પેટ થઇ જાય છે. અને વેદનાના કારણે ત્રાસ ત્રાસ થાય છે. તે હવે ઓયમા, ઓય બાપ કરે છે. ઉપચાર કરવાના ઘણા જ પ્રયત્નો કરે છે પણ આ તો કુત્રિમ દેવતાઇ શક્તિથી ઉભુ થયેલુ છે. માટે મટવું નથી. આવી પરિસ્થિતિ હોવાથી મંત્ર-તંત્ર પણ કરાવ્યા છે.

સભા:- દેવતા કર્મની ઉદીરણા કરી આપી શકે?

સાહેબજી:- હા, દેવતા અનિકાચીત કર્મની ઉદિરણા કરી આપે. તમારા કર્મમાં ઉલટસુલટ કરી આપે, રુપાંતર પણ કરી આપે. અમુક પ્રકારની તેમનામાં શક્તિ હોય છે. અનિકાચીત

હૃદયમાં લાવે, સંક્રમણ પણ કરી આપે. હવે આના કારણે શું થયું કે વેદના એટલી થાય છે કે તેમાંથી છુટવાનું મન થાય છે. માટે કહે છે હવે હું મરી જઈશ તો જ મને શાંતિ થશે. માટે ચિતા સળગાવી અને મરવાના સંકલ્પ સાથે ઉભો થયો છે. ત્યાં આ દેવતા ભીલવૈદ્યનુ રૂપ લઈને આવે છે. અને કહે છે કે હું ગમે તેવા રોગને મટાડી શકું છું. સર્વ રોગોનો ચિકિત્સક છું.

આમ તો આવા કોઈ વૈદ્યને બતાવે નહીં પણ એટલો ત્રાસ્યો છે કે થાય છે કે વાગ્યુ તો તીર નહીં તો તુક્કો. માટે તેને બોલાવે છે અને રોગનું નિવારણ કરવા કહે છે. તે વૈદ્ય બધી રીતે તેની તપાસ કરી કહે છે આ ભયંકર રોગ છે, જેમાં જીવનું જોખમ છે. પણ મારી પાસે જડીબુટ્ટી છે. તેનાથી રોગ જશે પણ તેમાં કડક શરતો છે. ઘરબાર છોડી દેવા પડશે. પત્નીઓ છોડી દેવી પડશે. અને પછી મારી પાછળ ફરવું પડશે. મારા જેવી દિનચર્યા પાળવી પડશે. બધી ચર્યાઓ પાળવી પડશે.

પેલો તો અત્યારે બધુ કરવા તૈયાર છે. માટે હા પાડે છે. અને પછી વૈદ્યે તે કૃત્રિમ રોગને મટાડી દીધો. પછી તેને તેની સાથે આવવા કહે છે. જડીબુટ્ટીનો જે કોથળો છે તે તેના ખભે મુકીને સાથે લઈ જાય છે. અને પછી શરત પ્રમાણે કરવાનું કહે છે. તેને કૃત્રીમ સાધુનો વેશ આપે છે. અને આખી દિનચર્યા બતાવે છે. સાથે ભણાવી-ગણાવીને તૈયાર કર્યો પછી કહે છે કે આમ હવે કરવાનું છે.

હવે થોડા ટાઈમ પછી તે દેવતા ગયો. તેથી થોડો ટાઈમ વિત્યા પછી તેને તેની પત્નિઓ, મોજમજા યાદ આવ્યા માટે વેશ પડતો મુકીને ઘરે આવ્યો. મોજમજા કરવા લાગ્યો. આ દેવતાએ તેની પરિસ્થિતિ જાણવા પાછો ઉપયોગ મુક્યો. ઉંડા અવધિજ્ઞાનથી સામાના મનનું રીડીંગ કરી શકે. દેવે જોયું કે આ હજુ ધર્મ પામી શકે તેમ નથી માટે ફરીથી રોગ પેદા કર્યો. તીવ્ર વેદના ઉભી થવાથી પાછો મરવાની તૈયારી કરી ઉભો થાય છે. ત્યાં પેલો વૈદ્ય પાછો આવી કહે છે કે મારુ કીધુ ન માન્યુ માટે આ થયું છે. આ સાંભળી તે કહે છે કે હું હવે કદી આવું વર્તન કરીશ નહીં. આમ કબુલાત કરાવી રોગ મટાડ્યો. પછી વિચારે છે કે ધર્મ પમાડવા શું કરવું?

દેવમાયાથી રસ્તામાં તેને કુત્રિમ દશ્યો દેખાડે છે. આખુ ગામ સળગતુ બતાવે છે ને પછી પોતે આગ ઠારવા માટે તેમાં ઘાસ નાંખે છે. ત્યારે પેલો કહે છે કે આ કેવું બેહુદુ કામ કરો છો! આગને ઠારવા તો કદી ઘાસ નંખાતુ હશે? આવું ઉંધુ કામ કેમ કરો છો? ત્યારે તે વૈદ એને સમજાવે છે કે મને તું શું સલાહ આપે છે: પહેલા તું સમજ. આ વિષય કષાય રૂપી આગને ઠારવા સમતાનુ પાણી છાંટવાના બદલે વિષય કષાયને તુ વધારે તેવી પ્રવૃત્તિ કરે છે, તે આ ગુપચુપ સાંભળી લે છે માટે દેવને થાય છે કે હજુ અસર થઇ નથી. માટે બીજુ દશ્ય દેખાડે છે.

ભુંડ વિષ્ટામાં મોં નાંખી ખાય છે. સારી વસ્તુને તે ખાતો નથી. માટે આ જોઇ પેલો બોલે છે કે ભુંડ કેવો છે? સારી વસ્તુ છોડીને ગંદામાં ગંદી વસ્તુને કેવો મજેથી ખાય છે! ત્યારે વૈદ કહે છે કે તું કેવી છે? તે શું કર્યુ? સારી વસ્તુ છોડીને (સાધુવેશ) તું પાછો ક્યાં ગયો?

હા, હવે ટાઇમ થઇ ગયો.

કાલે બાકીનું દષ્ટાંત વિચારશું.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

મંગળવાર
૨૬-૯-૯૫
આસો. સુદ. બીજ.

। યોગવિંશીકા ।

ગોવાળિયા ટેંક

॥ ઉત્કૃષ્ટ વિઘ્ન ॥

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને મોક્ષમાર્ગથી અનુપમ સુખની સામગ્રીને આપનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

અતિ દુર્લભ અને શ્રેષ્ઠ સામગ્રી આપવા પરમાત્માએ સાંગોપાંગ આત્મ કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. જગતની અંદર જેટલા ધર્મ છે તેનાથી આત્મ કલ્યાણ ન થઈ શકે. પણ આપણો ધર્મ તેવો નથી. અન્ય ધર્મોમાં આવી શ્રેષ્ઠ સાંગોપાંગ સામગ્રી મળે તેમ નથી. માટે જ કલ્યાણ થઈ શકે તેમ નથી. આવી સામગ્રી પુણ્યના કારણે જ જન્મથી મળે છે. પરંતુ આ શાસન ગમે ક્યારે? જો મિથ્યાત્વ ગાઢ ન હોય તો જ ગમે.

હવે આપણે આગલા દૃષ્ટાંતમાં જોઈ ગયા તેના પર જરા પાછળથી વિચારીએ. પુરોહિત પુત્રને દેવલોકના ભવમાં લક્ષણો દેખાવાથી મૃત્યુ સામે દેખાયું. તેથી ચિંતા થઈ કે હું ધર્મથી વિખુટો તો નહીં પડું ને? ભવોભવ ધર્મ મારી સાથે ટકી રહે તેવી ભાવના છે. જેમ કોઈને એકદમ પ્રિય વસ્તુ હોય તેનો વિયોગ કોઈ ઈચ્છતું નથી. સંસારની ગમતી વસ્તુ પણ કાયમ ટકી રહે તેવી ઈચ્છા થાય છે.

તેની જેમ ધર્મરાગ તેના જીવનમાં વણાયેલો હતો. માટે ધર્મથી તે વિખુટો પડવા તૈયાર નથી. પછીના ભવમાં તેને સામગ્રી પણ મળી છે. તેનો ભાઈ સમ્યગ્દૃષ્ટિ છે. પણ કર્મનો વિપાક ચાલુ થાય છે માટે શાસન મળવા છતાં તેને ધર્મ તરફ આદર સત્કાર થતો નથી. જન્મેલું બાળક હોવા છતાં તેને દેરાસરમાં લઈ જાય તો રડે. ગુરુ પાસે લઈ જાય તો પણ રડે. પરાણે પૂજા કરાવડાવે તો હોહા મચાવે. બાકી સંસારની બધી પ્રવૃત્તિ મજેથી કરે. બાળકને કાંઈ ધર્મ માટે રાગ-દ્વેષ નથી પણ મનના ભાવ કેવા છે। જેથી ધર્મનું સાધાન જ ન થઈ શકે. યુવાન થયા પછી પરણીને બધા ભોગ ભોગવે છે. અને મોટાભાઈ વૈરાગ્ય પામી દીક્ષા લે છે. આ નાના ભાઈને કારણે જ તેમને નિર્વેદ થાય છે. સંસારનું સ્વરૂપ કેવું છે તે વિચારે છે. તે દીક્ષા લઈ આરાધના કરી દેવલોકમાં ગયા છે. ત્યાંના તો આયુષ્યો પણ લાંબા હોય છે

પ્રસંગો પણ લાંબા હોય છે. માટે બહાર નીકળે તો અહિંયા તો પેઢીઓની પેઢીઓ પુરી થઇ ગઇ હોય.

સભા:- ત્યાં ૭૦ મીનીટનો કલાક હશે?

સાહેબજી:- આ બધી રીતની ગણત્રી તો તમે કુત્રિમ ઉભી કરેલી છે. આ માપ તો હમણાં થયું છે. ૨૦૦ વર્ષ પહેલા નહોતું. ત્યાં શાસ્ત્રીય રીતે હોય.

સભા:- ત્યાં દિવસ રાત હોય?

સાહેબજી:- દિવસ રાત સીધા ન હોય. ત્યાં અંધારુ થતુ નથી. વિમાનો જ એવા તેજસ્વી હોય કે પ્રકાશ, પ્રકાશ જ પથરાયેલો હોય. ત્યાં ઘડીકમાં ઠંડી, ગરમી ન હોય. ખુશનુમાં જ વાતાવરણ હોય. આ બધો ત્રાસ મનુષ્યલોકમાં જ છે.

સભા:- તેઓ ઉંઘતા નથી?

સાહેબજી:- થાકે તો થોડો રેસ્ટ કરે. ઉંચા દેવલોકમાં અનુત્તર કે ગ્રૈવેયકના દેવતા જન્મે ત્યારથી મરતાં સુધી શૈયામા જ હોય છે. અને મજેથી સમય પસાર થાય છે.

સભા:- નિદ્રા વરણીના ઉદયનું શું?

સાહેબજી:- નિદ્રા વરણીના ઉદયમાં પ્રમાદ આવે એટલે ઉપયોગ થોડો મંદ પડે. તે નિદ્રાનો ઉદય છે. તમે ઝોકા ખાઇને ગબડી પડો છો. નિદ્રાની અમંદ ઘણા પ્રકારે માની છે. તમારી માફક ચત્તા પાટ થઇને સૂઇ જાય તેવો ઉદય નથી. સામાન્ય રીતે થોડો ઉપયોગ મંદ પડે તેને નિદ્રા કહી છે.

ત્યાં હંમેશા ખુશનુમા વાતાવરણ હોય. કાયમ ત્યાં એરકન્ડીશન હોય. બાગ-બગીચા હોય. તમે જન્માનારામાં ન જોયા હોય તેવા હોય. ધર્મના પ્રભાવે જ ત્યાં જઇ શકાશે. ત્યાં ગયા પછી જો ધર્મ ભુલી ગયા તો ખાડામાં જ પડવાનું છે.

સભા:- ત્યાંના બાગ-બગીચામાં ઉત્પન્ન થઇ શકીએ?

સાહેબજી:- હા, પણ સારા ઝાડપાન થવા માટે થોડું પુણ્ય વધારે જોઇએ. ઘણુ ઘાસ કેવી રીતે ઉગે, કે એવી જગ્યાએ ઉગે કે હજુ તો કુંપણો ફુટે ત્યાં તો પગ નીચે કચડાઇ કચડાઇને મરવાનું આવે. ઘણા ઝાડ પાન એવી રીતે ઉગે કે

ખોરાક-પાણી ન મળે અને રીબાઇ રીબાઇને મરવાનું આવે. ઘણા કેવી રીતે ઉગે કે જ્યાં ફળદ્રુપ જમીન હોય, ખાતર રસકસ મળતાં હોય જેથી ખાઇપીને હટ્ટાકટ્ટા ઘટાદાર બની જાય. ઘણા એવી ડીરેક્શનમાં ઉગે કે તડકાની હુંફ મળે અને જ્યારે તડકો ન જોઇએ તે વખતે બંગલાની છાયા મળે. માટે પુણ્ય હોય તો બધુ મળે. નહીંતર જન્મથી જ ધોકા ચાલુ થાય. ત્યાં બુધ્ધિ, કરામત લગાડવાથી અનુકુળતા મળવાની નથી માટે પુણ્ય કારણ જોઇએ.

ઘણા ધનેરા કેવી રીતે જન્મે કે સીધો જન્મ ભરેલી ગુણમાં જ થાય. પુણ્ય અને પાપની અસર જુઓ તો પ્રત્યક્ષ છે. આ ધનેરાએ એવું તો શું કર્યું છે કે તેને જન્મથી ખાવાની મોજ મજા મળે છે! બીજાને મળતું નથી માટે કારણમાં પુણ્ય માનવું જ પડે.

દેવલોકમાં ઝાડ બનવું છે? આવા ઝાડ બનેથી તમને સંતોષ છે? બોલો જવું છે? નાસ્તીકને પણ પુછો તો ના પાડશે. ગતિ તો સારી જ જોઇએ. અને સારી ગતિ બંધાય તેના માટે એલર્ટનેસ જોઇએ. સદ્ગતિનું એક કારણ જો જડબેસલાક પકડી લીધુ પછી વાંધો નહીં. તેનો કોન્ફીડન્સ આવી જાય પછી થાય કે મારે માટે દુર્ગતી નથી. દુર્ગતિમાં તો ગયા તેટલી વાર છે. પછી તો ત્યાં ધર્મ માટેના વિઘ્નો ચાલુ જ હોય. આ સંસારમાં સદ્ગતિમાં જવા માટે બહુ જ ઓછા ભવ છે. પછી તો ધર્મ સામગ્રી મળે તો ઉંચે આવવાના. નહીંતર અગાધ દરિયામાં તણખલુ નાંખ્યુ હોય પછી ખબર પડે ક્યાં છે તેવી હાલત થશે. અત્યારે પશુયોનિમાં કેટલા પ્રકારના જીવો જુઓ છો. કોઇ કહે આમાંથી પસંદગી કરો તો શું કરશો? ભડકીને જ ભાગોને? સંસારની આ જ સ્થિતિ છે. પાછુ પસંદગીથી કોઇ જન્મતું નથી. કર્મરાજા જ્યાં લઇ જાય ત્યાં જવાનું છે.

કોઇ માણસ શીખર પર બેઠો હોય અને ચારેબાજુ લીસ્સો ઢાળ હોય. નીચે ચારેબાજુ ઉંડી ખીણો હોય, હવે જો શીખર પર બેઠેલો ગબડે તો શું હાલત થાય. એક પણ હાડકુ મળે ખરુ? તેની જેમ આપણે સંસારમાં બેઠા છીએ. ૨૪ દંડક. ૮૪ લાખ જીવાયોનીઓ ખુલ્લા છે. બધા જ દરવાજા ખુલ્લા છે. પણ જો દુર્ગતિમાં ગયા

તો ભયંકર હાલ થઈ જવાના છે.

હવે આ પુરોહિતપુત્રને ઉંચી ધર્મ સામગ્રી મળી છે. અનુકુળ વાતાવરણ પણ મળ્યુ છે પણ પેલા કર્મનો ઉદય એવો છે કે ધર્મ પ્રત્યે અરુચી જ છે. હવે મોટાભાઈ દેવતાના ભવમાં ઉપયોગ મુકી વિચાર કરે છે મેં આપેલુ વચન બાકી છે. માટે અહિંયા આવે છે.

અવધિજ્ઞાની ઉપયોગ દ્વારા સામેનાનું મન રીડીંગ કરી શકે. તેને લાગે છે કે હજુ આ ધર્મ પામી શકે તેમ નથી. પ્રભાવતી રાણીને ઉદયનરાજાનું પણ દ્રષ્ટાંત આવે છે ને કે રાજાને વચન આપીને પ્રભાવતી ગયા છે. માટે પ્રભાવતીનો જીવ આવે છે પણ રાજા ધર્મ પામી શકે તેમ નથી. જ્યારે રાણીએ દીક્ષાની વાત કરી ત્યારે ઘણી આનાકાની કરેલી. પણ પછી કહેલું કે મને ધર્મ પમાડવા આવે તો દીક્ષા આપું. માટે ધર્મ પામવાની કેટલી તાલાવેલી હશે? ધર્મ પામવો છે છતાં પામી શકતા નથી. કારણ ઉત્કૃષ્ટ વિઘ્ન છે. મિથ્યાત્વ મોહનીય નડે છે. અહિતકારીમાં રસ પડ્યા જ કરે. આવો જીવ ધર્મ કરે તો ઉંધો જ પકડે. ધર્મના નામથી અધર્મ ગમે. અથવા ધર્મ જ ન ગમે.

ઘણા ધર્મ જ ઈચ્છતા નથી. તેને ઉત્કૃષ્ટ વિઘ્ન કહે છે. પણ ઘણાને ધર્મ ગમે છે પણ કુદેવ-કુગુરુ-કુધર્મને પકડીને કરે છે.

સભા:- આ બેઉમાં કોને પાપબંધ વધારે?

સાહેબજી:- માત્રા ઉપર જ રહેશે. મોટો રોગ પણ મંદ હશે તો દૂર થઈ જાય તેમ નાનો રોગ પણ જો તીવ્ર હશે તો હટશે નહી.

હવે આ દેવતાને થાય છે કે આને હજુ ધર્મ પમાડવો બહુ જ મુશ્કેલ છે. માટે ફરી તે તેના શરીરમાં એવો રોગ ઉભો કરે છે. તે સહન ન કરવાથી તેને મરવાની તૈયારી કરી છે. ત્યાં દેવ ફરી વૈદનું રૂપ લઈને આવે છે. પછીથી આગળ પ્રમાણે ફરી રોગ શાંત થાય છે. અને પાછો પોતાની સાથે લઈ જાય છે. રસ્તામાં દેવતા એવા દ્રશ્યો ઉભા કરે છે અને તેના દ્વારા મર્મ વેધક શિખામણો આપે છે. તેનાથી જો પેલું કર્મ જરા હળવું પડે તો. તેને અસર થયા વગર રહે નહીં.

પહેલુ દૃશ્ય આગ ઠારવા ઘાંસ નાંખે છે.

પછી ભુંડને વિષ્ટા ખાતા બતાવે છે. ત્યારે પેલો કહે છે આ ભુંડ કેવો છે? સારુ છોડીને ગંદામાં મોં નાંખે છે. ત્યારે વૈદ કહે છે તુ પણ કેવો છે ? તે શું કર્યું? સાધુવેશ છોડીને પાછો ઘરમાં ગયો.

તેનાથી આગળ વધીને પ્રભાવશાળી દેવતાની મુર્તી બતાવે છે. પણ તેને પગે લાગે તો નીચે પડી જાય. પાછી ઠેકાણે મુકે ને કોઇ પગે લાગે તો પડી જાય.

પગે લાગે તો ગબડી જાય અને પગે ન લાગે તો ઉભી રહે. સામાન્ય રીતે ભક્તિ, વિનયને ઝીલીને અક્કડ થાય ત્યારે આ તો કોઇ ભક્તિ કરે તો ગબડી પડે છે. માટે તે આ જોઇને હસે છે. ત્યારે કહે છે તુ હસે છે પણ તું કેવો છે? તને સાધુવેશ આપ્યો જેનાથી બધા તને નમસ્કાર કરે, પગે લાગે, ભક્તિ કરે છતાં તે મુકીને તું ઘરે આવ્યો.

તેમ એક હથોડો, બીજો હથોડો, ત્રીજો આમ પ્રહાર થતાં થતાં તેનું કર્મ ઢીલુ પડે છે. તેને હવે સતત વિચાર આવે છે કે ભલે આ વૈદ થઇને મારી સાથે ફરે છે પણ આ વૈદ નથી લાગતો. કોઇ વિશિષ્ટ વ્યક્તિ લાગે છે. માટે ચકાસણી કરે છે. તેને ચકાસણી કરતા દૈવી પુરુષ હોય તેવી શંકા થઇ. માટે જ આટલુ તે મારુ ધ્યાન આપીને કરી રહ્યો છે. પેલા વૈદે પણ ઉપયોગ મુકી જાણ્યુ કે આને હવે ખબર પડી ગઇ છે. માટે તેની સાચી ઓળખાણ આપે છે. તારો જ ભાઇ હું મરીને દેવતા થયો છું. આગલા ભવમાં તને વચન આપેલુ તે પાળવા આવ્યો છું. તેને બધુ યાદ કરાવે છે પણ હજી યાદ નથી આવતું. વિચારમાં પડી ગયો છે. તેને હજી આવરણ ગાઢ છે. માટે પ્રબલ નિમિત્ત વગર યાદ નહી આવે. તેથી તેને વૈતાઢ્ય પર્વત પર લઇ જાય છે. સિધ્ધાયતન મંદિરમાં લઇ જઇ કુંડપથી યાદ કરાવે છે.

મારી સાથેની તારી શરત યાદ કર, આગલા ભવનો વિચાર કર, પ્રભુની વાણી યાદ કર. આમ ખુબ હેમરીંગ કરે છે. ત્યાં કર્મ ખસ્યુ હોવાથી ઉહાપો થાય છે, જેથી જાતિસ્મરણ થાય છે. આગલા ભવમાં હું દેવતા, પુરોહિત પુત્ર; પછી તો તેને વધુ જ ઉપસ્થીત થાય છે. સત્ય દેખાય છે. હવે હૃદય પલટો થવા માટે વેધક પરિસ્થિતિ ઉભી

થયેલી છે. કર્મનો જે તબક્કો હતો તે હવે પુરો થયો છે. નિકાચીત કર્મ પુરુ થયુ છે. હવે જે બાકી છે તે અનિકાચીત કર્મ છે. માટે દેવતાના અને તેના પુરુષાર્થથી ઉહાપો થવાથી ખ્યાલ આવ્યો છે કે મારા ભાઈએ આટલો મારા માટે પુરુષાર્થ કર્યા છતાં જવાનીમાં મારો સંસાર એળે ગયો. દેવતાના ભવમાં અપ્સરાઓથી ન ધરાયો તો અહિંયા માનવદેહમાં ફસાયો. હું તેમાં ક્યાં લપટાઈ ગયો? ઝાંઝવાના જળની માફક ફસાયો.

માટે ખુબ જ વૈરાગ્ય થવાથી મોક્ષાભિલાષ એટલો થાય છે કે હવે એક મિનિટ પણ આ સંસારમાં રહેવું નથી. આમ તો અંદર બધુ પડ્યુ છે. પરંતુ મહાપુરુષને પણ જો એક વખત ઉત્કૃષ્ટ કર્મ બંધાય તો પગ પછાડીને પણ પાછા પાડે. હવે આ જીવ સારા સદ્ગુરુ પાસે દીક્ષા લે છે. અને બીજ દિવસે અભિગ્રહ કરે છે કે મારે મરતાં સુધી હવે ઉત્તમ ગુરુભક્તિ, વૈયાવચ્ચ કરવી. હવે તેને ખબર છે કે ગુરુ પ્રત્યે અરૂચીથી કેવું કર્મ બંધાય છે. માટે ખુબ જ ગુરુભક્તિ કરી, સાધના કરી કાળ કરીને દેવલોકમાં જશે અને ત્યાંથી બીજા ભવમાં મહાત્મા થઈ સાધના કરી મોક્ષે ચાલ્યા જશે. આ ઉત્કૃષ્ટ વિઘ્નનો દાખલો છે. નાનામાં નાનુ પણ ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તો શું હાલત થાય.

આ જીવે જે રીતે કર્મ બાંધ્યુ તેવી રીતે કર્મ બાંધનારા અત્યારે કેટલા? ઘણા સાધુની નિંદા કરે, ઘસાતુ બોલે. અત્યારે ઘણાને સાધુઓ માટે હલકો અભિપ્રાય છે. પાછા કહેશે અહિંયા પણ સંસાર છે તેમ ત્યાં પણ તેમને સંસાર જ છે. શું બધા જ સાધુ શિથિલ છે? ભ્રષ્ટ છે, ખરાબ છે, ખામીવાળા છે? તમને બે ચારના અનુભવ થાય એટલે બધાને એક લાકડીએ મુકવાના? દુનિયામાં એકે ક્ષેત્ર એવું ખરુ કે બે પાંચ ટકા કડવા અનુભવ ન થયા હોય. બે પાંચ ડોક્ટરના કડવા અનુભવ થાય તો શું એમ કહેશો બધા ડોક્ટરો ખરાબ. અત્યારે ૫૦% ઓપરેશનો બીનજરૂરી થાય છે. પેશન્ટ પાસેથી બીન જરૂરી ચેકીંગની ફીઓ પડાવે છે. ન જરૂરી હોય તો પણ બધા ટેસ્ટીંગ કરાવે. જેમાં તેમને પણ કમીશન મળે. સારા કહેવાતા ડોક્ટરની પણ આ હાલત છે. છતાં ડોક્ટર સારા ને? અને પાછા ડોક્ટર કહેશે અમે સેવાનું કામ કરીએ છીએ. ડોક્ટરોને તમે

સમાજમાં દેવદુત માનો છો ને?

સભા:-વેપારીમાં પણ કડવા અનુભવ થાય છે.

સાહેબજી:- છતાં પણ વેપાર ચાલુ રાખો ને? કરોડોની હેરાફેરી ચાલુ રાખો ને? ખાલી બોલવાનું તો અહિંયા જ છે ને? હલકા અભિપ્રાય બાંધો, નિંદા કરો, તેમાં કેટલા કર્મો બાંધો છો. એક માટે પણ અભાવ એટલે સાધુ સંસ્થા માટે અરૂચી, સારા ગુરુ માટે પણ અરૂચી થઈ. સારા કાળમાં ગુરુ માટે જે બહુમાન હતુ તેના કરતાં પડતાં કાળમાં તો સારા ગુરુ માટે વધારે બહુમાન થવું જોઈએ. જ્યારે અત્યારે તમને ઉંધુ છે. આવું કેમ બન્યુ છે?

સભા:- ભારતમાં ભવ્ય સંસ્કૃતિ છે છતાં કેમ આમ બને છે?

સાહેબજી:- ભારતની ભવ્ય સંસ્કૃતિ ટકી છે? આતો કેવી વાત થઈ કે પોલીસ હતો જ નહી છતાં કહે પોલીસની હાજરીમાં ચોરી કેમ થઈ? અત્યારે તમારા ઘરમાં સંસ્કૃતિ મળે તેમ છે? એક ઘર એવું ખરૂ કે જે આર્ય સંસ્કૃતિ પ્રમાણે જીવતું હોય? આવી સરસ દવા હોવા છતાં રોગ કેમ થયો? પણ દવા ખાય તો રોગ જાય કે સરસ દવા હોવા માત્રથી રોગ જાય? ચોપડામાં લખેલ ભવ્ય, સંસ્કૃતિથી ઉધ્ધાર થઈ જાય? કે તમારા ઘરમાં સંસ્કૃતિ રાખી હોય તો ઉધ્ધાર થાય?

ઉત્કૃષ્ટ વિરાધનો જીવ બાંધી શકે તેવા ભય સ્થાનો બતાવવા જેવા છે. આ જગતમાં ઉંચા દેવ, ગુરુ ધર્મની સામગ્રી મળી છે. આરાધના કદાચ ઓછી થાય તેવું બને પણ તેનો અનાદર, અરૂચી, ઉપેક્ષા, અવગણના, હીલના ન જ થાય. તમને આવું નથી થતું તેમ નક્કી બોલી શકાય ખરૂ? કે પછી પ્રસંગ આવે સાતક્ષેત્ર માટે, સાધુ સંસ્થા માટે ન બોલવાનું બોલો છો ને? જેમ ઘણા શું કહે હવે દહેરાસરો ઘણા થયા છે, હવે નવાની જરૂર નથી. પણ બોલનારને ખબર છે કે આમ બોલીને કઈ વસ્તુની આશાતના કરે છે. તેનાથી કેવા કર્મ બંધાશે?

તમે દેવદ્રવ્યને ઓળખો છો? આ જગતમાં જેટલા સારા કાર્યો છે તેની મુળ આધાર શીલા કોણ છે? દેવદ્રવ્ય હશે તો જિનમંદિરોના નિર્માણ થશે. જિનમંદિરો હશે ત્યાં સાધુ, સંતો આવશે. જેનાથી જીનવાણીનું શ્રવણ થશે. સદ્ગુણોનો પ્રચાર થશે તો

ઉત્કૃષ્ટ, સારી વાતો હરીફાઈ તરીકે પણ ટકશે. માટે આ જગતમાં જે પણ સારુ છે તેની આધાર શીલા દેવદ્રવ્ય છે. આમ અમે પરિગ્રહને પાપ કહીએ છીએ છતાં દેવદ્રવ્યના શ્રાવકે દર્શન કરવા-જે પવિત્ર છે. શાસનની આધાર શીલા છે. જેથી શાસન અડીખમ ટકશે. શાસનની મુખ્ય વીક દેવદ્રવ્ય જ છે.

દેવદ્રવ્યની વ્યાખ્યા શું? ઉપયોગ શું? લાભ શું? ખબર હોય નહીં ને સર્ટીફીકેટ બાંધી છે કે દેવદ્રવ્ય ઘણું છે. હવે જરૂર નથી. બીજુ બધુ ઉભુ કરો. સાધર્મિક ભક્તિમાં વાપરવા જેવું છે. હા, સાધર્મિક ભક્તિમાં વાપરવા જેવુ છે પણ તમારે કટ ક્યાં કરવું છે? આજ ફીગ મળ્યું? તમારા મોજ શોખ ઓછા કરીને બોલશો ખરા? માટે પેટમાં ક્યાં દુઃખે છે? જેમ મોટો મહોત્સવ થાય તો ૨૫ લાખ ખરચાય તો શું કહેશો કે આટલા સાધર્મિકો ભુખે મરે છે ને આવા આડંબરોમાં પૈસા ખરચવાના?

ઉપધાન થાય, ઉજમણા થાય, સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રના અધ્યાત્મિક અનુષ્ઠાનોની સરખામણી માનવતાના કામ સાથે કરો છો. માટે ઉંચી વસ્તુની સરખામણી નીચલી વસ્તુ સાથે કરી છે.

સાધુને માલપાણી વહોરાવો ત્યારે કહે કે આટલા ગરીબો ભુખ્યા રહે છે ને સાધુને માલપાણી વહોરાવો છો? એટલે સાધુને તમે સામાન્ય ભિખારી સાથે સરખાવો છો. છેલ્લાને પહેલાં સાથે સરખાવો તેમ કેમ ચાલે?

સભાઃ- સતી દેવદ્રવ્ય

સાહેબજીઃ- તદન ખોટી વાત છે. શાસ્ત્ર ફરીએ અર્થ શું થાય? મારો અર્થ સાચો તેનો મારે દાવો કરવો નથી. પણ મતભેદ પડે ત્યારે પક્ષપાતી લેવાના અભિપ્રાય લેવાના નહી પણ તટસ્થતાથી સત્યનું મુલ્યાંકન કરે તેવા જૈનેતર વિદ્વાન સાથે પ્રામાણિક વ્યક્તિ હોય જે કોઈનાથી ખરીદાય તેવો ન હોય તેને પુછો. અમે અમારો અર્થ સાચો છે તેમ દાવો કરતા નથી.

મારુ એ સાચુ નહીં પણ સાચુ એ મારુ એજ ન્યાયથી અમે જૈનધર્મ સ્વીકાર્યો છે.

શ્વેતાંબર, દીગંબરમાં મતભેદ છે. જો કોઈ સમજાવી આપે કે દીગંબર સાચો તો હમણાં અમે આને તિલાંજલી આપીએ. સંસાર આખો, કુટુંબ, પરિવાર, સત્તા સંપત્તિ બધુ છોડ્યુ ત્યાં વગર કારણે અસત્યનું મમત્વ શું કામ કરવાનું? અમે તો જાહેરમાં કહીએ છીએ કે અમે જે બોલીએ છીએ તેમાં ભુલ હોય તો નાનામાં નાનો માણસ પણ અમને સમજાવવા આવશે તો સમજવા તૈયાર છીએ. અમે પણ છદ્મસ્થ છીએ." અજ્ઞાનતાથી ભુલ થઈ શકે છે. ધ્યાન દોરવાની જવાબદારી ખરી. પણ ધ્યાન દોરવાથી ચઢી બેસે તે ચાલે નહીં. દીગંબર આવે તો કહીએ કે વસ્ત્રની વાત ખોટી છે તે સમજાવી આપ. વસ્ત્ર સાથે ધર્મ હોય નહીં ને નગ્નતામાં જ ધર્મ છે તે સમજાવી આપ. અમે હમણાં છોડી દઈશું. કુટુંબ, પરિવાર, સત્તા બધુ છોડ્યુ તો શું બે કપડામાં અમારો જીવ ભરાઈ જશે. માટે પહેલાં પુરવાર કરો પણ એમને એમ ચઢી બેસે તે ન ચાલે. સામેથી અમારી આ પ્રસ્તાવના છે.

અમારી ભુલ હોય તો સમજાવે, પણ અમે સાચુ કહીએ તો અકળાવવાનું પણ નહીં. સાચુ કહીએને ખોટુ લાગે. મોઢુ ચઢે, ખોટુ લાગે, સાંભળવાની તૈયારી નહીં તે કેમ ચાલે? વચમાં કોઈએ શ્રીમદ્ માટે પ્રશ્ન પુછેલો. તે વખતથી જ સમીક્ષા સાંભળીને તે ભાઈ આવતા બંધ થઈ ગયા. અમને એ વ્યક્તિ પ્રત્યે કાંઈ દ્વેષ નથી. પણ તેમનું આટલું સાચુ અને આટલું ખોટુ તે પુરાવા ને દાખલા આપી સમજાવીએ છતાં ખોટું લાગે તો કેમ ચાલે? ભગવાને કહ્યુ છે કે આવા માણસોને તો ધર્મ સંભળાવવો નહીં.

તમે તમારા જીવનમાં સાચુ શું ખોટુ શું ન સમજી શકો ને અસત્યને પકડશો તો કદાચ એટલુ નુકશાન નહીં થાય પણ ખોટાની પકડ ન હોવી જોઈએ. ફલાણાં આમ, કહે છે, આ આમ કહે છે. અને ખોટાની આગ્રહ, કદાગ્રહ રાખશો તો તેને તરવાનો કોઈ જ આરો નથી.

<u>કદાગ્રહવાળો ગમે ત્યાં હશે તો પણ તે મોક્ષમાર્ગની બહાર છે.</u>

સભા:- સાચી વાતની પકડ ચાલે?

સાહેબજી:- સાચી વાતની પણ પકડ ન ચાલે.

ખોટાનો સદાગ્રહ સારો પણ
સાચાનો કદાગ્રહ ખરાબ.

તમને જૈનમાં પણ શ્વેતાંબર દેરાવાસી ધર્મ મળ્યો છે. હવે પ્રસંગ આવે સામે દિગંબરની વાત આવે ત્યારે ખંડન કરે ત્યારે આ સાચુ કેમ છે? તે ખબર ન હોય આ ખોટું કેમ છે તેની પણ ખબર ન હોય પણ અહિંયા જન્મ્યો છે માટે આ સાચુ. અને પેલુ ખોટુ. એમ માનીને જે મમતાથી પકડે તો ખોટુ.

સમજુને પ્રામાણિકતાથી સાચી પકડ હોય પણ કદાચ તેને ખબર પડે કે આમાં કઇંક ભુલ થાય છે પણ સમજવાની તૈયારી ન હોય અને મમત્વથી જૈન ધર્મને, ગચ્છને, ગુરુને પકડે છે તે બધા કદાગ્રહી છે.

તે આભિગ્રહીક મિથ્યાત્વ છે.

તે જીવોનો મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી. માટે પહેલાં સરળતા, તટસ્થતા, સત્યના શોધક બનો. તમને ઉંચામા ઉંચી ક્વોલીટીનું શાસન મળ્યુ છે તેને પ્રમાણિકતાથી ઓળખતા બનો. તો જ આત્મ કલ્યાણ કરી શકશો. અત્યારે ઘણી વસ્તુમાં પરસ્પર વાદવિવાદ ચાલે છે. પરંતુ બધી બાજુથી વિચારી તટસ્થતાથી સમજુને પ્રમાણિકતાથી મુલ્યાંકન કરજો. ન સમજો ત્યાં સુધી બન્ને બાજુ સમાન રાખ જોઇએ. અને જ્યારે સાચુ પકડાય પછી તેને મરતાં સુધી પકડી રાખવાનું છે.

દેવદ્રવ્યનો આ અર્થ થાય. એમ અમે તટસ્થતાથી પ્રમાણિકતાથી કહીએ છીએ છતાં બરાબર ન લાગે તો જૈનેતર વિદ્વાનને પુછી જુઓ.

સભા:- દેવદ્રવ્યથી પૂજા થાય?

સાહેબજી:- અપવાદે થાય. પણ ઉત્સર્ગથી ન જ થાય. અત્યારે શું થાય છે કે વાતને એવી ચોપીને ચીકણી કરવામાં આવે છે કે મમત્વના કારણે સત્ય ભુસાઇ જાય. જેના કારણે ભોળા લોકો તેમાં લેવાઇ જાય. વગર કારણે ખોટાના પ્રચાર દ્વારા કુતર્કોથી શાસનને ડોખે તેને એવા કર્મ બંધાશે કે તમે કલ્પના પણ નહીં કરી શકો. ઉદયમાં આવશે ત્યારે શું હાલ હવાલ થશે.

અમને તો કોઇના પ્રત્યે દ્વેષ નથી. સારી વાતોનું બહુમાન છે. પ્રસંગે પ્રસંશા

કરી સમર્પણ પણ આપીએ છીએ. અરે ભગવાને એટલે સુધી કહ્યુ છે કે નાસ્તીકની પણ સારી અને સાચી વાત હોય તો વિરોધ કરવો નહી. માટે જો અમે તેનું ખંડન કરીએ તો તે શાસનનું જ ખંડન છે. સત્યનું ખંડન છે. પણ ઉન્માર્ગથી એક વસ્તુ સ્થપાતી હોય તો કહેવું પડે કે આ ઉન્માર્ગ છે. તેમાં કોઇને ખોટુ લાગી જશે તો શું મારે સત્યને છુપાવી દેવુ? ખોટુ ન લાગે, વાદવિવાદ ન થાય તે માટે હામાં હા ભણાવવી? અત્યારે તમારી શું માન્યતા છે? એકતા કરો, પણ સત્ય ખાતર વિરોધ ન કરો તો દોષ છે. અને સત્ય ખાતર ઝઘડો કરો તો શાસ્ત્રમાં દોષ કહ્યો નથી. હા, એટલુ ચોક્કસ અમારે વિનજરૂરી ઝઘડો ઉભો કરવો નથી. પણ જરૂર પડે ખંડન કરવું જ પડે.

ભગવાન મહાવીર સામે ગોશાળો ગુસ્સે થયો ત્યારે ભગવાન શું કહે છે? વિતરાગ છે છતાં સત્ય છોડતાં નથી. અને ઝઘડા ન થાય તે માટે જો સત્યને તે છોડે તો દોષ છે.

કોઇ આવીને એમ કહે કે આત્મા નથી, પુણ્ય નથી, પાપ નથી, પરલોક નથી આમ કહે એટલે શું હું સ્વીકારી લઉં? અપેક્ષાએ વાત સાચી છે તેમ કહી તેને થાબડીને બેસાડું. અને જો ખોટુ કહુ તો ઝઘડો થાય. ધર્મની સ્થાપના કરવા માટે અધર્મ સાથે ઝઘડો થવાનો જ. સત્ય પકડવું છે તેને અસત્ય સાથે ઝઘડો થશે, થશેને થશે જ. બધા સાથે એમ સમજ, સમન્વય, એકતા કરો તો શું થાય? બાંધછોડમાં સત્ય જતું કરવાનું જ આવે. ધર્મના ક્ષેત્રમાં અંગત રાગ-દ્વેષ રાખવાના નથી. જો અંગત રાગ-દ્વેષ રાખીને ઝઘડશો તો પાયમાલ થઇ જશો. સંસારમાં તેને દફનાવીને જ આવજો.

ફલાણા સાધુ આમ બોલે છે પણ તે કયા પક્ષના છે? આ પક્ષના છે માટે બોલે છે તે ખોટુ. અને આમના સાધુ છે ને બોલે છે માટે સાચુ. કોઇએ કહ્યુ તમારો શું અભિપ્રાય છે? મહાવીર કહે છે માટે સાચુ નથી માનતા, પણ મહાવીર કહે છે તે સાચુ છે માટે મહાવીરને માનું છું. ગુરુ બોલે છે માટે ~~સાચું છું~~ સાચુ તેમ નહી પણ સાચુ ગુરુ બોલે છે માટે માનુ છું. અમે તો તટસ્થતાથી બોલવા માંગીએ છીએ.

કોઇ કહે દિગંબર ખોટા છે. શ્વેતાંબર સાચા છે. હા, જે દિવસે શ્વેતાંબર

ખોટા લાગશે તે દિવસે અમે અહિંયા નહી બેઠા હોઈએ. અત્યારે અહી જે બેઠો છુ તે જ પુરાવો છે કે શ્વેતાંબર સાચો લાગે છે. દુનિયા કહે તમે જ સાચા. ના, અમને જે સાચુ લાગે છે તેને જ અમે પકડ્યુ છે. કદાગ્રહ કરવાનો નથી.

કદાગ્રહ જેવો કોઈ ભયંકર દુર્ગુણ નથી અને
સદાગ્રહ જેવો કોઈ સદ્ગુણ નથી

માટે પ્રસંગ આવે સત્યના ખપી, શોધક બનજો. સાધુ સંસ્થામાં અત્યારે પ્રશ્નો છે. પરંતુ અમે નીખાલસતાથી જાહેરમાં કહીએ છીએ, શિથીલાચાર, મતભેદો, સિધ્ધાંત વિરુધ્ધ ઉભી થાય તેવી પરિસ્થિતિઓ છે. માટે અમારે ભલામણ કરવી પડે છે કે સાચા સદ્ગુરુને ઓળખી પકડો, પણ બધાને નિંદી ન નાંખશો.

હા બે પાંચ દહેરાસર કદાચ ક્યાંક જરૂરી ન હોય અને ઉભા થયા હોય તો તેટલા માત્રથી આખા દેવદ્રવ્યને નિંદી નાંખવાનું? તેનું ઘસાતુ બોલશો તો કેવા કર્મ બાંધશો? એટેસ્ફોટ આરાધનાના અનુષ્ઠાનો કેવી રીતે કાપી નાંખો છો કે આમ કરવું જોઈએ, આમ તો કરાય નહીં. જૈન શાસ્ત્રનો કક્કાનો ક જાણતા હોવ નહી ને શિખામણ આપવા બેસી જાઓ. સાધુઓએ પણ આમ કહેવું ન જોઈએ, આમ કરવું ન જોઈએ. આખા ગામનું ગુરુપદ તમને સોંપ્યું છે? શાસ્ત્રો ભણ્યા છો? આવુ બોલીને કેવા કર્મો બાંધો છો ખબર છે? પુરોહિત પુત્રે જે કર્મ બાંધ્યુ તે તો કાંઈ નથી. પણ આનાથી તો લાખો કરોડો ભવ સુધી ધર્મ મળે નહીં, અને મળે તો ધર્મ ગમે નહીં. તેને તો દુનિયામાં રખડવાનું ફિક્સ થઈ જાય. ઉત્કૃષ્ટ વિઘ્નની અસર જે આવે તે વખતે ખુબ જ સાવધાન રહેવું પડે.

આખુ જીવન ઓછો વત્તો ધર્મ થાય તો ચાલે પણ ઉત્કૃષ્ટ વિઘ્નના તો નવા કર્મ ન જ બંધાવા જોઈએ. આરાધના કરી પાર પામી જવા ધર્મનુ ક્ષેત્ર છે.

ધર્મનું ક્ષેત્ર તરવાનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાધન છે. તેમ
ધર્મનું ક્ષેત્ર ડુબવાનું પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાધન છે.

આ શાસન પામીને અનંતા તર્યા છે. અને આ શાસન પામીને અનંતા ડુબ્યા છે.

તીવ્રમાં તીવ્ર કર્મથી છુટવાનું આ સાધન છે તેમ

તીવ્રમાં તીવ્ર કર્મને બાંધવાનુ પણ આ સાધન છે.
ઉંચા પાપ બાંધવા ધર્મનું ક્ષેત્ર સાધન છે.
ઉંચા પુણ્ય બાંધવા પણ ધર્મનું ક્ષેત્ર સાધન છે.
કર્મનો ક્ષય કરવા ધર્મનું ક્ષેત્ર છે.
કર્મનો બંધ કરવા પણ ધર્મનું ક્ષેત્ર છે.

સભા:- સંસારમાં નહીં?

સાહેબજી:- સંસારમાં પૂજા કરે તો કોની કરે? અહિંયા તો ભગવાન મહાવીરની પૂજા કરશો. માટે પુણ્ય અને પાપબંધમાં તફાવત પડશે જ. જેટલી વ્યક્તિ ઉંચી, પવિત્ર તેટલો પાપ, પુણ્યબંધ ઉંચો. માટે આ ક્ષેત્રમાં આવનારે બુધ્ધિ ઠેકાણે રાખવાની છે.

તમારે કરોડો નફો ક્યારે થાય?

કાંઈ મીઠા-મરચાના વેપારમાં થાય? તેમ મોટુ નુકશાન પણ શેમાં થાય!

માટે તમે ધારો તો આ ક્ષેત્રને તારક પણ બનાવી શકો છો અને ધારો તો મારક પણ બનાવી શકો છો.

પુરોહિત પુત્રે આખો સંસાર છોડ્યો, ગુરુભક્તિ પણ કેવી કરી, બહુમાન પણ કેટલું છે. પણ એક અરુચિ થઈ તેમાં કેવું ભોગવાનું આવ્યુ!

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

તા ૨૯-૯-૯૫ ગોવાળિયા ટેંક.
ગુરુવાર
આસો સુદ ચોથ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ સર્વ જીવોના અજ્ઞાનને સમ્યક્ત્વનો બોધિ કરનાર ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ જૈન શાસનમાં આરાધનાના માર્ગમાં આત્મતત્વનો અનુપમ મહિમા છે. પણ આત્માને અવરોધક તત્વ કર્મ છે. જેના કારણે જ આત્મા અનંત અનંત કાળથી રખડે છે. કર્મ જ્યારે બંધાય ત્યારે ખ્યાલ નથી આવતો. જેમ તમારા શરીરમાં રોગ ક્યારે, ક્યાં પેદા થયો, અને તેના કેવા નુકશાન થશે તેનો પહેલેથી ખ્યાલ આવતો નથી. ૨૪ કલાક શરીર સાથે રહીએ છીએ. તેના પર એટલુ તાદાત્મ્ય કેળવ્યું છે, પણ અંદર શું થઇ રહ્યુ છે તેનો જરાપણ ખ્યાલ નથી આવતો. કારણ અજ્ઞાન દશા છે.

તેમ આત્માને કયું કર્મ ક્યારે બંધાયુ, કેવુ ભયંકર, કેવુ સામાન્ય કર્મ બંધાયુ તેનો ખ્યાલ નથી આવતો. માટે કર્મવાદનું જ્ઞાન અતિ આવશ્યક છે. કર્મ બંધાતા વખતે ઘણી જ સાવચેતી માંગે છે. માટે કહ્યુ છે ને કે "<u>બંધ સમયે જીવ ચેત, ઉદયે સો સંતાપ</u>". પુરેપુરી સાવધાની કર્મ બંધાતા સમયે ખાસ રાખવાની છે. બંધ કેવી રીતે થાય છે, તે સાંગોપાંગ રીતે સમજો તો જીવનના દરેક ક્ષણે ખબર પડે કે આપણે ક્યાં ક્યાં સાવચેતી રાખવાની છે.

હવે ત્રણે પ્રકારના વિઘ્નો આવે છે તેમાં મુખ્યતાએ મોહનીય કર્મ અને મિથ્યાત્વની પ્રબળતાથી આવે છે. તે કર્મો કઇ રીતે બંધાય છે તેની સાવધાની હોય તો હવે ભવિષ્યમાં આવા વિઘ્નો ન આવે. જે મનોદશાથી આ કર્મો બંધાય છે તેનો ત્યાગ કરી લઇએ તો ભવિષ્યકાળમાં વિઘ્નો ન આવે.

અત્યારે ભૂતકાળના કર્મોના હિસાબે, પુણ્ય કાચુ લઇને આવ્યા છીએ માટે જ ઉંડા અવસર્પિણીમાં, આવા દેશકાળમાં જન્મ થયો છે. સાક્ષાત તીર્થંકર, કેવળી, અવધિજ્ઞાની કોઇ આપણને ઉપલબ્ધ થયા નથી. પણ સાથે થોડુ પુણ્ય પણ બાંધેલું માટે ઉત્તમ મનુષ્યભવ, આર્યકુળ, જૈનધર્મ, દેવ, ગુરુ, ધર્મનો યોગ તેવી સામગ્રી મળી. પરંતુ સાથે

પુણ્ય પણ ઘણું છે કારણ ગયા ભવમાં જ્યારે આ કર્મ બાંધ્યું ત્યારે શુભ ભાવના પરિણામ કાચા હતા. માટે કાચી સામગ્રી મળી.

પરંતુ હવે ઉત્તમ સામગ્રી અપાવે તેવું પુણ્ય બાંધવાનો પ્રયત્ન કરવાનો. અત્યારે ભલે વિઘ્નો આવે પણ ભવિષ્યમાં આવા વિઘ્નો ન આવે તેની બાજી તમારા હાથમાં છે. સંસારમાં એવી રીતે જીવો, અને ધર્મના ક્ષેત્રમાં પણ એવી રીતે પરિણામ સાથે પ્રવૃત્તિ કરો કે ધર્મમાં અંતરાય કરે તેવા કર્મ ન બંધાય. કર્મ ન જ બંધાય તેમ તો નથી કહેતો. મહાત્માને છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે પણ કર્મ તો બંધાય છે તો પછી સંસારીને તો બંધાવાના જ. ૨૪ કલાક સાતે સાત કર્મ બંધાય છે. એક ક્ષણ પણ બંધ વગર જતી નથી.

સભાઃ- તેને અટકાવવા શું કરવાનું?

સાહેબજીઃ- એટેસ્ટ્રોક ન અટકાવી શકીએ. પણ શું કરવાનું કે ભારેકર્મના બંધ ન થાય તે જોવાનું. ભગવાને દીક્ષા લીધા પછી પણ તેમને ૨૪ કલાક કર્મ બંધાતા હતા. આપણે ત્યાં બંધ બે પ્રકારના છે. (૧) જોખમી બંધ (૨) જોખમ વગરના બંધ.

જોખમ વગરના બંધ કરોડો વર્ષ ચાલે તેટલા બંધાય તો પણ ચિંતા નથી. ભગવાનને દીક્ષા પછી પણ કરોડો ભવ ચાલે તેટલા કર્મો બંધાતા હતા પણ જોખમ નહોતું. તેને એક કાગળના પત્તાની જેમ કાઢી શકાય. પરંતુ મજબુત બાંધે તો હાલત ખરાબ થાય.

ધર્મમાં વિઘ્નો કરે તેવા કર્મ બધા ભારેખમ જ હોય. અસંખ્ય પ્રકારના કર્મો આત્મા પર હોય, પણ મંદ કક્ષાના હોય તેને જરા પુરુષાર્થથી વિખરાવી શકીએ, આઘાપાછા કરી શકીએ. જઘન્ય વિઘ્ન પણ સામાન્ય કર્મથી આવતા નથી. મધ્યમ અને ઉત્કૃષ્ટનો તો સવાલ જ નથી. આ બધા વિઘ્નોથી જે આત્મા મુક્ત થયો તેની ભવિષ્યની સાધના નિર્વિઘ્ન થઈ જાય. આપણે કર્મમાં આઠ કર્મ કહીએ છીએ. તેમાં દરેક કર્મ પોતાની અસર, ખાસિયત ધરાવે છે. તેમાં મુખ્ય વિભાજન બે છે.

ઘાતિકર્મ અને અઘાતિકર્મ.

ઘાતિકર્મનું કામ શું? આત્માની શક્તિ અને તેનાથી પેદા થતાં ગુણોનો ઘાત કરવો.

જેમ જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનની શક્તિને કુંઠીત કરે
દર્શન મોહનીય કર્મ વિવેક શક્તિનો નાશ કરે.
અંતરાય કર્મ પુરુષાર્થ આદિ શક્તિનો નાશ કરે.

હવે અઘાતી કર્મ છે - તેનું શું કામ? તેઓ સીધી આત્મા પર અસર કરતા નથી. પણ તે જડ પદાર્થ દ્વારા અસર કરે છે. જડ દ્વારા આત્મા પર વિકૃતિ પેદા કરશે. જેમ આયુષ્ય કર્મનું કામ શું? આત્માને ખોળીયામાં ટકાવી રાખવાનું. તેમ ગોત્રકર્મનું કામ શું? તમને આનુવંશીક વારસો સારો કે ખરાબ આપવો તે, ગોત્રકર્મનું કામ છે. જેમ કોઈ વ્યક્તિ ઉચ્ચકુળમાં જન્મે પછી ભલે તે કુટુંબ ગરીબ થાય પણ તેનો જન્મ તો ઉચ્ચકુળમાં જ ગણાય. તેમ ઘણી વખત હલકા કુળમાં જન્મ થાય. પણ તે વૈભવશાળી હોય છતાં પણ કહેવાશે શું કે હલકા કુળમાં જન્મ થયો છે. કુળનો લોહીના વારસા સાથે સંબંધ છે. હલકા કુળમાં પણ ધર્માત્મા હોય તો તેનું ગોત્ર તો નીચગોત્ર જ કહેવાય છે. તેમ ઉચ્ચ ગોત્રમાં બદમાશ હશે તો પણ તેનું ગોત્ર તો ઉંચુ જ કહેવાશે. તમારા શરીરમાં આનુવંશીક વારસો સારો કે ખરાબ આપવો તે તેનું કામ છે.

જેમ દેવાનંદા અને ઋષભદાસ તેઓ બ્રાહ્મણ છે. જો કે બ્રાહ્મણકુળ અપેક્ષાએ ઉચ્ચકુળ છે. પણ તીર્થંકરના જન્મ માટે યોગ્ય કુળ નથી. આ બ્રાહ્મણ છે પણ સામાન્ય નથી. તેમને ત્યાં સોનાના સિંહાસન હતા, સોનાના બાજોટો હતા. કાંઈ ભીખ માગીને ફરનારા નહોતા. મહાવૈભવશાળી હતા. તમારે ટેબલ, ખુરશી શેની હોય? અત્યારે તો તમને લાકડુ પણ પોષાય તેમ નથી. માટે જ નેતરવે સપીયાની આવી ગઈને? દેવાનંદા જે શૈયામાં સૂતા હતા તેનુ વર્ણન વાંચો તો ખબર પડે. તેમના શયનરૂમ પણ કેવા હતા, તમે તો જન્માનારામાં જોયા નહીં હોય. વૈભવ નીચકુળનો છે. પણ વારસાની દ્રષ્ટીએ તીર્થંકરને યોગ્ય ગોત્ર નથી.

તમારા બાપદાદાની જે લાક્ષણીકતા હોય છે તે વારસામાં ઉતરે છે. કોઈક લાક્ષણીકતા બાપની હોય કે કોઈક દાદાની હોય કે કોઈક માની હોય. પણ આવે તો કુળ-વંશમાંથી જ આવે. માટે ગોત્રકર્મની અસર પ્રત્યક્ષ દેખાય છે. જેમ ઈન્ડીયન બાળક નીગ્રોને ત્યાં જન્મે ખરો? અને ઈન્ડિયનને ત્યાં નીગ્રો બાળક જન્મે ખરો?

ઇન્ટરકાસ્ટ મેરેજ કરે તો જુદી વાત. નીગ્રોના બાપડને કાળી ચામડી, વાંકડીયાવાળ, હોઠ જાડા જ આવવાના. માટે શરીર પર પણ વારસાની કેટલી અસર છે. મન અને પ્રકૃતિ પર તો અસર પડે જ છે. માટે ગોત્રકર્મને સ્વતંત્ર કર્મ માન્યુ છે.

તેની જેમ નામકર્મનું શું કામ? તમને બધી રીતના લેબલ લગાડવા તેના માટે નિમિત્તો ઉભા કરી આપવા. એક રૂપાળો, એક કાળો, એક લાંબો, ટુંકો આ બધામાં કોનો પ્રભાવ છે? નામ કર્મનો. આમ તો બધા આત્મા સરખા છે તેમ કાગળ પણ બધા સરખા છે. પણ એક કાગળ ચિત્રકારને આપે તો કેવું સરસ ચિત્ર બનાવે. જ્યારે બીજો કાગળ સામાન્ય માણસને આપો તો કેવા લીટોડા પાડે. તેની જેમ ચિતારાની માફક તે કામ કરે છે. તમને યશ, કીર્તિ, સૌભાગ્ય, કંઇ પણ મળે તે બધામાં નામકર્મ જવાબદાર છે. જેમ પંચેન્દ્રિય કહેવાઓ છો, માણસ કહેવાઓ છો, તે બધામાં નામકર્મ જવાબદાર છે. બાહ્ય શરીર સાથે જોડાયેલા આકારો, બધામાંજ નામકર્મ જવાબદાર છે. સંસારમાં રાજા, મહારાજા, શેઠ બધી પોસ્ટ મળે તેમાં પણ નામકર્મ જવાબદાર છે. તમે ભૌતિક દુનિયામાં કઇ રીતે સંકળાયેલા છો તે બધાની અસરો, વિપાકો તેમાં નામકર્મની અસર છે.

હવે વેદનીયકર્મનું કામ શું? :- તમારા જીવનમાં સુખ અને દુઃખનુ વેદન કરાવવું અને તેની સામગ્રી આપવી તે તેનું કામ છે. જેમ તમને શ્રીમંતાઇ મળી, શાતા વેદનીય કર્મ તેમાં કારણ છે. જેમ તમને દિકરા મનગમતા મળ્યા. ઘણાને તો શું મળ્યા જ નથી. વાંઝીયા ફરે છે. જ્યારે ઘણાને મળ્યા તો માથું ફોડે તેવા મળ્યા કારણ અશાતા વેદનીય છે. શાતા વેદનીય પણ અસંખ્ય પ્રકારના છે. સુખ-દુઃખની અનુકુળ, પ્રતિકુળ સામગ્રી મળે તેમાં શાતા- અશાતા વેદનીય કારણ છે.

જડ જગતમાં અનુકુળ મળે કે પ્રતિકુળ મળે તેમાં કર્મનો ઉદય માનવો જ પડે. કર્મના ઉદય વગર જડ વસ્તુનો સંયોગ થાય નહીં. ચેતન એવા આત્માનો જડ સાથે સંયોગ કર્મના ઉદયથી જ થાય છે. નાનામાં નાની અનુકુળતા પણ જો ન મળે તો અશાતાવેદનીય ઉદયમાં છે. અને અનુકુળતા નાનામાં નાની પણ મળે તો શાતાવેદનીય ઉદયમાં છે.

અત્યારે આત્મા પર લાખો પ્રકારના શુભ કર્મનો ઉદય છે. સાથે લાખો પ્રકારના અશુભ કર્મનો ઉદય છે. માટે ઘણાને ન ધારેલું મળ્યુ છે અને ધારેલું મળ્યુ નથી. અત્યારે તમારી જે અવસ્થા દેખાય છે તેમાં અનેક પ્રકારના કર્મોની અસર કારણ છે.

આમ મૂળથી આત્મા સરખા છે. આત્મા અનંત શક્તિ, અનંત જ્ઞાન, અનંત ગુણનો ધણી છતાં બધા જુદા સ્વરૂપે છે. દરેક વ્યક્તિનું જે સ્વરૂપ દેખાય છે તેમાં કારણ કર્મ છે. જેમ જ્ઞાનમાં પણ દરેકને જુદા જુદા સત્તર પ્રશ્નો હોય છે. માટે સંસારની દરેક પ્રવૃત્તિમાં ઘાતિકર્મોનો ક્ષયોપશમ જોઈએ અને અઘાતિનો ઉદય જોઈએ.

જેમ પૈસા મળ્યા તો લાભાન્તરાયનો ક્ષયોપશમ જોઈએ અને શાતા વેદનીયનો ઉદય જોઈએ. જેમ પૈસાથી મેવા-મીઠાઈ ભોગ મળ્યા પણ તે ખાઈ શકો, ભોગવી શકો તેના માટે ભોગાન્તરાયનો ક્ષયોપશમ જોઈએ. અને સાથે સારી હોજરી, શુભ જોઈએ. તૈજસ નામકર્મનો ઉદય જોઈએ. તમે અત્યારે હાલો, ચાલો, વિચારો કાંઈ પણ કરો તેમાં કર્મની અસર છે. એક આંગળી હલાવો તેમાં પણ કર્મની અસર છે.

કોઈ વસ્તુને આંખથી જુઓ તેમાં પણ કર્મનો ઉદય છે. અર્થાત તમારા જીવનનું કોઈ પાસુ એવું નથી કે જેમાં કર્મની અસર ન હોય. પાછુ ખાલી એકલુ કર્મ જ ભાગ ભજવે છે તેવું નથી. પણ સાથે બીજા ફેક્ટર પણ કામ કરે છે.

તમારે જીવનમાં એવી ટેવ પાડવી જોઈએ કે કંઈ પણ બને તો તેમાં ખ્યાલ આવવો જોઈએ કે આ કયા કર્મની અસર છે. અને આ કર્મ બંધાયુ કઈ રીતે. કોઈ દિવસ આવો વિચાર આવે છે ખરો?

સભા:- કર્મનો ઉદય છે માટે અમને એવા વિચાર આવતા નથી.

સાહેબજી:- કર્મનો ઉદય સાથે ખરો પણ મુખ્ય તો તે ન આવવામાં તમે જ કારણ છો. તમને જડતા ગમે છે માટે જ જડભગત થઈને ફરો છો. તમને જીવનમાં ભૌતિક લાભ દેખાય ત્યાં વિચારશીલતા આવી જાય છે. પણ તમે બધે વિચારશીલ બની-જાઓ તો કામ થઈ જાય. જેમ પેટમાં દુઃખે છે ત્યારે વિચાર આવે છે ખરો કે કયા કર્મના ઉદયથી આ થયુ છે. અને તે કર્મ બંધાયુ કઈ રીતે.

સભા:- ખોરાકથી.

સાહેબજી:- તમને જે ખવડાવીએ તે જ બીજાને ખવડાવીએ તો તેને કાંઇ ન થાય. તમારાથી તે જ વસ્તુ ડબ્બલ ખાય તોય પચી જાય. હા તમે એવું ખાધુ માટે પેટમાં દુ:ખ્યુ પણ બીજાને તેનાથી નથી દુ:ખતુ તેમાં પણ કાંઇક કારણ છે? માટે ખાલી ખોરાકને કારણ ન મનાય. કર્મને માનવું જ પડે.

માટે સંસારની દરેક પ્રવૃત્તિમાં દેખાવવું જોઇએ કે આવા પરિણામોના કારણે બાંધેલા કર્મોથી કુટાઉ છું. તો જ ભાન આવશે. પરંતુ અત્યારે અંદરમાં અવલોકન નથી. તમને પૈસા મળે ત્યારે તમારી ખાલી હોશિયારી યાદ આવે ને? કે લાભાંતરાયનો ક્ષયોપશમ છે તે યાદ આવે? મેં કોઇને લુતકાળમાં શાતા આપવાનો પ્રયત્ન કર્યો હશે માટે મને મળ્યુ છે. અને જ્યારે પૈસા જાય ત્યારે એમ થવુ જોઇએ કે મેં કોકને પૈસા મેળવવામાં નુકશાન થાય તેવો પ્રયત્ન કર્યો હશે. તમારા કોઇ વિરોધીના પૈસા જાય ત્યારે તમને શું થાય? એ જ લાગનો હતો. માટે અંદર શું ભાવ થયો કે તે ગરીબ થાય તો સારુ. આ ભાવના કારણે કેવું કર્મ બંધાય કે ભવિષ્યમાં તમારુ કહેવાતુ, તમારા હકનું જાય. કારણ તે વખતે ભાવ કેવો છે.

જેમ જ્યારે તમારા પાંચ, પચ્ચીસ જાય ત્યારે અથવા કાંઇ ખોવાઇ જાય ત્યારે વિચારવું જોઇએ કે મેં કોકના માટે આવું વિચાર્યુ હશે માટે તે કર્મ ઉદયમાં આવ્યું છે. તમારી પાસેથી ટ્રેનમાં કદાચ ટીકીટ ચેકર પ૦ રૂ. વધારે લે તો એ વખતે તો આપી દો. પણ પછી શું બોલો? સાલો બદમાશ છે. ચોર છે. પ૦ રૂ જાય તો પણ તમારી આંતરડી કકડે અને બીજાના ગમે તેટલા જાય તો વાંધો નહીં ને?

એકે એક પ્રવૃત્તિનું સમીકરણ હોય તો સાવધાન થઇ જવાશે. તમારી ઇચ્છાથી કોઇ ડુબી જવાનું નથી. તેનો જો પુણ્યોદય હશે તો તેનો સિતારો તો ચમકતો રહેશે. માટે ખોટા ખોટા મીનીંગ વગરના ભાવોથી જેમાં કાંઇ લેવાદેવા નથી તેનાથી જ ૯૯% તમે કર્મ બાંધો છો. કારણ અંદર તમને બળતરા ચાલુ જ હોય છે.

જેમ ઘરમાં બીજાની સાડી કે કોઇ વસ્તુ સારી હોય તો પહેરી લઉ. બીજાનું ઇચ્છા વગર વાપરી લેવાની ભાવનાથી ભવિષ્યમાં કેટલું ગુમાવાનું આવે. તમારુ

કોઈક તફડાવી લે, ઉપાડી જાય, દૂર ઉપયોગ કરી લે.

જેટલો કર્મવાદ સારી રીતે ભણ્યો હોય તેની આંખ હંમેશા ઉઘાડી જ હોય. અત્યારે તમારી પરિસ્થિતિ શું છે? કર્મ કઈ રીતે બંધાય છે તેની ખબર જ નથી ને?

આપણે ત્રણે પ્રકારના વિઘ્નો કઈ રીતે આવે છે તે જોયા. જઘન્ય વિઘ્ન માટે મેઘકુમારનું, મધ્યમવિઘ્ન માટે જ્વલંતદેવનું, અને ઉત્કૃષ્ટ વિઘ્ન માટે અર્હત્દત્તનું. કેવા ભાવો કર્યા અને કેવા કર્મ બંધાયા ને ઉદયમાં આવ્યા ત્યારે શું થયું. વિચારજો.

મેઘકુમારે શું કર્યું હશે કે વિષય-કષાયમાં જરા આસક્તિ હાથીના ભવમાં કરી હશે. તેનાથી ચારિત્ર મોહનીય તીવ્ર બંધાયુ. માટે દીક્ષા લીધા પછી પણ જરાં કષ્ટના કારણે વિચાર આવી ગયો કે અહિંયા આપણુ કામ નથી. મારે ઘરે જઉં. આવુ ચારિત્ર મોહનીય બંધાય કઈ રીતે કે જીવને જરા પ્રતિકુળતા મળે એટલે અકળામણ થાય અને જરા અનુકુળતા મળે એટલે જીવ ગેલમાં આવી જાય. તમે જરા સંસારમાં ભોગ ભોગવતાં આસક્તિ કરી એટલે આવા કર્મો બંધાય.

કર્મમાં વિષચક્ર છે. જેમ મોહ કેળવો એટલે મોહનીય બંધાય, તે ઉદયમાં આવે એટલે મોહ કેળવે પાછુ મોહનીય બંધાય. તેમ ચાલ્યા જ કરે. જેમ ઝેરી બીને વાવો તો ઝેરી જ ઉગે - તેને ફરી વાવો તો ફરી ઝેરી જ બી ઉગે. તેની જેમ આમ ચક્ર ચાલ્યા જ કરે. મેઘકુમારે એવું કાંઇ મોટુ પાપ નહોતું કર્યું કે કોઈને છળકપટ કરી લુંટી લીધા, મારી લીધા. પણ જરાક ગાઢ આસક્તિથી જુવો તો આવા કર્મ બંધાય. જેનાથી ધર્મમાં જઘન્ય વિઘ્નો આવે.

સભા:- પળે પળે સાવચેત રહેવાની જરૂર છે.

સાહેબજી:- હા, કર્મ તો મોં ફાડીને ઉભુ જ છે. કર્મનો બંધ તો જીવ જરા ભાન ભુલેને કર્મ ચોંટે. જેમ અવાવરુ, ખાડાટેકરા રસ્તા પર જીવ સાવધાન થયા વગર ચાલે તો શું થાય? બસ તેની જેમ છે.

સભા:- હું જ શ્રેષ્ઠ આરાધના કરું, ઉંચી આરાધના કરું, તેવો ભાવ તો થાય ને?

સાહેબજી:- હું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધર્મ કરું, ઉંચી આરાધના કરું, મારો પહેલો નંબર આવે તો સારુ. પણ હું જ ધર્મઆરાધનામાં પહેલો આવું. દાન, તપ, ત્યાગ હું જ વધારે

કરુ પણ બીજા નહીં. બધામાં હું જ આવ્યુ તે ભાવ દોષ છે. આ ભાવથી શું થયું કે હું જ ધર્મ વધારે કરુ બીજા ઓછો ધર્મ કરે. અથવા ન કરે. આ કેવો ભાવ થયો? એટલે બધા પ્રત્યે અંતરાય કરવાનો ભાવ છે. માટે ૨૪ કલાક અંતરાયકર્મનું પાપ લાગે.

એક માણસ ઈચ્છે કે મને સારુ મળે, હુ કરુ અને મને જ સારુ મળે, હું જ આગળ આવુ. એટલે બીજાનું તમે સારુ જોઈ શકો તેમ નથી. તમારુ ચાલે તો તમે બીજાને સારુ મેળવવા દો તેમ નથી. આવી વૃત્તિથી અનંતા જીવોને અંતરાય કર્યાનુ કર્મ બંધાય. જીવ વૃત્તિ કેળવવામાં સાવધાન ન રહે તો ૨૪ કલાક કેવા પાપો બંધાય છે?.

મલ્લીનાથ ભગવાને કેવી ભાવના કરી હતી. તપ કરવાની ભાવના તો સારી ભાવના છે. બધામાં હું આગળ રહું તે સારી ભાવના છે. પણ હું જ આગળ રહું તે દોષ છે. તેમને માયા કરી પણ આમ તો સારા કામમાં માયા કરી છે. ભાવ સારો છે. પણ તેમાં આડકતરી રીતે શું આવ્યું કે બીજા ઓછો ધર્મ કરે. માટે આવા તીર્થંકર નામકર્મને બાંધનારા યોગ્ય જીવને પણ શું થયું? ઠેઠ મિથ્યાત્વ પર આવીને ઉભા રહ્યા।

સભાં:- પણ મોક્ષની ઈચ્છાથી કરે તો.

સાહેબજી:- આ પણ મોક્ષના અભિલાષી જ છે ને? એક દોષ ગમી ગયો ને મિથ્યાત્વ આવી ગયું.

અવિવેક માટેનું શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે ને કે એક સાધુ મહાત્મા ગચ્છાચાર્ય છે. તેઓ વાંચના આપી રહ્યા છે. તે વાંચનામાં તેઓ વૈયાવચ્ચનુ મહત્વ બતાવી રહ્યા છે. તેમાં એક સામાન્ય સાધુ જે અલ્પ બુધ્ધિવાળા છે તેમને થાય છે કે હું કાંઈ ભણી શકતો નથી અને જો આ વૈયાવચ્ચથી આટલો બધો લાભ છે. અને મારી શક્તિ પણ છે કે હું વૈયાવચ્ચ સારી રીતે કરી શકું. માટે તે ઉભા થઈ પચ્ચખ્ખાણ લે છે કે મને કોઈ પણ સાધુ માંદા પડે તો તેમી વૈયાવચ્ચ કરવાનો લાભ મળે. ગુરુએ પણ અભિગ્રહ આપ્યો. હવે દિવસો, મહિના વીતતા જાય છે પણ યોગાનુયોગ એવું બન્યુ કે કોઈ સાધુ માંદા પડ્યા નહીં. માટે તેમને થયા કરે છે કે મેં અભિગ્રહ કર્યો પણ મને વૈયાવચ્ચનો લાભ મળ્યો નહીં. માટે અંદરમાં અફસોસ રહ્યા કરે છે. એટલે ભાવ શું થયો કે કોઈક માંદા

પડે તો મને લાભ મળે. માટે કોઈ માંદા પડે તો સારુ. હવે આ ભાવથી કેવા કર્મ બંધાય. તમે અત્યારે આવા, આવા કેટલા ભાવ કરતા હોવ છો. જો તમને ખબર પણ નથી હોતી.

જેમ તમારો જન્મ દિવસ છે ને એમ થાય કે આજે તો ઘી બોલીને પહેલી પૂજા કરું. હવે તે વખતે કોઈ મહારથી સામે આવી ગયો માટે દરરોજ ૨૫ મણમાં લાભ મળે તેના બદલે તે દિવસે ૨૫૦ મણમાં લાભ ન મળી શકે તો શું થાય? ઘી બોલતાં એમ જ થાયને કે હવે તે ન બોલે તો સારુ, મને જ મળે તો સારુ. અને તેના બદલે રોજ ૫૦૦ મણમાં ઘી જતુ હોય અને તમને કદાચ ૫૦, ૧૦૦ મણમાં લાભ મળી જાય તો શું થાય? રાજુરાજુને! આડકતરો ભાવ શું થયો? મને લાભ જોઈએ ત્યારે કોઈ ન બોલે, એટલે કોઈ દાન ન આપે તેવો ભાવ થયો ને? માટે વિચારજો ક્યાં ક્યાં ચૂકો છો. જેમ પૂજા કરવામાં શું કે વચમાં ઘુસીને પૂજા કરે. ત્યારે ભાવ શું થયો. બીજાને અંતરાય થાય તો ચાલે. માટે આવા પરમાત્માની પૂજા કરવામાં અંતરાય કરો તો કેવા કર્મ બંધાય?

જેમ ઘણાને શું કે સંઘમા કોઈ અનુષ્ઠાન કરાવવાનું હોય તેમાં તેમને પાંચ, દસ લખાવવા પડે તેમ હોય એટલે શું કરે? કાંઈપણ બહાના આપી અનુષ્ઠાન ઉડાડી દે. જેમકે અત્યારે ધંધાની સીઝન છે કોઈ આવશે નહી, પરીક્ષાઓનો ટાઈમ છે. અત્યારે કોઈ શક્યતા નથી કે સારી રીતે થઈ શકે. આખા અનુષ્ઠાનના લાખના ખરચામાંથી તેને બે પાંચ જ આપવાના આવે પણ છતાં આખુ અનુષ્ઠાન ઉડાડી દે. હવે આવી ભાવનાથી કેવા કર્મ બંધાય? આ બધાથી ઉત્કૃષ્ટ વિઘ્ન બંધાય. જેનાથી ભવાંતરમાં શાસન ન મળે, બોધી દુર્લભ થાય.

અત્યારે ઘણા મોટા ભાગના સંઘો ઈચ્છે શું? સાધુ વક્તા, વિદ્વાન હોય, ઉપયોગી થાય તેવા જોઈએ. પણ આવા સાધુ પાસે પણ અપેક્ષા શું હોય? તમે અત્યારે મોટા ધર્માચાર્યને કેમ બોલાવતા નથી. કહેશો હાથી બાંધવાનું કામ આપણું નહીં. એટલે શું થયું માથે ભાર ન આવવો જોઈએ. ઘણાને ખબર પડે કે આ સાધુ નિસ્પૃહી છે. કાંઈ ધાંધલ ધમાલ કરતા નથી. માટે ત્યાં દોડે અને કહે અમને નિસ્પૃહી સાધુ ગમે છે

માટે આપ ચોમાસા માટે હા પાડો. ત્યારે આમ કહેવાનું કારણ શું? શું તમને સાધુનો નિસ્પૃહી ગુણ ગમ્યો છે? માટે નિસ્પૃહી સાધુ ગમે છે?

તેમ બીજુ બાજુ પણ શું કહે કે તમે આ કામ માટે પ્રેરણા કરો. એટલે અમે મર્યાદા મૂકીએ તો તમે રાજીને? આમ તમે બધે વિચારજો. તમે સંઘનો વહીવટ કરો, કામ કરો, બધુ જ સંભાળો, પણ અંદરમાં ભાવ શું? ઓછામાં પતે તો સારુ.

આ ઠેકાણે તમારે પહેલાં તમારી શક્તિ માપી લેવી જોઈએ અને તેની સાથે ક્યાં સુધી ભાવ છે તે જોઈ લેવાના. પણ બહાના કાઢીને સરકવાની વૃત્તિ, આની ટોપી આના માથે, આની ટોપી આના માથે. માટે અંદર ભાવ શું? માટે મારી ભલામણ શું છે કે જયણા રાખીને કાંઈ પણ કામ કરજો. નહીતર આવા ભાવોથી જેટલાને ધર્મમાં અંતરાય થશે તેનાંથી એવા કર્મો બંધાશે કે છક્કા છોડાવી નાંખશે.

તમે સાધુને ઉલ્લાસથી દાન આપો, અને પછી પાછળથી અફસોસ થાય તો મરીને મમ્મણ થશો. શાલીભદ્રે તો ખાલી ખીર વહોરાવી હતી જ્યારે મમ્મણે તો ઉંચામાં ઉંચી વસ્તુ (કેશરીયા લાડુ) વહોરાવી છે. તે વખતે ઉલ્લાસથી આપ્યુ છે પણ પછીથી ખુબ જ અફસોસ થયો છે. માટે પરિણામની ધારા ખુબ જ સમજવાની છે. સંઘમાં ઘણા જ આરાધક જીવો છે. તમે પણ ધર્મ સારી રીતે કરો અને સાથે બીજા પણ સારી રીતે આરાધના કરી શકે તેવી સારી અનુકુળ સામગ્રી આપવી કે સારુ વાતાવરણ આપવું તે પ્રત્યેક ધર્મ કરવા આવનારની ફરજ છે. માટે દરેક કોણે વિચારવાનું આવે. મધ્યમ વિઘ્નના દૃષ્ટાંતમાં એક દેવતાના જીવે નાની માયા કરી તેમાં કેવા કર્મ બંધાયા.

તેમ ધર્મના ક્ષેત્રમાં આવો પણ તમારા થકી કોઈને અંતરાય ન થાય તેનો વિવેક રાખવાનો.

સભા:- ભાગ્યથી જ મળે ને?

સાહેબજી:- ધર્મના ક્ષેત્રમાં જે શોધ કરશો તે પામશો. સંસારમાં પણ જે મથે છે તેને જ મળે છે. ઘરે બેઠા કાંઈ મળવાનું નથી. અહિંયા આવીને તરસ છીપાવવા શોધ કરવી પડશે. અનંત કાળમાં આપણે મિથ્યામતોમાં ભટક્યા છીએ કારણ સત્યને શોધવાની

તાલાવેલી નહોતી માટે. અહિંયા પણ તાલાવેલી નહીં હોય તો કાંઈ મળવાનું નથી. પણ અત્યારે તમારે શું કરવાનું કે કોઈને પણ ધર્મ કરાવવામાં. આરાધના કરાવવામાં અનુકુળ થવાનું.

અમારા માટે પણ શું છે? કે જે અમારા વર્તન કે વ્યવહારના કારણે આવનાર વ્યક્તિ ધર્મ હારીને જાય તો અમને પણ કેવું પાપ લાગે? સારામાં સારુ ચારિત્ર પાળુ પણ એવુ વર્તન કરુ કે જેનાથી કેટલાય જીવો ધર્મમાંથી દૂર થાય તો પાપ કોને? ગુરુ થઈ ગયા એટલે શું અમને બધુ જ લાયસન્સ મળી ગયુ? ભગવાને અમારા પર પણ ઘણી જ મર્યાદા, બંધનો મૂક્યા છે. મારે અમારા ઉપદેશ, આચાર, વિચાર એવા ન જોઈએ કે જેનાથી જીવો ધર્મ હારી જાય. આગળ શું લખ્યું કે કોઈ સાધુને મીનીમમ આચાર, વિચાર ન પાળી શકે તેમ હોય તો સાધુપણુ છોડી ને ગૃહસ્થ જીવન જીવે. પરંતુ જો એ રીતે એટલુ પાળી ન શકે તો ઉત્કૃષ્ટ વિઘ્નો આવે તેવા કર્મ બંધાય.

દા, અમે પણ કાંઈ સર્વગુણ સંપન્ન નથી. માટે કોઈ નાની ખામીથી ઉકળી જાવ તો તમે ધર્મ હારી જશો. તેમાં અમારી ભૂલ નથી.

ઘણી વખત શુ કોઈ કાંઈ પૂછવા આવે ત્યારે અમે કામમાં વગ્ર હોઈએ ને ના પાડીએ તો શું થાય?

દા, અમારાથી ધર્મ, શાસનની અપભ્રાજના થાય તેવા આચાર, વિચાર ન જોઈએ. જે આવા સાધુ હશે તે તો મરશે, અને તેને પ્રોત્સાહન આપનાર પણ મરશે.

તેની જેમ તમે વ્યવહારથી આ શાસનમા સભ્યપદ છો. માટે આ તીર્થંકરે જે શાસન સ્થાપ્યુ છે તેમાં તમારા થકી ધક્કો ન લાગવો જોઈએ. તમારી કોઈ પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ કે શાસનને નુકશાન થાય.

મધ્યમ વિઘ્ન ધર્મ પ્રત્યેની અરૂચી, ખેદ, ઉદ્વેગથી આવે છે. જેમ વધારે ધર્મ, વધારે આરાધના કરવાની આવે તો શું થાય? જેમ ઘણાને શુ. ભગવાને કહેલા યોગોમાંથી અમુક યોગ જ ગમે. અમુકમાં અરૂચી હોય, અનાદર, ઉપેક્ષા હોય તો મધ્યમ વિઘ્નો બંધાય.

ઉત્કૃષ્ટ વિઘ્નો શાસનની અપભ્રાજના, ગુરુ દ્રોહ, શાસનદ્રોહ, તીર્થંકરનો દ્રોહ, તત્ત્વોની નિંદા, ઉત્સૂત્ર ભાષણ આદિથી બંધાય. ટૂંકમાં જણાવ્યું કે કેવા પરિણામથી વિઘ્નો આવે છે. અને આવે ત્યારે જીવની કેવી દશા થાય છે.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આત્માનો કર્મ જય કરાવવા માટે ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ અનંતકાળથી આત્મકલ્યાણના માર્ગમાં જો કોઈ વિઘ્નો હોય તો તે સંચિત કરેલા કર્મો છે. જે ભુતકાળમાં કર્મો બંધાઈ ગયા છે તેને હવે અટકાવાનો ઉપાય નથી. પણ તે કર્મ વિપાક રૂપે આવે ત્યારે તેની અસરને જો ખમી શકીએ તો તે કર્મ વિઘ્નરૂપ બને નહીં. કર્મના વિપાકની ખરાબ અસર થવી ના જોઈએ. નિર્વિઘ્ન આરાધના કરવા માટે આ એક જ ઉપાય છે.

આપણા આત્મા પર અનંત કર્મો છે. જેમાં જે કર્મોની ટાઈમ લીમીટ પુરી થશે એટલે તે કર્મ ટપકી પડશે. સંસારમાં કહેવાતા મહાંધીતાને પણ ન ધારેલુ બને છે. વિઘ્ન ઉદયમાં આવે ત્યારે જો તેની માનસીક અસર ન થાય તો તે વિઘ્ન નથી. અત્યારે આપણને અશુભ અસરો જ થાય છે. જેમ કર્મનો ઉદય આવ્યો ને શરીરમાં તકલીફ પેદા થઈ, કુટુંબમાં પ્રશ્ન ઉભો થયો તો તેની રાગ-દ્વેષ રૂપે અસર થઈ તો વિઘ્ન કહેવાય.

આત્મકલ્યાણમાં વિઘ્ન ઉભુ કરી શકે તેવી તાકાત કર્મમાં છે. અને તેની સામે આપણામાં ઝઝુમવાની તાકાત નથી. પણ જો આ બધી અસરમાંથી મુક્ત થાય તે જ સારી રીતે આરાધના કરી શકે. હવે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નો ત્રણે માનસીક અસરથી ઉભા થાય છે.

જેમ તમે સામાયિક કરવા બેઠા તેમાં જઘન્ય વિઘ્ન નડ્યુ ત્યારે કહેવાય કે જેમ ઠંડી પડી, ગરમી પડી, માંકડ, મચ્છર કરડવા લાગ્યા, ભુખ, તરસ, થાક આ બધી તકલીફો ઉભી થઈ અને તેની જે તમને માનસીક અસર થાય એટલે જઘન્યવિઘ્ન કહેવાય.

મધ્યમવિઘ્નમાં કર્મનો એવો ઉદય છે કે તમે મહેનત કરો તો પણ સામાયિકના ઉંડા પરિણામોની લેહરેખા, પરિપુર્ણ વિધિનો ખ્યાલ ન આવે. અને તેની તમને અસર થાય તો મધ્યમ વિઘ્ન કહેવાય.

હવે જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્નમાં તો સામાયિકમાં અરૂચી, ઉદ્વેગ, કંટાળો ચાલુ થાય. જેને મતિભ્રમ થાય છે તે પણ ઉત્કૃષ્ટ વિઘ્નનું લક્ષણ છે. જેમ મુસાફરીમાં એક માણસ ચાલ્યો જાય છે તેને થાય કે આ રસ્તો બરાબર નથી અને પેલી બાજુ જવા જેવું છે તેમ માની આડો રસ્તો પકડે તેને મતિભ્રમ કહેવાય. તેની જેમ સામાયિક કરતા અરૂચી, ઉદ્વેગ કે કંટાળો આવે એટલે એનો મતલબ શુ થયો કે જે મોક્ષે જવાનો માર્ગ છે તે ખોટો માર્ગ છે માટે તેમાં કંટાળો આવ્યો. એટલે તે મતિભ્રમ થયો. એટલે વિરતિ કરવા લાયક નથી અને અવિરતિ કરવા લાયક લાગી. મોક્ષમાર્ગના ઉત્તમમાર્ગમાં ન રસ પડ્યો અને સાચો માર્ગ છોડવા જેવો લાગ્યો માટે તેને ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય છે. દિશાભ્રમ વ્યક્તિને માર્ગમાંથી ઉન્માર્ગમાં ફેંકી દે છે. પ્રસંગે દયા, દાન, સહિષ્ણુતા, તપ, પરોપકાર, સદ્‌ગુણો કેળવતા જો વધારે કરવાનુ આવે એટલે થાય કે આ ક્યાં આવ્યુ?

એનો મતલબ તેમાં ઉદ્વેગ, કંટાળો આવ્યો. જેમ મેઘકુમાર હાથીના ભવમાં ૨॥ દિવસ એક પગે ઉભા રહ્યા તે વખતે ઉદારતા, સહિષ્ણુતા, પરોપકાર, મૈત્રી, કરૂણાનો ઉંચો ભાવ છે. પોતાની જગ્યામાં પોતાની મહેનતથી માંડલુ બનાવ્યું. પછી મોતના ભયથી બચવા તેમા આવ્યો ત્યારે આખુ માંડલુ ભરાઈ ગયુ હતુ છતા તેને મારી જગ્યામા બીજા બધા ભરાઈ ગયા અને મારા માટે જગ્યા રાખી નહી આવો અશુભ વિચાર આવવાને બદલે સારા વિચાર જ આવ્યા છે. અને તેમાં પણ જ્યારે ખણવા માટે પગ ઉંચો કર્યો ત્યારે એક સસલુ પગ નીચે આવી ગયુ. હવે આવા વખતે જીવને કેવા ભાવ થાય? પરંતુ તેમને તે વખતે પણ દયા, ઉપકાર, પરોપકાર, મૈત્રી, કરૂણાના બધા ભાવ પ્રગટેલા છે. માટે દયાના કારણે અઢી દિવસ પગ ઉંચો રાખીને રહ્યા. અને તેનું પરિણામ એ આવ્યુ કે તેને રીબાઈ રીબાઈને મરવાનુ આવ્યુ. હવે ત્યારે અરુચીના ભાવ થાય તો ઉત્કૃષ્ટ વિઘ્ન આવ્યુ કહેવાય. પરંતુ તેમને તો જરાપણ અરુચીનો ભાવ થયો નહોતો - પણ આ તમને સમજાવવા માટે દૃષ્ટાંત આપ્યુ હતું.

જો ઉત્કૃષ્ટ વિઘ્ન આવી જાય તો કરેલી શુભ પ્રવૃત્તિ ઉપર પોતુ ફરી જાય. કોઈને પણ ધર્મ કરાવવા આગ્રહ અમે નથી કરતા કારણ શું? અરૂચીના કારણે તેને ઉત્કૃષ્ટ

વિઘ્ન બંધાઈ જશે તો ભવાંતરમાં ધર્મ મળશે નહીં. અને મળશે તો તેને ગમશે નહીં.

હા, બાળકને પ્રંસશાથી, ધાકધમકીથી, અને લાલચથી ધર્મ કરાવી શકાય. તેને તો ધર્મનું વાતાવરણ મળે અને ધર્મના સંસ્કાર મળે તેના માટે ધર્મ કરાવીએ છીએ. અને વિશેષ લાભાલાભ લાગે તો ગીતાર્થ પુરુષો પરાણે ધર્મ કરાવે પણ આમ તો પરાણે ધર્મ કરાવાય નહીં. જૈન શાસનનો વિવેક ઘણો છે.

ભયથી, લાલચથી પરાણે ધર્મ કરાવવો હોય તો ક્રીશ્ચનની જેમ આપણે પણ લાલચથી ધર્મ કરાવી શકીએ પણ તેવી આપણા શાસનમાં આજ્ઞા નથી. નહીંતર ભગવાને કેટલાયને જૈન બનાવી દીધા હોત. ધર્મ તો હૃદયમાં ઉતારવાની વાત છે. માટે આપણે ધર્મનો પ્રચાર કે ફેલાવો પણ કરતા નથી. આપણી જૈન કોમ્યુનીટી નાની હોવા છતા પણ દાનના ક્ષેત્રમાં આપણુ જ દાન વિશેષ થાય છે. માટે આપણે ક્રીશ્ચનની માફક બધુ કરી શકીએ. લોકોને તો ખાવા, પીવા, કપડા આપો અને કહો કે જૈન બની જાવ તો તે લોકો આ બધુ મળવાથી જૈન બની જાય પણ એમ જૈન બનાતુ નથી. મુસ્લિમો પણ જુલમકાળમાં ઘણાને પરાણે બનાવ્યા છે.

હા, આચાર્યોના ઘણા દાખલા આવે છે કે જે જૈન નહોતા તેઓને જૈન બનાવ્યા છે પણ ઉપદેશ દ્વારા બનાવ્યા છે. જેમ ક્ષત્રિયોને પણ જૈન ઉપદેશ દ્વારા જ બનાવ્યા છે. તેમ પ્રભુએ પણ કેટલાય અજૈનને જૈન બનાવ્યા છે. ભગવાનના શ્રાવકમાં કુંભાર પણ છે અને લુહાર પણ છે. એટલે તેનો અર્થ પ્રભુએ પ્રતિબોધ કરી અજૈનોને જૈન બનાવ્યા છે.

## પ્રતિબોધનો અર્થ શું?

પ્રતિબોધ ક્યાં થાય? હૃદયમાં, એટલે હૃદયમાં ધર્મ વસાવી આરાધના કરાવવી. અન્ય ધર્મી પ્રસંગે પ્રભુના પરિચયમાં આવ્યા ત્યારે પ્રભુએ મિથ્યામતને સમજાવી, હૃદય પરિવર્તન કરી જૈન બનાવ્યા. અજૈનો પણ ધર્માન્તર કરી જૈન બને તો આપણે રાજી છીએ. પણ હૃદયપલટો કરીને બને તો.

માટે તમે પણ જે ધર્મ કરતાં હોવ તેમાં પણ ક્યાંય ઉદ્વેગ, કંટાળો જોઈએ નહીં, પણ રસપૂર્વક કરવાનો છે. આમતો પહેલાં ચાલું કરતાં તમને ઘણો ઉમળકો હોય છે પણ પછીથી જ જુસ્સો ઉડી જતો હોય છે. પરંતુ ધર્મ કરનારે ખાસ સાવધાની રાખવાની છે કે ધર્મ કરતાં ક્યાંય અરુચી, કંટાળો આવવો જોઈએ નહીં.

હવે ત્રણે વિઘ્નોને જીતવા શું કરવાનું?

જઘન્ય વિઘ્નને જીતવા માટે - પ્રતિસ્પર્ધી ભાવના કરવાની છે. જે ભાવનાના બળથી સુખ દુઃખને કરનારા કર્મના ઉદયથી જે માનસીક અસર થાય છે તે વિલિન થઈ જાય. જેમ સામાયિકમાં તમને તરસ, ગરમી, મચ્છર કરડવા આવ્યા, હવે આ બધા કષ્ટના કારણે અસર થાવું થાય તો પ્રતિસ્પર્ધી ભાવના લાવવાની. આ મોહનીય કર્મનો વિપાક છે. તેને આપણે નિષ્ફળ બનાવાનું છે. માટે વિચારવાનું છે કે સંસારમાં અનંતા જન્મમાં કેટલા કષ્ટો સહન કર્યા, દુર્ગતીમાં પરાણે ડુંગરો જેટલા દુઃખો વેઠ્યા છે. એવું કોઈ કષ્ટ નથી કે જે દુષ્કર્મના ઉદય રૂપે વેઠ્યુ ન હોય. ઘાણીમાં પણ પીલાયા છીએ, કરવતથી પણ કપાયા છીએ, ચુલામાં પણ શેકાયા છીએ આવા તો ઘણા પ્રકારના કષ્ટો વેઠ્યા છે. હવે તેની સામે તો અત્યારે, આ કાંઈ કષ્ટ નથી. તેમ આ ભવમાં પણ અર્થ, કામ માટે, ભોગ સામગ્રી માટે કેટલુ કષ્ટ વેઠ્યુ છે અને વેઠીએ છીએ. હવે આ કષ્ટ વેઠીને પાછુ પાપ જ બાંધીએ છીએ. જ્યારે ધર્મસાધનામાંતો કષ્ટ વેઠીયે તો કર્મોની નિર્જરા થાય, ગુણોનો વિકાસ થાય, તેનાથી મનને, આત્માને કેટલું સુખ મળશે. આમ વિચારશો તો વિઘ્નોને પાર કરી નાંખશો. જ્યારે હૃદયમાં આવે ત્યારે શાંત પણે તિતિક્ષા ભાવના જોઈએ. તીર્થંકર પરમાત્માએ કેટલું સહન કર્યું છે તેના હિસાબે તો આપણે કશું સહન કરતાં નથી. તેઓ તો ચરમ શરીરી હોવા છતાં કેટલું કષ્ટ વેઠ્યું છે. આ બધી ભાવનાથી જઘન્ય વિઘ્ન નાબુદ થશે.

મધ્યમ વિઘ્નનું તો ખાલી ભાવનાથી નિવારણ થાય તેમ નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય નડતાં હોવાના કારણે શું થાય કે પૂજાની કે સામાયિકની વિધિ સમજાય નહીં. તેનામાં ઉંડાણપૂર્વક રહસ્ય સમજતી નથી. માટે મધ્યમ વિઘ્ન છે. પણ હવે શું કરવાનું કે તેની વિધિ જાણવા ખુબજ પુરુષાર્થ કરવાનો,

ઉહાપો કરવાનો, ચિંતન, મનન કરવાનું. માટે પૂરેપૂરો પુરુષાર્થ કરવાનો છે.

જેમ માષતુષ મુનીને કાંઈ યાદ નહોતુ રહેતું, એક શબ્દ યાદ રાખવા તેમને કેટલો પુરુષાર્થ કર્યો અને પુરુષાર્થથી જ્ઞાનાવરણીય તોડી, શાસ્ત્રનું વિધિજ્ઞાન પ્રાપ્ત કરી, મહાજ્ઞાની ગીતાર્થ બન્યા. અને પૂર્વનું જ્ઞાન મેળવી ક્ષપકશ્રેણી માંડી. આપણે ત્યાં ક્ષપકશ્રેણી માંડવા માટે પૂર્વનું જ્ઞાન જોઈએ. શુક્લ ધ્યાન માંડવા પૂર્વનું જ્ઞાન જોઈએ. માટે અતિશય અજ્ઞાની જીવો નીચલી ભૂમિકામાં જ હોય છે. તે જ્ઞાની બને તો જ ઉંચી ભૂમિકામાં જાય. અજ્ઞાની ઘણા તર્યા પણ અજ્ઞાન સામે ઝઝુમી જ્ઞાની બની તર્યા છે. માષતુષમુની અજ્ઞાની હતા ત્યારે ખુબ ઉલ્લાસથી ક્રિયા પાળતાં. પણ આ પ્રવૃત્તિ ઉચીત છે કે અનુચિત છે તેનો તેમને ખ્યાલ નહોતો આવતો.

તમને ખ્યાલ આવી જાય કે આ ઉચિત પ્રવૃત્તિ છે કે અનુચિત છે?

સભા:- સામાન્ય રીતે તો આવી જાય.

સાહેબજી:- તો એકાદ તો દાખલો આપો.

જેમ તમે સામાયિકમાં બેઠા છો અને તે વખતે તમારા ઘરના બધાને બહાર જવાનું થયું. અને તે વખતે બહાર જતાં કહે અમે બધા બહાર જઈએ છીએ. તમે ઘરમાં એકલા છો, ખ્યાલ રાખજો. ત્યારે તમે શું કહો? ભલે તમે બોલો નહી પણ માથુ હલાવોને? હુંકારો પણ કરોને? આમ કરવાથી દોષ લાગે તે ખબર પડે છે? બે ઘડી માટે આ ઘર તમારુ નથી તેમ માની "અપ્પાણં વોસિરામી" બોલીને બેઠા છો. હવે હુંકારો ભણીને ઘરની જવાબદારી સ્વીકારી લીધી? પછી તેઓના આવ્યા પછી ઘરમાં હિંસા થશે, હવે આ હિંસા કરવાના સાધનની તમે રક્ષા કરી એટલે શું તમે હિંસાનું સાધન આપ્યુ. અહિંયા તમને ભુલ નથી દેખાતી કારણ વિધિનું અજ્ઞાન છે. ત્યારે સંસારની પણ વાત કરે તો જવાબ ન આપોને? અને તે વખતે તે વાત તમે મૌનપણે સાંભળી લો તો પાપ લાગે. આ તમને ભુલ લાગે છે ખરી?

સભા:- તો તે વખતે શું કહે?

સાહેબજી:- કહે બે ઘડી સંસાર છોડીને બેઠો છું. આ મારો અત્યારે વિષય નથી. પણ તમે તો સંસારને સાથે રાખીને જ સામાયિકમાં બેસો છો ને? તમારે જેમ

ધ્યાન રાખવાનું છે તેમ અમારે પણ ધ્યાન રાખવાનું છે.

માષતુષ મુનીથી એવી પ્રવૃત્તિ થઈ જતી હોય કે વાચા, વાચા અજ્ઞાનતાથી ચારિત્રમાં દોષ લાગી જાય. આમ કાંઈ તેમને ભૂલની ઉપેક્ષા નથી, તેમને તો અણિશુધ્ધ ચારિત્ર પાળવું છે. ભૂલ કરવાની કોઈ તેમની વૃત્તિ પણ નથી. જો તેમને દોષ છે તેમ ખબર પડે તો સાવધ થઈને તેમને છોડવાની તૈયારી છે. પણ અજ્ઞાનના કારણે બનતું.

ખબર છે અમને નાના નાના દોષ પણ કેવા લાગે? જેમ રસ્તે જતાં અમને કોઈ પુછે કે ફલાણી જગ્યા, મંદિર, આશ્રમ ક્યાં આવ્યુ ? હવે હું રસ્તો બતાઉ તો દોષ લાગે. તમને ખબર નહી હોય, પણ અમને આવીને શ્રાવક જ પૂછે ને કે સાહેબ અહિંયા કેવી રીતે જવાય? તમે અમને આવી માહિતિ આપવા જ નિમ્યા છે ને?

સભા:- આપને પુછે કે પાયધુની જવું છે કેવી રીતે જવાય? તો આપ શું કહો?

સાહેબજી:- પહેલાં ખબર ન હોય તો, કહીએ ખબર નથી. પણ જો ખબર હોય તો એમ કહીએ આ અમારો વિષય નથી. બીજાને પુછી લેજો.

સભા:- બીજાને પુછી લેજો, તેમ કહેવાય?

સાહેબજી:- આજ્ઞા રૂપે નહી. પણ અમે કહીએ બીજાને પુછવું ઉચિત છે. અમને પુછવું ઉચિત નથી. કર્તવ્ય, ઉચિત અર્થમાં બોલીએ. આજ્ઞા રૂપે નહીં.

તમારા કરતાં કેટલી મર્યાદાવાળુ અમારુ સાધુપણુ છે. ગીતાર્થ ન હોય, શાસ્ત્રનો અભ્યાસ ન હોવાથી, દીર્ઘદ્રષ્ટી, વિવેક ન હોવાથી કેટલીય પ્રવૃત્તિ એવી થઈ જતી હોય છે કે વાચા, વાચા હિંસામાં ઇનવોલ્વ થઈ જવાય. તેમ તમારે પણ સામાયિક માટે સંપૂર્ણ વિધિ જાણવી જરૂરી છે.

સભા:- ધર્મ સ્થાનકો પર જવા માટે રસ્તો પુછે તો તમે બતાવી શકો ખરા?

સાહેબજી:- તેને બતાવવાનો પણ અમારો વ્યવહાર નથી. પણ આમ તે શુભમાં જાય. છતાં પણ અમારો વ્યવહાર નથી. અમે તમારા શ્રાવકોના વ્યવહાર જોઈએ ને તો એમ થાય કે શ્રાવક અમારી પાસેથી શું અપેક્ષા રાખે છે. જેમ તમારે બહાર જવું

હોય તો શું કરો ? કહો, આ થેલી મુકીને જાઉં છું. માટે તમે મહારાજને ચોકીદારી સોંપીને ? થેલીમાં જે સામાન ભર્યો હોય તેનો ઉપયોગ તમે સંસારમાં જ કરશો ને?

તેમ ઘણી વખત અમને દવાનો ખપ હોય ત્યારે લાવવા તમને કહીએ ત્યારે તમે પુછશો કે સાહેબ આ દવાનો તમે શેના માટે ઉપયોગ કરશો? પાછા કહો આ તો મારા દિકરાને તકલીફ છે માટે પુછુ છું. એટલે જાણકારી મેળવી ઉપયોગ સંસારમાં કરશો. અને અમે ન કહીએ તો ખોટુ લાગે. એમ થાય કે અમે મૌન રહીએ તો સારુ?

ધર્માચાર્યો આયુર્વેદ, આરોગ્ય શાસ્ત્રો જાણતા હોય માટે લક્ષણ પરથી તકલીફ પણ જાણી શકે અને તેના નિદાન, ઉપચાર પણ જાણતાં હોય. પણ તમને કહી શકે ખરા? અને ન કહે તો કેવા લાગે? અમારા સામાયિકને શું સમજો છો? અમારે ત્રિવિધે-ત્રિવિધે ત્યાગ છે. માટે કેટલો ત્યાગ આવે? તમારા આરંભ, સમારંભમાં અમે ક્યાંય ઈનવોલ્વ થવા તૈયાર નથી. અને થઈએ તો કેવા દોષ લાગે? મર્યાદાઓ, નિષેધ સમજશો તો પાપોથી દૂર રહેશો. તમારે સામાયિકમાં ભૌતિક પરોપકાર પણ કરવાનો નથી. ઈચ્છવાનો પણ નથી. આ અધર્મની વાત નથી, પણ ધર્મની વાત છે. તમારાથી સામાયિકમાં દવાની માહિતિ પણ ન અપાય.

સભા:- સાધુને આપી શકાય?

સાહેબજી:- હા, ચોક્કસ. સાધુ તો અહિંસક જીવન જીવે છે. માટે આરોગ્યનો ઉપયોગ આરાધનામાં જ વપરાશે. જ્યારે પેલામાં તો શું કે વાયા વાયા પણ આરંભ, સમારંભમાં ઈનવોલ્વમેન્ટ આવે છે.

માષતુષમુનીને જ્ઞાનાવરણીય નડે છે. છતાં તેઓની ઉપાસના, પુરુષાર્થ ચાલુ છે. જ્ઞાનાવરણીય સામે તે લડે છે. જ્યારે આપણે શું કરીએ? કર્મ સામે ઝઝુમવાની તૈયારી નથી. જરા કર્મ આવે એટલે પલાંઠીવાળીને બેસી જઈએ. પરંતુ આમનું તો હેમરીંગ ચાલુ જ છે. નિકાચીત કર્મ પુરુ થયુ એટલીવાર ને? પછી તો જે એક શબ્દ યાદ નહોતો રહેતો ત્યાં તેમને અનેક શાસ્ત્રોનું જ્ઞાન મેળવી લીધુ!

તેમને આમ વિઘ્ન આવે તો પાછા પડીને તોડી નાંખો ખરા? જ્ઞાનાવરણીયમાં પણ ઘણું છે. કેવળજ્ઞાન પામવા માટે ઘણા તબક્કા છે. પણ તેમને પહેલું જ્ઞાનાવરણીય કયું તોડ્યું? કે નિરતિચાર ચારિત્ર પાળવા કેટલું જ્ઞાન જોઈએ તેટલું તેમને મેળવ્યું. એટલે તેટલી દિશા પ્રમાણે તોડે. અંદરમાં તેમને ઘણા છે. માટે પછીની ભૂમિકા પામવા માટે પણ સતત મહેનત ચાલુ છે. પછીથી સમતાની ભૂમિકામાં ગયા. સમતાની ભૂમિકામાં જવા નિરતિચાર ચારિત્ર કરતાં વધારે જ્ઞાન જોઈએ. તેમ કરતાં કેવળજ્ઞાન પામ્યા પહેલા પૂર્વનું જ્ઞાન મેળવ્યું. માટે વિચારજો તેમનો કેટલો સંઘર્ષ, મહેનત હશે?

મધ્યમ વિઘ્ન પુરુષાર્થથી જ જીતી શકાય છે. જઘન્યવિઘ્ન ભાવના ભાવવાથી જીતી શકાય છે. પણ આની સામે તો પુરુષાર્થ જ જોઈશે. જે કર્મ નડે છે તેની સામેનો પુરુષાર્થ જોઈએ.

સભા:- મરુદેવીમાતાએ કઈ રીતે પૂર્વનું જ્ઞાન મેળવ્યું હતું?

સાહેબજી:- મરુદેવીમાતાએ ભણ્યા વગર આવરણ તોડી જ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાન તો અંદર જ છે, આવરણ છે માટે અજ્ઞાન છે. કોઈ વ્યક્તિ શું કરે સોયથાને લઈને દોરવાથી ઘસી ઘસીને કાપે. અને તેની સામે કોઈ બળવાન વ્યક્તિ હોય તો આમ કરીને કાપી નાંખે. તેની જેમ છે.

આપણને જ્ઞાનાવરણીયના આવરણથી પહેલાં કક્કાનો ક નહોતો આવડતો. પણ ધીમે ધીમે પુરુષાર્થ દ્વારા આવરણ તોડતા ગયા તેમ આગળ વધતા ગયા. આપણને વગર ભણે આવરણ તુટ્યું નથી. પરંતુ ક્ષપકશ્રેણી માંડતા પૂર્વનું તો જ્ઞાન જોઈએ.

માષતુષ મુનીને આ બન્યું તે ચમત્કાર છે. ધારે તો આત્મા બધું જ કરી શકે તેમ છે.

હવે ઉત્કૃષ્ટ વિઘ્ન માટે તો શું? કે

જે ઉત્કૃષ્ટ વિઘ્નો આપવાવાળા કર્મો છે તે ઉદયમાં ન આવે તે પહેલાં સરકી જવાનો જ ખરી મજા છે.

સભા:- 'ઈશારા, નિશારા'

સાહેબજી:- જેમ તાવ ખુબ છે. તો તાવમાં ઉભા ઉભા કાઉસગ્ગ કેમ કરશો? માટે વિઘ્ન ઉભુ થયુ. રોગાદિ હોવાના કારણે તે ધર્મ ક્રિયામાં શું પુરુષાર્થ કરશો? હવે તેમાં અપથ્ય ભોજન કારણ બને છે. માટે પથ્ય અને હિતકારી ભોજન કરવાનું છે. સાધુને પણ પથ્ય અને હિતકારી ભોજન જ વાપરવાનું છે. અત્યારે નવ્વાણુ ટકા રોગો ભોજનના ફેરફારના કારણે જ થાય છે. બધા જ પોષક તત્વો પેટમાં પેદા થાય છે. હવે તેમાં ફેરફાર થાય એટલે શક્તિનો પાવર ઘટે. માટે જ રોગો પેદા થાય છે. જીન કલ્પી સ્વીકારેલા મહાત્મા પાસે શરીર જ્ઞાન છે. તેમને ખ્યાલ આવે કે વાયુનો રોગ થયો છે આવા, ખાવા વિરોધી આહાર લઈશું તો મટશે. માટે તે રીતે આહાર લઈ નિવારણ કરે. મોટા ભાગના સાધુઓ આ રીતે જ રોગોનું નિવારણ કરતા હોય છે. બને ત્યાં સુધી ઔષધિઓના દોષો પણ સેવે નહીં. માટે આહાર, નિહાર સાધન કહ્યુ છે. તેમાં ખાલી ભાવના નહીં પણ પુરુષાર્થ જોઈએ. આ મધ્યમ વિઘ્ન માટેની વાત થઈ.

ઉત્કૃષ્ટ વિઘ્નમાં તો પ્રબળ મોહનીયનો ઉદય આવે છે. તેનો ચરમ પૂરો થાયને તે ઉદયમાં આવે તે પહેલાં જીવ સરકી જાય તો લીલા લહેર.

સભા:- ક્યારે ઉદયમાં આવે તે કેમ ખબર પડે?

સાહેબજી:- બાંધેલા કર્મો તત્કાળ ઉદયમાં આવતા નથી. મિડલના સમયમાં જો જીવ સાધનામાં આગળ વધી જાય તો કામ પતી જાય. ભગવાન મહાવીરે આટલી સાધના કરી છતાં સત્તાવીશ ભવ થયા અને છેલ્લા ભવમાં પણ વર્ષાવર્ષની સાધનામાં ઉંચા વિઘ્નો સહન કરવા પડ્યા.

હવે તેની સામે દૃઢપ્રહારીએ આવા કુકર્મો કર્યા તો પણ છ મહિનામાં છૂટી ગયા. પ્રભુએ તો આગળા ભવમાં સંયમ પાળ્યુ છે. છતાં છેલ્લા ભવમાં કેટલો તપ! ઉત્કૃષ્ટ પરિષહો સહન કરવા પડ્યાં. હવે હકીકતમાં આ બેમાં ભારેકર્મી કોણ છે? દૃઢપ્રહારી છે. દૃઢપ્રહારી જેવા પાપો તો ભગવાને કર્યા નથી. છતાં તેમનો સમય લંબાયો. પેલા પાર ઉતરી ગયા કારણ શું? ભગવાન મહાવીરના આત્મા પર જેટલા કર્મોનો સ્ટોક છે તેના કરતા દૃઢપ્રહારીના આત્મા પર વધારે સ્ટોક છે. જો એ કર્મો

બધા ઉદયમાં આવ્યા હોત તો તે જીવના છક્કા છોડાવી નાંખત. પણ હજુ આ કર્મો સ્ટોકમાં છે અને તે કર્મો ઉદયમાં આવે તે પહેલાં તે જીવ સરકી ગયો.

જેમ તમને સામે બળિયો મારવા આવે, ત્યારે તમને લાગે કે તમે સામે ટકી શકો તેમ નથી માટે તે તમને પકડે તે પહેલાં જો સરકી જાવ તો કાંઈ નહીં; પણ એક વખત તે બાથી પકડી લે તો પછી માર ખાધે જ છુટકો થાય. તેની જેમ પ્રભુ મહાવીરને કર્મોનો ઉદયકાળ ચાલુ થઈ ગયો. માટે તેમને ભોગવ્યા વગર છુટકો નહોતો. જ્યારે દઢપ્રહારી છટકી ગયો.

તમને અવસરે ખબર પડે કે જોખમ છે તો છટકી જાવને? બધાને ખબર પડે તેવો નિયમ નથી પણ અત્યારે ખબર છે ને કે આપણે ગમે ત્યારે કર્મ રાજાનું જોખમ છે. માટે સાધના કરી છટકી જાવ. ઉત્કૃષ્ટ મિથ્યાત્વ કર્મો દઢપ્રહારીને સત્તામાં છે. જો તે ઉદયમાં આવે તો ધર્મનો અભાવ કરાવે. પણ તે ઉદયમાં આવે તે પહેલાં તે છટકી ગયો. ઉદયમાં આવે તે પહેલા ઉંચી સાધનાની તક ઝડપી લીધી. પુરુષાર્થ ચાલુ કરી દીધો. અવસર ને તક પ્રમાણે સાવધાન થઈ ગયા. અત્યારે આપણા બધા પર ભારે દર્શન મોહનીય પડ્યું જ હશે. તેમા કોઈ શંકાને સ્થાન નથી. અજ્ઞાનદશામાં દેવ-ગુરુ-ધર્મ પર વિરોધી ભાવો કેળવી, અરુચી પડી હોય તો આવા કર્મો બંધાય જ. એ ઉદયમાં આવે ત્યાં સુધી ધર્મથી વિમુખ જ રહીશું. આ મોટો ભાઈ મહેનત કરીને મરી ગયો છતાં પીલો ધર્મ ન પામી શક્યો ને? માટે આપણા માટે પણ આવા કર્મો ઉદયમાં આવે તે પહેલાં છટકી જવાનું છે.

સભા:- પ્રભુને અવધિજ્ઞાન તો હતુ ને! છતાં છટકી ન શક્યાં.

સાહેબજી:- હા, તેઓ જાણતા હતા છતાં ઉદયમાં આવે તે પહેલાં છટકી શક્યા નહીં. 30 વર્ષ ઘરમાં કેમ રહ્યા? મજા આવતી હતી માટે? પણ વિઘ્ન કરનાર કર્મ હતુ માટે જ રહ્યા છે. સંયમ મારેનું નિકાચીત કર્મ સ્ટોકમાં છે પણ હજુ ઉદયમાં નથી. માટે પછીથી આગળ વધી ગયા, પણ કેવળજ્ઞાન મારે હજુ છે. માટે પામ્યા નથી. દઢપ્રહારી સુરંગ ગુરવા દે તેમ નથી. અત્યારે આપણે તો ખરકીને કેમ બેઠા છીએ? સાધનામાં મોહ મોહ ચાલીએ છીએ માટે. આપણા માટે આવા વિઘ્નોના કર્મોનો ઉદય થાય તે

પહેલાં સાધના દ્વારા આગળ પહોંચી જઈએ તો સહીસલામત નીકળી જવાય. પણ તમને તો ઉતાવળ નથી ને?

સ્ટોકમાં કર્મ છે તેને તક મળવી જોઈએ નહીં. પણ સાધનાની તક મળે તો ઝડપીને આગળ વધારી દેવી જોઈએ.

સભા:- આ કાળમાં ક્યાં સુધી પહોંચી શકાય?

સાહેબજી:- ઈચ્છાયોગ, પ્રણિધાન ભાવધર્મ, આંશિક પ્રવૃત્તિભાવધર્મ, ચોથા, પાંચમાં, છઠ્ઠા ગુણસ્થાનક સુધી જઈ શકાય છે. તેટલું કરી લો તો આગલા ભવમાં વધારે આગળ વધી પાર પામી જવાય.

દર્શન મોહનીયનો ઉદય આવે તો તીર્થંકરને પણ કોઈ બચાવી શકે નહીં. ઉત્કૃષ્ટ વિઘ્ન આવે પહેલાં જ સરકી જવામાં મજા છે, ખરો માલ છે. ઘણા જીવોએ એવા નિકાચીત બાંધ્યા હશે કે જો તે ઉદયમાં આવી જાય તો ભોગવી, ભોગવીને કુચો નીકળી જાય. પણ જો જીવ તે પહેલાં સાધના કરી છટકી જાય તો અસંખ્ય ભવ દુઃખ આપે તેવા કર્મો મોં વકાસીને રહી જાય. ઘણા જીવો આ રીતે છટકી ગયા છે.

સભા:- પણ સાહેબજી આ રીતે તો નિકળનારા થોડા જીવો ન હોય?

સાહેબજી:- ના અનંતા હોય, સમગ્ર જીવ સૃષ્ટિની અપેક્ષાએ અનંતા હોય. છેલ્લે સુધી આત્મા પર એટલા નિકાચીત કર્મો રહેતા હોય છે. માટે જીવો સરકીને જ જતા હોય છે. ચંડ કૌશીકને શું થયું છે? એકે ઝાડના પાનને જીવવા દીધું નથી. બધાને બાળીને ખાક કરી દીધા છે. લેશ્યા તેની કેવી છે? વૃત્તિઓ કેવી છે? સાપને રહેવા જગા કેટલી જોઈએ પણ મમત્વ, ક્રોધ કેટલો છે. હવે આ બધા ભાવોથી કેટલા ભવો સુધી નરકમાં જવું પડે. છતાં તે જશે નહીં. કારણ તે સરકી ગયો. આવા તો હજારો, લાખો દૃષ્ટાંતો છે.

સભા:- નસીબ કામ કરે ને?

સાહેબજી:- ના પુરુષાર્થ કામ કરે છે.

સભા:- મનુ મળ્યા તેમાં નસીબે કામ કર્યું ને?

સાહેબજી:- હા, પ્રભુ મળ્યા એ તેને પુણ્યથી મળ્યા, પણ પ્રભુ જેને મળે એટલા બધા જ તરી જાય? મળ્યા પછી તેને પુરુષાર્થ કેવો કર્યો છે. અજ્ઞાન કરી કેવી રીતે રહ્યો છે. આ જીવ કર્મને હાથતાળી આપીને સરકી ગયો છે.

સભા:- આનો મતલબ હમણાં જ પુરુષાર્થ કરી લેવો જોઈએ ને?

સાહેબજી:- હા, ચોક્કસ. ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તે પહેલાં જો સંસારને પાર પામી ગયા તો જ તમારું ભલુ છે. માટે વાતે તેટલી ઉતાવળની જરૂર છે. અત્યારે તમારે ધર્મમાં શાંતિ ને ધીરજ છે ને?

હવે તો સંસારમાં કેટલું રખડ્યા માટે આરો આવે તો સારુ, પરંતુ તમને તો તલસાટ નથી, કર્મનો ભય નથી. મિથ્યાત્વ મોહનીય ઉદયમાં આવશે તો બુધ્ધિ જ બગાડશે. બીજા કર્મો તો કદાચ કદર આપશે. સંસારમાં તમે એક માણસને વકીલ કરો એટલે તેનું બધુ પુણ્ય નકામું ને? પણ એક માણસ ભલે સામાન્ય હશે પણ બુધ્ધિશાળી હશે તો તેને જીવવા જેવું રહેશે.

પેલું સંસારનું ભૌતિક ગાંડપણ છે. જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્ન તે આત્માનું ગાંડપણ છે. ગાઢકર્મ ઉદયમાં આવે અને ફસાઈ જાવ માટે શું કરવું? જેમ દેવતાને તો ખબર પડી ગઈ કે ધર્મથી વિમુખ પડવાનો છુ માટે તેને પહેલાં ઉપાય કરી લીધો. પણ અત્યારે તમારે શું કરી લેવાનું? તમે અત્યારે સંસારમાં કોઈ કલ્યાણ મિત્રો રાખ્યા છે ખરા?

કલ્યાણ મિત્રો રાખવાના અને તેમને કહેવાનું કે મારુ આમ આટલુ કરજો. ક્યાંય પણ હું ધર્મ ભુલુ તો મને પમાડજો. તમે સંસારમાં તો કોલ કરાર કરો છો, તેમ અહિંયા કોલ કરાર કર્યા છે ખરા?

ખરો ધર્માત્મા તો તેને કહે કે હું ક્યારેય પણ ધર્મ ભુલતો હોઉં તો મને ધ્યાનમાં રાખીને પમાડજો. મારા આત્માનું હિત કરજો. ગુરુ સાથે પણ આવા કરાર કર્યા છે ખરા? જરૂર જ નથી ને?

સભા:- અમે તમારી સાથે કરીએ.

સાહેબજી:- હા, પણ પછી અમે અંગત નહીં પણ આટલી અમુક અપેક્ષા તો રાખીએ ને કે તમારે તેના માટે અત્યારે જીવનમાં આટલો ધર્મ તો જોઈએ?

ઉપદેશ રહસ્યમાં લખ્યુ છે કે જીવનમાં અવશ્ય કલ્યાણમિત્રો કરવા અને રાખવા જોઈએ.

સભાઃ- કલ્યાણ મિત્રોની વ્યાખ્યા શું ?

સાહેબજીઃ- તમારી પાસેથી તેના આત્માના હિત, કલ્યાણ સિવાયની કોઈ અપેક્ષા ન હોય. અને સાથે તમારા આત્માની હિત ચિંતા જ હોય. તેના આત્માની હિતચિંતા હોય તેવી જ તમારા આત્માની ચિંતા હોય, પ્રસંગ આવે ધર્મ માટે દોરે, પ્રેરણા કરે, સપોર્ટ આપે. આ બધા કલ્યાણ મિત્રો કહેવાય. તમારા ફ્રેન્ડ સર્કલમાં આવી વ્યક્તિઓ છે? પણ તમારે તો સરખે સરખા જ ને? પરંતુ તમારે ખુબ જેની સાથે નિકટતા હોય, પ્રસંગે બધી દિલખોલીને વાત કરતાં હોય તેવી વ્યક્તિને તમારે કહેવું જ જોઈએ કે મારુ ધ્યાન રાખજે, પ્રસંગે મારી ચોટલી પકડજે. મારુ હિત કરજે.

જૈન શાસનના આગમોની રચના સુધર્માસ્વામીએ કરી છે પણ ગ્રંથારૂઢ તો આ "                    ક્ષમાશ્રમણે કરી છે. આ મહાત્માનો મહાન ઉપકાર છે. આગલા ભવમાં તે દેવતા છે. હરિણૈગમેષિક ઇન્દ્રના છે. ધર્મ આરાધના સાથે દેવતાનો ભવ વિતાવે છે. પણ અંત સમયે ભાવિ શું? માટે તીર્થંકરને પુછ્યુ. ખબર પડી કે ધર્મ પામવો દુર્લભ છે. માટે તેમને શું કર્યું ! દેવલોકમાં ઇન્દ્ર, સામાનિક, સેનાપતિની પોસ્ટ છે. એ પોસ્ટ પર એક દેવતા કાળ કરે અને એ પોસ્ટને યોગ્ય પુણ્ય પેદા કરે તે વ્યક્તિ ત્યાં જન્મે. માટે તેમને તે જગ્યા ઉપર લખ્યુ કે આ પોસ્ટ પર આવતા દેવતાએ આ ઠેકાણે આવીને મારુ આટલુ કામ અવશ્ય કરે. તેવી તેમને આવનાર દેવતાએ ધર્મ પમાડ્યો છે.

તેમ બળદેવો દિક્ષા લે, તેમને પ્રતિબોધ કરવા કોણ આવે ખબર છે? પહેલાં બળદેવે તેમની સાથે શરત કરેલી હોય તે આવે. માટે પરસ્પર આવા સંકલ્પ કરેલા હોય, ભલામણ કરેલી હોય, તો પ્રસંગે વિઘ્ન આવે તો બચી જવાય. સદ્‌ગુરુ સાથે પણ આવા સંકલ્પ કર્યા હોય તો બારેમાં બાર કર્મ પણ જેમ સુધીનો ઘા સોયની જેમ તેમ નીકળી જવાય.

પરંતુ આ બધુ સુઝે કોને? જેને એમ હોય કે આરાથી બધુ આગળુ

ખાય તો વાંધો નહીં, પણ ધર્મ તો આપણો ન જ થવો જોઈએ. પરંતુ જેને અહીંયા જ આવી સ્થિતિ છે તેને ભવાંતરમાં શું મળશે. પરંતુ ધર્મ તો ન જ આપણો થવો જોઈએ તેવું માને તે જ પ્રસંગે આવી ભલામણ કરે. મરતી વખતે તમે શું ભલામણ કરશો? સૌથી અગત્યનું કે વ્યાવહારીનું માનતા હોવ તેની જ ભલામણ કરશો ને?

તેની જેમ કલ્યાણ મિત્રો, સદ્ગુરુ પાસે સંકલ્પ કરવા જોઈએ.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમ:-

સોમવાર
૯-૧૦-૯૫
આસો વદ એકમ.

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણા આત્માને સર્વ સિધ્ધી પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ મુળથી વિચારીએ તો આત્મામાં શક્તિ, ઐશ્વર્ય એટલુ છે કે જગતની જેટલી શક્તિઓ છે તે બધી આત્મામાં સમાયેલી છે. અને આ શક્તિઓને ખીલવવા માટે જ ધર્મ છે. તે ક્રમસર એવી રીતે ખીલવાની છે કે જેનાથી પરમ પદને પામી શકીએ. આ સંસારમાં બધાને ફળ મીઠા લાગે છે પણ તેને મેળવવાની સાધના જ કસોટીદાયક છે. અનંતકાળથી આત્મામાં અધર્મના ગાઢ સંસ્કાર જડાયેલા છે તેને ક્રમસર સાધનાથી તોડવાના છે.

હવે સાધનાના ક્રમીક સ્ટેજમાં પહેલુ પ્રણિધાન ભાવધર્મ છે. તેના વગર સાચી સાધના થતી નથી. પ્રણિધાન પામે એટલે તે ધ્યેયને મેળવવાની બાબતમાં સ્પષ્ટ છે.

ધ્યેયમાં સ્પષ્ટ થવા છતાં તે જીવને ધ્યેયને પામવા માટે અમુખીન પુરુષાર્થ કે તત્પરતા તો પ્રવૃત્તિ ભાવધર્મમાં જ આવે છે. પહેલા ભાવધર્મમાં ખાલી ઇચ્છા છે જ્યારે આ ધર્મમાં બરાબર તત્પરતા સાથે પુરુષાર્થ છે. હવે પુરુષાર્થ દ્વારા ધ્યેયને પ્રાપ્ત કરવા જીવ મચી પડ્યો હોય, પણ જો ભુતકાળના કર્મો હોય તો તેને વિઘ્નો આવે છે. હવે જો તે વિઘ્નોનો જય ન કરી શકે તો સિધ્ધી ભાવધર્મને પામી શકતો નથી.

વિઘ્નજય કરેલાને સાધનામાં વિઘ્નો આવે કે ન આવે પણ તેને સાધનામાંથી કોઈ હલાવી શકતુ નથી. વિઘ્નો આવે કે ન આવે પણ વિઘ્નોને જીતવાની જેને તાકાત પેદા કરી લીધી છે તેને જ સિધ્ધી નામનો ભાવધર્મ પ્રાપ્ત થાય છે.

વિઘ્ન આવે તેવા કર્મો જીવે ભુતકાળમાં બાંધ્યા હોય અથવા બાંધેલા તે કર્મો જો સ્ટોકમાં જ પડ્યા હોય અને તેનો ઉદય આવે તે પહેલા જીવ એવી સાધના કરી આગળો નીકળી જાય તો તે નિર્વિઘ્ને પરમ પદને પામી જાય છે.

૨૪ તીર્થંકરમાંથી ૧૭ તીર્થંકરોની સાધના જોઈએ તો તેઓ આગલા ત્રીજા ભવે જ પહેલવહેલો સાચો ધર્મ પામ્યા છે. અનંતકાળમાં સાચો ધર્મ તેઓ પામ્યા નથી. હા, વ્યવહારથી કહાય આરાધેલો હોય, પણ પહેલવહેલો તો આ આગલા ત્રીજા ભવમાં જ સાચો ધર્મ પામી, સમકિત આદિ પામી, આરાધના કરી નિરતિચાર ચારિત્ર પાળી કાળ કરી દેવલોક પામી પછી સીધા તીર્થંકર તરીકે જન્મ્યા છે.

સભાઃ- તેમાં કારણ શું ?

સાહેબજીઃ- કારણ વિઘ્નો આવે તેવા કર્મો બાંધ્યા ન હોય, અને બાંધ્યા હોય તો તેનો ઉદય આવે તે પહેલાં તો સાધના કરી અટકી જાય. માટે બધા સાધકને કુટાવું પડે તેવો નિયમ નથી.

જેમ તમે સામાયિક બરાબર કરવા માટે વિઘ્નજય કરીને બેઠા છો. તેમ બીજુ વ્યક્તિ તપ કરવા માટે વિઘ્નજય કરી લીધો છે. જેમ મયણાનું દૃષ્ટાંત આપણે ઓપીમાં જોયું કે તેને જીનભક્તિ કેવી સિદ્ધ કરી લીધી છે, તેને જીનભક્તિ કરતાં વિઘ્ન આવી શકે પણ તેને તેની કાંઈ અસર થાય નહીં. તેવું અમૃત અનુષ્ઠાન છે. જે વિઘ્નો વગરનું જ હોય.

સભાઃ- કોઈપણ તીર્થંકર, તીર્થંકર નામકર્મ ક્યારે નિકાચીત કરે ?

સાહેબજીઃ- કોઈપણ તીર્થંકર આગલા ત્રીજા ભવમાં જ તીર્થંકરનામકર્મ નિકાચીત કરે. હા, પહેલા બાંધે તેવું બને ખરું, પણ નિકાચીત કર્યા પછી તો ગેરંટી છે કે અવશ્ય તે તીર્થંકર બનશે. અનિકાચીત કર્મ તો ખોરવાઈ પણ જાય. જ્યારે નિકાચીત કર્મ ચોક્કસ ફળ આપે છે. શુભ નિકાચીત અને અશુભ નિકાચીત બન્ને પોતપોતાની રીતે ફળ આપે જ. ક્ષપકશ્રેણીમાં જનારા જીવો ભોગવ્યા વગર નિકાચીત કર્મોનો ફેંસલો કરી શકે છે. શુભ નિકાચીત કર્મથી તો જીવને અનુકુળતા રહે છે. જ્યારે અશુભ નિકાચીત કર્મ જોખમ ઉભું કરે છે. તીર્થંકરનામકર્મ તો આખા જગતમાં આશીર્વાદ રૂપ છે. પોતાના આત્માને અને જગતના જીવોને તે કલ્યાણકારી બનશે. હા, બધા જ પુણ્ય હિતકારી બને જ તેવું નથી.

પણ તીર્થંકરનામકર્મ તો ધર્મપ્રભાવકતાની પરાકાષ્ટા છે. તેઓ જ્યાં જાય

તેના દર્શન માત્રથી જીવો ધર્મ પામી જાય. તેમની આકૃતિ જોવા માત્રથી તો ઘણા જીવો બોધીબીજ, સમકિત આદિ પામી જાય. તેમની પ્રશાંત આકૃતિ, અદ્વિતીય રૂપ જોઈ થાય કે આવા જીવને કેટલા ભોગ મળે તેમ છે છતાં આટલો ત્યાગ. આવા અહોભાવથી જ આકૃતિ જોતાં ધર્મ પામી જાય.

જ્યારે ઘણા પુણ્ય તો એવા હોય કે જીવને ઉદયમાં આવે એટલે આત્મીક દ્રષ્ટીએ પાયમાલ કરી નાંખે. અને તેના પનારે જે પડે તેને પણ બરાબર કરી નાંખે. પણ આ પુણ્ય તો જગત આખાને હિતકારી બને છે. તીર્થંકર થનાર માટે તો ત્રણ ભવ નિશ્ચિત છે. બીજા જીવો તો કદાચ એજ ભવમાં સાચો ધર્મ પામી સાધના કરી નિર્વિઘ્ને પરમપદને પામી જાય.

હવે મયણા દરરોજ પૂજા ભક્તિ કરે છે ત્યારે તેને દરરોજ વિઘ્નો આવે તેવું નથી. પણ કદાચ ત્રણે પ્રકારના વિઘ્નો આવે તો તેને તે જીતેલા છે. તે પ્રકારનુ સત્વ અને આત્મબળ તેનું ખીલેલું છે.

બે વ્યક્તિ એકચિત્તે એકાકાર થઈને ભક્તિ કરે છે. તેમાં એકને એવું છે કે તેને હમણાં જો વિઘ્ન આવે તો તે ભક્તિ કરતાં ગબડી પડે. જ્યારે બીજાને વિઘ્ન આવે તો તેને કાંઈ અસર થાય નહીં. માટે બન્નેની એકાકારતા, ઉલ્લાસ, વિધિ, અભિશુધ્ધિતા સમાન દેખાય પણ દ્રઢતાની દ્રષ્ટીએ વિચારીએ તો તફાવત કેટલો વધો છે. આવી ધર્મની દ્રઢતા જેને આવી ગઈ છે તેને વિઘ્ન આવે કે ન આવે પણ વિઘ્નજય તેને થયો છે.

મયણાનું સત્વ કેટલું છે. જેને જીન વચનના સમર્થન ખાતર આવુ પગલુ ભર્યું; તેને ભક્તિ કરતાં કોઈ વિઘ્ન આવે તો વિહ્વળતા પેદા કરી શકે તેમ નથી. માટે તેનું અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન છે.

સામાયિક, પૂજા, ભક્તિ, તપ કે કોઈપણ ક્રિયા કરતાં કોઈપણ વિઘ્નની અસર ન થાય તો જ તેને તે ક્રિયાનો વિઘ્નજય કહેવાય. અને વિઘ્નજયવાળી વ્યક્તિને જ તે ધર્મની સિધ્ધી મળશે.

સભા:- વ્યાખ્યાન સાંભળવાની ક્રિયામાં વિઘ્નજય ક્યારે થયો કહેવાય?

સાહેબજી:- વ્યાખ્યાન સાંભળતા કોઈપણ વસ્તુની કે કોઈપણ વાતાવરણની અસર ન થાય. તત્વ શ્રવણના ભાવોમાં ગમેતેવા વાતાવરણની અસર ન થાય તો વિઘ્નજય કહેવાય. અત્યારે તો ઉપરથી એક પાટીયુ પડે તો પણ નજર ક્યાં જાય?

સભા:- તેને તો ચકોરતા કહેવાય.

સાહેબજી:- જો તમે આને ચકોરતા કહેતા હશો તો પછી મેડહાઉસમાં રહેલા વધારે ચકોર કહેવાશે. તેમના મગજમાં અસંખ્ય વિચારો ચાલ્યા જ કરે, જરૂર હોય કે ન હોય. હમણા આ વિચાર કરતાં હોય ત્યાં બીજુ મીનીટે બીજો વિચાર હોય. માટે મગજમાં ગમે ત્યાંથી ગમે તે વિચારો ચાલતા હોય તેને કાંઈ ચકોરતા ન કહેવાય. પણ તમે ગમે તે વાતને, તેની ઉપયોગીતાને બહુ જ ઝડપથી પકડી શકો તેનું નામ ચકોરતા છે. અત્યારે તમારે વ્યાખ્યાન સાંભળતાં બીજુ ક્યાં ક્યાં ચાલતું હોય છે? કોણ આવ્યુ, કોણ ગયુ, કોણ શું કરે છે? અરે જરૂર ન હોય ત્યાં પણ નજર ફરતી હોય ને? કોઈ વ્યક્તિ આવીને જરા રાડ પાડે તો તમારી વ્યાખ્યાન સાંભળવામાં એકાગ્રતા રહે ખરી? ધ્યાન તમારુ ક્યાં જાય? માટે એકાગ્રતા નથી.

જેમ તમે એક ખમાસમણુ આપતા "ઈચ્છામિ" બોલો છો. એટલે ઈચ્છાથી ખમાસમણુ આપુ છુ. દેવ-ગુરુને જ ખમાસમણુ આપવાનું છે. આ જ તત્વ પૂજનીય, વંદનીય છે. તેવું લાગ્યુ છે માટે સ્વેચ્છાએ, કોઈના પણ દબાણ વગર કે શરમ વગર તમે આપો છો. બધો ધર્મ ઈચ્છાથી જ કરવાનો છે માટે જ દરેક જગ્યાએ "ઈચ્છામી" ગોઠવ્યું છે. "જાવણિજ્જાએ" બોલો ત્યારે અર્થ શું થયો? ક્ષમાના સાગરને વંદન કરો છો તે વખતે મન-વચન-કાયાની એકાગ્રતા જોઈએ. માટે મારુ મન, ઈન્દ્રિય, બહારના નિમિત્તોમાં, વિષય, કષાયોમાં નહીં જાય. તેવા સંકલ્પ સાથે ખમાસમણુ આપુ છું. ખાલી બીન જરૂરી વિઘ્નો કરે તેવા જેટલા વિષય, કષાયો છે તેનો નિરોધ કરી ખમાસમણુ આપવાનું છે.

પછી "નિસિહિયાએ" બોલો છો એટલે સંસારના બધા ભાવોને વોસીરાવીને આપવાનું છે. અત્યારે સારુ સંગીત વાગવાનું ચાલુ થાય તો પછી મારા શબ્દો તમને કાને અથડાઈને જ પાછા આવે ને? દેવતાઈ સંગીત પણ જો વાગતું હોય તો ખમાસમણામાંથી

બીજે મન જાય નહીં. તમે તો અત્યારે બોલો છો જુદુ અને કરો છો જુદુ.

પ્રત્યેક ક્રિયામાં બોલ્યા પ્રમાણે વર્તન કરવાનું છે. ત્યારે તમે શું કરો છો? જે પ્રતિજ્ઞા કરો તેનાથી વિરુધ્ધ જ વર્તન કરના હોવ છો. એક આટલા ખમાસમણામાં પણ કેટલો ત્યાગ મૂક્યો છે. દુનિયાના બધા ધર્મોમાં વિનય, નમસ્કાર, વંદના છે પણ ક્યાંય આટલા નિતિ નિયમો નથી. અત્યારે હરેક ક્રિયા તમને કેવી લાગે છે?

સભા:- મહામુલી લાગે છે.

સાહેબજી:- મહામુલી જ લાગવી જોઈએ પણ તમને તો મામુલી લાગે છે તેવું જ તમારુ વર્તન છે. સંગીતની વાત કરી પણ તે વખતે જો કદાચ તમને મનગમતી વાનગીની સોડમ આવે તો મોંમાં પાણી છુટે ને? તેમ પાંચેય ઈન્દ્રિયની વાત છે. અરે કોઈ કદાચ રૂપાળો વ્યક્તિ ન હોય પણ જો તે વખતે આવે તો ધ્યાન ક્યાં જાય? એક ખમાસમણું આપવું તે પણ એક વિરતિની ક્રિયા છે.

આપણી એકે ક્રિયા એવી નથી કે જેમાં હજારો પાપોનો ત્યાગ ન હોય. એક ખમાસમણામાં અહિંસા કેટલી? સત્યનું આચરણ કેટલું આવે? પરિગ્રહનો ત્યાગ કેટલો આવે? તે વખતે પૈસામાં મન હોય તો ચાલે ખરુ? મમતાનો ત્યાગ કરી ખમાસમણું આપવાનું છે. એક ખમાસમણામાં પણ કેટલા પ્રકારનો ધર્મ છે. ખમાસમણુ આપતાં કદાચ કોઈ બોલે તે વખતે ગુસ્સો આવે તો ચાલે ખરુ?

દુનિયાના કોઈ ધર્મમાં આવું વંદન નથી. માટે વિધ્નજય કરીને એક ખમાસમણું આપવું તે કાંઈ બચ્ચાના ખેલ નથી. ઘણા શું માને કે પાંચે અંગ નમાવી, પૂજા, પ્રમાર્જના કરી, સૂત્રોના અર્થ બરાબર સમજી ખમાસમણુ આપીએ એટલે બરાબર વિધિ સહિત આપ્યું કહેવાય. પણ પાંચેય ભાવધર્મ પૂર્વક ખમાસમણું આપવાનું છે. તે જ બરાબર આપ્યુ કહેવાય. આવુ આપી શકશો ખરા?

આપણે ખતર ગચ્છમાં "દેવચન્દ્રસૂરી" થઈ ગયા. તેમને ઘણી સુંદર રચનાઓ કરી છે. તેમને "સંભવનાથ" પ્રભુના સ્તવનમાં લખ્યુ છે કે "એકવાર પ્રભુ વંદના રે આગમ રીતે થાય" એક વખત આગમમાં કહી છે તે રીતે જો મારી આપને વંદના થાય તો મારો આ ભવ સફળ છે. હું આપને પ્રાર્થના કરુ છુ

કે એક વખત વિધિપૂર્વક વંદના કરી શકું. માટે વિચારજો આવા મહાપુરુષોએ પણ આવું કહ્યું છે માટે કેટલું દુષ્કર હશે.

અત્યારે તમારાથી સંપૂર્ણ વિધિપૂર્વક ન થઈ શકે. પણ એક ટકો, બે ટકા, પાંચ ટકા એમ કરતાં કરતાં આગળ વધી શકાય. પણ તમારો તો અત્યારે એક ટકામાં પણ નંબર આવે તેમ છે?

સભા:- આવી સમજણ જ નહોતી.

સાહેબજી:- રસ નહોતો માટે સમજણ નહોતી મેળવી. પણ શાસ્ત્રમાં બધું જ લખાણ છે. "જાવણિજ્જાએ" નો ભાવાર્થ વાંચો ત્યારે તેમાં હજારો પ્રકારના મન-વચન-કાયાથી પાંચે ઈન્દ્રિય દ્વારા થતાં તમામ વિષય-કષાયોનો ત્યાગ કરવાનો છે. જે મહાદુષ્કર છે.

કૃષ્ણમહારાજાએ નેમીનાથ ભગવાનના ૧૮ હજાર સાધુને વંદન કર્યા જેનાથી ૪ નારકીનું નિવારણ થયું. તેમાં કેટલો લાભ થયો કે ક્ષાયિક સમકીતને પ્રાપ્ત કરી ૪ નારકીનું નિવારણ કર્યું. સાથે અદ્ભુત કર્મની નિર્જરા કરી. આત્માના સુખનો અનુભવ કર્યો છતાં તે વંદન દ્રવ્યથી જ હતું. તે ભાવવંદન નહોતું.

માટે વિચારજો ભાવવંદન કેટલું દુષ્કર હશે. સંપૂર્ણ રીતે કરવું મહામુશ્કેલ છે. જૈન શાસનનો વંદના ધર્મ લોકોત્તર ધર્મ છે. સામાન્ય ધર્મોમાં શું માને કે બહુમાન પૂર્વક પગે લાગવુ, નમસ્કાર કરવો તેનું નામ વંદન. હવે દ્રવ્ય વંદનથી જો ૪ નારકી તૂટી આટલું ફળ હોય તો ભાવવંદનનું તો કેટલું ફળ હશે?

સભા:- "ઇક્કોવિ નમુક્કારો" તે આ નમસ્કાર?

સાહેબજી:- તે તો ક્ષપકશ્રેણીનો નમસ્કાર છે. તે કરે પછી તો જીવ અંતઃમુહૂર્તમાં કેવળજ્ઞાન પામે. એ નમસ્કાર લાવવા માટે બેકગ્રાઉન્ડ રૂપે તો લાખો નમસ્કાર કરવા પડશે. ઉંચી ભૂમિકાનો નમસ્કાર પ્રાપ્ત કરવાનો અભ્યાસ રૂપે ઘણા ભવ જાય.

સભા:- કૃષ્ણરાજાને વંદન કરતાં ભાવ ભળ્યો હોત તો બીજી ત્રણ નારકી તૂટી જાત? ભાવવિરતિમાં નરકગમન થાય?

સાહેબજી:- તે વખતે ભાવ ભળ્યો હોત તો વિશેષ લાભ મળત. પણ ત્રણે નારકી તૂટી

જાય તેવું ન કહેવાય. ભાવવિરતિની હાજરીમાં નરકગમન થતું નથી. તેમને કેમ જવુ પડ્યુ કે તેઓ ભાવવિરતિ પામ્યા નહોતા.

નયવાદમાં ચર્ચા કરતાં કહ્યુ છે કે સમકીતી તો કેટલા મરીને નરકે ગયા છે. જ્યારે ભાવ ચારિત્રી તો એકે નરકે ગયા નથી. પણ બાંધેલુ સ્ટોકમાં હોય તે ખપી જાય તેવું નથી. નીચકુળમાં જન્મનાર પણ જો ભાવથી વિરતિને પામે તો તેને ઉચ્ચકુળનો ઉદય થાય. અશુભ કર્મો તુટી જાય. પાપકર્મનુ પુણ્યકર્મમાં તત્કાળ ફળનું રૂપાંતર થાય.

સભા:- ભાવવિરતિ કેમ ન પામી શક્યા?

સાહેબજી:- ચારિત્ર મોહનીય નિકાચીત છે. અત્યારે તે તોડી શકે તેમ નથી. ચારિત્ર મોહનીય તોડવું સહેલું નથી. તીર્થંકરને પણ તે કર્મ બેસાડી રાખે છે. બધા કર્મોમાં મોહનીય કર્મની તાકાત વધારે છે. અને તેમાં નિકાચીત મોહનીય હોય તો તેની તો વધારે તાકાત છે.

હવે મયણાને જીનભક્તિમાં વિઘ્ન આવે કે ન આવે પણ જીનભક્તિમાં જે ભાવ હતા તે વિઘ્નજયવાળા જ હતા. વિઘ્નોથી તે તેમાં વિચલીત થાય તેમ નથી.

ઘણા એટલા સત્વશાળી હોય છે કે ધર્મ કરવા બેઠા એટલે બેઠા. તેમાં સંસારના કોઈ સંયોગની કે વ્યક્તિની તાકાત નથી કે તેમાંથી તેમને વિચલીત કરી શકે. જેમ સામાયિક કરવા બેઠાને ત્યારે દિકરાના ખરાબ સમાચાર આવે તો પણ કોઈ થાય નહીં. પછી સામાયિક પુરૂ થાય પછી તે ગમે તેટલું રડે. પણ આ વિઘ્નજયના તેને પરિણામ છે.

જેમ કૃષ્ણમહારાજા યુધ્ધો કરે, સામ્રાજ્ય મેળવે પણ અઠ્ઠમની સાધના કરવા બેસે ત્યારે કેવી રીતે બેસે. તેમની એકાગ્રતાને કોઈ તોડી ના શકે. આ વિઘ્નજયની નિશાનીઓ છે. આપણે એક પણ ક્રિયામાં વિઘ્નજય મેળવ્યો છે? જો થોડો થોડો પણ વિઘ્નજય થયેલ હશે તેટલો લાભ મળશે. પણ ઉત્કૃષ્ટ વિઘ્નવાળાની ક્રિયા તો જરાપણ લાભદાયી બનતી નથી.

હવે જેને તમામ વિઘ્નજય થઈ ગયો છે તેને સિધ્ધિ ભાવધર્મ આવી જાય.

સિધ્ધિભાવધર્મ:- જેને જે ધર્મ સિધ્ધ થયો તે ધર્મ તેના જીવનમાં નિરતિચાર અનુષ્ઠાન હોય.

જેમ સામાયિક કરવા બેઠા તે વખતે બેઘડીમાં મન-વચન- કાયાથી એકપણ અતિચાર ન લાગે તેવું તેનું સામાયિક હોય. તેને નિરતિચાર ક્રિયા કહેવાય.

તમામ ક્રિયા અતિચાર રહિત કરવા યોગ્ય ભાવો.

આના માટે અતિચાર એક પ્રકારનો દોષ છે. આપણે ત્યા દોષના ૪ પ્રકાર બતાવ્યા છે.

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર.

લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ અતિચારથી થતો નથી. અતિચાર સુધી વ્રત અનુષ્ઠાન ગણાય છે. તેમાં ખામી છે. પણ વ્રત ભાંગી જતું નથી. પણ અનાચાર સેવાયો એટલે વ્રત ભાંગી જાય છે. જેમ ઉપવાસનું પચ્ચખાણ લીધુ અને તેને ખાવાની ઈચ્છા થઈ તો અતિચાર લાગે પણ પચ્ચખાણ ભાંગી જતું નથી. પણ પચ્ચખાણ લીધા પછી તે જો ખાવા બેસી જાય તો વ્રત ભાંગી જાય છે. કારણ અનાચાર સેવાઈ ગયો છે. ખાવાની ઈચ્છાથી અતિચાર લાગે પણ મુળમાંથી વ્રત તુટતું નથી.

સભા:- ઉપવાસમાં પારણાની ચિંતા કરે તો અતિચાર લાગે?

સાહેબજી:- તમે પૌષધ અતિચાર બોલો છો ને કે "પારણાદિક તણી ચિંતા કીધી" પણ પૌષધ, સામયિક ન લીધુ હોય અને પારણાના દિવસ માટે કદાચ વાનગી બનાવો તો પાપ નથી. ઉપવાસ કરો ત્યારે મારે આજે ખાવું નહીં તેવા પચ્ચખાણ છે પણ કાલે ખાવું નહીં તેવા પચ્ચખાણ નથી. જેમ તે દિવસે મારે ખાવું નહીં તેવા પચ્ચખાણ છે પણ બીજાને ખવડાવવું નહીં તેવા પચ્ચખાણ નથી. માટે તમે ખવડાવો તો ઉપવાસ ભાંગતો નથી. તેમ કાલના માટે કોઈ વાનગી બનાવે તેટલા માત્રથી અતિચાર ન લાગે. હા, પૌષધમાં તેની ચિંતા કરો, ઈચ્છા કરો તો દોષ લાગે. હવે તમે પારણાની ચિંતા કયા કારણથી કરો છો? વ્યવસ્થા રૂપે વિચાર કરો છો કે પેટમાં કુરકુરિયા બોલે છે માટે મોંમા પાણી આવે છે. જેથી સવારે ગરમાગરમ રાબ પીશું, મગ ખાશુ. આવી જો ઈચ્છાથી ચિંતા કરો તો રાબ, મગમાં આકર્ષણ છે માટે દોષ છે. અતિચાર લાગે.

જેમ પારણા માટે મીઠાઈ બનાવે તે વખતે તેની સુગંધ મળાથી મોંમાં પાણી

આવે. માટે અતિચાર લાગે છે. ઉપવાસમાં ભાવતી વસ્તુ પ્રત્યે આકર્ષણ થાય તો ચોક્કસ અતિચાર લાગે પણ એ વ્યવસ્થા માટે બનાવે તો અતિચાર ન લાગે. કારણ અત્યારે જે વસ્તુનો ત્યાગ કર્યો છે તેની વિરુદ્ધ ભાવ નથી આવ્યો.

નિરતિચાર એક નવકારશી કરવી કે ઈરિયાવહિ કરવા કે ખમાસમણું આપવું ઘણું જ મુશ્કેલ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે બધી ક્રિયા નિરતિચાર કરવી તે "રાધાવેધ" કરતાં પણ કઠણ છે. જોકે અત્યારે તમારે વેર રહ્યા જ નથી. તમારે અત્યારે એવા શસ્ત્રો આવ્યા છે કે નિતિપૂર્વક જો લડવું હોય તો પણ લડાય નહીં. તીર્થંકર જ્ઞાની હોવાં છતાં પણ મિસાઈલોને શોધીને આપી નથી. શું નિતિ શું અનિતિ બધાનું વર્ણન તીર્થંકરે કર્યું છે. ચોરી કરનાર માણસને પણ શું નિતિ નિયમ હોય તે પણ બતાવ્યા છે.

સભા:- ચોરી કરવી એ જ અનિતિ નહીં?

સાહેબજી:- કપરા સંયોગોમાં ચોરી કરનારને નાલાયક ન કહી શકો. આ દેશમાં બહારવટીયાની શું છાપ, ઈમેજ હતી. બહારવટિયા ઈમાનદાર જ હોય. ગમે તેવી જુવાનજોધ સ્ત્રી નીકળે હાથ પણ ન અડાડે. કોઈને પણ ગમે તે રીતે ન લુંટે. જંગલીની જેમ ન જ લુંટે.

અરે આર્યદેશની વેશ્યાઓને પણ કુલાચાર હોય. જેમ ગમે તે વ્યક્તિ ગણિકાને ત્યાં જઈ કહે તારે આમ કરવાનું છે તો ના પાડે, કહે આ તો અમારા કુળાચારની વિરુદ્ધ કામ છે. અમે પણ અમારા કુળાચારથી વિરુદ્ધ જીવીએ તો પાપ લાગે. તમને તમારા કુળાચારની ખબર છે? જૈન એટલે હાઈ કાસ્ટ કહેવાય. છતાં તમને પુછે તમારા કુળાચાર, કુળધર્મ કયા તો ખબર છે?

યોગવિંશીકા લખી તેવી તેમને કુલ વીસ વિંશીકા લખી છે. તેમાં એક લોકધર્મ વિંશીકા છે. તેમાં દરેક વ્યક્તિ માટે પોતપોતાના કુળધર્મ કેવા છે તેનું પાલન કરો તો પુણ્ય બંધાય તે બધાનું વર્ણન છે.

૪ આશ્રમમાં કયો કુળાચાર ધર્મ સેવવો તે ખબર છે? તમે કયા

આશ્રમમાં છો?

સભા:- ગૃહસ્થાશ્રમમાં છીએ.

સાહેબજી :- અરે ઘણા તો વાનપ્રસ્થાશ્રમમાં છે. તેનો ધર્મ શું છે તે ખબર છે? કૌમ્યુનીટી તરીકે તમારૂ વૈશ્ય કુળ છે. હવે તેમાં સદાચાર શું છે તે ખબર છે? ધનાસાર્થવાહનો જીવ આગલા ભવમાં શ્રેષ્ઠીપુત્ર હતા. ને વખતે તેમને મિત્રો સાથે બગીચામાં પ્રવૃત્તિ કરી. તેમના બાપાને ખબર પડી તેથી કહે છે કે આપણા કુળને આ પ્રવૃત્તિ ઉચિત નથી. ભલે તે આમ સારૂ કામ છે પણ આપણા કુળ માટે ઉચિત નથી.

પણ તમે અત્યારે ક્યાં પહોંચ્યા છો? કુળધર્મ બરાબર પાળે તો વ્યક્તિ અનેક ગુણોનો વિકાસ કરી શકે. અને તેનાથી તેને પુણ્ય બંધાય.

જુનકાળમાં ક્ષત્રિય પરણે ત્યારે જાનમાં કોન જાય? વર જાય કે તેનું ખાંડુ જાય અને કન્યા પણ તેની સાથે પરણે. ક્ષત્રિયાણી પણ શું ઇચ્છે કે પરાક્રમી ક્ષત્રિય જોઇએ.

સભા:- સાહેબજી અમારે ત્યાં લગ્નમાં શું આવે?

સાહેબજી:- તમારે માટે શું; વૈશ્યકુળમાં દિકરીના લગ્ન થાય તો મા-બાપ કન્યાને આણામાં યથાશક્તિ ધન-વૈભવ, સંપત્તિ આજીવન ચાલે તેટલું આપે છે. માટે દહેજ એ શાસ્ત્ર દષ્ટીએ યોગ્ય છે. અત્યારે તમારે ત્યાં વાડબડ કોની ચાલે છે?

ઋષીમુનીઓને આર્ય વ્યવસ્થા કરવા પાછળ ગહન રહસ્ય હતું.

દિકરાને વારસા રૂપે સંપત્તી મળે, પણ દિકરીને ક્યારે બાપની સંપત્તિ મળે. પરણીને જાય ત્યારે જ. સ્થાવર મિલ્કત તો આપી શકે નહી માટે આણામાં જ યથાશક્તિ સંપત્તિ આપે.

સભા:- આમ આપે તો અતિશયોક્તી થાય?

સાહેબજી:- આ બધા તમારા ખોટા ગપ્પા છે. દિકરાને તમે જેટલો વારસો આપ્યો તેનાથી કદી દિકરીને વધારે આપ્યુ હોય તેવું બન્યુ છે ખરૂ? આર્ય પરંપરા તો શું હતી કે દિકરી આર્થિક જવાબદારીથી જીંદગી સુધી સુખી રહે તે માટે શ્વસુરપક્ષ, અને પિતૃપક્ષ બન્ને યથાશક્તિ આપે.

કુદરતની જ વ્યવસ્થા છે કે 'મા' તો સ્ત્રીએ જ બનવાનું છે. કુદરતે તેના પર સંતાનોની ફિકર મુકયો છે. માટે તેના ઘડતર માટે, તેને સંસ્કારો આપવા માટે માતા ઘરમાં જ રહે. પરંતુ અત્યારે તો પરિસ્થિતિ સાવ ઉંધી છે. આ તમારા શિક્ષણ, અને છાપા મેગેઝીન મીડીયા દ્વારા બધી પરંપરા તોડી ભયંકર સ્થિતિ સર્જતી કરી છે. સંસ્કાર, શીલ, સદાચાર અત્યારે શોધ્યા જડે તેમ નથી. તમારી દિકરીઓ અત્યારે કોલેજમાં જઈને કેવી તૈયાર થઈ છે. વર્ણન થાય તેમ છે? માટે આ બધુ કુળધર્મની વિરુધ્ધ છે. ઉચ્ચકુળની સ્ત્રીઓ કદી બજારમાં ફરે?, વખત જતાં આ દેશમાં સ્ત્રીઓ રહેશે પણ શીલ, સદાચાર રહે તેમ નથી. તમે લોકોએ કુળધર્મને દેશવટો જ આપ્યો છે.

જેમ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ એ અધ્યાત્મીક ધર્મ છે. જ્યારે પેલો સામાજિક ધર્મ છે. માટે આખા જગતને હિતકારી જતી નિયમો ન પાળે તો પાપ લાગે. કુળધર્મને તોડવાના કારણે તમને આ બધી વાતો બાબાઆદમના જમાનાની વાતો લાગે છે. જુની વાતો ખરાબ હોય તો અમે વખોડવા તૈયાર છીએ, પણ આ બધી વાતો લખનાર તો પુર્વધર નજીક છે. માટે બધા કુળધર્મ પાળવા યોગ્ય છે. અને પાળનારને સદ્ગતિ આદિ બંધાય, પુણ્ય બંધાય છે.

દહેજ પ્રથા માટે આજે કેટલું વખોડાય છે. પણ ખબર છે આ વ્યવસ્થા કોને સ્થાપી છે? મહાપુરુષોએ સ્થાપેલી વ્યવસ્થાની નિંદા કરે, વખોડે તો પાપ બંધાય કે નહીં? પ્રભુએ તમારી સંસાર દશાએ પણ કેટલી ચિંતા કરી હશે. કુળધર્મનું વર્ણન એક સ્વતંત્ર વિષય છે. માટે આ વ્યવસ્થા તોડવાથી સ્વ અને પરનું ખુબ જ અહિત થઈ રહ્યુ છે.

હવે સિધ્ધિ ભાવધર્મવાળા અતિચાર રહીત, અણીશુધ્ધ ક્રિયા કરે. એક પણ દોષ ન લાગે તેવી તેમની ક્રિયા હોય. જો એક દોષ પણ લાગી જાય તો જીવ સિધ્ધિને લાયક નથી.

જેમ સામાયિકમાં અતિચાર કેવા કેવા ક્યાં લાગે છે?

હવે તમે સામાયિકમાં બેઠા છો અને હું મયણા શ્રીપાળનું વર્ણન કરુ છુ

તેમાં આવે છે કે ધવલના સૈનિકો શ્રીપાળને મારવા આવ્યા. આ શ્રીપાળ આદર્શ પાત્ર છે એટલે તેને હીરો કહી શકાય. આ પાત્ર પર આક્રમણ થાય તે વખતે તમને સાંભળતા એમ થાય કે શ્રીપાળ જીતી જાય તો સારું. ધવલ હારે તો સારું. જો આવો ભાવ તમને સામાયિકમાં આવે તો પણ અતિચાર લાગે. જેમ શ્રીપાળ ખાલી હાથે નિકળ્યા છે પણ જ્યારે તેમને રાજ-વૈભવ-સત્તા બધું મળે છે ત્યારે તમે સાંભળતાં રાજી પણ થાઓ તો દોષ લાગે.

જેમ તમારો દિકરો કમાયો કે ખોયા એના કાંઈ સમાચાર તમે સામાયિકમાં હોવ ને મળે. તે વખતે રાગ દ્વેષ થાય તો અતિચાર લાગે.

તથા સામાયિકમાં તમને સંઘ કાઢવાની, આંગી કરવાની, પ્રભુની આરતી ઉતારવાની આવી આરંભ-સમારંભવાળી ધર્મની પણ પ્રવૃત્તિની ઈચ્છા થાય તો દોષ લાગે.

હા, સામાયિકમાંથી ઉઠ્યા પછી આ બધું જ વિશેષ રીતે કરી શકો છો. જેમ ઉપવાસમાં ખવાય તો નહીં, પણ ખાવાની ઈચ્છા કરે તો પણ દોષ લાગે. માટે અતિચાર ઘણી ઊંડી વસ્તુ છે. તેથી નિરતિચાર ક્રિયા કરવા માટે પહેલાં ખુબ સમજવું પડે કે મને ક્યાં ક્યાં કઈ રીતે અતિચાર લાગે છે.

કયા ભાવ દોષ રૂપ છે, કયા ભાવ ગુણ રૂપે છે.

સભા:- સામાયિકમાં શું ભાવ કરાય?

સાહેબજી:- નિર્દોષ ભાવો કરાય. સારી કે ખરાબ હિંસા ન હોય તેવા પ્રકારના ધર્મના વિચાર કરી શકો. જેમ ભગવાનના ગુણોના, સ્વરૂપનું ચિંતન, મોક્ષના સ્વરૂપનું ચિંતન, ભગવાનની સંયમકાળની સાધનાનું ચિંતન, આત્માના સ્વરૂપનું ચિંતન, નવતત્વનું ચિંતન, સ્વાધ્યાય આદિ કરી શકો છો. અનેક પ્રકારે છે. પણ વાચા વાચા પણ આરંભ-સમારંભવાળી પ્રવૃત્તિ કે તેના ભાવો ન કરી શકાય. કારણ તમે પ્રતિજ્ઞામાં સાવદ્ય પાપોનો ત્યાગ કર્યો છે.

જેમ તમે સામાયિકમાં બેઠા છો ને ટપાલી આવીને કહે કે આ નામની ટપાલ તમારી છે? અને તમે હા પાડો. હવે એજ ટપાલમાં કદાચ તમારા દિકરા

દિકરીના સગપણ બાબતની વાત હોય, કે પછી કદાચ ધંધા માટેનું સુચન હોય, અને તે પ્રમાણે કરે ત્યારે તેમાં જેટલી હિંસા થઈ તે બધામાં તમો ભાગીદાર. જેમ ટપાલ આવ્યા પછી જ તે સૂચન પ્રમાણે દિકરા-દિકરીના સગપણ થયા અને પછી જે તેનો સંસાર ચાલશે તે બધામાં તમારો હિસ્સો. હવે આવું સામાયિકમાં ચાલે ખરું? માટે આ બધા દોષો છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ -

૧૦-૧૦-૯૫
મંગળવાર.
આસો વદ બીજ.

# ॥ સિદ્ધિ ભાવધર્મ ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણા આત્મા માટે નિરતિચાર ધર્મ અનુષ્ઠાનને પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ કોઈપણ ધર્મ આત્મામાં જ્યારે નિરતિચાર પણે પ્રગટે છે ત્યારે જ તે જીવ તેના પરિપૂર્ણ ફળને પ્રાપ્ત કરે છે. પરિપૂર્ણ ફળની ઉપલબ્ધી માટે અણિશુદ્ધિ, ચોકસાઈ સાથે નિરતિચાર અનુષ્ઠાન જ જોઈએ.

જેમ રસોઈ બનાવવામાં પણ જો તેના નીતિ નિયમો બરાબર ન પાળો તો ફળ બરાબર મળે ખરું? જેમ કાંઈ તળવા બેસો ત્યારે જો તેલ બરાબર ગરમ ન થયું હોય ને વસ્તુ નાંખો તો શું થાય? અથવા વધારે પડતું તેલ ગરમ થઈ ગયું હોય ને વસ્તુ નાંખો તો પણ શું થાય? માટે વગર ચોકસાઈએ ક્રિયા કરો તો અધુરું ફળ મળે. ઉંચુ ફળ મળે તેવી આપણા બધાની ભાવના છે.

શાસ્ત્રોમાં વાંચો કે આવા તપથી આવું ફળ, આવી ભક્તિથી આવું ફળ, એક સામાયિકનું તો કે આવું ફળ, આ બધું ભણો ત્યારે એમ થાય કે અમને પણ આવું ફળ મળે. પરંતુ જેણે અણિશુદ્ધ નિરતિચાર અનુષ્ઠાન કર્યા હોય તેને જ આવા ફળ મળ્યાના દાખલા શાસ્ત્રમાં છે.

કોઈપણ ક્રિયામાં મન-વચન-કાયાને સમગ્રતાથી જોડવા જોઈએ. પરંતુ મન ચંચળ હોવાના કારણે ક્રિયા કરતાં બીજે બધે મન જતુ રહેતુ હોય છે. તેમ કાયા પણ પુરો સાથ આપતી નથી. પરંતુ નિરતિચાર કરનારના ઉપયોગનું વર્ણન વાંચીએ તો ખ્યાલ આવે કે તેમના મન-વચન-કાયાને બીજે ક્યાંય જવાનો સવાલ જ ન હોય. આવી એકાગ્રતા લાવવા માટે ખુબ જ પ્રયત્નની જરૂર છે.

સભાઃ- રસ નથી માટે પ્રયત્ન થતો નથી ને?

સાહેબજીઃ- જેને રસ નથી તેને તો પ્રણિધાન ભાવધર્મ પણ નથી. જીવનમાં ધર્મમાં કંટાળો, ઉદ્વેગ, અભાવ, ઉપેક્ષા જે આવે છે તે બધો મિથ્યાત્વનો ઉદય છે. ઉત્કૃષ્ટ વિઘ્નો છે. આવા જીવને તો પ્રણિધાન ભાવધર્મનો અભાવ છે.

જ્યારે સિધ્ધિભાવધર્મવાળાને તો ધર્મમાં પુરેપુરો રસ છે. સાથે પુરુષાર્થની તત્પરતા છે. ઉપરાંત વિઘ્નો આવે તો તેને દ્રઢતાથી જીતી શકવાના પરિણામ છે. માટે જે આગલી કક્ષાને પાસ નથી કરતો તેને ઉપલી કક્ષામાં પ્રવેશ મળી શકતો નથી. અત્યારે તો આપણે નિરતિચાર ક્રિયાવાળાનું માનસ કેવું હોય તે સમજવાનું છે.

શાસ્ત્રમાં વજ્રસ્વામીનું દૃષ્ટાંત આવે છે કે એક વખત તેમને શરદી-કફ થયેલા, ત્યારે શિષ્યોને કહ્યુ કે સુંઠ ગોચરીમાં લાવજો. આયુર્વેદની દૃષ્ટીએ શરદી-કફ માટે સુંઠ અકસીર દવા છે. ગોચરી વખતે ગુરુમહારાજને ઉપસ્થીત કરીને સુંઠનો ગાંગડો આપ્યો. તે પછીથી વાપરવાનો હોવાના કારણે તેમને કાન પાછળ ભરાવ્યો. હવે ભોજન થઇ ગયા પછી તે સુંઠની વિસ્મૃતિ થવાથી ગાંગડો પડી રહ્યો. પણ જ્યારે પ્રતિક્રમણ કરતાં મુહપત્તી અડવાથી સુંઠ નીચે પડી. તે વખતે તેમની ઉંમર ૮૦-૮૫ની છે. તેમને ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. આટલા લાંબા સંયમ પર્યાયમાં આવી વિસ્મૃતિ પહેલી વખત થઇ છે. માટે વિચારજો કે તેઓ કેટલુ ઉપયોગ પૂર્વક જીવતા હશે? આપણે બધા તો વાતવાતમાં ભૂલી જતાં હોઇએ છીએ.

પરંતુ કોઇપણ ક્રિયામાં શું બોલવાનું? શુ કરવાનું. કેવા ભાવ કરવાના તે ભૂલી જવાના કારણે ન કરી શકીએ તો તેમાં અતિચાર લાગે. નિરતિચાર અનુષ્ઠાન કરવાવાળાને ક્યાંય વિસ્મૃતિ ન હોય. વર્તમાનમાં શું ક્રિયા કરવાની છે, ભૂતકાળમાં કેવી રીતે ક્રિયા કરી તથા ભવિષ્યમાં કેવી રીતે કરવાની છે તે બધાનો સાંગોપાંગ ઉપયોગ તેને હોય. જેમ ગોચરી માટે જાય તો ચાલતાં, ચાલવામાંજ ઉપયોગ હોય, બોલતાં બોલવામાં જ ઉપયોગ હોય માટે તેમની ક્રિયામાં ક્યાંય અનઉપયોગ ન હોય.

સભા:- "ઉપયોગ એ ધર્મ" તે આ અર્થમાં બોલાય છે?

સાહેબજી:- "ઉપયોગ એ ધર્મ" તમારે વ્યવહારમાં બોલાય છે. તે જયણા અર્થમાં બોલાય છે. માટે જ્યાં જયણા કરવાની હોય ત્યાં કરીએ છીએ ઉપયોગ રાખજો. આમ તો ઉપયોગ, એકાગ્રતાને ખાલી ધર્મ ન કહી શકાય. શુભમાં જેમ એકાગ્રતા

હોય તેમ અશુભમાં પણ એકાગ્રતા હોય છે.

તમે અત્યારે એકાગ્રતાનો પણ શું અર્થ કરો છો? જેમ ભક્તિમાં કોઇ તલ્લીન થઇને બધું જ ભુલી જાય તેને તમે એકાગ્રતા માનો છો. પરંતુ આમ બધું ભુલી જવું તેને ખરી એકાગ્રતા નથી કહેતા. આ તો એક દુનીયપણ કહેવાય. ઘેલછા કહેવાય. મૃગાવતીનુ દ્રષ્ટાંત આવે છે.

ભગવાનના સમોવસરણમાં સૂર્ય, ચન્દ્ર મુળ સ્વરૂપે આવ્યા છે. પ્રભુની દેશના રાત્રે ચાલી રહી છે. પણ સૂર્ય, ચન્દ્ર હાજર હોવાના કારણે રાત્રી પડી ગઇ તે ખબર પડતી નથી. તે વખતે એકાકાર થઇને તેઓ દેશના સાંભળી રહ્યા છે. પણ ખ્યાલ ન રહ્યો કે રાત્રી પડી છે. માટે શાસ્ત્રમાં તેમને માટે શું લખ્યુ કે તેમને ભૂલ કરી, દોષ લાગ્યો. માટે જે સમયે જે ઉપયોગ કરવો જોઇએ તે ન કરી શક્યા. માટે તેને એકાકારતા ન કહી પણ ભૂલ કરી તેમ કહ્યુ. જ્યારે તેમને ખ્યાલ આવ્યો કે રાત્રી પડી ગઇ છે તેઓ ઉઠી ગયા. કારણ તેમને સમયનું ભાન હતું. માટે સમયનુ ભાન ન રહે તેને ઉપયોગ શુન્યતા કહેવાય. પણ એકાકારતા ન કહેવાય. પ્રભુવાણી તો ૧૬ પહોર ચાલી છે. તેમને શાસ્ત્રના કોઇ બંધન ન હોય. તેઓ તો રાત્રે વિહાર પણ કરી શકે. શાસ્ત્રના બંધન તો છદ્મસ્થ માટે છે. માટે શ્રોતા તરીકે જવાબદારી આવે કે રાત્રિ થાય તે પહેલાં ઉઠી જવું જોઇએ.

સભા:- સાધુ ભગવંત રાત્રે બેસી દેશના સાંભળી શકે?

સાહેબજી:- હા, સાંભળી શકે. તેઓ તો આખી રાત પણ રહી શકે છે.

સભા:- સાંભળવા આવેલા શ્રાવિકાઓ રાત્રે બેસી શકે?

સાહેબજી:- તેમને પણ ચાલ્યા જવું જોઇએ. કદાચ ન જાય તો તે વિરતિમાં નથી. જ્યારે સાધ્વીજી તો સર્વવિરતિમાં છે. તેમને પુરેપુરી મર્યાદાઓ પાળવાની આવે.

માટે ઉપયોગ, સાવધાનીનો અર્થ જુદો છે.

સભા:- તો બધા ગાય છે "અમે સમયનું ભાન ભુલ્યા"

સાહેબજી:- તેવું હોય તો તે દોષ જ છે. આવી ભક્તિને ઘેલછા કહી છે. જેમ તમે સામાયિક કરવા બેસો ત્યારથી તમને બરાબર ખ્યાલ હોવો જોઇએ કે શું શું કરવા

યોગ્ય છે.

સભા:- સામાયિક ૪૮ મિનિટે પારી જ લેવું જોઈએ?

સાહેબજી:- નિરતિચાર કરનારને તો પારી જ લેવું જોઈએ. સમયનું પણ તેને જાગૃતિ પૂર્વકનું ભાન જોઈએ. કાળકાળનો તેને ખ્યાલ રહેવો જોઈએ.

સભા:- તો પછી અમારે ૪૮ બદલે ૫૮-૬૮ મીનીટ થાય તો દોષ લાગે?

સાહેબજી:- દોષ ખરો, પણ તમારે શું છે કે મોટા મોટા દોષોનું નિવારણ કરવું નથી. અને આવા નાના નાના દોષોને પકડી ચિકાસ કરો છો. પરંતુ પહેલાં મોટા દોષો જ કાઢવાના છે.

સાથે નાના દોષો ક્યાં લાગે છે તે સમજવાનું છે. પણ દૂર તો પહેલા મોટા જ દોષો કરવાના છે.

હવે તમે ભક્તિ કરવા બેઠા ને જો તે વખતે તમે શાસ્ત્રના તત્વના ચિંતનમાં મન પરોવો તો દોષ રૂપ છે. એ અવસરે જહોનું કરવાનું તેમાં તમે મન પરોવવું. જેમ વ્યાખ્યાન સાંભળતાં વિચારો આવે કે હજુ પૂજા બાકી છે, આ વિધિ બાકી છે. આવા સારા વિચારો કરો તો પણ અતિચાર છે.

માટે યોગ્ય અવસરે ઉચિત વસ્તુનું સમગ્રતાથી ભાન રહેવું તેનું નામ એકાકારતા, ઉપયોગ છે. જેમ ગુરુ વૈયાવચ્ચ કરતાં બીજા યોગમાં મન જાય તો ચાલે ખરું?

સભા:- મંદ બુદ્ધિ હોવાના કારણે ભૂલી જઈએ તો?

સાહેબજી:- તમને મંદ બુદ્ધિ ધર્મમાં જ નડે છે ને? ધંધામાં ક્યાંય નડે છે ખરી? તમારા રસના વિષયમાં બધાને ભાન રહેતું જ હોય છે. તમે કાંઈ માષતુષમુની જેવા ભૂલકણા છો? હજાર માણસની ઓળખાણ આપી શકો તેમ છો. એટલું જ નહીં તે વ્યક્તિઓની બીજી કેટલીય માહિતી યાદ હશે. આ કેવા સ્વભાવનો છે. તેના કાકા કોણ, મામા કોણ? બીજી કેટલી પંચાતો ભરેલી હોય છે. બોલો લીસ્ટ આપું? સંસારમાં હજારો બાબતની માહિતી હોય, પણ અહિંયા જ યાદ નથી રહેતું કારણ શું? પુરુષાર્થની સતેજતા નથી. રસ નથી. તમારે કાંઈ આવ

બુટ્ટો ક્ષયોપશમ નથી. પરંતુ આવશ્યક હોવું જોઈએ તેનો જ તમને ખ્યાલ નથી. માટે ઢગલાબંધ અતિચાર લાગે છે.

નિરતિચારમાં આવ્યા તે જુવો સંસારના છેડે પહોંચ્યા છે. કારણ હવે તેમને ધર્મ સિધ્ધ થયો છે. જે ઝડપથી તેને ફળવાનો છે.

ઘણા જીવોને તો સાચો ધર્મ મળતો જ નથી. જો મળે તો ગમતો નથી. શ્રધ્ધા નથી, ગમે તો પુરુષાર્થ નથી. હવે પુરુષાર્થ છે તો વિઘ્નોને જીતી શકે તેમ નથી. માટે સિધ્ધિભાવધર્મ પામવો તો ઘણો જ દુષ્કર છે.

પુણિયા શ્રાવકનુ સામાયિક આવું હતું. શાસ્ત્રમાં જે રીતે મન-વચન-કાયાની ઉપયોગની સમગ્રતાથી એકાકારતા સાવધાની સાથે બતાવી છે. તે રીતે તેનું આ અનુષ્ઠાન હતું. જેમ તમે કાઉસગ્ગ કરતાં પણ જો તત્વચિંતનમાં ચડી જાઓ તો દોષ લાગે.

સભા:- તે વખતે અર્થચિંતન કરે તો દોષ.

સાહેબજી:- તમે તે વખતે વિસ્તારમાં ચાલ્યા જાઓ ને સમય વધારે થાય તો દોષ લાગે. જો ઓછો સમય થાય તો પણ દોષ લાગે. ગબડાવે રાખો તો પણ દોષ, અને વધારે સમય લો તો પણ દોષ. માટે નિરતિચાર અનુષ્ઠાન ખુબજ જાગૃતિ માંગે છે.

સભા:- વિઘ્નજયવાળા અતિશુધ્ધ અનુષ્ઠાન કેમ નથી કરી શકતા.

સાહેબજી:- તેને ક્રિયા કરતાં એમ થાય કે કદાચ ક્રિયામાં ભૂલ ન થઈ જાય. માટે જે સાવધાની રાખવી પડે છે તે જ અતિચાર છે. ભૂલ થવાની ચિંતા છે તે જ બતાવે છે કે હજુ અનુષ્ઠાન સિધ્ધ થયું નથી. ભૂલ ન થઈ જાય તેની ચિંતા રહેલી હોય તે પણ એક ભૂલ છે. જેમ રોજના કાપડના વેપારીને તાકો ફાડતાં ચિંતા હોય કે તે આડો ફાટી જશે? કારણ શું?

સભા:- આદત પડી ગઈ છે માટે સ્વાભાવિક થઈ ગયું છે.

સાહેબજી:- અત્યારે તમારે ધર્મ, સદાચાર આદત રૂપે થયા છે કે પરાણે કરવા પડે છે? બસ જ્યારે સ્વાભાવિક થઈ જશે ત્યારે સિધ્ધ થઈ જશે.

તમારા વ્યવહારમાં કહે છે ને કે આને આ પદ્માસન સિધ્ધ થઈ ગયુ છે.

એટલે શું છ કલાક પણ તે આસનમાં બેસી રહે તો તેને કાંઇ થાય નહીં. મઝેથી બેસી શકે. નેચરલ જેમ બેસતો હોય તેમ બેસી શકે. માટે નેચરલ લેવલમાં જે થાય તેને સિધ્ધ થયુ કહેવાય. તમારી ક્રિયામાં ખામી આવશે તેવી પણ જો તેને ચિંતા હોય તો સિધ્ધ થયું ન કહેવાય.

સંપૂર્ણ અગ્નિશુધ્ધિ ક્રિયા કરવા કેટલુ હાઇકેલીબર જોઇએ. હજુ આપણે તો તેનાથી કેટલા દૂર છીએ. જ્યારે મયણાને બધી ખબર છે કે ભક્તિ કરતાં ક્યારે કયા પરિણામથી કરવાનું છે. એક ક્રિયા કરતાં બીજો વિચાર ન હોય. જેમ દીવો કરતાં, ચામર વીંઝવાના બાકી છે તેવો ભાવ પણ ન આવે.

સભા:- સાહેબજી ૪૮ મીનીટ પછી સામાયિક પારીએ તે દોષ નહી? હજુ વાત મગજમાં બેસતી નથી.

સાહેબજી:- દોષ ચોક્કસ છે. પણ નાનો દોષ છે. પરંતુ પહેલાં તો મોટા દોષો કાઢવાના છે. માટે મહત્ત્વ મોટા દોષોને આપીને દૂર કરવાના છે. જેમ તમારા બાણામાં મોટો કચરો પડ્યો હોય તેને પહેલાં દૂર કરો કે બાજુમાં રજકણ પડી હોય તેને પહેલાં દૂર કરો. તેની જેમ અહિંયા આવે. ઘર સાફ કરતાં, પહેલાં મોટા મોટા બાવા દૂર કર્યા પછી નાનો કચરો કાઢોને?

સભા:- ૪૮ મિનિટ પછી પારીએ તો તે વધારે સમયનો લાભ મળે?

સાહેબજી:- એટલા વધારે ટાઇમ સુધી જે પાપપ્રવૃત્તિ નથી કરી તેનો લાભ મળે. પણ સીધો બીજા સામાયિકનો લાભ ન મળે. કારણ સામાયિક પૂરું થઇ ગયું છે.

ગઇકાલે દૃષ્ટાંત આપેલુ તમે સામાયિકમાં હોવને કદાચ તે વખતે તમારો દિકરો અમેરિકાથી બે વર્ષે આવ્યો હોય તો ખુશ થાવને? અસર થાય ને? તેના આવ્યાનો આનંદ થયો એટલે અહિંયા આવતા સુધી જે હિંસા થઇ તે બધામાં તમારી અનુમોદના થઇ. હવે આ દોષ મોટો કે પેલો દોષ મોટો? માટે સમજ, બાકી કમસર દોષોનું નિવારણ કરવાનું છે. તમે જે પચ્ચખાણ લીધા તેના વિરૂધ્ધ ભાવો કે પ્રવૃત્તિ કરી લો તો મોટા દોષ છે.

તમે તો શું કરો છો? મોટી ગંદકી દૂર કરતાં નથી અને નાનીનાની

ગોદડીની પીંજણ કરો છો. હવે આને માટે શાસ્ત્રમાં ઉપમા આપી છે. જેમ શરીરમાં ઠંડી ઉભી થાય ત્યારે તેને દૂર કરવા સીધુ આગમાં જ ઝંપલાવે.

હવે ઠંડી ચઢી છે તેને દૂર કરવા ગરમીની જરૂર છે. તેથી તાપણુ પેટાવો. પણ પછી કહે કે તેની બાજુમાં બેસીશ તો ઠંડી દૂર થતાં વાર લાગશે માટે લાવ સીધુ તાપણા પર જ બેસું. એટલે શું કર્યું નાની એવી ઠંડીને ઉડાડવા માટે સીધુ આખુ બળી મરવાનું પસંદ કર્યું. આ તો કેવી વાત કહેવાય?

માટે તમે નાના ઠંડી રૂપી દોષને ઉડાડવા માટે મોટો બળી મરવાનો દોષ સેવ્યો. તમારી શું હાલત છે કે નાના નાના દોષોની પીંજણ કરીને મોટા દોષો છોડતા નથી. પણ પહેલાં તો મોટા દોષો જ કાઢવાના છે. અત્યારે નાના દોષોની તો ધ્યાન દોરવા પુરતી વાત છે. ખ્યાલ રાખવાનો છે કે કયા કયા દોષ લાગે છે.

ક્રિયામાં ભૂલ ન થઈ જાય તેની ચિંતા તે દોષ છે. પણ તમારે તો અત્યારે ક્રિયામાં ભૂલ ન થઈ જાય તેની ચિંતા કરવાની છે. હવે આવી ચિંતા દોષરૂપ છે છતાં તમારા માટે અત્યારે સેવવા લાયક છે. કારણ શું? કઈ ભૂમિકામાં કયા દોષ સેવવા, કયા છોડવા તેનું બરાબર જ્ઞાન જોઈએ.

પૂજા મધ્યાહ્ન સમયે જ કરવાની છે. ચૈત્યવંદન કરતી વખતે આ સૂત્ર વખતે આ મુદ્રા, આ જ રીતે શબ્દોચ્ચાર, જેમ અટકીને બોલવાનું હોય ત્યાં સળંગ બોલો, ઉંચા અવાજે જ્યાં બોલવાનું હોય ત્યાં નીચા અવાજે, જે લંબાવીને બોલવાનું હોય ત્યાં ટૂંકાવીને. આવા તો ઢેર ઢેરના દોષો છે. જે બધા જ અતિચાર કહેવાય. માટે ગઈકાલે કહ્યુ હતું કે રાધાવેધ કરવો હજી સહેલો છે પણ નિરતીચાર અનુષ્ઠાન કરવું મહાદુષ્કર છે.

જેમ રાધાવેધ કરવો પણ કેટલો મુશ્કેલ છે. ધનુષ વિદ્યામાં કઠણમાં કઠણ આ કળા છે. પાંચ પાંડવોમાંથી ખાલી અર્જુન જ શીખી શક્યા. કૌરવો પણ કોઈ ના શીખી શક્યા. દ્રોણાચાર્ય જેવા ગુરુ હોવા છતાં એકલા અર્જુન જ શીખી શક્યા. કારણ શું?

ખબર છે રાધાવેદ કઈ રીતે કરવાનો હોય છે. જેમ નીચે જોઈ ઉપર રહેલી ફરતી આઠ પુતળીમાંથી વચલી પુતળીની ડાબી આંખ વેધવાની છે. ફરતાં ફરતાં ૦૧ સેકન્ડ કદાચ પુતળીની આંખ દેખાય તેમાં તેનો વેધ કરવાનો છે. માટે વિચારજો કેટલો ઉપયોગ, કુશળતા, એકાગ્રતા જોઈએ. આટલું કઠણ હોવા છતાં કહ્યુ કે આ હજુ સહેલુ છે પણ જીનશાસનની નિરતિચાર ક્રિયા કરવી દુષ્કર છે. માટે નિરતિચાર ધર્મ મામુલી નથી.

જેમ અત્યારે ઘણા કંકોત્રીમાં લખે છે કે તેમનું આટલા વર્ષોનું નિરતિચાર ચારિત્રની અમે અનુમોદના કરીએ છીએ. પરંતુ આ કાળમાં નિરતિચાર ક્રિયા કરવાવાળુ કોઈ છે ખરુ?

સભા:- બધા કરતાં સારુ પાળે એટલે નિરતિચાર.

સાહેબજી:- બધા કરતાં એટલે પૂર્વના મહામુની પાળતાં હતા તેના કરતાં સારુ પાળે કે વર્તમાન કાળની અપેક્ષાએ? માટે આ કાળમાં ગમે તેટલું સારુ પાળનાર હોય તો પણ આવું વિધાન કે આવો દાવો કરવો તે અસત્ય ભાષણ છે.

જેમ કોઈ સામાયિક ધર્મ શ્રાવક સારો કરે તો પુણિયા શ્રાવકના સામાયિક સાથે સરખાવું તો કેવું લાગે?

સભા:- "કલિકાલ સર્વજ્ઞ" એવું બિરુદ કેમ આપ્યુ?

સાહેબજી:- કારણ તેઓ "કલિકાલ સર્વજ્ઞ" હતાં માટે. સર્વજ્ઞનો અર્થ કયો કયો થાય છે તે ખબર છે? તેના અનેક અર્થ છે.

સર્વજ્ઞ એટલે સર્વ શાસ્ત્રના નિષ્ણાત.
સર્વજ્ઞ એટલે જ્ઞાનકળામાં નિષ્ણાત તેમ
પૂર્ણજ્ઞાનીને પણ સર્વજ્ઞ કહેવાય.

આ કલિકાળમાં જેટલા શાસ્ત્રો છે તેમાં તેઓ નિષ્ણાત છે અને માટે જ આ બિરુદ આપ્યુ છે.

॥પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

ગોવાળિયા ટેંક

૧૨-૧૦-૯૫
ગુરુવાર
આસો વદ ચોથ.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને રત્નત્રયીના સુખની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ જૈન શાસનમાં સમ્યગ દર્શન, સમ્યગ જ્ઞાન, સમ્યગ ચારિત્ર વણાયેલુ છે. જેમ કે પ્રાથમિક ધર્મમાં આંશિક રીતે અને અતિશય ધર્મમાં વિશેષ રીતે રત્નત્રયી વણાયેલ છે.

જેમ કે તમે પાંચ રુપિયાનું દાન કરો, નવકારશીનું પચ્ચખાણ કરો કે એક ખમાસમણુ આપો, ઈરિયાવિહી કરો કે સામાયિક, પૂજા, પ્રતિક્રમણ કરો પણ બધામાં સમ્યગ દર્શન, સમ્યગ જ્ઞાન, સમ્યગ ચારિત્ર સમાયેલ છે. નાનામાં નાની ક્રિયાને નિરતિચાર કરવા માટે કેવી ભૂમિકામાં પ્રવેશ કરવો જોઈએ તે અત્યારે ઘણાને કલ્પના જ નથી. અને કોને નિરતિચાર અનુષ્ઠાન, ક્રિયા કહેવાય તેની પણ ખબર નથી.

જેમકે નિરતિચાર ક્રિયા કરવા માટે શાસ્ત્રમાં તે ક્રિયાની જે રીતે વિધિ, ભાવો બતાવ્યા છે તેને ૧૦૦% વળગી રહેવું પડે. જેમા અંશ પણ ખામી ન જોઈએ.

આપણામાં નાનામાં નાનું અનુષ્ઠાન પણ કરવું હોય તો તે ધર્મસ્થાનકમાં જઈને જ કરવું જોઈએ. ત્યાં પ્રવેશ કરતાં સંસારના બધા ભાવોનો ત્યાગ કરવાનો આવે. એટલે "નિસિહિ" આવે.

તમારા પરિચિત વ્યક્તિ કે વસ્તુ માટે તમને સંસારમાં અનેક પ્રકારના રાગ-દ્વેષ છે, તેમાં જે અશુભ ભાવો છે તે બધા અનુચિત ભાવો છે. જો આ અનુચિત ભાવો ક્રિયા કરતાં નીકળે નહીં તો ક્રિયા અણીશુધ્ધ કહેવાય નહીં. જેમ તમે એક ખમાસમણુ આપો છો તે વખતે તમારા દુશ્મન કે વિરોધી પ્રત્યે દ્વેષ કે અરુચીનો ભાવ પડ્યો હોય તો ખમાસમણુ અણિશુધ્ધ અપાય નહીં.

આ અપેક્ષા હોવાના કારણે સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં ક્ષમાપના આદિની વિધિ મૂકી છે. આમ તો ક્ષમાપના દરરોજ કરવાની છે. કાંઈ બાર મહિને એક વાર જ કરવાની નથી. પણ ધર્મ નો શું અપેક્ષા રાખે છે કે તમે સંસારમાં

રાગ-દ્વેષ થતાં હોય પણ ધર્મ કરવા બેસો તેટલો ટાઇમ તો અશુભ ભાવોને તિલાંજલી આપવી જ જોઇએ. અવિરુદ્ધ ધર્મ કરવા માટે આટલુ તો મીનીમમ જોઇશે. સંસારમાં કોઇ બધા અશુભ ભાવોથી મુક્ત નથી. જો તેવા હોય તો અમે બિરદાવીએ. પણ સંસારમાં તે અશુભ ભાવ સેવતો હોય પણ ધર્મ કરે ત્યારે, તેટલો ટાઇમ તેને કાઢવા જ જોઇએ.

સભા:- અમને તો એક એક ક્ષણે અશુભ ભાવો આવ્યા જ કરે છે. કારણ શું?

સાહેબજી:- કારણમાં તો અનંતકાળમાં અશુભ ભાવોને ગાઢ સેવીને અસ્થિમજ્જાવત કર્યા છે. જેમ જેને જન્મથી જ રોગ થયો હોય તેને રોગ જ પ્રકૃતિ બની જાય છે. તેને આરોગ્યનું સુખ તો કલ્પના બહારની વસ્તુ છે ને? કારણ રોગ અતિશય ગાઢપણે વણાઇ ગયો છે. તેની જેમ અનંતીવાર જીવે અશુભ ભાવો કેળવ્યા છે. આપણે મોટે ભાગે દુર્ગતીમાં જ કાળ વિતાવ્યો છે.

અનંતા દુર્ગતિના ભવે એક સદ્‌ગતિનો ભવ પામ્યા છીએ. જેમ કુતરા-બિલાડાના ભવમાં ગયા ત્યારે ત્યાં ક્યાં ઉદારતાનો ભાવ થવાનો છે? દરરોજ ભુખ્યા તરસ્યા રહેતાં હોય તેના કારણે કોઇ રોટલાનો ટુકડો ફેંકે તો બધા જ કુતરા તરાપ મારે. અરે એક બીજાના મોંઢામાંથી છીનવી લે. પશુમાં તો મા, દિકરાના મોંમાંથી ઝુટવી લે, દિકરો માંના મોંમાથી છીનવી લે. અરે એક બીજાને બચકા પણ ભરે. જો ભુખી કુતરી હોય તો તેના તાજા જ જન્મેલા બચ્ચાને ખાઇ જાય છે. સ્થિતિ શું છે? આવી સ્થિતિમાં કઇ ઉદાર, સહિષ્ણુ, પરોપકારી બની શકાય? સ્વાર્થી જ બને ને! માટે આવા ભવોમાં જઇને ત્યાં ગાઢ અશુભ ભાવો કેળવ્યા છે.

અશુભ ભાવ કાઢવા માટે પહેલા અશુભ ભાવ કોને કહેવાય, શુભ ભાવ કોને કહેવાય તે સમજવું જોઇએ. જો તમને કોઇપણ વ્યક્તિ પ્રત્યે અશુભ કામના થાય તો તે અશુભ ભાવ થયો. અત્યારે તમે સાવ લુખ્ખા બની જાઓ તેવી વાત નથી. તમે લાગણી રાખો પણ કેવી રાખવાની. તેનું ભલુ થવાની ભાવના જોઇએ. અત્યારે તો આપણને કેવુ છે કે આપણને કોઇ જરાક નડે એટલે

થાય કે ક્યારે આ અહિંયાથી ટળે.

તમને સંસારમાં નિમિત્ત મળે ને અશુભ ભાવ થાય પણ ધર્મ કરતાં તો અશુભ ભાવ નિકળવો જ જોઈએ. આટલી હદ ડીમાન્ડ જૈન ધર્મમાં જ છે.

પ્રતિક્રમણ કરવા બેસો ત્યારે જીવ માત્ર પ્રત્યે ક્ષમાપના થાય પછી જ સાચું પ્રતિક્રમણ થાય. મનથી પણ કોઈના માટે અશુભ ભાવ કર્યો હોય તેને પણ ક્ષમા આપવાની છે. હવે જે મિચ્છામી દુક્કડં આપીને પ્રતિક્રમણ કરવા બેસો છો પછી પ્રતિક્રમણની ક્રિયામાં તો તે ન જ જોઈએ. થઈ ગયેલી ભૂલનુ મિચ્છામી દુક્કડં છે. માટે સિધ્ધભાવધર્મ પામેલાનું માનસ કેવુ હોય કે તેમને જીવમાત્ર પ્રત્યે ઉચીત ભાવ હોય. અને તે જ સિધ્ધી નામના ભાવધર્મમાં પ્રવેશી શકે.

હવે ઉચીત શબ્દ બરાબર ધ્યાનમાં રાખજો. ભાવ કરવાના એટલે કે દુશ્મન માટે શું ભાવ કરવાના, ભાઈ-બહેન માટે કેવા ભાવ કરવાના, દેવ-ગુરુ પ્રત્યે કેવા ભાવ કરવાના, પાપી કે અધર્મી પ્રત્યે પણ શું ભાવ કરવાના.

બધા જ ઠેકાણે એક સરખો ભાવ કરવાનો નથી. પણ દરેક પ્રત્યે કરવા લાયક જ ભાવ કરવાનો છે. એક સરખો ભાવ રાખો તેને કાંઈ નિરતિચાર નથી કહેતા. જેમ શ્રીપાળ, મયણા ચૈત્યવંદન કરે ત્યારે તેમને જગતના જેવા જીવો છે તેને અનુરૂપ ભાવ તેમનામાં પ્રગટેલા હોય. જેમ કુટુંબમાં, પરિવારમાં, કે પ્રજાજનોમાં પણ તેને ઘણા કડવા અનુભવ થયેલા, તેની ઘણાએ નિંદા પણ કરેલી છતાં પણ ક્રિયા કરતાં આ કોઈના પ્રત્યે પણ અરુચી, અણગમાના કે ક્રોધના ભાવ ન હોય. અથવા મા માટે લાગણીના ભાવો હોય, કે તેના દેશમાં રહેલાને માટે રાગનો જો પરિણામ હોય તો તેવું ચૈત્યવંદન ખામીવાળુ કહેવાય.

તમારા મનમાં કોઈપણ ક્રિયા કરતાં જગતના જીવ માત્ર પ્રત્યે ઉચીત ભાવ લાવવાના છે. જો અનુચીત ભાવ હોય તો તે ક્રિયામાં દોષ લાગે છે.

અન્ય ધર્મોમાં ભગવાનના દર્શન કરતાં ક્યાંય આવા ભાવોને વોસિરાવાનું કહ્યુ નથી. આવા આચારો ક્યાંય નથી.

આમ શ્રાવક દરરોજે પ્રતિક્રમણ કરી ક્ષમાપના કરતો હોય છે. પણ જે ન

કરતો હોય તેને પણ ૧૨ મહિને એક વખત પ્રતિક્રમણ કરી ક્ષમાપના આપવાની છે.

ક્ષમાપના એટલે જેટલો પણ ગેરવર્તાવ થયો હોય તેની ક્ષમાપના છે. ફક્ત ક્રોધ થયો, કે કોઈની સાથે વેરઝેર થયાં હોય તેનું જ ખાલી મિચ્છામી દુક્કડં છે રાગ થયા હોય તેનું પણ મિચ્છામી દુક્કડં આપવાનું આવે ને? માટે કોઈપણ જીવ પ્રત્યે અનુચીત વર્તનનું મિચ્છામી દુક્કડં આપવાનું આવે.

કોઈપણ જીવ પ્રત્યેનું અનુચીત વર્તનનું મિચ્છામી દુક્કડં આપવાનુ આવે. અનુચીત ક્રિયા એ દોષ છે. ધર્મક્રિયા કરનારનું હૃદય કેવું જોઈએ, તેના માટે કેટલુ હાઈકેલીબર અપેક્ષીત છે. તમને સામાયિક કરતાં પાડોશીના દીકરા પ્રત્યે અણગમાનો ભાવ હોય તો સામાયિકમાં અતિચાર રહે છે. આમ તો બધા અશુભ ભાવોને તિલાંજલી આપવાની છે, પણ જો આ રીતે ન આપી શકતાં હોવ તો એટલીસ્ટ ધર્મક્રિયાઓ કરતાં તો આપવાની જ છે:

સભા:- મન ઉપર અમારો કાબુ નથી.

સાહેબજી:- મનની ચાવી કોની પાસે છે? બીજા પાસે ને? હમણાં કોક સ્વીચ દાબે તેટલીવાર ને? તમારા મન-વચન-કાયા કોકને સોંપી દીધા છે. અંદર ટકીએ વિચારો તો તે આપણી પાસે જ છે. સામેનાને કહેવા જવાની જરૂર નથી.

તમે "ખામેમિ સવ્વે જીવા" બોલો છો ત્યારે કાંઈ બધાને મળવા જાઓ છો? આ જગતમાં એક જીવ એવો નથી જેને આપણે પીડા ન આપી હોય. આ સંસારમાં દરેક જીવ સાથે અનંતીવાર સંબંધ બાંધ્યા છે. દરેક ભવમાં બધાને હેરાન કર્યા છે. આ ભવમાં પણ જન્મ્યા ત્યારથી કેટલાયને દુ:ખ આપીએ છીએ. અને હજુ અનંતા જીવોને દુ:ખ અપાય છે ને? માટે તે વખતે નાનામાં નાના જીવની પણ ક્ષમાપના કરવાની છે. ક્ષમાપના આપવા કાંઈ બધાને મળી શકવાના નથી. માટે અહિંયા બેઠા બેઠા જ મનથી ક્ષમાપના આપવાની છે. તમે આગલા ભવમાં હેરાન કરેલા જીવોને કાંઈ અત્યારે મળીને ક્ષમાપના કરી શકવાના નથી. પરંતુ તેને ક્ષમાપના તો કરવાની છે. માટે કોઈપણ ક્રિયા કરતા આટલુ માનસ તો જોઈશે જ.

શ્રેણીક મહારાજા, કૃષ્ણ મહારાજા ક્ષાયિકસમકીતી હોવા છતાં તેમનામાં આવું માનસ ન હોવાના કારણે ભાવથી ક્રિયા- વિરતિ નહોતા કરી શક્યા. ધર્મ શાસનની બધી ક્રિયામાં વિરતિ સમાયેલી છે.

સભા:- તો તેમને સમકિત કેમ મળ્યું ?

સાહેબજી:- કૃષ્ણમહારાજાને ૧૮ હજાર સાધુને વંદન કરતાં ઉમળકો કેટલો છે? આટલા વંદન કરવા તે કાંઈ રમત વાત છે? તમે તો ૧૮ સાધુને પણ વંદન કરતાં થાકી જાવને?

સભા:- આટલા વંદન કેમ થઈ શકે?

સાહેબજી:- તેમનામાં બળ કેટલુ હોય? વાસુદેવનું બળ છે. અત્યારે છેવઠ્ઠુ સંઘયણમાં પણ ૨૦૦, ૨૦૦ ઉઠબેસ કરનારા છે. એક લીંબડાસળિયાને પણ તોડી નાંખવો તેમને રમત વાત હોય છે. એટલે તેમનાં હાડકા સળિયા કરતાં મજબુત થયા ને? આવા તો કેટલાય તમારી કલ્પના બહારના પરાક્રમો કરી શકતા હોય છે. હવે તો છેવઠ્ઠુ સંઘયણ, પાંચમો આરો, હુંડા અવસર્પિણીમાં જો આટલું થઈ શકતુ હોય તો આ તો વાસુદેવનું બળ સાથે પહેલું સંઘયણ છે તો કેમ ન કરી શકે. તેઓ તેમના બળથી એક કરોડને પણ સામે પહોંચી શકે. તમે તેમને તમારી સાથે સરખાવો તો કેમ ચાલે? તમે તો એક સાધુને વંદન કરવાં હોય તો પણ મરતાં મરતાં કરો છો.

શ્રીકૃષ્ણ વંદન કરે છે ત્યારે તેમની સાથે હજારો ખંડીયા રાજાઓ છે. રાજા આટલા ઉલ્લાસથી વંદન કરે છે માટે સાથે બધા રાજાઓ પણ વંદન કરે છે. આ બધા ક્ષત્રિય રાજા હોવા છતાં પણ એક એક કરતાં બધા થાકીને બેસી ગયા. ફક્ત તેમની સાથે "વિરો સાળિયો" સેવક રહે છે. તે પણ આમ તો થાકી ગયો છે. પણ તેને થાય છે કે વાસુદેવ વંદન કરે ને હું કેમ બેસી જાઉં? માટે છેલ્લે સુધી તે વંદન કરે છે.

જેમ જીરણ શેઠે પ્રભુને પારણુ કરાવવાની ભાવના કરી અને અભિનવ શેઠે પારણુ કરાવ્યુ છે. તેમને ત્યાં ૧૨ા કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. આ વખતે ઘણું ફળ

જીરણ શેઠને મળ્યું છે. જ્યારે અભિનવ શેઠને તો ફક્ત ૧૨।। કરોડ સોનૈયાનું જ ફળ મળ્યુ છે. અને તેનો પણ તે માલિક કેમ થયો કારણ કે આગલા ભવમાં એવું પુણ્ય બાંધેલુ હતું. માટે જ સોનૈયા રહ્યા છે. પરંતુ ભગવાનને દાન કરવાથી તેને કાંઇ મળ્યુ નથી. પુણ્યબંધ પણ નથી થયો.

સભા:- કેમ પુણ્યબંધ પણ ન થાય?

સાહેબજી:- શુભ ક્રિયા પણ જો શુભ ભાવથી કરે તો જ પુણ્ય બંધાય.

હવે શ્રીકૃષ્ણ પ્રભુને કહે છે કે "પ્રભુ મહા ૩૬૩ યુધ્ધો ખેલ્યા ત્યારે પણ મને જેટલો થાક નહોતો લાગ્યો તેનાં કરતાં કંઇ ઘણો થાક આજે મને લાગ્યો છે." ત્યારે પ્રભુ કહે છે કે "થાક લાગ્યો તેમ ન કહો પણ થાક ઉતરી ગયો તેમ કહો. કારણ ક્ષાયિક સમ્યક્ત્વ પામી તીર્થંકર નામકર્મનો બંધ થયો છે સાથે જ નારકીના નિવારણ થયા છે." રાજા ભાવ વિભોર થઇ કહે છે મારા તો આજે ભાગ્ય ખુલી ગયું. આ રીતે ક્રિયા કરવી તે પણ કાંઇ રમત વાત નથી. તમે વિચારજો તમારી પરિસ્થિતિ અત્યારે ક્યાં છે? હવે આગળ.

જીવ માત્ર પ્રત્યે આપણી મૈત્રી કરવાની છે.

ગુણીયલ માટે પ્રમોદભાવના

દુ:ખી માટે કરુણાનો ભાવ જોઇએ. પછી તે આપણો દુશ્મન હોય કે મિત્ર હોય. તમારો જીગરજાન મિત્ર જો પાપી હોય તો કરુણાનો ભાવ આવે ખરો કે રાગના કારણે બધુ ઢંકાઇ જાય. તેની સામે તમારો દુશ્મન ગુણીયલ હોય તો પ્રમોદ ભાવ આવે ને? માટે અપેક્ષિત ભાવો ન હોય તો ક્રિયા ખામીવાળી ગણાશે.

ઘણા કહે છે આજે સાહેબજી અમને સામાયિક કરતાં ખૂબ આનંદ થયો. સુંદર ભાવનાથી સામાયિક થયુ છે. એક પણ ખરાબ વિચાર આવ્યો નથી.

સભા:- આ જે આનંદ થયો તે કયા ઘરનો થયો? આત્માનો કે મનનો?

સાહેબજી:- જો ક્ષયોપશમ ભાવનો હોય તો આત્માનો આનંદ. અને ઔદયિક ભાવનો હોય તો મનનો આનંદ કહેવાય. આમ તો વિકારોથી ક્યારે પણ આનંદ મળી શકે નહીં. કોઇપણ જીવને ભૌતિક ક્ષેત્રમાં કે ધાર્મિક ક્ષેત્રમાં આનંદ તો

ગુણથી જ મળશે. જો ગુણ પણ ઔદયિક ભાવના હશે તો મનનો આનંદ મળશે. અને ક્ષયોપશમ ભાવના ગુણથી હશે તો આત્મીક આનંદ મળશે.

સભા:- અમારે ખાત્રી કઈ રીતે કરવી કે આ કયા ઘરનો આનંદ છે?

સાહેબજી:- તમારી જાતને તપાસો. દર્શન મોહનીયનો ક્ષયોપશમ કર્યો છે? ૮ કર્મોમાં ૪ ઘાતિકર્માં ક્ષયોપશમ ભાવના હોય. ૪ અઘાતિમાં ક્ષયોપશમ નથી. હવે તેમાં સૌથી પહેલો દર્શન મોહનીયનો ક્ષયોપશમ કરવાનો છે. જેને દર્શન મોહનીયનો ક્ષયોપશમ નથી તેને બીજા બધા ગુણો વાસ્તવીક નથી. જ્યારે જેને દર્શન મોહનીયનો ક્ષયોપશમ કર્યો હોય તેને તેના ગુણો આત્મીક આનંદ અપાવી શકે. પણ જો દર્શન મોહનીયનો ક્ષયોપશમ ન હોય, પણ સાથે લાખ ગુણ બીજા હોય તો તે ગુણો તેને આત્મીક આનંદ અપાવી શકે નહી.

સભા:- અમને પ્રભુના વચનમાં ખુબ જ શ્રધ્ધા છે?

સાહેબજી:- ચલો જીનેશ્વર દેવો પ્રત્યે શ્રધ્ધા છે? હવે તમે તેમની વાતો માનો છો, પણ ગમે છે? ચલો ભગવાને કહ્યુ તે જ સાચુ તેમ તમે માનો છો, પણ ભગવાને કહ્યુ તે ગમે છે ખરુ? જે ગમતું હોય તો મેળવવાનો પ્રયત્ન કેટલો હોય? પ્રભુએ કહેલુ સંયમ જીવન જ સ્વીકારવા જેવું છે, તો તે ચારિત્ર ગમે છે? મેળવવાનો તલસાટ છે? નથી મળ્યુ તો દુ:ખ છે? મારે ખુબ જ વિચાર માંગે તેવો પોઈન્ટ છે. ખાલી એમનેમ બોલવું જુદી વાત છે.

સભા:- તો પછી તેના લક્ષણો શું?

સાહેબજી:- અપુર્નબંધકના જે લક્ષણો બતાવ્યા છે તે દર્શન મોહનીયના ક્ષયોપશમનું પહેલુ લક્ષણ છે. હવે જેને સંસાર માટે બહુમાન હોય તેને અપુર્નબંધક દશા ન હોય. બહુમાનનો અર્થ એટલે સૌથી વધારે માન. તમે કહી શકો કે સૌથી વધારે રાગ અમને સંસાર કરતાં પણ દેવ-ગુરુ-ધર્મ પર છે? ખાલી મોંથી બોલવાનું નથી. પણ પુરવાર કરવાનું છે.

સભા:- અમને દેવ-ગુરુ-ધર્મ પર રાગ છે.

સાહેબજી:- કેહા કેમ ભણાવો છો? તમારા હાથ-પગ એમનેમ ચાલે છે? તમારુ મન

ઓર્ડર કરશો તો પગ ઉઠશે ને? માટે આ બધા તમારા ગમ્યા છે. તમારુ મોઢુ પણ એમનેમ ફફડે છે? ઈચ્છા કરો પછી જ બોલે છે ને? માટે દેહ, ઈન્દ્રિય મનના ગુલામ છે. તમારુ શરીર પણ કાંઈ ઓટોમેટીક ચાલે છે? મન ઉપર કર્મના ઉદયની અસર થાય છે પણ તેને તોડવી તે આપણા હાથની વાત છે.

સભા:- સમકીતીનું મોક્ષમાં ચિત્ત છે. અને શરીર સંસારમાં છે. તે કઈ રીતે?

સાહેબજી:- આજે બોલાય છે તે વ્યવહાર ભાષા છે. જેમ સંસારમાં ઉત્કૃષ્ટ પ્રેમીઓ જુદા પડે છે તે દેહથી જુદા પડે છે કે મનથી જુદા પડે છે? બેઉ જણા ગમે તેટલા દૂર હોય તો પણ બન્નેનું મનથી મિલન તો ચાલુ જ હોય ને? તેનો ૫૦ વાર ફોટો જુઓ છતાં આનંદ આવ્યા જ કરે, કારણ મનથી તે જોડાયેલા છે. છતાં તે ખાવાની ક્રિયા કરતો હોય, ધંધો કરતો હોય, વાચીક ક્રિયાઓ પણ કરતો હોય છતાં પણ તે વખતે તેને રાગ તે વ્યક્તિ પર જ વધારે છે.

તેમ તમારો સૌથી વધારે રાગ જો મોક્ષ પર હોય તો અમે કહીએ કે તમને મોક્ષ માટે રાગ છે. પછી ભલે તમે સંસારમાં ખાવ, પીવો, કોઈપણ ક્રિયા કરો પણ તે વખતે તમારી મનોદશા કેવી હોય? આમ તમારા ભાગીદાર સાથે કેવી રીતે વાત કરતાં હોવ ખબર કે તમને તેના માટે કેટલો રાગ છે. પણ તે વખતે પણ તમારી પ્રિય પાત્ર માટે જ વધારે રાગ હોય! તેનું નામ આવે તો હૈયુ નાચી ઉઠે. તેમ તમને કોઈ દિવસ મોક્ષની વાત સાંભળતાં હૈયુ નાચી ઉઠ્યુ છે? રુવાંડા ઉભા થઈ ગયા છે!

માટે સમકીતીની કાયા મોક્ષે જવા તૈયાર નથી તેમ નથી પણ અત્યારે સ્કોપ નથી, તાકાત નથી માટે તે સંસારમાં બેઠો છે.

" " કુમાર જે જૈન જૈન છે. પણ તેનો મિત્ર તેને પ્રભુના દર્શન માટે લઈ ગયો છે. ત્યાં તેને મૂર્તિ જોતા ઉહાપો થતાં, જાતિસ્મરણ થયુ અને બધુ યાદ આવવાથી સમકીત સુધી પહોંચી ગયો. ત્યારે તે પ્રભુની સ્તુતિ ગાય છે. તેમાં લખ્યુ છે કે હે પ્રભુ "આપના દર્શન, આપના સ્વરૂપની ઝાંખી થતાં કે આપની પાસે કેવો આનંદ છે, તે પછી હવે મને આ સંસારમાં આકર્ષણ નથી, રાગ નથી,

અને રતિ પણ નથી. અને આગળ કહે છે પણ અંદરના કર્મના વિપાકો એવા છે કે મને જે અહિંયા જકડીને રાખે છે. જેને તોડવાની મારી પાસે અત્યારે તાકાત નથી કે જેને તોડીને તમારી પાસે હું આવી શકું. માટે સમકીતીને મોક્ષની ઉત્કૃષ્ટ ઝંખના હોય છે. માટે તેને પરમાત્માના વિરહની વેદના હોય છે. તેમ તમે ભગવાનને યાદ કરતાં ક્યારેય બેચેન થઇ ગયા છો? આ સ્વરૂપ હું ક્યારે પામી શકીશ તેવું થાય છે ખરું?

આનંદઘનજીએ લખ્યુ છે કે "હે પ્રભુ તારુ મિલન થતુ હોય તો હું કહે ત્યાં ભટકવા તૈયાર છુ. દરિયા પાર કરુ, પર્વતોમાં રખડુ, ગુફાઓમાં રખડુ, તું કહે ત્યાં જવા તૈયાર છુ." માટે વિચારજો કેવી ઉત્કૃષ્ટ અભિલાષા હશે? તેમાં કારણ તેમને ખરા આનંદની અનુભુતિ છે. જ્યારે આપણને કેમ થતુ નથી. હજુ તે ભૂમિકા સુધી નથી પહોંચ્યા માટેને? પહોંચવાની ઈચ્છા છે ખરી?

સમ્યગ્દ્રષ્ટી આત્મા ભગવાન જુએને અડધો અડધો થઈ જાય.

હવે આગળ - સિધ્ધિ ધર્મને પામેલાનું માનસ કેવું હોવુ જોઇએ તે બરાબર સમજો. અધિક ગુણી પ્રત્યે વિનય, ભક્તિનો, બહુમાનનો અવશ્ય ભાવ જોઈએ. પછી ભલે તે આપણો અંગત ગમે તેટલો વિરોધી હોય. આપણો દુશ્મન પણ હોય પણ અધિક ગુણી હોય તો ભક્તિ, બહુમાનનો ભાવ જોઈએ. એ ન હોય તો તે સિધ્ધિ ભાવધર્મને લાયક નથી.

સભા:- પ્રેમ શબ્દ વપરાય છે તે?

સાહેબજી:- આપણા શાસ્ત્રમાં પ્રેમ શબ્દ નથી. જીવ માત્ર પ્રત્યે મૈત્રીભાવ લખ્યો કે પ્રેમ શબ્દ વાપર્યો? આ પ્રેમ શબ્દ તો તમારા સંસારમાં કચરા રૂપે ઘુસી ગયો છે. આપણે ત્યાં વાત્સલ્ય શબ્દ વપરાય છે. માટે આપણે સાધર્મિક વાત્સલ્ય બોલીએ છીએ.

સભા:- સ્નેહ શબ્દ વપરાય છે.

સાહેબજી:- તેમાં પણ હિત ચિંતા વણી લેવી પડે. બાઇબલમાં આવે છે કે "લવ ઇઝ ગોડ અને ગોડ ઇઝ લવ". ઇશ્વર આખી દુનિયાને ચાહે છે. માટે માનવ માત્ર પ્રત્યે પ્રેમ કેળવો. માટે મા કેવી છે કે બાળકના પ્રેમ દ્વારા ભગવાનનો બોધ કરાવે છે.

પરંતુ આપણે તો દિકરાના પ્રેમને પણ મોહ કહ્યો છે! તેને દોષ કહ્યો છે. પાપબંધનું કારણ છે. જ્યારે તેઓ માને છે કે ત્રણ વર્ષનું બાળક જો મરે તો તેને હેવન જ મળે છે, તે જન્નતમાં જાતું નથી. કારણ બાળકે હજુ કાંઈ પાપ કર્યું નથી. માટે તે હેવનમાં જ જાય છે. તેમને હેવન મોકલે છે. તેઓ પશુમાં આત્મા માનતા નથી. માનવ માંજ આત્મા માને છે. માનવ પણ જો બાઈબલ પ્રમાણે ન કરે તો તેને પાપ લાગે છે. અને તેના કહ્યા પ્રમાણે કરે તો તેને હેવન મળે છે. જ્યારે ત્રણ વર્ષનું બાળક હજુ કાંઈ પાપ કર્યું નથી માટે જ તેને હેવન મળે છે.

ત્યારે સામે દલીલ કરી કે જો બધા નાના બાળકો મરીને કાયમ માટે સ્વર્ગમાં જતાં હોય તો બધા નાના બાળકોને મારી નાંખું. ત્યારે પાદરી કહે છે કે પણ તું નરકે જઈશ. તો કહે છે કે ભલે, લાખો સ્વર્ગે જતાં હોય તો હું આ કરવા તૈયાર છું. ત્યારે પાદરી કહે છે કે તું આ બધા કુતર્ક કરે છે. માટે આવુ આવુ તો ઘણું છે જ્યારે આપણા શાસનમાં મા-દિકરા, બાપ-દિકરા પ્રત્યે પ્રેમ મોહનો પરિણામ છે. જે પાપબંધનું કારણ છે. માટે બધા ભાઈ-બહેન, પતિ-પત્નિ, મા-દિકરા બધાના પ્રેમ છોડવા લાયક છે.

આપણે ત્યાં પ્રશસ્ત રાગ કરવાનો પણ નીચલી ભૂમિકામાં છે. તમારા કરતાં હલકી ભૂમિકામાં હોય તેને પ્રત્યે કરુણાનો ભાવ કરવાનો છે. અત્યારે તમારા કરતાં દુનિયામાં લાખો લોકો નીચલી ભૂમિકામાં છે. તેના પ્રત્યે અંગત રાગ-દ્વેષ નથી કરવાનો પણ કરુણાનો ભાવ લાવવાનો છે. આજે સત્તાધિશોનું શું સ્થિતિ છે. જો તમને તેમના પ્રત્યે દ્વેષ થતો હોય તો તે અનુચીત ભાવ છે. માટે તમે સેલ્ફ સ્ટડી માટે એક દિવસ કાઢો કે તમને ક્યાં કઈ વ્યક્તિ પ્રમાણે કેવા ભાવ થાય છે. અને ત્યાં કેવા ભાવ કરવા જોઈએ. તેનું બરાબર સ્ટડી કરશો તો ખ્યાલ આવશે કે બધી અનુચીત ભાવ જ હોય છે. જેની પાસે હિતાહિતનો વિવેક ન હોય તેને ઘોર પાપ બંધાશે.

<u>અધિક ગુણી પ્રત્યે ભક્તિ કરવાની છે. સમાન ગુણી પ્રત્યે વાત્સલ્ય ભાવ કરવાનો છે. હીનગુણી પ્રત્યે કરુણાનો ભાવ કરવાનો છે.</u>

<u>માટે વ્યક્તિ માત્ર પ્રત્યે યોગ્ય પ્રતિભાવ જોઈએ.</u>

॥ પ.પૂ. શ્રીયુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૧૩-૧૦-૯૫
ગુરુવાર
આસો વદ પાંચમ

ગોવાળિયા ટેંક.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્ર પ્રત્યે ઉચીત ભાવનો પ્રબોધ કરનારા ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ પરમાત્માનું શાસન જગતના જીવ માત્ર પ્રત્યે કઈ રીતે ઉચીત ભાવ કરવો તેનો બોધ અને તે કરવાથી તેના લાભનો બોધ કરાવે છે.

જગતના જીવ માત્ર પ્રત્યે જો અનુચીત ભાવ હોય તો અતિચાર લાગે છે. આ જગતમાં અનંતા જીવો છે. તેમાં બધા જીવો કાંઈ સમાન ભૂમિકામાં નથી, સરખા સંયોગોમાં પણ નથી. ઘણા આત્મીક દ્રષ્ટીએ ગુણી છે. ઘણા જીવો હીનગુણી છે. ઘણા સંસારમાં સુખી છે. ઘણા સંસારમાં દુઃખી છે. માટે બધા જીવો જુદી જુદી કક્ષામાં છે. તેમાં જેવો જીવ તેવો તેના પ્રત્યે ભાવ થવો જોઈએ. જો અનુચીત ભાવ પ્રગટે તો દોષ લાગે છે.

હવે મહાપુરુષોએ જ ભાવના દ્વારા પ્રત્યેક જીવ પ્રત્યે કેવા ભાવ કરવા જોઈએ તે બતાવ્યુ છે.

જગતના જીવ માત્ર પ્રત્યે મૈત્રી કરવાની છે. મૈત્રીમાંથી કોઈ જીવની બાદબાકી નથી. પછી ભલે તે ગુંડો હોય કે બદમાશ કે કસાઈ હોય. પણ બધા પ્રત્યે મૈત્રીભાવ કરવાનો છે. મૈત્રીનો અર્થ તેના પ્રત્યે લાગણી જોઈએ તેવું નથી, પણ જીવ તરીકે તે ચેતન છે. માટે તેનું હિત થાઓ તેવી કામના જોઈએ. જેમ બાપને દિકરા માટે સાચી લાગણી હોય તો તેને ધમકાવે પણ ખરો, ત્યારે તેમના ક્રોધમાં પણ તેના હિતની ભાવના હોય. મૈત્રીભાવવાળો દ્વેષ પણ હિતકારી છે. રાગમાં પણ હિતબુધ્ધિ ન હોય તો મૈત્રીભાવ નથી. દ્વેષમાં હિતબુધ્ધી હોય તો મૈત્રીભાવ ટકી શકે છે.

સભાઃ- હિતચિંતા સાંસારીક અને ધાર્મિક બેઉ રીતે કરવાની?

સાહેબજીઃ- હા, બન્ને રીતે હિતચિંતા કરવાની છે. સાધુ તરીકે પણ અમે તમારુ લૌકિક દ્રષ્ટીએ સારુ નથી ઈચ્છતાં પણ ખરાબ પણ નથી ઈચ્છતાં. તમે ગરીબ થાઓ તો સારુ, જીવ્યા રહો તો સારુ, એવું કાંઈ અમે ન ઈચ્છીએ.

જેમાં કોઈનું ભલુ હોય અને બીજાનું તેમાં બુરું હોય તેવી શુભ ભાવના અમારાથી કરાય નહીં. પણ અમે ભૌતિક તમારું ખરાબ ઇચ્છતા નથી. પણ જે ભૌતિક તમને ધર્મમાં ઉપયોગી બને તેવું અમે ઇચ્છીએ. માટે તમે પણ જો ખરા ધર્માત્મા હોવ તો કેવું ભૌતિક ઇચ્છો કે જે ભૌતિક ભલુ તમને ધર્મનું સાધન બનતું હોય. જેમ માંદો માણસ જલ્દી સાજો થઈને ખાઈપીને મોજ કરે જેથી પાપ બાંધે. માટે આવું શ્રાવક ન ઇચ્છે. અને આવું ઇચ્છે તો તેને માટે પાપ છે.

પરંતુ ધર્મનું સાધન ન બને તેવું ઇચ્છે તો શુભભાવથી પુણ્ય બંધાય પણ તે જૈન તરીકે યોગ્ય ભાવના નથી.

જેમ તમારા સંબંધીમાં તકલીફ આવે, માંદગી આવે ત્યારે થાય કે આ તેને ઝટ જાય તો સારું, જેમ કોઈને સંતાન ન હોય ને એમ કહે તેને દિકરો થાય તો સારું. ત્યારે તમે શું ઇચ્છો છો કે તેની તકલીફો દૂર થાય. માટે આ ભાવના બધી સારી શુભ છે. પણ તે વ્યાજબી નથી.

ભૌતિક દષ્ટિએ કોઈનું ખરાબ ઇચ્છવું તે પાપ છે. માટે જ ભૌતિક દષ્ટિએ કોઈનું બુરું ઇચ્છતા નથી. પણ ભૌતિક દષ્ટિએ સારું ઇચ્છો તો તે શુભ ભાવ થયો કહેવાય. પણ ધર્માત્મા તરીકે તે બરાબર નથી.

તથા તમારા પરિચયમાં કોઈને ધંધામાં આપત્તી આવી ત્યારે તેને આપત્તિના કારણે સદ્બુદ્ધિ જાગે, તે પુણ્ય, પાપને માનતો થાય, ધર્મમાં વધારે જોડાય અને તેની સંપત્તિ કદાચ કમાઈને તે ધર્મમાં ઉપયોગ કરે તેવી ભાવના કરો તો વાંધો નથી.

સભાઃ- પછી તે કદાચ ધર્મમાં ઉપયોગ ન કરે તો ? કોરી ભાવના કહેવાય?

સાહેબજીઃ- તીર્થંકરોએ "સવિ જીવ કરૂ શાસન રસી" આવી ભાવના કરી પણ તેઓ કાંઈ બધાને શાસન ન પમાડી શક્યા. તેઓ કદી કોરી ભાવના ના કરે. માટે જ તેઓએ આ શાસન સ્થાપીને પુરુષાર્થ કર્યો છે. પરંતુ જીવોની લાયકાત નથી, તેમનો સહયોગ નથી માટે જ તેઓ તારી ન શક્યા. કોરી ભાવના ક્યારે કહેવાય કે કર્યા પછી કાંઈ પુરુષાર્થ ન કરે અને રફુચક્કર થઈ જાય. માટે ભાવના તો જીવ

માત્ર પ્રત્યે શુભ રાખવાની છે.

તમારી ભાવનાથી તમારા કુંટુંબમાં ધર્મ પામે પણ ખરા અને ન પણ પામે. છતાંપણ તમારા અંતરમાં તો શુભ ભાવના જ જોઈએ. હવે તમે સંસારમાં બેઠા છો માટે કદાચ બીજી બધી ભાવના તમારા દિકરા, દિકરી માટે હોય, જેમકે દિકરો મોટો માણસ બને, શ્રીમંત બને, મોટી ડીગ્રી મેળવે, આવી બધી ઈચ્છા ઉંડે ઉંડે પણ તમને હોય, કારણ તમે કાંઈ હજુ વિતરાગ નથી. રાગ છે માટે ભૌતિક ઈચ્છા હોય પણ ખાસ શું સમજવાનું કે જ્યારે તમે સામાયિક, પૂજા, પ્રતિક્રમણ કરો ત્યારે તો આ બધી ઈચ્છાઓ નીકળી જ જવી જોઈએ.

નિરતિચાર ચારિત્રવાળા જીવનું કેવું માનસ છે તે સમજવાનું છે. જેમ શ્રીપાળ ઘરેથી કમાવા માટે વિદાય લે છે ત્યારે મયણા તેમને વિદાય આપે છે ત્યારે તેને મનમાં એમ તો ન હોય કે આ જે રીતે જાય છે તે રીતે પાછા આવે, પરંતુ એવી ઈચ્છા હોય કે આ પણ સારું મેળવી, સારું કમાઈને પાછા આવે. કારણ હજુ તેઓ સ્થિતપ્રજ્ઞની ભૂમિકામાં નથી. તેમને પણ સંસારના ભોગ મેળવવાની ઈચ્છા છે. મળે તો રાજી પણ છે. અને ભોગવે પણ છે. પરંતુ તેઓ જ્યારે પ્રભુભક્તિ કરે, સામાયિક કરે ત્યારે આવી ઈચ્છા ઉંડે ઉંડે પણ અવ્યક્ત પણે પણ ન હોય. અને જો હોય તો અતિચાર લાગે. જેમ તમે સામાયિકમાં હોવ ત્યારે એમ હોય કે પેઢી ધીખતી ચાલે, દિકરો ખુબ કમાય તો પણ અતિચાર લાગે.

સભા:- તો પછી સામાયિક ન કરીએ.

સાહેબજી:- તો પછી તો અતિચારનું ~~પા~~ મહાપાપ લાગશે. વ્રત લો અને ભૂલ થાય તો જ પાપ લાગે? પણ તેવું નથી. જેમ ધંધામાં ભૂલ થાય તો ખોટ થવાની એટલે શું કહેશો કે હવે ધંધો કરવો જ નથી. તો પછી તે શું મેળવશો? અત્યારે ઘણા કમાવાના બદલે નુકશાન પણ કરે છે. તો શું તેનો દાખલો લઈને ઘરે બેસી રહેશો? અહિંયા તો એમ થાય કે ભલે તેને ભૂલ કરી પણ મારાથી તો ભૂલ થશે જ નહીં. સંસારના ક્ષેત્રમાં તમે આશાવાદી થઈને કરો છો. જ્યારે ધર્મના ક્ષેત્રમાં જ નિરાશાવાદી છો. માટે જો કશું જ નહીં કરો તો ઘણું જ ગુમાવાનું આવશે. થોડો ઘણો પણ લાભ થશે નહીં.

માટે સામાયિકમાં મમતા હોય તો પણ અતિચાર લાગે. બારે ભાવનાઓના અર્થને આત્મસાત્ કરવાનો છે. પ્રત્યેક જીવ પ્રત્યે યોગ્ય ભાવ જ જોઈએ. આ બધા અધ્યાત્મના શિખરો છે.

સભા:- અભવિ નિરતિચારવાળાનું મન કેવું હોય?

સાહેબજી:- ગુણસ્થાનકવાળા નિરતિચારવાળાનું જેવું મન હોય તેવું જ તેનું મન હોય. ફોટો કોપી જ હોય. પણ તેને પ્રશ્ન ક્યાં છે કે તે જીવને ગુણસ્થાનક નથી. માટે એના બધા ધર્મની વેલ્યુ નથી. ગુણસ્થાનક વગરના ધર્મની વેલ્યુ ફુટી કોડી જેટલી પણ નથી.

અનંતકાળમાં આપણો જીવ બધુ જ પામ્યો છે પણ ગુણસ્થાનક નથી પામ્યો. લખ્યુ છે કે વિંધાયા વગરનું મોતી ગમે તેટલું સુંદર હોય પણ તે માળામાં પરોવાઈ શકતું નથી માટે તેની કિંમત રહેતી નથી. તેની જેમ ગુણસ્થાનક વગરનો ધર્મ વિંધાયા વગરના મોતી જેવો છે. તેને આ ધર્મથી પુણ્ય બંધાય પણ આત્મીક દ્રષ્ટીએ તે નકામો છે. તે ચારિત્ર લઈને બરાબર આરાધના કરે. ત્યારે તેની મા-કે સગી બહેનને ઉભા મારી નાંખે તો પણ તેને મમતા રૂપે અસર ન થાય. એને પોતાને પણ મારી નાંખે તો અસર ન થાય. તેનામાં ક્ષમા, દયા, કરૂણા બધા જ ભાવો છે. એ સિવાય કાંઈ નવમો ગ્રૈવેયક ના મળે. નવમાં ગ્રૈવેયક જવા માટે પણ શુભ પરિણામ જોઈએ. તે તેમાં જ ઝીલતો હોય.

સભા:- તેને મોક્ષની ઈચ્છા હોય?

સાહેબજી:- મોક્ષની ઈચ્છા તેને ઔપચારિક હોય. મોક્ષની ઈચ્છા તેને તત્ત્વથી ન હોય. મોક્ષના સ્વરૂપની સમજણ તેને તાત્વીક ન હોય. વિશ્વાસ રૂપે, શ્રધ્ધા રૂપે હોય કે ભગવાન કહી ગયા છે. શાસ્ત્રમાં જુઠુ ના હોય. માટે ચોક્કસ મોક્ષ છે. સાથે લખ્યુ છે કે મોક્ષમાં અનંતુ સુખ છે. માટે મોક્ષે જવા જેવું છે. પણ અનુભુતિ રૂપે તે સુખની ખાત્રી કે ઝાંખી તેને નથી. બસ કોરો વિશ્વાસ છે. અધ્યાત્મના ક્ષેત્રમાં ખાલી વિશ્વાસ ચાલતો નથી.

સભા:- શરૂઆતમાં વિશ્વાસ કામ ન લાગે.

સાહેબજી:- શરૂઆતમાં વિશ્વાસ માર્ગ ચઢવામાં સહાયક બને પણ પછી તો અનુભુતિ મળવી જ જોઈએ. તત્વ સંવેદન વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી. અપુર્નબંધક દશા પામે છે તેને તત્વનું સંવેદન છે. જેને તત્વનું સંવેદન નથી તે અંદરથી સુક્કા છે.

યોગની દ્રષ્ટીનું વર્ણન કરતાં કહ્યુ છે કે પહેલી દ્રષ્ટીના અધ્યાત્મ ભાવને પામેલા જીવને આત્માના માધુર્યનો અનુભવ કેવો હોય? તો કહ્યુ કે તમે શેરડી ખાઓ અને જે મીઠાશનો અનુભવ થાય તેવો આનંદ પહેલી દ્રષ્ટીમાં હોય. ગાંઠા વગરના શેરડીના ભાગમાં કુચા, છોતરા હોય છતાં ખાનારને તેમાં મીઠાશને? આનંદ હોય

જ્યારે કોઈ કહે કે લે ગાંઠો ખાવ. તો હવે તેમાં રસ હોય પણ ઓરીજીનલ મીઠાશનો સ્વાદ તેને ન આવે. તેને રસ મળે, પણ ખરી શેરડીનો અનુભવ તેને ન કરાવે. અભવી, દુર્ભવીના જીવને આ ગાંઠાના રસ જેવો અનુભવ હોય છે. જ્યારે આસન્નભવીને વચલા કટકાના જેવો રસ હોય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી ધર્મના ઓરીજીનલ સ્વાદ મેળવી શકતા નથી.

તેઓએ જે ઘણા ગુણોનો વિકાસ કર્યા હોય તો તેના જીવનમાં માનસિક સ્વસ્થતાનો અનુભવ તેને થાય છે. કારણ તેમનામાં પેદા થયેલા આંતરિક ગુણો છે. જેમ ગાંઠામાં રસ છે પણ તેનામાં વિશિષ્ટ સ્વાદ નથી. તેની જેમ આ જીવોમાં શુભ લેશ્યા માનસિક આનંદનો અનુભવ કરાવે છે. પણ તેઓ આત્માનંદથી તો વિખુટા જ છે.

આપણે બધા અભવ્ય નથી. ભવ્ય છીએ પણ શેરડીનો સાંઠો જો એમનેમ પડ્યો રહે તો તેનો ક્યાંથી સ્વાદ આવે? તેને મમરાવવો પડે. બસ તેની જેમ ભવિને પણ આત્માના સ્વાદને મમરાવવા પુરુષાર્થ કરવો જ પડશે.

સભા:- કઈ દ્રષ્ટિમાં નિરતિચાર ચારિત્ર આવે? તેને કેવો અનુભવ હોય?

સાહેબજી:- યોગની છઠ્ઠી દ્રષ્ટીમાં નિરતિચાર ચારિત્ર આવે. તેને સાકરથી પણ વધારે મીઠાશનો અનુભવ હોય.

હવે આપણે આગળ વિચારીએ કે.

પુણીયા શ્રાવકનું સામાયિકમાં કેવું માનસ હોય. આમ તો તેને સંસારમાં રાગ-દ્વેષ

શુભ જ હોય તેવું નથી. તેને અશુભ પણ રાગ-દ્વેષ થતાં હોય. જેમ પત્નિ પર પણ રાગ છે. પરંતુ તે જ્યારે સામાયિકમાં બેસે ત્યારે તો આ બધા ભાવોથી તે અલિપ્ત હોય. તેના મનમાંથી બધા અતિચાર તે વખતે નીકળી જાય. જો આ બધા ભાવોની અસર રહે તો અતિચાર લાગે. માટે મન નિર્લેપ જોઈએ.

સભા:- મન નિર્લેપ ક્યારે બને?

સાહેબજી:- ચાનક ચઢે, તેના આસ્વાદનો રંગ લાગે તો, જેમ કોઈ વાનગીનો સ્વાદ ચોંટી જાય તો તે વાનગી ન મળે ત્યાં સુધી તમે જંપો ખરા? જેમાં લાલચ લાગે પછી તેને મેળવ્યા વગર શાંતિથી બેસો ખરા? નિરતિચાર ચારિત્રની અનુભુતિ કેવી હોય તેની તમને ઝાંખી નથી.

સભા:- અત્યારે નિરતિચાર ચારિત્ર શક્ય છે?

સાહેબજી:- સંપૂર્ણ શક્ય નથી. પણ તમે પ્રયત્ન કરો તો તેની નજીક પહોંચી શકો. નિયર અબાઉટ આવી શકો. પણ અત્યારે સ્થિતિ શું છે કે અનુષ્ઠાન કરતાં કેટલા લોચા લાપસી ભર્યા છે.

હવે નિરતિચારમાં જો આટલી અપેક્ષા છે તો પછી સમતામાં તો કેવી અપેક્ષા જોઈએ?

નિરતિચારમાં જીવ માત્ર પ્રત્યે ઉચિત ભાવ છે. જ્યારે સમતામાં જીવ માત્ર પ્રત્યે સમાન ભાવ છે. નિરતિચારમાં જીવ માત્ર પ્રત્યે સમાન ભાવ કરવાનો નથી. જેમ અધર્મી પણ શ્રીમંત આવે તો તમે રાજી થાઓને? તેની શ્રીમંતાઈનો જ પ્રભાવ તમારા પર પડે ને? પરંતુ તે આત્મીક દ્રષ્ટીએ દુઃખી છે. છતાં તમને તેના પ્રત્યે કરુણાનો ભાવ ન જન્મે તો? તે ઉચીત ભાવ નથી. જેમ ભૌતિક દ્રષ્ટીએ દુઃખી હોય તેના પ્રત્યે કરુણા ન જન્મે તો દિલ ધિટુ થાય.

જેમ તમારા પગ નીચે કીડી આવી ગઈ તો શું ભાવ થાય? અરે મેં તેને પીડા આપી, તેને સારુ થઈ જાય તો સારુ, તે હજુ મરી નથી માટે તમે બાજુ પર લઈને મૂકો. તે વખતે તમે તેની કેટલી ચિંતા કરો? મરી ન જાય તે માટે ઉપચાર પણ કરો. પણ ત્યારે સાથે થાય કે આ ૮૪ લાખ જીવાયોનીમાં પાપ કર્મ કર્યાં હશે માટે આવી ગતિ તેને મળી છે. તેનો ટાંટિયો ભાંગ્યો તેમાં પણ તેના

પાપ કર્મ જ કારણ છે. આપણે પણ આવા ભવો પામ્યા છીએ. હજુ કશું કરશું નહી તો આ ભવોમાં રખડવું પડશે. અત્યારે આ ભવમાં તે તેના આત્માનું કંઈ જ કલ્યાણ કરી શકતી નથી. માટે હજુ આગળ પણ તેનું શું થશે?

તમને ખાલી તે વખતે તેના શરીરનું દુ:ખ દેખાય છે કે તેના આત્માનું પણ દુ:ખ દેખાય છે? તે વખતે આ સંસારના સ્વરૂપનો વિચાર આવે છે ખરો? આ કીડી બન્ને પ્રકારે દુ:ખી છે. માટે જો તેના પ્રત્યે બન્ને પ્રકારની કરુણા ન જન્મે તો ઉચીત ભાવ અધુરો છે.

આ જગતમાં જીવો પ્રત્યે જેવા ભાવ કરવા લાયક છે તેનાથી વિરુધ્ધ ભાવો કરો છો માટે તેનું ૨૪ કલાક પાપ લાગ્યા કરે છે.

સભા:- ખાલી ભૌતિક દ્રષ્ટીએ સુખીને જોઈને શું ભાવ કરવાના?

સાહેબજી:- ભૌતિક દ્રષ્ટીએ પુણ્ય કર્યું હશે માટે ભૌતિક સુખ તેને મળ્યું છે. પણ હજુ પણ તે ધર્મ નથી કરતો માટે આ સંસારમાં તેનાં આત્માનું પરિભ્રમણ ચાલુ જ રહેશે. માટે અનંતા દુ:ખોને પામશે. માટે તેના આત્માની ચિંતા થવી જોઈએ.

સુખી પ્રત્યે પણ કરુણા ન કરો તો ન ચાલે. તેની જેમ
દુ:ખી પ્રત્યે પણ કરુણા ન કરો તો ન ચાલે.
ગુણી પ્રત્યે પ્રમોદભાવ ન કરો તો ન ચાલે. અને
ગુણહીન પ્રત્યે પ્રમોદભાવ કરો તો પણ ન ચાલે.
લાયક પ્રત્યે મધ્યસ્થ ભાવ કરો તો પણ ન ચાલે. તેની જેમ
ગેરલાયક પ્રત્યે મધ્યસ્થ ભાવ ન કરો તો દોષ લાગે.

જે જીવ ભૌતિક દ્રષ્ટીએ દુ:ખી હોય તો કરુણા આવે. પણ તે જીવ જો આત્મીક દ્રષ્ટીએ દુ:ખી ન હોય અને કરુણા કરો તો દોષ લાગે.

જેમ મહાત્મા ખુલ્લા પગે ગોચરીએ જતાં હોય ત્યારે થાય કે આમને કેટલો ત્રાસ છે. કેટલા કષ્ટો છે. જો આવો ભાવ પ્રગટે તો પાપ લાગે. કારણ આ અનુચીત ભાવ છે. કારણ જ્યાં કરુણા કરવાની નથી ત્યાં તમે કરુણા કરી છે.

તેમ પત્નિ, મા, બહેન, બાપ પ્રત્યેના ઉચિત ભાવ ધર્મ કરતાં જોઈએ. આના માટે

તમારે આખી પ્રકૃતિને બદલવી પડે.

સભા:- તે વખતે પ્રકૃતિ બદલી શકાય?

સાહેબજી:- હા, ચોક્કસ. ૨૩ કલાક પેલી પ્રકૃતિ ચાલતી હોવા છતાં પણ તમને જો અગત્યનું લાગે તો તમે બદલી શકો છો! જેમ ઇન્કમટેક્ષવાળાને જુઓ તો કેવી પ્રકૃતિ બદલાઈ જાય છે?

સભા:- ત્યાં ભય દેખાય છે.

સાહેબજી:- ભય, કે લાભ દેખાય તો પ્રકૃતિ બદલાઈ જાય છે. ઉથલપાથલ થઈ જાય તેવા વખતે ચોક્કસ આવી જાય છે. જેમ કોઈ માણસની પહેલા વાહ વાહ હોય તો તુમાખીથી ચાલે. પણ પછી ઉપર આભ અને નીચે ધરતી હોય એવું બને તો સીધા ટટાર થઈને ચાલે? ત્યારે કેવી પ્રકૃતિ બદલાઈ જાય છે?

સભા:- એ તો સંજોગ કરાવે છે.

સાહેબજી:- એટલે તમે એમનેમ સીધા ચાલો તેમ નથી ને? સંજોગ કરાવે તો જ સીધા ચાલો. પણ શ્રાવક ધર્મ આરાધવા લાયક ક્યારે છે? તો કહ્યું કે જેના પ્રત્યાખ્યાની કષાય હોય તે જ જીવને ધર્મ કરવા લાયક કહ્યો છે. જે કષાયને જ્યારે જોડવા હોય ત્યારે જોડી શકે અને જ્યારે તોડવા હોય ત્યારે તોડી શકે. જેના સુતરના તાંતણા જેવા કષાય હોય. માટે સામાયિક આદિમાં બેસે તો કષાયોને તોડી શકે. અને જ્યારે સામાયિકમાંથી ઉઠે પછી જોડવા હોય તો જોડી શકે. આવા જીવો જ ધર્મ કરી શકે છે.

તમે સામાયિકમાં બેસતાં "ઇરિયાવહિ" બોલો છો. તેમાં કોઈ જીવની ક્ષમાપના બાકી રહેતી નથી. હવે તમને દિકરો વહાલો હોય માટે ને કમાય તો સારુ એવો ભાવ હોય. એટલે આ દિકરો કમાતાં જેટલા જીવોને ત્રાસ આપે તેમાં તે જીવોની કાંપણ દયા નથી. તો પછી ઇરિયાવહિ બોલતા સાચી ક્ષમાપના ક્યાંથી થશે? માટે મોટે ભાગે દ્રવ્યથી જ ક્રિયા થાય છે. અત્યારે તમને કહીએ કે દ્રવ્યથી સમકીત છે તો ઘણાને ખોટુ લાગી જાય છે.

તમારા ઇરિયાવહિ પણ દ્રવ્યથી છે ભાવથી નથી. શાસ્ત્રમાં

વધુ ક્રીસ્ટલ ક્લીયર બતાવે છે. તમે ભાવથી ક્રિયા કરવાને લાયક હોવ અને હું કહું કે તમે લાયક નથી તો મને મૃષાવાદનું પાપ લાગે.

સભા:- પણ અત્યારે તો ધ્યાન, સમતાની ઘણી વાતો થાય છે.

સાહેબજી:- હા, અત્યારે સિધ્ધિભાવધર્મની ક્રિયા કરનારા નથી. જ્યારે ધ્યાન અને સમતા તો તેનાથી ઉંચા છે. હવે જેનું આમાં ઠેકાણું પડ્યું ન હોય અને હાવો ધ્યાન અને સમતાનો કરે તો શું કહેવાય?

જ્ઞાતા, દૃષ્ટા ભાવની વાત કરે તેને મારે શું કહવુ કે જેની હોજરી મગનું પાણી પચાવી શકતી નથી અને બાસુંદી ખાવું છું તેવી વાત કરે તે કેવું કહેવાય ?

ધ્યાન હું કરું છુ તેવી વ્યક્તિને અણિશુધ્ધ સામાયિક કરવાની ત્રેવડ નથી અને કહે ધ્યાન કરું છું. તો ક્યાંથી થવાનું ?

મારે લખ્યુ કે પોતાના કરતાં અધિકગુણી પ્રત્યે વિનય, વૈયાવચ્ચ, ભક્તિભાવ જોઈએ. સમ ભૂમિકાવાળા માટે વાત્સલ્ય જોઈએ. અને જે પોતાનાથી હીન છે તેના માટે કરુણાનો ભાવ જોઈએ. જો આ ભાવો ન હોય તો તે સિધ્ધિ ભાવધર્મમાં નથી.

પુણીયા શ્રાવક કે શ્રીપાળ, મયણા ધર્મ આરાધના કરતાં કેટલા ભાવોમાં ચેન્જ લાવતાં હોય છે. જેમ શ્રીપાળને મયણા પર રાગ છે. ભોગની ઈચ્છાઓ પણ છે, રાજ, વૈભવ, સત્તા પણ તેમને જોઈએ છે. અત્યારે સાધુ થવાની તૈયારીવાળા નથી પણ જ્યારે ધર્મ કરવા બેસે ત્યારે તેમને સંસારના ભાવો કોઈ અતિચાર લગાડી શકે નહી.

અમને સાધુજીવનમાં પણ જો અનુચીત ભાવ થાય તો પાપ લાગે. જેમ બે શ્રાવક આવતા હોય, તેમાં એક શ્રાવક ભક્તિ કરે છે, બીજો શ્રાવક ભક્તિ કરતો નથી. જો કે અમને ભક્તિની પડી જ ન હોય. પણ જે ભક્તિ નથી કરતો તે ઉંચો ધર્માત્મા છે. જ્યારે ભક્તિ કરે છે તે ઓછો ગુણી છે. પણ તે મારી ભક્તિ કરે છે. માટે મને તેના પ્રત્યે ઉંચો ભાવ આવે અને પેલા પ્રત્યે હલકો ભાવ આવે તો અમને દોષ લાગુ થઈ જાય. અમારી ભક્તિ કરનાર સારો રહે તેનુ વધુ જ સારુ થાય જો આવો ભાવ અમને આવે તો તમારો આખો સંસાર અમને વળગે. જેનાથી અમારુ ચારિત્ર

તો ખીરીએ જ રીંગાઇ જાય. અમારે તો ત્રિવીધે ત્રિવીધેના પચ્ચખાણ છે.

સાધુ માટે તો એવી જ છાપ હોવી જોઇએ કે તેઓ અલિપ્ત જ છે. તેમની પાસેથી તો આત્મકલ્યાણનું જ માર્ગદર્શન મળે. શ્રાવકે ગુરુ પાસેથી આ જ અપેક્ષા રખાય, બીજી કોઇ અપેક્ષા રખાય નહીં.

તમે સામાયિક કરવા બેસો ત્યારે એવી છાપ ખરી કે આ વ્યક્તિ સામાયિક કરવા બેસે ત્યારે તેને મળી પણ શકાય નહી! કશું જ કહી પણ ન શકાય?

સામાયિકમાં બેઠા હોવ અને કોઇ બહારગામથી આવે તો ડોકું ધુણાવો. કે ઇશારો કરો તો પણ અતિચાર લાગે ને ? આ બધી સમજ નિરતિચાર અનુષ્ઠાન કરવા માટે અપેક્ષીત છે.

સભા:- સામાયિકમાં ટીપ લખાવાય?

સાહેબજી:- મુળ માર્ગે સામાયિકમાં ટીપ પણ ન લખાવાય. પણ ટીપ લખાવવામાંથી છટકી જવા માટે સામાયિકનો ઉપયોગ નથી કરવાનો. જે પાંચ હજારનું પણ દાન ન આપી શકે તે વ્યક્તિ "અપ્પાણં વોસિરામી" વખતે કેવી રીતે વોસિરાવી શકશે ?

સભા:- દિકરા માટે સંસારમાં શુભ ભાવના કરાય? કેવી કરાય?

સાહેબજી:- હા, દિકરો આત્મકલ્યાણને અનુરુપ સંસારમાં યોગ્યભાવ અને ઉચીત પ્રવૃત્તિ સાથે જીવે. જે તેને ધર્મમાં સાધનરૂપ બને. આવી દિકરા માટે પણ શુભ ભાવના હોય તો તમને ૨૪ કલાક પુણ્ય બંધાય. પરંતુ તમારી શુભભાવના સામાયિકમાં પણ જુદી હોય અને વગર સામાયિકે પણ જુદી હોય તે ખાસ લક્ષમાં રાખવાનું છે.

॥પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી મ.સા. ગુરુભ્યો નમઃ॥

૧૭-૧૦-૯૫ ॥સિધ્ધિ ભાવધર્મ॥ ગોવાળિયા ટેંક
સોમવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ ધર્મ-અધર્મની સમજણ, વ્યાખ્યા સમજાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આ જગતમાં ધર્મ શું? અધર્મ શું? તે સ્થુલતાથી સમજવું મુશ્કેલ નથી. દુનિયામાં સારુ શું છે? ખરાબ શું છે તે સામાન્ય માણસ પણ સમજી શકે છે. પણ તેને સુક્ષ્મતાથી સમજવા માટે જ ઉંડી પ્રજ્ઞા જોઈએ.

સિધ્ધિ ધર્મમાં પ્રવેશ કરવા, નિરતિચાર અનુષ્ઠાન કરવા આ પ્રજ્ઞા અનિવાર્ય છે. આ કરવા માટે અતિચારોનું સાંગોપાંગ જ્ઞાન અનિવાર્ય છે. પ્રત્યેક પ્રવૃત્તિનું અંતિમ રીઝલ્ટ શું? ત્યાં સુધી જે વ્યક્તિની દૃષ્ટી પહોંચે તે જ વ્યક્તિ નિરતિચાર અનુષ્ઠાન કરી શકે છે.

શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે કે

ભગવાન મહાવીરના વખતની વાત છે. એક મહાત્મા જીનકલ્પ સ્વીકારીને વિચરતાં હતાં. જેઓ પ્રભુ આચાર પાળે તેવો જ આચાર પાળીને જીવતાં હોય તેઓ જીન કલ્પી કહેવાય. જીન કલ્પી પલાંઠીવાળીને જમીન પર બેસે નહીં. તેઓ ઉંઘે પણ નહીં. ભગવાન ૨૧ કલાક ધ્યાનમાં રહે. તેમ જીન કલ્પી પણ ૨૧ કલાક ધ્યાનમાં રહે. પ્રભુના આચાર જેવા જ તેમના આચાર હોય, આ મહાત્મા તે લેવલના છે.

હવે તે વિચરતા વિચરતા કાઉસગ્ગ ધ્યાનમાં મધ્યમ કક્ષાના નગરમાં ઉભા છે. તેઓ નગરના ચોતરા પર, રસ્તા પર જ્યાં પરિષહો આવે તેવી જગા પર ઉભા રહે. માટે ત્યાં ઉભા છે.

આ નગરનો રાજા મધ્યમ કક્ષાનો છે. તે રાજાને એક સુંદર કન્યા છે. તે ગુણથી યુક્ત છે. તેની કીર્તિ લોકમાં ઘણી ફેલાયેલી છે. આ કન્યાની વાત ચંડપ્રદ્યોત રાજા સુધી પહોંચી છે. તે રાજા મોટી સત્તા ધરાવનાર છે. તે ખુબ જ કામી પ્રકૃતિવાળો છે. માટે તેને આ કન્યા માટે માંગુ મોકલ્યુ. પણ કન્યાના પિતાને થાય છે કે આ રાજા તો ઘણી કન્યા પરણે છે માટે મારી દીકરી માટે તે યોગ્ય નથી. તેથી તેને ના પાડી. આ કારણથી રાજાને થયું કે "આ રાજા તો આટલી નાની કક્ષાનો હોવા છતાં મારુ માંગુ

"પાણુ દેખ્યુ." માટે તે લડાઈ લઈને આવ્યો. આ રાજા તો ગભરાઈને બધા કિલ્લા બંધ કરીને બેસી ગયો. પેલો રાજા તો ઘેરો ઘાલીને બેઠો છે. માટે રાજાને ખુબ જ ચિંતા થાય છે. તેથી મંત્રીને બોલાવીને કહે છે કે આ આફત ક્યારે ટળશે ? તમે કંઈક વિચાર કરો, કે આપણે શું કરવું ? મંત્રી શાસ્ત્રોનો જાણકાર છે. તેને થાય છે કે કાં તો રાજાને જીતવો પડે, કાં કન્યા આપવી પડે. આ બે સિવાય ત્રીજો વિકલ્પ દેખાતો નથી. પણ કંઈક અણધાર્યુ એવુ બને કે જેના નિમિત્તથી ખબર પડે કે આપણે શું કરવું.

માટે તેઓ બહાર નીકળ્યા છે. હવે નિમિત્ત શાસ્ત્રમાં કહ્યુ છે કે તમારી સાથે કોઈને સંબંધ ન હોય, માટે તે ગણિતથી કાંઈ બોલે, અને તે વખતે કાંઈક આકસ્મીક તમારી જ ઘટનાને અનુલક્ષીને બોલી જાય, અને તેના આધારે તમે પગલાં ભરો તો સફળ થાય.

શાસ્ત્રમાં આવે છે ને કે

ઉદયન મંત્રી પહેલાં એક સામાન્ય કક્ષાના માણસ હતા. પોતાની રીતે પોતાનુ કામ ચલાવે તેવા જ હતા. હવે એક વખત રસ્તામાં જતાં ખેતરમાં લોકો વાત કરતાં હતા. ત્યાં જઈને તેમને પુછ્યુ કે તમે કોના નોકર તરીકે કામ કરો છો ? ત્યારે કહે અમે ફલાણા, ફલાણાના નોકર તરીકે કામ કરીએ છીએ. ત્યાં આ પુછે કે મારા નોકર ચાકર ક્યાં છે? તો સામે કોઈનાથી બોલાઈ ગયુ કે તમારા નોકર ચાકર ગુજરાતમાં છે. બસ તેના પર તેમને નક્કી કર્યુ કે મારુ ભાવિ ગુજરાતમાં છે. માટે સીધા ગુજરાતમાં આવ્યા અને ત્યાં તેમનું ભાવિ ખુલ્યું.

હવે આ મંત્રી રસ્તા પર નીકળ્યા છે. ત્યાં કેટલાક છોકરાઓ ખેલમાં રમતાં હતાં. તેઓને મંત્રીએ આવીને એકદમ ડરાવીને ખુબ જ ધમકી આપી. જાણે મારવા સુધીનું વર્તન કર્યુ. જેથી આ બધા ગભરાઈને ઉંધી મુઠીએ ભાગ્યા. રડતાં, ચીસો પાડતાં, દોડતાં. તેમાંથી બે ત્રણ છોકરા આ મહાત્મા જે કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા હતા તેમની પાછળ રક્ષણ માટે ભરાઈ ગયા.

મહાત્મા ધ્યાનમાં તલ્લીન છે. પણ ઉપયોગ મુકી આજુબાજુની પરિસ્થિતિ

જોઈને બોલ્યા "ડરો નહીં તમને કોઈ ભય નથી." આ રીતે તેમને આશ્વાસન આપ્યું. આ સાંભળીને મંત્રીએ સંકેત પકડી લીધો. આવા મહાત્માનું વચન કદી મિથ્યા થાય નહીં. માટે જો હમણાને હમણાં જ લડાઈ કરીએ તો ચોક્કસ આપણી વિજય થાય. માટે રાજા પાસે આવીને કહે છે કે બસ આપણે હમણાંને હમણા આ રાજા પર ચઢાઈ કરવી છે લશ્કર સાવદ્ધ કરો. કિલ્લાના દરવાજા ખોલી યુધ્ધની નોબત વગાડો. મંત્રી પર રાજાને વિશ્વાસ છે. માટે રાજા હા પાડે છે અને લડાઈ માટે તેમણે પ્રયાણ કર્યું. આ બાજુ ચંડપ્રદ્યોત રાજાને કલ્પના પણ નહીં કે આમ ચડાઈ કરશે. માટે તેનું સૈન્ય સાવદ્ધ ન હોવાના કારણે આ રાજાએ વ્યુહરચના બનાવીને વિજય મેળવ્યો. પછી તેને પકડીને નગરમાં લાવે છે.

હવે દિકરીના પિતાને થાય છે કે આવા મોટારાજાને હેરાન કરવાનો મીનીંગ નથી. માટે મંત્રીશ્વરને પૂછે છે કે આપણે શુ કરવું? મંત્રીશ્વર કહે છે કે મારા હિસાબે તો આમને જમાઈ બનાવવામાં કાંઈ વાંધો નથી. માટે રાજાને સન્માન સાથે મહેલમાં બોલાવીને પોતાની કન્યાને તે પરણાવે છે. તેથી ચંડપ્રદ્યોત રાજા ખુબ જ ખુશ થાય છે. હવે એક દિવસ આ રાજરાણી બહાર ફરવા નીકળ્યા છે ત્યારે રાજાને આખુ નગર જોતાં થાય છે કે આનું ઐશ્વર્ય, સંપત્તિ, બળ કાંઈ નથી છતાં તેને મને કેવી રીતે જીત્યો, તે ખબર ના પડી. તેથી રાણીને પુછે છે તે વખતે આ કન્યા હસી પડી. તેથી રાજાને થયુ ચોક્કસ આમા કાંઈ ભેદ છે માટે ખુબ જ આગ્રહથી વાત પૂછે છે. ત્યારે કન્યા વિગતવાર પ્રસંગની વાત કરે છે. વાત સાંભળી રાજા આગ્રહ કરે છે કે મારે આવા મહાત્માના દર્શન કરવા છે. માટે બન્ને દર્શન કરવા ગયા. ત્યાં આવીને રાજા બોલે છે કે "નૈમિત્તીક મહાત્મા (ભાવિના ભાખનારા) આપ શાતામાં છો? ત્યારે મહાત્માને સ્ટ્રાઈક થયું કે મેં કોઈ ભાવિ ભાખ્યુ નથી છતાં આ કેમ આવું સંબોધન કરે છે.

ઉપયોગ મૂક્યો. જીનકલ્પી ખુબ જ સતેજ હોય છે. માટે તેમને ખ્યાલ આવ્યો કે ત્યારે હું બોલી ગયેલો કે "ભય નથી ચિંતા નથી." તેનું જ આ પરિણામ છે. મહાત્માએ રાજરાણીને ધર્મ સંભળાવ્યો જેથી રાજરાણી ખુબ જ ખુશ થયા છે.

પણ મહાત્માને તો ખુબ જ લાગ્યુ કે મારા કારણે જ આટલુ યુધ્ધ ખેલાયુ. આમના લગ્ન થયા, કેટલા રાગો બંધાશે, કેટલા આરંભ-સમારંભ થયા અને થશે. મારા એક વાક્યના ઉચ્ચારથી આટલુ બન્યુ. અહિંયા આ મહાત્માને અતિચાર લાગ્યો. માટે તેમને પ્રાયશ્ચિત દ્વારા શુધ્ધીકરણ કર્યું. પછી અજાણતાં પણ હવે આવું ન બોલાય તેના માટે સંકલ્પ કર્યો.

સભાઃ- છોકરાઓના રક્ષણ માટે પણ ન બોલાય?

સાહેબજીઃ- તમને તો ભવિષ્ય વેત્તા તરીકે જ સાધુઓ જોઈએ છે ને? તમને ખબર પડે એવા એ સાધુ પાસે દોડી જાઓને? કદાચ કોઈ સાધુ જાણતાં હોય તો કહે નહીં. પણ કહે તો શું થાય. તેના આ બધા પુરાવા છે. અમને કોઈ આવીને પુછે કે "ભારતનું ભાવિ શું છે? આ વર્ષ કેવું જશે? આવુ તમારાથી પુછાય ખરૂ? અને અમારાથી કાંઈ બોલાય ખરૂ? મને એકજણ આવીને પુછે કે વર્લ્ડ વોર ક્યારે થશે"? ત્યારે મે કહ્યુ ભાઈ અમારો આ વિષય નથી. કદાચ જાણતાં હોઈએ તો પણ બોલાય નહીં. અને બોલીએ અને તે પ્રમાણે વર્લ્ડ વોર થાય તો અમારા તો મહાવ્રતનો ઠેકાણો જ પડી જાય.

માટે તમારા સ્ટેટમેન્ટનું વાયા, વાયા પણ ક્યાંય કનેક્શન આવી જાય તો નિરતિચાર સામાયિક આદિ થાય નહિં.

તમે નાની નાની બાબતમાં સામાયિક આદિમાં હા ભણતાં હોવ છો. પણ વાયા-વાયા તે પ્રવૃત્તિનું શું રીઝલ્ટ આવે તે તમે વિચારતા નથી. માટે જ નિરતિચાર અનુષ્ઠાન થતું નથી. આવી સુક્ષ્મ વિચારણા કોઈ ધર્મમાં કરી નથી.

જેમ કપડાં ધોઈને પાણીની ડોલ બાથરૂમમાં રેડી દો ત્યારે ખ્યાલ આવે કે આનું અલ્ટીમેટ રીઝલ્ટ શું આવશે? જો ખ્યાલ આવે તો તમે હલબલી જાઓ. જેમ તે પાણી ડીટરજન્ટવાળુ છે. તે પાણી તમે ઢોળશો ત્યારે ગટરમાં તે પાણીથી હજારો કીડા જીવો ગુંગળાઈને મરશે. આ કેટલી ભયંકર હિંસા છે. પાણી ઢોળતાં ખ્યાલ આવે છે કે હું આ પ્રવૃત્તિથી કેટલી ભયંકર હિંસા કરી રહ્યો છું.

જેમ ખીલી પડી છે તે ઉપાડીને રસ્તામાં ફેંકી દીધી. ત્યારે થયું કે મે

ખોટુ પાપ કર્યું. જેમ તમારે થેલીઓ આદિમાં પીનો મારેલી હોય છે તે પડીકુ ખોલીને પીનો સાથે જ કુથોવાળી રસ્તામા ફેંકી દો. એજ કાગળના કુથા ગાય ખાશે ત્યારે તેના પેટમાં જશે. બસ પછી શું થશે? સેપ્ટીક સુધી તે પીન પહોંચાડશો? અંતે રીબાઇ રીબાઇને ભુખ્યુ તરસ્યુ તે જનાવર મરશે. તમને કાંઇ થાય છે ખરુ? કે અમે કેવા કેવા પાપ કરીએ છીએ. જરા વિચાર કરશો તો ખ્યાલ આવશે કે કેવી કેવી જગ્યાએ પાપો થતાં હોય છે. કેવી કેવી બાબતમાં અતિચાર લાગતા હોય છે.

જેમ કોઇ વ્યક્તિ નવો નવો જ ધર્મ કરવા ઉપાશ્રયમાં આવે. અને તેને ખબર ન હોય ને તે કાંઇ ભુલ કરે ત્યારે તમે તેને તતડાવવા માંડો. બસ પછી તે ગભરાઇને ધર્મ કરવા આવતો બંધ થઇ જાય. ત્યારે તમને તતડાવતાં ખ્યાલ આવે કે મને કેટલો મોટો અતિચાર લાગી રહ્યો છે. આમ પાછા તમે તમારી ક્રિયામાં હજારો દોષો સેવતાં હોય છો. પણ બીજે કોઇ નાનો દોષ સેવે તો પણ અકળાઇ જાવ. તમને કોઇએ ગુરૂપદ આપ્યુ છે? અમને પણ સામે વ્યક્તિ લાયક લાગે અને જો મોટો દોષ હોય તો અમે કહીએ નહીતર વધુ ઉપદેશમાંજ સમજાવીએ. જેમ તમે અહિંયા સામાયિક કરતાં પૂજાના કપડાં, અલંકારો પહેરો છો. હવે આ બધા દોષોમાં અમે વ્યક્તિ ગત ના કહીએ પણ પ્રસંગો ઉપદેશમાં કહીએ કે માર્ગ આ છે.

તમારે કદાચ કહેવું પડે તેવું હોય ત્યારે પણ જો તે વખતે કહેતાં ન આવડે તો ખ્યાલ આવે કે "અસ્થીરીકરણ" અતિચાર લાગે છે. આ બધા અતિચાર મને લાગી રહ્યા છે.

માટે નિરતિચાર ક્રિયા કરવા પણ શાસ્ત્રજ્ઞાન જોઇએ. કોઇ દિવસ અજ્ઞાની નિરતિચાર ક્રિયા કરી શકશે નહીં. તમે ઘરમાં દરવાજો ખુલ્લો રાખી, બારી બંધ કરીને સામાયિક કરવા બેઠા ત્યારે દુધવાળો આવીને કહે કે બહેન છે કે નહીં? અને તમે ડોકુ હલાવો, ત્યારે થાય કે પાપ કર્યું? તમે હા પાડી એટલે તો રીંગ વગાડશે: તેમા હિંસા. પછી તે બહેન બહાર આવશે, ત્યારે આવતાં પણ હિંસા.

પછી તે દુધ ઉકાળશે તેમા પણ હિંસા માટે વિચારજો એક હા પાડવાથી કેવા પાપ બંધાય.

આમ તમને ત્રણ લોકની સર્વ વસ્તુનું પાપ અનુમતિ રૂપે તો લાગે જ છે. પણ આ ઇશારો કર્યો તેનાથી તો કરાવ્યાનું પાપ લાગે છે.

સભા:- જેમ અમારે પાપનું કનેક્શન છે તેમ પુણ્યનું કનેક્શન ખરુ કે?

સાહેબજી:- હા, ચોક્કસ, અંદરમાં એવો ભાવ હોય તો પુણ્ય બંધાય. જેમ તમે એક સારા સાધર્મિકને ધર્મ કરવા માટે સારી અનુકુળતા કરી આપી. પછી તે અનુકુળતાના કારણે જે ધર્મ કરશે તેમાં તમારા ભાવ પ્રમાણે તમને અમુક ટકા લાભ મળશે. જેમ પાપમાં કનેક્શન છે તેમ પુણ્યમાં પણ છે.

પરંતુ તમને ન લાગતી બાબતોમાં પણ તમારા કેવા પાપો સંકળાયેલા હોય છે. જેમ તમે કોઇ વ્યક્તિને કોઇ સલાહ આપી, તેને બધુ સમજાવી દીધુ, પછી તે વ્યક્તિ તેનો ધંધો કરે તેમાં જે બધા પાપ થાય તેમાં તમારી લીંક લાગી જાય. માટે માનસિક-વાચિક-કાયિક ક્યાં ક્યાં અતિચાર લાગે છે તેની ખુબ જ જાણકારી જોઈએ. જેનાથી બીન જરૂરી તમે ક્યાંય હલવાઓ નહીં.

ઘણી વખત બહેનો સારુ અથાણું કે વાનગી આદિ જાણતા હોય તો ચાર બહેનોને સમજાવશે. હવે તે બહેનો ઘરમાં બનાવશે, તથા તે બીજા ચારને સમજાવશે આમ કેટલાયને શીખવાડશે. ત્યારે ખબર પડે છે કે આનાથી કેટલી હિંસા થશે?

સભા:- આદિનાથ ભગવાને બધી જ વ્યવસ્થા કેમ બતાવી?

સાહેબજી:- તે આપણે ઋષભદેવ ચરિત્રમાં આવશે. તેની શાસ્ત્રમાં ખુબ જ ચર્ચા છે. બૌદ્ધો કહે છે તમારા ભગવાને મારામારી કેમ કરવી તે શીખવ્યુ છે આ બધાનું વર્ણન શાસ્ત્રમાં ખુબ જ છે. આની પાછળ ભગવાનનો આશય જ આખો જુદો છે માટે જ આ બધુ બતાવતાં પણ તેમને પુણ્ય જ બાંધ્યુ છે. અત્યારે આ પ્રશ્ન વધારે છેડતો નથી.

દુનિયામાં જેટલા સાધનો શોધાય છે તેના દ્વારા જેટલા જેટલા

પાપો થાય છે તે બધામાં તે સાધન શોધનારની જવાબદારી આવી? અને એવા શોધકને પાછા તમે તાળીઓથી વધાવો. માટે વિચારજો કેટલુ પાપ લાગે છે.

જેમ એક મિક્ષ્ચર શોધાયુ. હવે તેના દ્વારા કેટલી વનસ્પતિનો કુચ્ચરઘાણ નીકળશે. બસ શોધનારને તો વપરાશ સાથે મતલબ છે. જેમ એક સામાન્ય વસ્તુ ચશ્મા લો. હવે ચશ્મા પહેરીને જેટલુ બિનઉપયોગી જોશે, વાંચશે, જ્યાં ત્યાં ચશ્મા પહેરી આંખનો ઉપયોગ કરી કેવા કર્મ બાંધશે. તેનાથી પણ શોધનારએ કેટલા કર્મ બંધાશે. પાપોની હારમાળાનો ખ્યાલ આવે છે ખરો?

સભા:- સાહેબજી ચક્ષુદાન અપાય ખરુ?

સાહેબજી:- ચક્ષુદાન પણ જો ગેરલાયકને અપાય તો પરલોકમાં પાપનું ભાથુ મળ્યા કરશે.

સભા:- પણ અમે તો સારા ભાવથી આપીએ છીએ.

સાહેબજી:- સારા ભાવથી ખૂન કરો તો ચાલે? સારી ભાવનાથી કતલખાનું ખોલો તો ચાલે? ગરીબોને ફ્રી ઓફ ચાર્જ ખાવા માટે માંસ આપવા કતલખાના ખોલો તો ચાલે ખરુ? માટે ખાલી ભાવ સારો ન ચાલે પણ સાથે પ્રવૃત્તિ પણ સારી જોઈએ. કોઈ ડોક્ટરથી દર્દીની દવા કરતાં દવાનું રીઝલ્ટ ખરાબ આવવાથી દર્દી મરી જાય તો પગલાં લેવાય કે નહીં? ત્યારે ડોક્ટર કહે કે મેં તો દવા સારી ભાવનાથી આપી હતી. ત્યારે કહોને કે મેડીકલ વિરુદ્ધ આ દવા ન અપાય તો કેમ આપી. જજ તેને જવા દે ખરા? માટે પ્રવૃત્તિ પણ સાથે સારી જોઈએ. ભાવ સારા માત્રથી વસ્તુ સારી નથી બની જતી. તેનું સ્વરુપ પણ જોવું પડે. માટે બધે જ સ્વરુપ, હેતુ આવશે. કોઈ કહે માછીમાર નબળા છે માટે તેને ધંધો કરવા જાળ અપાવુ તો શું કહો? આવા તો સો દૃષ્ટાંત છે. ઘણી વખત જેમાં ભાવ સારો હોય પણ તે પ્રવૃત્તિ ઘણી વખત મહા ભયંકર બનતી હોય છે.

સભા:- લોહીનું ડોનેશન કરાય?

સાહેબજી:- કુપાત્રને અપાય નહીં. તમને ખબર હોવી જોઈએ કે આપણી વસ્તુ આપણે લાયકને જ આપીએ છીએ. ખાલી બ્લડ બેન્કોમાં, ચક્ષુ, લોહી મૂકી દો અને પછી તે ગમે તેને આપે તે ન ચાલે.

અનુકંપામાં ખાલી પ્રાથમિક જરૂરિયાતનું દાન આપવાનું છે. સુપાત્રમાં તમે તે દાન આપો તેમાં વાંધો નથી. માટે પાત્રનો વિચાર કર્યા પછી જ દાન આપવાનું આવે છે.

સભા:- જૈનેતરને અપાય?

સાહેબજી:- જૈનેતર પણ જો સજ્જન, સદ્‌ગુણી હોય તો અપાય. દાન તો જરૂરિયાતવાળાને અપાય છે. જ્યારે વચલા તેની માલીક બનીને બેસી જાય તે કેમ ચાલે?

જેમ તમે કોઈને સાધર્મિક ભક્તિ કરવા પાંચ લાખ આપે. પછી વહીવટ કર્તા કહે હવે તમારો હક નથી માટે હું તમે ત્યાં આપુ તો ચાલે ખરું? માટે જેનો તે માલિક છે તેની ઈચ્છા પ્રમાણે જ કરવું પડે. અત્યારે તમારી મેડીકલ લાઈનમાં ઘણા બધા દાદા બનીને બેસી ગયા છે. પણ દાન આપનારની ઈચ્છાને માન આપવું જ પડે.

આર્ય પરંપરામાં દાન શું? દાન આપનારનો હક શું? દાન લેનારના હક શું? આ બધાનું વિવરણ છે. અત્યારે તો વિજ્ઞાને માનવ જાતના હક પડાવી લીધા છે. સરકાર પણ બધે જ માથુ મારે છે. દેશમાં કઈ દવા લાવવી, કઈ દવા ન લાવવી તે બધામાં સરકાર માથુ મારે છે. અરે તમારા ઘરમાં રસોઈ પણ શું બને તેમાં માટે પણ આડકતરી રીતે સરકાર માથુ મારે છે.

આપણા શાસ્ત્રમાં બધુ જ વર્ણન આપેલ છે. રાજ્ય વ્યવસ્થા કેવી હોય, સમાજ વ્યવસ્થા કેવી હોય?

પણ અત્યારે વિકાસના નામથી અધઃપતન ચાલી રહ્યુ છે. હા, આપણો ટાઈમ પૂરો થઈ ગયો. હવે કાલે વિશેષ જોઈશું.

॥પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ॥

૧૭-૧૦-૯૫
મંગળવાર
આસોવદ આઠમ

## ॥વિનિયોગ ભાવધર્મ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ વિનિયોગ નામના ભાવધર્મને પ્રવૃત્તિ રૂપે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આપણે ત્યાં આરાધના, સાધના દ્વારા અમુક ગુણોને સિધ્ધ કરી પછી તેનો વિનિયોગ કરવાનો છે. એટલે કે પોતાને પ્રાપ્ત થયેલો (સિધ્ધ થયેલો) ધર્મ બીજામાં સંક્રાન્ત કરવું. એનું નામ જ વિનિયોગ છે. જેને સિધ્ધિ ધર્મને પ્રાપ્ત કર્યો છે તેના માટે જ વિનિયોગ ભાવધર્મ છે. સિધ્ધિ નામના ભાવધર્મને પામેલો આત્માઓ ટોપલેવલમાં પહોંચવાનો પ્રયત્ન કરે ત્યારે જ વિનિયોગ આવે છે.

જગતમાં માર્ગદર્શન પુરુ પાડતાં પહેલાં તેઓએ સિધ્ધ કર્યું છે. જેમ તમારે દાન આપવું હોય તો તમે ક્યારે આપી શકો? તમારી પાસે જે હોય તેનું જ તમે દાન આપી શકો. સંસારમાં ધન દાન હોય છે. તમે સંસારમાં કમાઈને તમારી પાસે ધન હોય ત્યારે જ તમારે સારા ક્ષેત્રમાં દાન આપવું હોય તો આપી શકો છો.

અત્યારે તમે જ્ઞાનનું દાન કરી શકવાના નથી. કારણ તમારી પાસે સમ્યગ્ જ્ઞાન નથી. તીર્થંકરો પૂર્ણ જ્ઞાનને સિધ્ધ કરે છે. પછી જ જગતને વિનિયોગ કરે છે. આ બહુ જ ઉંચા સ્ટેજની વાત છે. અત્યારે તો વિનિયોગ પામેલાની મનોદશા, અધ્યાત્મીક સ્તર કેવું હોય તે જાણવાનું છે.

નિરતિચાર ધર્મ આપો આત્મામાં આત્મસાત્ થાય પછી આગળ જવા માંગે ત્યારે વિનિયોગ નામનો ભાવધર્મ ચાલુ થાય છે. તે ધર્મમાં સમતાનું અનુસંધાન છે. સમતામાં આવેલા જીવનું અદ્વિતીય મનોબળ હોય છે. તેમનો વિલ પાવર, આત્મબળ, અદ્ભુત ખિલેલો હોય છે. સમત્વયોગમાં આવેલ વ્યક્તિને ગમે તે વ્યક્તિ ગમે તે સંયોગોમાં આવેગો પેદા ન કરી શકે. પછી રાજા, મહારાજા હોય, દેવતા હોય, સત્તાધીશ હોય કે ઈન્દ્ર હોય પણ કોઈની મજાલ નથી કે તેને સમતામાંથી વિચલીત કરી શકે. તમે

તીર્થંકરના દ્રષ્ટાંતો જુઓ છો ને?

મહાવીર પ્રભુ દીક્ષા લીધા પછી સમત્વયોગમાં હતાં. કોઈ તેમને ચલાયમાન કરી શકે તેમ નથી. તેમને વિહાર કરવો હોય તો કોઈ રોકી ન શકે. સ્થિર રહેવું હોય તો કોઈ અટકાવી ન શકે. સંગમ દેવતા છ-છ મહિના સુધી કેડો પાછળ પડ્યો છે. પણ તે તેમને ચલાયમાન કરી શક્યો નથી. આમ તો સંગમ દેવતા ઈન્દ્રનો સામાનિક દેવ છે. તેનું ઐશ્વર્ય, બળ ઈન્દ્ર નજીકનું હોય છે. ખાલી સામાન્ય વૈમાનિક દેવની તાકાત પણ કેટલી હોય? તે આખા જંબુદ્વિપને ચપટીમાં ચોળી નાંખે. જ્યારે આ તો ઈન્દ્ર સામાનિક દેવ છે, માટે મજેથી આખી પૃથ્વીને તે ડોલાવી શકે. હવે આવો દેવ બીજું શું ના કરી શકે. ખરાબ કરવું હોય તેનું ખરાબ કરી શકે. સારુ કરવું હોય તેનું સારુ કરી શકે.

આ દેવતાને ૨૪ કલાક એવી આકાંક્ષા છે કે પ્રભુમહાવીરને તેમના ધ્યાનથી ચલીત કરુ. અને તેને માટે તેને જેટલા વિકલ્પો સુઝ્યા તે બધા અજમાવી જોયા પણ તે જરાપણ સફળ ન થઈ શક્યો. પૂરેપૂરો નિષ્ફળ ગયો છે. તેને ઘણી વખત તો પ્રભુ ગોચરી માટે ગામમાં જાય તો એવો ચોરીનો આરોપ તેમના પર મૂકે કે આખુ ગામ તેમને મારવા દોડે. કોઈ વખત પોતે પ્રભુ જેવું રૂપ કરી ગામમાં કોઈ સ્ત્રીની છેડતી કરી આવે. કેટલાય વખત સુધી ગોચરી પણ વહોરવા દીધી નથી. આવા આવા તો કેટલાય ઉપદ્રવો કર્યા છે. પણ પ્રભુને ચિંતા નથી કે આ ક્યારે અટકશે. ક્યારે ગોચરી પાણી મળશે તેનો પણ વિચાર કર્યો નથી. પ્રભુ તો સમત્વયોગમાં સ્થિર છે. માટે વિચારજો સમત્વ યોગ પામેલા જીવનું કેવું માનસ હોય છે.

હવે જ્યારે સંગમ દેવ થાકીને જાય છે ત્યારે તેને લાગે છે કે પ્રભુને મેં આટલો ત્રાસ આપ્યો છે માટે મારાથી તે તંગ થયા હશે. માટે પ્રભુને જતાં કહે છે કે " હે આર્ય શ્રમણ આપ આ પૃથ્વીતલ પર મુક્ત રીતે વિચરી શકો છો। હું હવે આપને ઉપદ્રવ કે ત્રાસ નહીં કરુ. આજ સુધી જે કર્યું છે તેની ક્ષમા, યાચના કરુ છું." આમ ને આશ્વાસન આપે છે. ત્યારે ખબર છે પ્રભુએ શું જવાબ આપ્યો છે? તેમના જવાબ પરથી ખ્યાલ આવે કે પ્રભુનું સત્વ કેટલું હશે? પણ હું તમને

પૂછું છું કે પ્રભુએ શું જવાબ આપ્યો હશે?

સભા:- તારી જેવી મરજી.

સાહેબજી:- શું પ્રભુ એની મરજી પર વિચરે છે. આજ સુધી તેની મહેરબાની નહોતી માટે હેરાન થતાં હતા? પણ હવે તેને આવું આશ્વાસન આપી મહેરબાની કરી માટે પ્રભુ શાંતિથી વિચરી શકશે? જો આવો જવાબ આપે તો તેમાં તો હીનતા આવી કહેવાય. પરંતુ પ્રભુ તો સત્ત્વવાળા છે માટે કહે છે કે " હું વિચરું છું તે કોઈની મહેરબાની કે સહાયથી વિચરતો નથી. અને સ્થિર રહું છું તે પણ કોઈની સહાયથી સ્થિર રહેતો નથી. પરંતુ હું મારા સ્વભાવથી સાધના કરું છું. તું કહે છે કે હવે હું ત્રાસ ઉપદ્રવ નહીં કરું, આપ શાંતિથી વિચરો, પણ હું તો તારા કહેવાથી કાંઈ વિચરવાનો કે અટકવાનો નથી. પણ હું સ્વેચ્છાચારી સ્વતંત્ર છું. મારા મનની ઈચ્છા પર કોઈનું આધિપત્ય કે કંટ્રોલ નથી.

આપણે આવું કહી શકીએ ખરા? ના, કેમ?

કારણ, આપણા મન પર કેટલાયના કાબુ છે. સમતામાં જઈએ એટલે કોઈનો પણ કાબુ નહીં. અત્યારે તમે કોઈની લાગણી, દબાણને વશ થઈને કેટલું કરો છો? બધી રીતે આપણે બંધાયેલા છીએ. જ્યારે સમતા એટલે તો ખરી મુક્તતા છે. જેનામાં પણ રાગ-દ્વેષ આવેગો છે તે બધા બંધાયેલા છે. જેમ ખીલે બંધાયેલ ઢોર તે દોરડાની રેંજમાં ફરી ફરી શકે. તેની ઈચ્છા મુજબ, મન ફાવે ત્યાં ન ફરી શકે. તેની જેમ આપણે બધા પણ બંધનથી બંધાયેલા છીએ. બંધન તમને દેખાય છે ખરું?

પ્રભુએ કેવો જવાબ આપ્યો, તે પરથી સમજાય કે કેવી મનોદશા, સત્ત્વ હશે?

સભા:- આ દેવતા છ મહિનાથી વધારે ઉપદ્રવ કરી શકે?

સાહેબજી:- હા, વર્ષો સુધી પણ કરી શકે.

સભા:- પ્રભુ તેને અટકાવવા જાય ખરા? અને જાય તો તેમને કેવળજ્ઞાન ન થાય?

સાહેબજી:- પણ પ્રભુ અટકાવવા જ કેમ જાય? તેમને કાંઈ ઈચ્છા હોય તો અટકાવવા જાય ને? પરંતુ તેઓ તો સર્વબંધનથી મુક્ત છે. તેઓ દેહમાં રહે છે પણ દેહથી મુક્ત છે. શાસ્ત્રમાં કહ્યું છે કે તેઓ આ ભૂમિકામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધાથી અપ્રતિબદ્ધ છે.

અપ્રતિબદ્ધ એટલે કોઈ સાથેનું બંધન નથી. જ્યારે અત્યારે આપણે હજારો વસ્તુથી બંધાયેલા છીએ. બધી વસ્તુનો આપણે વિચાર કરવો પડે તેમ છે. માટે બધી રીતે પરાધીનતા છે.

જ્યારે સમત્વ યોગમાં રહેલા આત્મા પર કોઈનું વર્ચસ્વ નથી, બધાથી તેઓ નિરપેક્ષ છે. માટે તેને હું દૂર કરું તેવી ઈચ્છા પણ ન હોય. હવે જો ઈચ્છા આવે તો અપેક્ષા આવી કહેવાય, અપેક્ષા એ બંધન છે. જ્યારે સમતામાં તો બધા બંધનથી મુક્ત હોય છે.

તેમને વિકલ્પ, આત્મીક રૂપ તરંગો, આંદોલનો જાગતા નથી. જેમ દરિયાના પાણીમાં મોજા ઉછળતાં હોય ત્યારે ચારે બાજુ તરંગો દ્વારા ધુધવાટ ચાલતો હોય છે. પણ જ્યારે પવન શાંત થાય ત્યારે? તેમ વિકલ્પ રૂપ એકપણ તરંગ પેદા ન થાય ત્યારે સમતામાં આવે છે. તેમને ઈચ્છા હોય તેવું માનસ ૨૪ કલાકમાંથી એક સેકન્ડ પણ રહેતું નથી. તેમને માટે બધી ઈચ્છાઓ વિલિન થઈ ગઈ છે. તેમને ઈચ્છાચક્ર ભેદાઈ ગયુ છે. શુભ કે અશુભ એક પણ કામના નથી.

સભા:- સાધુવેશમાં જ સમતા આવે?

સાહેબજી:- ભાવ સાધુપણુ પામ્યા પછી જ સમતા આવે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે ઉંચા લેવલમાં આવે પછી સમતા આવે છે. ગૃહસ્થવેશમાં પણ ગૃહસ્થપણું હોય ત્યાં સુધી સમતા શક્ય નથી. ભાવ સાધુપણુ આવવું જ જોઈએ. ભાવસાધુપણુ ક્રોસ કર્યા પછી જ તે ભૂમિકા શક્ય છે.

સભા:-

સાહેબજી:- તેમને વિકલ્પો દૂર કર્યા છે. પણ અવ્યક્ત વિકલ્પો હજુ પડ્યા છે. સાધુને સાવદ્ય કષાયોનો ત્યાગ છે. તેઓને નિરવદ્ય કષાયો હોઈ શકે. તમારે સાવદ્ય કષાય હોઈ શકે. પણ તે સાવદ્ય કષાય પણ પાછા પ્રશસ્ત જ હોવા જોઈએ. જ્યારે સાધુ સાવદ્ય પ્રશસ્ત કષાય પણ ન કરી શકે. તેમને નિરવદ્ય કષાયોજ હોઈ શકે.

જ્યારે સમતામાં રહેલાને તો નિરવદ્ય કષાયોનો પણ ત્યાગ હોય છે. જ્યારે આપણે ત્યાં શ્રેણી ચઢનારને પણ અવ્યક્ત કષાય માન્યા છે. દસમે ગુણસ્થાનકે

પણ અવ્યક્ત કષાય હોય છે.

હવે તમે ઘણી વખત કોઈ વસ્તુ જુઓ ત્યારે તે તમને સારી લાગી માટે રાગ થાય. એમાં ઘણી વખત વસ્તુ જોઈ રાગ થાય પણ તેને મેળવવાની ઈચ્છા જન્મે નહીં. જ્યારે ઘણી વખત રાગ એવો તીવ્ર થાય કે તેને મેળવવાની ઈચ્છા થાય. માટે જેના મનમાં આવેગાત્મક સારી કે ખરાબ ઈચ્છા પેદા ન થાય તે જ આત્મા સમતામાં જઈ શકે. જ્યારે વીતરાગનો અર્થ શું કે જેના બધા જ કષાયો દૂર થયા છે, સમાપ્ત થયા છે. જ્યારે સમતામાં રહેલાને અંદર કષાયો છે પણ તે એટલા મંદ છે કે આવેગાત્મક કષાયો ન થઈ શકે.

સભા:- મંદ કષાય સમતામાં રહેલા અનુભુતિ કરી શકે?

સાહેબજી:- હા, અનુભુતિ હોય જ. જે લેવલના કષાય હોય તે લેવલની અનુભુતિ હોય. આપણા કષાયો જબરા છે. માટે જ આપણે સમતામાં પ્રવેશ પામી શકીએ નહીં. માટે વિનિયોગ ભાવધર્મ આપણે માટે શક્ય નથી. પરંતુ શાસ્ત્રમાં છે માટે આદર્શ તરીકે વર્ણન કરીએ છીએ. અત્યારે આ ભુમિકા વિચ્છેદ પામેલ છે. પરંતુ તેને પામેલાની કેવી અદ્ભુત મનોદશા, વિલપાવર, આત્મબળ હોય છે. તેમને કરોડ આક્રમ પણ તે દશામાથી વિચલિત કરી શકે નહિ. આખી દુનિયા એક બાજુ હોય તો પણ ચલાયમાન કરી શકે નહીં. આટલુ અપ્રતિમ બળ હોવાના કારણે જ તે જીવો વિનિયોગ ભાવધર્મને પામી શકે છે.

હવે આવા આત્માના સાંનિધ્ય માત્રથી લાયક જીવ હોય તો તે ધર્મ પામ્યા વગર રહે નહીં.

પોતે પામેલા ધર્મને બીજામાં સંક્રાન્ત કરવો તેનું નામ જ વિનિયોગ છે.

એ આત્માએ ધર્મ એવો સિદ્ધ કર્યો છે કે સામે આવનાર જીવને લાયકાત પ્રમાણે ધર્મ તે પમાડી જ શકે. જેમ હું કહું કે પૂજા કરો અને તમે પૂજા કરો એટલે શું ધર્મ પમાડ્યો કહેવાય? જેમ તમે તપ કરો, દાન કરો એટલે તમે ધર્મ પામી ગયા કહેવાય? પરંતુ કેવી પ્રવૃત્તિ કરો તો ધર્મ પામી ગયેલા કહેવાઓ? તેના માટે પહેલા મનનું પરિવર્તન કરવાનું છે. ધર્મ મનમાં પમાડવાનો છે. ધર્મ એ હૃદયની વસ્તુ છે. અનંતકાળથી મનમાં જે અધર્મ છે તેની છાપ ભુંસીને ધર્મનો રસીક બનાવવાનો છે. માટે તેના મન

પર ધર્મની અસર, પ્રભાવ પાડવાનો છે. હવે આવો પ્રભાવ કોણ પાડી શકે?

પ્રબળ મનોશક્તિવાળા નબળા મન પર અસર કરી શકે. નબળા મનવાળો કાંઈ પ્રબળ મનોશક્તિવાળાના મન પર અસર ન પાડી શકે. હિપ્નોટીઝમમાં પણ આજ સિધ્ધાંત છે.

જેમ કોઈ નાસ્તિક વ્યક્તિ આવે ત્યારે અમે બુધ્ધિથી સમજાવવા પ્રયત્ન કરીએ, પણ જો તે પ્રબળ મનોબળવાળો હોય તો અમારા તર્કની તેને કાંઈ અસર થાય નહીં. કારણ અધર્મમાં તેનું મનોબળ વધારે છે માટે અસર થતી નથી.

સભા:- અહિંયા આપનું મનોબળ કાચુ કહેવાય?

સાહેબજી:- જુઓ લાયક જીવ હોય ને [redacted] તેને અસર ન થાય તો આપણું મન નબળુ, પણ ગેરલાયકને તો તીર્થંકરો પણ પમાડી શક્યા નથી. પરંતુ વિનિયોગ માટે શું કહ્યુ કે જો લાયક જીવ હોય તો તેને અવશ્ય પમાડી શકે. જ્યારે અમે તો કદાચ સામે લાયક જીવ હોય તો પણ તેની લાયકાત પ્રમાણે પૂરેપૂરુ પમાડી શકીયે તેવી ભૂમિકાને પામ્યા નથી.

જ્યારે વિનિયોગવાળા આત્મા તો તેના ઉપદેશ દ્વારા, સાંનિધ્ય દ્વારા, લાયક જીવને તેવી લાયકાત પ્રમાણે પમાડી જ શકે છે. અને આવા જીવોને સિધ્ધિયોગી કહેવાય છે.

જેમ શાસ્ત્રમાં શ્રીકૃષ્ણના ભાઈ બળદેવનું શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. તેઓ દીક્ષા લીધા પછી ઉત્કૃષ્ટ સાધના કરે છે. તપ-ત્યાગ-ધ્યાનમાં મગ્ન થઈ આત્મ રમણતામાં છે. તેમને પણ દેહ ટકાવવા માટે માસખમણના પારણે પણ ગોચરી માટે બહાર જવું પડે. પણ તેમાં શું બને છે કે તેમનુ રુપ એટલુ છે કે જ્યારે ગોચરી માટે નગરમાં જાય ત્યારે આખુ નગર રુપ જોવા ટોળુ થઈ ભેગુ થઈ જાય. સ્ત્રીઓ એકીટસે સ્થિર થઈ જાય. લોકો એવા રૂપ જોવામાં સ્થિર થઈ જાય કે પોતે જે કામ કરતાં હોય તેને ભૂલી જાય. અબજોમાં પણ રૂપ ન હોય તેવું તેઓ ધારણ કરનારા છે. માટે સ્ત્રીઓ જો કુવામાંથી પાણી ખેંચતી હોય તો અધવચ્ચે દોરડુ પકડી એકી ટસે જોયા જ કરે, બાળક હાથમાં હોય તો જોવામાં બાળક નીચે

પડી જાય રક્ષા કરે તો પણ ખબર ન પડે. અરે ઘરે ગોચરી માટે જાય ત્યારે દુધ ગેસ પર હોય તો ઉભરાઈને દાઝી જાય તો પણ ખબર ન પડે. આવા તો કેટલાય અઘટીત બનાવો બને છે માટે તેમને થાય છે કે મારા નિમિત્તે આવા પ્રશ્નો ઉભા થાય છે માટે ગોચરી માટે ગામમાં જવું નહીં.

તેથી તેમને ગામમાં જવાનુ બંધ કર્યુ. અને જંગલમાં જો કોઈ મુસાફર પાસેથી ગોચરી મળે તો પારણુ કરવુ નહીંતર તપ આગળ ચલાવવો આવો તેમને અભિગ્રહ કર્યો છે. તેઓ જ્યાં સાધના કરતાં હતાં ત્યાં તેમની બાજુમા વાઘ-સિંહ-કુતરા-સસલા બધા બાજુમાં આવીને સાથે બેસી જાય. તેઓમાં એકબીજાને મારવાનો કે કુસ્સાનો ભાવ પણ ન આવે. એમની સમતાના કારણે, મનોબળના કારણે, તેમની મનોવર્ગણાની અસર સામે એટલી થાય કે સામેનાના આવેગો શાંત થઈ જાય. હવે જેના પડખે બેસવા માત્રથી જો વિચારો શાંત થઈ જાય, મલીનતા દૂર થાય તો, તેવી વ્યક્તિ જો ઉપદેશ આપે તો કેવી અસર થાય. સાથે તેમને જ્ઞાન પણ એટલું હોય કે લાયકાત પ્રમાણે ચોક્કસ ધર્મ પમાડી શકે.

વિનિયોગવાળા જીવનો પરોપકાર અવંધ્યછે. જે કદી પણ નિષ્ફળ ન થાય. સફળતાને પામે તેવીજ પ્રવૃત્તિને ધારણ કરનારા જીવો આ હોય છે. જો કે અત્યારે આવી કક્ષાના મહાત્માઓ કોઈ નથી. પણ આવા મહાત્મા સામેના જીવનું જ્યાં સુધી યોગ્યતાનું ધોરણ હોય ત્યાં સુધી તેને પહોંચાડી શકે. હા, લાયકાત ન હોય તો તેઓ પણ કાંઈ ન કરી શકે. જેનુ વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય હોય તેને જ આવા મહાત્માઓનો મેળાપ થાય. આપણા બધાનું એવું પુણ્ય નથી માટે જ આવા મહાત્મા, ઉપદેશક તરીકે કે પ્રતિબોધક તરીકે મળ્યા નથી.

સભા:- તમે જે જ્ઞાન પામ્યા છો અને તમે અમને અત્યારે આપો છો તે વિનિયોગ ન કહેવાય?

સાહેબજી:- તે કાંઈ જ્ઞાન અમારામાં આત્મસાત થઈ ગયુ છે? અમે તો જે જ્ઞાન દાન આપીએ છીએ તે દ્રવ્ય વિનિયોગ કહેવાય. અમે જેટલું જાણીએ છીએ તેટલું કાંઈ આત્મસાત કે પરિણતી રૂપે અમને થયુ નથી. સમતામાં ન આવે ત્યાં સુધીની

કથણી અને કરણીમાં તફાવત હોય છે. જ્યારે તે જે માને છે તે જ આચરે છે. જે આચરે છે તે જ માને છે. તેમને કોઈ તફાવત હોતો નથી. માટે અમારે તો દ્રવ્ય વિનિયોગ જ કહેવાય.

સભા:- આપનો દ્રવ્ય વિનિયોગ ભાવ વિનીયોગને પામવાના હેતુથી હોય માટે તે અવંચય થાય?

સાહેબજી:- હા, જન્માન્તરે થાય. પણ અત્યારે તો ન જ થાય. અમે જાણીએ છીએ કે અમારી કરેલી મહેનત કેટલા ટકા સફળ થશે.

સભા:- સોએ સો ટકા સફળ થશે.

સાહેબજી:- અમને શિખર પર ચઢાવી દો છો. પરંતુ અમે પરોપકાર બુધ્ધિથી નિસ્વાર્થ ભાવે ભગવાનની આજ્ઞા મુજબ ઉપદેશ આપીએ તો અમારી કર્મની નિર્જરા થાય. પણ સામે મારી મહેનત સફળ થાય કે ન પણ થાય. જ્યારે આ મહાત્માનો કહેલો એકપણ શબ્દ નિષ્ફળ થાય નહીં. માટે જ તેમની દેશનાને અમોઘ દેશના કહી છે. તીર્થંકરની પણ અમોઘ દેશના હોય છે. સમત્વના કારણે ધર્મસિધ્ધ થયો છે માટે દેશના ધારી અસર કરે છે. જ્યારે અમારી દેશના તો ૯૫% નિષ્ફળ થાય છે તેમ કહુ તો પણ ખોટુ નહીં.

સભા:- તેમાં તો અમારી ખામી ને?

સાહેબજી:- તેમાં તો અમારી ખામી પણ અને તમારી પણ ખામી છે. કારણ અમને એવું કાંઇ જ્ઞાન નથી કે હું કયુ વાક્ય વાપરુ તો સામેના જીવને અસર થશે? શાસ્ત્રમાં વંકચુલનુ દ્રષ્ટાંત આવે છે. તેમાં વંકચુલને મહાત્મા ધર્મ કેમ પમાડી શક્યા? કારણ આવી ભૂમિકાને વરેલા મહાત્મા છે. માટે તેમને ખબર છે કે હું કેવો ઉપદેશ આપીશ તો આને ધારી અસર થશે?

આ દ્રષ્ટાંતમાં આ મહાત્માને એવા સંયોગ આવ્યા છે કે તેમને ચોરોની પલ્લીમાં રહેવું પડ્યું છે. આ પલ્લીનો સરદાર વંકચુલ છે. માટે વિચારજો ચોરોના સરદારનું વ્યક્તિત્વ કેવું હશે? આમ તો તે ખુનદાનનો રાજકુમાર છે.

હવે મહાત્મા તેની પાસે જઈને કહે છે કે "અમારે ચાર મહિના આરાધના કરવી

'છે. માટે સ્થાન જોઈએ છે." ત્યારે આ વંકચુલ કહે છે કે "એક શરતે અહિંયા રહેવા સ્થાન આપુ. ચાર મહિનામાં મને કે મારા સાગરીતોએ ઉપદેશ આપવાનો નહીં. કારણ વંકચુલને ખબર છે કે આ મહાત્મા ઉપદેશ દ્વારા કેટલાયના હૃદય પરિવર્તન કરી નાંખશે. જેથી મારુ જમાવેલ બધુ જ ભાંગી જશે. હવે અહિંયા વિચારજો તેની વૃત્તિ કેવી છે? પોતાને ધર્મ પામવો નથી અને બીજાને પામવા દેવો નથી. હવે આવા જીવ અમારી પાસે આવે તો શું અમે ધર્મ પમાડી શકીએ? પણ મહાત્મા જ્ઞાની છે. માટે જાણે છે તેથી કહે છે કે "મારુ અમે ચાર મહિના કોઈને ઉપદેશ નહી આપીએ. પણ તમે ખાલી અમને રહેઠાણ અને પ્રાથમીક જે જરૂરીયાત હોય તે આપજો.

હવે તેમને ચાર મહિના સુંદર આરાધના કરી છે. બધા સાધુના સુંદર- પ્રકૃતિ ગુણો છે. માટે તેમના કોઈનાથી આ લોકોને ડીસ્ટર્બન્સ થયુ નથી. ઘણી વખત સાધુઓ સ્વાધ્યાય કરતાં હોય, અમુક સાધુ ધ્યાનમાં હોય, કેટલાક સાધુઓ તત્વનું ચિંતન મનન કરતાં હોય, કેટલાયને ચાર-ચાર મહિનાનું તપ હોય. માટે આવુ બધુ જોઈને એક સારી છાપ ઉભી થાય જ. મહાત્માએ ચાર મહિના સુધી એક વાક્યનો પણ ઉપદેશ આપ્યો નથી. પરંતુ જ્યારે ચાર મહિના પૂરા થયા ત્યારે મહાત્માઓ કહે છે "અમે હવે જઈએ છીએ. આ બધુ તમને ભળાવ્યુ" પણ અમારે ક્યા રસ્તે જવાનું તે કહો. ત્યારે વંકચુલ કહે છે કે હું "તમને મુકવા આવુ છુ" કારણ આ બધા સાધુઓના વર્તનથી ખુબ જ સારી છાપ તેના મન પર પડી છે. માટે લાગણીથી મહાત્માને વળાવવા જાય છે

હવે જ્યારે તેના એરિયામાંથી બહાર નીકળ્યા પછી મહાત્મા કહે છે કે "અમે તારા કહ્યા પ્રમાણે ચાર મહિનામાં ક્યારેય ઉપદેશ આપ્યો નથી. પણ હવે અમે જઈ રહ્યા છીએ ત્યારે જો તારી ઈચ્છા હોય તો અમે ધર્મરૂપે કાંઈક તને આપવા માંગીએ છીએ. ત્યારે વંકચુલને મહાત્માને ના પાડવાનું મન થતુ નથી. પણ કહે છે કે "મારુ જીવન કેવું છે તે આપ જાણો છો માટે મારા જીવનમાં જે શક્ય હોય તેવી જ ધર્મની વાત કરજો. મહાત્મા જ્ઞાની છે. માટે જાણે છે કે આ મુળથી લાયક જીવ છે. તે ધર્મ પામી શકે તેમ છે. તે ધર્મ કઈ રીતે પામશે, તેની ભાવિ ઘટનાઓ આ મહાત્મા જાણે છે. માટે સીધો આત્મા, પરલોક, મોક્ષમાર્ગનો ઉપદેશ નથી આપતાં. પોતે ભવિષ્યવેત્તાના કારણે

જાણકારીને સામે રાખીને જ પ્રતિજ્ઞાઓ આપે છે. જે આપણને સાવ સામાન્ય, મામુલી, પ્રતિજ્ઞાઓ લાગે.

જેમ એક પ્રતિજ્ઞા એવી આપી હતી કે "અજાણ્યું ફળ ન ખાવું." આવી પ્રતિજ્ઞામાં કોઈને તકલીફ પડે નહીં. પણ મહાત્મા જાણે છે કે તે આવી પ્રતિજ્ઞાથી ધર્મ પામી શકે તેમ છે. માટે જ કહે છે. તેની આ પ્રતિજ્ઞા તેને મહાશ્રાવક બનાવવામાં કારણ બનશે. તેવું મહાત્મા જાણે છે. જ્યારે અમે આવું ન કરી શકીએ. કારણ અમે તો સામે ખાલી અનુમાન કરી જ્ઞાન આપીએ. માટે ઓછી અસર થાય. કોઈ વખત લાયકાત પ્રમાણે પામી પણ શકે. પરંતુ એકાંતે એવો નિયમ ન બંધાય કે અમારા ઉપદેશથી લાયક જીવ પામે જ. જ્યારે આવા મહાત્માના સાનિધ્ય માત્રથી અને અમોઘ દેશના દ્વારા અરે પશુયોનિમાં પણ લાયક જીવ હોય તો પામી જાય.

જેમ રામ-સીતા-લક્ષ્મણ વનવાસમાં નીકળ્યા છે ત્યાં એક ઝાડ પર જટાયુ બેઠો છે. તે પંખીના શરીરમાં ઘણા જ રોગો છે. તેના કારણે તે ખૂબ જ રીબાતું હતું. પણ બાજુમાં કાઉસગ્ગ ધ્યાનમાં એક સિદ્ધિયોગી ઉભા છે. આ મહાત્માના ભાવોની અસર આ પંખીના મન પર થાય છે. તેથી તે ખૂબ જ શાંત થઈ ગયું. તેથી તેને આ મહાત્માના સાનિધ્યમાં રહેવાનું ખૂબ જ ગમવા માંડ્યું. તેના કારણે તેને આ મહાત્મા પ્રત્યે ખૂબ જ લાગણી પેદા થઈ છે. જેમ બાપદેવની ચિંતા પશુપંખીઓ જ જંગલમાં કરતા હતા. તેમાં કેટલાક ધ્યાન રાખે કે આજે મહાત્માએ વાપર્યું નથી માટે આજે ઉપવાસ છે. પારણાની ચિંતા પણ પશુપંખી જ કરતા હતા. હરણ શું કરે જંગલમાં જઈ સુકું ઘાસ ખાઈને પાણી પી લે પછી આવીને પાછું તે મહાત્માના પગમાં બેસી જાય. અને તેમની મુખમુદ્રા જોઈને આનંદ પામે. હરણ બહુ તીવ્રવેગે દોડી શકે. માટે શું કરે કે જંગલમાં જોઈ આવે કે કોઈ વટેમાર્ગુ આવી છે? તેની પાસે ભાથું છે કે નહીં? અને જેવી ખબર પડે એટલે સીધો મહાત્મા પાસે આવી તેમના પહેરેલા કપડાં ખેંચીને ત્યાં ભિક્ષા માટે લઈ જાય. પશુપંખી પર પણ આવા મનોબળની કેટલી અસર થતી તો પછી લાયક માનવ પર તો કેટલી અસર થાય?

તેમ જટાયુ પણ આ મહાત્માની નજીક આવીને બેસી જાય છે. ઘણી વખત

ખૂબ ઉલ્લાસ આવે તો મહાત્માના પગમાં પડી તેમના ચરણનો સ્પર્શ કરે. હવે સમતામાં રહેલાને લબ્ધિ પેદા થયેલી હોય છે તમે અતિક્રમમાં બોલો છો ને " ખેલોસહિ - ...

જેના શરીરનો પરસેવો, બળખા, થુંક, મળ-મુત્ર ઔષધિ તુલ્ય હોય. માટે આ મહાત્માના ચરણસ્પર્શથી જટાયુનો રોગ ચાલ્યો ગયો. તેથી તેની વેદના શાંત થઈ ગઈ. તેથી જટાયુને તો થાય છે કે પોતાને નવો ભવ મળ્યો છે. માટે મહાત્મા જ્યારે પણ કોઈ જીવને દેશના આપે ત્યારે તે પોતે આવીને સાંભળે છે. આમ કરતાં દેશના દ્વારા ઠેઠ સમકીત ધર્મને પામી જાય છે. હવે જ્યારે રામ-લક્ષ્મણ-સીતાને આ મહાત્મા ઉપદેશ આપે છે ત્યારે પણ જટાયુ તેમના પગમાં પડે છે. માટે રામ પૂછે છે કે આ પંખી કેમ પગમાં પડે છે. ત્યારે મહાત્મા કહે છે "આ પંખી ધર્મને પામેલ છે. માટે તે ભક્તિ કરવા તુલ્ય સાધર્મિક છે." આ સાંભળ્યા પછી રામ-લક્ષ્મણ-સીતા તેને વધુ જ બરાબર ખવડાવે છે, પંપાળે છે, તેની સાર સંભાળ બરાબર રાખે છે.

સભા:- સાહેબજી જટાયુ કોનો જીવ છે?

સાહેબજી:- જે ખંધક સૂરિ થઈ ગયા જેમને ૫૦૦ શિષ્ય સાથે ઘાણીમાં પીલ્યા હતાં. ત્યાંનો દંડક નામનો રાજા છે. તેનો જીવ આ જટાયુ છે. રાજા મુળથી અધર્મી નથી. તે ખંધકસૂરિ પાસે દેશના સાંભળવા પણ જાય છે. દેશના સાંભળીને પ્રભાવિત પણ થયા છે. રાજા આમ નાસ્તીક નથી. પણ આ સાધુ પર જેને વેર છે તેને દાવપેચ કરીને રાજા પાસે એવું પુરવાર કર્યું કે આ સાધુઓ નથી પણ સૈનિકો છે. આવા તો રાષ્ટ્રીય પેચ ચાલતા હોય. માટે રાજાને લાગ્યુ કે આ સાધુ સાથે જે ૫૦૦ સાધુ છે તે બધા સેના સૈનિકો છે. માટે તેને રાજાને ઠસાવી દીધુ કે આ વ્યક્તિ નાલાયક છે. માટે રાજાએ કહ્યુ તને ઠીક લાગે તેમ કર. આમ રાજાએ સીધો આદેશ કાંઈ કર્યો નથી. પણ જે મુક સંમતી દ્વારા જે કર્મ બંધાયા તેનાથી રાજા મરીને ઘણા જ રોગોવાળુ પંખી બન્યા.

પણ વિશિષ્ટ મહાત્મા મળવાના કારણે જાતિસ્મરણ થયુ. સમ્યગ્દ્રષ્ટિ બની આ ભવમાં તરી ગયા. વિનિયોગવાળા મહાત્મા મળ્યા એટલે આ જીવનો ઉદ્ધાર થઈ ગયો. પરંતુ અત્યારે આપણને આવા મહાત્મા મળી શકે તેમ નથી.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

ગોવાળિયા ટેંક

૧૯-૧૦-૯૫
ગુરુવાર
આસો વદ નોમ

અનંત જ્ઞાની અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્ર પર શ્રેષ્ઠ પરોપકાર કરવાની પ્રવૃત્તિ રૂપે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આત્મા અનંત કાળથી જે આ સંસારમાં રખડે છે તેમાંથી તેને બહાર કાઢી મોક્ષમાર્ગ પર ચઢાવવો, તે જ જીવમાત્ર પર કરવા લાયક શ્રેષ્ઠ ઉપકાર છે. અને તેના માટે જ તીર્થંકરો આવું અદ્વિતીય શાસન સ્થાપે છે.

તીર્થંકરો પોતે પહેલાં ખુદ પામે છે અને પછી જ આ ક્રિયા કરે છે. આપણે બધાએ આ ખુબ ધ્યાનમાં રાખવા જેવો સિધ્ધાંત છે. પોતાને પહેલા ખુદ પામવાનું છે.

હા, તમે તમારી લૌકિક ચિંતા ન કરો અને બીજા માટે તેવી ચિંતા કરો તે ઉત્તમ છે. પરંતુ અનંતકાળમાં આપણા આત્માએ આ બાબતમાં સ્વનો જ વિચાર કર્યો છે. લૌકિક ક્ષેત્રમાં સ્વાર્થી બનવા કરતાં પરોપકારી બનવું સારુ છે. પરંતુ આ વાત ખાલી લૌકિક ક્ષેત્રમાં જ લાગુ પડે છે.

જ્યારે અધ્યાત્મના ક્ષેત્રમાં આનાથી ઉંધો નિયમ છે. ત્યાં પહેલાં સ્વની ચિંતા કરવાની છે. પછી જ પરની ચિંતા કરવાની છે. દયા પહેલા તમારા આત્માની કરો પછી જ બીજાના આત્માની દયા કરવાની છે. માટે અહિંયા સ્વનું પહેલું લક્ષ્ય અને પરનું પછી.

લૌકિક ક્ષેત્રમાં પરની ચિંતાને સદ્ગુણમાં ખતવવામાં આવે છે. ધર્મ આત્માને મહત્વ વધારે આપે છે તે જડની ચિંતા કરતો નથી.

જેમ તમે તમારા ખાવાપીવાની, હરવાફરવાની જો કોઈપણ ચિંતા કરતાં હોવ પણ જો તમારે બીજાની આ બધી ચિંતા કરવાની આવે ત્યારે તમે તેને ગૌણ ગણો કે ઉપેક્ષા કરો, તે સ્વાર્થી થવા કહેવાઓ. તમારી અનુકુળતા માટે ચિંતા પણ બીજાને મળે કે ન મળે તેની પરવા પણ નહીં. માટે તમારો સ્વાર્થ શૂન્ય ભાવ નથી.

સ્થિતપ્રજ્ઞની ભૂમિકામાં જીવને જરાપણ સ્વાર્થ હોતો નથી. તે પણ ખાલી લૌકિક ક્ષેત્રમાં જ. પરંતુ આત્માના ક્ષેત્રમાં પહેલાં સ્વનો ઉપકાર પછી જ પરનો

ઉપકાર કરવાનો છે. પહેલાં તમારા આત્માનું કલ્યાણ કરવાનું પછી જ બીજાના આત્માનું કલ્યાણ કરવાનું છે.

તમારે અધ્યાત્મના ક્ષેત્રમાં દાન-પરોપકાર-દયા કરવી હોય તો પહેલા તમારે તમારા જીવનમાં તેને આત્મસાત્ કરવા પડે. તેના વગર તમે બીજાને આપી ન શકો.

પહેલા ધર્મને સિધ્ધ કરવાનો છે પછી જ વિનિયોગ કરવાનો છે. જે આત્મા સિધ્ધ નથી કરતો તે આત્મા વિનિયોગ પામવાનો અધિકારી નથી. તીર્થંકરે પણ જગતનું કલ્યાણ કરવાનો પ્રયત્ન ક્યારે કર્યો? જેમ પોતાનું કલ્યાણ થતું ગયું. તેમ તેમને પરોપકારની પ્રવૃત્તિ આવતી ગઈ. "સવિ જીવ કરુ શાસન રસી" આ ભાવના ત્રીજા ભવમાં કરે છે. તે પહેલાં સમકીત પામે. એટલે વિવેક આદિ ધર્મને પોતે પામે પછી જ જગત આખાની કલ્યાણ કરવાની ભાવના કરે છે. સ્વનો વિવેક કર્યા વગર આખા જગતના કલ્યાણ કરવા માટે પ્રવૃત્તિ કરતા નથી. માટે આદર્શ શું છે?

પહેલાં પોતાના આત્માનો ઉપકાર કરો પછી જ બીજાનો ઉપકાર કરવાનો છે માટે આપણા આત્મામાં જો ધર્મનું આહાત્મ્ય ન સાધી શકીએ ત્યાં સુધી તે બીજાને આપણે આપી શકતા નથી. માટે પહેલાં સ્વમાં ધર્મ સિધ્ધ કરવો અનિવાર્ય છે. હજુ આપણાને એકે ધર્મ સિધ્ધ થયો નથી. વગર સિધ્ધીએ વિનિયોગ થતો નથી. માટે હજુ સ્વયં માટે ઘણી જ સાધના બાકી છે.

અત્યારે તમે ધર્મના ક્ષેત્રમાં કે લૌકિક ક્ષેત્રમાં દ્રવ્યથી પરોપકાર કરી શકો. લૌકિક ક્ષેત્રમાં જે પ્રાથમિક જરૂરિયાત હોય તે આપો તેને લૌકિક ક્ષેત્રનો પરોપકાર કહેવાય. ધર્મના ક્ષેત્રમાં જેમ કોઈ આવતો ના હોય તેનો તમે આવવા માટે પ્રેરણા કરો. જેમ કોઈ આત્મા, પરલોક, પુણ્ય, પાપ ન માનતા હોય તેને સમજાવો. અથવા, કોઈ જીવ આ બધુ માને છે પણ તેને ઉલ્લાસ વગેરે ન આવતો હોય તો તેને તમે સલાહસૂચન દ્વારા ધર્મમાં ઉલ્લાસ કરાવો. આમ તમે ધર્મમાં વાળી શકો છો. તમે આમ કરવાથી કોઈને ધર્મના ક્ષેત્ર સાથે લીંક જોડી આપી શકો છો. પણ સચોટ ધર્મ પમાડી શકતા નથી.

વિનિયોગ પામેલા આત્માનું આચરણ કે હાજરી જ લાયક જીવ માટે ધર્મ પ્રાપ્તિનું

કારણ બને છે. તેમનુ આંતરિક આત્મબળ ઘણુ જ હોય છે. તેમના પરિચયમાં આવે કે તેમના દર્શન કરે કે ઉપદેશ સાંભળે તો સામે લાયકાત પ્રમાણે ગુણ પ્રાપ્ત થયા વગર રહેતો નથી.

આપણે આગળથી જે પાંચે ભાવધર્મનું વર્ણન કર્યું તેમાં સાંગોપાંગ આખા મોક્ષમાર્ગના ભાવોને તેમાં વણી લીધા છે, આના પછી નવો ભાવધર્મ નથી. માટે જે સિધ્ધિ પામીને મોક્ષે જશે તે આ પાંચે ભાવધર્મને પામીને જશે.

વિનિયોગ પ્રધાન આચારવાળાની પ્રત્યેક પ્રવૃત્તિ અમોઘ હોય છે. તેમનો મન-વચન-કાયાનો બધો જ પુરુષાર્થ મહાફળને આપનારો છે. જ્યારે આપણી સાધનાની સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિમાં કેટલી સફળ અને કેટલી નિષ્ફળ છે તેનું કદી એનાલીસીસ કર્યું છે. તમારો લૌકિક ક્ષેત્રમાં પણ બધો જ પુરુષાર્થ સફળ જ હોય છે? ત્યાં બધો જ વિચાર કરો છો. પરંતુ અધ્યાત્મના ક્ષેત્રમાં વિચાર કરો તો લાગે કે ખાલી ગધ્ધા વૈતરુ જ કરો છો!

જેમ તમે સવારથી ઉઠો અને જે ભાવો કરો તે બધા ભાવો તમારી સફળતાને પ્રેરિત જ હોય તેવું ખરૂ? તમને જે વિચારવાની શક્તિ મળી છે તેનો યોગ્ય ઉપયોગ જ કરો છો ખરા? મોટે ભાગે તમારી શક્તિ વેડફાય જ છે. આ બધી મૂર્ખતા છે. નિષ્ફળ પ્રવૃત્તિ તો ગાંડામાણસ કરે. ડાહ્યો માણસ તો સમજી વિચારીને ગણિતપુર્વક જ પ્રવૃત્તિ કરે. પરંતુ અત્યારે તમારી ઢગલાબંધ પ્રવૃત્તિ નિષ્ફળ જ છે. ૨૪ કલાકમાં કેટલા કલાક નકામા વિચારોમાં જ જાય છે? નકામુ બોલવામાં પણ કેટલી શક્તિ વેડફાય છે. આ બધાનો કદી વિચાર કર્યો છે ખરો?

સભા:- બોલ્યા પછી ખબર પડે છે કે નકામુ બોલ્યા

સાહેબજી:- પરિણામનો વિચાર કરીને જ બોલવાનું છે. ગાંડાની હોસ્પીટલમાં કરતાં બહાર ગાંડા વધારે છે. માટે આવી મૂર્ખતાભરી પ્રવૃત્તિ જીવનમાં વધારે છે.

જ્યારે વિનિયોગને પામે છે તેની કોઈપણ પ્રવૃત્તિ નિષ્ફળ ના હોય. એક આંગળી હલાવવા પાછળ પણ તેમનું પ્રયોજન હોય. વગર પ્રયોજને એક અક્ષર

પણ તેમનાં મોંમાંથી ન નીકળે. કે વગર પ્રયોજને કશુ વિચારે પણ નહીં, તેમની બોલવા, ચાલવામાં બધી પ્રવૃત્તિમાં કંટ્રોલ છે. બધામાં સમજણ અને વિવેક હોય છે.

માટે આપણા જીવનને તપાસવાની બહુ જ જરૂર છે. મહાપુરુષે લખ્યુ છે કે ડાહ્યા માણસનું લક્ષણ શું ? તો કહે છે કે "વગર મહત્વનું વિચારે નહીં તેનું નામ જ ડાહ્યો માણસ - અને કદાચ તેને વિચારમાં આવી ગયુ તો વાણીમાં તો તે મૂકે જ નહીં.

સભા:- પણ પ્લાન કરવા તો વિચારવું જ પડે ને ?

સાહેબજી:- પ્લાન કરવા માટે વિચારે પણ જેનું ફળ કાંઈક સારુ હોય તેવું જ વિચારે કે નવરા બેઠા તુક્કા તરંગ કરે. તમારા જીવનમાં આ બધુ નથી તે જ મૂર્ખતાને સૂચવે છે.

વિનિયોગ પ્રાપ્ત કરેલની પ્રત્યેક પ્રવૃત્તિ અવંધ્ય અવિષ્ફળ હોય. તેની દરેક પ્રવૃત્તિ ચોક્કસ પ્રકારની સફળતાને અપાવનારી હોય. પ્રભુ ૧૨॥ વર્ષ વીચર્યા, એક શબ્દ પણ તેમના મોંમાંથી નકામો નીકળ્યો નથી.

ચંડ કૌશિક પ્રભુને ડંખ આપવા આવે છે. ફુંફાડા મારે છે. ત્યારે પણ પ્રભુ કશું જ બોલતા નથી. પણ લાગ્યુ કે હવે તે શાંત પડ્યો છે ત્યારે જ બે શબ્દ બોલ્યા કે "બુજ્ઝ - બુજ્ઝ" પા વાક્યથી ચાલે તો તેઓ આખુ વાક્ય પણ બોલે તેમ નથી. "ચંડકૌશિક" બોલ્યા તે તેનો પૂર્વભવ યાદ કરાવવા જ બોલ્યા છે. તેના પૂર્વભવમાં ચંડકૌશિક નામ છે. તે જ તેમને યાદ કરાવવું છે.

ચંડકૌશિક પ્રભુને કરડે છે ત્યારે લોહીના બદલે દુધ નીકળ્યુ છે. આમ તો તેની દ્રષ્ટી માત્રથી જ ભસ્મીભૂત થઈ જાય. જ્યારે પ્રભુને જરાપણ ગભરામણ નથી. સ્થિર છે અને પ્રભુ તો ગંભીરતાથી ડગલાં આગળ ભરી રહ્યાં છે. માટે તેને લાગે છે કે આ માણસને મારી હાજરીની કોઈ જ અસર નથી. માટે તે ખૂબ જ ચીડાય છે. અને વધુ જઈને ડંખ મારી મોં સામે જોયા કરે છે. કારણ તેને થાય છે કે મારા ઝેરથી અસર થવાથી આ વ્યક્તિ મારા પર પડશે. જેથી હું દબાઈ જઈશ. પણ તેના બદલે તો તેને આશ્ચર્ય બનાવ બન્યો. માટે તે અતિએકાગ્રતાથી વિચારે છે. ઉહાપોહ કરે

છે. આમ પોતે પૂર્વભવમાં સાધુનો જીવ છે. ત્યાં તેને તીર્થંકરની ભક્તિ કરી છે

માટે પ્રભુની મુદ્રા એકાગ્રતાથી જોતાં ઉહાપોહ થાય છે અને બસ તેજ વખતે પ્રભુ "બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિક" આટલું બોલ્યા. અને આ શબ્દ વિચારએ તેને કેવી અસર કરી ગયા. હવે આના દ્વારા મોક્ષસુધીની તેની સાધના નક્કીને? આ વિનિયોગ છે. વિનિયોગ પામેલા મહાત્માનો પરોપકાર કદીપણ નિષ્ફળ જાય નહીં. અને તેનાથી સામેવાળાને જે ભાવધર્મની પ્રાપ્તિ થાય તે અવિચ્છીન્ન પણે મોક્ષે પહોંચાડે જ. આવા ઉત્તમ પરોપકાર કરનારા મહાપુરુષોનો મેળાપ થવો તે જો ઉંચુ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ મળે. લાયકજીવને પણ પુણ્ય કાચુ હોય તો તેને આવી સામગ્રીનો યોગ થાય જ નહીં. માટે એવું નથી કે લાયક જીવ હોય તે તરી જ જાય.

સભા:- ભાવ ચારિત્રી પણ પડી શકે?

સાહેબજી:- ૧૧માં ગુણસ્થાનકેથી વીતરાગ પણ પડી શકે છે. તેમને કષાયો પજવ્યા છે. તેમને પુરુષાર્થ દ્વારા ક્ષયોપશમ કરીને શાંત પાડ્યા છે. પણ નિમિત્ત મળતાં જો ભવિતવ્યતા ખરાબ હોય અને ભારે કર્મોનો ઉદય હોય અને જીવ જરા જે પ્રમાદી બને તો પડતાં તેને વાર ન લાગે. પણ જે ક્ષાયિક ભાવને પામ્યા છે તે જ આત્મા ના પડે. પણ જેટલા ચડ્યા છે તે બધા જ પડે તેવો નિયમ નથી. પણ પડે કોણ? જે ચડે તે જ પડે ને? કોઈ તળિયે બેઠેલાને પડવાનો સવાલ નથી. માટે પતનની સંભાવના ચડનારને જ છે. પણ તેમા બધા ફેક્ટર કામ કરે છે.

પરંતુ મોક્ષમાર્ગમાં એક વખત ચડેલો પડે તો પણ ફરી તે ઉપર ચડી ટોપ લેવલમાં જવાનો જ છે. તમારે સંસારમાં કરોડપતિ માણસ જો પોતાની મિલ્કત ગુમાવે તો ગેરંટી ખરી કે તે પાછો કરોડપતિ બનશે? જ્યારે આ તો અધ્યાત્મીક મુડી છે. એક વખત મુળમાંથી જે આવરણ આત્માએ તોડ્યુ છે તેના પર ફરીવાર આવરણ થવાનું નથી. અને તેજ આત્માની વિશેષતા છે અને કર્મની નબળાઈ છે. જેમ ખાણમાંથી સોનુ નીકળે પછી તેના પર પ્રોસેસ કરો તેને શુધ્ધ બનાવો પછી કદાચ તેના પર મેલ જામે પણ પહેલાં જેવો મેલ જામીને

અશુધ્ધિ તો ન જ થાય. કારણ પહેલાં જેવી અધનતા આવતી નથી. તેની જેમ અધ્યાત્મના ક્ષેત્રમાં પણ કર્મ બાંધશે પણ તે ઉપરછલ્લા જ લાગશે. જે તોડવા બહુ જ સહેલા છે.

સભા:- ૧૪ પૂર્વી પણ નરક નિગોદમાં જાય છે તેનો મોક્ષ ક્યારે?

સાહેબજી:- તેવા આત્માઓનો પણ મોક્ષ મેક્ઝીમમ અર્ધપુદ્ગલ પરાવર્તમાં નક્કી. આમ તો મોટે ભાગે તે પહેલાં જ મોક્ષે પહોંચી જાય છે. આમ તો ૧૪ પૂર્વી દુનિયાના ભારેમાં ભારે કર્મ કરે તો પણ તેનો મોક્ષ અર્ધપુદ્ગલ પરાવર્તમાં નક્કી. ગેરંટી કેવી છે? તળીયે જઈને જીવ પહોંચે તો પણ આટલા ટાઈમમાં મોક્ષ નક્કી છે. પણ જો આવા પાપ ન કરે તો જલ્દી મોક્ષે જાય.

સભા:- અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ પણ કેટલો બધો લાંબો છે.

સાહેબજી:- આપણે જુનકાળમાં આવા અનંતા પુદ્ગલ પરાવર્તકાળ રખડ્યા છીએ. માટે તેની પાસે તો આ સાગરના બિંદુ જેટલું પણ નથી.

ચંડ કૌશિકના જીવને ક્રોધ આવ્યો તે પણ આશ્ચર્ય છે. પણ એવા કર્મનો ઉદય આવ્યો અને એવું નિમિત્ત મળ્યુ કે ક્રોધ આવી ગયો.

તેમના માટે શું બન્યુ છે કે તેમના પગ નીચે દેડકી મરી ગઈ છે. ત્યારે તેમના એક બાલમુનીને તેની એટલી અસર થઈ કે તે વારે વારે પ્રાયશ્ચિત માટે કહ્યા કરે છે. વારે વાર કહેવાથી તેઓ ખુબ જ અકળાઈ ગયા અને બન્યુ પણ કેવું કે તે જ વખતે તેમનો આયુષ્યનો બંધ પડ્યો.

તેમની હીસ્ટ્રી જાણવા જેવી છે.

તેઓ એ ભવમાં જૈનેતર ગૃહસ્થ હતા. પણ તે વખતની તેમની કક્ષા જેવો કદાચ શ્રાવક પણ મળી શકે નહીં. તેઓ કરોડો રૂપિયા કમાઈ શકે તેમ છે, છતાં તેઓ સાદગીથી જીવે છે. મોટા મોટા શ્રીમંતો, શ્રેષ્ઠીપુત્રો, મંત્રી, શેઠો આમની સલાહ લેવા આવતાં. તેમની બુધ્ધિ, ચતુરાઈ ઘણી જ હતી. શાસ્ત્રનું તેમને અગાધ જ્ઞાન છે. માટે તે ખાલી સલાહનો ચાર્જ રાખે તો પણ કરોડપતિ થઈ જાય. છતાં તેમને સંતોષ છે. જ્યારે આવા મંત્રી, શેઠીયા બધા સલાહ લઈને જાય ત્યારે

તેમને થાય કે આટલી સત્તા, સંપત્તિ છે છતાં તેઓને અંદર શાંતિ નથી. ખાલી સારા થઈ રથોમાં ફરે છે. પણ અંદરથી તો કેટલા રિબાય છે. આમ વિચારતાં વિચારતાં તેને અંદરમાં વિરાગ થાય છે. એક વખત તેને દેવી પ્રસન્ન થઈ કહે છે કે "તું માંગી લે", પણ ત્યારે પણ તે ના પાડે છે. હજુ આ વખતે તે જૈનધર્મ પામેલ નથી. તેનામાં વિકારો શાંત છે. માટે દેવી પ્રસન્ન થઈ છે. માટે વિચારજો તેનામાં સદાચાર સદ્‌ગુણો કેટલા હશે.

પછીથી જૈનધર્મને પામી દીક્ષા લઈ શાસ્ત્ર ભણીને દીક્ષા પાળે છે. હવે તેમાં બન્યુ શું કે તેમને મોટા તપનું પારણું છે માટે ગોચરી માટે જઈ રહ્યા છે. તે વખતે રસ્તા પર ચાલતાં ખ્યાલ ન આવ્યો તે રીતે એક દેડકી પગ નીચે આવીને મરી ગઈ. તે ઝડપથી ચાલી રહ્યા છે. પણ તે વખતે નાના સાધુનો ઉપયોગ હતો માટે તેમને ખ્યાલ આવી ગયો માટે કહે છે કે મહારાજ આપના પગ નીચે દેડકી આવીને મરી ગઈ. ત્યારે કહે છે કે આ રોડ પર કેટલીય દેડકીઓ મરેલી છે તે શું બધી મેં મારી છે? કારણ આગળ વરસાદ આદિના કારણે વાહનોની અવરજવર હોવાના કારણે ઘણી જ દેડકીઓ મરી ગયેલી હતી. ત્યારે મુની કાંઈ બોલ્યા નહીં. પણ તેમણે આ નજરોનજર જોયું છે. માટે જ્યારે ગોચરી આલોવાની આવી ત્યારે પાછુ યાદ દેવડાવે છે. ત્યારે પણ તેમને ખાલી સાંભળી લીધુ. માટે જ્યારે ગુરુવંદન કરવા ગયા ત્યારે પણ પાછુ યાદ દેવડાવ્યુ છે. તે વખતે પણ કશું બોલ્યા નહીં. જ્યારે પ્રતિક્રમણ કરતા પાછુ યાદ દેવડાવ્યુ છે. આમ વારે ઘડિયે યાદ કરાવે છે. આમ આ મહાત્મા તપસી છે. માટે ખિજાયા છે.

સભા:- આલોચના કરી લેવામાં શું વાંધો ?

સાહેબજી:- તમે ભૂલ ના કરી હોય અને તમને કોઈ કહે કે આટલી આલોચના લઈ લો તો તમે શું કહો ?

સભા:- પણ બીજાએ આ ભૂલ જોઈ છે ને?

સાહેબજી:- હા, તમને કોઈ બીજા કહે કે તમે આ ભૂલ કરી છે તો માની લો ખરા? માટે જાત સાથે તુલના કરજો. આપણે બધાને પણ આવી સરળતા લાવવી સહેલી

નથી. આપણે તો ભુલ કરી હોય ને કહે તો પણ સહન કરી શકતા નથી.

આ મહાત્માને સાથે ખરાબ નિકાચીત કર્મ પણ ઉદયમાં આવ્યું અને તે જ વખતે આયુષ્યનો બંધ પડ્યો છે. આમ તે ભવમાં ઉત્તમ જીવ છે. માટે આવો જીવ પડે તો પણ આશ્ચર્ય કહેવાય. તેમને માટે પતન સંભવીત ન ગણાય તેવા તે પડ્યા છે.

આ મહાત્માને તપના કારણે શક્તિ ઘટેલી અને તેમાં એક સરખું હેમરીંગ થવાથી આવેશ આવ્યો છે. માટે દાંડો લઈને તેમને ઠોકુ તેમ થવાથી તે દોડ્યા છે અને તે વખતે અહિંસાના ચારિત્રના મહાવ્રતોના જે પરિણામ હતા તે ચાલ્યા ગયા છે. તે વખતે સભાનતા નથી રહી કે આ કરે છે તે ખરુ છે કે ખોટુ છે. માટે અવિવેક આવી જવાથી મિથ્યાત્વ આવી ગયું. પરંતુ તે વખતે આત્મામાં ઘણા ગુણો છે. લેશ્યા પણ શુભ છે. પણ મારવાના વિચારમાં દોડ્યા ત્યારે થાંભલો અટકાયો અને લોહી લુહાણ થઈને ગબડી પડ્યા. તે વખતે એક સાધુને મારવાના વિચારમાં છે, હિંસાના વિચારમાં છે. ઘણી વખત સામાન્ય રીતે ખરાબ વિચારમાં રહેલા જીવના અંદરમાં ઘણા ગુણો હોય તો સાથે પુણ્ય પ્રકૃતિઓ પણ તેને ઘણી બંધાતી હોય છે. માટે જ તે મરીને દેવલોકમાં ગયાં.

કર્મે કેટલી સજા કરકારી? જો મહાત્મા આવા પરિણામ ન ચૂક્યા હોત તો તેઓ વૈમાનિક દેવ થાત. પણ તેના બદલે તેઓ જ્યોતિષ દેવ થયા. તે વખતે પ્રકૃતિ ઉત્તમ છે, તેઓ શુભલેશ્યામાં છે માટે દેવગતિમાં ગયા છે. એક ભુલ કરી માટે એક થપ્પડ આપી, પણ કાંઈ સીધા તીર્યંચ કે નરકમાં ન ગયા. તેઓ દેવલોકમાં ગયા પણ ત્યાં તેમના ક્રોધના સંસ્કાર ગયા નહીં. ત્યાં પણ આખો ભવ સંસ્કાર ઘુંટાયા. માટે આગળ જવાનું બન્યુ નહીં. પણ સાથે આરાધના આદિ કરેલ હોવાના કારણે મનુષ્યનો ભવ મળ્યો. કર્મે તેમને તક આપી પણ તક તેમને જડપી નહીં. ત્યાં તેઓ તાપસ થયા ત્યાં તેમને તપ, ત્યાગ. સંયમ બધુ કર્યું પણ ત્યાં પણ તેમનો ક્રોધ ગયો નહીં. અને ક્રોધ એવો રાખ્યો કે તેમનું નામ ચંડકૌશિક પડ્યું. તેમા ઘોર અશુભ લેશ્યા સાથે ક્રોધ ઘુંટી ઘુંટીને મરીને સાપ થયા. સાપ યોનિમાં પણ કર્મે કેવી જાળમાં મુક્યા છે.

અહિંયા જો તેને પ્રભુ ન મળ્યા હોત તો તે મરીને નરકે જાત. માટે કર્મ સત્તા યોગ્ય રીતે જ કામ કરે છે. સાધુપણામાં પુણ્ય બાંધ્યુ તે તેમને ફેવર કરે છે. પણ ત્યાં સુધી પડવાનો તબક્કો છે. માટે ગબડતો જ જાય છે. પણ પ્રભુએ વિનિયોગ કરી તેને તારી લીધો.

વિનિયોગ બીજ રૂપે વાવેલો ધર્મ ઘનઘોર વૃક્ષની જેમ ખીલી ઉઠે છે. માટે ઉત્કૃષ્ટ કક્ષાનો પરોપકાર કોને કહેવાય તે સમજવાનું છે.

જેમ ડોક્ટર પૈસા લઇને દવા કરે તે પરોપકાર નથી. તેમ વળતર વગર પણ મજબુરીથી કરે તો પણ પરોપકાર ન કહેવાય.

તમારુ જીવન નાના નાના જીવોના બલિદાનથી ટકે છે. માટે એ બધા જીવો શું તમારા ઉપકારી છે? તે તમારા ઉપયોગી કહેવાય.

માટે ઝાડ-પાન એકેન્દ્રિય આદિ ઉપયોગી કહેવાય પણ પરોપકારી ન કહેવાય. અને તેને ઉપકારી માનો તો અવિવેક કહેવાય.

તમે શ્વાસોશ્વાસ લો છો માટે જીવો છો. તે વખતે વાયુકાયના જીવો મરે છે. માટે તે શું ઉપકારી? અન્ય ધર્મમાં શું આવે છે? વાયુ, પૃથ્વી, અગ્નિ, સુર્ય ચન્દ્ર, પાણી બધા દેવતાને? કારણ એના વગર કોઇ જીવી શકે તેમ નથી. માટે જ તેઓ દેવતા માને છે.

જો આવુ માનો તો પછી તમે તાળા-ચાવી વગર પણ જીવી શકો તેમ નથી. તો શું તેને પણ તમે પગે લાગશો?

સભાઃ- દુકાને જાય ત્યારે તેને પગે લાગે છે?

સાહેબજીઃ- આ મહામોહકુટુંબી છે. આને જ મિથ્યાત્વ કહ્યુ છે. આપણે ત્યાં નદી, તળાવ, વૃક્ષ કશાની પૂજા નથી જ્યારે અન્યધર્મમાં છે. આ અવિવેક છે.

ખ્રિસ્તીધર્મમાં ઇશ્વરનો અંશ પોપ ગણાય છે. એમના પોપ પહેલા ધરતીને કીસ કરે છે. કારણ ઇશ્વરનુ સર્જન સૃષ્ટી કરે છે. પણ આપણા શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યુ છે આ બધો ધર્મ નથી. વૃક્ષ-ધરતીને પગે લાગો તો પાપ લાગે.

સભાઃ- જીનમંદિરમાં ચઢતાં પગથીયાને નમસ્કાર કરે છે તે કશાય?

સાહેબજી :- હા કરાય. જીનમંદિર આખુ પૂજનીય છે. ત્રણ લોકના નાથનુ જીનમંદિરનુ પગથીયુ પણ આગળ વધારવામાં સાધન બનશે. શુભભાવથી તે વાસિત થયેલુ છે. માટે પૂજ્ય છે. આમ તો ચરવળો પણ જડ છે. પણ આત્મ કલ્યાણમાં જે સાધન બને તેને ઉપકારી મનાય. જ્ઞાન-દર્શન-ચારિત્ર જેમ પૂજ્ય છે એમ તેમાં સહાયક સાધનો પણ પૂજ્ય છે. તમે જીનમંદિરને હાથ કેમ જોડો છો? કારણ તે પરમાત્માનું સ્થાન છે. તેમ ગુરુની પાટ પ્રત્યે પણ બહુમાન રાખવાનું છે.

શત્રુંજયને પગે લાગો છો કારણ પરમાત્માના પરમાણુથી તે વાસિત થયેલ છે. માટે કશી બાધ નથી.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૨૦-૧૦-૯૫
શુક્રવાર
આસો વદ ૯મ

॥ યોગવિંશીકા॥

ગોવાળિયા ટેંક

વિનિયોગ ભાવધર્મ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવ માત્ર પર શ્રેષ્ઠ પરોપકારની પ્રવૃત્તિ રૂપે ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ ઉંચામાં ઉંચો પરોપકાર કરવો હોય તો એના માટે આદર્શ નમુનો તીર્થંકર છે. તીર્થંકરોએ પોતે શાસન સ્થાપીને પોતે સાધના કરી અનેક પર પરોપકાર કર્યો છે. તીર્થંકર સ્થાપેલ શાસન દ્વારા અસંખ્ય જીવ મોક્ષે ગયા છે.

પ્રભુ પૃથ્વીતલ પર વિચરતાં હોય ત્યારે લાયકાત પ્રમાણે બધાને તેઓ ધર્મ પમાડે. વિશેષ જીવ ધર્માચાર્ય, ગણધર બને. કોઈ જીવ તીર્થંકર નામ કર્મ બાંધી, ને ભાવિ તીર્થંકરપણું નિશ્ચિત કરે. તીર્થંકરો જ જગતમાં સનાતન મોક્ષમાર્ગના સ્થાપક છે. આમ તીર્થંકરો શ્રેષ્ઠ પરોપકાર કરે છે.

હવે જેટલા પણ વિનિયોગ પામેલા આત્મા છે. એ બધાના જીવનમાં પણ શ્રેષ્ઠ પરોપકાર છે. તીર્થંકરોની દેશના વિશેષ હોય છે. ખાલી તીર્થંકર પરોપકાર કરીને વિનિયોગ પામેલા આત્મા ન કરે તેવું નથી. અમે પણ પરોપકાર કરી શકીએ છે. વિનિયોગ પામેલાને ગીતાર્થ કરતાં પણ વિશદ જ્ઞાન હોય છે. એવું નથી પણ તેમને પૂર્વની નજીકનું જ્ઞાન હોઈ શકે છે. માટે પરોપકાર નામનો ધર્મ શક્તિ સંપન્ન જ કરી શકે છે. અભણ, અબુઝ શ્રેષ્ઠ પરોપકાર કરી શકતો નથી. પરોપકાર કરવાવાળા જીવો ઉંચા અને સક્ષમ હોય છે.

હવે તમારી દૃષ્ટીએ ઉંચામાં ઉંચો પરોપકાર કયો? પરોપકારમાં પણ ઘણી કેટેગરી હોય છે. આપણને મોટા કરવામાં મા-બાપનો ઉપકાર ખરો કે નહીં? બાળક જ્યારે માંદો પડે છે ત્યારે બાળકની સેવા કરવા માટે મા આખી રાત જાગતી રહે છે. નાના નાના ઉપકાર તમારા જીવનમાં હજાર થતાં હોય છે. પણ એ મહા ઉપકાર નથી. છતાં ઉપકાર તો ખરો ને?

તમે નિસ્વાર્થ ભાવે કરો અને સામે વળતરની ભાવનાની આશા ન હોય તો તે ઉપકાર કર્યો કહેવાય. જો સામે વળતરની ભાવના આવશે તો ઉપકારની

ટકાવારી થશે. જેમ મા-બાપ સંતાનોનો ઉછેર કરે છે ત્યારે દિકરા માટે એ ઉપકારી બને છે. પછી ભલે મા-બાપ અપેક્ષાથી મોટા કરે. અપેક્ષા જ્યાં પણ આવશે ત્યાં ઉપકાર બનતો નથી.

હવે દેવ-ગુરુની ભક્તિ કરવાની છે ત્યાં ઉપકાર કરવાનો નથી. માટે ત્યાં બદલાની ભાવના, ઇચ્છા ન ચાલે. જેમ તમારુ કામ કોઈ કરી આપે અને તે વખતે તમારે બદલામાં કંઇક કરવાનું હોય તો તમને ઉપકારનો ભાવ થાય ખરો? ત્યાં તમે જાણો છો કે સામે પૂરેપૂરો કસ લેવાનો છે. ત્યાં સહાયની ભાવના નથી, પણ વળતરની અપેક્ષા છે. સહાયની ભાવના હોય તો ઉપકાર ગણાય છે.

અત્યારે તમારી સ્થિતિ શું છે કે ભાઇ તમારો માંદો પડે ત્યારે તમે સેવા ચાકરી કરો, અને જો તમે માંદા પડો ને ભાઇ તમારા ખબર અંતર ન પૂછે તો શું થાય? તમે કોઇના પણ માટે કાંઈપણ કરો છો તેમાં તમને અપેક્ષા હોય જ છે. તમારે કુટુંબમાં મતભેદ ને ઝઘડાનું કારણ આજ હોય છે. પ્રસંગે તમે શું બોલો કે આ બધા તો ખાલી નામના સગા છે. જેટલો ઉભરો નીકળે તેટલો નિકાળોને? પરંતુ ખરો મૈત્રીભાવ ઘરમાંથી ચાલુ કરવાનો છે.

તમારા સ્વભાવનો મૈત્રીભાવનો પરચો તો ઘરવાળા પર જ પડે. રસ્તે ચાલતા માણસનું ખરાબ થાય કે સારુ થાય તેમાં તો તમને કાંઈ વાંધો હોતો જ નથી. પરંતુ તમારા ભાવનું પ્રતિબિંબ કોની સામે પડે કે જેની સાથે તમારે રહેવાનું છે. આપણે ત્યાં પરોપકાર ધર્મભાવ કહ્યો છે. જે નાના નાના પદાર્થથી ચાલુ થાય છે.

અને શ્રેષ્ઠ પરોપકાર ભાવધર્મને વિનિયોગ નામનો ભાવધર્મ કહ્યો છે. તમે કોઇ પણ જાતનો પરોપકાર કરો ત્યારે સામે વળતરની ભાવના કાઢવાની છે. તમારી બદલાની ભાવના એટલી રૂઢ થઇ ગઇ છે કે તમે તો ભગવાનની ભક્તિ કરતાં પણ સામે વળતરની આશા રાખો છો. અત્યારે કેવી પરિસ્થિતિ છે કે આપણે બધુ મફતનું ચાલે પણ આપણે કોઇને મફતનુ આપવા તૈયાર નથી. અને આ વૃત્તિના કારણે જ આપણામાંથી પરોપકારની ભાવના નાબુદ થઇ જાય છે.

પરોપકારના ઘણા જ સ્તર છે. જેમ મા-બાપની દિકરો ભક્તિ કરે પણ જો

તેને અપેક્ષા આવે તો એ ભક્તિ તેની સાચી ભક્તિ બનતી નથી. તો પછી ભગવાનની સામે તમે જો બદલાની અપેક્ષા રાખો તો વિચારજો કે એ તમારી વૃત્તિ કેટલી હીન કહેવાય? ખરેખર સંકલ્પ કરવા જેવો છે કે દેવ-ગુરુની ભક્તિ કોઈપણ જાતના બદલાની ભાવના વગર જ કરીશ. બોલો કરવો છે સંકલ્પ? કોઈ દિકરો બાપની સેવા ખડે પગે કરતો હોય, બાપ પાસે વીલ લખાવવુ છે માટે તેમને ખુબ જ રાજુ રાખતો હોય, જો પોતે ખુશ ન રાખે તો પછી તેમાં બીજાનું કામ થઈ જાય. માટે આ કારણથી તે ગમે તેટલી મા-બાપની સેવા-ચાકરી કરે તો પણ તે ચાકરીની કેટલી કિંમત? જે દિવસે તમને લાભ ન દેખાય ત્યારે તમે મા-બાપને પણ પડતા મુકશો ને? બસ બાપનુ બધુ તમારા કબજામાં આવી જાય પછી બાપને પણ ઉલાળીયા કરશો ને? માટે જ અત્યારે મોટા ભાગના મા-બાપ મોટી ઉંમરે જ વીલ કરે છે. અને તે પણ ગુપ્ત રાખે છે. અને કદાચ જણાવે ને જો કડવા અનુભવ થાય તો વીલ બદલી પણ નાંખે છે. આ સંસારનો નગ્ન ચિતાર છે.

જેને તમારા માનીને આખી જીંદગી રાખ્યા એ જ આવું કરે તો? માટે ઘણા તો વીલમાં એવું પણ લખે છે કે અમારા જીવતા નહિ પણ મર્યા પછી તેને મળે. આમા કારણ શું? વિશ્વાસ નથી માટે ને? તમારો આખો સંસાર give & take થી જ ચાલે છે. પરોપકારથી ચાલતો નથી. તમને સુખી રાખવા છે એ ભાવથી નથી કરતા. જો એ ભાવથી તમે કરો તો ચોક્કસ પુણ્ય બંધાય. પરંતુ અત્યારે સહાય અને ઉપકારની ભાવના છે જ નહી. માટે જ અશુભ કર્મ બંધાતા હોય છે. જેમ દીકરો માંદો પડે ત્યારે મા આખી રાત જાગીને સેવા કરતી હોય છે પણ તેમાં પણ પરોપકારની ભાવના આવતી નથી. ત્યારે પણ એ સાજો થાય ને તમારી અપેક્ષા પુરી કરે એવા જ ભાવ હોય છે. મોટે ભાગે પરોપકારની ભાવના હોતી નથી.

જ્યારે તમને કોઈએ વળતરની ભાવના વગર સહાય કરી ત્યારે તમારે તેનો ઉપકાર માનવો જ પડે. અને એ માનો તો જ તમારામાં કૃતજ્ઞતાનો ગુણ ટકે.

જ્યારે મા-બાપ સામે પણ પરોપકારની ભાવના રાખવાની છે તો પછી ભગવાન સામે તો રાખવી જ પડે. ત્યાંથી કોઈ જાતની અપેક્ષા હોવી જોઈએ જ નહી. અત્યારે

આપણા જૈનો ગમે ત્યાં રખડે છે. જ્યાંથી કામ થયું ત્યાં ઓવારી જાય ને? આપણા દેરાસર છોડીને બીજે ભક્તિ કરનારા કેટલા છે. બસ કંઈક લાભ થાય ત્યાં શું કરે? બસ આવો માણસ સાચો ધર્મ કરવાને લાયક નથી. જેમ મા-બાપની પણ સાચી ભક્તિ કોણ કરી શકે કે જેને કોઈ અપેક્ષા ન હોય. ખાલી એટલું જ હોય કે બસ મને જન્મ આપ્યો.

તમને બધા ધર્મ સરખા અને સાચા ન લાગવા જોઈએ. આપણા શાસ્ત્રમાં આવે છે કે.

1) સર્વ ધર્મ સહિષ્ણુતા
2) સર્વ ધર્મ સમભાવ
3) સર્વ ધર્મ સમન્વય

અત્યારે આપણા માટે સર્વ ધર્મ સમભાવનો સ્ટેજ નથી. પણ સર્વધર્મ સહિષ્ણુતાનો સ્ટેજ છે. બધા ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ રાખવાનો છે. સર્વ ધર્મ જો સરખા લાગે તો હું માનું કે તમારુ ચસકી ગયુ છે. કારણ બધા ધર્મ પરસ્પર વિરોધી વાતો જ કરે છે.

એક અહિંસાને ધર્મ કહે છે જ્યારે બીજો હિંસાને ધર્મ કહે છે. એક માંસાહાર અને રાત્રિભોજનને પાપ કહે છે જ્યારે બીજો માંસાહાર અને રાત્રિભોજનને પાપ માનતો નથી. છતાં એમ કહે બધા ધર્મ સાચા ને સરખા. તો એ વ્યકમ જ કહેવાય. અત્યારે આ બોલવા માટે આપણુ સ્ટેજ નથી. જેમ એક માણસ કહે હું બોલુ પણ છું અને મૌન પણ છુ તો તેને શું કહેવાય? બસ એવી જ આ વાત છે.

હા, બધા ધર્મમાં જેટલુ સારુ હોય એનો સ્વીકાર કરીએ છતાં તેને સરખા તો ન જ કહેવાય. ઘણી વખત આવુ બોલનાર વ્યક્તિ જો સંઘનું નેતૃત્વ કરે તો નુકશાન થાય. સમન્વય અને સમભાવના નામથી ધર્મ અને અધર્મનો શંભુમેળો થઈ જાય છે. જ્યારે સમતાનું સ્ટેજ આવે ત્યારે જ ધર્મ અને અધર્મમાં સમાન ભાવ આવે. જે અત્યારે આપણા માટે નથી. આ અપર લેવલનું સ્ટેજ છે.

સમતામાં તો આત્મા અને પરમાત્મા વચ્ચે પણ તફાવત નથી. એનો તો

બધે નિરંજન નિરાકારના જ દર્શન થાય. તેને તો સાક્ષાત તીર્થંકર મળે તો પણ એ પગે ન લાગે. જેને પોતાના આત્મામાં જ પરમાત્મ તત્વનું દર્શન થાય એ બીજાને પગે ન લાગે. માટે આ ઉંચા સ્ટેજની વાત છે. અત્યારે આપણે કરીયે તો તદ્દન બેહુદી વાત લાગે.

અમે જ્યારે ભણતા હતા ત્યારે પાઠ આવતો કે "આત્મા સો પરમાત્મા" આ આખા પાઠમાં ધર્મની ઠેકડી જ છે. માટે કુતરામાં પણ પછી ભગવાનના દર્શન કરે. આ એક પ્રકારનું ધર્મના નામે ગાંડપણ છે. આવો જ બધા આત્મા માટે સમાન વહેવાર કરો તો પાપ લાગે. સમાજની સુવ્યવસ્થા નાશ પામી જાય. એક તપસ્વી શ્રાવક અને એક સામાન્ય શ્રાવકમાં ભેદ ખરો કે નહીં ? જેમા જેવા ગુણ તેવું બહુમાન કરવાનું છે. માટે ભેદભાવ રાખવાનો છે. સર્વ ધર્મ સમાન સમતામાં આવ્યા પછી જ કરવાનો છે.

એમને ત્યાં ગીતામાં એક શ્લોકમાં લખ્યુ કે સાચો પંડિત કોણ ? સાચો સંત કોણ ? રસ્તામાં કુતરી જતી હોય કે ગાય કે હાથી જતો હોય. તે બધામાં સમાનતાનું દર્શન કરે તે જ સાચો જ્ઞાની. બસ આ વાત પકડીને પાઠમાં મુકી દીધુ.

પરંતુ સીધી સમતાની વાત ચાલુ ન થાય તે પહેલાં અમુક સ્ટેજ પસાર કરવા જ પડે. માટે સ્ટેજ સમજીને વાત કરવાની છે. આ બધો વિવેક છે.

સર્વ ધર્મ પરિષદ બધા ધર્માચાર્ય માટે હોય. આવી પરિષદમાં જેમ બધા બોલતા હોય, એ લોકો પોતાના ધર્મને વફાદાર થઈને બોલતા નથી. દુનિયામાં એ ધર્મના અનુયાયી કરતાં બેવફા ઘણા હોય છે. ધર્મનો પણ દ્રોહ છે ને દુનિયા સાથે છેતરપીંડી કરે છે. સર્વધર્મ પરિષદ ભરવામાં અમને કોઈ વાંધો નથી. જુનકાળમાં પણ ભરાતી હતી. પણ તેમાં એક નિયમ હતો કે કોઈ ધર્મવાળા પોતાના ધર્મની સાચી વાત કરે પણ બીજા ધર્મનું ખંડણ ના કરે. અને જો કરે તો તેને પુરવાર પણ કરવું પડે. ખાલી બોલી જવા માત્રથી ચાલતું નહોતું. અત્યારે તો ખાલી ચમચાગીરી ચાલે છે. બધાને સારુ અને સાચુ લાગે એટલે બધાના વખાણ કરે. આવો શંભુમેળો અને ખીચડીપાક એ મહા મિથ્યાત્વ ગણાય. જે સત્ય અને અસત્યને એક જ ત્રાજવે તોલે તે ચાલે જ નહીં.

અમને પણ ભગવાને કહ્યુ છે કે જો એકલા જૈનોની સભા હોય તો જુદી ઉપદેશ આપવાનો અને જૈનેતર સભા હોય તો જુદી રીતે ઉપદેશ આપવાનો. હિન્દુ નામનો કોઈ ધર્મ જ નથી. આ તો કપોળ કલ્પનાથી ઉભી થયેલી વાત છે. આપણ જૈન ધર્મને હિન્દુના સેક્શનમાં ઘુસાડી દીધો છે. હિન્દુ ધર્મ કોને કહેવાય એની કોઈ ડેફીનેશન નથી. પચાસ વર્ષથી આવું ચાલે છે. વિચક્ષણ માણસે વિચાર કરીને સમજવા જેવું છે.

જૈન ધર્મ એ એક સ્વતંત્ર દર્શન છે. એ હું અત્યારે પુરવાર કરી શકું તેમ છું. આપણી પાસે આચાર વિચારની અદ્વિતીય ફીલોસોફી છે. આપણે પુરવાર કરી શકીએ તેમ છે. પણ આ બધાની નથી. અમને ભગવાને યોગ્ય માર્ગદર્શન જ આપવાનું કીધુ છે. પણ વ્યવહારની બધી પ્રવૃત્તિ આરંભ-સમારંભવાળી છે માટે તે તો શ્રાવકની જ છે. અને શ્રાવકની જાગૃતી નથી માટે જ અત્યારે શાસનના આવા સેંકડો કામો રખડે છે. આ એક વિવાદાસ્પદ વિષય છે. પરંતુ હજુ શાસન જયવંતુ છે વિચક્ષણ વડીલો અને સાધુઓ આજે પણ છે. પરંતુ સાધુ માર્ગદર્શન આપે તેને ઝીલવાની તૈયારી હોવી જોઈએ. એમનેમ સલાહ આપવા માટે અમે નવરા નથી. પણ કોઈ નક્કરતાથી આવે તો અમે વિચાર કરીને સલાહ આપીએ.

ભગવાને અમારા ઉપર શાસ્ત્રજ્ઞાનની એવી જવાબદારી આપી છે કે અમે આખી જીંદગી ને વાંચીએ તો નવરા ના પડીએ. ધર્માચાર્યોને સમય, સમયની કિંમત છે. શાસ્ત્રમાં લખ્યુ કે ધર્માચાર્ય એકાંતમાં રહે ને શાસ્ત્રનું અધ્યયન કરે. ખાલી જાહેરમાં ઉપદેશ આપવા જ આવે. તીર્થંકર પણ દેવછંદામાં રહે અને જાહેરમાં સમોવસરણમાં ઉપદેશ આપવા આવે. દેવછંદા સમોવસરણના બીજા ગઢમાં હોય. તીર્થંકર પોતાના શિષ્ય સાથે પણ સમુહમાં ન બેસે. તેઓ એકાંતમાં જ રહે. ચિંતન, મનન કરે. એજ રીતે ધર્માચાર્ય પણ આવું જ જીવન વિતાવે. તમારી દ્રષ્ટીએ અત્યારે આચાર્ય શું કરે? ઘડી ઘડી ઉપદેશ આપે, વાસક્ષેપ નાંખે, પગલાં કરે. તમે ધર્માચાર્યનો સમય બગાડો તો પણ પાપ લાગે. શાસ્ત્રની વ્યવસ્થા પ્રમાણે અમે ચાલીએ તો જ લાભ થાય.

હવે દિવાળી પછી આમાં વિશેષ વિચારશું.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

30-10-95
સોમવાર

## વિનિયોગ ભાવધર્મ

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને શ્રેષ્ઠ પરોપકારની પ્રવૃત્તિ કરાવવા રૂપે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આ જગતમાં જીવ ઉપર ઉંચામાં ઉંચો ઉપકાર કરવો તે મોક્ષમાર્ગનું પ્રદાન છે પાંચે ભાવધર્મમાં વિનિયોગ પામેલા આત્મા જ આ ઉપકાર કરી શકે છે. તેજ આત્માને આવો શ્રેષ્ઠ ઉપકાર કરવાનો અધિકાર છે. પરોપકાર, દાન એ એવી વસ્તુ છે કે, આ કુદરતમાં નિયમ છે કે જે તમારી પાસે હોય તે જ તમે દાનમાં આપી શકો. જેના દ્વારા તમારે પરોપકાર દાનમાં આપવાનું છે તેને પહેલાં પામવું પડે. જેના પર તમારું આધિપત્ય, વર્ચસ્વ જોઈએ. તેમાં ધર્મનું દાન, ધર્મ પમાડવા રૂપ પરોપકાર કરવા પહેલાં પોતે આત્મામાં તે ધર્મને સિધ્ધ કરવો પડે.

અમે જાણતા હોઈએ, તમને સમજાવતા પણ હોઈએ. એ ઉપદેશ દ્વારા કહેલો ધર્મ અમે જીવનમાં કાંઈ આત્મસાત કર્યો નથી.

સમત્વની ભૂમિકામાં સ્થિર થયેલ આત્મા જ આ કરી શકે છે. મોક્ષમાર્ગની ભૂમિકામાં સમતા સુધીનો ધર્મ શાસ્ત્ર દ્વારા પામી શકાય છે. તેના પછીની સાધના તો આંતર-સૂઝથી પામવાની છે. શાસ્ત્રનો વિષય તો સમત્વના યોગ સુધીનો જ છે. સર્વ શાસ્ત્રના વિશારદ પણ સમતા સુધી કરી શકે.

સભા:- તેને પ્રાતિભ જ્ઞાન કહેવાય?

સાહેબજી:- હા, તેમાં પ્રાતિભ જ્ઞાન આવી જાય. સાધના માર્ગમાં, ઉપદેશ દ્વારા પામી શકાય કે પમાડી શકાય તે આરાધનાનો માર્ગ સમતા સુધીનો જ છે. અમારે શાસ્ત્ર દ્વારા પામવા યોગ્ય હજુ ઘણું પામવાનું બાકી છે. ઉપદેશ દ્વારા મેળવવા યોગ્ય પણ હજુ ઘણું મેળવ્યું નથી. અમે સાધનામાં અધુરા છીએ. મારે સામે વધારે લાયકાતવાળો જીવ આવે તો પણ અમે પમાડી શકીએ નહીં. કારણ હજુ અમારે પામવાનું ઘણું બાકી છે.

તમે પણ દાન ક્યારે કર્યું કહેવાય? તમારી પાસે મેળવેલું હોય તે જ આપો ત્યારે ને?

માટે સર્વ શ્રેષ્ઠ પરોપકાર કરવાનો અધિકાર વિનિયોગ ભાવધર્મ પામેલા વાળાને જ મૂક્યો છે. તેમને ઉપદેશ દ્વારા બધા ધર્મને સિદ્ધ કર્યો છે.

વર્તમાનમાં એક મહાત્મા પણ જો આવા હોય તો સંઘની રોનક બદલાઈ જાય. અત્યારે સિધ્ધી ભાવધર્મવાળા પણ એક પણ મહાત્મા નથી. તો પછી વિનીયોગની તો વાત ક્યાં કરવી. પરંતુ જે કાળમાં જ્યારે તેઓ વિચરતા હોય ત્યારે તેમના સાનિધ્ય માત્રથી લાયક જીવો પામી જાય. અને તેમની દેશના પણ અમોઘ હોય છે. માટે જે જીવોને આવા મહાત્માની પ્રાપ્તિ થાય તેઓનો તો બેડો પાર થઈ જાય. આવા મહાત્માઓ જગતને આશીર્વાદ રૂપ છે.

સભા:- તીર્થંકર આ ભૂમિકામાં ઉપદેશ આપે?

સાહેબજી:- જીનકલ્પીઓ ઉપદેશ આપે છે. તીર્થંકરો દીક્ષા પછી મૌન સેવે છે. પણ લાયક જીવ હોય તો તે જીવને ટકોર જેવો માર્મીક ઉપદેશ આપે છે. દીક્ષા પહેલાં પાર્શ્વનાથ ભગવાને કમઠને ઉપદેશ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમને ખબર છે કે આ લાયક જીવ નથી. પણ તેના ઓઠા નીચે કેટલાય જીવો પામી ગયા.

સભા:- દીક્ષા પહેલાં આ આપેલ ઉપદેશ દ્રવ્ય વિનિયોગ કહેવાય?

સાહેબજી:- હા, દ્રવ્ય વિનિયોગ જ કહેવાય, કારણ તેમને હજુ ભૂમિકા પામવાની બાકી છે. ગ્રહસ્થમાં આવો ઉપદેશ આપે પછી દીક્ષા પછી તો આપી શકે. પણ દીર્ઘરૂપ વિશદ મોક્ષમાર્ગનું વર્ણન થાય તે રીતે ન આપે. પણ યથાકિંચીત વિનિયોગ કરતા હોય છે.

આવા જેને ગુરુ મળે તે જો લાયક હોય તો ચોક્કસ તેનો ઉધ્ધાર થઈ જાય.

સભા:- છેલ્લે જીનકલ્પી ક્યારે થયા?

સાહેબજી:- હજારો વર્ષ પહેલા જીન કલ્પી હતાં. સમતાની ભૂમિકા આજે વિચ્છેદ છે. નિરતિચાર ચારિત્ર પણ અત્યારે શક્ય નથી. પાંચમા આરાની શરુઆતમાં આવા મહાપુરુષો હતા. લાયક જીવો તો તેમના દર્શન માત્રથી પાવન થઈ જાય, વાઘ, સિંહો પણ પામી જાય.

જ્યારે આવા મહાત્મા સિંહોની ગુફા પાસે ધ્યાનમાં ઉભા રહે ત્યારે વાઘ,

સિંહો પાળેલા કુતરા જેવા થઈ જાય. સમતા પામેલ જીવનો પ્રભાવ પડે જ. સમત્વ યોગવાળો આત્મા અદ્વિતીય મનોબળવાળો હોય છે. જગતની કોઈ તાકાત તેમના મનને ચલિત કરી શકે નહીં. તેમના મનમાં હરખ, શોક, રતિ, અરતિ જગાડવાની તાકાત કોઈનામાં નથી. કોઈપણ સંજોગોમાં અમર થવાનો સવાલ જ નથી. તેમના મનમાં અસામાનતા આવે જ નહી. જીવ માત્ર, વસ્તુ માત્ર પ્રત્યે સમાન ભાવ જ હોય તો જ સમતા આવે.

તેમને આકર્ષણ, અનાકર્ષણ હોય નહિ. ૬૪ ઇન્દ્રો કે બધા દેવતા ભેગા થાય તો પણ આવા મહાત્માને ચલાયમાન કરી શકે નહી. વિકલ્પ રૂપે રાગ-દ્વેષ જગાડી શકે નહીં. માટે વિચારજો કેટલો વિલપાવર હશે! જેનો વિલ પાવર જોરદાર હોય તે બીજાના મન પર જબરદસ્ત પ્રભાવ પાડી શકે છે. આ વાત તો વિજ્ઞાન પણ માને છે. અમારી દ્રષ્ટીએ તો આવા મહાત્માના સાનિધ્ય માત્રથી વાઘ-સિંહ શાંત થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

અત્યારે તમારી બાજુમાં એક પથરો પડે તોય ગભરાઈ જાવ ને? તમને ભયના ઓથા નીચે જ જીવો છો ને? અત્યારે કેટલા પ્રકારના ભયો છે? જ્યારે સમતામાં રહેલાને ક્યાંય ભય નથી. તેમને સ્મશાનમાં, નગરમાં, ચોરની પલ્લીમાં કે વાઘ-સિંહ વચ્ચે, કે મડદા વચ્ચે ક્યાંય પણ મૂકો તો તેમનું રૂવાડું ય ફરકે નહીં. તેમને જીવનનો મોહ નથી, મૃત્યુનો ભય નથી. માટે તેમની પાસે વાઘ-સિંહ, કુતરા-બિલાડા જેવા થઈ જાય તેમાં નવાઈ નથી. કારણ તેમનું સત્વ અદ્વિતીય છે.

આ કાળમાં ધર્મીના મનોબળ નબળા હોય છે. જ્યારે દુષ્ટોના મનોબળ મક્કમ હોય છે. દુષ્ટોના જેવી સાહસિક-હિંમત તમે કેળવી શકો? તેઓ તો માથુ હાથમાં રાખીને જ પાપો કરતાં હોય છે. તેમનામાં દુષ્ટતા કરવાના લેવલની સાહસિકતા હોય છે. સમતામાં રહેલા જીવોની સાહસિકતા, સત્વ કંઈ ઘણુ અધિક હોય છે. તેમનો એક એક શબ્દ સામેલાને અસર કરતો હોય છે. આવા મહાત્મા જેને મળી જાય તે તેની લાયકાત પ્રમાણે પામી જ જાય. આવા મહાત્માનો પરોપકાર કદી નિષ્ફળ જાય નહીં. તે શ્રેષ્ઠ ફળને આપ્યા વગર રહે જ નહીં.

'શ્રેષ્ઠ પરોપકાર કરવા માટે આ ભાવધર્મ વાળાને જ અધિકાર છે.

આપણે મોક્ષે જતાં પહેલાં આ ભાવધર્મને પામવાનો છે. મોક્ષે જતા પહેલા ઉત્કૃષ્ટ પરિષહ આવે કે ન પણ આવે પણ તમામ પરિષહને સહન કરવાની ક્ષમતા ન આવે તો જીવ ક્ષપકશ્રેણી માંડી આગળ વધી શકે નહીં.

અત્યારે આપણને સંયોગોની શુભ અસર ઓછી થાય છે. પણ અશુભ અસર વધારે થાય છે. અને હજુ થોડા વધારે આગળ વધેલાને શુભ અસર વધારે થાય છે. અને અશુભ ઓછી થાય છે. જ્યારે આ મહાત્માઓ તો બધામાં સ્થિર, પ્રશાંત, નિર્લેપ હોય છે. તેમને એક પણ વાતની શુભ કે અશુભ અસર થતી નથી. અને પછી જ જીવ ક્ષપકશ્રેણી માંડી શકે.

સભા:- ઈલાચીકુમાર કઈ રીતે આ ભાવને પામ્યા?

સાહેબજી:- તેઓ સ્વયં પુરુષાર્થથી આ ભાવનાને પામ્યા છે. આ જીવ પૂર્વ ભવમાં મહાત્મા છે. તે જન્મો-જન્મની આરાધના કરનારો જીવ છે. પરંતુ પૂર્વભવમાં જરા નિમિત્ત મળતાં અશુભ અસરમાં લેવાઈ ગયા. આ નટડી તેમના આગલા ભવની પત્નિ છે. તેઓ અતિશય સુખી દાંપત્ય જીવવાવાળા હતા. પછીથી તેમને મહાત્માના પરિચયથી વૈરાગ્ય થયો. અને દીક્ષા લીધી. આમ તે બ્રાહ્મણ કુટુંબના હતા.

તેમના પત્નિ ખૂબ જ રૂપાળા હતા. તેમને પત્નિ પ્રત્યે ખૂબ જ અનુરાગ હતો. હવે દીક્ષા લીધા પછી વિચરતાં, વિચરતાં મળવાનું બને છે. તે વખતે આગળનો અનુરાગ ઈલાચીકુમારને ઉદય થયો. છતાં તેમને કાંઈ અનુચીત વર્તન કર્યું નથી. પણ એવો ભાવ આવી ગયો કે પાછો સંસારમાં જાઉં. પત્નિને ખબર પડી ત્યારે થયુ કે આ તો હું તેમના પતનમાં નિમિત્ત બનીશ માટે તેઓ ખસી ગયા. પછી તો આ મહાત્મા આરાધનામાં આગળ વધી અણસણ કરી દેવલોકમાં ગયાં.

આમને પત્નિનો અનુરાગ થયો છે. જ્યારે પત્નિને કુળનો ગર્વ રહ્યો છે. અમારુ કુળ ઘણુ જ ઉંચુ છે. અંદરમાં આ ભાવ રહ્યો છે. આમ કોઈને તેમને હલકા ચીતર્યા નથી. અત્યારે અનેકોના મનમાં આ ભાવ રહ્યો હોય છે.

સભા:- આવો ભાવ થયો છતાં દેવલોકમાં ગયા?

સાહેબજી:- તેમને આરાધના કરી હતી માટે દેવલોકમાં ગયા છે. તેમને ધર્મ સામગ્રી પણ મળી છે. નરકે કે તીર્યંચમાં નથી ગયા. આ દોષ કેવો છે? કે દોષ સમભય તો ત્રુટી જાય તે રીતે સેવાયો છે. મિથ્યાત્વમાં દોષના ફળમાં ગુણાકાર કરવાની તાકાત હોય છે. ~~સમ્ય~~ સમકીતમાં દોષના ફળમાં ભાગાકાર કરવાની તાકાત હોય છે. નટડીનું કર્મ તેમની પત્નિએ બાંધ્યુ. નિચ ગોત્ર સમકીતની હાજરીમાં ન બંધાય.

ધર્મના ક્ષેત્રમાં આવનારને પણ આવા નાના,નાના દોષો પાછલા બારણે ઘુસી જાય છે. જેમ તમે ઠાઠથી પુજા કરતાં હોવ તો, થાય કે આપણા જેવી પુજા કરનાર કોઈ નથી. હું કરુ છુ તે વિશેષ છે. આ રીતે જ પુજા તો કરવાની હોય. બસ આ ભાવ આવ્યો એટલે અહંકાર આવી ગયો. અને આ ખામી જો ન દેખાય તો મિથ્યાત્વ આવી જાય. દોષનું દોષ તરીકે ભાન ન થાય તો મિથ્યાત્વ આવી જાય. માટે આંતરિક સભાનદશા તો જોઈએ જ. તેમની પત્નિને ગર્વ આવ્યો તેનો ખ્યાલ ન રહ્યો માટે તેમને પ્રાયશ્ચિત કર્યુ નહી. માટે મિથ્યાત્વના કારણે તેમને નીચ ગોત્ર બંધાયુ. માટે જ નટડી થયા.

જ્યારે ઈલાચીકુમારને નીચ ગોત્ર બંધાયુ નહીં પણ તેમને ઉંચી પ્રકૃતિ બાંધી માટે જ દેવલોકમાં ગયા અને પછી શ્રેષ્ઠીને ત્યાં પુત્ર તરીકે જન્મ્યા છે. તેમનો જન્મ ઘણા મનોરથ- માનતા પછી થયો છે. માટે ફુલની જેમ ઉછર્યો છે. બુદ્ધિ, રૂપ, ચતુરાઈ, સંપત્તિ ઘણી જ છે. સામે ચાલીને રૂપાળા માંગા આવે તેમ છે. છતાં ભુતકાળનું કર્મ છે. માટે શું બન્યું. સામાન્ય રીતે આ ઉંમરમાં ઉન્માદ, તોફાન કેવા હોય. તેના બદલે આ ઉંમર લાયક થવા છતાં તેમને વિકારો, ઉન્માદ કશુ નથી. તેમને સંસારમાં રસ નથી માટે માતા-પિતાને થાય છે કે આ કોઈ રીતે સંસારમાં રસ લેતો થાય. આ આગળા ભવની આરાધનાનું ફળ છે. માટે આવા વિકારો, ઉન્માદ નથી. પણ પેલા કર્મથી શું બન્યું?

એજ નગરમાં એક મહા કલાકાર છે. જે નૃત્ય શાસ્ત્રનો વિશારદ છે. જેને

નટરાજ કહેવાય છે. તેનો તે પારગામી છે. તેને એક કન્યા છે. રાજ-કન્યાને શરમાવે તેવું તેનું રૂપ છે. તેનામાં બુધ્ધિ, ચતુરાઈ, લાવણ્ય, રૂપ અપ્રતિમ છે. આ ઈલાચીકુમાર આનો પ્રસંગ જોવા ગયો છે. ત્યાં આ નટડીને જોઈને એવા મોહિત થઈ ગયા કે ત્યાંથી તેને ખસવાનું મન થતું નથી. કારણ ત્યાં આગળા ભવનું કર્મ ઉદયમાં આવ્યુ છે.

માટે ઘરે આવીને કહે છે કે પરણીશ તો હું આને જ પરણીશ. બેકગ્રાઉન્ડ તરીકે તેને કશી જ ખબર નથી. પણ પૂર્વનો અનુરાગ તેમા ફંદામાં ફસાવે છે. મા-બાપ તો આ સાંભળીને મુર્છીત થઈ ગયા છે. પછીથી આને તેની સાથે ન પરણવા ઘણુ જ સમજાવે છે. પણ તે તો કહે છે કે "જો મને સુખી કરવો હોય તો આની સાથે જ પરણાવો". પછીથી માતા-પિતા માને છે તેથી નટડીના બાપને વાત કરે છે. તેનો બાપ પણ કાંઈ ઓછો નથી. માટે કહે છે કે અમારી કલાનો વિશારદ થઈને દુનિયામાં નામના મેળવે તેને મારી કન્યા પરણાવું. હવે આ શરત સ્વીકારી બધુ જ છોડીને આની સાથે નીકળી પડ્યો.

કર્મ ઉદયમાં આવે એટલી વાર છે. મોહના આવરણના કારણે આવી દશા થોડીવાર રહે છે, પણ નિમિત્ત મળતાં આગળી આરાધનાના કારણે આગળ આવતાં પણ વાર લાગતી નથી. તેમને કેવું નિમિત્ત મળ્યુ છે એક સાધુ મહાત્માને વહોરતાં તેને જોયાં છે. આપણને આવા કેટલા નિમિત્ત મળે છે. પણ શું થયુ? કારણ લાયકાત હજુ ઓછી છે.

હવે આમને શું થાય છે કે તેઓ અત્યારે આ કલામાં ખૂબ જ પારંગત થયેલા છે. આ કલા કરતાં તેઓ અત્યારે ખૂબ જ થાકેલા છે. પરંતુ હજી રાજા તરફથી તેમને પ્રશંસા મળી નથી. માટે પ્રશંસા મેળવવા માટે આ છેલ્લો તબક્કો ગોઠવાયો છે. રાજા આમ તો તેની કલાથી પ્રભાવિત થયેલા છે. પણ રાજા તે જ નટડી પર મોહિત થઈ ગયા છે. અને તેમને ખ્યાલ પણ આવી જાય છે કે આ બન્ને પરસ્પર અનુરાગવાળા છે. એટલે જો આ નટ પડીને મરી જાય તો જ આ નટડી મને મળે. માટે તેની પ્રશંસા કરતા નથી.

અત્યારે ઇલાચીકુમાર ખુબ જ થાકેલા છે. તેમને થાય છે કે હું એક નટડી ખાતર મોહમાં કેટલો ખુવાર થાઉં છું. હવે તે જ વખતે સામે આંગણામાં એક શણગાર સજેલી રૂપાળી, સુંદર સ્ત્રી ઝુકી ઝુકીને સાધુમહાત્માને વહોરવા આગ્રહ કરી રહ્યા છે. પરંતુ મહાત્મા તો વહોરતા નથી. અને પોતાની મર્યાદામાં જ છે. ઊંચી આંખ કરી તેના દેહ, રૂપને જોતાં નથી. મહાત્મા પણ ભર યુવાનીમાં છે. સામે ભક્તિ, આદર બધુ હોવા છતાં જોતાં નથી.

ત્યારે તેમને થાય છે કે તે પણ યુવાન છે, હું પણ યુવાન છું. પણ હું કેટલો મોહમાં ફસાયો છું. ત્યારે મહાત્મા કેવા નિર્વિકારી છે. બસ આ નિમિત્ત મળતાં, તેમને ચિંતન ચાલુ થયું. આમ અંદર તો બધુ ભરેલુ છે. તેઓ ૭૨ કલાને ભણેલા છે. ૭૨ કલામાં ષડ્દર્શન પણ આવી જાય. માટે અંદરમાં ઘણુ જ છે. તેથી ચિંતનમાં ચઢતાં આગળ નિકળી ગયા. પછી તો નવો નવો બોધ થતાં તેના સ્વાદમાં તન્મયતા થઈ જાય તો જીવ આગળ નીકળી જાય. બસ સ્વાદ આવે એટલી વાર છે. ઇલાચીકુમારને મીનીટોમાં કેવળજ્ઞાન થયું છે. વગર ઉપયોગે તે કેટલુ નાચી શકે ? માટે અલ્પ સમયમાં ધ્યાનની ધારામાં આગળ નીકળી ગયા. હા, તમે આમ રાહ જોઈને બેસી રહેતા નહીં. આ બધાને પૂર્વભૂમિકા હતી.

હવે આપણે આગળ વિચારીએ.

સમતાના તત્વને પામે તે સર્વશાસ્ત્ર પાર પામે છે. શાસ્ત્ર દ્વારા તે જીવને કોઇ પામવાનું બાકી રહેતું નથી. અહિંયાથી વિનિયોગ ભાવધર્મ ચાલુ થાય છે. એના પહેલાંનો દ્રવ્ય વિનિયોગ કહેવાય. અમારે પણ દ્રવ્ય વિનિયોગ કહેવાય અને તમારો પણ દ્રવ્ય વિનિયોગ કહેવાય.

આ પાંચ પ્રકારના ભાવધર્મમાં સાંગોપાંગ મોક્ષમાર્ગનું વર્ણન છે. આ પાંચે પ્રકારના ભાવધર્મથી કરાયેલો અનુભવ મોક્ષમાર્ગમાં આગળ ચઢાવે છે. હવે આ ગાથાનો ગ્રંથકાર ઉપસંહાર કરતા કહે છે કે

શરીરમાં હૃદયનું સ્થાન કેટલું મહત્વનું છે ? તેમ આ ભાવધર્મમાં તત્વ શું તે હું જણાવું છું. આ સમજવા જેવું છે. જેને આની ચાવી મળી જાય તેનો બેડો પાર

થઈ જાય.

હવે ધર્મ કોને કહેવાય ? તો ધર્મના બે પ્રકાર પાડ્યા છે.

(૧) સાનુબંધ (૨) નિરનુબંધ. હવે તે કોને કહેવાય? તેના ફળ શું ? તેમાં સમજાવતા કહે છે

આ દુનિયામાં ધર્મ કોને કહેવાય ?

આ દુનિયામાં ધર્મ ઘણા છે, ધર્મ શાસ્ત્ર પણ ઘણા છે. ઉપદેશકો પણ ઘણા છે કોઈ કહે પાણીને અડો તો પાપ. જ્યારે કોઈ કહે પાણીને ન અડો તો ધર્મ નથી. માટે અનુષ્ઠાનમાં ઘણો જ તફાવત આવશે. માટે આમા તો બુધ્ધિશાળી પણ ગુંચવાઈ જાય. માટે આવી પરિસ્થિતિમાં સર્વવ્યાપી અને સાંગોપાંગ વિશ્વ વ્યાપી ધર્મની વ્યાખ્યા બનાવતા કહે છે કે જે અનુષ્ઠાનથી

<u>આત્મામાં રાગાદિ મલનો નાશ થાય અને તેના નિરાકરણ દ્વારા મનમાં પેદા થતી શુધ્ધિ તેનું નામ ધર્મ.</u>

વાસના વિકારો ઘટવાથી મનમાં પેદા થતી પવિત્રતા તે ધર્મ છે. તમે કેટલો ધર્મ પામ્યા તે જાણવું હોય તો આ રીતે મપાય. તમારા રાગાદિ દોષો - વાસનો ઓછા થાય તેનાથી તમને જે મનની શાંતિ મળે, પવિત્રતા મળે, તેટલો ધર્મ આરાધ્યો કહેવાય. બાકીનુ અનુષ્ઠાન કાયકલેશ ગણાય. જેનો કોઈ મતલબ નથી.

મનમાં શુભ ભાવ આવે તો પુણ્યબંધ થાય અને કર્મની નિર્જરા થાય. માટે ધર્મની આ વ્યાખ્યા છે. મુસલમાન પણ તેના શાસ્ત્ર પ્રમાણે તપ, ત્યાગ, અનુષ્ઠાન કરે તો તેનાથી રાગ, દ્વેષ, વિકારો શાંત થાય અને મનમાં નિર્મળતા આવે તો તેટલો ધર્મ થયો કહેવાય. પછી તે કોઈપણ ધર્મમાં હોય, ગમે તે ભૂમિકામાં હોય, ગમે તે સંપ્રદાયમાં ગમે તે ઉંમરમાં હોય.

આ વ્યાખ્યા જો બરાબર સમજશો તો આ બેરોમીટરથી કેટલા કષાયો, વિકારો શાંત થયા, દોષો ઘટ્યા? તેના પરથી તમે માપી શકશો. હવે હું તમને પુછુ છુ કે તમને ધર્મની આ વ્યાખ્યામાં કાંઈ ઉણપ લાગે છે ખરી ?

સભા :- ના.

તો હવે ગ્રંથકાર કહે છે કે આ પણ વ્યાખ્યા સાચા ધર્મની વ્યાખ્યા નથી. તમે જૈન ધર્મમાં જનમ્યા છો પણ સાચા ધર્મની વ્યાખ્યા સમજ્યા નથી. હજુ આગળ વધીને કહે છે કે આવો ધર્મ પણ અધર્મ છે. કેવો ધર્મ કે જેનાથી રાગાદિ ઓછા થાય છે, વિષય-કષાયો શાંત થાય છે. છતાંપણ તે ધર્મ અધર્મ છે.

રાગાદિ મલનું નિવારણ થાય, કષાયો શાંત થાય તેનાથી અનંતીવાર દયા, દાન, સહિષ્ણુતા, ઉદારતા, પરોપકાર આવા તો કેટલાય ગુણો પામ્યા છતાં પણ તેનાથી ઉદ્ધાર થયો નથી. માટે આ અધર્મ જ છે.

આ ગ્રંથ (યોગવિંશીકા) માં પહેલી ગાથામાં પ્રારંભરૂપે ધર્મની પ્રાપ્તિ રૂપે બધા ભાવધર્મોનું વર્ણન કર્યું છે. અને ઉપસંહારમાં સમજાવે છે કે સાચા ધર્મની વ્યાખ્યા નહી સમજનારા દુનિયામાં કેટલા નીકળે? છતા તો ધર્મના નામે મહાકાળીને પુજા આવે અને માને કે અમારે ધર્મ થઈ ગયો. ૯૦%-વર્ગ દુનિયામાં આવો છે.

આ દુનિયામાં, આ જીવનમાં સંકટ, આફત આવે તે વખતે આશ્વાસન માટે તકલીફમાંથી છુટવા, આધાર તરીકે ધર્મ જ જોઈએ છે. તેમને સમજ નથી કે આ થાંભલા કે ઝાડ કે ગાયને પગે લાગવાથી કોઈ ઉદ્ધાર થશે? બસ આ બધા ધર્મના નામથી રાગ, દ્વેષ, કષાયો, વિકારો પોષવાના છે. જેથી તે અધર્મ જ છે.

આ સુવર્ણમંદિરમાં જુઓ કેટલાય મિનિસ્ટરો માનતા કરવા આવે છે. તેમ તીરૂપતી પણ શાનું છે? લગભગ ધર્મમાં વેપારના જેવા સોદા થાય છે. બસ જ્યાંનો પ્રભાવ બતાડો ત્યાં લોકો દોડે. દુનિયામાં ૯૫%. આવો ધર્મ ચાલે છે. આને વાસના, વિકારો, ખરાબ લાગતા જ નથી. માટે રાગદ્વેષ પોષાય. પણ જ્યાં રાગ-દ્વેષાદિ શાંત થાય, નિર્મળતા મળે તેને ધર્મ કહે છે. પણ આગળ વધીને તો એમ કહે છે કે આ પણ ધર્મ નહિ પણ અધર્મ છે.

હવે આવા ધર્મની વ્યાખ્યા સુધી કોણ પહોંચી શકે? આપણો લોકોત્તર ધર્મ છે. જગત જેને ધર્મ કહે છે તેને આપણા તીર્થંકર ધર્મ કહેતા નથી. તીર્થંકર જેને ધર્મ કહે છે તેને ધર્મ માનવામાં જગતને મુશ્કેલ પડે છે. માટે જ

આપણો ધર્મ લોકોત્તર છે.

જગત જ્યાં પહોંચ્યુ નથી ત્યાં તીર્થંકરો પહોંચ્યા છે. જો જગતમાં જે ધર્મ મનાય છે તે જો પરિપૂર્ણ હોત તો તીર્થંકરને શાસન સ્થાપવાની જરૂર જ નહોતી. પરંતુ જાણે છે કે આનાથી જગતનું કલ્યાણ નથી. પરંતુ તેઓ જાણે છે કે જગતના જીવોનું કલ્યાણ શાનાથી છે. માટે જ તેમને શાસન સ્થાપ્યુ છે. હવે આવું શાસન તમને તો મફતમાં મળી ગયુ છે ને? માટે જ કિંમત લાગતી નથી ને? તમારી હાલત તો કેવી છે કે ઉંચા કાપડની દુકાને જઈને ચાદરપાટ લઈને આવો તો કેવું કહેવાય? આ શાસનમાં જન્મ્યા છો તે સફળ ક્યારે? તીર્થંકર કથીત લોકોત્તર ધર્મ એ કણીયા જેટલો પણ પામો એટલે આ ભવ સફળ થયો કહેવાય. કેમ બરાબરને?

તમે પ્રતિક્રમણમાં બોલો છો ને કે "નમોસ્તુ .... "

તમને મળેલું શાસન કેવું છે તે કહેતા કહે છે કે તીર્થંકર વીજા માટે પરોક્ષ છે. તીર્થંકરને કોણ ઓળખી શકે, સમજી શકે. તો બતાવે છે કે મિથ્યાદ્રષ્ટીની તાકાત નથી કે તીર્થંકરને ઓળખી શકે કે સમજી શકે.

જીનેશ્વર કે અરિહંતનો મિથ્યાદ્રષ્ટી દર્શન કરી શકે પણ પરોક્ષ રીતે. તો કઈરીતે કે તેમને કહેલો ધર્મ કે તેમની ઓળખ તે બરાબર સમજી શકે નહીં.

આ શાસનમાં જન્મેલો જો વિતરાગને ન ઓળખી શકે તો તે નળાવે જઈને તરસ્યો છે. તેના ભવની ફૂટી કોડીની કિંમત નથી.

હવે ઘણાની નજર ક્યાં હોય છે કે આપણે કેટલી આરાધના કરી, કેટલા તપ-ત્યાગ કર્યા, પણ અરિહંત તો સરવૈયુ ક્યાં માંડ્યું?

જ્યારે તેને પણ ધર્મની વ્યાખ્યામાં ભૂલવા માગતા નથી. માટે વિચારજો રહસ્ય કેવું હશે? ત્યારે ગ્રંથકારે લખ્યુ કે શાસ્ત્રના સાર તરીકે હું ધર્મની વ્યાખ્યા આપવા માંગુ છું. જો આ જેને સમજાઈ જશે તેને ચાર મહિનાનું સાંભળેલું વ્યાખ્યાન સફળ છે. બધાનું વિશ્લેષણ સમીકરણ રૂપે આવશે. તેની એવી વ્યાખ્યા છે કે ભલભલાને ચોંકાવી દે. હા, ટાઈમ થઈ ગયો છે, વિશેષ કાલે વિચારશું.

॥ પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૩૧-૧૦-૯૫
મંગળવાર
કાર્નેક રુટ આશ્રમ

॥ ઉપસંહાર ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આ જગતના જીવ માત્રને સમ્યગ્‌દર્શનનો પ્રબોધ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્દષ્ટીએ આ સંસારમાં ૮૪ લાખ જીવાયોનીમાં જીવને ભટકતા પ્રાયે કરીને સામે કરીને ધર્મનો યોગ થાય તેવા ભવ ઓછા મળ્યા છે. અમુક ભવમાં તો ધર્મનું નામ પણ સાંભળવા મળ્યુ નથી. ઘણા તો એવા ભવો છે કે જેમાં ધર્મનો પડછાયો પણ નથી. અલ્પ ભવોમાં જ ધર્મ પમાય છે. માનવ સૃષ્ટીની સાડા-પાંચ અબજની વસ્તી છે. એમાં ધર્મના સંપર્કમાં લોકોની મોનોપોલી કેટલી? અમુક લોકો પરંપરાથી ધર્મને સ્વીકારતા હોય, એની ઉપાસના કરતા હોય,

કોઈ ક્રિશ્ચાનીટીને સ્વીકારે, કોઈ ઈસ્લામને માને, કોઈપણ ધર્મમાં સ્થિર થયેલો વર્ગ ઓછો છે. એવા લોકો જે ધર્મને અનુસરે છે એ લોકો માટે

ધર્મની વ્યાખ્યા શું?

ધર્મનું સ્વરૂપ શું?

આને વૈદિક રીતે સમજનારા ઓછા હોય છે. હરિભદ્રસૂરિએ એવી વ્યાખ્યા કરી કે જેનાથી અંદર અંદર મતભેદ ના થાય. તેમને વ્યાખ્યા કરી કે

જેની અંદર વાસના કે વિકાર નાશ પામે. અને મનની નિર્મળતા આવે. રાગાદિ દોષો નબળા પડવાના કારણે મનમાં પુષ્ટી અને શુદ્ધિ પેદા થાય.

પુષ્ટી એટલે પુણ્યનો યોગ અને

શુદ્ધિ એટલે કર્મ નિર્જરા.

આપણા મનમાં શુભ ભાવ પેદા થાય છે તે પુણ્યનો ઉપચય કરે છે. દયા, મૈત્રી, કરુણા, પ્રમોદ ભાવો આ બધાને પુષ્ટી કહી શકાય છે. જેનાથી પુણ્યનો સંચય થાય તેવા પ્રકારના ભાવોને પુષ્ટી કહી શકાય. જેટલી માનસિક શુભ ભાવના જાગે તેટલી પુષ્ટી. અને કષાયો અને ઘાતીકર્મો તૂટવાના કારણે શુદ્ધિ થાય છે.

<u>દુનિયામાં</u> <u>કોઈપણ</u> <u>અનુષ્ઠાન</u> <u>કરનારમાં</u> <u>પુષ્ટી</u> <u>અને</u> <u>શુદ્ધિ</u> <u>થતી</u> <u>હોય</u> <u>તેને</u> <u>ધર્મ</u>

કહેવાય.

અમુક ધર્મવાળા કહે નમાજ પડો, કોઈ કહે પ્રાર્થના કરો તે ધર્મ, તેમ જુદા જુદા ધર્મમાં જુદી જુદી ઉપાસના બતાવી છે. હવે તેમાં ધર્મ છે તેનું ધોરણ શું?

જેમ તમે ખમાસમણુ આપો, અને કોઈ ઉઠવેસ કરે છે. તો ઉઠવેસને શું ધર્મ કહેવાય? જ્યારે ખમાસમણાને ધર્મ કહેવાય. તેની પાછળ કારણ શું? એક મંદિરમાં પ્રાર્થના કરે તેને આપણે ધર્મ કહીએ. અને એક નોકર શેઠને આજીજી કરે તેને ધર્મ કહેવાય? અમે ભિક્ષા લેવા જઈએ તેને ધર્મ કહેવાય. કોઈ ભિક્ષા લેવા જાય તેને ધર્મ કહેવાય?

ધર્મની વ્યાખ્યા બતાવતા કહ્યુ કે

જે પ્રવૃત્તિથી વિકાર-વાસના ઘટતા હોય, દોષો શાંત થતાં હોય, જેનાથી પુષ્ટી થતી હોય અને શુધ્ધિ થતી હોય તેને ધર્મ કહેવાય.

જેમ ઉપવાસ કરે છે તેને આપણે ધર્મ કહીએ. તેમ નેચરોપથીવાળા પણ ભુખ્યા રાખે છે તેને ધર્મ કહેતા નથી. મુસલમાન રોજામાં ૧૨ કલાકનો ઉપવાસ કરે છે તેને ધર્મ કહીએ છીએ. જ્યારે નેચરોપથીવાળા ૨૪ કલાક ભુખ્યા રાખે છે છતાં તેને ધર્મ કહેતાં નથી. કારણ શું? મુસ્લીમ ધર્મ કહે છે કે "અમારા કુરાનમાં કહ્યુ છે કે ખાવા-પીવાના ત્યાગ રૂપ, આસક્તિ છોડવા રુપ ત્યાગ છે. માટે આ રીતે કરે તો ધર્મ કહેવાય. જ્યારે નેચરોપથીવાળા દેહની મમતા પોષવા ભુખ્યા રહે છે. તેમાં રાગાદિનો નિગમ નથી પણ સંચય છે. જેમ તમે સવારે વોકીંગ કરવા જાઓ છો તેને ધર્મ ન કહેવાય. જ્યારે અમારા વિહારને ધર્મ કહેવાય. પ્રવૃત્તિ એટઅલ્સેન્સ સરખી છે. પણ ત્યાં વિકારો પોષવાની વાત છે. જ્યારે અહિંયા રાગાદિને શમાવા, શાંત કરવા માટે છે. બધા ધર્મનું મુલ્યાંકન આ રીતે કરવાનું છે.

કોઈપણ પ્રવૃત્તિથી રાગાદિનું નિગમ થતું હોય તો તે ધર્મ છે.

હવે કાંઈ બધી ક્રિયામાં જયણા, તત્વનું ઉંડાણ ન હોય. એમને ત્યાં પ્રાર્થનામાં ઉંડુ તત્વ ક્યાં છે? તેમાં તો માગણી આવે છે. આપણે ત્યાં પહેલાં ભક્તિ છે. પછી માગણી છે. જ્યારે એમને ત્યાં પહેલી પ્રાર્થના છે. તમે કર્યું શુ છે કે કાંઈ આપે.

માટે પ્રાર્થના એ મહાન ધર્મ નથી. જ્યારે આપણે ત્યાં પ્રાર્થના નિર્મય ભક્તિ કર્યા પછી આનુસંગીક અનુષ્ઠાન છે. અને તેમાં પણ પવિત્ર માંગણી હોય છે. બીજા ધર્મમાં આવો વિવેક નથી. પણ એટલો રાઇમ અર્થમાં પ્રાર્થના કરતી વખતે તેના વિષય- કષાયો શાંત થયા હોય તો ધર્મ છે. આપણે ત્યાં ધર્મની બ્રોડ લેવલ પર વાત કરી છે. બધા માટે કુદરતી એક જ મુઠી છે.

આપણે ત્યાં એવી જ ક્રિયા બતાવી છે. જેમ દેરાસર જતાં પહેલાં જ નિસિહિ મુકી. એટલે સંસારના રાગ-દ્વેષ, કષાયોને છોડીને દેરાસરમાં પ્રવેશ કરવાનો છે. જ્યારે ત્યાં તો સંસારના પાપો જ મંદિરમાં થાય છે. જેમ લગ્ન ચર્ચમાં જ કરવા તેવું વિધાન તેમના શાસ્ત્રમાં છે. અને પાદરીઓ જ આશીર્વાદ આપે. એમનાં ભગવાન સમક્ષ સંસારનુ મુખ કહેવાય તેવી ક્રિયા ત્યાં થાય છે. વેધિક દ્રષ્ટીએ કહેવાય શું? કે તેમને જ કરાવ્યુ.

પરંતુ અમે તો એમ કહીએ છીએ કે જેમાં રાગાદિ વિકારો શાંત થતાં હોય અને પુષ્ટી અને શુધ્ધિ આવતી હોય તેને ધર્મ કહેવા તૈયાર છીએ. પછી ભલે એ ગમે તે ફોમમાં હોય. રોજા પણ સમર્પણ પૂર્વક, શ્રધ્ધા પૂર્વક કરતાં હોય, તેમા ૧૨ કલાક આવેગોને શાંત કરતા હોય તો તે ધર્મ છે.

જૈન ધર્મ પ્રેજ્યુડાઇસથી વાતો કરતો જ નથી.

કોઇપણ ધર્મમાં રહેલો આત્મા વિકારો શાંત કરતો હોય, શુભ ભાવ કરતો હોય તો તે ધર્મ છે. તેમને ત્યાં પ્રમાણિકતા માટે કેટલી આસક્તિ છોડવી પડે. માટે એટલા પ્રમાણમાં ધર્મ આવ્યો કહેવાય. માટે જેટલા સદ્ગુણ-સદાચાર છે તે બધાને ધર્મમાં ખપાવ્યા છે.

સાથે ખાસ ધ્યાનમાં રાખવાની વાત છે કે

તમે દાનની પ્રવૃત્તિ કરી તેમાં જો શુભ ભાવ ન હોય તો તે ધર્મની વ્યાખ્યામાંથી કેન્સલ થઇ જશે. સ્વાર્થથી ગમે તેટલો ત્યાગ કરો તેને અમે ધર્મની વ્યાખ્યામાં મુકતા નથી. માટે માન્તા માનવાવાળા બધા જ ધર્મમાંથી નીકળી ગયા છે.

જેમ નેચરોપથીવાળા ખાતા નથી, ઉકાળેલું પાની પીએ છીએ. તે બધા વિકારોને

વધારવા કરે છે. માટે ધર્મમાં ખપાવવામાં આવતો નહીં. જેમ તમે ધર્મ ભાવનાથી કાંઈ ત્યાગ કરો, અને જેમ તમને દિકરા પર રાગ છે, માટે તેના માટે કાંઇ ત્યાગ કરો તો તે ધર્મ કહેવાશે નહીં. તેમ કમાવા માટે તમે એક ટાઇમ ખાવાનું છોડી દો તો ધર્મ નથી. પણ એકાસણું કરો તો તે ધર્મ છે. કારણ ત્યાં વિકારોને ઘટાડવા માટે છે. જેમાં આત્મા, મનની નિર્મળતા, પવિત્રતા સર્જન થતી નથી તેને ધર્મ કહેવાય નહિ.

જેમ માતાઓ દિકરા માટે કેટલો ભોગ આપે છે. દિવસ-રાત, ઠંડી-ગરમી, ઉજાગરા, ભૂખ, તરસ, માન, અપમાનની પરવા કરતી નથી. આના માટે કેટલી ક્ષમા, સહિષ્ણુતા કેળવી હશે. પણ તેને કાંઇ ધર્મ ન કહેવાય.

સભા:- માંદુ પડે ત્યારે શું ?

સાહેબજી:- ત્યારે પણ ભાવના શું ? સાજો થાય. અને સાજો થઇને કરે શું ? આપણે કોઇનું દુઃખ ઇચ્છતા નથી. પણ તે સાજો થઇને સ્વ અને પરનું હિત કરે તેવી ભાવનાથી સેવા કરે તો વાંધો નથી. પણ દિકરો સાજો થઇ હટ્ટોકટ્ટો થઇને હરે ફરે. માટે ત્યાં વિકાર વાસના પોષવાની વાત આવી ગઇ. સંસાર પોષક ક્રિયા અધર્મ છે.

સભા:- કુટુંબ પ્રત્યે ફરજ બજાવવામાં પાપ છે?

સાહેબજી:- કુટુંબ પ્રત્યે ફરજ બજાવો તો તમે તમારા કર્તવ્યમાં રહ્યા, પણ ફરજ ન બજાવો તો તે પાપ છે. પણ ફરજ બજાવો એટલે એમ ન કહીએ કે તમે ધર્મ કર્યો. ફરજ પણ સ્વાર્થના કારણે કરતાં હોવ તો પાપ જ બાંધો છો. પણ ફરજ ન બજાવો તો પણ પાપ બાંધો છો.

જેવી ભાવની ડીગ્રી હરે તેવું પાપ બંધાય. ભાવ સાથે કાંટો ઉંચો, નીચો થવાનો છે. <u>તામસી</u> <u>મનોવૃત્તિવાળા</u> <u>જીવો</u> <u>સ્વાર્થથી</u> <u>કર્તવ્ય</u> <u>અદા</u> <u>કરે</u> <u>છે</u>.

<u>રાજસી</u> <u>મનોવૃત્તિવાળા</u> <u>જીવો</u> <u>મોહથી</u> <u>અદા</u> <u>કરે</u> <u>છે</u>.

તેને પણ પાપ તો લાગે છે. સ્વાર્થથી અદા કરનારને વધારે પાપ લાગે છે. મોહથી અદા કરે છે તેને ઓછુ પાપ લાગે છે.

જેમ સંતાન જન્મે અને તમે રખડતો મૂકી દો, તો તેનું જીવન જેટલું બરબાદ થાય તેટલું તમને પાપ લાગે. પણ સંસારમાં તેવું રડા સ્વાર્થથી કર્તવ્ય અદા કરતા હોય છે. પત્નિ પુત્ર જ્યાં સુધી ઉપયોગી થાય ત્યાં સુધી જ ફરજ અદા કરવી ગમે છે. પછી તેનું કરવાનું આવે તો બોજો લાગે ને? સગો ભાઈ પણ નિર ઉપયોગી થાય તો માથે પડેલો લાગે ને? કર્તવ્ય અદા કરવા માટે પણ કેવું હૃદય જોઈએ. આ ભવમાં ભૌતિક દ્રષ્ટીએ તેની પાસેથી કશું પામવાનું નથી. છતાં ફરજ અદા કરવાની છે, આ કાંઈ સહેલી વાત નથી. એકલી કર્તવ્યની ભાવનાથી કર્તવ્ય અદા કરનારા ઓછા હોય છે.

હવે શુભ ભાવના કારણે પુણ્ય બંધાય છે. અને કષાય જેટલા પાતળા પડે તેટલી અકામનિર્જરા થાય છે.

કષાયના ક્ષયથી નિર્જરા થાય છે.

આનું જ નામ પુષ્ટી અને શુધ્ધિ છે.

મોટેભાગે સંસારની પ્રવૃત્તિ પાપની જ છે. કારણકે તે વિકાર પોષક છે, જ્યારે ધર્મની કોઈપણ ક્રિયામાં વિકાર શમાવાની વાત આવે છે.

જેમ બકરી ઈદમાં હિંસા છે. તેને શું ભાવના કરવાની છે. ક્રુરતા હિંસાનો ભાવ છે. તેનું પાપ બંધાય છે. અને સમર્પણ ને ભક્તિ છે તેટલા પ્રમાણનું પુણ્ય બંધાય છે. તેમાં ત્યાગ, ભક્તિ છે. તેટલા પ્રમાણેનું પુણ્ય બંધાય છે. સાથે જેટલો અવિવેક - ઘેલછા છે, ક્રુરતા છે તેટલું પાપ છે.

સભા:- એટલે વધારે બકરી ચઢાવે

સાહેબજી:- વધારે બકરી લેવા કેટલા પૈસા લાગશે? એક જ ત્રાજવું નથી. તેઓની મોટા ભાગની પ્રવૃત્તિથી પુણ્યબંધ ઓછો અને પાપબંધ વધારે છે. પણ જેટલો શુભ ભાવ છે તેટલુ પુણ્ય બંધાય છે. અને તેટલી તેને અકામ નિર્જરા થશે. કોઈ પણ વ્યક્તિ ધર્મ કરવા જાય ત્યારે કોઈપણ અંગત રીતે બલિદાન, ત્યાગ આવશે જ.

હવે કોઈપણ માણસ દેરાસર આવે ત્યારે સંસારના ભાવો મૂકી દેરાસરમાં

ભક્તિ કરે તો તેટલો ટાઇમ આવેગો, વિકારો શાંત થાય.

સભા:- એટલે આશાતના હોય તો ચાલે?

સાહેબજી:- વક્ર અવળચંડો હોય તો જ મોટી આશાતના કરે. તો તે ન જ ચાલે. જે ન જાણતો હોય તે મોટી આશાતના કરે. પણ વક્ર જ વધારે આશાતના કરે. અને આવા તો ધર્મ ન કરે તો સારુ. આ બધુ આગળ આવશે. મહા અવિધિથી ધર્મ કરે તે ન ચાલે.

સભા:- શ્રધ્ધા એ ધર્મ નહિ?

સાહેબજી:- સાચી શ્રધ્ધા, સાચી સમજણ એ ધર્મની વ્યાખ્યા નથી. દુનિયામાં ઘણા માણસ છે. પથરા પર શ્રધ્ધા કરે તેમ છે. ઘણાને ડોકટર પર એવી શ્રધ્ધા છે કે ડોકટરને પગે લાગતાં હોય છે. માટે શું એ ધર્મ કહેવાય?

સભા: કૃતજ્ઞતા એ ધર્મ નહી?

સાહેબજી:- કૃતજ્ઞ ભાવે, ઉપકારી ભાવે, આદર સત્કાર કરે. તેમાં પૂજ્ય બુધ્ધિ હોય? પૂજ્ય બુધ્ધિથી પગે લાગે તો મિથ્યાત્વ કહેવાય. મા-બાપને ઉપકારી બુધ્ધિથી પગે લાગવાનું છે. ઘણી વખત દીકરો વધારે ધર્મ કરે કે ગુણીયલ હોય ત્યાં મા-બાપ ક્યાંથી પૂજ્ય થાય? તેઓ તો ઉપકારી છે. સંસારમાં કોઈ વડીલ મળે તો હાથ જોડવાના છે. પણ ત્યાં કાંઇ ધર્મ બુધ્ધિથી હાથ જોડવાના નથી. જેમ રાજા પાસે જતાં ત્યારે પણ હાથ જોડીને ઉભા રહેતા. પ્રજા પર રાજાનો ઉપકાર છે. તમે નિશ્ચય નય ભણ્યા નથી. સમ્યગ્ દ્રષ્ટી આત્માને નિશ્ચય નય ધર્મ નથી માનતો. અધુરા ભણેલા જ આવુ બાફ્યા કરે છે. ઉપાધ્યાયસૂરિએ લખ્યુ કે સમ્યગ દ્રષ્ટીને નિશ્ચય નય ધર્મ માનતોનથી. વ્યવહાર નય ધર્મ માને છે. તેની પાસે ધર્મની શ્રધ્ધા, સમજણ છે. તે તો શ્રાવકપણામાં પણ ધર્મ માને છે.

નિશ્ચય નયને પૂછીએ તો તે તો સમ્યગદ્રષ્ટીને કહે કે આ અધર્મ છે. પાંચમાં ગુણસ્થાનક પહેલાં નિશ્ચય નય ધર્મ માનતો નથી. ભગવાને ચતુર્વિધ સંઘ સ્થાપ્યો તેમાં ક્યાંય સમકીતીનો નંબર નથી. માટે સમકીતીને શાસનનું સભ્યપદ મળતું નથી. લોકલી શાસનનું સભ્યપદ કોને મળે? આ કાંઇ મામુલી સભ્યપદ છે? બધા

હાલતાં, ચાલતાં ને મળે? સમકીત પહેલાં ધર્મ ન હોય. માટે તેની પહેલાંની તો બધી ભૂમિકા કચરા ટોપલીમાં નિશ્ચયનય નાંખશે તો શું સમકીતને પડલું મૂકશો?

પરંતુ અહિંયા જનરલ વાત કરી કે જેનાથી રાગ-દ્વેષ-કષાયો આવેગો શાંત થાય, પુષ્ટી થાય અને શુધ્ધિ થાય તેને અમે ધર્મ કહેવા તૈયાર છીએ. આપણું પ્રતિક્રમણ તે પાપ શુધ્ધિની ક્રિયા છે. એટલા સમય પુરતો રાગ-દ્વેષ શાંત થાય અને પુષ્ટી, શુધ્ધિ થાય તો તેટલો ધર્મ આવ્યો કહેવાય. આપણે ત્યાં તેમ અન્ય ધર્મ માટે પણ કહે છે. તટસ્થ મુલ્યાંકન છે. ઉદારતા પુર્વકનો આપણો અભિપ્રાય છે.

હવે આગળ કહે છે કે જેમ દયા, પરોપકાર કરો, ઉપવાસ કરો ત્યારે કષાયો પ્રશસ્ત થાય, કષાયો પાતળા થાય. કારણ ઉપવાસમાં કાંઈ લાડવા ખાવાના છે? ખાવા, પીવાની ગમે તેટલી સામગ્રી આવે છતાં એક કણીયો પણ મોંમાં નહી મૂકવાનો. તેના માટે એટલી આશક્તિને છોડવી પડે. એટલે કષાયો પાતળા પડ્યા ને? જેમ આયંબીલમાં ધર્મ બુધ્ધિથી બાફેલુ ખાય છે. જ્યારે ઘણા ડાયેટીંગમાં બાફેલુ ખાવાવાળા છે. તે શું કામ ~~ખાય~~ ખાય છે? શરીરને નિરોગી કરી આશક્તિઓ પોષવા કરે છે.

સભા:- ઘણાને આયંબીલનું ભાવતુ નથી માટે ઉપવાસ કરે છે.

સાહેબજી:- ભલે આયંબીલનું નથી ભાવતું પણ લાડવા તો ભાવે છે ને? અને ઉપવાસમાં છોડે છે ને? માટે શુભ ભાવ પ્રશસ્ત ભાવ છે.

હવે આ ધર્મનું ફળ શું? ઉપવાસમાં ૨૪ કલાક ખાવાની આશક્તિ છોડી, કષાયો શુભ કર્યા. જેનાથી સદ્ગુણ, સદાચાર આવ્યા, રાગાદિ મલનો નિગમ થયો, વિકારો શાંત થયા. પછી ભલે તપ રૂપે, ત્યાગ રૂપે કે અહિંસા રૂપે હોય. હવે આપણા બધાનું માનસ શું છે કે આવું બધુ આપણે જોઈએ ત્યારે એ ધર્મની પ્રશંસા કરવાનું મન થાય.

પરંતુ ગ્રંથકાર કહે છે કે <u>આ ધર્મ નથી</u>. <u>આનાથી ફક્ત કોક પુણ્ય બંધાય</u>. અને સકામ નિર્જરા થાય. તેનાથી સદ્ગતિ, ભૌતિક સામગ્રી મળે. હા, પુણ્યના કારણે સુખ-સગવડતા મળે. દુઃખમાં સબડવાનું એટલા ટાઈમ પૂરતુ

અટકી જાય. માટે તત્કાળ તેને સારુ ફળ મળ્યું.

સભા:- શુભ ભાવ ધર્મ સામગ્રી અપાવે ?

સાહેબજી:- શુભ ભાવ ધર્મ સામગ્રી અપાવે તેવો હોય તો મળે. ભૌતિક સામગ્રી પણ મળે, અને ધર્મ સામગ્રી પણ મળે. બન્ને સામગ્રી તો પુણ્યથી જ મળે છે.

સભા:- ધર્મ સામગ્રી જોઇએ તો કેવો ભાવ કરવાનો

સાહેબજી:- ભગવાનની ભક્તિ કરતાં શુભભાવ એવો જોઇએ કે તારુ શરણુ મળજો, શાસન મળજો, તારી ભક્તિ, ઉપાસના મળજો, શક્તિ મળજો જેથી સત્કાર્યો કરી શકું. જો તે વખતે આવી ભાવના હોય તો તે ભવાંતરમાં મળે તેવું પુણ્ય બંધાય.

સભા:- ભગવાન પાસે બધી માંગણી કરી શકાય.

સાહેબજી:- સારી માંગણી કરી શકાય. "જય વિયરાય"માં શું બોલો છો ? મહાપુરુષો આવા સૂત્રની રચના દ્વારા તમારી પાસે મંગાવે છે. તેમાં દેવ-ગુરુ પાસે માંગવા લાયક બધી જ વસ્તુ તેમાં છે. ન માંગવા લાયક તેમાં એક પણ વસ્તુ નથી. જેમ દિકરો મા-બાપ પાસે બધુ માંગી શકે. નાનો હોય ત્યારે રમકડાં માંગે. જરા મોટો થાય તો તેને જોઇતી અનુકુળતા, કપડાં માંગે. પણ તેના બદલે તમાકુ બીડી-દારુ માંગે તો શું તે વ્યાજબી માંગણી છે? તે વખતે તો તેવા દિકરાને ધોળ મારીને જ બેસાડી દેવો પડે.

તમે ભગવાન પાસે કહો કે મારે ચોરી કરવી છે તો તેમાં સફળતા કરી આપજો. આવી માંગણી થાય? તમે હરામખોરી કરી હોય અને કહો કે મારી હરામખોરીને પંપાળજો તો ચાલે ? અને ખાલી માંગવાથી મળશે કે ભક્તિના પ્રભાવથી મળશે? માટે આપણા શાસનમાં પહેલાં ભક્તિ છે, પછી પ્રાર્થના છે.

અત્યારે આપણા ઘણા જૈનો કહે છે કે આપણે ત્યાં ભગવાનને પ્રાર્થના કરવા માટે કોઇ શાંત વાતાવરણ નથી. માટે અમે ઘરે બેસીને જ પ્રાર્થના કરીએ છીએ. પરંતુ પ્રાર્થના પહેલી કે ભક્તિ પહેલી ? અને પછીથી પ્રાર્થના પણ સાચી અને સારી જોઇએ. માટે ભક્તિ કર્યા પછી જ જયવિયરાયમાં બધી માંગણી છે. તેથી ભક્તિ કર્યા પછી માંગવા લાયક છે તે દરરોજ માંગજો.

હવે સાચી ભક્તિ પણ તેનું નામ કે જેની પાસે સાચી માંગણીની અપેક્ષા હોય. આ ૧૪ પુર્વધરોએ માંગણી કરી છે. " આરુગ્ગ બોહિલાભં .... શું આવી માંગણી કરનારા સાચા ભક્તો નહોતા? અત્યારે ઘણા કહે છે કે માંગે એ ખરો ભક્ત નહિ. પરંતુ સાચી માંગણી કરો તે તો તમારા સંકલ્પ બળને પુષ્ટ કરનાર છે. પચ્ચખાણ લેવાથી પ્રતિજ્ઞામાં મજબુતાઇ આવે છે. તેમ શારીરિક માંગણીઓ કરવાથી તેની તમન્ના, તાલાવેલી તીવ્ર થાય જેથી તેના અંતરાય બળ તુટે. માટે પ્રાર્થના એ તો કર્મને તોડવાની શક્તિ છે. માટે સાચી માંગણી તો કરવાનું કહ્યુ છે.

સમતામાં ગયેલાને માંગણી નથી. આપણે તો શુભ કામનાથી ધર્મ કરવાનો કહ્યો છે. જ્યારે ગીતામાં નિષ્કામ કર્મ યોગ કહ્યો છે. સત્કાર્ય કરી તે પ્રભુ ચરણે સમર્પીત કરવાનું છે. ફળની ઇચ્છા નહી રાખવાની આવુ તેઓ કહે છે.

જ્યારે આપણે તો ફળની ઇચ્છા રાખવાની છે. અમારે પણ ઇચ્છા રાખવાની છે. આ અમારુ અભ્યાસ ચારિત્ર છે જેનાથી અમને ભાવ ચારિત્ર મળે. તેવી અમારી અપેક્ષા હોય છે. અમારુ ચારિત્ર શુભ કામનાથી છે. અમે દહેરાસર જઇએ ત્યારે પણ " અમારા મનોરથ સિધ્ધ થાય, અમારા મનોરથો પુરા કરજો, પૂરા કરવા જ તમારી પાસે આવું છુ, હુ ભક્તિ છોડવાનો નથી." તે કામના સાથે જ જઇએ છીએ.

ઉપાધ્યાયસૂરિએ તો આગળ વધીને ઘણી ક્રમસર વાતો કરી છે. આ માંગુ.... આ .... માંગુ ... છેલ્લે તો એમ કહ્યુ કે તમારામાં અમારો મોક્ષ - ઉધ્ધાર કરવાની શક્તિ છે. બધા તમારા દાસ છે. તમારા થકી જ હું તરવાનો છે. અને તમે જ મને તારવાના છો.! આવું વાંચતા થાય કે શું ઉપાધ્યાય સૂરિને ભક્તિનું ફળ નહી મળ્યુ? પણ તેઓ કહે છે મને તો સાચી ભક્તિનું ફળ આ ભવમાં જ મળ્યુ છે અને તે અમે અનુભવીને બેઠા છીએ. અમારી તો દીનતા મરી ગઇ છે. પણ હુ આનાથી લોકોને સમજાવવા માંગું છું કે તમે આ રીતે માંગણી કરજો.

આગળ કહે છે કે.

અધ્યાત્મના માર્ગમાં જે પામ્યા છે તેને તો છુપાવ્યુ છે. કારણ પોતાનો અનુભવ બીજાને બતાવી શકાતો નથી. જે નથી પામ્યા તે તો ફલામાં

'ફરે છે. અનુભવની વાતો કરવાથી કાંઇ થતું નથી. તો પછી કહે છે કે મળે કઇ રીતે' તો જવાબ આપ્યો કે જેને અધ્યાત્મ પામવાની તાલાવેલી લાગશે તેને તેનો ચોક્કસ અનુભવ થશે. અને તે અનુભવ જેને થશે તે જ દુનિયાનો રાજા છે.

ભગવાનને ભજો અને માંગો. અને તેમને આપવું પડે તે તો તેમની અધુરાશ સૂચવે છે. પરંતુ તેમના અચિન્ત્ય પ્રભાવથી જ તમારી ભક્તિનું ફળ મળે. તે જ ખરા ભગવાન છે. પ્રભુ કેવા છે કે તેઓ તો કાંઇ લેવડદેવડ કરતાં નથી. તેમને જે મેળવ્યું છે તે આપે તો પણ કદી ખૂટવાનું નથી. અને તેવા ખજાનાના સ્વામિ બનીને તેઓ બેઠા છે. પ્રભુ તો અકર્તા છે. પણ તેમની સેવાથી જ આપણા મનોરથ સિધ્ધ થાય.

પ્રભુભક્તિમાં જ આ તાકાત છે. અને તે જ ખરી પ્રભુસેવા છે. તીર્થંકરના આલંબનમાં તો, તે જ ભવમાં તમને તીર્થંકર પદ પમાડવા સુધીની તાકાત પડી છે.

ગ્રંથકારે શુધ્ધ ધર્મની વ્યાખ્યા કરતાં પહેલાં અશુધ્ધ ધર્મ બતાવ્યો.

અશુધ્ધ ધર્મ પણ ફળ તો આપે જ, કારણ ધર્મ કોઇ દિવસ નિષ્ફળ જતો નથી. હા, પછી ધર્મના નામથી જો ખાલી ધતિંગ જ હોય તો કશું ફળ ન મળે.

અશુધ્ધ ધર્મ કોરુ પુણ્ય અને અકામ નિર્જરા કરાવે. આ લોકમાં, સંસારમાં કે ધર્મના ક્ષેત્રમાં અનુકુળતા મળે છે તેમાં પ્રભાવ ધર્મનો જ છે.

દુનિયામાં સારુ દેખાય છે. તે ધર્મનું ફળ છે.

અને ખરાબ દેખાય છે તે અધર્મનું ફળ છે.

માટે દુનિયામાંથી જો ધર્મને રસાતલ કરીએ તો કલ્પના કરી શકશો કે દુનિયા કેવી હોય?

।। પ.પૂ. શ્રી યુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ।।

૧-૧૧-૯૫ બુધવાર ।। ઉપસંહાર ।। ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવ માત્રને સફળ અનુષ્ઠાનની પ્રાપ્તિ માટે આ ધર્મ તીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આપણે ધર્મના ક્ષેત્રમાં જે કઇ પણ પુરુષાર્થ કરીએ છીએ એ અનુષ્ઠાન સફળ ક્યારે બને? જ્યારે પરમપદ પામીયે ત્યારે બને. જે ધર્મ મોક્ષનું સાધન બને અને અંતે પરમ પદ પમાડે એ વાસ્તવમાં ધર્મ છે.

વ્યવહારમાં એક કહેવત છે જેનો અંત સારો એનું બધુ સારુ. એજ રીતે એક અંતિમ પરિણામ સુધી જેની દ્રષ્ટી હોય તે જ દીર્ઘ દ્રષ્ટીવાળો છે. તમે જે ધર્મ કરો છો એનું અંતિમ પરિણામ શું - એ રીતે ધર્મનુ evaluation કરવાનું છે.

જેમ વ્યવહારમાં ધંધાની અંદર કોઇ માણસ નફો કરતો હોય પણ ભવિષ્યમાં બરબાદ થાય એવા પગલા જો તે લઇ રહ્યો હોય તો તેને નુકશાન થાય કે લાભ? અત્યારે કામચલાઉ લાભથી અંતે નુકશાન થવાનું છે.

બીજુ બાજુ કોઇ નુકશાન કરીને માલ અત્યારે ખરીદે પણ ગણિત સાચ્ચા હોવાને કારણે ભવિષ્યમાં લાભ થાય. તો અંતે તો લાભ જ થયો કહેવાયને?

જેમ અત્યારે તમે છોકરાઓને ચિડાઇને compulsion કરીને ભણાવો છો ને? મા-બાપ શું જુએ છે કે ભણીગણીને તૈયાર થાય તો અંતે લાભ છે. જેમ વ્યવહારમાં લાભનો વિચાર કરો છો એ જ રીતે જૈન ધર્મ અંતિમ પરિણામનો વિચાર કરે છે.

અશુધ્ધ ધર્મની વ્યાખ્યા શું કરી? આખી દુનિયાને રંજાડનાર વિકારોને દોષો છે. મનની નિર્મળતાથી ભક્તિ થાય એ ધર્મ અનુષ્ઠાન કહેવાય. છતાં લખ્યુ કે આને અમે અશુધ્ધ ધર્મ કહીએ છીએ. કારણ શુ? આ જે પ્રવૃત્તિ કરે છે એનું અંતિમ પરિણામ અધર્મ છે. જે પ્રવૃત્તિનુ ઉંચામાં ઉંચુ પરિણામ (ફળ) ધર્મ છે એ જ સાચા ધર્મની વ્યાખ્યા છે.

શુધ્ધ ધર્મ એટલે અંતિમ દ્રષ્ટીએ પણ ધર્મ હોય. જો નફો નુકશાનીમાં થવાનો હોય તો એ ખરેખર નફો છે કે પછી નુકશાનીનું સાધન છે? જો નફો ભવિષ્યમાં પણ નફો તરીકે રૂપાંતર થવાનો છે એ જ સાચો નફો છે. પેઢીમાં જો ખર્ચો

હોય એ કમાણીનું સાધન છે. પણ જો કમાણી ના થાય તો માથે પડેલો લાગે. જે ધર્મ ભવિષ્યમાં ધર્મ રૂપે રૂપાંતરિત થશે એ જ સાચો ધર્મ. જે પૈસા નવા પૈસા લાવે એ સંપત્તિ ગણાય પણ જે પૈસા બરબાદીનું સાધન બને એને સંપત્તિ ન ગણાય.

જેમ કોઈ મકાન માટે એવી વાત આવે કે ત્યાં કોઈ સુખી ને સજ્જન માણસ નથી રહેતા. તો એ મકાન સસ્તા ભાવમાં વેચાય. તો પણ એ કોઈ લેવા તૈયાર થાય નહિ. જેમ કોઈ જ્વેલરીનો ધંધો કરતુ હોય અને એમ થાય કે આ પં કરોડના હીરાથી બરબાદી આવશે. તો પછી એ એ પ કરોડના હીરા પ રૂપિયામાં વેચવા જાય તો પણ એ કોઈ લે નહીં. જે સંપત્તિ આબાદીનું સાધન બને એ જ સાચી સંપત્તિ કહેવાય. જે ધર્મ ઉંચામા ઉંચા પરાકાષ્ટાના ધર્મની પ્રાપ્તિ કરાવે એ જ સાચો ધર્મ છે.

રાગાદી મલના નિગમથી જો તમે ધર્મની દ્રષ્ટીએ ઉપવાસ કરો, તો તમારા અંતરમાં ૨૪ કલાક અમુક આશક્તિઓનો ત્યાગ આવે. પેટમાં ભુખ છે ખાવાની તાકાત પણ છે, પણ લાલસા પર કાબુ કર્યો હોવાથી બીજા ખાતા હોય તો પણ ટુકડો મોઢામાં ના મુકે. હવે જો ત્યાગના ભાવમાં અમુક પ્રકારની ખામી હોય ને એમ થાય કે આજે જ માલપાણી કર્યા ને હું રહી ગયો. છતાં એને અમુક પ્રકારનો ત્યાગનો ભાવ છે. જો કે સંપૂર્ણ વિધિપૂર્વક ઉપવાસ કરનારા ઓછા હોય છે.

ધર્મ બુધ્ધિએ જે તપ, ત્યાગ, સંયમ કરે છે એનામાં રાગાદી મલનો નિગમ થાય છે. બધા ધર્મના અનુષ્ઠાનમાં ત્યાગ આવે છે. પૈસા કમાવા મુશ્કેલ છે. સ્વાર્થથી છોડો તો સોદો કહેવાય પણ ધર્મબુધ્ધિએ ત્યાગ કરો તો ધર્મ કહેવાય.

દુનિયામાં કોઈ પણ ધર્મની વ્યક્તિ તેના ધર્મની પ્રવૃત્તિ કરે અને જો તેમાં ધર્મ બુધ્ધિ હોય તો અમુક પ્રકારનો રાગાદિ મલનો નિગમ થાય છે. એટલે કે ધર્મ કરવા તૈયાર છે. જો કે સર્વ ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ જૈન શાસન છે પણ બીજા ધર્મને પણ ધર્મ કહેવાય.

ઉપાધ્યાયજીએ કહ્યુ છે કે મરીચીનું આ વાક્ય " ત્યાં પણ ધર્મ છે, અહિંયા પણ ધર્મ છે " એ સાચુ છે. મરીચી બાર વ્રતધારી ઉંચા ધર્માત્મા શ્રાવક છે. બધા સંસારના ધંધાધાપા નથી કરતા, ભાવશ્રાવક છે. એમની પાસે શુધ્ધ ધર્મ છે. ભગવાન પાસે ધર્મ છે અને એમની પાસે શ્રાવકધર્મ છે એટલે એ કહે છે ત્યાં પણ ધર્મ છે અહિંયા પણ ધર્મ છે. તેનો વાંધો નહીં પરંતું કપીલના પૂછવાનું તાત્પર્ય એમ છે કે ભગવાનના સાધુમાં પણ ધર્મ છે ? તમારા (મરીચીાંના ભગવા કપડામાં પણ ધર્મ છે ? મરીચીના ભગવા કપડામાં મુનીના આચારથી જુદો ધર્મ છે. કપીલ જે સંદર્ભમાં પુછે છે તે સંદર્ભમાં મરીચીએ કહેવું જોઇએ કે મારી પાસે ભગવા. કપડામાં ધર્મ નથી પણ માર્ગાનુસારી બારવ્રત પાલનમાં ધર્મ છે. પણ એમને આવું ન કહ્યુ એટલે એ અસત્ય ગણાય.

હંમેશા સામેવાલા જે અર્થમાં પૂછે તે અર્થમાં જ જવાબ આપવાનો હોય. એટલે સત્યના બદલે અસત્યન ના થઇ જાવ.

દુનિયાના બધા ધર્મોને એકાંતે અધર્મ ન કહેવાય. જો એવું કહીએ તો પછી આપણે પ્રધાનં સર્વ ધર્માનામ્ કહીયે છીએ એના બદલે એમ કહેવું પડે કે પ્રધાનં સર્વ અધર્માનામ્. તો તો નવુ સૂત્ર થઇ જશે. બધા ધર્મમાં સૌથી પહેલો જૈન ધર્મ છે.

સામાન્ય રીતે બધા જ ધર્મ કહે છે કે જુઠુ નહી બોલવાનુ, ચોરી કરે તો પાપ લાગે. મહાપુરુષો કહે છે કે સત્યવાદી ક્યારે બની શકાય. જ્યારે વિષય કષાયનો ત્યાગ થાય અને શુભ ભાવ થાય. ત્યારે ધર્મ પ્રગટે. પણ આ ધર્મમાં અશુધ્ધિ નિરબંધ હોવાના કારણે અશુધ્ધ છે. જેમ એક વ્યક્તિ ક્ષમા કેળવે છે પણ જો એ ક્ષમાથી ભવિષ્યમાં ક્રોધ પેદા થવાનો હોય તો એ ક્ષમાની કિંમત શું ? જેમ દયાનો નિ:સ્વાર્થ ભાવ લાવો તો પુણ્ય બંધાય. પણ એ પુણ્ય જો ભવિષ્યમાં અધર્મમાં રૂપાંતરિત થવાનુ હોય તો એને ધર્મ ના કહેવાય. જે આરોગ્ય ભવિષ્યમાં રોગ બને એનો મતલબ શું ? બધી steroid આવે છે જે દર્દીને તાજો માજો કરી દાદે. એકદમ સ્ફુર્તિમાં આવી જાય પણ એ dose નું ultimate result

શું? એ steroid થી હાડકા ખલાસ થઈ જાય. એક બેનને અસ્થમા હતો, બહુ ઉંચી સ્ટેજનો હતો. ભયંકર પરિસ્થિતિમાં હતા. ડોક્ટરે ધીરે ધીરે steroid ના ડોઝ પર ચઢાવ્યા. એમને ત્યારે એવી રાહત થઈ ગઈ ને એમ લાગ્યું કે મને ડોક્ટર ભગવાન રૂપે મળ્યાં. અમુક વર્ષો દવા લીધી પણ એ દવાની એટલી સાઈડ ઈફેક્ટસ થઈ કે હાડકા કાચ જેવા થઈ ગયા. જરા ક્યાંય ધ્યાન ન રાખે તો ફ્રેક્ચર થઈ જાય. ખબર પડી કે steroid ના લીધે. ત્યારે કામચલાઉ રાહત મળી પણ પછી દર્દ પાછુ ઉપડે.

સંસારમાં પણ કામચલાઉ રાહતને આરોગ્ય ગણો તો તે મહારોગનું સાધન છે. જૈન દર્શન પરિણામ લક્ષી છે. દરેકમાં અંતિમ પરિણામ જોવાનું છે. તમે તપ, ત્યાગ, સંયમ, સામાયિક કરો પણ ભગવાનને એટલામાં રસ નથી. પણ જે કરો એનું અંતિમ result સારુ હોવું જોઈએ. વ્યવહારમાં શું નિયમ છે કે જે સિધ્ધી વરવાનું કારણ બને એને સિધ્ધિ ન કહેવાય.

હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે અનુબંધ જૈન શાસનનું heart છે.

હરિભદ્રસૂરિએ યોગ શતકમાં લખ્યું છે કે તીર્થંકરની ઓળખાણ શું? તીર્થંકર એટલે એકાંતે સાનુબંધ ધર્મના ઉપદેશક. બાકી કોઈએ સાનુબંધ ધર્મનો ઉપદેશ આપ્યો નથી. એટલે જ તીર્થંકર અલૌકિક છે.

અનુબંધ એટલે અનુ → પશ્ચાત બંધ – અત્યારે કરેલી પ્રવૃત્તિનું પરિણામ. એ પ્રવૃત્તિથી નવુ બંધ નિશ્ચિત થશે. જેમ એક બી હોય - ઘઉંના દાણામાં જ્યાં સુધી ઉત્પાદન શક્તિ જીવીત હોય - અને એને વાવો તો અનેક ઘંઉ ઉગે પણ એ જીવીત શક્તિ જતી રહે પછી એનામાં ઉગવાની ત્રેવડ નથી. એટલે એનો ખાવા માટે જ માત્ર ઉપયોગ કરી શકો. જે ઉત્પાદન શક્તિ વગરના દાણા → જેકે એ અનાજનો દાણો ખાઓ પછી ઝાડો પેશાબ થઈને નીકળશે તો એની ખોરાક તરીકે કિંમત કેટલી? અને અનાજ તરીકે કિંમત કેટલી? બે ઘઉંના દાણામાં એકમાં ઉત્પાદન શક્તિ છે એકમાં નથી. જેનામાં ઉત્પાદન શક્તિ છે એનાથી કોઠારો ભરાશે અને બીજામાં નથી તેનાથી માત્ર ભૂખ મટશે.

જેમ એક વ્યક્તિ પરમાત્માની માગ પૂજા કરે છે. અને બીજો સંસારના વિકાર ને વાસનાને આવવા દીધા વગર ઉમળકાથી અષ્ટપ્રકારી પૂજા કરે છે. બન્નેની ભક્તિ શુધ્ધ ધર્મની પ્રવૃત્તિ છે. એકની ભક્તિથી ખાલી કોરુ પુણ્ય બંધાયુ જે સંસારના મોજ સુખ ને ભોગની સામગ્રી ભોગવીને પાપ બાંધશે અને સંસારમાં રખડશે. બીજાની ભક્તિથી આગળા ભવમાં નવી ભક્તિનુ સર્જન થશે. એમ કરીને પરાકાષ્ટાની ભક્તિ સુધી પહોંચશે. એની બીજ રૂપની ભક્તિ એને પરાકાષ્ઠાનુ સુખ (મોક્ષ) આપશે. આ સબીજ ભક્તિ છે, ઉત્પાદન શક્તિવાળી ભક્તિ છે જ્યારે પેલી ભક્તિ નિર્બીજ હતી.

જેમ એક વ્યક્તિ નિસ્વાર્થ ભાવે કોઈની દયા ને પરોપકાર કરે છે. જેનાથી એવુ પુણ્ય બાંધશે કે જેનાથી સંસારમાં લીલા લહેર થઈ જશે પણ પુણ્ય ભોગવીને અનેક પ્રકારના પાપ ને હિંસા કરશે. એ દયાનુ પરિણામ શું આવશે? સંસારમાં દુર્ગતીમાં રખડવાનુ આવશે ને પાપ પલ્લે પડશે. આનુ નામ અનુબંધ છે. સર્જન શક્તિ વગરના દાણાને નિરઅનુબંધ કહેવાય. ત્રણ વર્ષ જુનુ અનાજ ઉગે નહી. એવા અનાજનો ઉપયોગ કેટલો? એક વખતની તમારી ભૂખ ભાંગે જ્યારે ઉત્પાદન શક્તિવાળો દાણો આખી દુનિયાનુ પેટ ભરાવે.

ધર્મ કોણે કહેવાય? જો નિરબીજ હોય તો નિરઅનુબંધ અને અશુધ્ધ ધર્મ છે. જો સબીજ હોય તો એ સાનુબંધ અને શુધ્ધ ધર્મ છે. એક વખત વિકાર ભલે શમે પણ જો એ વિકાર નવા વિકારનુ સર્જન કરે તો એને ધર્મ ન કહેવાય. ભગવાન આપણી પાસે દયા, પરોપકાર, સંયમ, તપ, ધ્યાન કરાવા માંગે છે પણ સબીજ અને એની પરંપરા આપણા આત્મા પર ચાલવી જોઈએ. જૈન શાસન અનુબંધની દ્દષ્ટી રાખનારો છે. જેનો અનુબંધ સારો એનુ બધુ સારુ. જે અનુબંધમાં જીતે એ બધામાં જીતે.

એક માણસ અબજ રૂપિયા કમાય, પણ જુની બધી સંપત્તિ પાયમાલ કરે તો એ અબજ રૂપિયા બરબાદીનું સાધન ગણાય કે આબાદીનું?

હરિભદ્રસૂરિ મહારાજે લખ્યુ કે જે અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી એ લક્ષ્મીને કોઈ ખરી લક્ષ્મી માને નહી અને સમજદાર માણસ આનંદ પામે પણ નહીં. કોઈ તમને

કહે કે આ પૈસા રાખ પણ રાખવાથી તમારું નુકશાન થવાનું છે તો તમે એ રૂપિયા રાખો ખરા?

જે ધર્મ અધર્મનુ બીજ હોય કે ભવિષ્યમાં અધર્મમાં રૂપાંતરીત થવાનો હોય એવા ધર્મનુ કોઇ મુલ્ય નથી. અત્યારે તમે કોઇ ગુણીયલ સદાચારીને જોઇને એના વખાણ કરો પણ જો એનો ધર્મ સબીજ ના હોય તો કોઇ મુલ્ય નથી. જેનો ધર્મ ભલે પહાડ જેટલો હોય પણ નિરઅનુબંધ હોય તો તે ધર્મની કિંમત નથી. જેનો ધર્મ સાનુબંધ હોય ને રાઇ જેટલો હોય તો પણ ઘણી કિંમત છે. તમે ધર્મની અંદર કઇ રીતે ગણિત માંડતા હોવ છો? ઘણા તો પહેલી વ્યાખ્યામાં જ ઉડી જવાના છે. આશક્તિ એમનેમ રહે ને દાન કરો તો કોઇ કિંમત નથી. સાનુબંધ ધર્મની વધારે કિંમત છે. કારણકે સર્જનશક્તિ અખંડિત રહે છે.

અત્યારે છોડેલી મમતા ભવિષ્યમાં નવી મમતાને સર્જવાની હોય તો એનો શું મતલબ? કણિયા જેટલો ધર્મ પણ જો ઉત્પાદન શક્તિવાળો હશે તો તમે ન્યાલ થઇ જશો.

તમને રસ શેમા છે. ઘણાને તો ઘણુ કરીને પણ ઘસાતા રહેવું છે. તમને Quantity માં રસ છે કે Quality માં? તમને ખાલી મજૂરીમાં રસ છે. અમે તમને સહેલો ને અતિશય લાભદાયી ઉપાય બતાવ્યો છે. તમને કોઇ કહે કે તમને એવો કિમિયો બતાવુ કે ઓછી મહેનતે સફળતા મળશે તો તમે શું કરો? તમારો ઉત્સાહ વધે કે ઘટે? એ સાંભળીને તમારા ચાર કાન થઇ જવા જોઇએ. અત્યારે તમારો mood આવી જાયને મોટો લાભ મળે તો, એવી વાત કરું છું. સાનુબંધ થોડો પણ ધર્મ કરો તો મહાન્લાભ છે. હકીકતમાં સાનુબંધ ધર્મ માટે પાંચ ભાવધર્મમાંથી કોઇપણ કણિયા જેટલો પણ આવે તો સાનુબંધ ધર્મ આવે. આ જ ભાવધર્મ છે અને આ સિવાય બીજો બધો ધર્મ દ્રવ્ય ધર્મ છે.

સર્વ ધર્મ વ્યાપાર પરિશુધ્ધ ક્યારે બને? કોઇપણ ગુણનું પ્રણિધાન કરવું હોય તો પાયામાં વૈરાગ્ય જોઇએ. વૈરાગ્ય પૂર્વક કરાયેલો ધર્મ એ જ પ્રણિધાન શુધ્ધ ધર્મ કહેવાય. ભગવાન સંસારને જેવો કહે છે એવો અસાર લાગે તો

ગુણનુ પ્રણિધાન આવ્યુ કહેવાય. કેવા ભાવ પણ છાસને કેવી માનો છો? જે દિવસે સંસાર દુઃખમય લાગે છોડી જાઓ કે ના છોડી જાઓ એ સવાલ નથી. પણ સંસારમાં મધુરતા તો ના જ હોવી જોઇએ. ધર્મ ઓછો કરે તો ચાલે પણ ધર્મ ગમવો જોઇએ.

વૈરાગ્ય અધ્યાત્મનો પાયો છે. કારેલાને કડવા લગાડવા માટે શું કરવું પડે? ચોખ્ખી જીભ રાખીને ચાખો. એ રીતે વૈરાગ્ય લાવવા માટે સંસારના સ્વરૂપનો વિચાર કરો. એક પણ વ્યક્તિ એવી નથી કે જેને કટુતાનો અનુભવ નથી થયો. સંસાર મધુર હોય અને ભગવાન એને કડવો કહે તો એમણે પણ પાપ લાગે. જીવનમાં તમે મહત્વની વાત ભૂલો છો. ગમે તેવી સારી મિઠાઇ ખાનાર ખાતો જશે એમ ધરાતો જશે અંતે એને એનો અણગમો થઇ જશે. તરસ ગમે તેટલી લાગી હોય પણ મોઢામાં દરિયાનું પાણી નાંખે તો ? ઠંડક લાગે પણ પીધા પછી અરે અરે થાય ને ? સંસારમાં વગર ઉદ્વેગના ભોગ ખરા? એક દાખલો બતાડો જેમાં ઉદ્વેગ ન આવે. સંસારમાં એકલો મીઠાશનો ભાવ થયો છે?

જેને અધર્મ ગમે છે એ ગમે તેટલો ધર્મ કરતો હોય પણ અશુદ્ધ ધર્મ થવાનો. જેને અધર્મ ગમવાનો બંધ થાય એનો થોડો પણ ધર્મ શુદ્ધ કહેવાય.

સભા:- અધર્મ ગમે છે એ ગમતું નથી.

સાહેબજી:- વણિક માટે ચતુરાઇ ગુણ છે. બોલવાની વાતમાં ગોટાળા થાય છે. આવું કહો છો કે અધર્મ કરો કે એવો એ અલગ છે અને અધર્મનો ભાવ જુદો છે. ખરેખર અધર્મ ગમે છે કે ગમાડી દો છો?

જેમ એક માણસ એમ કહે કે ગુસ્સો કરવો નથી પણ ગુસ્સો થઇ જાય છે. જો એમ કહે કે ગુસ્સાને શાંત કરવા માટે ઝઝુમું છું પણ છતાં એ ગુસ્સો થઇ જાય છે. Genuinity ક્યાં આવે છે? તમારે માંદા પડવુ નથી પણ માંદા પડી જાવ છો. તમારી મહેનત તાવ લાવવા માટેની કે તાવ કાઢવા માટેની? બન્ને વચ્ચેનો તફાવત સમજાય છે?

તમે એમ કહો કે મને કષાય ગમતા નથી પણ કષાય થઇ જાય છે. મારી

પૂરી શક્તિ લગાડીને કષાય સામે ઝઝુમું છું પણ કર્મની શક્તિ પ્રબળ છે જેથી હું નિષ્ફળ જાઉં છું. તો હું સમજુ કે તમારું મિથ્યાત્વ છે છતા તમે એની સામે સંઘર્ષ કરો છો. અને તમને એનું દુઃખ છે. તમારે તમારા જીવનનું પ્રામાણિકતાથી મુલ્યાંકન કરવાનુ છે. અત્યારે તમને જેટલા ક્રોધાદિ કષાય આવે છે એ તમારે લાવવા હોય એટલે આવે છે. લાવવા છે માટે લાવો છો એ ખરાબ છે, અને પ્રેમથી લાવો એ વધારે ભયકર છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

કાર્તક સુદ દસમ
૨-૧૧-૯૫
ગુરુવાર.

॥ ઉપસંહાર ॥

ઓવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આ વિશ્વ વ્યવસ્થાના સ્વરૂપને સમજાવનારા ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આ સંસાર કયા નિતિ નિયમ પર ચાલે છે તેવું જ્ઞાન મેળવવા જેવું છે. કુદરતના નિતિ નિયમો જાણ્યા વગર મન માન્યુ વર્તન કરવાથી લાભ થવાનો નથી. માટે સંસારના પાયાના તત્વો કઈ રીતે કામ કરે છે તે જાણવુ જરૂરી છે.

આપણો આત્મા છે તે સનાતન સત્ય છે. અને તેને જો ન સમજી શકો તો પાયામાં જ ખામી ગણાશે. અને આ તત્વ ઉપર બંધન શેના છે ? અને તેના નિતિ નિયમો, ધારા, ધોરણ શું છે તે સમજવું જ જોઈએ.

બધા જીવ આત્મા તરીકે સમાન છે. પણ બધા પર કર્મનો મેલ જુદો જુદો છે. અને તેને સમજીને ન તેના અસ્તિત્વને સ્વીકારવું જોઈએ.

બધા ધર્મ કર્મની વાતો કરે છે. પુણ્ય પાપની વ્યવસ્થાનો પણ સ્વીકાર કરે છે. પુણ્ય-પાપનુ સ્વરૂપ સમજવા જેવું છે.

સંસારમાં સારી વસ્તુ અપાવનાર પુણ્ય છે. અને ખરાબ વસ્તુ અપાવનાર પાપ છે, ધર્મ અને લૌકિક બન્ને ક્ષેત્ર માટે આ જ સિધ્ધાંત છે. દુનિયામાં કોઈ પાસુ એવું નથી કે જ્યાં પુણ્ય, પાપ અસર ન પાડતા હોય. તેમા પુણ્યનું સાધન ધર્મ છે. અને પાપ બાંધે છે તેમાં કારણ અધર્મ છે. માટે પુણ્ય પાપને ધર્મના કાર્ય રૂપે બનાવવામાં આવ્યા છે. અને આ સિધ્ધાંત બધા જ ધર્મ સ્વીકારે છે.

આ દુનિયામાં બહાર જે સારુ દેખાય છે તે ધર્મનું ફળ છે. અને અંદરમાં પણ જે સારુ દેખાય છે તે ધર્મનું જ કારણ છે. જેમ ઉદારતા, સહિષ્ણુતા, પરોપકાર, દયા, પ્રમાણિકતા તે કારણ રૂપ ધર્મ છે. અને તેનાથી બંધાતા પુણ્યના વિપાક રૂપ બધી ભૌતિક સામગ્રી છે. માટે શુભભાવથી સર્જન થતું પુણ્ય સારી વસ્તુ અપાવે છે.

હા, પુણ્યનું સાધન ધર્મ છે. પણ બધા જ પુણ્યનું ફળ પુણ્ય નથી. ઘણા પુણ્ય તો એવા છે કે તેનું ફળ પાપ છે. અને માટે જ આ સંસારમાં પાપનું આત્મા પર

ચક છે. અને તેની ધરી પુણ્ય જ છે.

આત્મા અનંતકાળથી ભટકે છે કેમ? પરિભ્રમણ કેમ કરે છે? કારણ તેમાં પાપ છે. પરંતુ એકલુ પાપ અનંતકાળથી આત્મા ભોગવતો નથી. પણ તેમાં સાયકલ છે.

પાપનુ ફળ દુ:ખ આવ્યુ ત્યારે બીજુ પાપ કર્યુ. તેનું ફળ દુ:ખ આવ્યુ. તેમ જો અવિચ્છીન્ન પણ પાપની પરંપરા ન ચાલતી હોય તો પાપ ભોગવાઇ જાય. પણ તેમ બનતું નથી. પણ પ્રવાહ ચાલે છે. અને આ પાપની હારમાળાની ધરી પુણ્ય જ છે.

આખા પૈડાનો બોજ ધરી પર છે. જો ધરી તૂટે તો આખુ પૈડુ તૂટે. તેની બેઝીક આધારશીલા ધરી બને છે. તેમ આ સંસારના બધા પાપની ધરી, બોજ આધાર પુણ્ય છે. પાપ કરવાની શક્તિ પુણ્યથી મળે છે. માણસને કોઇ ખોટુ કરવુ હોય, દુષ્ટતા કે પાપ કરવા શક્તિ તો પુણ્યથી મળે છે. શક્તિ પુણ્યથી મળે અને પુણ્ય ધર્મથી બંધાય છે. માટે પરિસ્થિતિ શું થાય કે લોકો સત્કાર્ય કરે તેના ફળ રૂપે વિકારો, કષાયો શાંત થાય. પણ તેના વિપાક રૂપે ફળ શું આવે?

અશુધ્ધ ધર્મ દેખાવમાં સારો પણ અંતિમ ફળ તો વાસ્તવમાં આત્માને રખડાવનારુ બને છે: કુદરતની આ વ્યવસ્થા છે.

આ દુનિયામાં ખોટું બોલવા ની હોંશિયારી મળે છે તે શેનાથી મળે છે. પુણ્યથી. મળે છે. પુણ્ય ધર્મથી મળે છે. જેમ ચોરને ચોરી કરવાની સફળતા પુણ્યથી મળે છે. આ સંસારમાં કોઇ એવું પાપ નથી કે તેને કરવાની શક્તિ પાપથી મળે. અને જો તેવું હોત તો કહી ડુબવાનો સવાલ આવતે નહીં. પરંતુ હરેક શક્તિ પુણ્ય પસાયે જ મળે છે.

સત્તાધીશોને ઉપદ્રવો કરવાની શક્તિ ક્યાંથી મળી? પુણ્યથી. તે પુણ્ય ક્યાંથી બંધાયુ? આગલા ભવમાં રાગાદિમલનો નિગમ થાય તેવો ધર્મ કર્યો હશે. ત્યારે જો તમે ધર્મથી રાગ-દ્વેષને પુષ્ટ કરો તો પાપ જ બંધાય, પુણ્ય ન જ બંધાય. આશક્તિ, મમતાનો ત્યાગ કરી દયા, પરોપકાર, ઉદારતા, કેળવી તો રાગાદિ મલના નિગમથી થતાં ધર્મથી પુણ્ય બંધાય.

અત્યારે ઘણા દયાળુ માણસો છે. જેમ મેનકા ગાંધી દયા કરે છે. તેનાથી તેને

કોરુ પુણ્ય બંધાય. પણ તેને તેમાં અનુબંધ ના પડે. ભલે તેની દયામાં સ્વાર્થ નથી, હૃદયની કોમળતા છે. પણ તેમાં વૈરાગ્ય આદિના ભાવો જ નથી માટે ગમે તેટલી દયા, પરોપકાર, ઉદારતા, ક્ષમા કેળવે. પણ તેમને બંધાયેલું પુણ્ય તો પાપ કરવાની તેને તાકાત આપશે.

અશુધ્ધ ધર્મથી પુણ્ય, પુણ્યથી પાપ, અને પાપથી પરિભ્રમણ. માટે અશુધ્ધ ધર્મ ન જોઈએ. શુધ્ધ ધર્મ જ જોઈએ. અશુધ્ધ ધર્મ અપનાવવા જેવો નથી. કારણ તેનાથી અશુભનું બળ તોડાતું નથી. ઉદયનું ઘણું મજબુત બને છે. ઘણા જીવો ગુણોને સેવીને તેમના દોષો મજબુત કરે છે. આ જૈન દર્શનની લોકોત્તર દ્રષ્ટી છે. આ વાત સમજવા ક્યાંય મળશે નહિ.

અનુબંધ એ જૈન શાસનની મોનોપોલી છે. તીર્થંકર સિવાય કોઈ ધર્મમાં આ તત્વની વાત કરી નથી.

અત્યારે તમે સદ્‌ગુણ, સદાચારની વૃત્તિ રાખો છો પણ તેનું અંતિમ ફળ શું તે વિચારવું પડે. અંતિમ ફળ જો સારુ ન હોય તો તે બરાબર નથી. પરંતુ અત્યારે ખરાબ પણ જો તેનું અંતિમ ફળ સારુ હોય તો તે સારુ છે.

માટે સમ્યગ્‌દ્રષ્ટિનો દોષ પણ હિતકારી છે અને

મિથ્યાત્વીનો ગુણ પણ અહિતકારી છે.

કદાચ સમ્યગ્‌દ્રષ્ટિ ક્રોધ કરે ત્યારે તેને પાપ બંધાય, પણ પાપ ઉદયમાં આવશે ત્યારે તેને સદ્‌બુધ્ધિ દ્વારા ગુણ પોષક બનશે. તેનું હિત થશે.

જ્યારે મિથ્યાદ્રષ્ટી ક્ષમા કેળવે તેનાથી તેને પુણ્ય બંધાય. તેને પુણ્યથી સંસારમાં સુખ સગવડતા મળશે. અને તે ભોગવતાં તેની બુધ્ધિ બગડશે. જેથી આશક્તિના કારણે તે પાપને બાંધશે. માટે તે ક્ષમા તેનું પાપનું પોષક બની. આ બહુ જ ગંભીર મુદ્દો છે.

સંસારમાં બાહોશ વેપારી કેવા હોય કે જે નુકસાનીને નફામાં ફેરવે. અને ઘણા ગમાર જેવા હોય કે નફાને પણ નુકસાનીમાં ફેરવે. ઘણી કંપનીઓ ઓછા માર્કેટીંગે પણ સારો પ્રોફીટ કરતી હોય છે. જો તેનો મેનેજર સારો હોય તો. પણ જો મેનેજર

ડોબો આવે તો તરતી કંપનીને ડૂબવાની પણ કરી નાંખે.

સભા:- એ તો પોતે તરે અને બીજાને ડુબાડે.

સાહેબજી:- તે પ્રમાણ નહીં પણ ખુચ્ચો મેનેજર હોય તો તેવું કરે. પણ પોતે ડોબો હોય તો ચોક્કસ કંપનીને ડુબાડે. તેવી જ રીતે અહિંયા પણ જેને સારો અનુબંધ પડ્યો તે તો નુકસાનને પણ નફામાં બદલતો જશે. જો અનુબંધ ઉંધો હશે તો તેનો નફો પણ નુકસાનમાં જશે. માટે તેવા જીવે તો વધુ કરીને ખોવાનું આવશે. જ્યારે પેલામાં તો જે કરે છે તેમાં લાભ જ લાભ છે.

તમારા વ્યવહારમાં પણ તમે એક ખોરાક ખાઓ છો. જે પોષક ખોરાક પણ તમારા શરીરમાં જઈને રોગ વધારે તો તેનું કામ શું? હવે તેની સામે દવા કે કોઈ વસ્તુ ખાવાથી રોગ મટે. આમ તો દવા ઝેર રૂપ છે. છતાં પણ અંદર જઈને જો રોગનું નિવારણ કરે તો તે અમૃત કહેવાય. પણ પોષક ખોરાક ખાઈને પણ જો રોગ વધે તો ઝેર કહેવાય છે.

તેની જેમ જે ધર્મ અધર્મ પોષક બને તો ભયંકર, અને જે ધર્મ પોષક બને તે સારો. અશુભ ધર્મ ભવિષ્યમાં અધર્મમાં રૂપાંતર પામશે.

અત્યારે તમે અધર્મનો એક પણ પોઈન્ટ કાઢી શકો તેમ છો? જેમ સામાયિક કરો છો પણ જો નિરતિચાર કરે તેના મનમાં તો એક અશુભ ભાવ આપણે બતાવી શકીએ નહિ. આવુ સામાયિક કરવા મમતા છોડવી પડે, દયા, પરોપકાર, મૈત્રી, કેટલા ગુણો કેળવવા પડે. જૈન ધર્મની અણિશુધ્ધ ક્રિયા વ્યવહારમાં કરવા પણ હજારો ગુણો કેળવવા પડે છે. આ જૈન ધર્મનુ માળખુ છે.

જેમ સામાયિકમાં કેટલા પ્રકારની અહિંસા, સત્યનો ભાવ, અપરિગ્રહનો ભાવ, મન-વચન-કાયાથી બ્રહ્મચર્યનો ભાવ લાવવો પડે. માટે પ્રત્યેક ક્રિયામાં હજારો ગુણ લાવવા પડે. ગંભીરતા, ઉદારતા, ક્ષમા પણ કઈ મઝાની જોઈએ. અરે સામાયિકમાં હસવું પણ ન આવવું જોઈએ. તે વખતે ઘરમાં ગમે તે વસ્તુ બને તો પણ તમને તેની અસર ન થવી જોઈએ. હવે જે આવા ગુણો કેળવે તેની પ્રવૃત્તિ પણ કેવી લાગે?

સભા:- પોતાની મુર્ખાઈ પર હસવું આવે તો?

'સાહેબજી:- પોતાની પણ સંસારની મૂર્ખાઈ પર હસવું આવે કે પોતાની આત્મીક મુર્ખાઈ પર હસવું આવે છે ?

સભા:- આત્મીક મુર્ખાઈ પર હસવું આવે.

સાહેબજી:- તે તો પ્રશસ્ત હાસ્ય છે. અમને મુનીને પણ પ્રશસ્ત હાસ્ય છે, માટે તમારા માટે સામાયિકમાં પ્રશસ્ત હાસ્યનો વાંધો નથી. પ્રશસ્તને ગુણ તરીકે ખતવવામાં આવે છે તેને તો કેળવવાના છે.

પરંતુ કહેવાનો અનુબંધ પણ લાગે કેટલો સરસ. તેમાં કેટલા દોષો કાઢ્યા, કેટલા ગુણો કેળવ્યા હોય. જો જોઈને અહોભાવ થાય તેવો અનુબંધ ધર્મ હોય છે. માટે તેનું સ્વરૂપ સુંદર છે, પ્રવૃત્તિ ભાવે અનુષ્ઠાન સુંદર છે છતાં તેને અમે નકકામો ગણીએ છીએ. અને તમે જો આને સમજી જશો તો જૈનેતરના સદ્ગુણ-સદાચાર જોઈને જે લેવાઈ જાઓ છો તેમાં ન લેવાઈ જાઓ. તે વખતે તેમનો અને તમારો ધર્મ અનુબંધવાળો છે કે નહિ તેનો વિચાર કરો.

તમે અનુબંધને નથી સમજતા માટે જ ગમે તે ધર્મની છાયા તમારા મન પર પડે છે, અત્યારે તમે સામાજીક કાર્ય કરનારને જુઓ છો તો કેટલા પ્રભાવિત થાઓ છો! જેમ ડોકટર હજારો પેશન્ટને ફી ઓછ ચાર્જ લેવા આપે તો તમને કેવા ભાવ થાય છે? દા.ત. મધર ટેરેસા, મેનકા ગાંધી, જયપ્રકાશ નારાયણ આ બધાની પ્રવૃત્તિ જોઈને કેટલા અંજાઈ ગયા છો?

જયપ્રકાશ નારાયણ માટે શું બોલો છો કે આ તો વિજય શેઠ-શેઠાણી જેવા છે. પરંતુ આવી ઉપમા અપાય ખરી? હા, તેમને બ્રહ્મચર્ય વર્ષો સુધી પાળ્યુ હતું. તેની ના નથી. તેની જેમ વિનોબા ભાવે માટે પણ શું કહો છો? તેઓ જ્યારે મરી ગયા ત્યારે એવું કહેનારા છે કે વિનોબા મહાવીરના સાચા અનુયાયી હતા. જે સ્વર્ગે ગયા કારણ તેમને અણસણ કરેલું. અને તે વખતે તેમને કહેલું કે "હું બહુ જ સ્વસ્થતા સાથે મરીને આરાધના કરવા માંગું છું." અને આ સંકલ્પ કરીને અણસણ કર્યું અને પછી તેઓ સાત દિવસ જીવ્યા.

સભા:- તેને સમાધિ મૃત્યુ કહેવાય?

સાહેબજી:- સમાધિની મીનીંગ શું તે પણ તેમને ખબર નથી. તેમના વિચારો, પ્રવૃત્તિ તમે સાંભળી છે? હા, તેમના જીવનમાં સદ્ગુણ- સદાચાર હતા, લાખોમાં ન નીકળે તેવી સજ્જનતા હતી. સરળતા, ત્યાગ, દયા, ક્ષમા, માનવતાના ભાવો, આ બધુ ઘણું જ હતું. છતાં આ બધા ગુણો કેવા? હા, આ બધા ગુણો રાગાદિ મલના નિગમથી પ્રગટયા. પરંતુ તેમાં અનુબંધ શોધ્યો કયાંય મળે તેમ નહીં.

સભાઃ- સાહેબજી સમકીતમાં નહીં પણ સમકીતની ભૂમિકામાં પણ નહિં?

સાહેબજી:- સમકીત પામવા માટેની પહેલી ભૂમિકા અપુનર્બંધક અવસ્થાથી થાય છે. વૈરાગ્ય વગર અપુનર્બંધક અવસ્થા માની નથી. જેને સંસારનું બહુમાન છે તે ગમે તેટલો ગુણીયલ હોય તો પણ તે સમકીતની ભૂમિકાની બહાર છે. હા, વ્યવહારમાં તે વખાણવા લાયક માણસો ખરા પણ શુધ્ધ ધર્મની દ્રષ્ટીએ મુલ્યાંકન કરીએ તો તેમના પર ચોકડી મુકવી જ પડે. જેમાં ઝીરો જ આવે.

પ્રણિધાન વગર, આશય વગરના ધર્મને પોઈન્ટ વનનું પણ માર્કીંગ ન મળે. પછી ભલે તે વ્યક્તિ સદાચારી હોય કે ગુણીયલ હોય. તેમનું રાગાદિમલના નિગમવાળુ, પુણ્ય અને શુધ્ધિવાળુ ચિત્ત હતું, પણ અનુબંધ વાળુ નહોતુ.

જ્યારે તમે જીનવચનથી દુનિયાનું મુલ્યાંકન કરતા થશો ત્યારે તમે લોકોત્તર ધર્મ પામ્યા કહેવાશો.

હા, હજુ આ ઈન્ડિયામાં સજ્જન માણસો ઘણા છે. જેમાં ઘણા કરોડપતિ બને તેમ હતાં છતાં પણ બીજા માટે ઘસાઈ જવાની વૃત્તિથી સારા કામો કરીને સાદગીથી જીવ્યા. પરંતુ તેમનામાં પ્રણિધાનનો એકડો ન હોવાથી તે ગુણોની કાંઈ જ વેલ્યુ નથી.

આમ જીવે અત્યાર સુધી ઘણું જ કર્યું છે. પરંતુ સાનુબંધ ધર્મ આવી જાય પછી જ જીવની બેડી પાર થાય છે. અને આ યોગવિંશીકાનું હાર્દ છે. અને આ અધ્યાત્મની ભેદ રેખા છે.

સભાઃ- સદ્ગુણ, સદાચાર આવે તો પણ

સાહેબજી:- સદ્ગુણ, સદાચાર આવે તો પણ તે મિથ્યાત્વમાં રમતાં હોય. તેમની પાસે સમકીતનો વિવેક નથી. હોતો. જો કે આ બધા ગુણો કેળવવા પણ રમત વાત નથી.

જયપ્રકાશ નારાયણે યુવાનીમાં બ્રહ્મચર્ય સ્વીકારી લીધેલું. કારણ તેમને એમ થયું કે અમારી શક્તિનો સદ્ ઉપયોગ લોકોના માટે કરીએ. માટે તેમને દેશ માટે કેટલું વેઠ્યું? આ કરવું પણ સહેલું નથી. તેમ વિનોબા ભાવે એ ભૂદાન માટે કેટલો ભોગ આપ્યો છે! તેમ ગાંધીજી પણ પુણ્ય, પાપ માનનારા હતા. માટે કહેવું પડે કે આવા વ્યક્તિત્વવાળા જીવો પણ ઘણા ઓછા હોય છે, વગર અસીહાને આવા ગુણો કેળવાના નથી. છતાં પણ આપણો ધર્મ તેઓનું મુલ્યાંકન કઈ રીતે કરે?

સભા:- અત્યારે મિથ્યાત્વની મંદતા છે.

સાહેબજી:- એક ક્ષયોપશમ અનુરૂપ મંદતા અને એક ઔદયિક ભાવની મિથ્યાત્વની મંદતા છે. અપુનર્બંધક અવસ્થા આવે પછી મિથ્યાત્વની મંદતા કામની છે.

સભા:- ઔદયિક ભાવની મિથ્યાત્વની મંદતામાં તેને સંસારની આસક્તિ તો ઓછી થઈ ગઈ હોય છે.

સાહેબજી:- હા, તેને સંસારની આસક્તિ ઓછી થઈ ગઈ હોય છે. તમે વિચારો અભવીનો જીવ કેટલો અનાસક્ત હોય છે.

સભા:- વગર સાંભળે ધર્મ પમાય ખરો?

સાહેબજી:- પ્રણિધાન શબ્દ ન સાંભળ્યો હોય તેને પણ ધર્મ આવી શકે. સમકીત શબ્દ ન સાંભળ્યો હોય તેને પણ સમકીત આવી શકે છે. પણ વગર શ્રવણે લાખમાં એકને આવી શકે. માટે રાજમાર્ગ તો સમજણ અને શ્રવણ છે. પણ કોક જીવ એમનેમ પણ પામી જાય છે.

સભા:- એમનેમ જે પામે તે પુર્વના સંસ્કારથી પામે?

સાહેબજી:- નિસર્ગથી ધર્મ પામે તે પુર્વના સંસ્કારથી ન પામે પણ તેના આવરણ તૂટતાં ધર્મ પામે છે. વાઘ-સિંહ જંગલમાં બેઠા પણ ધર્મ પામી જાય છે. પુરુષાર્થ કરવાથી આવરણ તૂટતાં ધર્મ પામે છે. કરોડોમાં એક નિસર્ગથી થાય છે. જ્યારે કરોડો રાજમાર્ગથી પામે છે.

॥ પપૂ. શ્રીયુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ ॥

૩-૧૧-૯૫ ॥ઉપસંહાર॥ ગોવાલિયા ટેંક
કારતક સુદ અગિયારસ
શુક્રવાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્રને શુભાનુબંધની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આપણા આત્મા પર અશુભ અનુબંધનું ચક્ર અનંતકાળથી ચાલી રહ્યુ છે. આપણા આત્મામાં અંદર સારા ભાવ થતા નથી કે સારા સદ્ગુણ કેળવ્યા નથી તેવું તો નથી. આપણા આત્માએ સારા ભાવ પણ કર્યા છે અને સારા સદ્ગુણ પણ કેળવ્યા છે. પણ તે અલ્ટીમેટ અશુભના પોષક બને તે રીતે અનંત કાળમાં સેવ્યા છે. કુદરતમાં જે ખરાબ છે તે વધુ સારાના ઓઠા નીચે જ ટકે છે. આ તેની વ્યવસ્થા છે.

જેમ ચોરી કામ કરવા, લુચ્ચાઈ કરવા, અનીતિ કરવા સજ્જનનું ઓઠુ લેવુ પડે. તમારે તેને કહેવું પડે કે હું તને સહાય કરવા આવ્યો છું. તમે તેને વિશ્વાસમાં લો પછી જ તેને ઠગી શકો છો. તેમ આ જગતમાં અસત્ય પણ સત્યના આધારે જ ટકે છે. અનંત કાળથી આત્મા પર પાપ રહ્યુ છે. પાપની પરંપરા ચાલી છે. તેમાં બીજ પુણ્ય છે. આ દુનિયામાં પાપ કરવા સામગ્રી, શક્તિ, અનુકુળતા બધુ પુણ્યથી મળે છે. માટે અધર્મનો બીજ પુણ્ય કે ધર્મ બને છે. કોઈ જીવ અધર્મ કરે અને પુણ્ય બંધાય તેવું નથી. આ કુદરતનો ક્રમ છે.

આપણા તીર્થંકરોએ કહ્યુ કે ખાલી વિકારનાશક અને ગુણ પોષક બને તેવો ધર્મ પણ જો અનુબંધ વગરનો હોય તો તે આત્મકલ્યાણનું સાધન બનતો નથી. કોઈ ધર્મમાં આ રીતે પુણ્ય-પાપની સમીક્ષા કરી નથી. જો આ વ્યાખ્યા બરાબર સમજાઈ જાય તો ખાલી સત્કાર્યથી તમને સંતોષ થાય નહિ. અને બીજા કરે તો તેને વધાવાય પણ નહિ. પરંતુ તેનું અંતિમ પરિણામ શું છે તેનો વિચાર કરવાનો છે.

અત્યાર સુધી અશુભ અનુબંધ જ આત્મા પર ચાલ્યો છે. પુણ્ય કે પાપ બાંધો છો તેમાંથી પાપ ઉભુ થવાનુ અને તેનાથી દુઃખ, દુર્ગતિ ... આમ ચાલ્યા જ કરવાનું. માટે જ્યાં સુધી અશુભ અનુબંધ તોડો નહિ, અને શુભ અનુબંધ પામો

નહિ ત્યાં સુધી આત્મા આત્મકલ્યાણના માર્ગ પર ચઢી શકે નહિ. ગમે તેટલા સુંદર ભાવો અનુબંધ વગરના હોય તો તે ગોહના ઘરના કે મોહના પોષક છે. આપણે આ ટકી કેળવશું તો સાચી હકીકી આવશે.

તમે નિસ્વાર્થ ભાવે દયા-દાન- પરોપકાર કરો અને તેને ધર્મ ન કહે તેવો કોઈ ધર્મ ખરો? પરંતુ આપણું જૈન શાસન જ એક જુદી વાત કરે છે. આ જૈન શાસન જ અલૌકિક તત્વને સમજાવે છે. માટે અનુબંધને સમજી જાઓ અને અનુબંધના ઉપદેશને જો ઓળખી જાઓ તો તીર્થંકર ઉપર ઓવારી જાઓ. વીતરાગનું શાસન જગતમાં ક્યાં જુદુ પડે છે તે જો સમજાશે તો તેમને ભજતાં તેમનો અનન્ય ઉપકાર દેખાશે. જેથી બહુમાન વધતું જશે. બીજા ધર્મ સાથે તુલના કરશો તેટલું તમે સમકીત ન પામ્યા હોવ તો પામવાનો સ્કોપ ઉભો થશે. અને જો પામ્યા હોવ તો નિર્મળ થશે. જો જીનશાસનમાં અનન્ય રીતે શ્રધ્ધાળુ અને સ્થિર બનવું હોય તો બીજા ધર્મની ક્રિયા, આચાર, ઉપદેશ બધામાં તટસ્થતાથી અને પ્રમાણિકતાથી મુલ્યાંકન કરો.

બધા ● ધર્મ સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, પરિગ્રહ આદિનું વર્ણન કરે છે. ક્યાંય ચોરી કરવી તેવું લખ્યું નથી. દુનિયામાં ધર્મના નામથી વાત તો સારી કરવાની જ આવે છે. કોઈને ઠગવું જોઈએ નહિ, હિંસા કરવી જોઈએ નહિ, ચોરી કરવી જોઈએ નહિ, આ બધુ ધર્મમાં આવશે. સત્કાર્ય, સદાચાર કરવાની વાત બધા જ ધર્મો કરે છે. પશ્ચિમના ધર્મો પણ આ વાત તો કરે છે. જ્યારે આપણા તીર્થંકરો શું કહે છે કે તમારા સત્કાર્યો, સદાચાર શુભ અનુબંધવાળા છે કે નહીં? એમ લખ્યુ કે જો આ બધુ નિરનુબંધ હોય તો તેને અધર્મની કક્ષીવીરીમાં જ મુકી દીધો.

ગુણો પણ આત્માને મારક બને તે વાત લોકોને બેહુદી લાગે છે. આમ તો એટએટલાસ્મ સારી પ્રવૃત્તિ છે. તે કોઈ ટીકાપાત્ર નથી. એજ્વેરી મફગમ આ બાક બીજી પ્રભાવીત થશે. પણ આવુ બાર પણ જો અનુબંધ વગરનું હોય તો અધર્મમાં જ ખતવશે. તમારે અત્યારે બેરનાર પ્રમાણીક પણે કેટલા પંડાઈ ગયા છે. આમ

તો તે સજ્જન માણસ છે. કરોડો આપો તો પણ તે ખોટી વાત ના કરે. પહેલાં સદ્‌ગુણ પછી બીજી વાત. ખોટા માણસ સામે લડવામાં, તોડવામાં તેને ક્યાંય પાછી પાનીનો ભાવ થાય નહિ. પ્રસંગ આવે કુટુંબ કે પોતાનું બલિદાન પણ આપી દે. આનાથી તેને પુણ્ય બંધાય. પણ તે પુણ્ય પાપાનુબંધી પુણ્ય બંધાય. આ પુણ્ય તેને જ્યારે ઉદયમાં આવશે ત્યારે સત્તા, સંપત્તિ મળશે અને તેનો ઉપભોગ એવો કરશે કે પાછું પાપ બાંધી દુર્ગતિમાં રખડશે. આ લોકો પુણ્ય, પાપ, આત્માને માનતા ન હોય. પાલખીવાળાએ પણ લખ્યું હતું કે ભગવાન કાંઈ મંદિરમાં પુરાતા નથી. ભગવાન તો કોર્ટો અને ન્યાયાલયોમાં છે. માટે આ વાતો પરથી તમે સમજી શકો છો કે તેઓનું થીંકીંગ કેવું છે? તેઓ આત્માને માનતા જ ન હોય માટે તેમના સદ્‌ગુણોથી નક્કી પાપાનુબંધી જ પુણ્ય બંધાય. અને તે જ્યારે ઉદયમાં આવશે તેનાથી પાપ મજબુત થશે.

સભા:- જો સમકીત હોય અને લાલચથી કરે તો પુણ્યનો અનુબંધ પડે?

સાહેબજી:- હા, પુણ્યનો અનુબંધ પડે. પણ સમકિત આવવું મુશ્કેલ છે. સમકીતની ભૂમિકા લાવવી પણ ઘણી મુશ્કેલ છે. અનુબંધ પાડવો હોય તો પ્રણિધાન જોઈએ. અને પ્રણિધાન સંસારના વૈરાગ્ય વગર આવે નહિ. જૈન શાસનમાં આચારધર્મની ધરી વૈરાગ્યને જ બનાવી છે. વૈરાગ્ય વગર શુભ ભાવનાની કુટી બદામની પણ કિંમત નથી.

સભા:- શુભ ભાવના પછી વૈરાગ્ય આવી જાય તો?

સાહેબજી:- શુભભાવના પછી વૈરાગ્ય આવી જાય તો પેલું નિમિત્ત બન્યું. પણ આત્માએ અનંતીવાર શુભ ભાવ કર્યા પણ વૈરાગ્યને પામ્યો નથી. માટે કાંઈ ગેરંટી અપાય નહિ. વૈરાગ્યને લાવવા સાધન-સામગ્રી અપનાવા પડે.

શાસ્ત્રમાં ૨૪ તીર્થંકરોના ચરિત્રો આલેખાયા છે. શાસ્ત્રમાં ગણ તીર્થંકરોની દેશનાઓ લખી છે. તે વાંચો તો વાક્યે વાક્યે વૈરાગ્ય ટપકે છે. જૈન શાસનમાં મુની જીવનમાં ઉપદેશમાં ધોરણ મૂક્યો કે અમે સદાચાર, સદ્‌ગુણોનો ઉપદેશ આપીએ પણ બધો સદ્ ઉપદેશ આપતાં અમારી દ્રષ્ટી ક્યાં હોય? સાત વ્યસનના ત્યાગવાળી દેશના પણ વૈરાગ્યને પેદા કરે તેવી જોઈએ. સેન્ટર પોઈન્ટ તો વૈરાગ્ય જ જોઈએ.

સભા:- વૈરાગ્યની આગ કેળવવાની છે?

સાહેબજી:- વૈરાગ્યની અભિલાષા કેળવવાની છે. આ શાસનને પામીને મારા મનમાં પાપ પ્રત્યે, અધર્મ પ્રત્યેનો સંસારનો અણગમો પેદા થવો જોઈએ. જયવીયરાયમાં શું માંગ્યુ કે "હે વીતરાગ આપની ભક્તિના પ્રભાવે આ સંસારમાંથી ઉદ્વેગ પેદા થાવ." આ નહિ હોય તો એકડા વગરના મીંડા જેવું છે. પછી ભલે તમે ૨૪ કલાક આત્માની ચિંતા કરો, દેહની પરવા ન કરો. તો પણ વૈરાગ્ય ન હોય તો આત્મજ્ઞાન પણ પણ એકડા વગરના મીંડા બરાબર છે.

વૈરાગ્યથી જ સાચા ધર્મનો પ્રારંભ થાય છે. પ્રત્યેક ક્રિયામાં, પાંચામાં આજ પરિણામ જોઈએ.

વૈરાગ્યને આટલું મહત્ત્વ કેમ આપ્યું છે? જન્મ્યા ત્યારથી જુઠુ બોલવું, અનીતિ કરવી ખરાબ છે, હિંસા ખરાબ છે, અહિંસા સારી છે આ વિચારીએ પણ ને હૃદયમાં ઉતરે ક્યારે? જ્યારે ખરાબ પ્રત્યે અરુચી થાય પછી જ સારુ હૃદયમાં ઉતરે. થોડી પણ હિંસા ગમતી હોય તો પુરી અહિંસા ગમતી નથી. એક ગુણ પ્રત્યેનું પ્રણિધાન લાવવું હોય તો તેના દોષ પ્રત્યે અણગમો થવો જોઈએ. પણ દોષ પ્રત્યે અણગમો ક્યારે પેદા થશે? તમે વિરાગ પામશો ત્યારે.

આ સંસારનું સ્વરૂપ કેવું છે? જેમાં ડગલે ને પગલે દોષો સેવવા પડે છે. સત્યને વખાણતાં હોવ તો પણ જો સંસાર ગમતો હોય તો અસત્યને અપનાવું જ પડશે. સંસાર ચાલશે ક્યારે? જે તમારુ નથી તેને તમારુ માનો છો. માટે અસત્યને ડગલે ને પગલે અપનાવું પડશે.

આ વેસ્ટનની નીતિ કેવી? તમે રસ્તે ચાલતા કુતરાને હેરાન કરો તો અનીતિ કહેવાય તે માનશો ખરા? ગાય, ભેંસ દેવનારના કતલખાને કપાય ને તેને હિંસા લાગશે ખરી? આખું તેનું શરીર જે તેની માલિકીનું છે તેને તમે કાપી લો તો પણ તેને અનીતિ માને ખરા? તેમની નીતિ માણસ પુરતી જ. માટે તેમને અમુક નીતિ ગમે છે અમુક અનીતિ ગમે છે. તેથી તેને એક પણ ગુણનું પ્રણિધાન શક્ય નથી. એક પણ દોષ તેને મૂળમાંથી ખરાબ લાગતો નથી.

દરેક દોષ આ સંસારનો પાયો છે. ૧૮ પાપસ્થાનકમાંથી ક્યું સ્થાનક સંસારનો પાયો નથી? પરિગ્રહ સંસારનો પાયો ને? અબ્રહ્મ મુળને? અબ્રહ્મને ખરાબ માનો તો જ બ્રહ્મચર્યનું પ્રણિધાન આવે. જો બ્રહ્મચર્યને સારુ માનવું હોય તો સંસારને ખરાબ માનવો જ પડે. આ બધી એકડા જેવી વાતો છે.

રખડતાં રખડતાં આ શાસનમાં જન્મ્યા તો થોડી તો લાયકાત જોઈએ. આવું લોકોત્તર શાસન પામ્યા પછી અમે થોડી તમારી પાસે અપેક્ષા રાખીએ કે આવી પાયાની વાતો તો ગળે ઉતરવી જ જોઈએ.

અત્યારે લાગે છે કે જૈન શાસન ઘણાને તો ભટકાઈ ગયુ છે. પુણ્યે વળગાડી દીધુ છે. પણ બીજા ધર્મમાંથી ન મળે તે અહિંયાથી પામીને જવાનો ભવ સફળ કહેવાય. અધ્યાત્મનો પાયો પામી જાઓ તો પણ ઘણું છે. નહિતર થોડા ધર્મથી પુણ્ય બાંધી પછી ભૌતિક સામગ્રી પામી, પાપ બાંધી, દુર્ગતિ મેળવી .... આમ સંસારમાં અનંત કાળ ચાલ્યો છે. અને ચાલ્યા કરશે. માટે અશુભ અનુબંધ અહિંયા જ તોડવાનો છે. બીજે ક્યાંય આ સામગ્રી મળવાની નથી.

એક ગુણ મુળમાંથી સારો લાગી જાને પછી ભલે કદાચ આત્મામાં લાખ દોષ હોય. આત્મામાં લાખ દોષ હોય પણ તેને જો ખરાબ માનતો હોય તો તે સારો છે.

કોઈ સદાચારી ધર્માત્મા છે તેનો ઈન્ટરવ્યુ લો. આટલા સદાચાર, સદ્ગુણ કેળવો છો? બુરીઆો દૂર કરી છે પણ સંસારને કેવો માનો છો? તો હજારમાંથી કેટલા નીકળશે? કહેશે કે બદમાશી, ગુંડાગીરી કરવી નહીં પણ સંસાર તો મોજ માણવા જેવો છે. કારણ તેને મુળમાંથી એક પણ દોષ ખરાબ લાગતો નથી.

આ સંસારમાં એક જગા એવી નથી કે જીવવા માટે તમે અનિતિ, અન્યાય કર્યા વગર જીવી શકો, નબળા જીવો પર અન્યાય, અનિતિ કરીને જ તમે જીવી શકો તેમ છો.

અબ્રહ્મ, રાગ-દ્વેષ આ બધા સંસારના પાયા છે.

સભા:- ૧૮મું પાપસ્થાનક જાય પછી સમકીત આવે?

સાહેબજી:- આ ૧૮મું પાપસ્થાનક જ ૧૭ પાપસ્થાનકને સારા મનાવનાર છે. તે જેને નીકળી જાય તેને ૧૭ તો ઝેર જેવા લાગતા હોય છે. કામ વાસના વિષતુલ્ય,

આગ તુલ્ય, રોગ તુલ્ય છે આ બધુ કેમ બેસતું નથી.

બીજુ પ્રજા આ બધાથી કેમ દૂર છે. તેની એક વાત કરુ. લોરેનમાં પ્રોફેસર ભણાવતા હતા ત્યારે એક જણે પ્રશ્ન કર્યો કે તમે હિંસા, ચોરીને ખરાબ કહો તે તો બરાબર. પણ અબ્રહ્મ અને પરિગ્રહને ખરાબ કેમ કહો છો, વખોડો છો કેમ? જેમાંથી તમારો જન્મ થયો છે, સૃષ્ટિ સર્જન જેનાથી થાય છે. આ જીવનમાં વ્યક્તિ આનંદ કહે છે તેને તમે કેમ વખોડો છો. આ પ્રશ્ન સાંભળીને ને પ્રોફેસરે એક મહાત્માને આનો પ્રશ્ન કર્યો. તે વખતે મહાત્મા મુંઝાયા. ત્યાર પછી મને પૂછ્યુ કે આનો શું જવાબ આપવો.

પછી કહ્યુ કે તમે દુનિયામાં ધર્મ સાંભળ્યો છે. ધર્મની વ્યાખ્યા સમજ્યા છો? જૈન ધર્મની વ્યાખ્યા જુદી છે. જે તમે કદાચ વાંચી કે વિચારી પણ નહી હોય.

અમે માનીએ છીએ આપણે બધા ચેતન છીએ. આત્મા હોવાના નાતે આત્માને છોડીને જડની બધી પ્રવૃત્તિ તે અનનેચરલ છે.

જડમાં રાચવું, જડ ઉપર મોહિત થવું, જડને ભોગવવુ તે અનનેચરલ છે. ચેતન અને જડ સ્વતંત્ર ભિન્ન પદાર્થ છે. તમે પાડોશીના ઘરમાં માથુ મારો તો ચાલે ખરુ? તેની જેમ આપણા માટે આત્મા વગરની બીજી બધી વસ્તુ પરાઈ છે. માટે તેમાં માથું મારવું તે કુદરતનો અપરાધ છે.

કામમાં અતિશય આસક્તિ જડ ઉપરની જ છે. માટે જ તેને અમે અધર્મ કહીએ છીએ. માટે આ આનંદ વ્યાજબી નથી. તમે કોકને લૂંટીને આનંદ મેળવો તે વ્યાજબી ગણાય? તમે જડમાં માથુ મારો, જડ ઉપર વર્ચસ્વ સ્થાપીને કરી આનંદ માનો તે ગેરવ્યાજબી જ ગણાય. પણ તમારા આત્મામાં ઉતરી આનંદ મેળવો તે જ તમારો ખરો આનંદ છે. માટે વગર વૈરાગે આ ફકરી વિચારી શકાય ખરી? જનરલ મેજોરીટી શુ છે કે આ બધુ કરીએ છીએ તે કાંઈ ખોટુ નથી.

એક ભાઈને પ્રશ્ન કર્યો કે તમારા પ્રીસ્ટ પણ મેરીડ લાઈફ જીવે? તો કહે કે હા, અમારા પ્રીસ્ટ મેરીડ લાઈફ જીવે. તમારા મુખ્ય નેતા જ મેરીડ લાઈફ જીવે તો પછી બીજા તો બધા જીવે જ ને? તો કહે કે અમે તો માનીએ જ છીએ કે મેરેજ

કરવા જોઈએ. કારણ જીવનનો આનંદ તેના વગર નથી. પણ તેમને પુછ્યું તમે શું કરો છો? તો કહે આખા દિવસમાં હું કલાક આત્માનું ધ્યાન કરું છું. સુંદર ભાવના કરું છું. પવિત્ર જીવન જીવવા પ્રયત્ન કરું છું. પરંતુ તમે વિચારો એમનું વે ઓફ થીંકીંગ કેવું? એક પણ દોષ મુળમાંથી ખરાબ માને નહિ.

એક પણ દોષ મુળમાંથી ખરાબ લાગે પછી જ ગુણનું પ્રણિધાન આવવાનું છે. પ્રણિધાન વગરનો ધર્મ અનુબંધ વગરનો છે અને અનુબંધ વગરનો ધર્મ જ સંસાર ચક્રને ચલાવે છે. આ અનુબંધની સમજથી જ જૈન ધર્મમાં પ્રવેશ થશે. અત્યારે તમારે ધર્મમાં ઈચ્છા હોવી જોઈએ કે બધે જ પ્રણિધાન ભાવો ટકેલા હોવા જોઈએ. અને તે ભાવો લાવવા માટે વૈરાગ્ય લાવવા સતત સતર્ક બનવું પડે. સજાગ બનવા પ્રયત્ન કરવો જોઈએ. અને એના માટે સંસારના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

સભા:- સંસારના સ્વરૂપનો શું વિચાર કરવાનો?

સાહેબજી: આ શરીર તો આજ દિવસ સુધી કેટલું પંપાળ્યું છે. કેટ કેટલી સેવા ચાકરી કરી. છતાં અત્યારે અંદર શું છે? આ શરીર અત્યારે કેટ કેટલો ત્રાસ આપે છે. અને ભવિષ્યમાં પણ કેટલો ત્રાસ આપશે. તમે વેપારી નફો કેવી રીતે ગણો? તેમ શું અહિંયા ગણો છો? તમે આ ખોળીયું કેટલું સાચવીને જુવો છો પણ આખું કહેજો તેની પાસેથી મેળવ્યું શું? અને તમે તેને આપ્યું કેટલું? તમારો સગો ભાઈ પણ જો તમારો કશ વધારે કાઢે અને તમને ઉપયોગી ઓછો હોય તો કેવો લાગે? જ્યારે આ શરીરને જોઈને તો વહાલ થાય છે. સંસારના તમામ ભોગો તમે આ શરીરથી જ ભોગવવાના છો. તે આ શરીર વિકૃતીનો ભંડાર છે. જેનાથી ઉપાધીનો પાર નથી. તેની ડીમાન્ડોનો કોઈ પાર નથી. આ તો એક ભૂત છે. જેના કારણે આપણો આત્મા એક સેકન્ડ બેસી શકતો નથી.

સભા:- શરીર પાસેથી કામ લેવાનું છે તો કેમ લેવાય?

સાહેબજી:- ભાગીદાર પાસેથી કામ લેવાનું હોય ત્યારે હવાઈ હવાઈને કામ કરો પણ અંદરમાં શું થાય? મારો બેટો મારો ખરો કશ કાઢે છે. માટે શું રાગ થાય? શરીરને

નુકશાન કરવાની વાત નથી પણ તેના સ્વરૂપને તો સમજવું જ જોઈએ. જેમ ભાગીદારને લાગે કે આ તો થોડું બતાવે છે અને પાછળથી તે પોતે વધારે જમી જાય છે તો શું થાય? તમે કદાચ તેનાથી દબાયેલા હોવ તો તેને સાચવો પણ અંદરમાં તો શું થાય?

આવો ભાવ આવે તો જે શરીર પણ આવું છે. તો પછી બીજી તો કઈ વસ્તુ પર મોહ થવાનો. શરીરમાંથી આત્મા નીકળે પછી શું? ઘરમાં પણ કોઈ રાખશે નહીં. માન-પાન કોને આપનારી છે? સત્યને આરપાર જોવાનું છે.

સભા:- પણ શરીર પાસેથી તો આરાધના કરાવવાની છે ને?

સાહેબજી:- તમારા ઘરમાં નોકરથી ઘણા કામ થાય છે. તો શું તમે તેને સોફા પર બેસાડી પગ દબાવશો? આજ દિવસ સુધી તમે શરીરનો લાભ વધારે લીધો છે કે શરીરે તમારો લાભ વધારે લીધો છે?

જેવો સંસાર છે તેવો ઓળખાય તેનું નામ જ વૈરાગ્ય. વૈરાગ્ય વગરનો જીવ સંસારમાં ગમાર જ થઈને ફરે છે. મારું હિત શું? અહિત શું? મારું કોણ? પારકું કોણ આ બધી તેને કાંઈ ખબર છે?

અત્યારે શરીરની પરાધીનતા છે. અમારે ને તમારે બન્નેને શરીરની પરાધીનતા છે. પરાસંબી જીએ.

આ શરીરનો સાધન તરીકે ઉપયોગ કરવાનો છે. પણ તમે સાધન તરીકે શેમાં ઉપયોગ કરો છો? વેપાર ને નફાના સાધન તરીકે ઉપયોગ કરવાનો કે વેપારમાં નુકસાનના સાધન તરીકે ઉપયોગ કરવાનો? અત્યારે તો તમે આત્મા ખાડામાં પડે તેજ રીતે ઉપયોગ કરો છો.

સભા:- સાથે થોડો તો લાભ થાય છે ને?

સાહેબજી:- ના, જ્યાં સુધી વૈરાગ્ય નહી આવે ત્યાં સુધી થોડો પણ લાભ નહિ થવાનો. મોહને રાજાની ઉપમા આપી છે. તેમાં કહ્યુ છે કે "આ બધા દેશાંતર જાય છે. તપ-ત્યાગ કરે છે. ગુણો કેળવે છે. માટે આ જીવો તો તમારા વર્ચસ્વની બહાર નીકળી ગયા છે." ત્યારે મોહરાજા એમ કહે છે કે ભલે તમે ચિંતા નહિ કરો. તેઓ ગમે

તેરમા ગુણો દેખવે પણ બચ્ચો તો મારા તાબામાં જ છે. કારણ તે જે અત્યારે કાંઈપણ કરે છે તે વધુ મારી પ્રેરણાથી જ કરે છે. માટે મારા લાભમાં જ છે. માટે જ કહ્યુ છે કે નિરનુબંધ ધર્મ મોહ પોષક જ બનશે. એ ક્ષમા દેખવશે પણ બળનો ક્રોધને જ મળવાનું છે. દયાથી પણ ભવિષ્યમાં હિંસાને જ પ્રોત્સાહન મળવાનું છે. માટે જ્યાં સુધી સંસારના સ્વરૂપની સમજ અને વૈરાગ્ય ન આવે ત્યાં સુધી બધુ જ નકામું છે. માટે તાતી જરૂરીયાત છે કે કેમ કરીને હું પહેલા વૈરાગ્ય પામું. માટે "જયવીયરાયમાં" પણ પહેલી માંગણી શું મૂકી? "ભવનીવેઓ..." કેમ કાંઈ કામ ઓછા થાય, વિકારો શાંત થાય, એવુ વધુ ન મૂક્યુ?

સભા:- ભવનિર્વેદવાળા પછી શું માંગે?

સાહેબજી:- તે જે કક્ષાને પામ્યા હોય તેનાથી આગળની કક્ષાનો વૈરાગ્ય માંગે. પહેલી માંગણી તો આ જ માંગવાની છે. એ મળે પછી જ બીજી બધી વાત. તમને વૈરાગ્ય માંગવા લાયક લાગે છે? આ આકરો ડોઝ લાગે છે ને? એનો મતલબ તમે હજી હિંસાને સારી માનો છો ને?

તમારે હિંસાને છોડવી છે પણ હિંસાને સારી માનીને છોડવી છે. તમારે અહિંસા અપનાવી છે પણ અહિંસાને ખરાબ માનીને અપનાવવી છે, આચરવી છે. પરંતુ સાચી હિંસાને ખોટી તરીકે માનવી જ પડશે.

આ સંસાર ખરાબ છે તો જ મોક્ષે જવાની જરૂર છે ને? પણ જો સંસાર સારો જ હોય તો મોક્ષે જવાની જરૂર શું? આ સંસાર તો મળેલો છે જ્યારે હજુ મોક્ષ તો મળ્યો નથી. તો પછી આટલું કરવાની જરૂર શું? જેને પણ સંસાર ગમે છે તેને તો આ વસ્તુ બરાબર છે. પણ તેમાં તેને વધારે સારી રીતે કઈ રીતે ગોઠવાવું તે જ જોવાનું છે.

સમકીત માન્યતાની શુદ્ધિ માંગે છે.

જ્યારે ચારિત્ર આચારની શુદ્ધિ માંગે છે.

માટે પહેલા માનવામાં ગડબડ રાખવાની નથી. સમકીત કાંઈ પડીકુ વાળવાની વસ્તુ નથી. તીર્થંકરે જે ધર્મ સ્થાપ્યો છે તે આત્મ કલ્યાણ માટે સ્થાપ્યો છે. તમને

કાંઈ સંસારમાં સેટ કરવા માટે સ્થાપ્યો નથી. તમારે સેટમાંથી અપસેટ થવું છે કે સેટલ થવું છે? સંસારને તોડવો હોય તો જ ધર્મની જરૂર છે.

હવે એક માણસ કે જેને અત્યારે વૈરાગ્ય પામવાનું લેવલ નથી. પણ તે માને કે વૈરાગ્ય પામવો જ જોઈએ. તે વાત સાચી છે તેને અમે ઈરછુક ને ભોળો કહીએ. પણ જે એમ કહે કે તમે તમારી વાત તમારી પાસે રાખો પણ અમે તો આ સંસારની તકલીફોનું નિવારણ તમારી પાસેથી જોઈએ છે. એ એમ કહે કે મારે મારું આત્મકલ્યાણ કરવું નથી પણ ખાલી મારુ ભૌતિક કલ્યાણ જ કરવુ છે. અને એ રીતે જે ધર્મ પકડે તેને તો અવળચંડો જ કહેવાય. આવા ધર્મ કરીને વધારે નુકશાન જ કરશે. આવા તો ધર્મ ન કરે તો. સારુ. જેમ કોઈ માણસ એમ કહે કે હું પૂજા કરીશ પણ દેરાસરમાં આવીને ચા પીશ તો આની પૂજા નકામી છે. પછી ભલે એમ કહે કે પણ હું પૂજા તો કરુ છુ ને? જેમ લેંઘામાં પૂજા કરે તો એટલું નુકશાન નથી. અવળચંડા ધર્મ ન કરે તો સારુ, કારણ કરવાથી તે વધારે નુકશાન કરે છે.

જેમ જુવાન છોકરાઓને વધારે દબાણ કરીને પૂજા કરાવો તો તેને મુર્તિ સામે દ્વેષ આવે અને નિંદા કરવા માંડે. માટે તેના કરતાં તેઓ ન કરે તો સારુ. માટે ખાલી ધર્મના પ્રભાવથી જો બુદ્ધિ સુઝાડે તો પછી તો અભવ્યનું પણ કલ્યાણ થાય.

તમે ભગવાનને ઓળખ્યો છો? ભગવાનના પ્રભાવનો અર્થ શું? તમે ગમે તે કરો છતાં ભગવાને તમને તારવાના જ ને? ચંડકોશિયાએ ભગવાનને ડંખ માર્યો એટલે તે તર્યો કે તે લાયક હતો માટે તર્યો? આપણા ભગવાન કેવા છે? તમે વચકુ ભરો કે પૂજા કરો પણ તારે કોણે? તારે તો પાત્રને જ. અપાત્રની જવાબદારી તેમને લીધી નથી.

॥ પ.પૂ. શ્રી ચુગભુષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

શનિવાર
૪-૧૧-૯૫
કારતક સુદ વાક્ય

॥ ઉપસંહાર ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવ માત્રને વીતરાગતાનો અનુભવ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી છે.

મહાપુરુષોની દ્રષ્ટીએ આપણા આત્માનો સ્વભાવ મુળભુત રીતે વિચારીએ તો વીતરાગતા છે. રાગદશા એ આત્માનો મુળભુત સ્વભાવ નથી. રાગદશા હોય તો દુઃખાનુભવ દશા હોય. પણ અત્યારે બધા રાગી જીવ જો પોતાના અનુભવનું વિશ્લેષણ કરે તો બેચેની, સંતાપ વિહ્‌વળતાનો જ અનુભવ થાય. તેમ દુઃખનો અનુભવ તે પણ આત્માનો સ્વભાવ નથી. આત્મા ચેતન છે. અને આત્માનો મુળભુત સ્વભાવ સુખમય છે. આત્મા સતત સુખની જ ઝંખના કરે છે. દરેક પદાર્થ પોતાના સ્વભાવ તરફ જ ઢળતો હોય છે.

જેમ પાણીને ગરમ કરીને મૂકી દો તો પાણી ઠંડક તરફ જ જશે. કારણ કે ઠંડક પાણીનો સ્વભાવ છે, જેવું ઉષ્માનું નીમીત્ત દૂર કરશો તેવું તે ઠંડક તરફ જ ઢળશે. લાકડી સીધી હોય, ને વાળી પણ જેવી તેને છોડી દો તો પાછી સીધી થઈ જાય. કારણ કે પદાર્થ માત્ર તેના મુળભુત સ્વરૂપ તરફ જ જાય છે.

જો રાગદશા આત્માનો સ્વભાવ છે એવું માનીયે તો દુઃખ આત્માનો સ્વભાવ કહેવાય. પરંતુ આવું કહી શકાય નહીં. કારણ કે આપણને કોઈને દુઃખ ગમતું નથી. અને પીડા એ આત્માનો સ્વભાવ નથી. આત્માની સ્વ કઈ ગતિ કઈ તરફ છે? જો રાગદશાને આત્માનો સ્વભાવ માનો તો દુઃખ તરફ ગતિ છે તેમ મનાય. પરંતુ દુઃખ આપણા સ્વભાવથી સેટ થતુ નથી. રાગ-દશાને વિકાર કેમ કહીયે છીએ? અને વીતરાગતાને આત્માનો સ્વભાવ કેમ કહીયે છીએ? બધા જ કષાય આત્માના દોષો છે. અને એ સમજાવવા વિભાવ દશા મૂકી છે. આપણે કાંઈ જાણીને જન્મ્યા નથી. જ્ઞાનીઓએ આ જાણીને અનુભવના આધારે લખ્યુ છે જેટલી રાગદશા ઓછી કરી તેટલો જીવનમાં આનંદ માણ્યો છે.

જે આત્મા થોડો ધર્મ કરે અને તેનાથી અપવિત્રમાંથી પવિત્રતામાં

દોષમાંથી ગુણમાં, પાપમાંથી પુણ્યમાં, અશુભમાંથી શુભમાં જાય, તે કરેલી ધર્મ પહેલા ટાઈપનો ધર્મ છે. (પહેલા ટાઈપનો એટલે રાગાદિમલનો નિગમ) રાગાદિમલના નિગમથી જે ધર્મ કર્યો તે ધર્મ છે. પણ જૈન શાસન શું કહે છે? કે તમે સુંદર પ્રવૃત્તિ કરી પણ જો તેનું પરિણામ અસુંદરમાં આવતું હોય તો તે અધર્મ જ છે.

અત્યારે શુભ ભાવમાં ભવિષ્યના શુભ ભાવની સર્જન શક્તિ છે. તમે શેરડી, માલપાણી ખાવ છો તેનું મહત્વ વધારે કે જે ખોરાક શરીરમાં જઈને તમને પોષણ આપે તેનું મહત્વ વધારે? જો પથ્થો થાય તો આગળની પણ શક્તિ થાય.

અત્યારે તમે ધર્મ કરો છો તેમાં ભાવિમાં શુભની સર્જન શક્તિ છે કે નહીં તેની ચકાસણી કઈ રીતે કરશો. અત્યારે તમારા ધર્મથી જે મળવાનું છે તે તો પરભવમાં જ મળવાનું છે. પરલોકમાં આ શરીર નથી આવવાનું. પુણ્ય અને પાપ જ સાથે આવશે. પણ જ્યારે પરલોકમાં પુણ્ય-પાપનો વિપાક આવશે ત્યારે જો શુભ પરિણામ જગાવે તો તે શુભ છે. અત્યારે તમે જે પ્રવૃત્તિ કરો છો તેનું પરંપરાની દ્રષ્ટીએ શું પરિણામ તે નજરમાં રાખવાનું છે. આ પ્રવૃત્તિના કાળ કપે સદ્બુદ્ધિને જગાડવાની છે. અને તેનો પાયો વિરાગ જ છે. વિરાગ વગરની કહેવાતી સદ્બુદ્ધિ તે મોહબુદ્ધિ છે. તેને આપણે સદ્બુદ્ધિ માનીએ છીએ પણ તે વાસ્તવમાં સદ્બુદ્ધિ નથી. સદ્બુદ્ધિનો અર્થ તમે શું કરો છો?

સારુ કરવાની ભાવના જાગે તેનું નામ ખાલી સદ્બુદ્ધિ? ભગવાન પાસે ભક્તિ તરીકે માગતા હોય કે મને અને ફલાણાને પણ સદ્બુદ્ધિ આપજો. શબ્દ તરીકે આ માંગણી સારી છે પણ સદ્બુદ્ધિની ડેફીનેશન શું?

વૈરાગ્ય પછી જ સદ્બુદ્ધિ આવે.

વૈરાગ્ય વગર ખબર નથી કે મારુ, પોતાનું ભલું શેમાં? જે ભલુ શું છે તે જાણતો નથી તે પોતાનુ કે બીજાનુ ભલું શું કરશે? માટે વિરાગ એ સદ્બુદ્ધિ પામવાની આધારશીલા, કેન્દ્રબિન્દુ છે.

અમે ચાર, છ, કે બાર મહિના ઉપદેશ આપીએ તેમાં શ્રોતાને અમારી

મહત્વની ભલામણ આ હોય છે કે જીવનમાં વિરાગ નહીં પામો તો આત્મ કલ્યાણ સાથે કોઈ તમારુ કનેક્શન નહિ થાય. માટે અમારી બધાને પ્રેરણા છે કે તક મળે ત્યારે પ્રયત્ન કરીને વૈરાગ્ય ભાવને આત્મસાત્ કરી લેવો જોઈએ. આ જો નહિ કરો તો પછી બધુ ભલે કર્યું હશે તો પણ સંસાર તમારા કપાળે લખાયેલો છે.

આ દુઃખમય સંસાર ખરાબ લાગે. તેમાં જો જીવ મુંઝાતો હોય, ગભરાતો હોય, મુંગાતો હોય તેવો જ જીવ વિરાગ માટે તૈયાર થાય છે.

સભા:- વિરાગ માટે સાધુ થવુ જરૂરી છે?

સાહેબજી:- વિરાગ માટે સાધુ થવુ જરૂરી નથી. સાચો શ્રાવક કોઈપણ દિવસ વિરાગ વગરનો હોય નહિ. ભાવ શ્રાવક પણ વિરાગ વગરનો હોય નહીં. અરે સમકીતી પણ વિરાગ વગરનો હોય નહીં, અને આગળ વધીને સાચો જૈન પણ વિરાગી જ હોય. સંસારમાં રહીને આજીવન વિરાગી આત્મા હોઈ શકે છે. સંસારમાં રહીને પણ વિરાગ કેળવી શકાય છે. અમારી દ્રષ્ટીએ વિરાગ પામવા માટે લાયક સ્થાન સંસાર જ છે. નિમિત્તોની હારમાળા તૈયાર જ છે.

સભા:- છતાં પણ કેમ નથી થતું?

સાહેબજી:- ભગવાને કહેલો સંસારનો અનુભવ થતો નથી. કેમ? મરચું મોંમાં મુકશો તો તીખાશનો જ અનુભવ થવાનો છે. કાંઈ ગળપણનો સ્વાદ આવવાનો નથી. તેમ સંસારનો સ્વાદ જ આવો છે. છતાં કેમ થતો નથી. બસ આજ બેભાન દશા છે.

કોઈ માણસને મુઠ્ઠી બંધ કરીને પૂછો કે આમાં શું છે? તો પેલો સતત નામ લીધા કરે. અને તમે સસપેન્સમાં ના પાડ્યા કરો. આમ મુઠ્ઠીમાં કશું જ ના હોય. પણ પેલાને શું થાય?

સભા:- બાંધી મુઠ્ઠી લાખની.

સાહેબજી:- પણ અહિંયા બાંધી મુઠ્ઠી ખાલી મુઠ્ઠી છે. જ્યાં સુધી ઉઘડી નથી ત્યાં સુધી થાય કે અંદર શું હશે? ઝવેરાત, માણેક, મોતી ..... બસ તેની

જેમ જ આ સંસાર છે. તમને સંસારમાં જે નથી મળ્યુ તેનું આકર્ષણ છે. અને મોહ જ મોટામાં મોટું તેનું બળ છે. જે મળ્યુ છે તે તો જાણી લીધુ છે કે કેવું છે.

જેમ ગરીબને શ્રીમંતાઈ નથી મળી ત્યાં સુધી થાય કે શ્રીમંતાઈમાં જ સુખ છે. મારે નથી મળ્યું તેના વલખામાં અને તેના આકર્ષણમાં જ જીવ મરી જાય છે. જેમ બંગલો સારામાં સારો હોય તે ન મળ્યો હોય ત્યાં સુધી રળીયામણો. પણ એક વખત અંદર રહેવા થાવ પછી કોઈ વિશેષતા લાગે? મારે નથી મળ્યું ત્યાં સુધી આકર્ષણ છે. પણ મળ્યા પછી આકર્ષણ રહેતું નથી. તમારે ગુજરાતીમાં કહેવત છે ને કે "ડુંગરા દૂરથી રળિયામણા."

સભા:- સંતોષ માનીએ તો રળિયામણો લાગે.

સાહેબજી:- તમે વિરોધાભાસી વાત કરી છે. રળિયામણો લાગે તો સંતોષ હોય. તમારા સંતોષની વ્યાખ્યા શું? થોડો મોહ રાખવો. ઘણો મોહ રાખવો તેનું નામ અસંતોષ. પણ શાસ્ત્રમાં ક્યાંય આવી સંતોષની વ્યાખ્યા છે?

સંતોષ એટલે નિસ્પૃહીતા, ઈચ્છાનો અભાવ. ઈચ્છા થોડી પણ સારી માનીને કરો તો સંતોષ ક્યાંથી કહેવાય?

સભા:- જેટલો અસંતોષ કપાયો તેનો આનંદ છે.

સાહેબજી:- પરંતુ અસંતોષ એજ પાયામાં દુ:ખ છે. રળિયામણી જે સારી માની. હવે સારી વસ્તુની ઈચ્છા હોય કે સંતોષ હોય. જે મળ્યુ છે તે સારૂ છે કે ખરાબ છે? આવશ્યકતા જેટલી હોય તો વસ્તુ સારી મનાય? તમને ઝાડે પેશાબ જવુ પડે તો તેને સારૂ કહેવાય? શરદી થઈ તો કફ કાઢવો પડે તો તેને સારૂ કહેવાય. સારા ખરાબના શબ્દ એ રિયા નક્કી છે.

જેમ હિંસા ખરાબ.

અહિંસા સારી આમ નક્કી થાય. નહિતર અમુક હિંસા ખરાબ, અમુક હિંસા સારી તેમ કહેવાય.

આમ દુનિયા વૈરાગ્ય નથી પામતી તેનું મુળ આજ છે. જેટલું જીવનમાં આવશ્યક છે તેને તો જીવનમાં સારુ માને છે. માટે જ વૈરાગ્ય નથી પામી શકતા. તમે થોડા પાપને સારુ માનો અને થોડા પાપને ખરાબ માનો તો વિરાગ નથી. આમ તો આખો સંસાર પાપમય છે. તમારે ૧૮ પાપસ્થાનક સંસારમાં સમાયેલા છે.

મોટરમાં બેસો એટલે પ્રાણાતિપાત આવ્યું. તમે તેને તમારી માની જે પાકડી છે માટે ચોરી આવી. તે પરિગ્રહ છે. પાંચે ઇન્દ્રિયની મોજમજા માણી એટલે અબ્રહ્મ આવ્યુ. તેમાં ટેસ્ટથી બેઠા, ત્યાં વધી રાગ, દ્વેષ, ક્રોધ બધુ જ આવે છે. તે ગાડીને જરા ગોબો પાડે તો તેના પર ક્રોધ આવે. માટે તમે સંસારમાં બેઠા છો તે સંસારની કોઇપણ પ્રવૃત્તિ લો તેમાં ૧૮ પાપસ્થાનક બેઠેલા છે.

માટે આખો સંસાર પાપમય છે. છતાં સંસાર સારો લાગે છે. તેને પાપ સારુ લાગે છે. માટે તેને અનુબંધ પાપનો પડે છે. જેને તમે અત્યંત સારુ માનો છો તેની રૂચીથી એવા સંસ્કાર પડવાના કે ભવિષ્યમાં દુર્બુધ્ધિ પેદા થશે. માટે સંસારનું 'પરિભ્રમણ ચાલ્યા કરશે. માટે શુધ્ધ ધર્મ કરવા માટે વૈરાગ્ય જોઇશે. પછી નવકાર ગણો કે ખમાસમણુ આપો પણ પાયામાં વૈરાગ્ય જોઇશે. પંચ પરમેષ્ઠિ જેને ગમતાં નથી તે પછી ગમે તેટલા નવકાર ગણે તે નકામા છે.

સંયમ ગમે તેને અસંયમ ખરાબ લાગ્યા વગર રહે જ નહિં. માટે પંચ પરમેષ્ઠિ પ્રત્યે શ્રધ્ધા કે બહુમાન લાવવું હોય તો વૈરાગ્ય જોઇશે. માટે જેને પણ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવું હોય તેને આ તૈયારી જોઇશે જ. તમે કહેશો અમને વૈરાગ્ય પેદા થતો નથી તો અમારે શું કરવું ? ધર્મ કરવો કે નહિ ?

વૈરાગ્ય વગરનો ધર્મ અશુભ છે. માટે શું કરવું ? તો તમને અમારી ભલામણ છે કે ભલે વૈરાગ્ય નથી આવ્યો પણ આ ધર્મથી મને વૈરાગ્ય પેદા થાય. આ સંસારમા જેવું સત્ય છે તે મને સમજાતું જાય. જીવનમાં તત્વને પામવા સિવાય મારી કોઇ અભિલાષા નથી.

તમારે એકડી નથી ઘુટવો તો લીટા પાડો, પણ લીટા કેમ પાડો કે એકડો ઘુટવો છે માટે.

સભા:- ખાલી લીટા કર્યા છે માટે જ રખડીયે છીએ.

સાહેબજી:- હા, જેમ ડાહ્યો છોકરો પાટી લઈને બેસી જાય. પણ અંદર કોઈ જુએ તો ખબર પડે કે લીટા જ કર્યા છે. અનંત કાળથી ભુલ કે ભ્રમણા આ જ છે. પુણ્યના હિસાબે.

તમને અત્યારે તક મળી છે. પુણ્ય, સદ્દગુણ, સદાચાર એવ્વા હશે માટે મળ્યુ છે.

અશુભ ધર્મથી શુધ્ધ ધર્મ પામવાની તક ઉભી થાય છે. પણ તક ઉભી થયા પછી બધા જ પામે તેવું નથી. જેમ ધંધામાં છે, તેમ આત્મ કલ્યાણ માટેનો ચાન્સ પુણ્યથી મળે છે. પાપની સામગ્રી કે શક્તિ તે પણ ધર્મના પ્રભાવે જ મળે છે, તેમ પુણ્ય કરવાની શક્તિ કે સામગ્રી ધર્મથી મળે છે. અશુભ ધર્મ આ ફળ આપે છે. ધર્મ નિષ્ફળ ક્યારે બને? જ્યારે તેમાં રાગાદિ મલનો નિગ્રમ ન થયો હોય તો. પણ તેમાં જો રાગાદિ મલનો નિગ્રમ થયો હોય તો નિષ્ફળ નથી પણ ફળ રૂપે સંસારના પાપ કરવાની શક્તિ કે ધર્મના નામે પુણ્ય કરવાની શક્તિ તેનાથી મળે છે. માટે અશુભ ધર્મ બન્ને બાજુ સ્કોપ આપે છે. અત્યારે ઘણા જીવો છે કે તેમને ઘણી તકો છે કે તે ઘણા પાપ કરી શકે, તેમ ઘણો ધર્મ કરી શકે તેવી પણ ઘણી તકો તેમને છે. આ બન્ને તકો આગળના ધર્મના પુણ્યના પ્રભાવે જ મળી છે. હવે તેમાં કઈ દિશાએ જવું તે નક્કી કરવાનું છે.

સભા:- કઈ રીતે?

સાહેબજી:- બસ તેનું નામ જ સદ્દબુધ્ધિ છે.

આપણે જન્મ્યા ત્યારથી આપણુ જીવન તે આપણી માલિકીનું છે. આજુબાજુવાળા પ્રેરણા, સદ્દબુધ્ધિ આપશે પણ તમારે શું કરવું તે તમારી ઈચ્છા પર છે. તમારી બધી ઈચ્છા શેના આધારે છે? ૨૪ કલાક તમે કનસર્ન

ડોની સાથે કરો છો. તમારી બુદ્ધિ સાથે જ ને? તમારો આલ્ટીમેટ સલાહકાર તમારી બુદ્ધિ જ ને? માટે બધા કલ્યાણ અને અકલ્યાણનું મૂળ સદ્બુદ્ધિ છે.

સભા:- તો સદ્બુદ્ધિનું કારણ પુરુષાર્થ નહિ?

સાહેબજી:- હા, તમે પુરુષાર્થ કરીને વિરાગ કેળવ્યો માટે તે પુરુષાર્થને આધીન છે.

દુર્બુદ્ધિ તરફ લઈ જવાનું કારણ, પણ તમારો પુરુષાર્થ ને. તમારી બુદ્ધિનો માલિક કોણ?

સભા:- પૂર્વે કરેલા કર્મ કારણ નહિ?

સાહેબજી:- તે બાહ્ય નિમિત્ત બનશે. બાકી ગાડીનું સ્ટીયરીંગ કોના હાથમાં છે? જ્ઞાન સંપાદન કર્યું તે પણ તમારી મરજીની વાત છે. ત્યાં પણ પુરુષાર્થ આવ્યો. તમે પુરુષાર્થ કરશો તો જ મેળવી શકશો.

સભા:- માટે ડગલે પગલે પુરુષાર્થ આવશે?

સાહેબજી:- તો શું તમારે ઉંઘી જવું છે? પુરુષાર્થ તો પાયો છે. પુરુષાર્થ તો ઉદ્યમશીલ છે. જીવવું હોય તો હાર્ટ પણ ચલાવવું પડશે ને? આત્મા જીવવા માટે સતત પુરુષાર્થ કરી રહ્યો છે. માટે જીવે છે. વગર પુરુષાર્થે કાંઈ લાડવા મળવાના નથી. પણ સાથે પુરુષાર્થના નામથી તમે તે દિશામાં ફાંફા મારવાના નથી. પણ અત્યારે તમારે વૈરાગ્ય માટે પુરુષાર્થ કરવાનો છે.

અત્યારે તમને વિરાગ તો કડવી દવા જેવો લાગે છે. તમને રજનીશનો ઉપદેશ ફાવે કે અમારો ઉપદેશ ફાવે? તે શું કહેતા ઈચ્છા થાય એટલે મન મૂકીને ભોગવવું. તેમાં મર્યાદા, સંયમ, બંધન રાખવું નહિ. માટે આ દવા જ મીઠી લાગે ને? પરંતુ અમારે તો તમને કડવી દવા પાવી છે.

સભા:- સાહેબજી વેલણ ખોસીને પાઈ દો.

સાહેબજી:- જાહેરમાં અમારે જેટલું કહેવાય તેટલું અમે કહી દઈએ. બહુ લાયકાતવાળા જીવ હોય તો અમે પર્સનલ કહીએ. બાકી જાહેરમાં જ કહી દઈએ.

પણ આ બધી વાત નો આપણે આપણા આત્મા માટે જ લગાડવાનું છે.

આ ગ્રંથમાં પહેલી ગાથામાં પાંચ યોગોનું વર્ણન કરેલ છે. ૨૦ ગાથામાં ૮૦ યોગોનું વર્ણન કરેલ છે. અને તેમાં આખો મોક્ષમાર્ગ સમાઈ ગયેલ છે.

આપણે જોઈ ગયા તેવા ભાવો જો આવી જાય તો તેનો કરેલ બધો ધર્મ યોગ જ હશે. યોગી બન્યા સિવાય કોઈ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરતુ નથી.

અમે ક્રિયા રૂપે કરીયે છીએ તેમાં પણ જો પ્રણિધાન ન હોય તો અમારે પણ દ્રવ્યથી જ ક્રિયા ગણાય. તમારે જેમ ઉપધાન આદિ હોય તેમ.

જીનવાણી, જીનવચન, ઓરીજીનલ શોમમાં ભણવું હોય તો અમુક ક્રિયા, તપ, અમુક વર્તન, અમુક અભ્યાસ આ બધી લાયકાત કેળવવી પડે છે. પછી જ તે ફળીભુત થાય છે. માટે ઘણા શું કહે છે 'આટલી સારી વસ્તુ સંતાડી શું રાખવાની જરૂર? પરંતુ ઉંચી અને સારી વસ્તુ અમુક લાયકાત વગર અપાય નહિ કે લેવાય પણ નહિ.

માટે ઉપધાન આદિમાં ક્રિયાતપ મૂક્યો છે. નવકાર ગણવા માટે મીનીમમ ૧૨।। ઉપવાસનો તપ કરવાનો છે. પછી જ તેને લીગલી ગણવાનો અધિકાર મળે છે. તમે તેનો અધિકાર વિધિપૂર્વક નથી મેળવ્યો માટે જ તેનું ફળ બરાબર નથી મળતું.

પ્રણિધાન આશય દ્વારા જો ધર્મ હોય તો તેને યોગ સમજવાનો. અને જો આ બેસી જાય તો પ્રણિધાન પામવાનો સંકલ્પ આવી જાય. ગુણની પ્રાપ્તિનું પ્રણિધાન કરવાનું છે, જેને ગુણ ન ગમે તેને પ્રણિધાન સાથે વિરોધ થવાનો છે. પણ શરત શું? કોઈપણ ગુણ પુરેપુરો ગમે ક્યારે? તમને સંસાર ખરાબ લાગે ત્યારે. જાહેર ગુણ ગમે છે તેમ બોલો છો પણ અધકચરો ગમે છે. પરંતુ ગુણ પાયામાંથી ગમે તો જ પ્રણિધાન આવે. હવે આખો ગુણ ગમે છે કે અધકચરો ગમે છે તેનું માપદંડ શું?

તમે કહેશો મને ઉદારતા ગમે છે. શાંતિ, ક્ષમા ગમે છે. ત્યારે અમે પૂછીએ કે બધા પ્રકારની ઉદારતા ગમે છે? કે અમુક પ્રકારની ઉદારતા

ગમે છે ? ઉદારતાનો વિરોધી લોભ. એટલે અમુક લોભ ગમે તો અમુક પ્રકારની ઉદારતા નથી ગમતી. માટે એ જ ગુણ પ્રત્યે અડધી રૂચી છે, અને અડધી અરૂચી છે. માટે બધે રૂચી-અરૂચીની શંભુમેળો થાય છે. ઘણાની પરિસ્થિતિ શું કે થોડો ધર્મ ગમે છે ઘણો અધર્મ ગમે છે. ઘણાને ઘણો ધર્મ ગમે છે થોડો અધર્મ ગમે છે. પણ ૧૦૦ % ધર્મ ગમે અને ૧૦૦% અધર્મ ન ગમે તેવું બનતું નથી.

સભા:- ગમે છે ધર્મ પણ આચરણ નથી.

સાહેબજી:- આચરણ નથી પણ પ્રણિધાન તો આવી શકે. આચરણ ન હોય તો પ્રવૃત્તિ ભાવધર્મમાં ન આવી શકાય. પણ ગમવાની બાબતમાં તો શું જોઈએ?

પણ પાયામાંથી ગુણ જ ગમે અને દોષ ન ગમે તેવું બન્યુ નથી માટે જ રખડ્યા છીએ.

જેમ સાકર અમુક બાજુથી ગળી અને અમુક બાજુથી કડવી લાગે તેવું બને છે ? જ્યારે તમને અમુક ગુણનો ભાગ ગમે છે અને અમુક ગુણનો ભાગ નથી ગમતો.

જેમ મોટા ભાગને તો ઉદારતા નથી ગમતી પણ ઉદાર માણસ ગમે છે. અનંત કાળથી જીવ બધા ગુણમાં આજ રીતે કરતો આવ્યો છે. અનંત કાળમાં મિથ્યાત્વે અનંત કાળથી ઉંધી ખોપરી સેટ કરી છે. જેના કારણે બધે ભ્રાન્તી સાથે જ દર્શન થાય છે. તે અભ્રાંત દર્શન તો કરાવે જ નહિ.

અત્યારે તમે મહેનત ન કરો અને લાખ રૂપિયા મળે તો રાજી થાઓ. પણ સાથે થાય કે આ પાપ આવ્યુ ? કર્મબંધ તેનાથી વધશે. ઉપાધિ વધશે! આ બધુ અહીં મૂકીને જવાનુ છે. જો સારા માર્ગમાં ઉપયોગ કરીશ તો જ કામનું છે. તે વખતે આ બધા વિચારો આવે છે ?

હવે આગળ

તમે દયા-પરોપકાર-તપ-ત્યાગ ભક્તિને સારા કામ માનો છો. વિનયને સારુ કામ માનો છો તે અહંકાર ખરાબ કામ માનો છો! માટે અહંકાર આવે ત્યારે થાય કે આ ખોટુ કામ છે. ખરાબ કામ છે.

આપણે સંસારી છીએ એટલે ખબર છે કે જે કરીએ છીએ તે સારું. પણ સારું જ સારું લાગવું જોઈએ અને ખરાબ તો ખરાબ જ લાગવું જોઈએ. ખરાબ છોડવાનું કહેતા નથી પણ ખરાબ તો ખરાબ લાગવું જોઈએ એ કન્ડીશન મૂકી. કદી ભૂલથી પણ ન બને કે સારાને ખરાબ માનો ને ખરાબ ને સારું. તમારી અપેક્ષા કરતાં તમારો દિકરો વધારે ધર્મ કરે તો સારું ને? કોઈપણ વ્યક્તિમાં સારું જોઈએ તો રાજી જ થવાનું.

તમે સારાપણામાં સંતોષ રાખો તે દોષ છે. અને ખરાબમાં અસંતોષ રાખો તો દોષ છે. સારી વસ્તુ કરવાની ઈચ્છા ને અભરખા થવા જ જોઈએ. વધારે ઉદારતા કેળવવામાં સંતોષ ન મનાય. પૂર્ણ ઉદાર બનુ તેવો જ ભાવ જોઈએ. પણ આ બધુ ક્યારે બને? સંસાર અસાર લાગે તો. જો સંસાર અસાર નહિ લાગે તો આ ૮૪ લાખ જીવાયોનીમાં ક્યાંય સમાઈ જશો. તમારે ક્યાં જવું છે તેનો વિચાર કરી લેવાનો છે.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૩-૧૧-૯૫ ॥ઉપસંહાર॥ ગોવાલિયા ટેંક
સોમવાર
કારતક સુદ ચઉદસ

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને યોગમાર્ગની પ્રાપ્તિ માટે ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ કોઈપણ જીવ અનંતા ભવચક્રમાં યોગને પામે ત્યારે જ કલ્યાણ માર્ગમાં સ્થાપિત થયો કહેવાય. પોતાનું કલ્યાણ કરવાનો ક્રમ જીવ જ્યારથી યોગી બને છે ત્યારથી થાય છે.

યોગનું જુદી જુદી રીતે વર્ણન છે. યોગની વ્યાખ્યા શરુઆતમાં કરી છે તે યાદ કરી આપણે ઉપસંહાર જોઈશું.

પરિશુધ્ધ ધર્મ વ્યાપારને યોગ કહીએ છીએ. ખાલી ધર્મને આપણે યોગ નથી કહેતા. અશુધ્ધ ધર્મ વ્યાપારને આપણે યોગ નથી કહેતા.

શુધ્ધ ધર્મ વ્યાપારને આપણે યોગ કહીએ છીએ. પાંચ ભાવયુક્ત ધર્મ તે શુધ્ધ ધર્મ છે. પાંચ ભાવ રહિત ધર્મને આપણે અશુધ્ધ ધર્મ કહીએ છીએ. જેનો યોગમાર્ગમાં સમાવેશ થતો નથી. વાસ્તવમાં કોઈપણ પરિશુધ્ધ ધર્મ વ્યાપારને આપણે યોગ કહીએ છીએ.

કોઈપણ પ્રવૃત્તિ મન-વચન-કાયાથી આત્મ કલ્યાણનું સાધન બને તેને ધર્મ વ્યાપાર કહીએ છીએ.

સામાન્ય રીતે પૂજા, પ્રતિક્રમણ, સામાયિક કરવું તેજ ધર્મ નથી. પણ જે પણ આત્મકલ્યાણનું સાધન બને તેવો પુરુષાર્થ બધો જ ધર્મ વ્યાપાર છે.

સાધુની ચર્યા અને શ્રાવકની બધી ચર્યા યોગ છે. ધર્મ વ્યાપાર છે. જો ભગવાનની આજ્ઞા મુજબ કરે તો. પછી સાધુ ઉંઘે, ગોચરી જાય, વિહાર કરે કે ઝાડે, પેશાબ થાય. અને તેમાં જેટલી આજ્ઞા લોપીએ તેટલો ધર્મ વ્યાપાર ન બને. તેમ શ્રાવક માટે પણ ભગવાનની આજ્ઞા મુજબ કરો તો જ ધર્મ વ્યાપાર કહેવાય.

આપણો આખો ધર્મ આજ્ઞા સાથે ગુંથાયેલો છે. શરુઆતમાં "આજ્ઞાએ

"ધમ્મો" કહ્યુ છે. કહેલી દરેક પ્રવૃત્તિમા આજ્ઞા સમાયેલી છે.

જેમ જમવા બેઠા ત્યારે ભગવાનની આજ્ઞા નથી કે ભૂખા મરો. ધર્મનો સ્વીકાર કરો ત્યારથી જ કોઈ અણસન સ્વીકારી લો. તેવું કાંઈ કહ્યુ નથી. પણ ખાવુ શા માટે? કયા ભાવથી ખાવુ? કેવી રીતે ખાવુ આ બધુ સમજીને કરો તો ધર્મ નહિતર અધર્મ.

સાધુ ખાય, પીએ તે બધાને ધર્મ વ્યાપાર કહે છે. પણ તેમાં જેટલા અમારા ગોટાળા હોય તેટલુ પાપ છે, તેમ તમારી ભૂમિકાની આજ્ઞા ચૂકો તો પણ પાપ લાગે.

તમારે સંસાર ચલાવવા માટે જવાબદારી નિભાવવા, રાગ-દ્વેષ કરવા પડે, આરંભ, સમારંભ કરવા પડે, પરિગ્રહ કરવો પડે. પણ તેમાં આજ્ઞા ચૂકી કે કષાય કરવા પણ પ્રશસ્ત કષાય કરવા. અપ્રશસ્ત કષાય કરવા નહિ. વગર કષાયે તમે સંસાર ન ચલાવી શકો. તમારુ કે બીજાનું હિત કરવા પ્રવૃત્તિ કરવા કષાય કરવા પડશે, પણ આજ્ઞા શું બતાવી કે જેનાથી બધાનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરવી.

જે જીવ જેવી કક્ષામાં હોય તેવી જ આજ્ઞા પ્રભુએ ફરમાવી છે.

તમને ખાવા માટે રસોઈ રાંધવાની છુટ આપી, પણ રાંધતાં કેવા ભાવ રાખવાના, કેવી જયણા રાખી પ્રવૃત્તિ કરવાની તે બધુ જ બતાવ્યુ છે. અને એ જ પ્રમાણે કરો તો ધર્મ છે. જો તમે ૨૪ કલાક પ્રભુની આજ્ઞા મુજબ મન-વચન-કાયાથી પ્રવૃત્તિ કરો તો તમારુ મન હંમેશા પ્રસન્ન, આનંદમાં જ હોય. અને જો ઉગ્ર એવા પાપ ન કર્યા હોય તો ભૌતિક દ્રષ્ટીએ પણ તકલીફ ન આવે. પાપકર્મ આજ્ઞા પાલનથી વીખરાઈ જાય છે. માટે આજ્ઞા પાલન જીવન આપત્તિ રહિત, સંતાપ રહિત બનાવે છે.

પણ ઘણાને તો પ્રભુની આજ્ઞા શું છે તે જ ખબર નથી. અને જેને ખબર છે તેને તાલાવેલી નથી કે કેમ પુરુષાર્થ કરી આજ્ઞા માનવી.

આ બધા ગ્રંથોમાં જુદી જુદી રીતે યોગોનું વર્ણન આવે છે. ક્યાંક આઠ

ભેદ હોય. ક્યાંક ક્રમ ભેદ હોય. પરંતુ કોઈપણ પ્રકારે વર્ણન કરતાં તેમાં આખી સાધનાનો ક્રમ વણી લીધેલો હોય છે.

તેમ આ પાંચેમાં આખો મોક્ષમાર્ગ સમાઈ જાય છે. ઘણાને અત્યારે એવો ખ્યાલ છે કે ભૂતકાળમાં જ શાસ્ત્ર હતા. દ્વાદશાંગીમાં વિસ્તારથી વિવેચન હતું. પણ અત્યારે તો લાંચુ તૂટ્યુ જ મળે છે. પણ તે સમજ એક ભૂલ છે.

અત્યારે પણ આરાધનાનો સંપૂર્ણ માર્ગ ઉપલબ્ધ છે. શાસ્ત્રમાં વિવેચનમાં વિશદતા, તફાવત છે. પણ સાંગોપાંગ મોક્ષમાર્ગની કડી, સમજણ એક એક ગ્રંથમાંથી મળી જાય છે. જેથી દિશા મળી જાય છે. જેમ પેંડો છે. પડીકુ કંદોઈને ત્યાંથી લાવો છો. તેમાં આખા પડીકામાં વિશેષતા છે, સ્વાદ છે, તેમ એક પેંડામાં પણ છે. એક પેંડાના કણીયામાં પણ એજ સ્વાદ વિશેષતા છે. ખાલી ફેર તો ક્વોન્ટીટીનો છે. ટુકડો લો તો ખાલી માત્રા ઓછી આવે. તેની જેમ યોગમાર્ગ, ધર્મનું વર્ણન જુદી રીતે કરેલ છે પણ તેમાં આખો ધર્મ, બધા જ્ઞાન અને બધી ક્રિયા તેમાં સમાઈ જાય છે.

જેમ એકમાં તો આખો ધર્મ અપ્રમાદમાં સમાઈ જાય.

તેમ આખો ધર્મ જ્ઞાન અને ક્રિયામાં સમાઈ જાય.

તેમ ત્રણ તો રત્નત્રયીમાં એટલે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રમાં. આખો ધર્મ સમાઈ જાય પણ તેમાં ક્યાંય ત્રુટી ન હોય.

ચાર લો તો દાન-શીલ-તપ-ભાવ તેમાં આખો મોક્ષમાર્ગ આવી જાય છે.

તેમ પંચાચારમાં આખી આરાધના સમાઈ જાય.

માટે તે રીતે સ્થાનયોગ, ઊર્ણયોગ, અર્થયોગ, આલંબન યોગ, અનાલંબન યોગ, આ પાંચે યોગમાં ટોપ ટુ બોટમ અધ્યાત્મની બધી ભૂમિકા આવી જાય છે. માટે જો આનું વિસ્તૃત વર્ણન સમજો તો આખો મોક્ષમાર્ગ મળી જાય. આજ વિશેષતા જૈન શાસનની શૈલીમાં છે.

હવે આપણે સામાન્ય તેનો શબ્દાર્થ કરીએ.

સ્થાનઃ- એટલે શું ? કોઈપણ ધર્મ અનુષ્ઠાન કરવા માટે મહત્વ કાયાનું આવે

છે. કાયાને વ્યવસ્થીત રીતે આરાધના માટે જોડવાની છે, અને તેને જોડવા માટે ચોક્કસ મુદ્રા, આસન હોય. અમુક રીતે બેસો તો તે ભાવો કરવામાં નિમિત્ત બને છે. તે ભાવો કરવામાં સુગમ બને છે. માટે કાયાના ચોક્કસ આસનની મુદ્રા મૂકી છે. અને તેને <u>સ્થાન યોગ</u> કહ્યો છે.

પણ ખ્યાલ એ રાખવાનો કે તે સંસારનો વિરાગી છે, તેને મુમુક્ષુ ભાવ પ્રગટ્યો છે. સાથે મનમાં ગુણનું પ્રણિધાન ગોઠવીને બેઠો છે. તે ભક્તિ, સામાયિક, પ્રતિક્રમણ કરતાં ચોક્કસ મુદ્રામાં બેસે તેને સ્થાન યોગ કહ્યો છે. તે જો બરાબર આ રીતે કરે તો તેને કર્મ નિર્જરાનું સાધન કહ્યુ છે.

જેમ જયવીયરાયમાં અમુક રીતે
ચૈત્યવંદનમાં " "
કાઉસગ્ગમાં તો " "
પ્રતિક્રમણમાં તો " " મુદ્રાઓ બતાવી છે. અમુક મુદ્રામાં અમુક ભાવો કરવાના હોય છે. કાયાની ચોક્કસ અવસ્થા, ભાવોને કરવામાં નિમિત્ત બને છે. દરેક અનુષ્ઠાનને અનુરૂપ ગ્રંથોમાં તે તે ક્રિયાના ભાવો આવે છે. પણ અત્યારે જાણવા, સમજવાની ફુરસદ નથી.

પરંતુ ભગવાનની આજ્ઞા મુજબ કરવા માટે પણ પહેલાં બધું જાણવુ, સમજવું પડશે.

આરાધના કરવા, મન-વચન-કાયાને જોડવાના છે. આ ત્રણ મુખ્ય સાધન આરાધના માટે છે. જડ એવા પુણ્યની સહાયથી પ્રવૃત્તિ કરી શકીયે તેમ છીયે. એ સિવાય આ પ્રદેશો હલી શકે તેમ નથી એવા આપણે કર્મથી બંધાયેલા છીયે. સંસારના પાપ જેમ મન-વચન-કાયાથી બાંધો છો. તેમ ધર્મના ક્ષેત્રમાં આરાધના પણ મન-વચન-કાયાથી કરી શકાય છે. માટે મન-વચન-કાયાને ..... યોગ કહ્યો છે.

હવે વાણી માટે ઉર્ણ શબ્દ કહ્યો છે.

ઉર્ણનો અર્થ શબ્દયોગ-વચનયોગ છે.

કોઈપણ ક્રિયા કરતાં ચોક્કસ પ્રકારના સૂત્રો વાણીને શબ્દ હાથ જોડે છે.

તેને ઉર્ણ યોગ કહે છે.

તેમાં વિધીપૂર્વક જે રીતે ઉચ્ચાર કરવાના છે તે રીતે કરવાના. જેમ મોટા અવાજે જ્યાં બોલવાનું, તેમ નાના અવાજે જ્યાં બોલવાનું. તેમ અમુક ઠેકાણે અટકી, અટકીને, અમુક જગાએ અભંગ રીતે આમ વિધિપૂર્વક ઉચ્ચાર કરવાના છે.

વિધિ પૂર્વક, અણિશુધ્ધ સૂત્રો બોલવા અદ્‌ભુત એકાગ્રતા માંગે છે. સો માણસમાંથી એકાદ માણસ ભાગ્યે આ રીતે બોલનાર નીકળે. જૈનોમાં તો લગભગ આ રીતે બોલવાની ટેવ પાડવામાં આવતી નથી. પણ વૈદિક ધર્મમાં યજ્ઞો બહુ જ થાય. તેમાં ૫૦ જુવાનીયા બેઠા હોય તે વેદના મંત્રોનું ઉચ્ચારણ કરે તો તેમાં એક જણ બોલતું હોય તેવું લાગે. તેમને ત્યાં વેદના પાઠોની ટ્રેનીંગ આપે છે. આપણે ત્યાં આ પ્રકારની પ્રેકટીસ આપવામાં આવતી નથી.

માટે ઉચ્ચારણ યોગ્ય રીતે ન કરો તો તેની અસરમાં ફેર પડી જાય. આ આપણે બીજો ઉર્ણયોગનો શબ્દાર્થ જોયો.

હવે ત્રીજો છે અર્થ યોગ:- જેમાં મનનું અનુસંધાન છે. કોઈપણ ક્રિયા કરવા કાયાને સ્થિર કરીને બેઠા. ઉચ્ચાર તરીકે સ્પષ્ટ, શુધ્ધ સૂત્રો બોલો છો. હવે તેમાં મન દ્વારા અર્થમાં અનુસંધાન કરવાનું છે. કોઈપણ ક્રિયા કરવા કાયાને સ્થિર કરીને બેઠા. ઉચ્ચાર તરીકે સ્પષ્ટ, શુધ્ધ સૂત્રો બોલો છો હવે તેમાં મન દ્વારા અર્થમાં અનુસંધાન કરવાનું છે. અહિંયા મન આવી જાય છે. આ તો સામાન્ય શબ્દાર્થ છે. પણ તેમાં ગંભીરતા ઘણી છે.

સ્થાનયોગ પ્રણિધાન આદિવાળાને આવે. ઉર્ણયોગ તો આટલો કેળવાયેલો હોય તેને આવે. સામાન્યથી પણ આવે. જ્યારે અર્થ યોગ તો મહાગીતાર્થને જ આવે

જેમ "નમુથ્થુણં" બોલો છો "નમુથ્થુણં અરિહંતાણં" "અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ. નમુથ્થુણં એ પ્રાર્થના છે. ઇચ્છાયોગનો નમસ્કાર છે.

" નમો જિણાણું " શાસ્ત્ર યોગનો નમસ્કાર છે.

"ઈક્કોવિ નમુક્કારો" તેમાં સામર્થ યોગનો નમસ્કાર છે.

જેમ "લોગસ્સ" બોલો તેમાં નામ તીર્થંકરની સ્તવના છે. અરિહંત સ્તવના તીર્થંકરની સ્તવના છે. મંદિરમાં પધરાવેલી મૂર્તિની સ્તવના છે.

" જે અઈયા સિધ્ધા " તેમાં દ્રવ્ય તીર્થંકરને નમસ્કાર છે.

નામ કરતાં, સ્થાપના, દ્રવ્ય, ભાવનો મહિમા આવે છે. માટે તે ક્રમસર આવે છે. માટે વિચારજો દરેક ઠેકાણે કેટલી ગંભીરતા હશે. કાંઈ એમનેમ તરંગ તુક્કાથી ગોઠવ્યુ નથી. માટે તેના અર્થ, સમજણ સાથેનું શાસ્ત્રનું ઉંડાણ જોઈએ. માટે અર્થ યોગ સામાન્ય સાધુ પણ ન કરી શકે.

હવે આલંબન યોગમાં

મન-વચન-કાયાને જોડવાના છે.

પણ તેમાં સામે શું આલંબન મુકવાના છે.

આલંબન તરીકે પ્રતિમા, સદ્ગુરુ લેવાના છે. પણ તેમાં વિશેષતા પૂર્વક અનુસંધાન થાય તો. આ આલંબન યોગ છે. તેમાં જો બરાબર પ્રવેશો તો બેડો પાર થઈ જાય.

હવે અનાવલંબન યોગઃ-

જેમા બાહ્ય નિમિત્તોની અસર નહિ. તે જ અનાવલંબનમાં જાય. આમાં ગયેલાને કોઈ આલંબન, સાધના પ્રવૃત્તિની જરૂર નહિ. બસ તે સમતામાં રહીને આગળ વધે છે. પછી ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ રીતે આપણે પાંચનું વર્ણન કર્યુ.

અને તેનું ૮૦ યોગમાં આ યોગોનું વિશેષ રીતે વર્ણન કરેલું છે.

જેમ ચૈત્યવંદનમાં સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન, અનાવલંબન યોગ કઈ રીતે, આને પામનાર કઈ કક્ષાનો જીવ હોય, તેની ભૂમિકા શું ? . . . . તેમ વિશેષ, વિશેષ રીતે વર્ણન આવે છે.

તમે ધર્મના ક્ષેત્રમાં એકપણ ગ્રંથનું મનન ચિંતન સારી રીતે વિચારો તો

આખો આરાધનાનો મોક્ષમાર્ગ સ્પષ્ટ થઈ જાય છે.

તમને પૂછે કે ચોથા ગુણસ્થાનકમાંથી પાંચમાં ગુણસ્થાનકમાં જીવ જાય તો શું અનુભુતિ થાય, કેવો વિકાસ હોય, ચોથામાંથી પાંચમાંમાં કેમ જઈ શકતો નથી. આ બધાની ખબર છે? પરંતુ તમને સંસારમાં બધી ખબર હોય છે. ત્યાંના ગણિત તો તમારા ઘણા જ જુદા છે. આ ક્ષેત્રમાં જ બાવરાની જેમ ફરો છો કેમ ખરુંને?

તમે એક પણ યોગનો ગ્રંથ સાંગોપાંગ જાણ્યા નથી, માટે જ બાવરા થઈને ફરો છો. તમે ખાલી પંચ પ્રતિક્રમણ પણ ઈનડેપ્થ સમજો તો બધુ મળી જાય. તે ૧૪ પૂર્વધર આચાર્યોએ રચેલા છે.

"નમુત્થુણં" ઈનડેપ્થ જાણો તો પણ આત્મ કલ્યાણ માર્ગના સ્ટેજ મળી જાય. તેમાં જૈન ધર્મના ઈશ્વર તત્વની વિશેષતા છે. "નમુત્થુણં" માં એક પણ તીર્થંકરનું નામ નથી. પણ તેમાં સ્તવના કેવી છે? જગતનું ઈશ્વર તત્વ કેવું હોય તેવું ઉંચી પાયાથી ગુણમય રીતે સાંગોપાંગ વર્ણન છે.

એક વિશેષતા પછી બીજી વિશેષતા તેમ પણ મૂકવા પાછળ રહસ્ય છે.

"અભય દયાણં" પછી જ

"ચક્ખુ દયાણં" કેમ મૂક્યું? તેની પાછળ પણ તર્ક, રહસ્ય છે. આ બધુ બરાબર જાણો તો તમારી દ્રષ્ટિ ખુલી જાય. પરંતુ અત્યારે ગ્રાહક જીજ્ઞાસા જ નથી. જે વ્યાખ્યાનમાં નથી આવતા તેને તો કહેવાનો સવાલ જ નથી. પણ જે આવે છે તેને પણ હજુ જીજ્ઞાસા જાગી નથી. મોંઢલા, મોંઢલા જ આવે છે.

સભા:- ધીમે ધીમે જીજ્ઞાસા જાગશે.

સાહેબજી:- હજુ કેટલો સમય જોઈએ, ત્યાં સુધી પરલોકમાં પહોંચી જશો. ઘણા તો વર્ષોથી ધર્મના ક્ષેત્રમાં છે. અત્યારે આમાંથી ઘણાએ તો આ પાંચ યોગના નામ પણ પહેલીવાર જાણ્યા હશે.

સભા:- સાહેબ બાપ જુવો છીએ.

સાહેબજી:- મરતાં સુધી બાળ જીવ જ રહેવું છે. સંસારમાં તમને કોઈ બાળક કહે તો ખોટુ લાગી જાય. અને અહિંયા સદર્શ બાળ છો તેમ વધાવી લો છો?

સભા:- અમને તો એક ખમાસમણુ કેમ આપવું તે પણ ખબર નથી.

સાહેબજી:- તેમાં પણ કેટલુ તથ્ય, તત્ત્વ છે. વગર ખમાસમણે આદેશ ન લેવાય માટે વિનય કેટલો, ખમાસમણો પછી બોલો શું? ઈચ્છાકારેણ સંદિસહ ભગવાનનો અર્થ શું? તમારે પણ ધર્મ સ્વેચ્છાએ કરવાનો છે. તમને અમે નિશ્રા આપીએ. પણ તેમાં બળજબરી, દબાણ, લાલચ, શેહ, શરમ નથી. માટે ડગલે પગલે ઈચ્છાની વાત છે

ઈચ્છાકારેણ તે પારિભાષિક શબ્દ છે. ધર્મમાં સ્વતંત્રતા, રૂચી, સ્વેચ્છાએ કરવાની વાત છે. ધર્મમાં સ્વેચ્છાએ રૂચી કરશો તો લાભ છે. આવો વિનય વ્યવહાર કોઈ ધર્મમાં જોવા નહિ મળે. પાછુ ભગવંતનું બહુમાન કેટલું!

પહેલાં તો ધર્મ દેવ-ગુરુની નિશ્રામાં જ કરવાનો છે. ગુરુ ન હોય તો સ્થાપના સ્થાપીને પણ કરવાનો છે. માટે નિશ્રા, અનુશાસન પહેલું જોઈએ અને સાથે સ્વેચ્છાએ કરવાનું છે માટે વિનય પણ જોઈએ.

એક જણ કહે સાધુએ વહેવારથી અલીપ્ત રહેવું જોઈએ. આ શ્રાવકોનો વિષય છે પણ આ બધુ ખોટુ છે તીર્થંકરની આજ્ઞા મુજબમાં ક્યાંય ભૂલ થતી હોય તો અટકાવવાનો અધિકાર છે. સંઘના માલિક કાંઈ ટ્રસ્ટી નથી. તમે શું કહો છો કે અમારી કમીટી જે પ્રમાણે કહે તે થાય. પણ આ સત્તા આપી કોણે? સંઘનો વહિવટ કરવામાં પણ ગુરુની આજ્ઞા, સલાહ જોઈએ. પૌષધમાં પણ આંખ પટપટાવવા કે શ્વાસ જે ચાલે છે તે કરવા માટે તમે એક સાથે બધાની ભેગો આદેશ માંગી લો છો. માટે જો આંખ પણ ગુરુની આજ્ઞા વગર પટપટાવાની ન હોય તો પછી સંઘમાં તો સાધુની આજ્ઞા જોઈએ જ. આપણે ત્યાં લોકોત્તર ક્રિયા બગડી છે.

આપણે કોઈપણ આરાધના યોગરૂપે કરવું તો જ આત્મકલ્યાણ થશે. યોગરૂપે કરવી હોય તો સાનિધ્ય યોગમાં પ્રવેશ જોઈશે. અને આ શરૂઆત

"ગુણાકાર કરીને પરમ પદને પમાડશો. આ ચોમાસાના પર્વમાં આ એક સંકલ્પ કરી લેશો તો વધુ જ સફળ થશો.